ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધાર



આશીર્વદદાતા :

સુવિશાલ ગચ્છાધિપતિ સાહિત્ય મનીષિ

રાષ્ટ્રસન્ત આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય

જયન્તસેનસૂરીશ્વરજી મ. સા.

શ્રી

ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધાર

અપરનામ

ચતુર્થસ્તુતિકુયુક્તિનિર્ણયચ્છેદનકુઠાર

સકલસૂરિમંત્રયજ્ઞપદન્યાસપવિત્રીકૃતભૂમિભાગાખિલભવભ્રમણસંસ્કાર
જનિતકુમતિમતકાનનાસક્તચેતોમદોન્મત્તદ્વિરદકપોલવિદારણહરયાઃ
ક્રિયાશુદ્ધયુપકારકાશ્ચક્રવર્ત્યાચાર્યાઃ
પરમગુરુ શ્રી શ્રી ૧૦૦૮ શ્રીવિજયરાજેન્દ્રસૂરિજી
તચ્છિષ્યન્યાયચક્રવર્તીપરં પરાનુગશ્રીયુત
પંડિતમુનિ ધનવિજયજી મહારાજવિરચિતઃ ॥

अनुष्टुपवृत्तम्

राद्धान्ततत्वंविज्ञाय । विनयादिगुणान्वितैः ॥
शंकोद्धाराभिधोग्रन्थो । मतिमादिभिर्विलोक्याताम् ॥१॥

પ્રકાશક

શ્રી સૌધર્મ બૃહત્તપોગચ્છીય ત્રિસ્તુતિક
જૈન શ્વેતામ્બર સંઘ



પ્રભુ શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા



પૂ.આ.ભ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.

પ્રાપ્તિસ્થાન

શ્રી રાજ રાજેન્દ્ર પ્રકાશન ટ્રસ્ટ,
શેખનો પાડો, રિલીફ રોડ, અમદાવાદ (ગુજરાત).
ફોન : ૦૭૯-૨૫૩૫૭૭૨૫

શ્રી રાજરાજેન્દ્ર જૈન તીર્થ દર્શન મ્યુઝિયમ
મુ.પો. મોહનખેડા, જિ. ધાર, મધ્યપ્રદેશ.
ફોન : (૦૭૨૯૬) ૨૩૫૩૨૦

મૂલ્ય : યોગ્યપાત્ર, પઠન-પાઠન

વિ.સં. ૨૦૬૫ ❖ વીર સંવત ૨૫૩૫ ❖ ઈ.સ. ૨૦૦૯
શ્રી રાજેન્દ્રસૂરિ સંવત ૧૦૨ ❖ આવૃત્તિ બીજી

મુદ્રક : **ભરત ગ્રાફિક્સ**
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬,
મો : ૯૯૨૫૦૨૦૧૦૬

ગુરુવંદના

રાષ્ટ્રસન્ત આચાર્યદેવેશ
શ્રીમદ્વિજયજયન્તસેનસૂરીશ્વરજી મહારાજ
''મધુકર''ની પ્રેરણાથી

સુકૃત સહયોગી

વોહેરા મંજુલાબેન વાઘજીભાઈ ખેમચંદ પરિવાર
દુધવા (ગુજરાત)

અલ્કાબેન સેવંતીલાલ વાઘજીભાઈ
ડીમ્પલબેન અશોકભાઈ વાઘજીભાઈ
વીણાબેન વિપુલભાઈ વાઘજીભાઈ

આયુષી સેવંતીલાલ
રાજ સેવંતીલાલ
રાજવી સેવંતીલાલ

હર્ષ વિપુલકુમાર

કુશ અશોકભાઈ
જીનય અશોકભાઈ
પાર્થ વિપુલભાઈ

ગુરુભક્તિ સમર્પિત શ્રુત ભક્તિ આરાધક
પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ

सत्यमेव जयते

स्याद्वादो वर्त्तते यस्मिन् पक्षपातो न विद्यते ।
नास्त्यन्यपीडनं किंचिज्जैनधर्मः स उच्यते ।।

: संकलन :
मुनिराज श्री वैभवरत्नविजयजी म.सा.

પ્રસ્તાવના

પ્રભુ મહાવીર દેવે કેવલજ્ઞાન પ્રાપ્તિ પછી પોતાની પર્ષદામાં વિરતિધર્મની દેશના દ્વારા જીવને આત્મસત્તાનું ભાન કરાવ્યું છે. આત્મા સંસારના રાગે હંમેશા અશાશ્વત સુખ તરફ દોડતો રહ્યો છતાંય સુખનો સ્વાદ ન મળ્યો, આગળ વધીને મિથ્યાભાવોથી પ્રેમ કરી સુખાભાસની ભ્રમણામાં રહ્યો. જ્ઞાનીઓ કહે છે કે સાચું સુખ આત્મોન્નતિમાં છે. કષાયોની ચુંગાલમાંથી મુક્તિના ક્રમની ઉન્નતિ સંભવે છે. આત્મદૃષ્ટિ જ જગતમાં સત્યદર્શન કરાવી શકે છે અને સત્યદર્શન જ સમ્યગ્દર્શન તરફનું પગમંડાણ કરે છે. પ્રભુની નિર્મળ દેશનાનો સૂર આત્માના ભાવોને જગાડવાનો તથા ધર્મપ્રાપ્તિ કરાવવાનો રહ્યો છે. આવી અમૃતમય વાણીનો ધોધ ગણધર ભગવંતો અને શ્રુતધરો, પૂર્વધરોએ ક્ષયોપશમ અનુસાર સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા દ્વારા પ્રવાહિત રાખ્યો. મહાપુરુષોએ ભવ્ય જીવોના કલ્યાણ માટે આ જ સત્ય માર્ગને પ્રવાહિત કર્યો, અનંત આત્માઓ શુદ્ધ ધર્મની આરાધના કરી અને સિદ્ધિની પ્રાપ્તિ કરી સ્વાવલંબી બની શ્રેયકર પથના પથિક બન્યા. આપના હાથમાં રહેલું, "ચતુર્થ સ્તુતિ નિર્ણય શંકોદ્ધાર અને ચતુર્થ સ્તુતિ નિર્ણય છેદન કુઠાર" નામનું પુસ્તક અતિ અમુલ્ય આત્મભાવનો ખજાનો છે જેમાં સંસારી લાલસાઓ છોડી મુક્તિ તરફી આરાધનામાં કેમ વધવું ? વ્રતધારીથી દેવાધિદેવની જ વંદના થાય રંગ રાગમાં અમૂક દેવી-દેવતાના વંદન શા માટે ? એનાથી ભૌતિક માંગણી શા માટે ? શું મેળવવા માટે ? દેવ-દેવી વ્રતધર નથી તો કર્મક્ષય કરાવનાર પણ નથી. આવી અનેક અદ્‌ભુત સત્ય વાતોનું દર્શન અત્રે ઉપસ્થિત છે. અરિહંત અતિશય અને ગુણોથી બધાને પુજનીય છે. પરંતુ અન્ય ધર્મી કે દ્વેષી પ્રભુને ન માને તો અરિહંતપણું ચાલ્યું જતું નથી. તેમ કદાચ આ પુસ્તકના આધારે કોઈ દ્વેષ કરે કે વિરોધ કરે તો આ ગ્રંથની સત્યતાને આંચ આવવાની નથી. કારણ દુનિયાની દરેક ગણિતની ભાષામાં એક-બે-ત્રણ છે જ તો તેમાં ત્રણ તો આવે જ. જે સ્પષ્ટ છે તેને ખોટું કરવાની કે કરવાનું સાહસ દુઃસાહસ ગણાશે. વિશેષ સુજ્ઞ લોકોએ વિચારવું.

વિજયવાડા

પૂ.આ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.
"મધુકર"

પ્રસ્તાવના

સર્વ સુજ્ઞ જૈનધર્મી બંધુઓને જાણ થાય કે આ ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધાર બીજું નામ ચતુર્થસ્તુતિનિર્ણયકુયુક્તિછેદનકુઠાર નામના ગ્રંથ રચવાનું કારણ એ છે કે :- મુક્તિમાર્ગપ્રકાશક સકલ દર્શન શિરોમણિ, શુદ્ધ સ્યાદ્વાદ-નભોમણિ એવો સર્વોત્તમ શ્રી જૈનધર્મ છે, તે આ પંચમકાળ હુંડા અવસર્પિણી પ્રમુખ પાંચ અનિષ્ટ નિમિત્તના યોગથી ખોટા ગચ્છ-મતના કદાગ્રહીઓએ પરભવનો ભય ન રાખી અનેક પ્રકારે સૂત્ર-પંચાંગી વિરુદ્ધ મતભેદ કરી, પૂર્વધર આચાર્યોની કથન કરેલ આચરણા છોડી કપોલકલ્પિત આચરણાનો પ્રચાર કરી પોતાની પૂજા-માન્યતા વધારી જૈનધર્મને ચારણી જેવો કરી નાખ્યો છે. તેમાંય સંતોષ ન થતાં ઢુંઢકમતમાંથી નીકળી - જૈનધર્મથી વિરુદ્ધ પીળાં કપડાં ધારણ કરી આત્મારામજી ઉર્ફે આનંદવિજયજીએ સૂત્રાગમ, અર્થાગમ, પૂર્વધર આચાર્યોથી પરંપરાગત આવેલ ત્રણ થુઈ તથા પૂજા-પ્રતિષ્ઠા કારણે પૂર્વાચાર્યોએ આચરણ કરેલી ચોથી થુઈ દેરાસરમાં નિષેધ કરી - એકાંતે પ્રતિક્રમણ-સામાયિકમાં ચોથી થુઈ સ્થાપન કરી - ચતુર્થસ્તુતિનિર્ણય ગ્રંથની ચોપડી છપાવી પ્રસિદ્ધ કરેલ છે. ગુજરાત-માલવા-મારવાડના તટસ્થ શ્રાવકોએ એ ચોપડી વાંચતાં તેની અંદરની તમામ બાબતો એકપક્ષી તથા જૈનશાસ્ત્રથી વિરુદ્ધ દેખાણી. રાધનપુરના કેટલાક અજ્ઞ લોકોના કહેવાથી બનાવેલ તે ચોપડીમાં આત્મારામજીએ પ્રસ્તાવનામાં જ જૂઠું લખેલ છે, તોપછી તે આખી ચોપડીમાં કેટલું જૂઠું લખ્યું હશે ?

કારણ કે પ્રસ્તાવનાના પાના-૮ પર લખ્યું છે કે :

"વિજય ધરણેન્દ્રસૂરિથી ખટપટ ચાલી, તેના પછી જાતે શ્રીપૂજય બની બેઠા, તથા ઉદેપુર રાણાના ફરમાનથી પાલખી-ચામર છીનવી લઈને જાતે જ સાધુજી બની ગયા."

આવા જૂઠાં વાક્યોનો ખુલાસો શ્રાવકોથી અજાણ નથી. કારણ કે વિજય રાજેન્દ્રસૂરિજીએ કથન કરેલ હિતશિક્ષા શ્રી વિજય ધરણેન્દ્રસૂરિજીએ સ્વીકૃત કરી જાવરા શ્રીસંઘને નવ કલમનો સહીપત્ર લખી દીધેલ. તે સહીપત્ર જાવરા સંઘે છપાવી પ્રસિદ્ધ કરેલ, છતાં કોઈને શંકા હોય તો તે આહોરના

ભંડારમાં છે, તે જોઈ લેવો.

નવ કલમના સહીપત્ર પછી થોડા સમય પછી વિજય રાજેન્દ્રસૂરિએ રત્નપુરીમાં શ્રી વિજય ધરણેન્દ્રસૂરિ સમક્ષ પાંચ વર્ષ પછી પરિગ્રહનો ત્યાગ કરી ક્રિયોદ્ધાર કરવાનો સંકલ્પ કરેલ. તે સમય પૂર્ણ થતાં જ છત્ર-ચામર વગેરે છોડી તામ્રપત્રના લેખ સહિત જાવરા શ્રીસંઘમાં ભેટ કરી. સંવત ૧૯૨૫ અષાઢ વદી દશમના રોજ ક્રિયોદ્ધાર કરેલ. તે તામ્રપત્ર જાવરા મૂળનાયકજીના દેરાસરમાં વિદ્યમાન છે. તેની નકલ નીચે મુજબ જાણવી.

॥સહી॥ ॥શ્રી જાવરાનગરે ॥ ૐ હ્રીઁ શ્રી જિનાય નમઃ

સં. ૧૯૨૫, અષાઢ વદી-૧૦ શ્રી વિજય રાજેન્દ્રસૂરિભિઃ ક્રિયોદ્ધારઃ કૃતઃ. તેઓએ શ્રી આદીશ્વર જિનાલયે ભગવાનને આટલી વસ્તુ સમર્પિત કરી.

(૧) છડી, (૨) ચામર, (૩) સૂરજમુખી, (૪) છત્ર, (૫) સુખાસન.

તેઓએ આટલી ચીજ ઋષભદેવજીને ભેટ કરી. આ વસ્તુ કોઈ લે-આપે-ભાંગે કે તામ્રપત્રને ઉખેડે તેને ચોવીશીની આણ છે.

હ. વજીર. પં. હમીરવિજયઠાં. નવૈશ્રી હજૂર આજ્ઞાથી.

આ ઉપરથી સાબિત થાય છે કે આત્મારામજીએ પ્રસ્તાવનામાં જ જૂઠું લખ્યું છે. કારણ કે ખટપટ ચાલી હતી તો નવકલમનો સહિપત્ર કેવી રીતે થયો ? પાલખી-ચામર છીનવી લીધા હતા તો જાવરા સંઘમાં તામ્રપત્ર સહિત ભેટ કરેલ ક્યાંથી આવ્યા ? અને આ બધું તો માલવા-મારવાડના શ્રાવકોની હાજરીમાં બનેલ છે. ત્યારે સાબિત થાય છે કે આત્મારામજી ગપગોળા ઊડાડે છે.

તેનો પૃષ્ઠ બીજાથી ત્રીજા સુધીમાં પણ અસત્ય છે, ચાલો તેની ભીતરમાં જઈએ.

સંવત ૧૯૪૦માં અમદાવાદમાં આત્મારામજીનું ચોમાસું નક્કી થયું. તે સમાચાર સાંભળી પૂજ્ય ગુરુદેવ રાજેન્દ્રસૂરિએ સકલ દર્શન શિરોમણિ

એવો શ્રી જૈનધર્મ છે, પણ કેટલાક કદાગ્રહી સાધુઓએ જૈનશાસનની શાસ્ત્રીય આચરણાઓ છોડી સ્વયંની પૂજા-માનતા વધારવા, નવી-નવી કપોલકલ્પિત માન્યતાનો પ્રચાર કર્યો છે. સંવત ૧૯૪૦ની સાલમાં પૂ. રાજેન્દ્રસૂરિજીએ અમદાવાદ ચાતુર્માસ કરેલ. તેમની ભાવના હતી કે આત્મારામજી મોટા વિદ્વાન સંભળાય છે. તેમનું ચોમાસું અમદાવાદમાં નક્કી થયેલ છે. તો આપણે જો ત્યાં જઈએ તો પરસ્પરના સિદ્ધાંતોના વિચારનો અપૂર્વ, અદ્વિતીય લાભ થાય. આવું વિચારી પોતાના શિષ્ય શ્રી ધનવિજય તથા શિષ્યવૃંદ સાથે કુક્ષીનગરથી ઉગ્ર વિહાર કરી અમદાવાદ પધાર્યા. પર્યુષણ પર્વ વીત્યા બાદ માલવા-મારવાડના શ્રાવકો ગુરુદેવને વંદન કરવા આવ્યા. ત્યારે તેમના મુખે સાંભળ્યું કે આત્મારામજીને ઉત્સૂત્રભાષણ કરવાની તથા બોલીને ફરી જવાની ટેવ છે અને અહંકારનું પૂતળું છે.

તેમ છતાં તેમના સ્થાનકે ગુરુદેવ એક વખત પધાર્યા. અને બે-ત્રણ વાર મુનિ ધનવિજય પધાર્યા. પણ આત્મારામજી એકેયવાર ગુરુદેવ પાસે આવ્યા નહીં. અન્ય જે અવસરે મળ્યા તે અવસરે બીજી દેશાવર સંબંધી વાર્તા ચલાવી, પણ શાસ્ત્ર સંબંધી કે થુઈ સંબંધી વાત કરી નહીં. એક દિવસ અમદાવાદના રહેવાસી ગોકુળ ઉમેદ, નાગજી અને બીજા બે-ત્રણ જણ સાથે આત્મારામજીના પંડિત અમીચંદભાઈ પાંજરાપોળમાં આવેલ. શેઠ જયસિંહભાઈની ધર્મશાળામાં આવ્યા. ત્યાં પૂજ્ય રાજેન્દ્રસૂરિજીના શિષ્ય ધનવિજયજી પાસે જઈને પ્રશ્ન પૂછ્યા કે આ પ્રશ્ન હું આત્મારામજીના હુકમથી પૂછું છું.

(૧) ચોથી થોય નવીન છે કે પ્રાચીન છે ?

(૨) કારણથી છે કે વિના કારણ છે ?

(૩) વેયાવચ્ચગરાણં ઈત્યાદિ પાઠ નવીન છે કે પ્રાચીન છે ? કારણથી છે કે વિના કારણ ?

તેનો જવાબ નીચે મુજબ આપ્યો.

(૧) નવીન છે. (૨) કારણથી છે. (૩) નવીન છે. કારણથી છે.

ઉપરના પ્રશ્નોનો ઉપર મુજબ જવાબ આપી રાજેન્દ્રસૂરિજીએ આત્મારામજીને પૂછવા પાંચ પ્રશ્નો લખ્યા ત્યારે પાનાચંદ હકમચંદે કહ્યું કે આ પ્રશ્ન નીચે તમારી સહી કરો. ત્યારે રાજેન્દ્રસૂરિએ કહ્યું કે આત્મારામજી સહી કરશે તો હું કરીશ. પાનાચંદે કહ્યું કે અમે તેમની સહી કરાવી લઈશું. ત્યારબાદ રાજેન્દ્રસૂરિજીએ સહી કરી વિવેકસાગરજી સાથે આત્મારામજી પાસે મોકલ્યા.

પણ આત્મારામજી પાસે પ્રશ્નોના જવાબ આપવાની શક્તિ ન હોવાથી સહી ન કરી અને મોઢે જવાબ આપ્યો કે આ તો ખોટું લખ્યું છે. હું સહી કરતો નથી. ત્યારે વિવેકસાગરજીએ કહ્યું કે તમો સહી ન કરો તો કાગળ પાછો આપો. તે કાગળ લઈને વિવેકસાગરજીએ રાજેન્દ્રસૂરિજીને કાગળ પાછો આપ્યો. તેમાં નીચે મુજબ પાંચ પ્રશ્નો હતા.

(૧) જૈનતત્ત્વાદર્શમાં દેરાસરમાં ત્રણ થોય કરવી લખી છે, તે કેવી રીતે છે ? શું મુદ્દો છે ?

(૨) સદાય રંગેલાં કપડાં પહેરવાનું કયા શાસ્ત્રમાં કહ્યું છે ?

(૩) કરેમિ ભંતે પહેલી કે પાછળ ઈરિયાવહિયા, તે કેવી રીતે ?

(૪) નવીન આચાર્ય અને પ્રાચીન આચાર્ય કોને કહેવાય ?

(૫) વ્યાખ્યાન આપતાં મુહપત્તિ કાને બાંધવી કે નહીં ?

ઉપર લખેલાં પ્રશ્નો બીજા દિવસે રાજેન્દ્રસૂરિજીએ પોતાના શિષ્ય ધનવિજય સાથે અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈને મોકલાવીને કહેવરાવ્યું કે "આ પ્રશ્નો તમારા તરફથી આત્મારામજી પાસે મોકલાવી ખુલાસો લાવી આપો." પ્રેમાભાઈ શેઠે તે પ્રશ્નો આત્મારામજીને મોકલાવ્યા. આત્મારામજી પાસે તેનો જવાબ આપવાની શક્તિ ન હોવાથી તે પ્રશ્નોના જવાબ આપ્યા વિના બારોબાર પાંજરાપોળમાં મોકલાવી દીધા.

ત્યાં હાજર મુનિરાજ ધનવિજયજીએ કહ્યું કે જ્યાંથી લાવ્યા હો ત્યાં આ કાગળ મોકલાવો. આત્મારામજીએ જવાબ આપ્યા વિનાના પ્રશ્નોનો કાગળ નગરશેઠ પ્રેમાભાઈને ત્યાં મોકલાવ્યો. પ્રેમાભાઈએ એ કાગળ

રાજેન્દ્રસૂરિજીને મોકલાવી દીધો. ત્યારબાદ અમદાવાદમાં ચર્ચા ચાલી કે આત્મારામજીના પ્રશ્નોનો જવાબ રાજેન્દ્રસૂરિજીએ ખુલાસાબંધ આપ્યો, પણ રાજેન્દ્રસૂરિજીના પ્રશ્નોના જવાબ આત્મારામજી આપી શક્યા નહીં.

આવી ચર્ચાથી પોતાનું માન ભ્રષ્ટ થતું જાણી અમદાવાદ સમાચાર પત્રમાં તેમણે ચર્ચાપત્ર છપાવ્યું. તેમાં ઉપર બનેલી હકીકત છુપાવી તેને જુઠી પાડવા નીચે મુજબ અંધાધૂંધ ખોટું છપાવ્યું.

"રાજેન્દ્રસૂરિજી અહીંયાં ચોમાસું રહ્યા છે તે ત્રણ થોય કરવાનું કહે છે. તેથી કેટલાક શ્રાવકો મળીને તેમનો ખુલાસો લેવા ગયા. તે બાબતમાં રાજેન્દ્રસૂરિજીને પૂછ્યું કે આપે થોયની બાબતમાં સૂત્ર પંચાંગીના અનુસાર મુનિ આત્મારામજીની સાથે સભામાં બેસી ચર્ચા કરો. ત્યારે તેઓએ કહ્યું કે અમારે સભામાં બેસી ચર્ચા કરવી નથી. વળી તે બાદ રાજેન્દ્રસૂરિએ મનકલ્પિત પ્રશ્નો લખી મુનિ વિવેકસાગરજી સાથે આત્મારામજી પાસે મોકલાવેલ. તેમાં ભૂલો હતી તેથી આત્મારામજીએ જવાબ આપેલ નથી. પણ રાજેન્દ્રસૂરિજીનું કહેવું સત્ય હોય તો સભા કરવાની અમે વ્યવસ્થા કરશું. આ ખબર અમને આઠ દિવસમાં આપવી."

આવું ખોટું વાંચીને પાંજરાપોળના શેઠ જયસિંહભાઈ તથા હઠીસિંહજીની ધર્મશાળામાં બેસનાર શ્રાવકોએ તેનો જવાબ છાપામાં નીચે મુજબ છપાવ્યો.

"ધનવિજયજીએ જેવી રીતે આત્મારામજીના પ્રશ્નના જવાબ આપ્યા તેવી રીતે રાજેન્દ્રસૂરિજીના મોકલાવેલા પ્રશ્નોના જવાબ આત્મારામજીએ આપવા હતા. જો પ્રશ્નોમાં હ્રસ્વ, દીર્ઘની ભૂલો હતી તો તે સુધારી, ભૂલ કાઢી, જવાબ આપવા હતા. પણ તેવી મુદ્દાની ભૂલ નહોતી, પણ જો ખરા જવાબ આપે તો પોતાનું જ્ઞાન જણાઈ આવે તેમ હતું. અથવા ભૂલોના ખુલાસા લખવા હતા. પણ તે લખ્યા સિવાય મનકલ્પિત રીતે આડે રસ્તે જે વિચાર બતાવ્યા છે તે વિદ્વાનોનું લક્ષણ ન કહેવાય.

વળી પંચાંગી અનુસાર ચર્ચા કરવાની રાજેન્દ્રસૂરિએ ના પાડી તે વાત પણ 'આંખમાં રજકણ ઘૂસવાની જગ્યા નહીં અને આખું સાંબેલું પેસાડવું' તેના જેવી વાત છે. વિજય રાજેન્દ્રસૂરિએ સભાની બિલકુલ ના કહી નથી,

પણ તેમનું કહેવું એમ છે કે "આત્મારામજીને બોલીને ફરી જવાનો ભય નથી. તેથી પ્રથમ કાગળ-પત્રથી જે બાબત નિર્ણય કરવાના હોય તે બાબતના પ્રશ્નોત્તર કરવા. તેમાં નિર્ણય ન થાય તો જનરલ સભામાં જૈનદર્શન અને અન્યદર્શનના સારા-સારા વિદ્વાનોની હાજરીમાં સવાલ-જવાબ કરવાથી બધાનું વિદ્વાનપણું અને પંડિતાઈ જણાઈ આવશે' એવો રાજેન્દ્રસૂરિનો વિચાર હતો.

વળી, આત્મારામજી લખે છે કે સભા કરવી હોય તો નગરશેઠ વગેરેને કહી રાજેન્દ્રસૂરિ વ્યવસ્થા કરી ખબર આપે. આ તો કેવા અઘટિત વિચારો છે કે સભા કરવાનો પ્રયત્ન પોતે કરી, પાછળથી બીજાને કહેવું તે પોતાની હીનશક્તિ બતાવે છે. જો સભા કરવી હોય તો અમને કાંઈ પ્રતિકૂળતા નથી. માટે યોગ્ય સ્થળે અમુક સારા-સારા તટસ્થ ગૃહસ્થોને તથા ન્યાયી લોકોને રાખી સભામાં નિર્ણય થવો જોઈએ."

બંને પક્ષ તરફથી છાપામાં છપાયેલ હકીકત તથા અન્ય છાપામાં પણ છપાયેલ હકીતત પરથી સાબિત થાય છે કે રાજેન્દ્રસૂરિએ સભાની ના કહી નથી.

ત્યારે "ચતુર્થસ્તુતિનિર્ણય"ની પ્રસ્તાવનામાં બીજા પાનામાં આત્મારામજી લખે છે કે નગરશેઠના વંડામાં આવીને શેઠજીને કહી ગયા કે અમે સભા નહીં કરીએ. તે સાવ અસત્ય છે. કારણ કે અન્યદર્શનીઓએ પણ બંને પક્ષની હકીકત છાપી તે ઉપરથી તો આત્મારામજી તરફથી સભા કરવાનું બંધ કર્યું હોય તેવું સાબિત થાય છે. વળી ચતુર્થસ્તુતિનિર્ણય પ્રસ્તાવનામાં પાના નંબર ત્રણ પર આત્મારામજી લખે છે કે "પ્રશ્ન સારી રીતે શુદ્ધ લખાયેલ ન હતા, તે માટે શેઠજીને મેં પાછા આપી દીધા." વાક્યોમાં જ આત્મારામજીએ વ્યાકરણની ભૂલો કરી છે, વળી વ્યાકરણની ભૂલો આખા ગ્રંથમાં ઘણી જ છે, સંસ્કૃતમાં પણ ઘણી ભૂલો છે.

આત્મારામજીએ કરેલ મહાન ભૂલ :

અમદાવાદમાં જાહેર સભામાં આત્મારામજીએ શત્રુંજય ગિરિરાજ જ્યાં

આવેલ છે તેવા સોરઠદેશને અનાર્ય કહ્યો. ત્યારે ચારે બાજુ હોહા થઈ ગઈ. ત્યારે તેમને હિતશિક્ષા આપવા તેમના કાકાગુરુ પંન્યાસ રત્નવિજયજીએ "આર્યાનાર્યદેશજ્ઞાપક" નામે ચર્ચાપત્ર છપાવી પ્રસિદ્ધ કરેલ. તેના જવાબમાં આત્મારામજી તથા તેમના શિષ્ય શાંતિવિજયે "આર્યદેશદર્પણ" પુસ્તક લખ્યું. તેમાં તેમના કાકાગુરુએ લખેલ ચર્ચાપત્રની પણ વ્યાકરણની ભૂલો કાઢેલ. હકીકતમાં તે ભૂલો ભૂલ હતી જ નહીં, પાના નંબર ૧૬ અને પંક્તિ ૮ ની શુદ્ધિમાં "**નિર્ગ્રન્થાનાં વા નિર્ગન્થી**" એ વાક્યમાં "**થી**" હ્રસ્વ જોઈએ તે દીર્ઘ લખી. તથા પાના નં. ૧૬માં પંક્તિ ૧૯ની શુદ્ધિમાં "**વિધિમાંડ્સાદયંતિ**" એ અશુદ્ધવાક્યની શુદ્ધિમાં "**માંડ્સા દયંતિ**". લખ્યું. એ વાક્યમાં "**ધિં**" માં અનુસ્વાર ન જોઈએ. વળી કેટલીક જગ્યાએ અશુદ્ધને શુદ્ધ ન કર્યા અને શુદ્ધને અશુદ્ધ બતાવી કાકાગુરુની ખોટી હીલના કરી. કાકાગુરુની હીલના કરતાં જેમને શરમ ન આવે તો રાજેન્દ્રસૂરિએ પૂછેલ પ્રશ્નને ભૂલોવાળા કહે તેમાં શું આશ્ચર્ય ?

ખરેખર પ્રશ્નોમાં ભૂલો હતી તો છાપા દ્વારા જાહેર કરવી હતી. તો પંડિતોને ખબર પડી જાત કે શુદ્ધ, અશુદ્ધ કોને કહેવાય ? આ બધી ચર્ચા ચારેબાજુ ચાલી. તેમાં સાદડી-રાણકપુર-શિવગંજ બાજુના આત્મારામજીના અનુયાયી શ્રાવકોના પત્રો આવ્યા. તેમાં એવું લખ્યું કે રાજેન્દ્રસૂરિજી જીત્યા અને આત્મારામજી હાર્યા. આવા પત્ર વાંચી આત્મારામજીના હૈયામાં ફાળ પડી કે મારી મહત્તા આમાં ઘટી જશે. તેથી નગરશેઠને કહ્યું કે રાજેન્દ્રસૂરિએ ખોટા પત્રો લખી અમારી ફજેતી કરી છે.

આવું સાંભળી અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈ રાજેન્દ્રસૂરિજીને મળવા હઠીભાઈની વાડીએ આવ્યા. અને ઉપરની હકીકત કહી ત્યારે રાજેન્દ્રસૂરિએ જવાબ આપ્યો કે :

"અમે અમારા સાધુને પત્ર લખવો હોય તો તે પત્ર શ્રાવકના હાથે લખવા-લખાવવા-મોકલવા કે મોકલાવવામાં દોષ ગણીએ છીએ. વળી, ગૃહસ્થને કાગળ લખવા-લખાવવા-મોકલવા તે અમારો વ્યવહાર જ નથી. એવા રાગ-દ્વેષના કાગળ લખવા-લખાવવાને અમો મહાપ્રાયશ્ચિત્ત ગણીએ છીએ. તેથી એ વાતમાં અમે કશું જાણતાં નથી."

આવા રાજેન્દ્રસૂરિજીના યથાર્થ વચન સાંભળી નગરશેઠના મગજમાંથી ભ્રમ નીકળી ગયો. લોકોમાં ખબર પડી કે જેમ આત્મારામજી પોતાના ચેલાઓને તથા શ્રાવકોને પત્ર લખી પોસ્ટમાં નાંખે છે તથા ગૃહસ્થોના હાથે પહોંચાડે છે તેવો વ્યવહાર રાજેન્દ્રસૂરિ કે તેમના સમુદાયના સાધુઓનો નથી. તેથી આ બધું તરકટ આત્મારામજી તરફના શ્રાવકો અને સાધુઓનું છે. છતાંય આપણા શહેરમાં રહેલ કોઈ સાધુ ભગવંતનું દિલ દુભાય નહીં તે માટે આત્મારામજીની દિલગીરી મટાડવા નગરશેઠે કાગળ છપાવી પ્રસિદ્ધ કર્યો. તેની નકલ આત્મારામજીએ સ્વરચિત ચતુર્થસ્તુતિનિર્ણયમાં મૂકેલ છે, તેથી અહીં મૂકતાં નથી. તેમાં લખ્યું છે કે અહીં સભા થઈ નથી, માટે હારવા-જીતવાનો પ્રશ્ન નથી. પણ રાજેન્દ્રસૂરિ અને ધનવિજય સભા કરવાની ના કહી ગયા તેવું લખ્યું નથી. જ્યારે આત્મારામજીએ છાપામાં છપાવેલ કે રાજેન્દ્રસૂરિએ સભાની ના પાડેલ છે. આવું અસત્ય તો આત્મારામજી સિવાય બીજો કોઈ પુણ્યભીરુ લખી શકે નહીં. જો રાજેન્દ્રસૂરિએ સભાની ના પાડી હોત તો અમદાવાદના શ્રેષ્ઠીઓ કાગળમાં લખત. ખોટું લખવું તે મહાપ્રાયશ્ચિત્ત જાણી તેમણે લખેલ નથી. આવું તો આત્મારામજી જ લખી શકે.

વળી આત્મારામજીએ ચતુર્થસ્તુતિનિર્ણયના પાના નંબર પથી ૧૫માં રાજેન્દ્રસૂરિ તથા રાધનપુર સંબંધી પણ અસત્ય લખેલ છે, પણ તેની યથાર્થતા ચકાસવા, હકીકત જાણવા સંવત ૧૯૪૫ની સાલમાં માલવા-મારવાડના શ્રાવકો ગુરુદેવને વંદન કરવા આવ્યા ત્યારે રાજેન્દ્રસૂરિનું ચોમાસું વિરમગામમાં હતું. ત્યાં જઈ શ્રાવકોએ પૂછ્યું કે આત્મારામજી તેમના પુસ્તકમાં પાના નંબર પથી ૭માં જે બીના લખે છે તે સત્ય છે કે અસત્ય ? તે બીના કેવી રીતે બની તે અમને હકીકત જણાવવા કૃપા કરો.

તેના જવાબમાં રાજેન્દ્રસૂરિએ કહ્યું કે "સંવત ૧૯૪૩ની સાલમાં અમે થરાદથી રાધનપુર ગયા. ત્યાં તપગચ્છ, ખરતરગચ્છના તટસ્થ શ્રાવક ઘણા સમયથી ત્રણ થોય કરતાં આવેલાં. આગમિકગચ્છ, ધનજી સાજી અને પાયચંદગચ્છ તરફના શ્રાવકોએ રાધનપુરમાં ત્રણ અને ચાર થોય

બાબત ચર્ચા કરેલ. અને મને કહેલ કે "આપના શિષ્ય ધનવિજય આવેલા ત્યારે અહીંના રહેવાસી નામે ગોડીદાસ તેમની સાથે ત્રણ થોય - ચાર થોયની ચર્ચા કરેલ. ચર્ચામાં તે હારેલ. ત્યારથી આપની ઉપર અને આપની પાસે બેસનાર ઉપર દ્વેષ-મત્સરભાવ ધરે છે. નિંદા કરી કર્મબંધ કરે છે. તે જો આપની પાસે આવે તો આપ તેનું અજ્ઞાન દૂર કરી, તેની કર્મબંધની પ્રવૃત્તિ ટાળજો." ત્યારે મેં કહ્યું કે "દરેક જીવ કર્મવશ છે. જેવું કર્મ ઉદયમાં આવે તેવી ક્રિયા એ કરે. તેના તરફ રાગ-દ્વેષ ધરી તેના અવગુણ પ્રકાશવા નહીં, પણ મધ્યસ્થભાવ રાખવો. જો અમારી પાસે આવશે તો તે જીવને કર્મબંધ ન થાય તેવો ઉપદેશ આપશું. ચાર-પાંચ દિવસ પછી સાંભળ્યું કે માંડલ ગામમાં આત્મારામજી આવ્યા છે, ગોડીદાસ ત્યાં ગયો છે, તેમને અને તમને પરસ્પર ચર્ચા કરાવવા બોલાવવા ગયો છે. ત્યારે અમને આ વાત કરવાવાળા શ્રાવકોને અમે કહ્યું કે તે આત્મારામજીને વંદન કરવા ગયો હશે. જો ચર્ચા કરાવવાના આશયથી ગયા હોત તો અમને ચેતવીને જાત; અને કદાચ તે ભાવથી ગયા હશે તો માંડલ તો રાધનપુરથી બહુ દૂર નથી. આત્મારામજી પાંચ-સાત દિવસમાં અહીં આવશે, ત્યારે જે હશે તે ખબર પડી જશે. આવું વિચારી અમે રાધનપુરમાં એક માસ રહ્યા તોય આત્મારામજી કે ગોડીદાસ એકેય આવ્યા નહીં ત્યારે અમે વિચાર્યું કે જો અહીંના સંઘને - ગોડીદાસ કે આત્મારામજીને ચર્ચા કરાવવાની હોત તો અમને વિનંતી કરત અથવા સમાચાર આપત; પણ આજસુધી કોઈએ વિનંતી નથી કરી અને આત્મારામજી તરફથી સમાચાર પણ આવ્યા નથી. માટે માસકલ્પ પૂરો થતાં અમે રાધનપુરથી વિહાર કરીને તેરવાડા ગયા. ત્યાં સાંભળ્યું કે આત્મારામજી શંખેશ્વર આવ્યા છે. એવામાં રાધનપુર સંઘનો કાગળ તેરવાડાસંઘ ઉપર આવ્યો. રાધનપુરના સંઘે લખ્યું કે : આત્મારામજી ૧૪-૧૫ દિવસમાં અત્રે આવનાર છે. તેમની સાથે અમીચંદજી નામના પંડિત છે, તે અત્રે આવેલા છે. તેમની સાથે ચર્ચા કરવી હોય તો આ બાજુ વિહાર કરજો.

ત્યારે અમે (રાજેન્દ્રસૂરિએ) વિચાર્યું કે આત્મારામજી સાચું નામ ધરાવે છે, તેમને બોલીને બદલાવવાનું ઠેકાણું નથી તો શ્રાવકનો શું ભરોસો ?

માટે પરસ્પર લખીને ચર્ચા કરવી તે ઠીક છે. ત્યારે શ્રી તેરવાડાના સંઘે રાધનપુર સંઘ પર નીચે મુજબ પત્ર લખ્યો.

"શ્રી તેરવાડાથી લીખી સંઘસમસ્તના પ્રણામ વાંચશો.

અહીં દેવ-ગુરુ-ધર્મ પસાયે ક્ષેમકુશળ છે. આપની ક્ષેમકુશળતા હંમેશાં ચાહીએ છીએ. વિશેષ વિનંતી કે આપનો પત્ર ફાગણ વદી ૧૨નો લખેલો કાસદ સાથે મળ્યો. તે વાંચી અમે રાજેન્દ્રસૂરિજીને વિનંતી કરી. તેમનું કહેવું છે કે લખાણ થશે તો ક્ષેત્રસ્પર્શનાના જોગે આપના તરફ પધારવું થશે. લખાણ નીચે મુજબ કરવું.

શ્રી જિનાય નમઃ

કરાર - ૧. "પિસ્તાલીશ આગમની જે પૂર્વાચાર્યોની કરેલી પંચાંગીમાં સાધુ-શ્રાવકની નિત્ય કરણી ઉત્સર્ગમાર્ગમાં કહેલી છે તે મુજબ કરવી. એમાં કોઈ ગચ્છનું મમત્વ રાખવું નહીં. પંચાંગીમાં જે સામાચારી કહી તે પ્રમાણે રાજેન્દ્રસૂરિજી તથા આત્મારામજી તથા સમસ્ત રાધનપુરના સંઘે ચાલવું. તેમાં રાધનપુરનો સંઘ, રાજેન્દ્રસૂરિજી કે આત્મારામજી ભાંગે કે બદલે તેને તીર્થંકરની આજ્ઞા ભાંગવાનો દોષ લાગે. આ લખાણ સર્વ રાજીખુશીથી લખેલ છે."

આવું લખાણ કરી સકલ સંઘની સહી કરાવી, આત્મારામજીની સહી કરાવી અહીં મોકલવો એટલે રાજેન્દ્રસૂરિ પણ સહી કરશે. તે પ્રમાણે પંચાંગીમાં ત્રણ થોય કે ચાર થોય જે નીકળશે તે સર્વેએ કબૂલ રાખવું. આવી રીતે લખાણ કરી મોકલશો તો રાજેન્દ્રસૂરિ જરૂર રાધનપુર પધારશે."

આ પત્ર રાધનપુર પહોંચ્યો. ત્યાંના સંઘે જવાબ આપ્યો કે "એમાં કાંઈ લખવા-લખાવવાની જરૂર નથી. જો રાજેન્દ્રસૂરિજીને ચર્ચા કરવાની મરજી હોય તો આ બાજુ વિહાર કરાવજો. તેમના લખાવ્યાથી હવે પત્ર લખશો તો તેનો જવાબ અમે આપવાના નથી."

આવા સ્પષ્ટ પત્રોની નકલ તથા રાધનપુરના સંઘનો મૂળ જવાબ રાજેન્દ્રસૂરિ પાસે હોવા છતાં આત્મારામજી તેમના પુસ્તકમાં લખે છે કે રાધનપુરમાં ચર્ચા માટે આવવાની રાજેન્દ્રસૂરિએ ના પાડી દીધી."

માલવા-મારવાડના શ્રાવકોએ પત્ર જોયા, વાંચ્યા અને નિર્ણય કર્યો કે આત્મારામજી પોતાના પુસ્તકમાં "ગધેડાના શિંગડા" જેવું અસત્ય લખે છે. કારણ કે જો તેમને ચર્ચા કરવી હતી તો પછી રાજેન્દ્રસૂરિ એક માસ રાધનપુર રહ્યા ત્યારે કેમ ન આવ્યા ? રોજના ચાર-પાંચ ગાઉ ચાલે તો રાધનપુરથી શંખેશ્વર ત્રણ-ચાર દિવસમાં આવી જવાય. ઓછા ચાલે તો બે-ત્રણ દિવસ વધુ થાય. ત્યારે રાધનપુરના સંઘે લખ્યું કે ચૌદ પંદર દિવસે આવવાના છે. આના પરથી ફલિત થાય કે પરસ્પર ચર્ચા કરવાના આત્મારામજીના ભાવ ન હતા. જો પોતે જ સાચા હતા તો રાજેન્દ્રસૂરિએ તો લખીને - સહી કરીને બંધાવા તૈયાર હતા, તો આત્મારામજી શા માટે તૈયાર ન થયા ? જૈનશાસનના આગમ-શાસ્ત્રમાં બધું લેખિત છે અને તે જ માન્ય છે. કોર્ટ-કચેરીમાં પણ લખેલું પ્રમાણ ગણાય છે, મૌખિક નહીં. પણ રાજેન્દ્રસૂરિની પ્રચંડ પ્રતિભા સામે લખાણથી આત્મારામજીથી ટકાય તેવું ન હતું, ઊલટાનું ચોરી પર શિરજોરીના ન્યાયે "ચતુર્થસ્તુતિનિર્ણય"ની પ્રસ્તાવનામાં આત્મારામજી લખે છે કે "રાજેન્દ્રસૂરિને જૈનશાસ્ત્ર સાધુ માનવા સિદ્ધ થતું નથી".

આવું વાંચી માલવા-મારવાડના શ્રાવકોએ રાજેન્દ્રસૂરિ ગુરુદેવને કહ્યું કે આનું સમાધાન આપો. ત્યારે રાજેન્દ્રસૂરિએ કહ્યું કે આ વાતનું સમાધાન તથા અયુક્ત ગ્રંથનું ખંડન જાણવું હોય તો અમારી પાસે ઉપસંપદગ્રાહક મુનિ ધનવિજય છે, તેમને વિનંતિ કરો. ત્યારે અમો સર્વ શ્રાવકો અમદાવાદ ચોમાસું રહેલા મુનિવર ધનવિજય પાસે ગયા. ત્યાં જઈ વંદના કરી આ મુજબ પૂછ્યું.

"સ્વામિનાથ, તમે કોના શિષ્ય છો" ?

ત્યારે ધનવિજયજીએ કહ્યું કે અમે પરમ પૂજય આચાર્ય શ્રી વિજય રાજેન્દ્રસૂરિજીના શિષ્ય છીએ. પણ તમે જાણો છો, છતાં શા માટે પૂછ્યું ? ત્યારે શ્રાવકોએ કહ્યું કે આપ કહો છો કે હું તેમનો શિષ્ય છું, પણ રાજેન્દ્રસૂરિજી તો કહે છે કે તે મારા ઉપસંપદગ્રાહક છે, તેનું કારણ શું ? ત્યારે ધનવિજયે કહ્યું કે તે સત્ય છે. કારણ કે અમે શ્રી બાદશાહ જહાંગીરદત્ત

મહાતપા બિરૂદધારક શ્રી વિજય દેવસૂરિ - તેમના શિષ્ય ન્યાયચક્રવર્તી બિરૂદધારક મહોપાધ્યાય શ્રી કૃષ્ણવિજયગણિ, તેમના શિષ્ય પંન્યાસ શ્રી ગંગવિજયજી, તેમના શિષ્ય પં. શ્રી ભાવવિજયજી ગણિ, તેમના શિષ્ય શ્રી મોહનવિજય ગણિ, તેમના શિષ્ય પં. શ્રી કસ્તૂરવિજયજી ગણિ, તેમના શિષ્ય શ્રી લક્ષ્મીવિજયજી ગણિ તથા પં. શ્રી ચતુરવિજય ગણિના શિષ્ય છીએ. પણ શાસ્ત્રમાં લખ્યું છે કે કોઈ કારણથી ગુરુ-ગચ્છપરંપરામાં શિથિલાચાર, અસંયમ પ્રવૃત્તિ શરૂ થઈ જાય અને કોઈ ક્રિયોદ્ધાર કરે તો તેવા સંયમી ગુરુની પાસે ફરી દીક્ષા લેવી. તે પાઠ દેવસૂરિકૃત જીવાનુશાસનવૃત્તિમાં આ મુજબ છે –

तत्पाठः॥ यदिपुनर्गच्छो गुरुश्च सर्वथानिजगुणविकलो भवति तत आगमोक्तविधिना त्यजनीयः परं कालापेक्षया योऽन्यो विशिष्टतर-स्तस्योपसंपद्ग्राह्या न पुनः स्वतंत्रैः स्थातव्यमितिहृदयम् ॥

જો ગચ્છ અને ગુરુ એ બંને સર્વથા નિજગુણે કરી વિકળ હોય તો આગમવિધિએ ત્યાગવા યોગ્ય છે. પણ કાળની અપેક્ષાએ અન્ય કોઈ વિશિષ્ટ ગુણવાન સંયમી હોય તેની પાસે ફરી દીક્ષા (ચારિત્ર-ઉપસંપદ) ગ્રહણ કરવી, પણ સ્વતંત્ર કે ગુરુ વિના રહેવું નહીં. અમારી ગચ્છપરંપરામાં તો શિથિલાચારાદિ પ્રવૃત્તિ ન થઈ, પણ મહોપાધ્યાય કૃષ્ણવિજયજીથી ત્રીજી-ચોથી પેઢીથી શિથિલાચાર પ્રવૃત્તિ જાણીને આગમ-આજ્ઞાભંગનો દોષ ટાળવા અમે આગમ-આજ્ઞાથી શુદ્ધ એવા રાજેન્દ્રસૂરિજી પાસે ફરી દીક્ષા (ઉપસંપદ) ગ્રહણ કરી ક્રિયોદ્ધાર કરેલ છે. તેથી પ્રવૃત્તિમાં અમે તેમના શિષ્ય છીએ. શાસ્ત્રદૃષ્ટિએ ઉપસંપદ છીએ, કારણ કે આ આગમ-પ્રવૃત્તિ છે. અગાઉ પણ વજ્રસ્વામીની શાખામાં, ચાંદ્રકુળમાં, કોટિકગણ, બૃહદ્ગચ્છ, તપાગચ્છ બિરૂદધારક ભટ્ટારક શ્રી જગચ્ચન્દ્રસૂરિ મહારાજે પોતાની શિથિલાચાર પ્રવૃત્તિ જાણી ચૈત્રવાલ ગચ્છીય શ્રી દેવભદ્રગણિ પાસે ફરી દીક્ષા લીધેલ. તે હેતુથી શ્રી જગચ્ચન્દ્રસૂરિજીના શિષ્ય દેવેન્દ્રસૂરિજીએ ધર્મરત્નગ્રંથની ટીકાની પ્રશસ્તિમાં પોતાના બૃહદ્ગચ્છીય શ્રી મણિરત્નસૂરિજીનું નામ છોડી પોતાના ગુરુ શ્રી જગચ્ચંદ્રસૂરિજીને ચૈત્રવાલગચ્છના દેવભદ્રગણિના શિષ્ય લખેલ તે પાઠ :-

ક્રમશશ્ચૈત્રાબાલકગચ્છેકવિરાજરાજિનભસીવ ।
શ્રીભુવનચન્દ્રસૂરિર્ગુરુરુદિયાય પ્રવરતેજાઃ ॥૪॥
તસ્ય વિનેયઃ પ્રશમૈકમન્દિરં દેવભદ્રગણિપૂજ્યઃ ।
શુચિસમયકનકનિકષો, બભૂવભૂતિવિદિતભૂરિગુણઃ ॥૫॥
તત્પાદપદ્મભૃંગાઃ નિસ્સંગાશ્ચંગતુંગસંવેગાઃ ।
સંજનિતશુદ્ધબોધાઃ જગતિ જગચ્ચન્દ્રસૂરિવરાઃ ॥૬॥
તેષામુભૌ વિનેયૌ શ્રીમાન્ દેવેન્દ્રસૂરિરિત્યાદ્યઃ ।
શ્રીવિજયચન્દ્રસૂરિર્દ્વિતીયકોઽદ્વૈતકીર્ત્તિભરઃ ॥૭॥
સ્વાન્યયોરુપકારાય શ્રીમદ્દેવેન્દ્રસૂરિણા ।
ધર્મરત્નસ્ય ટીકેયં, સુખબોધા વિનિર્મમે ॥૮॥

આવા ભવભીરુ મહાત્માઓએ પાળેલ આજ્ઞા પાળવાની અમારી પણ અભિલાષા છે.

શ્રાવકોનો પ્રશ્ન :- આત્મારામજી તો "ચતુર્થસ્તુતિનિર્ણય" પ્રસ્તાવનાના પાના નંબર ૮/૯ ઉપર લખે છે કે રાજેન્દ્રસૂરિ પ્રથમ તો પરિગ્રહધારી - મહાવ્રત રહિત યતિ હતા. જોકે પાછળથી નિર્ગ્રંથપણું અંગીકાર કરી પંચમહાવ્રતરૂપ સંયમ ગ્રહણ કરેલ છે. પણ કોઈ સંયમી ગુરુની પાસે ફરી દીક્ષા લીધી નથી. પહેલાં તો એમના ગુરુ પ્રમોદવિજયજી યતિ હતા, તે સંયમી ન હતા. તે વાત મારવાડના ઘણા જ શ્રાવકો સારી રીતે જાણે છે. આમ અસંયમીની પાસે દીક્ષા લઈ ક્રિયોદ્ધાર કરવો તે શાસ્ત્રની વિરુદ્ધ છે. તો આપે રાજેન્દ્રસૂરિની ગુરુ-ગચ્છ પ્રવૃત્તિ આગમઆજ્ઞાએ શું શુદ્ધ જાણી તેમની પાસે દીક્ષા લીધી તે સમજણ પાડો.

ધનવિજયજીનો જવાબ :- હે મહાનુભાવો ! આત્મારામજીનું લખવું, બોલવું તે "વાંઝણીને છોકરાં" જેવી વાત છે. કારણ કે તેમના લખ્યા મુજબ તો વર્તમાનકાળના સર્વ યતિ અને પૂજયો મહાવ્રતરહિત અને અસંયમી ગણાય. તેમજ વર્તમાનકાળમાં પીળા કપડાં પહેરી સંવેગી તથા

સાધુ નામ ધરાવે છે. તે પણ પહેલાં તો કોઈ નિહ્નવ, કોઈ પરિગ્રહવાળા, પંચમહાવ્રતરહિત, અસંયમી હતા. તે સૌ પાછળથી જ નિર્ગ્રંથપણું અંગીકાર કરી, પંચમહાવ્રતરૂપ સંયમ ગ્રહણ કરી સંયમી થયા છે. પણ કોઈ સંયમી ગુરુની પાસે ફરી દીક્ષા લીધેલ નથી. માટે તેમને પણ જૈનમતના સાધુ માનવા જોઈએ નહીં.

શ્રાવકોનો પ્રશ્ન :- વર્તમાનકાળમાં શ્રી તપાગચ્છમાં તમારા ગુરુ શ્રી વિજય રાજેન્દ્રસૂરિ તથા શ્રી નેમિસાગરજીના શિષ્ય રવિસાગરજી અને બુટેરાયજી અર્થાત્ બુદ્ધિવિજયજીના શિષ્ય શ્રી આત્મારામજી તથા ખરતરગચ્છમાં શ્રી શિવજી રામજી અને મોહનલાલ પ્રમુખ નિષ્પરિગ્રહી જેટલા સાધુ વિચરે છે. તેઓમાં તમારા ગુરુ રાજેન્દ્રસૂરિજી, નેમસાગરજી, શિવજી રામજી અને મોહનલાલજીને બાદ કરતાં બાકીના સર્વેએ સંયમી ગુરુ પાસે ફરીથી દીક્ષા લીધેલ છે. તે તો માનવા યોગ્ય છે ને ?

ધનવિજયજીનો ઉત્તર :- હે આર્યો, આત્મારામજીના લખ્યા પ્રમાણે મોહનલાલજી તો પહેલાં પરિગ્રહસહિત, મહાવ્રતરહિત, ખરતરગચ્છના યતિ હતા. પાછળથી નિર્ગ્રંથપણું અંગીકાર કરી પંચમહાવ્રતરૂપ સંયમ અંગીકાર કર્યો. પણ તેઓ પીળાં કપડાં ધારણ કરી પોતાની પૂજા માનતા વધારવા જ્યાં તપગચ્છનું વર્ચસ્વ હોય ત્યાં તપગચ્છના બની તે પ્રવૃત્તિ કરે છે અને જ્યાં ખરતરગચ્છનું વર્ચસ્વ હોય ત્યાં ખરતરગચ્છના બની જાય છે. તેમની માયા અપરંપાર છે. "ગંગા ગયા તો ગંગાદાસ અને જમના ગયા તો જમનાદાસ" તેથી તમારા કહ્યા પ્રમાણે હોય તો અમો ના કહી શકતાં નથી.

શિવજી રામજી તો સાત્ત્વિક - ધ્યાની પુરુષ સંભળાય છે. તેઓએ પરિગ્રહત્યાગ ન કરી કોઈ પાસે ફેર દીક્ષા લીધી સંભળાતી નથી, તેનું કંઈ કારણ હશે. પણ લિંગ બદલાવ્યો નથી, તેથી તેઓ તો વિચારવંત પુરુષ જણાય છે.

તપાગચ્છના યતિ શ્રી મયાસાગરજીએ પરિગ્રહત્યાગ ન કરી, કોઈ પાસે ઉપસંપદગ્રહણ (ફરી દીક્ષા) કરી નથી, તેનું કારણ એ સંભવ છે કે અમુક

યતિ લોકોની પાટપરંપરામાં શિથિલાચારની પ્રવૃત્તિ ઘણા સમયથી ચાલે છે અને અમુક યતિ લોકોની પાટપરંપરામાં થોડા સમયથી ચાલુ થઈ છે. રવિસાગરજીના ગુરુ શ્રી નેમસાગરજી ત્યાગી-વૈરાગી હતા. તેઓશ્રી મયાસાગરજીની પેઢીમાં થોડા કાળની શિથિલાચારની પ્રવૃત્તિ દેખી શ્રી મયાસાગરજીને પરિગ્રહત્યાગ ન કરાવી પોતે ગુરુ ધાર્યા, પણ જ્ઞાનબળ ઓછું હોવાથી લોકોનો પરિષહ સહન ન થવાથી લિંગ બદલાવેલ સંભવે છે.

આત્મારામજી તો વિદ્વાનપણાનું અભિમાન ધારણ કરી, ઢુંઢકમતમાંથી નીકળી કુલિંગપણું ધારણ કર્યું, પણ કોઈ સંયમી ગુરુ પાસે નવી દીક્ષા લીધી નથી. તેઓ બુટેરાયજીના શિષ્ય થયા એટલે ફેર દીક્ષા લીધી તેમ કહો છો, પણ એ તો બુકસ વાવીને બીજોદ્‌ગમ કરી શૂન્યની મુઠી ભરવાની ઈચ્છા કરો છો, કેમ કે બુટેરાયજી ઉર્ફે બુદ્ધિવિજય તો ઢુંઢકમતમાંથી આવેલા. તેમણે મુહપત્તિની ચર્ચા છપાવીને દેશાવરમાં પ્રસિદ્ધ કરેલી. તેમાં લખે છે કે "મારી શ્રદ્ધા તો શ્રી યશોવિજયજી સાથે ઘણી મળે છે. જે ઉપાધ્યાય યશોવિજય નામ એટલે તપાગચ્છ તેમ મને પણ નામમાત્રથી તપાગચ્છનો કહેવો જોઈએ. મેં યશોવિજયજીનો અનુરાગ કરી લોકવ્યવહારમાત્ર સામાચારી ધારણ કરી છે. અમદાવાદમાં સોભાગવિજય તથા મણિવિજય પાસે ગચ્છ ધારીને હું મૂલચંદ તથા વૃદ્ધિચંદ શેઠની ધર્મશાળામાં ચાલ્યા આવ્યા. એ તો એમની સાથે મારા સંબંધથી મેં કર્મયોગે પાંચમા કાળમાં જન્મ લીધો. વૈરાગ્ય પણ આવ્યો. ગુરુ સંજોગે ન મળ્યા તે પાપનો ઉદય."

આવા બુટેરાયજીના વચન જોતાં શ્રી બુટેરાયજીએ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયને પરોક્ષભાવથી ગુરુ ધારણ કરી ફરી લોકવ્યવહારમાત્રથી તપાગચ્છની સામાચારી અંગીકાર કરી, પણ કોઈ પાસે ઉપસંપદ એટલે કે ફેર દીક્ષા લીધી નથી.

કોઈ કહેશે કે સોભાગવિજયજી તથા મણિવિજયજી પાસે ગચ્છ ધારણ કર્યો તે જ ઉપસંપદ ગ્રહણ કરી તેમ સમજવું. એમ કહેવું પણ મિથ્યા છે; કારણ કે રૂપવિજયજીએ રૂપસી પદમસીના નામની હુંડીઓ ચલાવી તેમ સોભાગવિજયજી પણ હુંડીઓ ચલાવતાં, એક જ ઠેકાણે રહેતાં. ક્યાંક

જતાં તો ડોળીમાં બેસીને જ જતાં. આવી અસંયમપ્રવૃત્તિ તો ગુર્જર-મારવાડના સર્વ સંઘમાં પ્રસિદ્ધ છે. તેવી જ રીતે કારણ વગર એક ઠેકાણે રહેવાની તથા ડોળી પ્રમુખમાં બેસવાની અને પરિગ્રહાદિના સંચયની અસંયમપ્રવૃત્તિ બહારની પોળવાળા શ્રી મણિવિજયની પણ હતી. તેથી જ મુહપત્તિ ચર્ચાના પલ્મા પાનામાં બુટેરાયજી લખે છે કે "બાઈ દીક્ષા લેવાવાળી હતી. તે દરેકની રૂપિયા ચડાવીને પૂજા કરવા લાગી. પ્રથમ રૂપિયા ચડાવીને રત્નવિજયની પૂજા કરી. પછી મણિવિજય આગળ રૂપિયા ચડાવીને પૂજા કરી, ત્યારબાદ મને રૂપિયા ચડાવવા લાગી. ત્યારે નીતિવિજયજી બોલ્યા મારા આગળ રૂપિયા ચડાવવાનું કંઈ કામ નથી. અમારે રૂપિયાનો ખપ નથી. આવું કહી ના પાડી દીધી. ત્યારે અમે ત્યાંથી ઊઠીને ચાલ્યા ગયા. પાછળ ત્રણેય જણ બાઈને દીક્ષા આપી શહેરમાં ચાલ્યા ગયા".

એ વાક્યમાં સ્પષ્ટ માલૂમ પડે છે કે જો ડહેલાવાળા રત્નવિજયજી તથા લવારની પોળવાળા મણિવિજયજીના પરિગ્રહનો સંચય નહોતાં રાખતાં તો સાધુભક્તિકૃત અગ્રપૂજાને બુટેરાયજી પ્રમુખ મના કરત નહીં, પણ મણિવિજય તથા રત્નવિજય સંચય કરતાં હતાં, તેથી બુટેરાયજી રૂપિયા ચડાવવાના ના પાડી ઊભા થઈને ચાલતા થઈ ગયા.

આના ઉપરથી એ પણ સાબિત થાય છે કે જો બુટેરાયજીએ મણિવિજયને સંયમી ગુરુ માનીને ફરી દીક્ષા લીધેલ હોત તો "ઊભા થઈને ચાલતા થયા" આવી મોટી પોતાના ગુરુની આશાતના કરત નહીં.

આમ સાબિત થાય છે કે બુટેરાયજીએ મણિવિજયને સંયમી ગુરુ ધાર્યા નહીં. આમેય મણિવિજય તો પીળા કપડાં ધારણ કરતાં હતાં. અને બુટેરાયજીનો મત તો યશોવિજયજી ઉપાધ્યાયને મળતો હતો. યશોવિજયજીએ તો દશમતાધિકારસ્તવનમાં તથા કુમતિકપટસ્વાધ્યાયમાં તથા ઉપાધ્યાયની પરંપરામાં થયેલા શ્રી ઉદયવિજયજી વાચક પ્રમુખે શ્રી હિતશિક્ષાષટ્ત્રિંશિકામાં અને શ્રી ગચ્છાચારવિચારબોલપત્રકગ્રંથમાં પીળા કપડાં પહેરનારને કુલિંગી નિહ્નવ અસંયતી કહ્યા છે. તે મૂળ પાઠ કોઈને જોવા હોય તો મારા રચેલ ગ્રંથ સ્તુતિનિર્ણયવિભાકરમાં જોઈ લેવા.

અહીંયાં તો એટલું જ પ્રયોજન છે કે યશોવિજયજીની શ્રદ્ધા શ્રી બુટેરાયજીને હતી. તેથી જ બુટેરાયજીએ સર્વસંવેગી નામ ધારણ કરીને કુગુરુ સમજી તેમનો લિંગ ત્યાગ ન કરી શ્વેત કપડાં ધારણ કરી "અત્યારે જૈન સિદ્ધાંતના કહ્યા મુજબ કોઈ સાધુ અમારા જોવામાં આવ્યા નથી અને અમારામાં પણ તેવું સાધુપણું નથી, માટે હું પણ સાધુ નથી", આવું કહેતાં.

આ વાત અમદાવાદના સંઘમાં શ્રી બુટેરાયજી અંતસમય સુધી રહ્યા તે સર્વ શેઠિયા અને અમદાવાદના સંઘમાં પ્રસિદ્ધ છે. હવે વિચાર કરો કે આત્મારામજીના ગુરુને સંયમી ગુરુ મળ્યા નહીં અને તેમનામાં સંયમીપણું હતું નહીં, તો આત્મારામજીને સંયમી ગુરુ મળ્યા તેવું કોઈ વિદ્વાન કહી શકે નહીં અને આત્મારામજીમાં સંયમીપણું ક્યાંથી આવે ?

કોઈ અજ્ઞાનના જોરથી એમ કહે કે આત્મારામજીએ જેમ બુટેરાયજીને ગુરુ માન્યા તેમ શ્રી બુટેરાયજીએ નામથી સંવેગી શ્રી મણિવિજયજીને ગુરુ ધાર્યા હોય. તોય જૈનશાસ્ત્ર અનુસાર આત્મારામજીને સાધુ માનવા એ વાત સિદ્ધ થતી નથી. કારણ કે આત્મારામજી પહેલાં તો સ્થાનકવાસી ઢુંઢીયા હતા. પછી મહાવીરસ્વામીના સાધુના સફેદ વસ્ત્ર છોડી પીળા કપડાં ધારણ કરેલાં. પીળા કપડાંવાળાને તો જૈનસાધુ કહેવાય નહીં તે તો આપણે આગળ જોઈ ગયા. વળી, ફરી દીક્ષા લીધી નહીં. જેની પાસે દીક્ષા લીધાનું કહે છે તે પોતે મુખથી કહેતાં કે હું સંયમી નથી. પિતાંબર એવા મણિવિજયની ગુરુપરંપરા તો બહુ પેઢીથી સંયમરહિત હતી. તો ફરી અસંયતિ પાસે દીક્ષા લેવી તે તો જૈનશાસ્ત્રથી વિરુદ્ધ વાત થઈ.

વિજય રાજેન્દ્રસૂરિ તથા અમારા માટે આત્મારામજી લખે છે કે આ બંને ભવભીરુ હોય તો કોઈ સંયમી ગુરુ પાસે ફરી દીક્ષા લેવી જોઈએ. તે તેમનું લખેલું અભિમાન ભરેલું છે. સંવત ૧૯૪૦માં અમદાવાદ ચાતુર્માસમાં શેઠ મૂળચંદભાઈ હઠીસિંગે આત્મારામજી અને અમને એકાંતમાં મેળવી પરસ્પરની વાતો સાંભળેલ. અમારા ગુરુ વિશે આત્મારામજીએ કહેલ ત્યારે અમે શ્રી મહાનિશીથસૂત્રના ત્રીજા અધ્યયનના પાઠ સંયુક્ત પૂર્વાચાર્યની સાક્ષીથી જવાબ આપેલ. તોપણ કોઈ સંયમી ગુરુ પાસે ફરી દીક્ષા લેવી જોઈએ તેવું વારંવાર લખી પોતાના છિદ્રો ઢાંકે છે.

જેની ગુરુપરંપરામાં સંયમી ગુરુનો અભાવ થયો હોય, સાધુસામાચારી સર્વથા ઉચ્છિન્ન થઈ હોય તેને અન્ય સંઘાડાના મુનિ પાસે ફરી દીક્ષા લેવાની શાસ્ત્રમાં વાત કહી છે, પણ બીજાને કહી નથી તે પાઠ નીચે મુજબ છે :

મહાનિશીથસૂત્રના ત્રીજા અધ્યયનનો શાસ્ત્રપાઠ :

तत्पाठः ॥ सत्तद्गुरुपरंपराकुसीले एगदुतिपरंपराकुसीले એ પાઠ શ્રી મહાનિશીથસૂત્રના ત્રીજા અધ્યયન મધ્યે છે. તેનો અર્થ પૂર્વાચાર્ય પરંપરાએ કરતા આવ્યા તેમજ અમારા પૂર્વાચાર્યોએ એ પાઠનો અર્થ એવી રીતે કર્યો છે, તે પાઠપૂર્વક અર્થ લખીએ છીએ. **तथा पार्श्वस्थादिदीक्षित-साधोर्गणो भवति नवेति प्रश्नो पार्श्वस्थादिदीक्षितमुनेर्गणो भवति । यदुक्तं महानिशीथतृतीयाध्ययनप्रांतप्रस्तावे सत्तद्गुरुपरंपरकुसीले एगबितिगुरुपरंपरकुसीले इत्यस्यार्थोऽत्र विकल्पद्वयभणनादेवमवसीय ते यदेकद्वित्रिगुरुपरंपरा यावत्कुशीलत्वेऽपि तत्र साधुसामाचारी सर्वथोच्छिन्ना न भवति, तेन यदि कश्चित् क्रियोद्धारं करोति तदान्यसांभोगिकादिभ्यश्चारित्रोपसंपदमगृहीत्वैव क्रियोद्धारं करोति नान्यथेति ॥**

ભાવાર્થ :- પાર્શ્વસ્થાદિક દીક્ષિત સાધુનો ગચ્છ હોય કે ન હોય ? તેનો જવાબ એ છે કે પાર્શ્વસ્થાદિક દીક્ષિત પણ મુનિગણ હોય. તે મહાનિશીથ-સૂત્રના ત્રીજા અધ્યયનના અંતિમ પ્રસ્તાવમાં કહ્યું છે કે "સાત-આઠ ગુરુપરંપરા કુશીલ, એક-બે-ત્રણ ગુરુપરંપરા" એનો અર્થ અહીંયાં વિકલ્પ બેનું કથન કરવાથી એમ જણાય છે કે એક, બે, ત્રણ ગુરુપરંપરા સુધી શિથીલાચારાદિ પ્રવૃત્તિ થતાં પણ સાધુસામાચારી સર્વથા ઉચ્છિન્ન થતી નથી. તે માટે જો કોઈ ક્રિયોદ્ધાર કરે તો અન્ય સમુદાયના સાધુ પાસે ફરી દીક્ષા લેવાની જરૂર નથી. ફરી દીક્ષા લીધા વિના પણ ક્રિયોદ્ધાર કરી શકે. પણ ચોથી પેઢી કે તેથી ઉપર જો શિથિલાચારની પ્રવૃત્તિ થાય તો અન્ય ગુરુ પાસે ફરી દીક્ષા લઈને જ ક્રિયોદ્ધાર થઈ શકે. આ પાઠમાં પાર્શ્વસ્થાદિક

દીક્ષિતને પણ મુનિગણ કહ્યો છે, તો પ્રસ્તાવનાના પાના ૧૩માં વિજય રાજેન્દ્રસૂરિની ચોથી પેઢીવાળા સંયમી નહોતા એવું લખવું તે આત્મારામજીની મૂર્ખતાનું સૂચન કરે છે; કેમ કે દરિયાની વાત દરિયામાં રહેનારને ખબર હોય, કૂવામાંના દેડકાને નહીં. આચાર્યોની પરંપરા આચાર્યોના કુલવાસી હોય તે જ જાણે, પણ ગુરુકુળવાસથી બહાર હોય તે જાણે નહીં. અમારી ગુરુપરંપરા આત્મારામજીએ નામમાત્રથી જાણી, પણ વિજય રાજેન્દ્રસૂરિની ત્રીજી-ચોથી પેઢીમાં જેવા સંયમી હતા તેવું સંયમ તો આત્મારામજીના દાદા-પરદાદાએ પણ નહીં પાળ્યું હોય. અને ચોથી પેઢી ઉપરનું સંયમીપણું તો સ્વપ્રે પણ નહીં કલ્પ્યું હોય. પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીથી ૪૦મી પાટે શ્રી મુનિચંદ્રસૂરિ થયા ત્યાં સુધી સુધર્મબૃહદ્ગચ્છમાં તો સંયમપ્રવૃત્તિ જ હતી. શિથિલાચારનો સંભવ જ ન હતો. ત્યારપછીની ત્રણ-ચાર પાટમાં શિથિલાચારની પ્રવૃત્તિ જાણી જગચ્ચંદ્રસૂરિએ ચૈત્રવાલગચ્છના શ્રી દેવભદ્રઉપાધ્યાયની સહાયથી ક્રિયોદ્ધાર કરેલો. આજીવન આયંબિલ કરી "તપા"નું બિરૂદ પામેલા.

ત્યારબાદ ૫૧મી અને ૫૨મી પાટ પછી શિથિલાચાર સાધુસમુદાય-પ્રવૃત્તિમાં રહેલા શ્રીહેમવિમલસૂરિએ પણ સાધ્વાચાર ઉલ્લંઘન કર્યો નહીં. તેથી તેમના શિષ્ય કે જે ૫૬મી પાટે બિરાજમાન હતા તે શ્રી આનંદવિમલસૂરિએ સંવત ૧૫૮૨માં ક્રિયોદ્ધાર કરેલો. ત્યારબાદ ૫૭મી પાટે વિજયદાનસૂરિ, ૫૮મી પાટે વિજયહિરસૂરિ, ૫૯મી પાટે વિજયસેનસૂરિ, ૬૦મી પાટે વિજયદેવસૂરિ, ૬૧મી પાટે વિજયસિંહસૂરિ તથા વિજયપ્રભસૂરિ થયા. આટલી પાટની સંયમપ્રવૃત્તિનો પટ્ટ સર્વ સંઘમાં સુપ્રસિદ્ધ છે. તેથી શિથિલાચારપ્રવૃત્તિ થઈ જણાતી નથી. વિજયસિંહસૂરિજીની હિતશિક્ષાથી ષટ્દર્શનવેત્તા મહોપાધ્યાય યશોવિજયજીએ સ્વગચ્છમાં કેટલાકને ક્રિયાશિથિલ મુનિ જાણીને ઢુંઢકમત પાખંડ દૂર કરવાને માટે ક્રિયોદ્ધાર કર્યો. પણ પાટ ગચ્છપ્રવૃત્તિમાં શિથિલાચાર જાણી ક્રિયોદ્ધાર કર્યો સંભવતો નથી. કેમ કે અમારા ગુરુ શ્રી વિજય રાજેન્દ્રસૂરિજીની પાંચમી પેઢીએ અને સુધર્મબૃહદ્તપાગચ્છની ૬૨મી પાટે

સકલતાર્કિકશિરોમણિ, કુમતાંધકારનભોમણિ, બાલબ્રહ્મચારી શ્રી વિજયરત્નસૂરિજી થયા. તેમની સંયમપ્રવૃત્તિ વગેરે અધિકાર તો બૃહત્પટ્ટાવલીસારોદ્ધારાદિ ગ્રંથથી જાણવો. પણ શ્રી વિજયપ્રભસૂરિજીના ઉપદેશથી સોળ વર્ષની ઊંમરમાં ધન-માલ-મિલકત સહિત સુંદર કન્યાનું સગપણ છોડી સંયમી થયા તે વાતોની સજઝાય પંડિત શ્રી હર્ષમુનિકૃત સર્વ સંઘમાં પ્રસિદ્ધ છે. તોપણ ભવ્ય જીવોને જાણ થાય તે માટે તે સજઝાય અહીંયાં લખીએ છીએ.

સજઝાય

રત્નગુરુ ગુણ મીઠડા રે, કાંઈ મીઠડા મુખના બોલ,
સાંભળતા સુખ ઉપજે રે, કાંઈ મુખ દીઠા તંબોલ. રત્નગુરુ..(૧)
હીરસોભાગજીના નંદજી રે, કાંઈ ઉરુવંશ કુળચંદ,
શ્રીપ્રભસૂરિજીએ બુઝવ્યા રે, કાંઈ રત્નસૂરિ ગુણવ્રંદ. રત્નગુરુ..(૨)
સોળ વરસના રત્નજી રે, કાંઈ લેવો સંજમ ભાર,
દેવી સરીખી કન્યા તજી રે, કાંઈ સુરીબાઈ સુકુમાલ. રત્નગુરુ..(૩)
આપ ઊઠીને આપે ચાલ્યા રે, કાંઈ સાસરીયાને ગામ,
સાસરવાસો લેઈ કરી રે, સાથે મંત્રી લીઓ અભિરામ. રત્નગુરુ..(૪)
વયણ કરી સાસુ વદે રે, તમે કેમ રે પધાર્યા આજ,
દેવ સરીખા તમને જાણતી રે, મુજ કન્યાને તુમ કાજ. રત્નગુરુ..(૫)
સાત સહીયરોમાં ખેલતાં રે, કાંઈ સુરીબાઈ સુકુમાલ,
માતા બોલાવે મોટા મંદીરીયે રે, કાંઈ કરોને વાત વિચાર. રત્નગુરુ..(૬)
સહીયરો સંભળાવે સુરીબાઈને રે, આવ્યા તુમતણો ભરથાર,
માતા બોલાવે ઊભા મંદીરીએ, કાંય કરવા મનને વિચાર. રત્નગુરુ..(૭)
સોમવરણ કહે સદા ગુરુ રે, મારે પરણ્યાના પચ્ચખાણ,
બહેની સરીખી તુજને ગણું રે, તું તો સાંભળ ચતુર સુજાણ. રત્નગુરુ..(૮)

દેશ-દેશાવર હું ભમ્યો રે, પામ્યો મનુષ્યભવ અવતાર,
દેવ-ગુરુ લહી સેવના રે, હવે કોણ ભમે સંસાર. રત્નગુરુ..(૯)
સુરીબાઈ નારી કહે કંથને રે, એવા કઠણ વચન મા બોલ,
જલહરની પરે ચાલજો રે, મારગ ચાલોને જે કર્યો કોલ. રત્નગુરુ..(૧૦)
સાસરવાસો તું તો પહેરજે રે, મને બાંધવ કહી બોલાવ,
આશિષ દેજો સુહામણી રે, મને કુમ-કુમ ચોખે વધાવ. રત્નગુરુ..(૧૧)
ગુણ-અવગુણ વિના કિમ તજો રે, મને કેમ મેલો નિરધાર,
હું છું ઉત્તમ કુલની ઉપની રે, મારી સાખ પૂરે સંસાર. રત્નગુરુ..(૧૨)
મન મેં મોટાઈ હું આણતી રે, મારે રત્નસૂરિ ભરતાર,
મોટા ઠેકાણે અમે માલશું રે, મને તુમ ઉપર નિરધાર. રત્નગુરુ..(૧૩)
તું છે કુમારીકા બાલિકા રે, તારે સો ઘર - સો ભરથાર,
મન ને ગમે તે આદરજો, તું તો લાહો લીજે સંસાર. રત્નગુરુ..(૧૪)
માનસરોવર હંસલો રે, હવે નરકખાણે કુણ જાય ?
દ્રાક્ષ-બીજોરા મેલી કરીને, કડવી લીંબોળી કોણ ખાય ? રત્નગુરુ..(૧૫)
અમારે અન્ન ધન છે ઘણું રે, તું તો પીયર બેઠી ખાય,
વીરો બાંધવ તુજને મોકલશે રે, તું તો લાહો લીજે સંસાર. રત્નગુરુ..(૧૬)
સાલ-દાલ-સુરહી લાપસી રે, માંહે ઘી વિના ન હુવે સ્વાદ,
સાસુ-નણદલ અમને બોલશે રે, મને તુમ વિના સવિ વિખવાદ. રત્નગુરુ..(૧૭)
નેમજીના સંજોગે આપણ ચાલશું રે આપણ રાખશું રાજુલ રીત,
સૂરજની સાખે આપણે ચાલશું રે, આપણે ભવોભવ પ્રીત. રત્નગુરુ..(૧૮)
માતા-પિતા નારી બુજવ્યા રે, કાંઈ લેવા સંજમ ભાર,
હર્ષકવિ મુનિ ઈમ ભણે રે, એમને વંદો વારંવાર. રત્નગુરુ..(૧૯)

॥ સજ્ઝાય સમાપ્ત ॥

આવા ગુણગણસંયુક્ત ષટ્શાસ્ત્રવેત્તા શ્રી વિજયરત્નસૂરિજીને શ્રી વિજયપ્રભસૂરિજીએ સંવત ૧૭૩૨માં સૂરિપદ આપ્યું અને પોતે ધ્યાનારૂઢ થઈ સંવત ૧૭૪૯માં સ્વર્ગે સીધાવ્યા. ત્યારપછી રત્નસૂરિજીએ ભટ્ટારક શ્રી વિજયઆનંદવિમલસૂરિજીથી યાવત્ શ્રી વિજયદેવસૂરિજી પ્રમુખ પૂર્વાચાર્યોએ પ્રસાદ કીધા માસકલ્પાદિ સાધુમર્યાદાના ૫૭ બોલના પટ્ટ પ્રસિદ્ધ કરીને ગચ્છમાં તીક્ષ્ણ મર્યાદા પ્રસરાવી. જે સાધુ શિથિલ થયા તેમને ગચ્છબહાર કર્યા. ગચ્છબહાર કરેલા શિથિલ સાધુ મેવાડ-માળવામાં જઈને રહ્યા. ઉદયપુર પ્રમુખ મોટા શહેરોમાં તો વિજય રત્નસૂરિજીના આજ્ઞાનુવર્તી, શુદ્ધસંયમપાલક સાધુઓ જ રહેતા. તે જ અવસરે ઉદયપુરમાં મારવાડના સાગરશાખાવાળા ચોમાસું હતા. ત્યારે ચંદ્ર, સાગર, કુશલ વગેરે શાખાના આશરે ૧૫૦ શિથિલ સાધુઓએ સાથે મળીને વિચાર કર્યો કે એ આચાર્ય યશોવિજય ઉપાધ્યાયને પણ હિસાબમાં ગણતા નથી, તો આપણને શાના ગણે ? માટે આપણે બીજા આચાર્ય કરીએ. ત્યારે ત્યાંના કેટલાક શ્રાવકોની મદદથી ઉદયપુરના રાણાને આ વાત જણાવી તેમનો અડધો હા-કારો (હકાર) લઈ નવા આચાર્ય સ્થાપવાનો વિચાર કર્યો.

આ વાતની ખબર અમીવિજયજી નામના મારવાડમાં વિચરતા સાધુને પડી. તેમણે તમામ હકીકત પત્રમાં લખીને વિજય રત્નસૂરિજીને જણાવી. તે પત્ર વાંચીને રત્નસૂરિજીએ ૫૧ સમર્થ સાધુઓ સાથે ઉદયપુર તરફ વિહાર કર્યો. અને બીજા સાધુઓને આદેશ આપ્યો કે તમે વૈશાખ વદી એકમ પહેલાં ઉદયપુર પહોંચી જજો. ઉગ્ર વિહાર કરી વિજય રત્નસૂરિ ગોધૂલીક વેળાએ ઉદયપુરમાં પ્રવેશ્યા. શ્રી શીતલનાથ જિનાલયે દર્શન કરી ઉપાશ્રયમાં પ્રવેશતી વેળા નિસિહી અને આવસ્સહિ એ શબ્દ ઊંચા અવાજે બોલ્યા. ત્યારે પડિક્કમણામંડળ કરી બેઠેલા પાર્શ્વસ્થા સાધુઓ તે શબ્દ સાંભળીને ઉપાશ્રયમાં જુદી જુદી દિશામાં નાસી છાનામાના બેસી રહ્યા. રત્નસૂરિજી પ્રતિક્રમણ કરી પાટ ઉપર બિરાજ્યા. શ્રાવકોને ખબર પડતાં સૌ વાંદવા માટે આવ્યા. આચાર્યની ધર્મદેશના સાંભળી તે સર્વ શ્રાવક આચાર્યની આજ્ઞામાં થયા. બીજા દિવસે ઉદયપુરના રાણા પણ વ્યાખ્યાનમાં

આવ્યા. ત્યારે પાસચ્છાઓએ (પાર્શ્વસ્થા એવા તેઓ શિથિલ સાધુઓએ) જાણ્યું કે હવે આપણું કશું જ ચાલશે નહીં. ત્યારે શ્રાવકો મારફતે તે પણ પૂજ્યશ્રીને વાંદવા આવ્યા. આચાર્યે તેમને ઠપકો આપીને કહ્યું કે તમે જીવતા સિહંની ખાલ ફાડવા માંડી ? તમને ખબર નથી કે સિંહ જીવતો કેમ હાથમાં આવશે ? આવું કહી દંડ આપી શુદ્ધ કર્યા. તેમનો પરિગ્રહ મૂકાવી દીધો. તે પરિગ્રહ જ્ઞાનભંડારમાં મૂકાવ્યો. ઉદયપુરના રાણાજીની આગ્રહભરી વિનંતી સ્વીકારી ત્યાં જ ચાતુર્માસ કર્યું.

કાશ્મીરના પંડિતને હરાવતાં રત્નસૂરિજી :-

એક વાર ઉદયપુરની રાજસભામાં કાશ્મીરનો એક પંડિત આવ્યો. તેણે રાણાજીની રાજસભાના પંડિતોને જીતી જયપતાકા માંગી ત્યારે રાણાજીએ કહ્યું કે અમારા ગુરુજી સાથે વાદ કરતાં જીતશો તો જયપતાકા આપીશ.

પંડિત અભિમાન કરી વિજય રત્નસૂરિજી સાથે વાદ કરવા આવ્યો. વાદ કરતાં શરત મૂકી કે જે ધર્મનો વાદ કરવો હોય તે તે ધર્મના શાસ્ત્રથી જવાબ દેવો. ૨૧ દિવસ વાદ-વિવાદ ચાલ્યો, પણ કોઈ જીત્યું કે હાર્યું નહીં. ત્યારે આચાર્યને ચિંતા થઈ કે આ પંડિત જૈનશાસ્ત્ર અને અન્ય શાસ્ત્રનો પારંગત છે, તો તેને કેમ જીતાય ? ત્યારે રાત્રે માણિભદ્રયક્ષે કહ્યું કે "તમે શાને ચિંતા કરો છો ? આપને ફારસીભાષા આવડે છે, તે પંડિતને આવડતી નથી". આવું કહી અદૃશ્ય થયા. આચાર્ય હર્ષ પામ્યા. બીજા દિવસે વાદવિવાદ શરૂ થયો ત્યારે આચાર્યે કુરાનની કિતાબ કહી. ત્યારે પંડિત હાથ જોડી બોલ્યો કે યવનની ભાષા વેદથી નિષેધ હોવાથી હું ભણ્યો નથી, માટે હું હાર્યો. આચાર્યની જીત થઈ. રાણાજીએ પંડિતનો આદરભાવ કરી શિરપાવ કરી શીખ (ઈનામ) આપી વિદાય કર્યો. આચાર્ય વિજયરત્નસૂરિનો બહુ મહિમા કરી મેવાડ દેશમાં જેટલા જિનચૈત્યો હતા તેમની પૂજા નિમિત્તે ગ્રાસ આપ્યો. (ગ્રાસ એટલે જમીન.) તે અવસરે ભોજકે એક દોહો કહ્યો -

ફિટ્ચંદા ફિટ્સાગરાં, ફિટ્ કુશલાને લેડાં,
રત્ને સૂર ધડૂકતાં, ભાગ ગઈ સબભેડાં ॥૧॥

તે ચૈત્યોની જમીન વર્તમાનમાં પણ ભોજક ભોગવે છે. આવા મહાપ્રભાવક સંયમી શ્રી વિજયરત્નસૂરિજીને ૩૨ શિષ્યો હતા. તેમાં વૃદ્ધ શિષ્ય શ્રી ક્ષમાવિજયજી હતા તે વિનયી અને ગુણવંત હતા. આચાર્યશ્રીને તેમના પર બહુ પ્રેમ હતો. તેમને યોગ્ય જાણી પ્રથમ જ આચાર્યપદની ચિઠ્ઠી કરી અને વિધિપૂર્વક આચાર્યપદવી દીધી. એક સામાન્ય સ્થિતિના શ્રાવકે આચાર્યપદનો ઉત્સવ કર્યો. શ્રાવકની સામાન્ય સ્થિતિ જોઈ તેના પર કરુણાભાવ લાવી તેનું દારિદ્ર્ય કાપવા માટે વૃદ્ધ ક્ષમાસૂરિ ચિત્રાવેલી શોધવા ગયા. આ બાજુ વિજય રત્નસૂરિને શ્વાસનો રોગ ચડ્યો. તમામ શિષ્યો ગુરુસેવા કરવા હાજર થયા. તેમાં એક લઘુ ક્ષમાવિજય હતા. તે સ્વરૂપવંત તથા ઘણા સાધુ અને શ્રાવકોના પ્રિય હતા. તેઓએ રત્નસૂરિને વિનંતી કરી કે બત્રીસ શિષ્યોમાંથી આચાર્યપદ કોને આપવું ? ત્યારે રત્નસૂરિ બોલ્યા કે વૃદ્ધ ક્ષમાવિજયજીને મેં આચાર્યપદવી આપી છે તે તમે સર્વ જાણો છો, પણ આચાર્યપદનો વાસક્ષેપ (ભટ્ટારકપદવી) મારે કરવો છે, માટે તેમને મારી પાસે લાવો. પણ વૃદ્ધ ક્ષમાવિજયજી તો ચિત્રાવેલી લેવા ગયેલા હોવાથી હાજર ન હતા. પૂજયશ્રીની અચેત અવસ્થા જોઈને કેટલાક શ્રાવકો તથા ગીતાર્થોએ લઘુ ક્ષમાવિજયજીના મસ્તકે પૂજયશ્રીજીના હાથે વાસક્ષેપ કરાવી ભટ્ટારકપદે સ્થાપ્યા. વિજયરત્નસૂરિજી કાળધર્મ પામ્યા બાદ થોડા સમયે વૃદ્ધ ક્ષમાવિજયજી આવ્યા ત્યારે લઘુ ક્ષમાવિજયજીએ તમામ હકીકત કહી અને કહ્યું કે તમારી ઇચ્છા હોય તો તમે ગચ્છનો નિર્વાહ કરો. હું એકાંતમાં ધ્યાન આદિ તપ કરીશ. ત્યારે વૃદ્ધ ક્ષમાવિજયજીએ કહ્યું કે ભાઈ તમે જ સુખથી ગચ્છનિર્વાહ કરો, હું ગચ્છમાં બીજો પાટ નહીં ચલાવું. આવું કહી ગચ્છનો ભાર લઘુ ક્ષમાવિજયને સોંપી પોતે આયંબિલ વર્ધમાનતપ આદર્યો. એક વખત વિહારમાં બનાસ નદી ઊતરતાં પાણીમાં ચિત્રાવેલીએ પગને આંટો ખાધો. ચિત્રાવેલીને પગથી અલગ કરીને બોલ્યા કે જ્યારે કાર્ય હતું ત્યારે તો હાથ આવી નહીં, હવે મારે તારાથી કંઈ કામ નથી, હવે તો મારે સર્વ પ્રત્યક્ષ છે. ત્યારે બીજા સાધુ બોલ્યા કે સ્વામી શું છે ? આચાર્યે કહ્યું કે ચિત્રાવેલી છે. સાધુ હાથમાં લેવા માંડ્યા ત્યાં સાપનું રૂપ ધારણ કરી ચિત્રાવેલી પાણીમાં પ્રવેશી ગઈ. આવા

નિર્લોભી વૃદ્ધ ક્ષમાસૂરિજી સોળ વર્ષ સંયમ આરાધી પોતાના ૧૮ શિષ્યો પૈકી વૃદ્ધ શિષ્ય શ્રી દેવેન્દ્રવિજયજીને આચાર્યપદ આપી દેવલોકે ગયા. ત્યારે ભટ્ટારક લઘુક્ષમાસૂરિજીને થયું કે આ તો ગચ્છમાં બે ફાંટા પડે છે. તેમણે દેવેન્દ્રસૂરિજીને બોલાવીને કહ્યું કે એક ગચ્છમાં બે ફાંટ પડે તે સારું નહીં. માટે ભટ્ટારક અને આચાર્ય બંને પદવી તમે ગ્રહણ કરી ગચ્છનિર્વાહ કરો. વિજય દેવેન્દ્રસૂરિજીએ કહ્યું કે બંને પૂજ્યશ્રીએ તમને ભટ્ટારકપદવી આપી જ છે અને આચાર્ય તો અગાઉ પણ એક-એક ગચ્છમાં બે-બે, ત્રણ-ત્રણ થતાં આવ્યાં છે. તેથી ગચ્છફાંટ કહેવાતો નથી. આમ છતાં મને તો મારા ગુરુદેવ કહી ગયા છે કે તારે લઘુક્ષમાસૂરિને દુભવવા નહીં. માટે જો તમને આમાં ગચ્છફાંટ દેખાતો હોય તો તમે કહો તેમ કરું. ત્યારે ભટ્ટારક ક્ષમાસૂરિજીએ કહ્યું કે તમે તો ગુણવાન છો, પણ કાળના પ્રભાવે દરેકના ભાવ સરખા ન હોય. માટે અમારી આજ્ઞા છે કે તમારી પાટપરંપરામાં પૂજ્યે આપી તેમ આચાર્યપદવી આપજો, પણ નામમાં સૂરિપદ કહેવું નહીં. આવું સાંભળી અન્ય ગુરુભાઈઓને દુઃખ થયું. પણ દેવેન્દ્રસૂરિજીએ કહ્યું કે મારા આત્માથી તો આપની આજ્ઞાપ્રમાણ છે. એવું કહી આયંબિલતપનો અભિગ્રહ કરી આત્મસાધનામાં લાગી ગયા.

આવા દેવેન્દ્રસૂરિને ચાર શિષ્યો હતા. (૧) ક્ષમાવિજય, (૨) ખાંતિવિજય, (૩) હેમવિજય અને (૪) કલ્યાણવિજય.

એક વખત દેવેન્દ્રસૂરિ સાથે ક્ષમાવિજય સ્થંડિલ ગયા. તે રસ્તે ચાલતાં એક શાહુકારની સ્વરૂપવંત સ્ત્રીને જોઈ તેની ઉપર નજર નાંખતાં ઈર્યાસમિતિ ચૂક્યો. આ જોઈ ગુરુએ તેને "તું બેમર્યાદાએ કેમ ચાલે છે ?" એમ ઠપકો આપ્યો ત્યારે તે ઉલ્લંઠપણે બોલ્યો કે એમાં શું થઈ ગયું ? ત્યારે તેને અયોગ્ય જાણી ગુરુએ ગચ્છબહાર કર્યો. ભટ્ટારક ક્ષમાસૂરિજીએ પણ તેને કાઢી મૂક્યો. તેનું એકલાનું મૃત્યુ થયું.

ખાંતિવિજય આદિ વિનીતપણે પ્રવર્તવાથી મહાગુણવંત થયા. (૧) શ્રી ખાંતિવિજયજી તો સિદ્ધાંતના પારગામી, (૨) હેમવિજયજી વ્યાકરણ, ન્યાય અને છ કર્મગ્રંથ કંઠે હતા તેથી કાર્મણસરસ્વતી કહેવાયા. (૩)

કલ્યાણવિજયજી ચંડિકા તથા જ્યોતિષમાં મહાનિપુણ હતા. તેમાં ખાંતિવિજયને લાલવિજય, દલપતવિજય અને મોતીવિજય એમ ત્રણ, હેમવિજયજીને દયાવિજય અને પરમાનંદવિજય તથા કલ્યાણવિજયને પ્રમોદવિજય એમ શિષ્યો હતા.

એક વખતે દેવેન્દ્રસૂરિજીએ ધ્યાનબળે જાણ્યું કે આગામી વર્ષે મહાકાળ (દુકાળ) પડશે. તે વાત પોતાના શિષ્યો આગળ કરતાં હતા ત્યારે પાલીનિવાસી શેઠ શાંતિદાસે તે સાંભળ્યું. ગુરુવચન પર પાકી શ્રદ્ધાના કારણે તેમણે ધાન્યનો સંગ્રહ કર્યો. એટલામાં ઓગણસીત્તેરનો દુકાળ પડ્યો. ખાંતિવિજયજી પ્રમુખ સાધુઓ પાસે ઘણા પૂર્વવાસી લોકોએ દીક્ષા લીધી. એકત્રીસ સાધુનો સંઘાડો થયો. તે તથા અન્ય ઘણા જ સાધુઓ પાલી વિહાર કરીને આવ્યા. સર્વ સાધુઓને શાંતિદાસે ગોચરી વહોરાવી ઉત્તમ ભક્તિ કરી.

દેવેન્દ્રવિજય તો શુદ્ધ આહારની ગવેષણા કરતાં, મળે તો શરીરને ભાડું આપતાં અને આત્મધ્યાનમાં લીન રહેતાં. સમુદાયની ચિંતા શ્રી ખાંતિવિજયજી કરતાં. દુષ્કાળ પૂર્ણ થયા પછી દેવેન્દ્રસૂરિજીએ પોતાનો આયુષ્ય અંત નજીક જોઈ અનશન કરી દેવલોકે ગયા.

આ બાજુ વિજયક્ષમાસૂરિજીની પાટે વિજય દયાસૂરિજી થયા. તેમની પાટે શ્રી વિજયધર્મસૂરિજી અને તેમની પાટે શ્રી વિજયજિનેન્દ્રસૂરિજી થયા, તે ખાંતિવિજયનું ખૂબ જ માન રાખતાં. ખાંતિવિજયના શિષ્ય દલપતવિજયને રૂપ-લક્ષણથી ખૂબ જ યોગ્ય જોઈ શ્રી જિનેન્દ્રસૂરિજી બોલ્યા કે મારે દોલતવિજય પ્રમુખ ૧૦ ચેલા છે, પણ પાટ યોગ્ય કોઈ જણાતો નથી. ત્યારે ખાંતિવિજય બોલ્યા કે દલપતવિજય તમને યોગ્ય લાગતાં હોય તો આપ તેને રાખો. ત્યારે જિનેન્દ્રસૂરિજીએ ખૂબ જ પ્રીતિપૂર્વક ખાંતિવિજયના શિષ્ય દલપતવિજયને રાખી લીધા અને ખાંતિવિજયને ચોમાસું કરવા બહુમાનપૂર્વક ઉદેપુરનો આદેશ આપ્યો. અઢાર ઠાણા સહિત ખાંતિવિજય ઉદેપુર ચોમાસું રહેવા આવ્યા અને પરિગ્રહ મેળવવા લાગ્યા. ચેલા પણ વેચાતા લેવા લાગ્યા. કલ્યાણવિજયજી પણ જુદા રહેવા લાગ્યા. પણ

કલ્યાણવિજયજી ભદ્રિક હોવાથી લોકોને રૂપિયા વ્યાજે આપે ખરા, પણ દયાના પરિણામના કારણે પાછા ન લઈ શકે. ત્યારે શ્રી હેમવિજયજી શ્રી ખાંતિવિજયજીને કહેતાં કે પરિગ્રહ ભેગો ન કરો. પાછળથી ચેલાઓમાં વઢવાડ કરાવશે અને ખરાબ કરશે. માટે લોભ ન કરો. ત્યારે ખાંતિવિજય કહેતાં કે આપણા વાસ્તે પરિગ્રહ ભેગો કરતાં નથી, જ્ઞાનવૃદ્ધિ માટે કરીએ છીએ.

તે સમયમાં જિનેન્દ્રસૂરિના ચેલા દોલતવિજયજી લશ્કરથી દેહેરા નિમિત્તે સિંધિયા સરકારનું બહુમાન પામી અભિમાનથી પોતાની મેળે શ્રીપૂજય બની બેઠા. એ વાત સર્વ સંઘમાં પ્રસિદ્ધ હોવાથી સર્વ હકીકત અહીંયાં જણાવી નથી.

વડોદરાના ચોમાસામાં શ્રી જિનેન્દ્રસૂરિ પાસે .....એ ઉપાધ્યાયપદવી માંગી પણ શ્રીજીએ તે ન આપવાથી પોતાના પ્રમાણિપક્ષના યતિઓને ફંટાવ્યા. તે સમયે આત્મારામજીના ચોથી/પાંચમી પેઢીમાં રૂપવિજય (ડહેલાવાળા) હતા તે મેનામાં (પાલખીમાં) બેસી છડીદાર સહિત શ્રી સિદ્ધાચલની યાત્રાએ આવ્યા. શ્રી જિનેન્દ્રસૂરિજી પણ પાલિતાણા હતા. તેમણે પંન્યાસ રૂપવિજયના મ્યાનાદિ સર્વ લવાજમો ખૂંચવી લઈ શિક્ષા આપી કે તું સંવેગી નામ ધરાવી ઢોંગ ચલાવે છે. ત્યારે તો રૂપવિજયજીએ પૂજયશ્રીનો અપરાધ ખમાવ્યો, પણ મનમાં અંટસ મટી નહીં.

તેથી વડોદરા જઈ દોલતવિજયજીને શ્રીપૂજય કરી માન્યા ત્યારે જિનેન્દ્રસૂરિજીનું પાલીમાં ચોમાસું હતું. તેમણે દરેક જગ્યાએ વિચરતાં સાધુ તથા શ્રાવકોને લખીને જણાવ્યું કે દોલતવિજય ઘઉંનો નાનો ભાઈ (આચારમાં ઘઉંથી પણ ઝીણો) છે માટે માનવો નહીં. તે વાંચી કેટલાક ગુજરાતી સમુદાયે દોલતવિજયને ન માન્યા, કેટલાકે વળી માન્યા. પાલીથી ચાતુર્માસ પૂર્ણ કરી જિનેન્દ્રસૂરિજી મારવાડના સાધુ સહિત ગુજરાત આવતા હતા ત્યારે સિરોહી પાસે કાળધર્મ પામ્યા.

ત્યારે મારવાડના કેટલાક પ્રામાણિક સાધુઓએ વિચાર્યું કે દોલતવિજય તો પોતાની મેળે ગુજરાતી સાધુથી મળી જાતે જ શ્રીપૂજય બની ગયા છે.

પણ આપણે તો ગુરુજી જિનેન્દ્રસૂરિજી કહી ગયા તે મુજબ દલપતવિજયને પાટે બેસાડવા. સિરોહી નગરમાં જ ખાંતિવિજયના શિષ્ય દલપતવિજયને દેવેન્દ્રસૂરિજીના નામથી સ્થાપી પ્રસિદ્ધ કર્યા. દોલતવિજય ધરણેન્દ્રસૂરિ નામે પ્રસિદ્ધ થયા. એ બંનેનો વિવાદ સર્વ સંઘમાં પ્રસિદ્ધ છે માટે અત્રે જણાવેલ નથી.

કેટલાક સમય બાદ વિવાદ મંદ પડ્યો. ખાંતિવિજયજીએ કાળ કર્યા બાદ સર્વ ગુરુભાઈઓને પોથીપાનાં તથા બીજા ધર્મોપકરણોની વહેંચણી થઈ, પણ સોનાના પાઠા તથા સોનાની ઠવણી ઉપર વિવાદ પડ્યો. ત્યારે હેમવિજયજીએ કહ્યું કે મેં પહેલાં કહ્યું હતું કે પરિગ્રહ સર્વ દુઃખદાઈ થશે. પણ કોઈએ મારું માન્યું નહીં. તેનું પરિણામ આજે આવ્યું. માટે મારે તો પરિગ્રહનો ખપ નથી. અમે તો દેવેન્દ્રસૂરિજી વર્ત્યા તે પ્રમાણે વર્તીશું. એમ કહી સંવત ૧૮૯૩ની સાલમાં ક્રિયોદ્ધાર કરી વિહાર કર્યો. તે જોઈ કલ્યાણવિજયજીએ કહ્યું કે એ કીમતી વસ્તુઓ અમારે પણ જોઈતી નથી. પાટીયા ખાતે રાખો. પોતાના શિષ્ય પ્રમોદવિજયજીને સંઘાડાનો ભાર સોંપી પોતે સંઘાડાનિશ્રિત આત્મધ્યાનમાં વર્ત્યા.

૧૯૦૩ના ચાતુર્માસમાં દેવેન્દ્રસૂરિજીના ચાતુર્માસ વેળા હેમવિજયજી ત્યાં આવ્યા. કલ્યાણવિજયજી પણ કાળધર્મ પામ્યા હતા. તેમના શિષ્ય પ્રમોદવિજયજીને ૫ ચેલા હતા. તેમાંથી બેને અયોગ્ય જાણી કાઢી મૂક્યા અને ત્રણમાંથી બે શિવચંદ અને રત્નચંદને હેમવિજય પાસે દીક્ષા અપાવી. અને માંડલીયા જોગનું વહન હેમવિજય પાસે ઉદયપુરમાં કર્યું. વડીદીક્ષાનો વાસક્ષેપ દેવેન્દ્રસૂરિ પાસે કરાવ્યો. રત્નવિજયનો સાગરચંદ જેવા મહાન પંડિત પાસે વ્યાકરણ આદિ શાસ્ત્રાભ્યાસ કરાવ્યો અને તેઓ પંડિત બન્યા. દેવેન્દ્રસૂરિએ પોતાના શિષ્ય ધીરચંદને ભણાવવા રત્નવિજયને તેડ્યા. એક-બે વર્ષ ભણાવી રત્નવિજય જોધપુર ચાતુર્માસ અર્થે ગયા. સંવત ૧૯૧૬ની સાલમાં દેવેન્દ્રસૂરિ રાધનપુરમાં કાળધર્મ પામ્યા. ત્યારે શિષ્ય ધીરચંદને ધરણેન્દ્રસૂરિ નામથી પાટે સ્થાપન કર્યા. શ્રી ધરણેન્દ્રસૂરિએ પત્ર લખી રત્નવિજયજીને પોતાની પાસે ભણવા તેડાવ્યા. પત્રમાં લખ્યું કે જેમ

ખાંતિવિજયે ઉદેપુરરાણાને ખેવટ (પ્રસન્ન) કરી પાલખી વગેરે શિરપાવ શ્રી દેવેન્દ્રસૂરિજીને આપ્યો તેમ તમે પણ શ્રી સિદ્ધવિજયજી પછી બંધ થયેલો જોધપુર તથા બીકાનેર રાજા પાસેથી છડી-દુશાલા પ્રમુખ શિરપાવ અપાવો.

આ વાંચી પ્રમોદવિજયજી બોલ્યા કે "જે આંખમાં કણ ન જાય તે આંખમાં સાંબેલું જાય" તેવી લોકોક્તિ સાચી લાગે છે.

શિથિલાચારની શરૂઆત :-

કારણ કે હીરવિજયસૂરિજીના મુખેથી ધર્મોપદેશ સાંભળી દિલ્હીપતિ અકબર ખુશ થયો. ખુશ થઈને બોલ્યો કે હે પ્રભુ આપ પુત્ર-કલત્ર-ધન-સ્વજન કે શરીરના પણ મમત્વથી રહિત છો, માટે આપને સોનું-ચાંદી તો આપવા ઉચિત નથી, પણ મારા મહેલમાં જૈનધર્મના પ્રાચીન પુસ્તકો છે, તે આપ સ્વીકારી મારા પર કૃપા કરો. બાદશાહનો આવો આગ્રહ જોઈ સર્વ પુસ્તકો સ્વીકારી આગ્રામાં જ્ઞાનભંડારમાં સ્થાપ્યા. ત્યારે ત્રણ કલાક સુધી હીરવિજયસૂરિથી ધર્મગોષ્ઠી કરી બાદશાહની આજ્ઞા લઈ ખૂબ જ ઠાઠમાઠથી ગુરુદેવ ઉપાશ્રયમાં પધાર્યા. ગુરુદેવનું માનપાન જોઈ બાદશાહ પણ ખુશ થયો. તેણે હીરવિજયસૂરિના બહુમાન અર્થે છત્ર-ચામર-પાલખી પોતાના ખર્ચે આગળ ચલાવવાના શરૂ કર્યા. ત્યારે હીરવિજયસૂરિજીએ બાદશાહને કહેવડાવ્યું કે અમારે નિઃસ્પૃહી સાધુઓને આ ડફાણ ન જોઈએ. બાદશાહે કહ્યું કે "મારે અને તમારે ધર્મગોષ્ઠી થઈ છે તેના ભક્તિ-મહિમા અર્થે મેં જ પાલખી વગેરેને તમારી આગળ ચલાવવાનો હુકમ કર્યો છે, તેમાં તમારા નિઃસ્પૃહીપણામાં કંઈ દોષ લાગશે નહીં". બાદશાહનો આવો આગ્રહ જોઈ સંઘે પણ આગ્રહ કર્યો કે બાદશાહની આ ભક્તિ તો જૈનશાસનની શોભા છે, પ્રભાવના છે, શોભા તરીકે આગળ-આગળ ચાલે તેમાં શું વાંધો છે ? સૂરિજીએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈ મૌન ધારણ કર્યું. તે દિવસથી શોભા તરીકે અકબર બાદશાહે ચલાવ્યું. ત્યારબાદ શ્રાવકોની પ્રેરણાથી ઉદયપુરના રાણાએ ચલાવ્યું. પણ વિજયરત્નસૂરિજી સુધી કોઈ આચાર્યે અંગસ્પર્શન ન કર્યું. લઘુક્ષમાસૂરિજી જ્યારે વૃદ્ધ થયા ત્યારે વિહારમાં *અસમર્થતા દેખી કેટલાક શિથિલ સાધુઓએ અરજ કરી કે આપને વિહારમાં*

બહુ અડચણ પડે છે ને આગળ પાલખી ખાલી ચાલે છે તેનો શું અર્થ ? આમ, શિથિલ સાધુની ચડવણીથી તેઓશ્રીજીનું મન પણ શિથિલ પડ્યું. તેઓ વગડામાં પાલખીમાં બેસતા અને ગામ-નગર નજીક આવે ત્યાં પગથી વિહાર કરતાં. તેમના પછી દયાસૂરિજી તો ગ્રામ-નગરમાં પણ પાલખીમાં બેસવા લાગ્યા. આમ, શિથિલાચાર પ્રવૃત્તિ વધતી ગઈ.

પૂર્વે કોઈ રાજા અતિતુષ્ટમાન થઈ ગ્રામ-ખેતર-શિરપાવ આપતાં તો સાધુઓ તેનો ત્યાગ કરી તે રાજાના રાજ્યમાં જીવવધ આદિ હિંસા છોડાવી ધર્મપ્રભાવના કરતાં અને હવે તો સામેથી ખેવટ (પ્રસન્ન) કરાવી શિરપાવ લેવાની ઇચ્છા રાખે છે તે દુષમકાળનો દોષ સમજવો. માટે શ્રીપૂજ્યે તમને જે આજ્ઞા કરી તે પ્રમાણે ઉદ્યમ કરવો જોઈએ. ત્યારે શ્રી રત્નવિજયજીએ જ્યોતિષ, મંત્રાદિના પ્રભાવથી જોધપુર અને બીકાનેરના રાજાઓને રીઝવી છડી-દુશાલા પ્રમુખ ધરણેન્દ્રસૂરિને ભેટ કરાવ્યા. ત્યારે પૂર્વ પ્રીતિ રાખી ધરણેન્દ્રસૂરિ રત્નવિજય પાસે વ્યાકરણાદિ સિદ્ધાંત, શાસ્ત્ર ભણવા લાગ્યા. એક દિવસ મર્યાદાની હિતશિક્ષા આપતાં ધરણેન્દ્રસૂરિએ માની નહીં. ત્યારે પ્રમોદવિજયજીએ પૂર્વપરંપરાએ આવેલો સૂરિમંત્ર દેઈ આહોરનગરના સંઘ સમક્ષ રત્નવિજયને આચાર્યપદવી આપી. આચાર્યપદવી બાદ રત્નવિજય રાજેન્દ્રસૂરિના નામથી પ્રખ્યાત થયા. ત્યાંના સરદારે છડી-ચામર-સુખાસનાદિ પરવાના સહિત ભક્તિ-પૂજા કરી. ત્યારપછી ત્યાંથી વંદાતાં મેવાડ દેશમાં શંભૂગઢ આવ્યા. ત્યાંથી શ્રી હેમંતસાગરજીએ ફરી પાટ ઉત્સવ કરી રાણાજીના કામેતી પાસે ભેટ પૂજા કરાવી. ત્યાંથી જાવરા પધાર્યા ત્યાં ચોમાસું કર્યું. ત્યાંના શ્રાવક શ્રી મીઠાલાલજી જનાણી વગેરેના મુખેથી પ્રશંસા સાંભળી ત્યાંના નવાબે પ્રશ્ન પૂછાવ્યો કે "હું તમારો જૈનધર્મ સ્વીકારું તો તમે અમારી સાથે જમો કે નહીં ?" તેનો જવાબ રાજેન્દ્રસૂરિએ આપ્યો કે "કોઈપણ જાતનો માણસ જૈનધર્મ પાળતો હોય તો અમે તેનાથી ભાઈથી પણ વધારે પ્રેમ રાખીએ છીએ. તેની સાથે ખાવા-પીવામાં અમારો ધર્મદોષ નથી ગણતાં".

આનાથી ખુશ થઈ જાવરા નવાબે મહોર પરવાના સહિત આપદાગીરી-કિરણીયા પ્રમુખ લવાજમ ભેટ ધર્યા. ચોમાસા બાદ માલવદેશમાં વિચરી ફરીવાર પાછા જાવરા પધાર્યા. ત્યાં ધરણેન્દ્રસૂરિએ હિતશિક્ષા અંગીકાર કરી. સંવત ૧૯૨૪ મહાસુદી સાતમની નવ કલમોનો સહીપત્ર મોકલીને સૂરિપદવીની અનુમતિ જણાવી. શિથિલાચાર છોડવાનો પોતાનો પાંચ વરસનો અભિગ્રહ પૂર્ણ થવાથી સંવત ૧૯૨૫ અષાઢ વદી દશમના રોજ રાજેન્દ્રસૂરિએ ત્યાં જ ક્રિયોદ્ધાર કર્યો.

હવે તમારે શ્રાવકોએ વિચાર કરવો જોઈએ કે આત્મારામજીની ત્રીજી પેઢીથી ચોથી પેઢીવાળાનો પરિગ્રહ-અસંયમ તો સર્વ સંઘમાં પ્રસિદ્ધ છે. જૈનશાસ્ત્રના મતે એમની સર્વ પેઢી અસંયમી સિદ્ધ થાય છે. કારણ કે આત્મારામજીએ પોતાની બનાવેલ પૂજામાં પોતાની ગુરુપરંપરા આ મુજબ લખી છે :

(૧) સત્યવિજય (૨) કપૂરવિજય (૩) ક્ષમાવિજય (૪) જિનવિજય (૫) ઉત્તમવિજય (૬) પદ્મવિજય (૭) રૂપવિજય (૮) કીર્તિવિજય (૯) કસ્તૂરવિજય (૧૦) મણિવિજય (૧૧) બુદ્ધિવિજય (૧૨) મુક્તિવિજય.

તેમના નાના ગુરુભાઈ આનંદવિજય ઉર્ફે આત્મારામજી. આ સર્વ પેઢીઓ શ્રી ગચ્છાચારબોલપત્રક વગેરે ગ્રંથોના આધારે અને જિનલિંગથી વિરુદ્ધ સાબિત થાય છે. તે ગ્રંથોમાં એલીયાંબર તથા પીળા વગેરે રંગેલા વસ્ત્ર ધારણ કરવાવાળાને ગુરુ-ગચ્છ-આચાર્ય આજ્ઞારહિત અને જૈનલિંગી વિરોધી કહ્યા છે.

પ્રથમ એમની પેઢીમાં સત્યવિજયજી પંન્યાસે ગુરુઆજ્ઞા વિના એલીયાંબર ધારણ કર્યા. ત્યારબાદ કેટલીક પેઢીવાળાએ કાથિયા (કથ્થાઈ) કર્યા. પછી ફટક રંગીલા કેસરીયા કર્યા તે વર્તમાનમાં પહેરે છે. વળી જૈનગ્રંથોમાં તો આચાર્ય-ઉપાધ્યાયની નિશ્રા વિના સાધુ કહ્યા નથી. આત્મારામજીની પેઢીમાં આચાર્ય કે ઉપાધ્યાય થયા નથી. પોતે તપાગચ્છનું નામ ધરાવતા હોવા છતાં તપાગચ્છના આચાર્યોને અસંયમી જાણી તેમની આજ્ઞામાં પ્રવર્તતા નથી. ગણિ પ્રમુખ પદવી પણ પોતાની મેળે ધારણ કરે છે.

પરંતુ શ્રી અંગચૂલિયા પ્રમુખ જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે ગુરુ-ગચ્છ-આચાર્ય વિના, પોતાની મેળે પદવી ધારણ કરનારા મહામિથ્યાદૃષ્ટિ-દુરારાધક છે. આવા પાખંડમતીઓને નજરે જોવાં પણ નહીં.

શ્રી આત્મારામજીની ગુરુપરંપરામાં અદ્યાપિ કોઈ આચાર્ય થયા નથી, તોપણ કોઈ સંયમી ગુરુ ગચ્છાચાર્ય પાસે નવી દીક્ષા (ઉપસંપદાચાર્યપદ) લીધા વિના, આચાર્યપદનો વાસક્ષેપ કરાવ્યા વિના તેમના દૃષ્ટિરાગી વાણિયાઓએ આપેલ આચાર્યપદ સ્વીકાર કરેલ છે. આ આચાર્યપદવી શાસ્ત્રીયદૃષ્ટિએ બિલકુલ માન્ય નથી. તેમ છતાં આત્મારામજી સ્વલિખિત "પ્રશ્નોત્તરાત્મક" ગ્રંથના પાના નંબર ૩૧૪ પર લખે છે કે "પાલીતાણામાં ચાર પ્રકારના મહાસંઘના સમુદાયે આચાર્યપદ દીધેલ નામ વિજયાનંદસૂરિ અપર પ્રસિદ્ધ નામ આત્મારામ મુનિ".

પોતાની મેળે આચાર્યપદ ધરાવી આત્મારામજીએ નરક-નિગોદના કારાગારમાં પડવાની ઇચ્છા ન કરવી જોઈએ. માટે અમે આત્મારામજીના હિત માટે તમને (શ્રાવકોને) કહીએ છીએ કે "જો આત્મારામજી ભવભીરુ હોય તો જેમ અમે જૈનશાસ્ત્રોના ન્યાયથી ત્રીજી-ચોથી પેઢીવાળા શ્રી પ્રમોદવિજયજીના ગુરુને સંયમી જાણી તથા સાધુસામાચારી તેમની પરંપરામાં સર્વથા ઉચ્છિન્ન ન થઈ તોપણ ગુર્વાજ્ઞાએ ક્રિયાવંત સંયમી ગુરુના હાથે દીક્ષાપ્રમુખ સાધુસામાચારી તથા ગુરુપરંપરાએ આવેલી આચાર્યપદવી અને તે પણ મહાસંઘ સમક્ષ અપાયેલી સૂરિપદવીના ધારક શ્રી વિજયરાજેન્દ્રસૂરિજીને સંયમી જાણી તેમની પાસે નવી દીક્ષા (ઉપસંપદ) ગ્રહણ કરી ક્રિયોદ્ધાર કર્યો છે તેમ તેમણે પણ સંયમી મુનિ પાસે ચારિત્રઉપસંપત્ યાને નવી દીક્ષા લેવી જોઈએ".

(૧) ફરી દીક્ષા લેવાથી આત્મારામજીનું કુલિંગપણાનું કલંક ટળતાં, તેમનું અભિમાન જતું રહેશે. (૨) પોતે સાધુ નથી તોપણ અમે સાધુ છીએ એવું જે કહેવું પડે છે તે મિથ્યાભાષણ દૂષણથી બચી જશે. (૩) કોઈ ભોળા શ્રાવકો તેમને સાધુ તરીકે માને છે તે શ્રાવકોનું મિથ્યાત્વ પણ વેગળું થઈ જશે. આવા બહુ ગુણ ઉત્પન્ન થશે. માટે જો આત્મારામજી

યાને આનંદવિજયજી જો આત્માર્થી છે તો અમારું કહેવું પરમોપકારરૂપ જાણીને અંગીકાર કરશે અને જો આચાર્યપદ લેવાની વાંછા હોય તો કોઈ પરંપરાગત સંયમી આચાર્ય દેખીને તેમની પાસે દીક્ષા લઈ આચાર્યપદ ધારણ કરી શકે છે.

કારણ કે અંગચૂલિયાસૂત્રમાં લખ્યું છે કે "**जंबु मम परंपराए पोसह-सालाए पमायं चईताए के महाणुभागसूरिणो गणिपीडगधारगा संयमे सुवट्ठंता**" અર્થાત્ "સુધર્મ પરંપરાએ પૌષધશાળા પ્રમુખ પરિગ્રહ પ્રમાદ છોડીને અર્થાત્ શિથિલાચારપણું મૂકીને ક્રિયોદ્ધાર કરવાવાળા કોઈ મહાનુભાગ સૂરિ-આચાર્ય પાસે દીક્ષા લેવી જોઈએ" આવું કરવાથી આગમની આજ્ઞાભંગના દોષથી બચી જવાશે. અને એમને આચાર્ય માનવાવાળા શ્રાવકોનું મિથ્યાત્વ પણ વેગળું થઈ જશે અને નરક-નિગોદરૂપ કારાગારની મોજ માણવાનો ભય ટળી જશે; કેમ કે અનાચારીને સાધુ તથા અનાચાર્યને આચાર્ય માનવો તે મોટું મિથ્યાત્વ છે. વળી, પરંપરાગત સંયમી ગુરુ આચાર્યની પાસે ફેરદીક્ષા અને આચાર્યપદ લીધા વિનાનું સાધુપણું કે આચાર્યપદ શાસ્ત્રએ ક્યારેય માન્ય રાખ્યા નથી. જો પૂર્વોક્ત રીતથી આત્મારામજી સાધુપણું કે આચાર્યપણું ધારણ નહીં કરે તો શાસ્ત્રની શુદ્ધ માન્યતા ધરાવતા સાધુ/શ્રાવક એમને કેવી રીતે માનશે ? આત્મારામજી ઉર્ફે આનંદવિજયજીને મિથ્યાત્વરૂપી કાદવમાંથી બહાર કાઢીને સમ્યક્ત્વરૂપ શુદ્ધ માર્ગમાં ચઢાવીને હિતકારક, કરુણાજનક ઉપદેશ શ્રી ધનવિજયજી મહારાજના મુખેથી સાંભળીને અમે સર્વ શ્રાવકમંડળ બહુ આનંદિત થયા. શ્રી ધનવિજયજી મહારાજને અમે પ્રાર્થના કરી કે આત્મારામજીએ "ચતુર્થસ્તુતિનિર્ણય" ગ્રંથ બનાવ્યો તેમાં તેમણે પૂર્વધર પૂર્વાચાર્યોની પરંપરાથી આવેલી ત્રણ થોયનું ખંડન કરી એકાંતે પ્રતિક્રમણની આદિમાં ચોથી થુઈ સ્થાપક "ચતુર્થસ્તુતિનિર્ણય" નામક ગ્રંથ બનાવી પ્રગટ કરેલ છે. તે વાંચીને શાસ્ત્રનો અભ્યાસુ, વિવેકી અને જાણકાર પુરુષ છે તે તો નહીં ભરમાય પણ કેટલાક અજ્ઞ અને અલ્પ સમજવાળા ભોળા લોકો છે તે ભરમાઈ શકે છે. માટે તેવા ભોળા લોકોને બચાવવા, શાસ્ત્રોક્ત રીતે

ત્રણ થોય અને ચાર થોય ક્યાં-ક્યારે કરવી તેનું મંડન કરતો અને પ્રતિક્રમણમાં એકાંતે ચાર થોય જ કરવી તેનું ખંડન કરતો પૂર્વાચાર્યોના બનાવેલ શાસ્ત્રોના આધારે ચતુર્થસ્તુતિનિર્ણયનું ખંડન કરતો ગ્રંથ બનાવો. જેને વાંચવાથી ભોળા જીવોનો ભ્રમ દૂર થશે. જિનવચનની પુનઃ સ્થાપના થતાં ઘણો જ ઉપકાર થશે. આવી શ્રી સંઘની આગ્રહભરી વિનંતી સાંભળી અને લાભનું કારણ જાણી મહારાજ શ્રી ધનવિજયજીએ એ વિષય પર ખંડન ગ્રંથ બનાવવાનો આશય બતાવી "વર્તમાનયોગ" કહ્યું.

વળી તેમણે કહ્યું કે આત્મતત્ત્વ વિચાર છોડી અન્ય વ્યાપારમાં આસક્ત થવું તે વિદ્વાનોને યુક્ત નથી કે પક્ષપાત અને વાદવિવાદમાં તત્ત્વ પ્રાપ્ત થતું નથી.

यदुक्तं श्रीमन्न्याविशारदैः श्रीयशोविजयपादैः अष्टके ॥

वादांश्च प्रतिवादांश्च, वदंतान्निश्चितांस्तथा ।

तत्त्वान्तं नैव गच्छन्ति तीलपीलकवद्गतौ ॥१॥

ભાવાર્થ :- વાદ અને પ્રતિવાદ કરવાથી બુદ્ધિમાન પુરુષને અંતમાં નિશ્ચિત તત્ત્વ પ્રાપ્ત થતું નથી. ઘાણીનો બળદ સવારથી સાંજ સુધી ચાલે તોય ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરી શકતો નથી. માટે બુદ્ધિમાનોએ સદા પક્ષપાત અને વાદવિવાદથી દૂર રહેવું ઉચિત છે. એનાથી તત્ત્વવાર્તાનો લાભ શીઘ્ર થઈ શકે છે અને બુદ્ધિમાન થઈને જ્યારે પક્ષપાત અને વાદવિવાદ પડી જાય ત્યારે તત્ત્વવાર્તાની વિચારણા કરવાની યોગ્યતા ક્રિયામાં રહી જશે. માટે પૂર્વધર આદિ મહાપુરુષોના અનુયાયી એવા સજ્જન પુરુષોને પક્ષપાત અને વાદવિવાદ કરવાનું લક્ષ્ય હોતું નથી. પરંતુ પૂર્વધર અને પૂર્વાચાર્યોના વચન ખંડન કરી પોતાની મહત્તા વધારવા, દેવદ્રવ્યના ભક્ષક એવા કેટલાક રાધનપુરવાસી પુરુષોના કહેવાથી આત્મારામજીએ ચતુર્થસ્તુતિનિર્ણય ગ્રંથ બનાવી પ્રગટ કર્યો. તેમાં નિંદા-ગર્હા યુક્ત અનુચિત લેખ ઉપર ધ્યાન દેવાથી તો **कृते प्रति कृतं कुर्य्यात्, हिंसिते प्रति हिंसितं । तत्र दोषन्न पश्येच्च, शठे शाठ्यं समाचरेत् ॥** આદિ નીતિશાસ્ત્ર અનુસાર

આત્મારામજીને અસમંજસ વાક્યરૂપ દક્ષિણા આપવામાં બાકી ન રાખવી જોઈએ. પરંતુ તે સર્વ અસભ્ય વચન છોડીને આપણા શાસ્ત્ર મુજબ, શાંતચિત્તથી, તેમણે કરેલા વચન તેમને જ લાગુપડતાં કરીને સમય મુજબ વિપક્ષ મુખમર્દન કરવું એ જ બુદ્ધિમાનો માટે હિતકારક છે.

જો એમ પણ ન કરીએ તો અધિક શાંતતાને ધૂતારાઓ અશક્તિ કહેવામાં પણ લજ્જા પામતાં નથી. અને ધૂતારાઓને ઉત્તર ન આપીએ તો મોટા વીર બની જાય. આત્મારામજીએ ગ્રંથ બનાવ્યો તેમાં એકપક્ષ તરફી જ લખાણ થયું છે. તેનો શાસ્ત્રપાઠથી ખૂબ જ સંતોષકારક ઉત્તર આપીને જે સ્થળે ત્રણ થોય કરવાની છે ત્યાં ત્રણ અને જે સ્થળે ચાર થોય કરવાની છે ત્યાં ચારનું સંપૂર્ણ ખુલાસાપૂર્વક તમારા (સંઘના) અતિઆગ્રહથી ગ્રંથ બનાવી ઉત્તરદાન થશે.

આત્મારામજીએ બનાવેલા ગ્રંથમાં ભાષાની અશુદ્ધિ ઘણી જ છે. સંસ્કૃત અને પ્રાકૃત-માગધીમાં પણ બહુ અશુદ્ધિ છે. જોકે બુદ્ધિમાનો સમજે છે કે લખવા કે છાપવામાં અનેક પ્રકારની અશુદ્ધિ રહી જાય છે. ચતુર્થસ્તુતિ-નિર્ણયમાં વ્યાકરણશાસ્ત્ર મુજબ આટલા પાઠ અશુદ્ધ છે એવું બતાવવાનો અમારો ખ્યાલ નથી, પણ આત્મારામજીને "પોતાના બોર મીઠા અને બીજાના ખાટા" એ ન્યાયે પોતાની અશુદ્ધતા શુદ્ધ અને બીજાની શુદ્ધતા અશુદ્ધ એવું કહેવાની આદત છે, તે માટે તેમના ગ્રંથની હ્રસ્વ-દીર્ઘ આદિ અશુદ્ધિનું શોધન ન કરતાં ફક્ત મુદ્દાની ભૂલો છે તે લખીએ છીએ.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધલેખ
૪	૨	स्तवदिभिस्तुति	स्तवादिभिः पंचभिः स्तुति
૪૦	૧૭	पव्यते	पठ्यते
૪૩	૧	संसागापायं	संघस्सु सग्गोपायं
૪૬	૧૯	गण्यते	गण्यंते
૫૧	૭	दंडकैस्तुति	दंडकैः स्तुति
૫૨	૧૧	थेवं	थोवं

६०	४	चरमेठा	चरमेऽष्ठा
६१	१८	लहुंबंधावेसि	लहुवंदावेमि
६३	७	माहइमा	साहइमा
६५	१२	कैश्चित्	कैचित्
६७	१	साक्षित्वात्सिद्धेः	साक्षित्वासिद्धे
७५	११	पुन्नवंधाइ	पुन्नबंधाई
८३	१६	थुत्त	थोत
१०१	१७	थुति	थोत
१०४	१५	श्रुतयश्च	स्तुतयश्च
११८	१७	समस	समस्त
११९	१६	पदुच्च	पडुच्च
१३०	१०	सुद्धलोयमि	मुद्धलोयंमि

આમ બહુ જગ્યાએ મુદ્દાની અશુદ્ધિ દેખાય છે તે અશુદ્ધિને તો કદાચ આત્મારામજી અમારા પૂર્વલેખિત લેખના આધારે છાપવાની ભૂલ કહી દે તો ચાલે. પણ ગુરુપ્રશસ્તિના શ્લોક બનાવ્યા તેના પ્રથમ શ્લોકના ત્રીજા ચરણમાં છંદોભંગનો દોષ છે અને બીજા શ્લોકના બીજા ચરણમાં પણ છંદોભંગદોષ છે, **ती** દીર્ઘ જોઈએ અને કદાચિત્ દીર્ઘ કરે તો વ્યાકરણ રીતે દોષ અને હ્રસ્વ જ પાઠ રાખે તો છંદોભંગદોષ સ્પષ્ટ થાય છે. ઇત્યાદિ શ્લોકોમાં છંદોભંગ અને "**चन्द्रा**" "**क्षांता**" "**मायानंद**" અને "**गुफित**" ઇત્યાદિ શબ્દોમાં પરસવર્ણાદિ કાર્ય કર્યા નહી અને "**गुफितमा**" નુમ નહીં કર્યો. આવા દોષ જાહેર થાય છે. માટે આત્મારામજીને અમારું હિતકથન એ છે કે પોતાના સંપ્રદાયના ગુરુના કરેલ ગ્રંથમાં જેમ ભૂલો કાઢી પોતાની મહત્તા અને તેમની લઘુતા જણાવી તેવી રીતે બીજા કોઈ વિદ્વાનની લઘુતા જણાવી તો તમારા કરેલા ગ્રંથમાંથી કોઈ વિદ્વાન અશુદ્ધતા જોવાનું લક્ષ્ય

રાખશે. કદાચ કોઈ વિદ્વાન તેમના મુખથી એવું બોલશે કે **"कियंतो वा दधिमाषभोजने कृश्ना विविच्यते । तस्मादयं ग्रंथो ग्रंथकर्तुस्सुज्ञतामपि न ज्ञापयंतीति"** અર્થાત્ જો આખાએ ગ્રંથની ભૂલો કાઢવા બેસીએ તો એક નાનો ગ્રંથ બની જાય. માટે આત્મારામજીના હિતોપદેશે ચતુર્થસ્તુતિનિર્ણયની ફક્ત થોડીક જ મુદ્દાની અશુદ્ધિ દર્શાવી છે.

આ બધી વાત શ્રી ધનવિજયજીના મુખથી શ્રવણ કરીને અમે સર્વ શ્રાવકોએ નિશ્ચય કર્યો કે જ્યારે ચતુર્થસ્તુતિનિર્ણયચ્છેદન ગ્રંથ બનાવીને મહારાજ સાહેબ અમને આપશે ત્યારે તે ગ્રંથ છપાવીને દેશ-દેશાવરના શ્રાવકો અને વિહાર કરતાં સાધુઓને જાણવાના અર્થે પ્રગટ કરશું. અને આત્મારામજીના હિતાર્થે તમામ હિતવચનો પણ એ ગ્રંથની પ્રસ્તાવનામાં લખી જણાવશું. જેના કારણે આત્મારામજીએ જાણી અપક્ષપાતી થઈ પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરી શુદ્ધ ગુરુ પાસે ચારિત્રોપસંપદ (ફરીદીક્ષા) લઈ પોતાનું આત્મકલ્યાણ કરશે.

વળી, તેમના પર મુનિરાજશ્રી ધનવિજયજીનો પણ ઘણો ઉપકાર થશે. પૂર્વધર અને પૂર્વાચાર્યોની ચલાવેલી સામાચારીનો નિષેધ કરી, મનોકલ્પિત સામાચારી ચલાવવાથી કેટલાક અણસમજુ જીવોના ચિત્ત વ્યુદ્ગ્રાહિત થઈ જાય છે. પૂર્વાચાર્યોથી વિરુદ્ધ નવી પ્રવૃત્તિ દેખાવાથી કેટલાક જીવોની શ્રદ્ધા ભ્રષ્ટ થઈ જાય છે. તેથી તે જીવ ધર્મકરણી કરવાનો ઉદ્યમ છોડી દે છે. એવી રીતે વીતરાગના માર્ગમાં ઉપદ્રવ કરવાનો ઉદ્યમ આત્મારામજી છોડી દેશે તો તેમને બહુ લાભ થશે અને જૈનમાર્ગમાં શુદ્ધ નિર્દોષ પ્રવૃત્તિ ચાલવાથી શાસનનો પણ રૂડો પ્રભાવ દેખાશે. એવો અમારો અભિપ્રાય છે.

હવે સર્વ દેશના શ્રાવક અને સાધુઓને અમારી એક નીચે મુજબ વિનંતી છે કે

મહાપુરુષો દીર્ઘદૃષ્ટિથી મત્સરતા છોડી પ્રિય વચન બોલવું જ ઉચિત ગણે છે. પણ અપ્રિય વચન ઉચિત ગણતાં નથી. કારણ કે દુર્જનના માથે શીંગડા ઉગતાં નથી. અને સજ્જનના હાથમાં કમળ ઉગતાં નથી. પણ તેમના વચનથી તેમના કુળ, જાત અને મહત્તાનું અનુમાન થાય છે. સજ્જન

પુરુષોના વચન હંમેશાં પ્રિય અને મધુર હોય છે પણ બીજાને વેર-ઝેર કરાવે તેવાં હોતા નથી. પણ પૂર્વધર તથા પૂર્વાચાર્યોની પરંપરાથી ચાલી આવેલી ત્રણ થોય અને પૂજા/પ્રતિષ્ઠા કારણે કરવાની ચોથી થોયનું ખંડન કરી એકાંતે પ્રતિક્રમણમાં ચાર થોય સ્થાપન કરતો ગ્રંથ આત્મારામજીએ બનાવ્યો. તેમાં "ત્રણ થુઈ અંગીકાર કરવાવાળાને દીર્ઘસંસારી જાણવો". તેવું અનુચિત લખાણ લખી પૂર્વાચાર્યોની આશાતનાના કારણથી આત્મારામજી બહુસંસારી થઈ ન જાય તેવી આશંકાથી તેમનો ઉદ્ધાર કરવા આ ગ્રંથ બનાવ્યો છે. શ્રાવકોના અત્યાગ્રહથી શ્રીમદ્ ધનવિજયજીએ આત્મારામજીના અંતઃકરણમાં ઉલટી રીતે ઠસી ગયેલી વાતને સુલટી કરવા હિન્દી ભાષામાં ગ્રંથ બનાવવાનો શરૂ કર્યો ત્યારે અમદાવાદના સંસ્કૃતપાઠના જાણકાર શ્રાવકે કહ્યું કે સાહેબ જેમ આત્મારામજીએ પૂર્વાચાર્યોની પરંપરા છોડી તેમ આપે ન છોડવી જોઈએ. કારણ કે જૈનસંઘમાં શ્વેતાંબર અને દિગંબર એ બે શાખા છે. દિગંબરાચાર્યોએ હિન્દી ભાષા ગ્રહણ કરી છે, પણ શ્વેતાંબરાચાર્યો ગમે ત્યાં જન્મ્યા હોય તોપણ મોટાભાગે ગુજરાતીભાષામાં જ ગ્રંથની પ્રવૃત્તિ કરે છે. માટે આપે પણ ગુજરાતી ભાષામાં જ ગ્રંથ બનાવવો જોઈએ. આવાં યુક્તિપૂર્વકના વાક્યો સાંભળીને મહારાજ સાહેબે ગુજરાતી ભાષામાં આ ગ્રંથ બનાવ્યો છે.

આ ગ્રંથમાં કોઈને દુઃખ લાગે તેવાં વચન લખવાનો મહારાજ સાહેબનો અભિપ્રાય નથી, પણ ગ્રંથમાં કંઈ દુઃખ લાગે તેવાં વચનો લખાયાં હોય તો તેનું કારણ શ્રાવકોની પ્રાર્થના અને ચતુર્થસ્તુતિનિર્ણય જ કારણભૂત છે. કારણ કે તેમાં જેવી રીતે લખેલી છે તેવી બાબતોને તેને યોગ્ય હોય તેવી રીતે જ ઉત્તર લખવો જોઈએ. મહારાજ સાહેબને કે અમને શ્રાવકોને કોઈની સાથે દ્વેષ નથી અને દુઃખ થાય તેવું લખવાથી ફાયદો પણ નથી.અમારો ઉદ્દેશ ફક્ત એટલો જ છે કે જેઓએ અજ્ઞાનતાના પ્રસંગથી પૂર્વધર પૂર્વાચાર્યોએ પ્રરૂપેલો માર્ગ છોડ્યો છે તે સન્માર્ગે આવે. પોતાને હેય શું ? અને ઉપાદેય શું ? એ સત્ય રીતે સમજી અરિહંત પ્રભુના દર્શાવેલા માર્ગે ચાલે તે જ ભાવના છે. પણ કોઈની ફોગટ નિંદા કરવી,

ભદ્રિક જીવોને ફંદામાં નાંખવા તેવો હેતુ બિલકુલ નથી. માટે વાંચનાર દરેક સજ્જનોએ સજ્જનતા ધારણ કરી દ્વેષ ન લાવતાં આખો ગ્રંથ સમભાવે વાંચી સાર ગ્રહણ કરવો. પરંતુ કોઈ બાબતમાં પક્ષપાતબુદ્ધિ રાખી અસત્યનો પક્ષ લેવો નહીં. બહુસંસારી થવાની બીક ન રાખવાવાળાથી, જૈનમતથી વિપરીત પ્રવૃત્તિ કરવાવાળાને શાસ્ત્રાનુસાર જવાબ આપી સત્યનો જય અને અસત્યનો પરાજય કરવો એ જ અમારી પ્રાર્થનાપૂર્વક આશીર્વાદાત્મક વચન શ્રી સંઘમાં વિસ્તૃત અને ચિરસ્થાયી થાઓ. વધુ વિસ્તારથી સર્યું.

इति श्रीचतुर्थस्तुतिनिर्णयशंकोद्धारे अपरनामानि चतुर्थस्तुति-कुयुक्तिनिर्णयछेदनकुठारे प्रस्तावनाप्रस्तावः प्रथमो भागः समाप्तः॥

॥ ૐ શ્રી વીતરાગાય નમઃ ॥

॥ આ ગ્રંથમાં જે જે શાસ્ત્રોની સાખ આપી છે, તેનાં નામ નીચે મુજબ ॥

॥ આ ગ્રંથમાં જે જે શાસ્ત્રોની સાક્ષી આપેલ છે તેના નામ આ ગ્રંથમાં આચરણા જાણવા, ક્યાંક ત્રણ થોયના અર્થે, ક્યાંક પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થુઈ જાણવા અર્થે, ક્યાંક પ્રતિક્રમણવિધિ તથા શ્રુત-ક્ષેત્રદેવતાના કાયોત્સર્ગ પાક્ષિકાદિકમાં જાણવાના અર્થે, વળી ક્યાંક સાત અને નવવાર ચૈત્યવંદના ગણતરીને અર્થે જે-જે શાસ્ત્રોના પાઠ આપ્યા છે તેની નામાવલી નીચે મુજબ છે. અન્ય અન્ય પ્રયોજનને અર્થે ક્યાંક કોઈ ગ્રંથનાં બે-ત્રણ વાર નામ લખ્યાં છે, તે માટે પુનરુક્ત છે એમ ન સમજવું.

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૦૧.	શ્રી आगमाष्टोत्तरिका	नवांगवृत्तिकारक श्री अभयदेवसूरिजी कृत
૦૨.	શ્રી અનુયોગદ્વારસૂત્ર	શ્રી ગણધર કૃત
૦૩.	શ્રી ભગવતીસૂત્ર	શ્રી ગણધર કૃત
૦૪.	શ્રી સ્થાનાંગસૂત્ર	શ્રી ગણધર કૃત
૦૫.	પુનઃ શ્રી સ્થાનાંગસૂત્ર	શ્રી ગણધર કૃત
૦૬.	પુનઃ શ્રી ભગવતીસૂત્ર	શ્રી ગણધર કૃત
૦૭.	પુનઃ શ્રી ભગવતીસૂત્ર	શ્રી ગણધર કૃત
૦૮.	શ્રી સમવાયાંગસૂત્ર	શ્રી ગણધર કૃત
૦૯.	શ્રી સંગ્રહણીસૂત્ર	શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ કૃત
૧૦.	શ્રી ધર્મરત્નપ્રકરણ સૂત્રવૃત્તિ	શ્રી શાંતિસૂરિજી વા દેવેન્દ્રસૂરિજી કૃત
૧૧.	શ્રી જિનપ્રતિમા હુંડી સ્તવન	શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
१२.	श्री सीमंधरस्वामी विनतीरूप स्तवन	श्री यशोविजयजी उपाध्याय कृत
१३.	श्री सेनप्रश्न	तपागच्छाधिराज श्री सेनसूरिजी कृत
१४.	श्री पंचाशकवृत्ति	श्री अभयदेवाचार्य कृत
१५.	श्री अष्टकवृत्ति	श्री जिनेश्वरसूरिजी कृत
१६.	पुनः श्री सीमंधरस्वामी विनतीरूप स्तवन	श्री यशोविजयजी उपाध्याय कृत
१७.	श्री समवायांगसूत्र	श्री गणधर कृत
१८.	श्री नंदीसूत्र	श्री देवर्द्धिगणिक्षमाश्रमण कृत
१९.	श्री मूलशुद्धिप्रकरण	श्री प्रद्युम्नसूरिजी कृत
२०.	श्री आवश्यकभाष्य	श्री जिनभद्रगणिक्षमाश्रमण कृत
२१.	श्री महानिशीथसूत्र	श्री गणधर कृत
२२.	पुनः श्री आगमाष्टोत्तरिका	नवांगवृत्तिकारक श्री अभयदेवसूरिजी कृत
२३.	श्री दशाश्रुतस्कंधसूत्र	चौदपूर्वधर श्री भद्रबाहुस्वामीजी कृत
२४.	पुनः श्री आगमाष्टोत्तरिका	नवांगवृत्तिकारक श्री अभयदेवसूरिजी कृत
२५.	पुनः श्री महानिशीथसूत्र	श्री गणधर कृत
२६.	पुनः श्री आगमाष्टोत्तरिका	नवांगवृत्तिकारक श्री अभयदेवसूरिजी कृत
२७.	पुनः श्री महानिशीथसूत्र	श्री गणधर कृत
२८.	पुनः श्री ठाणांग-भगवतीसूत्रवृत्ति	नवांगवृत्तिकारक श्री अभयदेवसूरिजी कृत
२९.	पुनः श्री आगमाष्टोत्तरिका	श्री नवांगवृत्तिकारक श्री अभयदेवसूरिजी कृत

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૩૦.	શ્રી ધર્મરત્ન પ્રકરણ વૃત્તિ	તપાગચ્છાધિરાજ શ્રી દેવેન્દ્રસૂરિ કૃત
૩૧.	શ્રી સાડા ત્રણસો ગાથાનું સ્તવન	શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત
૩૨.	શ્રી સ્થાનાંગસૂત્ર	શ્રી ગણધર કૃત
૩૩.	શ્રી વ્યવહારભાષ્ય	શ્રી સંઘદાસગણિ કૃત
૩૪.	પુનઃ શ્રી ભગવતીસૂત્ર	શ્રી ગણધર કૃત
૩૫.	શ્રી પિંડનિર્યુક્તિ	ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી કૃત
૩૬.	શ્રી ગચ્છાચાર પયન્ના	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૩૭.	શ્રી સવાસો ગાથાનું સ્તવન	શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત
૩૮.	શ્રી વ્યવહારભાષ્ય	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૩૯.	શ્રી નિશીથચૂર્ણી	શ્રી જિનદાસગણિ કૃત
૪૦.	શ્રી ઔઘનિર્યુક્તિ સૂત્ર વૃત્તિ	શ્રી ભદ્રબાહુસ્વામી તથા પૂર્વાચાર્ય કૃત
૪૧.	શ્રી ચૈત્યવંદન મહાભાષ્ય	શ્રી શાંત્યાચાર્યજી કૃત
૪૨.	પુનઃ શ્રી ધર્મરત્ન પ્રકરણ	શ્રી શાન્ત્યાચાર્યજી કૃત
૪૩.	પુનઃ શ્રી ધર્મરત્ન પ્રકરણ વૃત્તિ	શ્રી દેવેન્દ્રસૂરિજી કૃત
૪૪.	શ્રી દર્શનશુદ્ધિ	શ્રી હરિભદ્રસૂરિજી કૃત
૪૫.	શ્રી દર્શનશુદ્ધિ	શ્રી ચન્દ્રપ્રભસૂરિજી કૃત
૪૬.	શ્રી દર્શનશુદ્ધિ	શ્રી દેવભદ્રસૂરિજી કૃત
૪૭.	શ્રી દર્શનશુદ્ધિ	શ્રી વિમલગણિ કૃત
૪૮.	પુનઃ શ્રી સેનપ્રશ્ન	તપાગચ્છાધિરાજ શ્રી સેનસૂરિજી કૃત
૪૯.	પુનઃ શ્રી મહાનિશીથસૂત્ર	શ્રી ગણધરદેવ કૃત
૫૦.	શ્રી ઉપધાનપ્રકરણ	શ્રી માનદેવસૂરિજી કૃત
૫૧.	શ્રી આચારદિનકર	શ્રી વર્દ્ધમાનસૂરિજી કૃત

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૫૨.	पुनः श्री आचारदिनकर	श्री वर्द्धमानसूरिजी कृत
૫૩.	पुनः श्री आचारदिनकर	श्री वर्द्धमानसूरिजी कृत
૫૪.	श्री उपधानविधिप्रकरण	श्री पूर्वाचार्य कृत
૫૫.	श्री पंचवस्तुक	श्री हरिभद्रसूरिजी कृत
૫૬.	श्री विचारामृतसंग्रह	श्री कुलमंडनसूरिजी कृत
૫૭.	श्री प्रवचनसारोद्धारवृत्ति	श्री सिद्धसेनसूरिजी कृत
૫૮.	श्री उत्तराध्ययन बृहद्वृत्ति	वादिवेताल श्री शांतिसूरिजी कृत
૫૯.	श्री हीरप्रश्न	तपागच्छाधिराज श्री हीरविजयसूरिजी कृत
६०.	श्री व्यवहारवृत्ति	श्री मलयगिरिजी कृत
६१.	श्री उत्तराध्ययन बृहद्वृत्ति	वादिवेताल श्री शांतिसूरिजी कृत
६२.	श्री उत्तराध्ययन अवचूरी	श्री ज्ञानसागरसूरिजी कृत
६३.	श्री उत्तराध्ययन लघुवृत्ति	श्री पूर्वाचार्य कृत
६४.	श्री उत्तराध्ययन लघुवृत्ति द्वादश हजारी	श्री पूर्वाचार्य कृत
६५.	श्री उत्तराध्ययन टीका	तपागच्छीय श्री भावविजयजी उपाध्याय कृत
६६.	श्री आवश्यक चूर्णि	श्री पूर्वधराचार्य कृत
६७.	पुनः विचारामृत संग्रह	श्री कुलमंडनसूरिजी कृत
६८.	पुनः श्री सेनप्रश्न	श्री सेनसूरिजी कृत
६९.	श्री अंगचूलियासूत्र	श्री गणधर कृत
७०.	श्री बृहत्कल्पभाष्य	श्री पूर्वधराचार्य कृत
७१.	श्री बृहत्कल्पभाष्यवृत्ति	श्री मलयगिरिजी कृत
७२.	श्री कल्पचूर्णि	श्री पूर्वधराचार्य कृत
७३.	पुनः श्री व्यवहारभाष्य	श्री संघदासगणि कृत

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૭૪.	શ્રી વ્યવહારભાષ્યટીકા	શ્રી મલયગિરિજી કૃત
૭૫.	શ્રી આવશ્યકનિર્યુક્તિ	ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી કૃત
૭૬.	શ્રી કલ્પબૃહદ્ભાષ્ય	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૭૭.	શ્રી બૃહત્કલ્પચૂર્ણિ	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૭૮.	શ્રી વિશેષ ચૂર્ણિ	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૭૯.	શ્રી આવશ્યક બૃહદ્વૃત્તિ	શ્રી હરિભદ્રાચાર્ય કૃત
૮૦.	શ્રી આવશ્યક લઘુવૃત્તિ	શ્રી તિલકાચાર્ય કૃત
૮૧.	શ્રી આવશ્યકાવચૂરી	શ્રી જ્ઞાનસાગરસૂરિજી કૃત
૮૨.	શ્રી આવશ્યકદીપિકા	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૮૩.	પુનઃ શ્રી આવશ્યકાવચૂરી	શ્રી જ્ઞાનસાગરસૂરિજી કૃત
૮૪.	શ્રી શતપદી ગ્રન્થ	અંચલગચ્છીય શ્રી ધર્મઘોષસૂરિશિષ્ય કૃત
૮૫.	શ્રી સાર્દ્ધશતક વૃત્તિ તથા સાર્દ્ધશતક ભાષા	શ્રી ક્ષમાકલ્યાણજી કૃત
૮૬.	પુનઃ શ્રી દર્શનશુદ્ધિ	શ્રી હરિભદ્રસૂરિજી કૃત
૮૭.	પુનઃ શ્રી દર્શનશુદ્ધિ	શ્રી દેવભદ્રસૂરિજી કૃત
૮૮.	શ્રી શ્રાદ્ધદિનકર	શ્રી પૂર્વાચાર્ય કૃત
૮૯.	શ્રી શ્રાદ્ધદિનકર વૃત્તિ	શ્રી દેવેન્દ્રસૂરિજી કૃત
૯૦.	શ્રી પ્રતિમાશતક	ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત
૯૧.	શ્રી શ્રાદ્ધવિધિ	શ્રી રત્નશેખરસૂરિજી કૃત
૯૨.	શ્રી ધર્મસંગ્રહ પ્રકરણ	શ્રી માનવિજયજી ઉપાધ્યાય કૃત
૯૩.	શ્રી સંદેહદોહાવલી	જિનવલ્લભ સંતાનીય શ્રી જિનદત્તસૂરિજી કૃત
૯૪.	શ્રી જિનપ્રતિમા સ્થાપન હુંડી	શ્રી પૂર્વાચાર્ય કૃત

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૯૫.	શ્રી વૃંદારવૃત્તિ	શ્રી દેવેન્દ્રસૂરિજી કૃત
૯૬.	શ્રી આરાધના પતાકા ભગવતીસૂત્ર	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૯૭.	શ્રી વંદન પયન્નો	ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી કૃત
૯૮.	પુનઃ શ્રી પંચાશક વૃત્તિ	શ્રી અભયદેવસૂરિજી કૃત
૯૯.	સ્વોપજ્ઞ શ્રી ધર્મસંગ્રહ વૃત્તિ	મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિ કૃત
૧૦૦.	શ્રી રાયપસેણી સૂત્ર	શ્રી ગણધરદેવ કૃત
૧૦૧.	શ્રી જીવાભિગમસૂત્ર	શ્રી ગણધરદેવ કૃત
૧૦૨.	શ્રી વંદનકપ્રકરણ	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૧૦૩.	શ્રી આવશ્યકવૃત્તિ	શ્રી હરિભદ્રસૂરિજી કૃત
૧૦૪.	પ્રાકૃત ગાથાબદ્ધ *શ્રી વર્ધમાન દેશના*	શ્રી સુખવર્દ્ધનજી ગણિ કૃત
૧૦૫.	પુનઃ શ્રી ચૈત્યવંદન મહાભાષ્ય	શ્રી શાંત્યાચાર્યજી કૃત
૧૦૬.	*શ્રી અંગચૂલિકા સૂત્ર*	*શ્રી ગણધરદેવ કૃત*
૧૦૭.	શ્રી પંચાશક ટિપ્પન	શ્રી પૂર્વાચાર્ય કૃત
૧૦૮.	પુનઃ શ્રી પંચાશકજી સૂત્ર	શ્રી હરિભદ્રસૂરિજી કૃત
૧૦૯.	પુનઃ શ્રી પંચાશક વૃત્તિ	શ્રી અભયદેવસૂરિજી કૃત
૧૧૦.	પુનશ્ચૈત્યવંદન મહાભાષ્ય	શ્રી શાંત્યાચાર્યજી કૃત
૧૧૧.	પુનશ્ચૈત્યવંદન મહાભાષ્ય	શ્રી શાંત્યાચાર્યજી કૃત
૧૧૨.	પુનશ્ચૈત્યવંદન મહાભાષ્ય	શ્રી શાંત્યાચાર્યજી કૃત
૧૧૩.	પુનશ્ચૈત્યવંદન મહાભાષ્ય	શ્રી શાંત્યાચાર્યજી કૃત
૧૧૪.	શ્રી ધર્મસંગ્રહ	શ્રી માનવિજયજી ઉપાધ્યાય કૃત
૧૧૫.	શ્રી વિધિપ્રપાસમાચારી	શ્રી તિલકાચાર્યજી કૃત

क्रम	ग्रंथनुं नाम	कर्ता नाम
११६.	श्री समाचारीपाठ	श्री जिनप्रभसूरिजी कृत
११७.	पुनश्चैत्यवंदन महाभाष्य	श्री शांत्याचार्यजी कृत
११८.	श्री बृहच्छांति मूलवृत्ति	श्री हर्षकीर्तिसूरिजी कृत
११९.	पुनः श्री सेनप्रश्न	तपागच्छाधिराज श्री सेनसूरिजी कृत
१२०.	पुनः श्री सेनप्रश्न	तपागच्छाधिराज श्री सेनसूरिजी कृत
१२१.	श्री सामाचारी	श्री प्रद्युम्नसूरिजी कृत
१२२.	श्री श्राद्धदिनकृत्यवृत्ति	श्री देवेन्द्रसूरिजी कृत
१२३.	पुनः श्री व्यवहारभाष्य	श्री पूर्वधराचार्य कृत
१२४.	श्री संघाचारवृत्ति	श्री धर्मकीर्ति उपाध्यायजी कृत
१२५.	पुनश्चैत्यवंदन महाभाष्य	श्री शांत्याचार्यजी कृत
१२६.	पुनश्चैत्यवंदन महाभाष्य	श्री शांत्याचार्यजी कृत
१२७.	श्री संघाचारवृत्ति	श्री धर्मकीर्ति उपाध्यायजी कृत
१२८.	पुनश्चैत्यवंदन महाभाष्य	श्री शांत्याचार्यजी कृत
१२९.	श्री उपमितिभवप्रपंच प्रशस्ति	श्री सिद्धर्षिजी कृत
१३०.	श्री खरतररंगविजय पट्टावली	श्री तपगच्छीय आचार्य कृत
१३१.	श्री ललितविस्तरावृत्ति	श्री हरिभद्रसूरिजी कृत
१३२.	श्री चोवीश प्रबंधप्रकरण	श्री राजशेखरसूरिजी कृत
१३३.	श्री पडिवालगच्छ पट्टावली	श्री तद्गच्छीय आचार्य कृत
१३४.	श्री विचारसारप्रकरण	श्री प्रद्युम्नसूरिजी कृत
१३५.	श्री उपदेशपद टीका	श्री मुनिचन्द्रसूरिजी कृत
१३६.	श्री सुमतिनागिलचतुष्पदिका	श्री ब्रह्मर्षि कृत
१३७.	पुनः श्री ललितविस्तरा	श्री हरिभद्रसूरिजी कृत
१३८.	श्री गच्छाचारपयन्नावृत्ति	श्री पूर्वाचार्य कृत
१३९.	श्री ललितविस्तरा पंजिका	श्री मुनिचन्द्रसूरिजी कृत

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૧૪૦.	શ્રી યોગશાસ્ત્રદીપિકા	શ્રી હેમચન્દ્રાચાર્યજી કૃત
૧૪૧.	શ્રી દિનચર્યા	શ્રી દેવસૂરિજી કૃત
૧૪૨.	પુનઃ શ્રી દર્શનશુદ્ધિ-પ્રકરણવૃત્તિ	શ્રી દેવભદ્રાચાર્યજી કૃત
૧૪૩.	પુનઃ શ્રી પંચાશકજી	શ્રી હરિભદ્રાચાર્યજી કૃત
૧૪૪.	પુનઃ શ્રી દર્શનશુદ્ધિ	શ્રી દેવભદ્રાચાર્યજી કૃત
૧૪૫.	પુનઃ શ્રી દિનચર્યા	શ્રી ભાવદેવસૂરિજી કૃત
૧૪૬.	શ્રી પ્રવચનસારોદ્ધાર	શ્રી નેમસૂરિજી કૃત
૧૪૭.	શ્રી પ્રવચનસારોદ્ધારવૃત્તિ	શ્રી સિદ્ધસેનસૂરિજી કૃત
૧૪૮.	શ્રી વૃંદારવૃત્તિ	શ્રી દેવેન્દ્રસૂરિજી કૃત
૧૪૯.	શ્રી ચૈત્યવંદનલઘુભાષ્ય	શ્રી દેવેન્દ્રસૂરિજી કૃત
૧૫૦.	શ્રી લઘુચૈત્યવંદનભાષ્યવૃત્તિ	શ્રી ધર્મઘોષસૂરિજી કૃત
૧૫૧.	પુનઃ શ્રી સંઘાચારવૃત્તિ	શ્રી ધર્મઘોષસૂરિજી કૃત
૧૫૨.	પુનઃ શ્રી સંઘાચારવૃત્તિ	શ્રી ધર્મકીર્તિસૂરિજી કૃત
૧૫૩.	શ્રી વિધિપ્રપા	શ્રી જિનપ્રભસૂરિજી કૃત
૧૫૪.	પુનઃ સ્વોપજ્ઞ ધર્મસંગ્રહવૃત્તિ	શ્રી માનવિજયજી ઉપાધ્યાય કૃત
૧૫૫.	પુનઃ શ્રી સંઘાચારવૃત્તિ	શ્રી ધર્મઘોષસૂરિજી કૃત
૧૫૬.	શ્રી આવશ્યકનિર્યુક્તિ	ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી કૃત
૧૫૭.	શ્રી ષડાવશ્યકલઘુવૃત્તિ	શ્રી તિલકાચાર્ય કૃત
૧૫૮.	પુનઃ શ્રી પ્રવચનસારોદ્ધાર બૃહદ્વૃત્તિ	શ્રી સિદ્ધસેનસૂરિજી કૃત
૧૫૯.	પુનઃ શ્રી વિધિપ્રપા	શ્રી જિનપ્રભસૂરિ કૃત
૧૬૦.	સંઘાચાર ચૈત્યવંદનમહાભાષ્ય	શ્રી શાંતિસૂરિજી કૃત
૧૬૧.	શ્રી સામાચારી	રુદ્રપલ્લીગચ્છીય શ્રી અભયદેવસૂરિજી કૃત

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
१६२.	श्री पाक्षिकसूत्रवृत्ति	श्री पूर्वाचार्य कृत
१६३.	श्री जीवानुशासनमूलवृत्ति	श्री देवसूरिजी कृत
१६४.	श्री पूजाप्रकीर्ण	श्री भद्रबाहुस्वामीजी कृत
१६५.	पुनः श्री पंचाशक मूलवृत्ति	श्री अभयदेवसूरिजी कृत
१६६.	श्री श्राद्धप्रतिक्रमण दीपिका	श्री रत्नशेखरसूरिजी कृत
१६७.	श्री विचाररत्नाकर	तपागच्छीय महोपाध्याय श्री कीर्तिविजयजी कृत
१६८.	पुनः श्री पंचाशकसूत्रवृत्ति	श्रीमद्हरिभद्राभयदेवाचार्य कृत
१६९.	श्री प्रवचनसारोद्धार बालावबोध	श्री पूर्वाचार्य कृत
१७०.	श्री सिद्धसेनद्वात्रिंशिका	श्री पूर्वधराचार्य कृत
१७१.	श्री गुरुतत्त्वप्रदीप	तपागच्छाधिराज श्री हीरविजयसूरिशिष्य कृत
१७२.	श्री समकितशल्योद्धार	श्री आत्मारामजी आनंदविजयजी कृत
१७३.	श्री उत्तराध्ययन मूलसूत्र	श्री गणधरमहर्षि कृत
१७४.	श्री उत्तराध्ययन बृहद्वृत्ति	थिरापद्रगच्छैकमंडन वादिवेताल श्री शांतिसूरिजी कृत
१७५.	श्री उत्तराध्ययन लघुवृत्ति	श्री पूर्वाचार्य कृत
१७६.	पुनः श्री उत्तराध्ययन वृत्ति	श्री पूर्वाचार्य कृत
१७७.	श्री उत्तराध्यनावचूरि	तपागच्छाधिराज श्री ज्ञानसागरसूरिजी कृत
१७८.	श्री उत्तराध्ययनटीका	तपागच्छीय महोपाध्याय श्री भावविजयजी कृत
१७९.	श्री उत्तराध्ययनटीका	खरतरगच्छीय श्री लक्षीवल्लभसूरिजी कृत

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૧૮૦.	श्री आवश्यकनिर्युक्ति	चौदपूर्वधर श्री भद्रबाहुस्वामीजी कृत
૧૮૧.	श्री आवश्यक बृहद्वृत्ति	श्री हरिभद्राचार्यजी कृत
૧૮૨.	पुनः श्री आवश्यकचूर्णि	श्री पूर्वधराचार्य कृत
૧૮૩.	पुनः श्री निशीथचूर्णि	श्री पूर्वधराचार्य कृत
૧૮૪.	पुनः श्री व्यवहारसूत्र वृत्ति	श्री मलयगिरिआचार्य कृत
૧૮૫.	पुनः श्री आवश्यकावचूरि	श्री पूर्वाचार्य कृत
૧૮૬.	पुनः श्री आवश्यकदीपिका	श्री पूर्वाचार्यजी कृत
૧૮૭.	पुनः श्री उत्तराध्ययन मूलसूत्र	श्री ऋषिभाषित कृत
૧૮૮.	पुनः श्री उत्तराध्ययन बृहद्वृत्ति	वादिवेताल श्री शांत्याचार्यजी कृत
૧૮૯.	पुनः श्री उत्तराध्ययन लघुवृत्ति	श्री पूर्वाचार्यजी कृत
૧૯૦.	पुनः श्री उत्तराध्ययन अवचूरी	श्री पूर्वाचार्य कृत
૧૯૧.	पुनः श्री उत्तराध्ययनवृत्ति	तपागच्छीय श्री भावविजयजी उपाध्यायजी कृत
૧૯૨.	पुनः श्री आवश्यकचूर्णि	श्री पूर्वधराचार्यजी कृत
૧૯૩.	पुनः श्री आवश्यक बृहद्वृत्ति	श्री हरिभद्रसूरिजी कृत
૧૯૪.	पुनः श्री ओघनिर्युक्तिमूल तथा वृत्ति अनुक्रमे	चौदपूर्वधर श्री भद्रबाहुस्वामीजी तथा पूर्वाचार्यजी कृत
૧૯૫.	पुनः श्री वंदनपयन्नो	चौदपूर्वधर श्री भद्रबाहुस्वामीजी कृत
૧૯૬.	पुनः श्री पंचवस्तुक	श्री हरिभद्रसूरिजी कृत
૧૯૭.	पुनः श्री महानिशीथसूत्र	श्री गणधरदेवजी कृत

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૧૯૮.	પુનઃ શ્રી મહાનિશીથસૂત્ર	શ્રી ગણધરદેવજી કૃત
૧૯૯.	પુનઃ શ્રી વ્યવહારભાષ્યવૃત્તિ	શ્રી મલયગિરિજી આચાર્ય કૃત
૨૦૦.	શ્રી શ્રાદ્ધવિધિ ગ્રન્થ	શ્રી રત્નશેખરસૂરિજી કૃત
૨૦૧.	પુનઃ શ્રી પ્રવચનસારોદ્ધાર	શ્રી સિદ્ધસેનસૂરિજી કૃત
૨૦૨.	શ્રી સામાચારી	શ્રી સોમસુંદરસૂરિજી કૃત
૨૦૩.	શ્રી દિનચર્યા	શ્રી દેવસૂરિજી કૃત
૨૦૪.	શ્રી દિનચર્યા	શ્રી ભાવદેવસૂરિજી કૃત
૨૦૫.	શ્રી વિધિપ્રપા	શ્રી જિનપ્રભસૂરિજી કૃત
૨૦૬.	પુનઃ શ્રી યતિદિનચર્યા	શ્રી દેવસૂરિજી કૃત
૨૦૭.	શ્રી ષડાવશ્યક બાલાવબોધ	શ્રી પૂર્વાચાર્યજી કૃત
૨૦૮.	શ્રી લઘુભાષ્ય બાલાવબોધ	શ્રી જ્ઞાનવિમલસૂરિજી કૃત
૨૦૯.	શ્રી સમ્યક્પરિજ્ઞા	શ્રી વિબુધવિમલસૂરિ કૃત
૨૧૦.	પુનઃ શ્રી યતિદિનચર્યા	શ્રી દેવસૂરિજી કૃત
૨૧૧.	શ્રી સામાચારી	શ્રી પ્રાચીનાચાર્ય કૃત
૨૧૨.	શ્રી વૃંદારુવૃત્તિ	શ્રી દેવેન્દ્રસૂરિજી કૃત
૨૧૩.	શ્રી યોગશાસ્ત્ર દીપિકા	શ્રી હેમચન્દ્રસૂરિજી કૃત
૨૧૪.	પુનઃ શ્રી વિધિપ્રપા	શ્રી જિનપ્રભસૂરિજી કૃત
૨૧૫.	શ્રી સામાચારી	શ્રી પ્રદ્યુમ્નસૂરિજી કૃત
૨૧૬.	પુનઃ શ્રી ધર્મસંગ્રહ	શ્રી માનવિજયજી ઉપાધ્યાયજી કૃત
૨૧૭.	શ્રી સામાચારી	શ્રી બૃહત્ખરતરગચ્છીય કૃત
૨૧૮.	પુનઃ શ્રી સામાચારી	રુદ્રપલ્લીયગચ્છી શ્રી અભયદેવસૂરિજી કૃત
૨૧૯.	વિધિપ્રપા	શ્રી તિલકાચાર્ય કૃત
૨૨૦.	શ્રી ષડાવશ્યક વિધિનામાગ્રન્થ	શ્રી પૂર્વાચાર્ય કૃત

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૨૨૧.	पुनः श्री यतिदिनचर्या	श्री देवसूरिजी कृत
૨૨૨.	श्री प्रतिक्रमणगर्भहेतुस्वाध्याय	श्री यशोविजयजी उपाध्यायजी कृत
૨૨૩.	श्री प्रतिक्रमणगर्भ हेतु	श्री जयचंद्रसूरिजी कृत
૨૨૪.	श्री बृहत्खरतरगच्छ सामाचारी	श्री पूर्वाचार्य कृत
૨૨૫.	पुनः श्री सामाचारी	श्री प्रद्युम्नसूरिजी कृत
૨૨૬.	श्री प्रतिक्रमणगर्भहेतु	महोपाध्याय श्री धवलचन्द्रजी कृत
૨૨૭.	पुनः श्री ललितविस्तरावृत्ति	श्री हरिभद्राचार्यजी कृत
૨૨૮.	श्री संघाचारवृत्ति	श्री धर्मघोषसूरिजी कृत
૨૨૯.	श्री हुंडीस्तवन	श्री यशोविजयजी उपाध्यायजी कृत
૨૩૦.	पुनः श्री धर्मसंग्रह	श्री मानविजयजी उपाध्यायजी कृत
૨૩૧.	पुनः श्री भगवतीसूत्र	श्री गणधरदेवजी कृत
૨૩૨.	श्री निशीथसूत्र	श्री पूर्वधराचार्यजी कृत
૨૩૩.	पुनः श्री आवश्यकचूर्णी	श्री पूर्वधराचार्यजी कृत
૨૩૪.	पुनः श्री आवश्यक बृहद्वृत्ति	श्री हरिभद्राचार्यजी कृत
૨૩૫.	श्री आराधनापताका	श्री पूर्वाचार्यजी कृत
૨૩૬.	श्री उत्तराध्ययन बृहद्वृत्ति	वादिवेताल श्री शान्त्याचार्यजी कृत
૨૩૭.	पुनः श्री आवश्यकबृहद्वृत्ति	श्री हरिभद्राचार्यजी कृत
૨૩૮.	श्री अनुयोगद्वारसूत्र वृत्ति	हर्षपुरिहच्छीय श्री हेमचन्द्रसूरिजी कृत
૨૩૯.	श्री विशेषावश्यकवृत्ति	श्री हेमचन्द्रसूरिजी कृत
૨૪૦.	श्री सेनप्रश्न	तपागच्छाधिराज श्री सेनसूरिजी कृत
૨૪૧.	श्री साधुप्रतिक्रमण सूत्रस्तबक	श्री प्राचीनाचार्य कृत
૨૪૨.	श्री यतिप्रतिक्रमण सूत्रस्तबक	श्री ज्ञानविमलसूरिजी कृत

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૨૪૩.	શ્રી પાક્ષિકસૂત્રવૃત્તિ બાલાવબોધ	શ્રી જ્ઞાનવિમલસૂરિજી કૃત
૨૪૪.	શ્રી ઉપદેશમાલાવૃત્તિ	મહોપાધ્યાય શ્રી રામવિજયજી કૃત
૨૪૫.	શ્રી ઉપદેશમાલા સ્તબક	શ્રી પ્રાચીનાચાર્યજી કૃત
૨૪૬.	શ્રી ઉપદેશમાલા પદાર્થ	શ્રી વૃદ્ધિવિજયજી કૃત
૨૪૭.	શ્રી સમકિતશલ્યોદ્ધાર	શ્રી આત્મારામજી આનંદવિજયજી કૃત
૨૪૮.	શ્રી સંસારદાવા	શ્રી હરિભદ્રાચાર્ય કૃત
૨૪૯.	શ્રી વાઙ્મયાષ્ટક	શ્રી પ્રાચીનાચાર્ય કૃત
૨૫૦.	પુનઃ શ્રી ભગવતીસૂત્રવૃત્તિ	શ્રી અભયદેવાચાર્ય કૃત
૨૫૧.	પુનઃ આવશ્યકબૃહદ્વૃત્તિ	શ્રી હરિભદ્રસૂરિજી કૃત
૨૫૨.	પુનઃ શ્રી પંચવસ્તુક	શ્રી હરિભદ્રાચાર્યજી કૃત
૨૫૩.	પુનઃ આવશ્યકનિર્યુક્તિ	ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી કૃત
૨૫૪.	પુનઃ આવશ્યકચૂર્ણિ	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૨૫૫.	પુનઃ શ્રી આવશ્યકદીપિકા	શ્રી પૂર્વાચાર્ય કૃત
૨૫૬.	શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણચૂર્ણિ	ચન્દ્રગચ્છીય શ્રી વિજયસિંહાચાર્યજી કૃત
૨૫૭.	શ્રી સતપદી ગ્રન્થ	શ્રી પાસચંદસૂરિજી કૃત
૨૫૮.	પુનઃ શ્રી પ્રતિક્રમણગર્ભહેતુ સ્વાધ્યાય	શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત
૨૫૯.	પુનઃ પ્રવચનસારોદ્ધાર વૃત્તિ	શ્રી સિદ્ધસેનસૂરિજી કૃત
૨૬૦.	પુનઃ શ્રી આવશ્યકચૂર્ણિ	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૨૬૧.	શ્રી પાક્ષિકસૂત્રવૃત્તિ	શ્રી પૂર્વાચાર્ય કૃત
૨૬૨.	શ્રી ઠાણાંગસૂત્રવૃત્તિ	શ્રી ગણધરદેવ તથા શ્રી અભયદેવસૂરિ કૃત
૨૬૩.	શ્રી જીવાભિગમસૂત્ર વૃત્તિ અનુક્રમેણ	શ્રી ગણધરદેવ કૃત શ્રી મલયગિરિઆચાર્યજી કૃત

ક્રમ	ગ્રંથનું નામ	કર્તા નામ
૨૬૪.	શ્રી હીરપ્રશ્ન	તપાગચ્છાધિરાજ શ્રી વિજયહીરસૂરિજી કૃત
૨૬૫.	શ્રી આરાધના પતાકા	શ્રી હરિભદ્રાચાર્યજી કૃત
૨૬૬.	શ્રી ચઉસરણપયન્નો	શ્રી પૂર્વધરાચાર્ય કૃત
૨૬૭.	શ્રી પંચસૂત્રી સૂત્ર	શ્રી હરિભદ્રસૂરિજી કૃત
૨૬૮.	શ્રી ઉપદેશરત્નાકર	શ્રી પૂર્વાચાર્ય કૃત
૨૬૯.	શ્રી ધનપાલપંચાશિકા	પંડિતવર્ય શ્રી ધનપાલજી કૃત
૨૭૦.	શ્રી ઉપદેશપ્રકરણ	શ્રી હરિભદ્રસૂરિજી કૃત
૨૭૧.	શ્રી સુક્તાવલી ગ્રન્થ	શ્રી પૂર્વાચાર્ય કૃત
૨૭૨.	શ્રી મહાનિથીશસૂત્ર	શ્રી ગણધરદેવજી કૃત
૨૭૩.	શ્રી વીરસ્તુતિ	શ્રી હરિભદ્રસૂરિજી કૃત
૨૭૪.	શ્રી વીરસ્તુતિ	શ્રી પ્રદ્યુમ્નસૂરિજી કૃત
૨૭૫.	શ્રી સિદ્ધચક્રસ્તુતિ	શ્રી પ્રાચીનાચાર્ય કૃત
૨૭૬.	શ્રી નેમિનાથ સ્તુતિ	શ્રી પ્રાચીનાચાર્ય કૃત
૨૭૭.	શ્રી સૂયગડાંગનિર્યુક્તિ	ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી કૃત
૨૭૮.	શ્રી સૂયગડાંગનિર્યુક્તિ વૃત્તિ	શ્રી પૂર્વાચાર્યજી કૃત
૨૭૯.	શ્રી નમિનાથજી સ્તવન	શ્રી આનન્દવિજયજી મહારાજ કૃત

॥ ॐ श्री अर्हम् नमः ॥

चतुर्थस्तुतिकुयुक्तिनिर्णयच्छेदनकुठारः

श्री अर्हं जिनवीरमीश्वरविभुं त्रैलोक्यचिंतामणीम्,
तत्त्वज्ञाननिधिं तमोदिनमणिं श्रेयः श्रिया द्योमणिम् ।
भक्त्या वंदितमिंद्रमानवगणैर्देवाधिदेवं सदा,
वंदे भूमि निमज्जतां भवजले पोतायमानं परम् ॥१॥
वीतरागं परित्यज्य, योऽन्यदेवमुपासते ।
कामधेनुं तिरस्कृत्य, स खरीं दोग्धि मूढधीः ॥२॥
स्याद्वादस्य निधिं वीरं, प्रणिपत्य जगद्गुरुम् ।
शंकोद्धारमहं कुर्व्वे, चतुर्थस्तुतिनिर्णये ॥३॥

शिष्टा हि शास्त्रादौ किमपि प्रारिप्सितपरिसमाप्तिप्रतिबंधकदुरित-निवर्त्तनायेष्टदेवतानमस्कारपूर्वकमेव मंगलमुपक्रमंते तथाऽत्राप्यासन्नोपकारकशासनाधीश्वरश्रीवीरपरमेश्वरनमस्कारात्मकं त्रिकरणशुद्ध्या परममंगलमुपन्यस्तम् । तथाच श्रोतृजनप्रवृत्त्यर्थमभिधेयसंबंधप्रयोजन-त्रितयमपि नियमाद्वाच्यमित्यालोच्य चतुर्थस्तुतिकुयुक्तिनिर्णयशंकोद्धारो मुख्यवृत्त्याभिधेयतया निरूप्यते । निरभिधेये काकदंतपरिगणनमिव न सज्जनानां प्रवृत्तिः तथा वाच्यवाचकभावसंबंधस्तु नामतो व्यक्त एव प्रयोजनं चात्र दुःषमादोषानुभावात्केषांचिद्दुर्विदग्धोपदेश-विप्रतारितानां भूयः शंकोदयः प्रादुर्भवतीति तन्निरासेन तन्मनोनैर्मल्य-माधातुमयं ग्रन्थः प्रारभ्यते ।

સર્વ તીર્થ શિરોમણિ શત્રુંજય ગિરિરાજ જ્યાં આવેલ છે તેવા સૌરાષ્ટ્ર દેશને પ્રાચીન-અર્વાચીન સમસ્ત આચાર્યોએ આર્યદેશ કહ્યો છે, પણ વર્તમાનમાં કાળની અપેક્ષાએ સૌરાષ્ટ્રદેશને અનાર્ય કહી તે અપેક્ષાએ શત્રુંજયાદિ તીર્થોને પણ અનાર્ય કહેનાર આત્મારામજીએ પ્રતિક્રમણ-

ચૈત્યવંદનામાં ચાર થુઈ કહેવાનો પંથ ચલાવવાને તથા દૃઢ કરવા ''આંખનું કાજળ ગાલે ઘસવું'' એ ન્યાયે ચતુર્થસ્તુતિનિર્ણય ગ્રંથ બનાવ્યો છે, પણ તે ચતુર્થસ્તુતિકુયુક્તિનિર્ણય જ સાર્થક થાય છે. કારણ કે જૈનશાસ્ત્રને અનુસાર આ નિર્ણય નથી, પરંતુ શંકામોહનીય તથા મિથ્યા અવબોધરૂપ વૃક્ષનું બીજ છે. કેમ કે દેવસિ પ્રતિક્રમણના પ્રારંભે અને રાઇ પ્રતિક્રમણના અંતે પૂર્વાચાર્યોએ સામાન્ય અર્થાત્ જઘન્ય પ્રકારે, તથા ચૈત્યગૃહમાં નવે પ્રકારની ચૈત્યવંદના યથાશક્તિએ કરવી કહી છે. પણ પ્રતિક્રમણમાં ચાર થુઈએ ચૈત્યવંદના કરવી તેવું જૈનમતના કોઈ શાસ્ત્રમાં કહ્યું નથી, છતાં પણ આત્મારામજી ઉર્ફે આનંદવિજયજી પોતાની ઉન્મત્તતાથી પાના નં. ૩૩ પર પ્રવચનસારોદ્ધારની ''**पडिक्कमे चेइहरे**'' ગાથા (જેમાં પ્રતિક્રમણના આરંભ અને અંતમાં સામાન્ય જઘન્ય પ્રકારે ચૈત્યવંદના કહી છે,) તેનો આધાર આપવાપૂર્વક ચાર થુઈએ ચૈત્યવંદના કરવી તેમ સ્થાપન કરે છે, પણ શાસ્ત્રાનુસાર તે સિદ્ધ થતું નથી. તેનો ભવ્યજીવોને ખ્યાલ આપવા તથા આત્મારામજીને પ્રતિક્રમણ સંબંધી ચતુર્થસ્તુતિશંકાંભોનિધિના આવર્તથી ઉદ્ધરવારૂપ ઉપકાર કરવા પૂર્વાચાર્યોના રચેલ શાસ્ત્રના અનુસારે શંકાઓનો ઉદ્ધાર કરીશું.

પ્રશ્ન : આત્મારામજી તો પ્રતિક્રમણના આદિ-અંતમાં ચાર થુઈની ચૈત્યવંદના કહી છે તેવું લખે છે. તો તમો પ્રતિક્રમણમાં ચાર થુઈઓ સિદ્ધ થતી નથી તેવું કેમ લખો છો ?

ઉત્તર : અમે અને અમારા આચાર્ય રાજેન્દ્રસૂરિજી પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્ય પ્રકારે ચૈત્યવંદના કરીએ છીએ. તોપણ આત્મારામજી પાના નંબર-૨માં 'રાજેન્દ્રસૂરિજી અને ધનવિજયજીએ પ્રતિક્રમણની શરૂઆતના *ચૈત્યવંદનમાં ત્રણ થોય કહેવાનો પંથ ચલાવ્યો છે તેવું જણાવે છે' તે તદ્દન* ખોટું છે; કારણ કે અમો તો પૂર્વોક્ત પ્રકારે ચૈત્યવંદન કરીએ છીએ. જેમ આત્મારામજી એકાંતે ચાર થોયને સ્થાપે છે, તેમ અમે ત્રણ થોયને એકાંતે સ્થાપતા નથી. પૂર્વાચાર્યોએ જ્યાં ત્રણ કરવાની કહી છે ત્યાં ત્રણ અને ચાર કહેવાની કહી છે ત્યાં ચાર થોય કરીએ છીએ. આત્મારામજી તો સૌરાષ્ટ્રને અનાર્યદેશ કહે છે, તથા 'મુહપત્તિ વ્યાખ્યાનવેળા બાંધવી સારી છે, પણ

કારણથી બાંધતાં નથી' આવાં કપટનાં વચન બોલી ભોળા લોકોને ફંદમાં નાંખવાનો પંથ ચલાવે છે, તેમ અમે નવો પંથ ચલાવ્યો નથી.

પૂર્વકાળમાં પણ શ્રી સુધર્મ કોટિકાદિ ગણ તથા આગમિક આદિ ગચ્છો જિનગૃહમાં ત્રણ થોયથી દેવવંદન કરતા આવ્યા છે, તેમ અમે પણ સ્વગચ્છમાં ગુરુપરંપરાએ કહેતા આવ્યા તથા પરગચ્છમાં વર્તમાનકાળમાં કરતાં પણ જોઈએ છીએ તેમ કહીએ છીએ. માટે અમે નવો પંથ ચલાવ્યો છે તેવું બોલવું સાવ જુઠું છે. પરંતુ વર્તમાનકાળમાં સોરઠ દેશને કાળ અપેક્ષાએ સ્વગચ્છ, પરગચ્છમાં કોઈ અનાર્ય કહેતાં નથી, ફક્ત આત્મારામજી કહે છે. તેથી આત્મારામજીએ નવો પંથ ચલાવ્યો છે તેવું કહીએ તો ચાલે.

વળી, અમે અમારી બુદ્ધિથી નવી વાત ઊઠાવી નથી, તોપણ અમે નવો પંથ ચલાવ્યો તેવું મૃષાવચન આત્મારામજી લખે છે. વળી, આત્મારામજી પ્રતિક્રમણના આદિ-અંતમાં ચાર થોયથી ચૈત્યવંદન કરવું લખે છે તે ઠેકાણે અમે લખીએ છીએ કે પંચાંગીમાં આવું ક્યાંય કહેલ નથી. સંવત ૧૯૪૦માં વર્તમાનપત્ર દ્વારા આત્મારામજી અને અમારી વચ્ચે ચર્ચા થઈ ત્યારે અમે સ્તુતનિર્ણયવિભાકર નામે ગ્રંથ બનાવેલો. તેમાં અમે લખ્યું છે કે : પ્રતિક્રમણ આદિ-અંતમાં સામાન્ય પ્રકારે ચૈત્યવંદના ત્રણ થોયથી કરવી. દેવગૃહમાં નવ પ્રકારે ચૈત્યવંદના કરવી અને પૂજા વગેરે વિશિષ્ટ કારણે ચાર થોયથી દેવવંદના કરવી. જેના શાસ્ત્રીય પાઠ પણ અમોએ લખેલ છે. તે ગ્રંથ થરાદથી શ્રી વિવેકસાગરજીએ મંગાવેલ. તેમની પાસેથી આત્મારામજીએ મેળવીને વાંચ્યો. તોય લખે છે કે મેં શ્રાવકોના મોઢે સાંભળ્યું છે કે રાજેન્દ્રસૂરિજી પ્રતિક્રમણની આદિમાં તીન થુઈ કરે છે અને ત્રિસ્તુતિકની સ્થાપના કરે છે. સ્પષ્ટ વાંચવા છતાં શા માટે આત્મારામજી એમ કહે છે કે મેં સાંભળ્યું છે ? કેવું જૂઠું ?

સંવત ૧૯૪૦માં આત્મારામજીએ "અમદાવાદ ન્યૂઝ પેપર"માં છપાવેલ કે વ્યાખ્યાન સમયે મુખે મુહપત્તિ બાંધવી તે અમે જાણીએ છીએ, પણ કોઈ કારણથી અમે બાંધતાં નથી. ત્યારે વિદ્યાશાળામાંના શ્રાવકોએ પૂછ્યું કે

સાહેબ આપ મુહપત્તિ બાંધવી રૂડી જાણો છો, તો બાંધતાં કેમ નથી ? ત્યારે આત્મારામજીએ કહેલ કે અમે અહીંથી વિહાર કર્યા બાદ બાંધશું. વિહાર થઈ ગયો અને ઘણો સમય પણ થઈ ગયો, પણ આત્મારામજી હજુ મુહપત્તિ બાંધતાં નથી.

આ ઉપરથી નક્કી થાય છે કે આત્મારામજીનું લખવું-બોલવું જુદું છે અને ચાલવું જુદું છે. તેથી આત્મારામજી પ્રતિક્રમણમાં ચાર થુઈ માને છે એવું શ્રાવકોના મોઢે સાંભળ્યું તેવું અમોએ લખ્યું તેમાં શું દોષ ? પણ આત્મારામજીને એકલી ચાર થોય માનવાવાળા કહીએ તો ચાલે, કારણ કે ત્રણ થોય તો અમે માનીએ છીએ તે જ તે માને છે, ન માનવાની તો ચોથી થોય એક જ સિદ્ધ થાય છે. (જવાબ પૂર્ણ.)

આત્મારામજી આચરણાથી ચોથી થુઈ સિદ્ધ કરે છે, પણ સિદ્ધાંતપંચાંગી તથા ગીતાર્થ આચરણાએ પ્રતિક્રમણની શરૂઆત કે અંતમાં ચોથી થુઈ સિદ્ધ થતી નથી. પણ દેરાસરમાં સિદ્ધાંતપંચાંગી અનુસાર ત્રણ સ્તુતિથી દેવવંદન તથા પૂજા આદિ વિશિષ્ટ કારણે ચાર સ્તુતિએ દેવવંદન ગીતાર્થ આચરણાએ સિદ્ધ થાય છે. અહીં હવે આચરણાનું સ્વરૂપ લખાય છે :

સિદ્ધાંતપંચાંગીમાં કહ્યું છે કે વ્યવહાર, કલ્પ, જીત, કરણી કે આચરણા કહો એ એકાર્થ છે. એ વચનથી આચરણા ત્રણ પ્રકારની છે તે આ મુજબ (૧) આગમઆચરણા, (૨) ગચ્છઆચરણા અને (૩) ગીતાર્થઆચરણા. તેમાં આગમ મુજબ આચરણા કરવી તેને આગમઆચરણા કહેવાય.

॥ यदुक्तम् नवांगवृत्तिकारकैः श्रीमदभयदेवसूरिभिः श्री आगमाष्टोत्तरिकायाम् –

यतः आगमे -

आगमं आयरंतेणं अत्तणो हियकंखिणो ।

तित्थनाहोगुरुधम्मो सव्वे ते बहुमन्निया ॥७॥

व्याख्या – आत्मनः स्वस्य हितकांक्षिणा हितकामिना आगमं अर्हत्प्रणीतसिद्धान्तोक्तमाचारं आचरता अभ्युपगच्छता जनेन

तीर्थनाथोऽर्हद्गुरुर्धर्म्माचार्यः धर्मश्च ते सर्व्वे बहुमानिताः गौरविताः । अयंभावः – आत्महितैषिणा येन श्रीसिद्धान्तो बहुमानितस्तकुक्तम् सर्व्वमप्यंगीकृतमित्यर्थः, न तु जमाल्यादिवत्सिद्धांतैकदेशोऽप्य-प्रमाणितोऽस्तीति तेनार्हद्गुरुधर्म्मा बहुमानिता एव, यश्चागमपद-मेकमपि नांगीकरोति स निह्नवपंक्तौ सम्यक्त्वविकलो गण्यते । "पयमवि असद्दहंतो सुत्तुत्तुं मिच्छदिठीओ" इति वचनात्

भावार्थ :- પોતાના આત્માના હિતેચ્છુરૂપે અરિહંત પ્રરૂપિત સિદ્ધાંતના આચાર મુજબ આચરણા કરી એટલે કે તીર્થનાથ અરિહંત, ગુરુ જે ધર્માચાર્ય, ધર્મ જે સર્વજ્ઞ પ્રરૂપિત એ સર્વેનું ગૌરવ કર્યું તેણે સર્વ સિદ્ધાંતોક્ત સર્વ આચાર ગ્રહણ કર્યો. પણ જમાલીની જેમ સિદ્ધાંતની એક વાત પણ જેને અપ્રમાણ નથી તેણે અરિહંત-ગુરુ-ધર્મનું બહુમાન કર્યું. પણ જે પુરુષ સર્વ આગમનું માને, પણ તેનું એકાદ પદ પણ ન માને તે નિહ્નવ, સમ્યક્ત્વ વગરનો ગણાય છે. કારણ શાસ્ત્રમાં વચન છે કે "એક પદ પણ ન માને તો તેને મિથ્યાદૃષ્ટિ જાણવો".

જે નર આભિનિવેશિકમિથ્યાત્વ છોડી જિન આગમોક્ત આચરણા આચરે તે સર્વ તીર્થંકર-ધર્મનું બહુમાન કરવાવાળો જાણવો, પણ જે નર સિદ્ધાંતને ન માને, પોત-પોતાના ગચ્છમમત્વ, કદાગ્રહના ગ્રંથ તથા પોતપોતાના ગચ્છની પરંપરાનું બહુમાન કરી શુદ્ધ સિદ્ધાંતપંચાંગી મુજબ વર્તવાવાળા પુરુષોનું અપમાન કરે છે તે નર અરિહંત, આચાર્ય અને ધર્મ એ ત્રણેનો જમાલીની પેઠે આશાતના કરવાવાળો જાણવો.

ઉપર લખ્યાનો સાર એ છે કે આગમોક્ત આચાર આચરવો તે આગમોક્ત પરંપરાથી આચરણા કહી. શ્રી અનુયોગદ્વારસૂત્રમાં આગમ ત્રણ પ્રકારે કહ્યા છે તે પાઠ –

से किं तं आगमे ? आगमे दुविहे पण्णत्ते, तं जहा – लोइएअ लोउत्तरिएअ । से किं तं लोइए ? लोइए जण्णं इमं अण्णाणिइएहिं मिच्छादिट्ठिएहिं सच्छंदबुमिइ विगप्पियं, तं जहा भारहं रामायणं जाव चत्तारि वेआ सांगोवंगा । से तं लोइए । से किं तं लोउत्तरिए ?

लोउत्तरिए जण्णं इमं अरिहंतेहिं भगवंतेहिं उप्पण्णणाणदंसणधरेहिं तीयपच्चुप्पण्णमणागयजाणएहिं तिल्लुक्कवहि अमहियपूइएहिं सव्वण्णूहिं सव्वदरसीहिं पणीअ दुवालसंगं गणिपीडगं, तं जहा – आयारो जाव दिट्ठिवाओ । अहवा आगमे तिविहे पण्णत्ते, तं जहा – सुत्तागमे, अत्थागमे, तदुभयागमे । अहवा आगमे तिविहे पण्णत्ते तं जहा – अत्तागमे, अणंतरागमे, परंपरागमे । तित्थगराणं अत्थस्स अत्तागमे, गणहराणं सुत्तस्स अत्तागमे अत्थस्स अणंतरागमे, गणहरसीसाणं सुत्तस्स अणंतरागमे अत्थस्स परम्परागमे, तेण परं सुत्तस्सवि अत्थस्सवि णोअत्तागमे णोअणंतरागमे परंपरागमे ॥

व्याख्या – से किं तं आगमेत्यादि । गुरुपारंपर्येणागच्छतीत्यागमः, आ समंताद्गम्यन्ते ज्ञायन्ते जीवादयः पदार्थाः अनेनेति वा आगमः, अय च द्विधा प्रज्ञप्तस्तद्यथा – लोइएत्यादि, इदं चेहैव पूर्व्वं भावश्रुतं विचारयता व्याख्यातं यावत् सेत्तं लोइए ॥ से किं तं लोगुत्तरिए आगमेत्ति अहवा आगमे तिविहे इत्यादि, तत्र सूत्रमेव सूत्रागमस्तदभिधेयश्चार्थ एवार्थागमः सूत्रार्थोभयरूपस्तु तदुभयागमः, अथवा अन्येन प्रकारेणागमस्त्रिविधः प्रज्ञप्तस्तद्यथा आत्मागमइत्यादि । तत्र गुरूपदेशमंतरेणात्मन एव आगम आत्मागमो यथा तीर्थंकराणामर्थस्यात्मागमः स्वयमेव केवलोपलब्धो, गणधराणां तु सूत्रस्यात्मागमः स्वयमेवग्रथितत्वादर्थस्यानंतरागमोऽनन्तरमेव तीर्थकरादागतत्वात् ॥

उक्तं च – अत्थं भासइ अरहा सुत्तं गुत्थंति गणहरा निउणमित्यादि । गणधरशिष्याणां जंबूस्वामिप्रभृतीनां सूत्रस्यानन्तरागमोऽव्यवधानेन गणधरादेव श्रुतेः, अर्थस्य परंपरागमो गणधरेणैव व्यवधानात्तत ऊर्ध्वं प्रभवादीनां सूत्रस्यार्थस्य च नात्मागमो नानंतरागमस्तल्लक्षणायोगादपि तु परम्परागम एव ।

અર્થ :- ગુરુપરંપરાએ આવે તેને આગમ કહેવાય અથવા જીવાદિક પદાર્થ આ એટલે સર્વ પ્રકારે, ગમ એટલે જાણીએ તેને આગમ કહેવાય.

તે આગમ બે પ્રકારનું છે : લૌકિક અને લોકોત્તરિક. ત્યાં આદિ ભેદ કહે છે - સે કિં તં લોઈએ ઇત્યાદિ. અહીં જેમ ભાવશ્રુત કહ્યું તેમ લેવું, અથવા આગમ ત્રણ પ્રકારે પ્રરૂપ્યું તે જ કહે છે - સૂત્ર એટલે સૂત્રાગમ, અર્થ એટલે અર્થાગમ અને સૂત્ર-અર્થ બંને સાથે હોય તે તદુભયાગમ કહેવાય. વળી, આગમ ત્રણ પ્રકારે પણ કહેવાય છે. ગુરુના ઉપદેશ વિના આત્માથી જ જે આગમ તે આત્માગમ જેમ - શ્રી તીર્થંકરને અર્થનું કથન તે આત્માગમ જ હોય કેમ કે તેઓ સ્વયમેવ કેવલજ્ઞાને કરી સર્વ પદાર્થને જાણે છે, ગણધર ભગવંતને સૂત્રનું જ્ઞાન હોય તેને આત્માગમ કહેવાય કેમ કે તેમણે જ સૂત્ર ગૂંથ્યા છે માટે. અને તે ગણધરને અર્થનું જ્ઞાન તે અનંતરાગમ કહેવાય, કારણ કે અર્થનું જ્ઞાન તીર્થંકર પાસેથી આંતરો પડ્યા વિના ગણધર પાસે આવ્યું છે તેથી. તે કહ્યું છે -- **"अत्थं भासइ अरहा इत्यादि ।"**

તથા શ્રી ગણધરના શિષ્ય શ્રી જંબૂસ્વામી આદિને સૂત્રનું જ્ઞાન તે અનંતરાગમ છે, તેમને સૂત્ર ગણધર પાસેથી આંતરા વિના આવ્યું છે તેથી. વળી તેમને અર્થનું જ્ઞાન પરંપરાગમ છે, કારણ કે તે અર્થનું જ્ઞાન ગણધરરૂપી અંતર પામીને આવ્યું છે. પરંપરાથી આવે તે પરંપરાગમ, શ્રી પ્રભવસ્વામીને ગુરુપરંપરાથી મળેલ સૂત્રનું જ્ઞાન અને અર્થનું જ્ઞાન તે આત્માગમ પણ નથી કે અનંતરાગમ પણ નથી, તેને પરંપરાગમ કહેવાય. આ નિયમથી ગણધર ભગવંતના શિષ્યથી પછી થયેલા શ્રી પ્રભવસ્વામીથી માંડીને પાંચમા આરાના છેલ્લા આચાર્ય દુપ્પસહસૂરિ સુધી આચારાંગસૂત્ર આદિ હોય તે પરંપરાગમ જાણવા. તે પરંપરાગમ ઉક્ત આચારને આચરવું તે પરંપરાગમ આચરણા જાણવી. શ્રી ભગવતીસૂત્રમાં પણ ત્રણ પ્રકારના આગમ કહ્યા છે તે પાઠ :

से किं तं पमाणे ? पमाणे चउव्विहे पण्णत्ते । तं जहा पच्चक्खे, अणुमाणे, ओवमे, आगमे जहा अणुओगद्दारे तहाणेयव्वं जाव तेण परं णोअत्तागमे णोअणंतरागमे परम्परागमे ॥

व्याख्या- आगमस्तु द्विधा लौकिकलोकोत्तरभेदात्, त्रिधा वा सूत्रार्थोभयभेदात्, अन्यथा वा त्रिधा आत्मागमानन्तरागमपरम्परा-

गमभेदात्, तत्रात्मागमादयोऽर्थतः क्रमेण जिनगणधरतच्छिष्यापेक्षया द्रष्टव्याः । सूत्रतस्तु गणधरतच्छिष्यप्रशिष्यापेक्षयेति ।

એ પાઠનો અર્થ પૂર્વે લખ્યો તેમ જાણવો. એ પૂર્વોક્ત પાઠમાં ત્રિવિધ આગમ કહ્યાં તેની વ્યાખ્યા વૃત્તિકારે શ્રી ભગવતીસૂત્ર અને ઠાણાંગસૂત્રમાં પ્રત્યનીકસૂત્રના અધિકારમાં આવી રીતે કરી છે. તે પાઠ :

सुवण्णं भन्ते पडुच्च पुच्छा गोयमा तओ पडिणीया पण्णत्ता । तं जहा सुत्तपडिणीए अत्थपडिणीए तदुभयपडिणीए ।

एवं ठाणांगेऽपि। सुयं पडुच्च तओ पडिणीया पण्णता । तं जहा सुत्तपडिणीए अत्थपडिणीए तदुभयपडिणीए ।

उभयोर्व्याख्या - त्रयः प्रत्यनीकाः प्रज्ञप्तास्तद्यथा सूत्रप्रत्यनीकोऽर्थप्रत्यनीकस्तदुभयप्रत्यनीक इति अनुवादार्थः । व्याख्याश्रुतं सूत्रादि, तत्र सूत्रं व्याख्येयं, अर्थस्तद्व्याख्यानं निर्युक्त्यादि, तदुभयमेतद्द्वितयमिति ॥

અર્થ :- સૂત્રને અંગીકાર કરી હે ભગવાન કેટલા પ્રત્યનીક પ્રરૂપ્યા ? હે ગૌતમ, ત્રણ પ્રત્યનીક પ્રરૂપ્યા, તે આ મુજબ : (૧) સૂત્રપ્રત્યનીક, (૨) અર્થપ્રત્યનીક અને (૩) તદુભયપ્રત્યનીક. વ્યાખ્યાર્થશ્રુત તે સૂત્રાદિક. ત્યાં સૂત્ર તે વ્યાખ્યાન કરવા યોગ્ય, તેના પ્રત્યનીક. અર્થ તે સૂત્રનું વ્યાખ્યાન. નિર્યુક્ત્યાદિક તેના પ્રત્યનીક. તદુભય તે સૂત્ર અને અર્થ બંનેના પ્રત્યનીક. એ જ રીતે ઠાણાંગસૂત્રની વ્યાખ્યા પણ જાણવી. વ્યાખ્યાન કરવા યોગ્ય સૂત્ર શ્રી ઠાણાંગસૂત્રમાં શ્રુતજ્ઞાનના અધિકારમાં ૭ પ્રકારનું કહ્યું છે, તેનો પાઠ :

सुअनाणे दुविहे पन्नत्ते, तं जहा - अंगपविट्ठे चेव अंगबाहिरे चेव । अंबाहिरे दुविहे पन्नत्ते, तं जहा - आवस्सए चेव आवस्सवइरित्ते चेव । आवस्सवइरित्ते दुविहे पन्नत्ते, तं जहा - कालिए चेव उक्कालिए चेव ।

व्याख्या - सुअनाणेत्यादि । प्रवचनपुरुषस्यांगानीवांगानि, तेषु

प्रविष्टं तदभ्यन्तरं तत्स्वरूपमित्यर्थः, तच्च गणधरकृतम् । उप्पन्ने इत्यादि मातृकापदत्रयप्रभवं वा ध्रुवं श्रुतं वा आचारादि, यत्पुनः स्थविरकृत-मातृकापदत्रयव्यतिरिक्तव्याकरणनिबद्धमध्रुवं श्रुतं चोत्तराध्ययनादि तदंगबाह्यमिति । आह च -

गणहर १, थेराइकयं २, आएसा १, सुक्कवागरणओवा २ ।

धुवं १ चलविसेसणाओ २, अंगाणंगेसणाणत्तंति ॥१॥

अंगबाहिरे इत्यादि । अवश्यं कर्तव्यमित्यावश्यकं सामायिकादि-षड्विधं । आह च -

समणेस सावएण य अवस्सकायव्वं हवइ जम्हा ।

अंतोअहोनिसिस्सय तम्हा आवस्सयं नामंति ॥१॥

आवश्यकाद्यव्यतिरिक्तं ततो यदन्यदिति आवस्सगवइरित्तेत्यादि । यदिह दिवसनिशाप्रथमपश्चिमपौरुषीद्वये एव पठ्यते तत्कालेन निवृत्तं कालिकमुत्तराध्ययनादि यत्पुनः कालवेलावर्जं पठ्यते तदूर्ध्वं कालिकादित्युत्कालिकं दशवैकालिकादि ॥२३॥

શ્રુતજ્ઞાનના બે ભેદ છે. (૧) અંગપ્રવિષ્ટ અને (૨) અંગબાહ્ય. પ્રવચનપુરુષના અંગની પેઠે અંગને વિશે પ્રવિષ્ટ, અભ્યંતર સ્વરૂપ એટલે શ્રુતપુરુષના અંગને વિશે અંગભાવે કરી રહેલ તે અંગપ્રવિષ્ટશ્રુતજ્ઞાન. ઉપ્પને ઇ વા આદિ ત્રિપદી સાંભળી શ્રી ગણધરે રચેલા ધ્રુવ શ્રુત આચારાંગ આદિ અંગ તે અંગપ્રવિષ્ટશ્રુત. વળી જે શ્રુતસ્થવિરના કરેલા માતૃકાપદ એટલે ત્રિપદી રહિત વ્યાકરણનિબદ્ધ અધ્રુવ શ્રુત તે ઉત્તરાધ્યયન-સૂત્ર આદિ ગણહરથેરાઇ ગાથોક્ત તે અંગબાહ્યસૂત્ર કહીએ. અંગબાહ્યસૂત્રના બે પ્રકાર (૧) આવશ્યક, (૨) આવશ્યકવ્યતિરિક્ત. સાધુ-શ્રાવકને સામાયિક વગેરે છ પ્રકારનું અવશ્ય કરવું તેનું નામ આવશ્યકસૂત્ર અને આવશ્યકથી જુદો સિદ્ધાંત તેને આવશ્યકવ્યતિરિક્તસૂત્ર કહેવાય. આવશ્યકવ્યતિરિક્તના બે ભેદ (૧) કાલિક અને (૨) ઉત્કાલિક. કાળવેળા અર્થાત્ પ્રથમ અને છેલ્લી પોરિસિએ જ ભણાય તે ઉત્તરાધ્યયનાદિ તે કાલિકસૂત્ર અને કાળવેળા

રહિત ભણાય તે દશવૈકાલિક આદિ તે ઉત્કાલિકસૂત્ર કહેવાય. શ્રી નંદીસૂત્રમાં સમ્યક્ શ્રુતાધિકાર તથા શ્રી પક્ખીસૂત્રમાં સૂત્રઉત્કીર્તનાધિકારે જે-જે સૂત્ર કહ્યા તે તે સર્વે સૂત્રાગમ કહીએ. તથા વળી (૧) વિધિસૂત્ર, (૨) ઉદ્યમસૂત્ર, (૩) ભયસૂત્ર, (૪) વર્ણકસૂત્ર, (૫) ઉત્સર્ગસૂત્ર, (૬) અપવાદસૂત્ર, (૭) તદુભયસૂત્ર.

ત્યાં પ્રથમ શ્રી દશવૈકાલિકના પંચમ અધ્યયનમાં કહ્યું - **संपत्ते भिक्खु-कालंमि असंभंतो अमुच्छिओ इम्मेण कम्मजोगेणं भत्तपाणं गवेसए १** । ઇત્યાદિ વિધિસૂત્ર છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના દશમા અધ્યયનમાં લખ્યું - **दुमपत्तयपंडुयए जहा निवडइ राइगणाणमच्चए । एवं मणुयाण जीवियं समयं गोयम मा पमायए ॥** ઇત્યાદિ ઉદ્યમસૂત્ર છે.

નરકાદિને વિશે માંસ-રૂધિરાદિનું વર્ણન વગેરે કરવું જેમ ઉત્તરાધ્યયન-સૂત્રમાં મૃગાપુત્રીયઅધ્યયનમાં તથા સૂયગડાંગસૂત્રના નરકવિભક્તિ-અધ્યયનમાં જે વર્ણન છે તે તે પરમાર્થે માંસાદિકનું વર્ણન નથી, પણ ભયસૂત્ર છે. જેથી **नरएसु मंसरूहिराई वजंपसिद्धिमित्तेणं भयहेउइहरतेसिं विउव्वियपायओनतेयं २॥** ઇત્યાદિ ભયસૂત્ર છે.

ઔપપાતિકસૂત્ર-જ્ઞાતાધર્મકથાસૂત્ર પ્રમુખમાં **ऋधित्थमियसमिद्धा** ઇત્યાદિ પ્રાયિક સૂત્ર છે તે વર્ણકસૂત્ર છે.

વળી, શ્રી આચારાંગસૂત્ર આદિમાં **इच्चेसिं छन्हजीवनिकायाणं नेवसयं दंडसमारंभेज्जा** ઇત્યાદિ ઉત્સર્ગસૂત્ર જાણવાં.

છેદગ્રંથો પ્રાયઃ અપવાદસૂત્ર છે. અથવા **नयालभिझा निउणं सहायं गुणाहियं वा गुणओसमं वा । इक्कोवि पावाइ विवज्जयन्ते विहरिज्ज कम्मेसु संजमाणो ॥** ઇત્યાદિક અપવાદસૂત્ર જાણવા. જેમાં ઉત્સર્ગ અને અપવાદ બંને સાથે કહેવાય તે તદુભયસૂત્ર કહીએ. આમ સાત પ્રકારના સૂત્ર પણ સૂત્રાગમ કહીએ. પૂર્વોક્ત સર્વ પ્રકારના સૂત્રમાંથી કોઈ સૂત્ર ન માને તેને સૂત્રપ્રત્યનીક કહીએ.

હવે અર્થાગમનું સ્વરૂપ લખીએ છીએ. અર્થ એટલે સૂત્રનું વ્યાખ્યાન. નિર્યુક્ત્યાદિક એટલે શ્રી અનુયોગદ્વારસૂત્રમાં ચાર અનુયોગદ્વાર કહ્યા છે. (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ અને (૪) નય. તેમાં ત્રીજા અનુયોગદ્વારમાં અનુગમ નામ છે. તેમાં સૂત્રાનુગમ તથા નિર્યુક્તિઅનુગમ એમ બે પ્રકારનો અનુગમ કહ્યો છે. તે પાઠ :

अणुगमे दुविहे पण्णत्ते, तं जहा - सुत्ताणुगमे अ निज्जुत्तिअणुगमे अ। व्याख्या - सूत्रानुगमः सूत्रव्याख्यानमित्यर्थः, निर्युक्त्यनुगमश्च । नितरां युक्ताः सूत्रेण सह लोलीभावेन संबद्धा निर्युक्ता अर्थास्तेषां युक्तिः स्फुटरूपतापादनमेकस्य युक्तशब्दस्य लोपान्निर्युक्तिर्न्नाम-स्थापनाप्रकारैः सूत्रविभजनेत्यर्थस्तद्रूपोऽनुगमस्तस्या वानुगमो व्याख्यानं निर्युक्त्यनुगमः ॥

પ્રશ્ન :- અથ અનુગમ એટલે શું ?

જવાબ :- સૂત્રનો અર્થ અનુક્રમપણે કહેવો તે અનુગમ. અથવા સૂત્રને અનુગમીએ-વખાણીએ જેણે કરી તે અનુગમ કહીએ. અનુગમના બે ભેદ છે. (૧) સૂત્રાનુગમ અને (૨) નિર્યુક્તિઅનુગમ. સૂત્રનું અનુગમ કહેતાં વખાણવું તે સૂત્રાનુગમ.

નિ કહેતાં અતિશય અને **યુક્તિ** કહેતાં સૂત્ર સાથે લોલીભાવસંબંધને પામેલા અર્થને નિર્યુક્તિ કહેવાય. નિર્યુક્તને જે યુક્તિ કહેતાં પ્રગટરૂપપણાનુ કરવું તેમ અહીંયાં યુક્ત શબ્દનો લોપ થવાથી નિર્યુક્તિ એવી વ્યુત્પત્તિ થઈ. એટલે નિર્યુક્તિ કહેતાં નામ-સ્થાપનાદિક પ્રકારે સૂત્રનું વિભાજન કરીને વખાણવું એ તેનો અર્થ. તે મુજબ જે અનુગમ અથવા તેનું જે અનુગમ કહેતાં વખાણવું તે નિર્યુક્તિઅનુગમ કહેવાય. નિર્યુક્તિઅનુગમ ત્રણ પ્રકારનાં કહ્યાં છે. (૧) નિક્ષેપ, (૨) સૂત્ર અને (૩) ઉપોદ્‌ઘાત. એ ત્રણ અનુગમનો અર્થ શ્રી અનુયોગદ્વાર મૂળ સૂત્રવૃત્તિથી જાણવો. શ્રી ભગવતીસૂત્રમાં પણ ત્રણ પ્રકારે વ્યાખ્યાન અર્થ કહેવો તેમ કહ્યું છે. તે પાઠ :

सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्तिमीसणो भणिओ ।
तइओ य णिरवसेसो, एसविहो होइ अणुओगो ॥१॥

व्याख्या - सूत्रार्थमात्रप्रतिपादनपरः सूत्रार्थोऽनुयोग इति गम्यते खलुशब्दस्त्वेवकारार्थः स चावधारण इत्येतदुक्तं भवति गुरुणा । सूत्रार्थमात्राभिधानलक्षणः प्रथमोऽनुयोगः कार्यो, मा भूत्प्राथमिक-विनेयानां मतिमोह इति। द्वितीयोऽनुयोगः सूत्रस्पर्शिकनिर्युक्तिमिश्रः कार्य इत्येवंभूतो भणितो जिनादिभिः । तृतीयश्च तृतीयः पुनरनुयोगो निरवशेषस्य प्रसक्तानुप्रसक्तस्यार्थस्य कथनात्, एषोऽनंतरोक्तः प्रकार-त्रयलक्षणो भवति स्याद्विधिर्विधानमनुयोगे सूत्रस्यार्थेनानुरूपतया योजनलक्षणे विषयभूत इति गाथार्थः ॥

અર્થ :- સૂત્રનો અર્થમાત્ર એટલે સૂત્રનો જ સામાન્ય અર્થ, પ્રતિપાદનપર એટલે કહેવાને તત્પર, તે સૂત્રાર્થઅનુયોગ એવું કહેવાય. ખલુ શબ્દ અહીં અવધારણ માટે છે. એવું કહ્યું છે કે ગુરુએ સૂત્રાર્થમાત્ર અભિધાન લક્ષણ એ માટે પહેલો અનુયોગ છે. એટલે પ્રાથમિક શિષ્યોને મતિમોહ ન થાય તે માટે સૂત્રનો જ અર્થ એવે નામે પહેલો અનુયોગ કહેવો.

અહીંયાં બીજો અનુયોગ સૂત્રસ્પર્શનિર્યુક્તિમિશ્ર કરવો એવું જિનાદિકે કહ્યું છે.

ત્રીજો અનુયોગ સૂત્રઅર્થનિર્યુક્તિથી બેઉ પ્રકારે નિર્વિશેષનો. એટલે જે પ્રસંગ-અનુપ્રસંગે મળતો અર્થ. તે સર્વ કહેવાથી નિર્વિશેષ એવા નામનો ત્રીજો અનુયોગ થાય. એ અનંતરોક્ત પ્રકારે ત્રણ લક્ષણ થાય. વિધિવિધાન અનુયોગને વિશે આવા સૂત્રના અર્થને વિશે અનુરૂપપણે કરી યોજન લક્ષણે વિષયભૂત એ પ્રમાણે ગાથાર્થ છે.

ભાવાર્થ :- ત્રણ પ્રકારનું સૂત્રનું વ્યાખ્યાન દેખાડ્યું તેમાં પ્રથમ સૂત્રનો શબ્દાર્થ શિષ્યને દેવો. જેમ નમો કહેતાં નમસ્કાર થાઓ, અરિહંતાણં કહેતાં રાગ-દ્વેષરૂપ શત્રુ હણ્યા માટે. તે શબ્દાર્થ અવળી રીતે આવ્યો.

ત્યારે બીજો કહેતાં બીજી વાર અર્થ કહે તે નિજ્જુતિમીસઓ કહેતાં નિર્યુક્તિસહિત અર્થ કહે. અરિહંતના ચાર પ્રકાર છે. (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય અને (૪) ભાવ.

नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंदपडिमाओ ।
दव्वजिणा जिणजीवा भावजिणा समवसरणत्था ॥१॥

આમ બીજીવાર અર્થ આવડ્યો. પછી ત્રીજી વાર ફરી એ જ પદનો અર્થ નિર્વિશેષ કહેતાં સમસ્ત રીતે કહે. સંગે-પ્રસંગે સર્વ કહે. શક્તિ હોય તો નૈગમનય આદિ નયો પણ કહે. દાખલા તરીકે અરિહંતના નમસ્કારનું ફળ પણ કહે.

પ્રથમ અર્થમાં ટીકા, ચૂર્ણિ અને બીજા અર્થમાં નિર્યુક્તિ તથા ત્રીજા અર્થમાં ભાષ્ય આવ્યું. સૂત્રનું વ્યાખ્યાન તે નિર્યુક્તિ-ભાષ્ય-ટીકા અને ચૂર્ણિ એ ચાર અર્થાગમ કહેવાય. સૂત્ર અને અર્થ બંને હોય અર્થાત્ સૂત્ર તે આચારાંગસૂત્ર આદિ અને અર્થ તે નિર્યુક્તિ-ભાષ્ય-ટીકા-ચૂર્ણિ પ્રમુખ તેને તદુભયઆગમ કહીએ. એ પૂર્વોક્ત ત્રણ પ્રકારના આગમને આરાધે તે જીવ આરાધક થાય.

यदुक्तं श्री भगवत्यंगे - से नूणं तमेव सच्चं नीसंकं जे जिणेहिं पवेइयं ? हंता गोयमा तमेव सच्चं जाव जिणेहिं पवेइयं ॥ से नूणं भंते एवं मणं धारेमाणे एवं करेमाणे एवं संवरेमाणे आणाए आराहए भवइ ? हंता गोयमा एवं मणं धारेमाणे जाव आराहए भवइ ॥

પ્રશ્ન :- ગૌતમસ્વામી પૂછે છે કે ભગવંત નિઃશંક સત્ય કયું ?

જવાબ :- ભગવંત કહે છે કે હે ગૌતમ, વીતરાગે કહ્યું તે નિઃશંક સત્ય છે. વળી પાછું ગૌતમસ્વામીએ પૂછ્યું કે -

પ્રશ્ન :- જે વીતરાગે કહ્યું તેને માનતો, કરતો, સંવરતો, આજ્ઞા પાળતો જીવ આરાધક હોય ?

જવાબ :- હા, ગૌતમ એમ કરતો જીવ આરાધક હોય.

એટલે પૂર્વોક્ત ત્રણ પ્રકારના સૂત્રમાં કહ્યા મુજબની આચરણા આચરતો જીવ સંસારસમુદ્ર તરે. પૂર્વોક્ત ત્રણ પ્રકારના સૂત્રની આચરણા-આજ્ઞા ખંડે (તોડે) તો જીવ સંસાર વધારે, તેવું સમવાયાંગસૂત્રવૃત્તિમાં કહ્યું છે. તે પાઠ :

इच्चेइयं दुवालसंगं गणिपीडगं अतीतेकाले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतसंसारकंतारे अणुपरिअट्टिंसु (समवायसूत्रे)

इदं हि द्वादशांगं सूत्रार्थोभयभेदेने त्रिविधं । ततश्चाज्ञया सूत्राज्ञया-ऽभिनिवेशतोऽन्यथापाठादिलक्षणया, अतीतकालेऽनंताजीवाश्चतुरन्तं संसारं चतुरन्तनारकतिर्यग्नरामरविविधवृक्षजालदुस्तरं भवाटवीगहन-मित्यर्थः अनुपरावृत्तिवन्तो जमालिवत्, अर्थाज्ञतया पुनरभिनिवेशतो-ऽन्यथाप्ररूपणादिलक्षणया गोष्ठामाहिलवत्, उभयाज्ञया पुनः पंचविधा-चारपरिज्ञानकरणोद्यतगुर्वादेशादेरन्यथाकरणलक्षणया गुरुप्रत्यनीक-द्रव्यलिंगधारकानेकश्रमणवत्, सूत्रार्थोभयैर्विराध्येत्यर्थः, अथवा द्रव्य-क्षेत्र-काल-भावापेक्षमागमोक्तानुष्ठानमेवाज्ञाततया तदकरणेनेत्यर्थः ॥

એ દ્વાદશાંગ સૂત્રાર્થ ઉભય ભેદે કરી ત્રણ પ્રકારનું, તેની આજ્ઞા તે સૂત્રઆજ્ઞા. તે અભિનિવેશ થકી અન્યથા કહે તે જીવ ચતુર્ગતિમાં જમાલીની પેઠે વારંવાર પરિભ્રમણ કર્યા કરે છે અને કરશે. અર્થને વિપરીતપણે ભાવે-પ્રરૂપે તે ગોષ્ઠામાહિલની જેમ સંસારપરિભ્રમણ કર્યા કરે છે અને કરશે. સૂત્ર અને અર્થ બંનેને વિપરીતપણે પ્રરૂપનાર પણ અનેક દ્રવ્યસાધુની જેમ સંસારપરિભ્રમણ કરે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ અજાણપણે આગમોક્તઅનુષ્ઠાન ન કરે તે પણ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે અને કરશે.

ઉપર લખ્યાનો ભાવાર્થ એ છે કે આગમને જે કોઈ માને છે પણ તેના સૂત્રનું એક પદ કે એક અક્ષર કે એક પદનો અર્થ વિપરીતપણે કહે તે મિથ્યાદૃષ્ટિ જાણવો. પૂજ્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કૃત સંગ્રહણીમાં તે જ કહ્યું છે –

तथा च तत्पाठः । मिथ्यादृष्टिलक्षणमाह -

पयमक्खरंपि एगं जो न रोचइ सुत्तनिद्दिट्ठं ।

सेसं रोयंतो विहु मिच्छदिट्ठी मुणेअव्वो ॥

व्याख्या - सूत्रनिर्दिष्टमेकमपि पदमक्षरं वा यो न रोचयति न स्वचेतसि सत्यमेतदिति परिणमयति स शेषं सकलमपि द्वादशांगार्थमभिरोचयमानोऽपि मिथ्यादृष्टिर्ज्ञातव्यः तस्य भगवति जगद्गुरौ प्रत्ययनाशात् । अथ किं तत्सूत्रं यद्गतस्य पदस्याक्षरस्य चैकस्याप्यरोचनान्मिथ्यादृष्टिर्भवतीति सूत्रस्वरूपमाह -

सुत्तं गणहररइयं तहेव पत्तेयबुद्धरइयं च ।

सुयकेवलिणा रइअं अभिन्नदसपुव्विणा रइयं ॥१॥

यद्गणधरैः सुधर्मस्वामिप्रभृतिभिर्विरचितं यच्च प्रत्येकबुद्धैर्यच्च श्रुतकेवलिना चतुर्दशपूर्वधारिणा यच्चाभिन्नदशपूर्वेण परिपूर्णदशपूर्वधारिणा विरचितं तदेतत्सर्वं सूत्रमिति ॥

ભાવાર્થ :- મિથ્યાદૃષ્ટિના લક્ષણ કહે છે કે સૂત્રનું એક પણ પદ અથવા અક્ષર ઉપલક્ષણથી પદનો અર્થ એ સર્વે જે સૂત્રમાં કહ્યું તે, તેમાંથી એક પણ પદ કે અક્ષરનો અર્થ સત્ય છે એવું પોતાના ચિત્તમાં ન પરિણમે અને બાકીનો સમસ્ત પણ દ્વાદશાંગીનો અર્થ રોચકનામ સત્ય માનતો હોય તે પણ મિથ્યાદૃષ્ટિ જાણવો. કારણ તેને ભગવાન અને ગુરુ ઉપર પ્રતીતિનો નાશ થયો છે. હવે તે સૂત્ર કયું જેમાં રહેલા પદ કે એક અક્ષરનું પણ અરોચકપણું હોય તે મિથ્યાદૃષ્ટિ હોય ? તે સૂત્રનું સ્વરૂપ આ મુજબ છે.

ગણધર રચિત તે સિદ્ધાંત, પ્રત્યેકબુદ્ધ નમિ-કરકંડુ વગેરેના રચેલા તે તથા ચૌદપૂર્વધર અને દશપૂર્વધરના રચેલાં તે સર્વે સૂત્ર જાણવા. એટલે કે સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા એ પાંચે અંગ ગણધરાદિના કરેલા જે પ્રાણી યથાર્થપણે ન સદ્દહે તે પ્રાણી મિથ્યાદૃષ્ટિ, જિનાજ્ઞા બહાર અને અનંતસંસારી જાણવા.

પ્રશ્ન :- ઉપર લખ્યા મુજબ ગણધર, પ્રત્યેકબુદ્ધ અને ચૌદપૂર્વધર એઓની

કરેલી પંચાંગી માનવી સિદ્ધ થશે. પણ અત્યારે જે પંચાંગી છે તે તો ગણધરાદિ દશપૂર્વધરકૃત નથી, તો તેને કેમ માનો છો ?

જવાબ :- નંદીસૂત્રમાં સ્વામીસંબંધચિંતનાધિકારે શ્રી ગણધરાદિક ચૌદપૂર્વધર, પશ્ચાનુપૂર્વીએ દશપૂર્વધર સુધી નિયમથી સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે. ત્યારપછી સંપૂર્ણદશપૂર્વધરથી પશ્ચાનુપૂર્વીએ ભિન્નદશપૂર્વધરને નિશ્ચય-સમ્યગ્દૃષ્ટિ ભજનાએ કહ્યા છે. (ભજના અર્થાત્ નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ હોય પણ ખરા અને ન પણ હોય.) પણ વ્યવહારસમ્યક્ત્વની ભજના કહી નથી. તેથી ભિન્નદશપૂર્વધરથી યાવત્ એક પૂર્વધર સુધી નિશ્ચયસમ્યક્ત્વ આશ્રયી તો ભજના પણ વ્યવહારસમ્યક્ત્વને આશ્રયીને નિયમા સમ્યગ્દૃષ્ટિ કહીએ. કેમ કે પૂર્વનું જ્ઞાન વ્યવહારસમ્યક્ત્વ વિના હોય નહીં. તે પછી વ્યવહારસમ્યક્ત્વની પણ ભજના અને નિશ્ચયસમ્યક્ત્વની પણ ભજના. "સમ્યક્ત્વપરીક્ષા" નામના ગ્રંથમાં કહ્યું છે કે દશપૂર્વધર સુધી નિશ્ચયસમ્યક્ત્વ જાણવું. ત્યારપછી નિશ્ચયસમ્યક્ત્વની ભજના જાણવી. એટલે ઘણા પૂર્વધારી જીવોને તો નિશ્ચયસમ્યક્ત્વ હોય. કોઈ પૂર્વધારીને નિશ્ચયથી સમ્યક્ત્વ ન હોય, પણ વ્યવહારથી જ્યાં સુધી સમ્યક્ત્વ હોય ત્યાં સુધી તેઓના કહેલા ગ્રંથ તથા ક્રિયા-અનુષ્ઠાન આદિ શુભ વ્યવહાર દેખી બીજા જીવ પ્રમાણ કરે તથા સત્કાર વગેરે કરે તે સફળ જ જાણવું. તેથી ગણધરદેવકૃત અંગપ્રવિષ્ટ મૂળભૂત સૂત્ર આચારાંગસૂત્ર આદિ દ્વાદશાંગ તેનો એક દેશ અંગીકાર કરીને શ્રુતસ્થવિરના રચેલા ઉત્તરાધ્યયનસૂત્ર આદિ અનંગપ્રવિષ્ટસૂત્ર સર્વ સમ્યક્ સૂત્ર જાણવાં. તેમજ શ્રુતસ્થવિરોના કરેલા વૃત્તિ-ચૂર્ણિ આદિ વ્યાખ્યાન પણ સમ્યક્શ્રુત સદ્દહવાં. તથા ભિન્નદશપૂર્વધરથી એક પૂર્વધરના રચેલા પણ ગણધર આદિ કૃતના અનુયાયીપણાથી સમ્યક્શ્રુતપણે જ ધારણ કરવાં. તેવી જ રીતે પૂર્વધરકૃતના અનુયાયી ગીતાર્થોના રચેલા પણ પૂર્વધરની જેમ સમ્યક્શ્રુત સમજવાં.

तथा चोक्तं श्री शांतिसूरिकृत धर्मरत्नप्रकरणवृत्तौ ॥ तत्पाठः॥

सुत्तं गणहररइयं तहेव पत्तेयबुद्धरइयं च ।

सुयकेवलिणा रइयं, अभिन्नदशपूव्विणा रइयं ॥

इत्येषां च निश्चयसम्यग्दृष्टित्वेव सद्भूतार्थवादित्वादन्यग्रथितमपि तदनुयायि प्रमाणमेव, न पुनः शेषमिति ॥

અર્થ :- ગણધરદેવનું રચેલ તે સિદ્ધાંત, પ્રત્યેકબુદ્ધ રચિત તે સૂત્ર, ચૌદપૂર્વધર રચિત તે પણ સૂત્ર-સિદ્ધાંત કહેવાય. અભિન્ન-સંપૂર્ણ દશપૂર્વીનું રચેલ પણ સૂત્ર-સિદ્ધાંત કહેવાય. ગણધર આદિ સંપૂર્ણ દશપૂર્વધરના રચેલા સિદ્ધાંત અનુસારે બીજાના રચેલા પણ પ્રમાણ જ હોય. અલબત્ત પૂર્વોક્ત પૂર્વધરોને અનુસાર ગ્રંથરચના ન હોય તો તે પ્રમાણ ન ગણાય. ॥ઇતિ તત્ત્વમ્॥ (એ પ્રમાણે તત્ત્વ જાણવું.)

ઉપર લખેલાનું તાત્પર્ય એ છે કે ગણધરકૃત દ્વાદશાંગી અનુસાર શ્રુત સ્થવિર-ચૌદપૂર્વધર રચે. ચૌદપૂર્વધર અનુસાર દશપૂર્વધર રચે. દશપૂર્વધર અનુસાર એકપૂર્વધર સુધીના મહાત્મા સૂત્ર-અર્થ-પંચાંગી રચે. તે પૂર્વધરના અનુસાર બહુશ્રુત ગીતાર્થના રચેલા વૃત્ત્યાદિ વ્યાખ્યાન પણ સમ્યક્શ્રુતપણે સમ્યગ્દૃષ્ટિને અંગીકાર કરવાયોગ્ય છે. વર્તમાનકાળમાં સૂત્રની જે પંચાંગી છે તે પૂર્વપંચાંગી અનુસાર જ છે. કારણ કે વર્તમાન વૃત્ત્યાદિકમાં ગ્રંથકાર લખે છે કે પૂર્વ વૃત્ત્યાદિક અનુસાર હું વૃત્તિ કરું છું. આવશ્યકવૃત્ત્યાદિકમાં પૂ. હરિભદ્રાચાર્ય લખે છે કે "**एषा विहि मूलटीकाकारेण भणिया**" આમ, પૂર્વપંચાંગી અનુસાર જ વર્તમાન પંચાંગી છે. અને તેને સર્વ ગીતાર્થ પ્રમાણ કરતાં આવ્યાં છે. મહામહોપાધ્યાય યશોવિજયજી પણ હૂંડીના સ્તવનમાં પૂર્વોક્ત પ્રમાણે પંચાંગીની વાત કહે છે.

સૂત્ર અરથ પહિલો બીજો કહ્યો, નિજજુતીએ રે મીસ,
નિરવશેષ ત્રીજો અંગ પંચમે, એમ કહે તું જગદીશ સ. ॥૧૬॥

અર્થ :- ગુરુ જ્યારે શિષ્યને અર્થ આપે ત્યારે પ્રથમ શબ્દાર્થ જ આપે. તે આવડી ગયા પછી નિર્યુક્તિ અને નિક્ષેપ સહિત વ્યાખ્યાન કરી શીખવે. અર્થ આવડ્યા પછી સંગે-પ્રસંગે દૃષ્ટાંત, હેતુ, નય વગેરે બધું જ સમજાવે. એટલે ભાષ્ય-ટીકા અને ચૂર્ણિ એ ત્રીજી વ્યાખ્યામાં સમાય. આમ, યશોવિજયજીએ સૂત્ર-નિર્યુક્તિ પ્રમુખ પંચાંગી માનવી બતાવી લખ્યું કે હે જગદીશ આવું ભગવતીસૂત્રમાં તેં કહ્યું છે. વળી, પંચાંગી માને તેને જ

પ્રથમ ગાથાથી શુદ્ધ સમકિતી કહ્યા છે. તે ગાથા -

સમકીત સૂધૂ રે તેહને જાણીએ, જે માને તુજ આણ,
સૂત્ર તે વાંચે રે યોગ વહી કરી, કરે પંચાંગી પ્રમાણ. સ. ॥૧॥

અર્થ :- તે શુદ્ધ સમકિતી કહેવાય જે તમારી આજ્ઞા માને. અહીં પ્રશ્ન થશે કે કઈ આજ્ઞા ? તો સમજાવે છે કે જે યોગવહન કરી સૂત્ર વાંચે અને પંચાંગી પ્રમાણ કરે તે આજ્ઞા. મતલબ કે સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા અને ચૂર્ણિમાં જે કહ્યું છે તે સર્વ સત્ય કરી માને. વળી, સાહરરાજ અને દેવરાજના પ્રશ્નોત્તરના પત્રમાં પણ યશોવિજયજી ઉપાધ્યાયે પંચાંગી માનવી લખી છે. જુઓ -> "હવણાં છીન્ન પટ્ટસંધાનન્યાને દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ વાચનાનુગત પંચાંગી શુદ્ધ આલંબતા કાંઈ ન્યૂનતા નથી."

આમ ઉપર લખ્યા પ્રમાણે આજ સુધી સર્વ ગીતાર્થો સૂત્રપંચાંગી માનતા આવ્યા છે તેમજ અમો પણ માનીએ છીએ અને એ પૂર્વોક્ત પંચાંગી સૂત્ર-અર્થ ઉભયરૂપ આગમ છે.

તેથી એ પંચાંગીમાં કહેલા આચારને આચરવું તથા સદહવું તેને આગમઆચરણા કહીએ. તે આગમઆચરણાને કોઈ હઠાગ્રહી, અનંત-સંસારી મિથ્યાદૃષ્ટિ કે દુર્લભબોધિ ન માને તો તેને જૈન કેમ કહેવાય ? અને કદાચ પોતાના મુખથી જૈન નામ રાખે કે જૈન બની જાય તોય તે જૈન નથી. સ્પષ્ટ છે કે વીતરાગના વચન ઉપર શ્રદ્ધા હોય તે જ જૈન કહેવાય, અન્યથા ન કહેવાય."

॥ આગમોક્ત આચરણા નિગમન નામનો પ્રશ્નોત્તર સંપૂર્ણ ॥

॥ ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધાર અપરનામ
ચતુર્થસ્તુતિકુયુક્તિનિર્ણયચ્છેદનકુઠારગ્રંથમાં
પ્રશ્નોત્તરઆગમોક્તઆચરણાનિદર્શન
નામનો પ્રથમ પરિચ્છેદ પૂર્ણ ॥

જિજ્ઞાસુ પ્રશ્ન :- તમો વ્યવહાર, કલ્પ, આચરણા, જીત એકાર્થથી આગમોક્ત આચારમાં વર્તવું તેને આગમ-આચરણા કહો છો, પણ ભગવતીસૂત્રમાં પાંચ વ્યવહાર કહ્યા છે. તેમાંથી હમણાં એક જીતવ્યવહાર જ વર્તે છે, કેમ કે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીએ સીમંધરસ્વામી વિનંતીરૂપ સ્તવનની ચૌદમી ઢાળની સાતમી ગાથામાં કહ્યું છે કે

"વ્યવહાર પાંચે ભાષીયા, અનુક્રમે જેહ પ્રધાન,
આજ તો તેમાં જીત છે, તે તજીએ હો વિગર કેમ નિદાન ? સા. ॥૭॥"

એ ગાથાના અંતે આજ-કાલ પાંચમાંથી જીતવ્યવહાર જ વર્તે છે. તો આગમ-શ્રુત-આજ્ઞા અને ધારણા એ ચાર વ્યવહાર ક્યાંથી હોય ?

તમો આજના કાળમાં બીજા વ્યવહાર શા આધારથી માનો છો ?

વળી, પંચાંગી પ્રમાણ કરો છો, તેમ પંચાંગીકારના કરેલા ગ્રંથ-પ્રકરણ પ્રમાણ કરો છો કે નહીં ?

જવાબ :- આજના કાળમાં એકલો જીતવ્યવહાર જ વર્તે છે તે કહેવું મિથ્યા છે. આગમવ્યવહારને બાદ કરતાં બાકીના ચાર વ્યવહાર આજના કાળમાં પણ વર્તે છે. જુઓ સેનપ્રશ્ન.

॥તત્પાઠ॥ તથાગમ૧-શ્રુતા૨-ઽઽજ્ઞા૩-ધારણા૪-જીત૫વ્યવહારેષ્વધુના કિયંતો વ્યવહારા વર્તન્તે ? ઇતિ પ્રશ્નોઽત્રોત્તરમ્ - આગમવ્યવહારઃ સાંપ્રતં નાસ્ત્યેવ, શ્રુતવ્યવહારસ્તુ સમ્પૂર્ણો નાસ્તિ કિયાન્વર્તત ઇતિ, શ્રુતાદીનાં ચતુર્ણાં વ્યવહારાણાં સાંપ્રતં વિદ્યમાનત્વમવસીયતે તત્રાપિ પ્રાયશ્ચિત્તપ્રદાનં પ્રાયો જીતવ્યવહારાનુસારેણ પ્રવર્તત ઇતિ ।

અનુવાદ :- આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એ પાંચ વ્યવહારમાંથી હમણાં કેટલા વ્યવહાર વર્તે છે ?

ઉત્તર :- શ્રી સેનસૂરિજી કહે છે કે આગમવ્યવહાર તો વર્તમાનકાળે તો નથી જ. શ્રુતવ્યવહાર સંપૂર્ણ નથી, કેટલોક વર્તે છે. તેથી શ્રુતાદિ ચાર વ્યવહારો વિદ્યમાન જણાય છે. પ્રાયશ્ચિત્ત આપવું તે પણ મોટા ભાગે જીતવ્યવહાર અનુસાર પ્રવર્તે છે. અહીં સ્પષ્ટ થાય છે કે આલોચના,

પ્રાયશ્ચિત્ત અધિકારમાં જીતવ્યવહારનું મુખ્યપણું છે. યશોવિજયજીએ પણ તે કારણે જ જીતવ્યવહારને મુખ્ય કહ્યો છે. આમ પૂર્વાચાર્યોના વચન અનુસાર અમે પણ વર્તમાનમાં ચાર વ્યવહાર માનીએ છીએ. ॥**એ પ્રમાણે જિજ્ઞાસુના પ્રથમ પ્રશ્નનો ઉત્તર પૂર્ણ થયો.**॥

હવે બીજો પ્રશ્ન ગ્રંથ માનવાનો, તેમાં પાઠ.

श्रुतधरबहुश्रुतगणिवाचकादिशब्दाभिधेयास्तथा पूर्वगतं सूत्रमन्यच्च विनेयान्वाचयंतीति वाचकाः पुनः ।

वादी य खमासमणे दिवायर वायगित्ति एगट्ठा ।

पुव्वगयंमि उ सुत्ते एए सद्दापयद्दंति ॥१॥

इत्यादिक्रमेण श्रीबृहत्कल्पभाष्य-नंदिवृत्ति-कथावल्ल्यादिग्रन्थोक्त-चिह्नोपलक्षिताः पूर्वधरा ज्ञेयाः॥

ભાવાર્થ :- શ્રુતધર, બહુશ્રુત, ગણિ, વાચક વગેરે શબ્દોથી જે ઓળખાય છે તે તથા શિષ્યોને પૂર્વગત સૂત્ર પ્રતે તથા બીજા પણ શાસ્ત્રો વંચાવે તે વાચક, વળી વાદી-ક્ષમાશ્રમણ-દિવાકર-વાચક એ એકાર્થનામ પૂર્વાચાર્ય રચિત સૂત્રાદિકમાં પ્રવર્તે છે. શ્રી બૃહત્કલ્પભાષ્ય-નંદાદિવૃત્તિ-કથાવલી વગેરે પંચાંગી ગ્રંથોમાં કહ્યા મુજબ ઓળખાવ્યા તે પૂર્વધર જાણવા. ઉમાસ્વાતિવાચકકૃત શ્રાવકપ્રજ્ઞપ્તિ, પ્રશમરતિ, તત્ત્વાર્થ આદિ ૫૦૦ પ્રકરણ ગ્રંથ તથા પૂર્વગતધારિ સંઘદાસવાચક કૃત વસુદેવહિંડી, પંચકલ્પ વગેરે, શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ કૃત જીતકલ્પ, ક્ષેત્રસમાસ, સંગ્રહણી, વિશેષણવતી, મહાભાષ્ય વિશેષાવશ્યક આદિ, વળી પૂર્વગત યોનિપ્રાભૃત આદિ દર્શનશાસ્ત્ર, દ્રવ્યાનુયોગરૂપ સંમતિ આદિ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ, મલ્લવાદિસૂરિ પ્રમુખ કૃત યાવત્ શ્રી દેવર્દ્ધિક્ષમાશ્રમણના રચેલા શ્રી નંદીસૂત્ર પ્રમુખ સૂત્ર, ચૂર્ણિ વગેરે પંચાંગી મુજબ માનવાયોગ્ય જ છે. તે સિવાય વાચકવંશમાં થયેલા આર્યનાગહસ્તિ, નંદીલક્ષપણ પ્રમુખના શિષ્યોના કરેલા સંસ્કૃતશબ્દવ્યાકરણ, પ્રાકૃતશબ્દવ્યાકરણ, કર્મપ્રકૃતિશતક વગેરે કર્મગ્રંથ પણ માનવાયોગ્ય જ છે. વળી, પૂર્વધર પંચાંગી અનુયાયી અને વિક્રમ

સંવત ૫૮૫મા વર્ષે કાળધર્મ પામનાર શ્રી હરિભદ્રસૂરિ રચિત ધર્મસંગ્રહણી, અનેકાંતજયપતાકા, પંચવસ્તુક, ઉપદેશપદ, લગ્નશુદ્ધિ, લોકતત્ત્વનિર્ણય, યોગબિંદુ, ધર્મબિંદુ, પંચાશક, ષોડશક, અષ્ટક વગેરે ગ્રંથો પણ સમ્યગ્દૃષ્ટિને પ્રમાણ છે. કારણ કે અભયદેવાચાર્ય વગેરેએ પંચાશકવૃત્તિ આદિમાં શ્રી હરિભદ્રસૂરિને પૂર્વગતબહુગ્રંથપારગ ગુરુત્તમપણે કહ્યા છે. તે પાઠ -

वृद्धव्याख्यानुसारेण, वृत्तिं वक्ष्ये समासतः ।

पंचाशकाह्वशास्त्रस्य धर्मशास्त्रशिरोमणेः ॥१॥

इह हि विस्फुरन्निखिलातिशयतेजोधामनि दुःषमाकालविपुलजदपटलावलुप्यमानमहिमनि नितरामनुपलक्ष्यीभूतपूर्वगतादिबहुतमग्रन्थसार्थतारतारकानिकरे पारगतगदितागमाम्बरपटुतमबोधलोचनस्तथा सुगृहितनामधेयो भगवान् श्रीहरिभद्रसूरिस्तथाविधपुरुषार्थसिद्ध्यर्थिनामपटुदृष्टिनामुन्नमितजिज्ञासाबुद्धिकंधराणामैदंयुगीनमानवानामत्मनोपलक्ष्यमाणान् विवक्षितार्थसार्थसाधनसमर्थान्, कतिपयप्रवचनार्थतारतारकविशेषानुपदिदर्शयिषुः पंचाशद्गाथापरिमाणतया पंचाशकाभिधानानि प्रकरणानि चिकीर्षुरित्यादि पंचाशकवृत्तौ नवांगवृत्तिकारः श्रीअभयदेवसूरयः ।

सूर्यप्रकाश्यं क्व नु मंडलदिवः, खद्योतकः क्वास्यविभासनोद्यमी क्व।

धीशगम्यं हरिभद्रसद्वचः क्वाधीरहं तत्र विभावनोद्यतः क्व ॥

अष्टकवृत्तौ ॥ तथा चावाचि प्रकरणचतुर्दशशतीसममुत्तुंगप्रासादपरम्परासूत्रणैकसूत्रधारैरगाधवारिधिनिमज्जज्जंतुजातसमुत्तारणप्रवहणप्रधानधर्म्मप्रवहणप्रवर्तनकर्णधारैर्भगवत्तीर्थकरप्रवचनावितथतत्त्वप्रबोधप्रसूतप्रवरप्रज्ञाप्रकाशतिरस्कृतसमस्ततीर्थिकचक्रप्रवादप्रचारैः प्रस्तुतनिरतिशयस्याद्वादविचारैः श्रीहरिभद्रसूरिभिः ॥

આ પાઠમાં શ્રી અભયદેવસૂરિ, શ્રી જિનેશ્વરસૂરિ પ્રમુખ આચાર્યોએ ભગવાન હરિભદ્રસૂરિને પૂર્વગતગ્રંથોના જાણકાર કહ્યા છે. તેથી પૂર્વધરોની જેમ તેમના વચન પણ પૂર્વ ગીતાર્થ જેમ પ્રમાણ કરતા આવ્યા તેમ અમો

પણ પ્રમાણ કરીએ છીએ. મૂળ પંચાંગીના વચનઅનુસાર વર્તમાન પંચાંગીકારના કરેલા પ્રકરણ-ગ્રંથાદિક તથા અન્ય આચાર્યોના કરેલા પ્રકરણાદિ પણ સિદ્ધાંતપંચાંગીને અનુસાર સર્વ પ્રમાણ કરીએ છીએ. અહીં કોઈને શંકા થશે કે પંચાંગી અનુસાર પ્રકરણાદિ માનવાં ક્યાં કહ્યાં છે ? તો તેનો જવાબ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત શ્રી સીમંધરસ્વામીની વિનંતીરૂપ સાડા ત્રણસો ગાથાના સ્તવનની નવમી ઢાળની પાંચમી ગાથામાં આદિ શબ્દથી અર્થકારે પંચાંગી અનુસાર પ્રકરણ-ચરિત્ર આદિ માનવાં કહ્યાં છે, તે પાઠ :

વૃત્ત્યાદિક અણમાનતા સૂત્રવિરાધે દીન જિ.

સૂત્ર અરથ તદુભય થકી, પ્રત્યનીક કહ્યા તીન જિ. તુજ. ॥૫॥

અર્થ :- વળી, વૃત્ત્યાદિક અર્થાત્ વૃત્તિ, ચૂર્ણિ, ભાષ્યના અનુસાર પ્રકરણ-ચરિત્ર આદિને ન માને તે સૂત્રની આશાતના કરે છે. જુઓ સમવાયાંગ તથા નંદીસૂત્રનો પાઠ :

आयारेणं परित्ता संखिज्जा अणुओगदारा संखेज्जा वेढा संखेज्जा सिलोगा संखेज्जाओ निज्जुत्तीओ संखेज्जाओ पडिवत्तीओ संखेज्जाओ संघयणीओ ।

આમ પ્રકરણ, ચરિત્ર આદિને ન માનનાર સૂત્રને વિરાધે છે. વળી, સૂત્ર-પ્રત્યનીક, અર્થપ્રત્યનીક અને તદુભયપ્રત્યનીક એ ઠાણાંગસૂત્રમાં કહ્યાં છે.

यतः सुयं पडुच्च तओ पडिणीया पन्नत्ता, तं जहा सुत्तपडिणीए अत्थपडिणीए तदुभयपडिणीए ।

એ જ રીતે ભગવતીસૂત્રના આઠમા શતકના આઠમા ઉદ્દેશામાં પણ કહ્યું છે. "તો અર્થપ્રત્યનીક તે નિર્યુક્ત્યાદિક જે નથી માનતા તેમને કહીએ છીએ. તે સિવાય અર્થપ્રત્યનીક તથા તદુભયપ્રત્યનીક બીજા કોને કહેવા જોઈએ તે બતાવો". આવું પૂર્વાચાર્યોના ગ્રંથોમાં પણ ઘણા સ્થાને લખેલ છે તેમજ પૂર્વોક્ત વચન અનુસાર સિદ્ધાંતપંચાંગી અનુયાયી સર્વ ગીતાર્થોના કરેલા પ્રકરણ-ચરિત્ર આદિ સર્વ ગીતાર્થો માનતાં આવ્યા છે તેમ અમે પણ માનીએ છીએ. **॥એ પ્રમાણે જિજ્ઞાસુના દ્વિતીય પ્રશ્નનો ઉત્તર પૂર્ણ થયો.॥**

સમીક્ષકપ્રશ્ન :- તમો સિદ્ધાંતપંચાંગી અનુસાર અન્ય પ્રકરણ આદિ સર્વ માનો છો, તો પછી આત્મારામજી ચતુર્થસ્તુતિનિર્ણયના ૧૪૯મા પાના પર "રાજેન્દ્રસૂરિજી અને ધનવિજયજી સિદ્ધાંતની પંચાંગી માને છે, પણ અન્ય પ્રકરણ આદિ કાંઈ નથી માનતાં" તેવું જુઠું કેમ લખે છે ? શું તેમને સંસારસમુદ્રમાં ડૂબવાનો ભય નથી ? સત્ય માનવાવાળાને અસત્ય કલંક દઈ પોતાની મહત્તા વધારે છે ?

ઉત્તર :- હે સુજ્ઞ સમીક્ષકો, તમે જગતના જીવોને કર્મવશ જાણી બીજાના દોષ ગ્રહણ કરતાં નથી, પણ જે જીવ પોતાના દોષ જુએ છે તેને ઉત્તમ ગણો છો. ગધેડો પારકાના ખેતરમાં દ્રાક્ષનો માંડવો બગાડે તે દેખી સજ્જનનું હૈયું દુખે તેમ ઉત્તમપુરુષોને પણ જુઠું બોલવાવાળા પર દયા આવે જ. કર્મોની વિચિત્ર ગતિ છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે **"कम्माणं विचित्ता गइ"**કોઈ ગમે તેટલી હિતશિક્ષા આપે પણ જેનો "આત્મારામ" ઉત્સૂત્રરૂપ વિષ્ટાથી ભરેલો હોય તેને યથાર્થ શબ્દરૂપ પાણીથી નહાવું ઘણું દુર્લભ હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે ભવ્યપ્રાણીઓએ પોતાના આત્મારામને ઉત્સૂત્ર-અસત્યભાષણથી બચાવવો જોઈએ. જે જીવ ઉત્સૂત્રભાષણ કરે તેને મૂલશુદ્ધિપ્રકરણમાં શ્રી પ્રદ્યુમ્નસૂરિએ દુર્લભબોધિ કહ્યાં છે. અને આવશ્યકભાષ્યમાં તો આ જુઠાબોલાનું મુખદર્શન પણ સંસારવૃદ્ધિનું કારણ કહ્યું છે. જુઓ તે પાઠ :

परिवारपूयहेउं, पासत्थाणं च आणुवित्तिए ।
जो न कहेई विशुद्धं तं दुल्लहबोहियं जाण ॥१॥
आवश्यकभाष्येऽपि -
जे जिणवयणुत्तिन्ने वयणं भासंति जे उ मन्नन्ति ।
सम्मदिट्ठीणं तद्दंसणं पि संसारवुड्ढिं करंति ॥१॥

પોતાનો પરિવાર વધારવાના અર્થે તથા લોકોમાં પોતાની પૂજા-માનતા વધારવા માટે પાર્શ્વસ્થાદિની આવૃત્તિએ જે પ્રાણી સિદ્ધાંતપંચાંગી પ્રમાણે યથાર્થમાર્ગ ન કહે તે દુર્લભબોધિ જાણવા. આવશ્યકભાષ્યમાં તો કહ્યું છે

કે જે જિનવચન જાણીને અસત્યભાષણ કરે તે જીવનું દર્શન પણ સમ્યગ્દૃષ્ટિઓને સંસારવૃદ્ધિનું કારણ થાય. આ ગ્રંથો જેણે વાંચ્યા હોય તથા શ્રદ્ધા હોય તે અસત્ય લખે નહીં. પણ બોલે કે અમે પૂર્વાચાર્યના સર્વ વચન માનીએ છીએ. પણ કોઈ પૂછે કે પીળાં કપડાં કયા આચાર્યના વચનથી ધારણ કરો છો ? સામાયિક-પ્રતિક્રમણમાં દેવવંદનમાં ચોથી થોય કારણ વિના કોના વચનથી કરો છો ? સામાયિક ઉચ્ચાર્યા વિના શ્રાવકને પ્રથમ ઈરિયાવહિ કરવાનો ઉપદેશ કયા આચાર્યના વચનથી કરો છો ? ત્યારે કપટ કરીને શાસ્ત્રોના કારણિક પાઠ બતાવી પોતાનો મત દૃઢ કરી ભોળા જીવોને ભરમાવે છે. કદાચ પાઠ ન મળે તો અમે અમારી ગુરુપરંપરાથી કરીએ છીએ આમ કલ્પિતમત સ્થાપન કરે. આવા જીવો અસત્યભાષણ કરી બીજાઓને કલંકરૂપ અસત્ય લખાણ કરે તેમાં શું આશ્ચર્ય છે ? સર્વ જીવો કર્મવશ છે. જેમ કર્મ નચાવે તેમ સૌ નાચે છે. બીજાના દૂષણ જોવાથી આપણને ફાયદો નથી. આપણે આપણા આત્મારામના દૂષણો દૂર કરી સિદ્ધાંતપંચાંગી અનુસાર પૂર્વાચાર્યોના વચન મુજબ યથાર્થ કહેવું, કરવું તે જ હિતકર છે. ॥ **ઈતિ પ્રસંગ પ્રાપ્ત સમીક્ષક પ્રશ્નોત્તર** ॥

॥ ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધાર ગ્રંથમાં પ્રસંગ પ્રાપ્ત જિજ્ઞાસુ તથા સમીક્ષક પ્રશ્નોત્તર નિદર્શન નામનો દ્વિતીય પરિચ્છેદ સમાપ્ત ॥

ગચ્છપરંપરા-આચરણાનું સ્વરૂપ

ગચ્છપરંપરા બે પ્રકારની હોય છે. (૧) ભાવગચ્છપરંપરા અને (૨) દ્રવ્યગચ્છપરંપરા. ભાવગચ્છપરંપરાનું સ્વરૂપ આ મુજબ શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે –

तित्थयरे णं ताव तित्थयर तित्थे पुण चाउव्वन्ने समणसंघे । से णं गच्छे सुपइट्ठिए गच्छेसु पि णं सम्मदंसणनाणचरित्ते पइट्ठिए ते य सम्मदंसणनाणचरित्ते परमपुज्जाणं पुज्जयरे परमसरन्नाणं सरन्ने परमसच्चाणं सच्चयरे ताइं च जत्थ णं गच्छे ॥ तत्रैव पुनः पाठः ॥ जत्थ य उसभादिणं तित्थयराणं सुरिंदमहियाणं कम्मट्ठविप्पमुक्काणं

आणं न खिलीज्जई स गच्छो तित्थ करे । तित्थयरे तित्थं पुण जाणे गोयमा संघं, संघे ठिए गच्छे गच्छठिए नाणदंसणचरित्ते ॥

अर्थ :- તીર્થના કરનાર એટલે તીર્થંકર. તીર્થમાં ચતુર્વિધ સંઘ હોય સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા.જેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રતિષ્ઠિત હોય. તે પરમ પૂજ્યને પણ પૂજનીય છે, પરમ શરણ્યને પણ શરણ કરવા યોગ્ય છે, પરમ સત્યવંતોને પણ અતિશયે સત્ય છે. જે ગચ્છમાં જ્ઞાન આદિની ઉત્કૃષ્ટ સેવના છે તેને ગચ્છ કહેવાય. જેને દેવતાના ઈન્દ્રો પણ પૂજે છે તેવા આઠ કર્મોથી મુક્ત એવા ઋષભદેવ વગેરે ચોવીશ તીર્થંકરોની આજ્ઞાનું ખંડન ન કરે તેને ગચ્છ કહેવાય. ચાર પ્રકારના તીર્થોના કરનાર તે તીર્થંકર, ચતુર્વિધ સંઘ એટલે તીર્થ. ચતુર્વિધ સંઘમાં ગચ્છ હોય તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય. તે ગચ્છની પરંપરામાં વર્તવું તેને ભાવગચ્છ-પરંપરા કહેવાય.

નવાંગી ટીકાકાર શ્રી અભયદેવાચાર્યે ભાવતીર્થની આદિભૂત પરંપરા શ્રી આગમઅષ્ટોત્તરીમાં આ મુજબ બતાવી છે –

सिरिवद्धमाणपट्टे गोयमसामी य पढमपटधरो ।

तत्पट्टे सोहम्मो परम्परातित्थभाविल्लो ॥४॥

॥व्याख्या॥ श्रीवर्द्धमानस्वामीपट्टे श्रीगौतमस्वामी नामा प्रथम-पट्टधरो बभूव । श्रीगौतमस्वामीपट्टे सुधर्मस्वामी परम्पराभावतीर्थस्या-दिभूतः ॥

अर्थ :- શ્રી વર્ધમાનસ્વામીની પાટે ગૌતમસ્વામી નામના પ્રથમ પટ્ટધર, તે ગૌતમસ્વામીની પાટે સુધર્માસ્વામી ભાવપરંપરાતીર્થના આદિભૂત થયા હતા. હવે ભાવપરંપરા લખે છે –

अज्जत्ता जे समणा ते सव्वे अज्जसुहुमसीसाओ ।

भावपरम्परतित्थं, वट्टइ सव्वंपि तम्हाओ ॥५॥

॥व्याख्या॥ अद्य प्रभूति ये श्रमणाः साधवः प्रवर्त्तते ते सर्व आर्यसुधर्म्मस्वामिशिष्यप्रशिष्यरूपा भावपरम्परातीर्थं प्रवर्त्तते सर्वमपि तस्मात् ॥५॥

અર્થ :- અત્યારે જે સાધુઓ વિદ્યમાન છે તે બધા જ શ્રી સુધર્માસ્વામીના શિષ્ય-પ્રશિષ્યરૂપ ભાવપરંપરાતીર્થરૂપે પ્રવર્તે છે.

પંચાંગી મુજબ શુદ્ધ સામાચારીના પ્રવર્તનારા નિષ્કપટી, નિરભિમાની, મૂલોત્તરગુણ ખપના કરનાર તે સર્વે જે હમણાં વર્તે છે તે સુધર્માસ્વામીના ગચ્છના સાધુ જાણવા આવું દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનમાં કહ્યું છે. તે પાઠ :

ते णं काले णं ते णं समए णं समणस्स भगवओ महावीरस्स नवगणा इक्कारसगणहरा होत्था १ । से केणठ्ठे णं भंते एवं वुच्चंति समणस्स णं भगवओ महावीरस्स नवगणा इक्कारसगणहरा होत्था २ ? समणस्स भगवओ महावीरस्स जेट्ठे इंदभूइअणगारे गोयमस्सगोत्तेणं पंचसमणसयाइं वाएइ, मज्झिमए अग्गिभूइअणगारे गोयमस्सगोत्तेणं पंचसमणसयाइं वाएइ। कणीयसे अणगारे वाइभूई गोयमस्सगोत्तेणं पंचसमणसयाइं वाएइ। थेरे अज्जवियत्ते भारद्वायगोत्तेणं पंचसमणसयाइं वाएइ। थेरे अज्जसुहम्मे अग्गिवेसायणगोत्तेणं पंचसमणसयाइं वाएइ, थेरे मंडियपुत्ते वासिट्ठस्स गोत्तेणं अद्धट्ठाइं समणसयाइं वाएइ, थेरे मोरियपुत्ते कासवगोत्तेणं अद्धट्ठाइं समणसयाइं वाएइ। थेरे अकंपिए गोयमस्सगोत्तेणं थेरे अयलभाया हारियायणगोत्तेणं ते दुन्निवि थेरे तिन्नि तिन्नि समणसयाइं वाइंति । थेरे मेयज्जे थेरे अज्जप्पभासे दुन्निवि थेरा कोडिन्ना गोत्तेणं तिन्नि तिन्नि समणसयाइं वाइंति । से तेणट्ठेणं अज्जो एवं वुच्चति समणस्स भगवओ महावीरस्स नवगणा इक्कारसगणहरा होत्था ३ । सव्वे एए समणस्स भगवओ महावीरस्स इक्कारस गणहरा दुवालसंगिणो चउद्दसपुव्विणो समत्तगणिपीडगधारगा रायगिहे नगरे मासिएणं भत्तेणं अपाणएणं कालगया जाव सव्वदुखप्पहीणा थेरे इंदभूई थेरे अज्जसुहम्मे सिद्धिगए महावीरे पच्छा दुन्निवि थेरा परिनिव्वुया । जे इमे अज्जत्ताए समणा निग्गंथा विहरन्ति एए णं सव्वे अज्जसुहम्मस्स अणगारस्स आवच्चिज्जा अवसेसा गणहरा निरवच्चा वुच्छिन्ना ॥४॥

।।व्याख्या।। ते णं काले णं इत्यादितो हुत्थत्ति पर्यन्तं सुगमं १ । से केणट्ठेणमित्यादितो होत्थत्ति यावत् । तत्र से केणट्ठेणं ति हे भदंत! तत्केन अर्थेन यत् श्रीवीरस्य नवगणा एकादशगणधरा इति अन्येषां तु जावइया जस्सगणा तावइया गणहरा तस्स इति प्रसिद्धत्वात् ? इति शिष्येण प्रश्नेकृते आचार्य आह २ । समणस्सेत्यादित इक्कारसगणहरा होत्थत्ति पर्यन्तं । तत्र अकंपिताचलभ्रात्रोरेकैव वाचना जाता । एवं मेतार्यप्रभासयोरपीति युक्तमुक्तं नवगणा एकादशगणधरा इति । यस्मात् एकवाचनिको यतिसमुदायो गण इति, अत्र मंडिकमौर्यपुत्रयोरेक-मातृकत्वेन भ्रात्रोरपि भिन्नगोत्राभिधानं पृथग्जनकापेक्षया तत्र मंडिकस्य पिता धनदेवो, मौर्यपुत्रस्य तु मौर्य इति अनिषिद्धं च तत्र देशे एकस्मिन्पत्यौ मृते द्वितीयपतिवरणमिति वृद्धाः ३। सव्वे एए समणस्सेत्यादितो निरवच्चा वुच्छिन्नत्तिपर्यन्त । तत्र इन्द्रभूत्यादयः सर्व्वेऽपि एते गणधरा द्वादशांगिनः आचारांगादिदृष्टिवादांतश्रुतवंतः स्वयं तत्तत्प्रणयनात् । चउद्दसपुव्विणोत्ति चतुर्दशपूर्विणः द्वादशांगित्वे उक्ते चतुर्दशपूर्वित्वं आगतमेव तथापि पूर्वाणां प्राधान्यख्यापनार्थं इदं विशेषणं, प्राधान्यं च पूर्वाणां पूर्वप्रणयनात्, महाप्रमाणत्वात्, अनेकविद्यामंत्रमयत्वाच्च, अत एव समत्तगणिपीडगधारगा इति गणी भावाचार्यस्तस्य पिटकमिव रत्नकरंडकमिव गणिपीटकं द्वादशांगं समस्तं यद् गणिपीटकं तस्य धारकाः राजगृहे नगरे अपानकेन मासिकेन भत्तेणंति भत्तेन भक्तप्रत्याख्यानेन पादपोपगमनानशनेन मोक्षं गताः । तत्र नव गणधरा भगवति जीवत्येव सिद्धा, इन्द्रभूतिसुधर्माणौ तु भगवति निवृत्तौ । जे इमे इत्यादि ये इमे अज्जत्ताएत्ति अद्यतनकाले श्रमणा निर्ग्रन्था विहरंति ते सर्वे भगवतः सुधर्मणः आवच्चिज्जा इति अपत्यानि शिष्यसंतानजा इत्यर्थः । अवशेषा गणधरा निरपत्याः शिष्य-संतानरहिताः सुधर्मस्वामिनि स्वस्वगणान्निसृज्य शिवं गताः ।।४।।

ભાવાર્થ :- જે સિદ્ધાંતમાં જેટલા ગચ્છ હોય તેટલા ગણધર હોય એ વચન છે તો પ્રભુ મહાવીરને નવ ગણ અને અગિયાર ગણધર કહ્યા તે કેવી રીતે ? આવો પ્રશ્ન શિષ્યે પૂછતાં આચાર્ય કહે છે કે શ્રી મહાવીર પ્રભુના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમગોત્રવાળા શ્રી ઈન્દ્રભૂતિ હતા. તે પાંચસો સાધુઓને વાચના આપતા. બીજા શિષ્ય (વચેટ ભાઈ) ગૌતમગોત્રીય અગ્નિભૂતિ અણગાર હતા. તે પણ પાંચસો શિષ્યને વાચના આપતા. ત્રીજા શિષ્ય (નાના ભાઈ) ગૌતમગોત્રીય વાયુભૂતિ અણગાર હતા. તે પણ પાંચસો શિષ્યને વાચના આપતા હતા. ચોથા શિષ્ય આર્ય વ્યક્ત નામના ભારદ્વાજ ગોત્રીય હતા, તે પણ પાંચસો શિષ્યને વાચના આપતા હતા. પાંચમા આર્ય સુધર્માસ્વામી જે અગ્નિવેશ્યાયન ગોત્રના હતા તે પાંચસો સાધુઓને વાચના આપતા. છઠ્ઠા શિષ્ય વશિષ્ઠગોત્રીય મંડિતપુત્ર હતા. તે સાડા ત્રણસો શિષ્યને વાચના આપતા હતા. સાતમા શિષ્ય કાશ્યપગોત્રીય મૌર્યપુત્ર હતા તે પણ સાડા ત્રણસો શિષ્યોને વાચના આપતા હતા. આઠમા શિષ્ય અકંપિત ગૌતમગોત્રના અને નવમા શિષ્ય અચલભ્રાતા હારિતગોત્રના હતા તે બંને ત્રણસો શિષ્યોને વાચના આપતા હતા. દશમા શિષ્ય મેતાર્ય અને અગિયારમા શિષ્ય પ્રભાસસ્વામી બંને સ્થવિરો કૌડિન્યગોત્રીય હતા તે પણ ત્રણસો શિષ્યોને વાચના આપતા હતા. એકવાચનીક યતિસમુદાયને ગણ કહેવાય. અકંપિત અને અચલભ્રાતાની એક વાચના હતી તેવી જ રીતે મેતાર્ય અને પ્રભાસની પણ એક વાચના હોવાથી નવ ગણ કહ્યા છે. મંડિત તથા મૌર્યપુત્ર, બંનેને માતા એક હતી, પણ પિતા બે હતા. મંડિતસ્વામીના પિતાનું નામ ધનદેવ તથા મૌર્યપુત્રના પિતાનું નામ મૌર્ય હતું. માતા તો વિજયાદેવી એક જ હતા. તે દેશમાં એક પતિ મૃત્યુ પામે તો બીજો પતિ કરવાનો રિવાજ હતો. માટે અલગ ગોત્ર કહ્યાં છે.

મહાવીર પ્રભુના અગિયારે ગણધરો દ્વાદશાંગીના કર્તા અને ચૌદપૂર્વી હતા. આમ તો દ્વાદશાંગીમાં ચૌદપૂર્વ આવી જાય, પણ પૂર્વોની મહત્તા બતાવવાં, ચૌદપૂર્વીકૃત સૂત્રને જિનસરીખા જાણવા તથા દ્વાદશાંગીનો વિચ્છેદકાળ નથી જ્યારે પૂર્વોનો વિચ્છેદકાળ છે, માટે ચૌદપૂર્વીપદ અલગ

કહ્યું છે. અથવા ચૌદપૂર્વમાં અનેક વિદ્યા-મંત્ર રહેલા હોવાથી તેની મહત્તા બતાવેલ છે.

સુધર્માસ્વામી અને ગૌતમસ્વામી બંને પ્રભુ મહાવીરના નિર્વાણ બાદ સિદ્ધિ પામ્યા. બાકીના નવ ગણધર ભગવંતો ભગવાન મોક્ષ પામ્યા તે પહેલાં જ મોક્ષે ગયેલાં. તે સૌએ પોતાનો ગચ્છ સુધર્માસ્વામીને ભળાવેલો. માટે એક જ સુધર્માસ્વામીનો ગચ્છ રહ્યો.

તે ગચ્છની પરંપરામાં વર્તવું તે ભાવગચ્છપરંપરા કહેવાય. તે ભાવપરંપરાના લક્ષણ શ્રી અભયદેવાચાર્ય આગમઅષ્ટોત્તરીમાં લખે છે. તે પાઠ :

सुतत्थकरणउ खलु परम्पराभावउ वियाणिज्जा ।

सिरिजंबूसामिसिस्सा आगमगंथाओ गहिअव्वा ॥६॥

॥व्याख्या॥ शुद्धसूत्रार्थकरणतो न तु अभिनिविष्टबुद्धिवन्तः खलु निश्चये परम्पराभावतीर्थं तद्विजानीयात् श्रीजम्बूस्वामिशिष्याः अन्ये प्रशिष्याः सिद्धान्ततो गृहीतव्या इति ॥

અર્થ :- શુદ્ધ સૂત્રાર્થ કરવાથી જે અભિનિવિષ્ટ બુદ્ધિવાળા નથી તેઓને નિશ્ચયથી પરંપરાભાવતીર્થ જાણવા. શ્રી જંબૂસ્વામીના શિષ્ય-પ્રશિષ્ય સિદ્ધાંતથી ગ્રહણ કરવા.

જિન, ગણધર, ચૌદપૂર્વધર, દશપૂર્વધર અને પ્રત્યેકબુદ્ધ એ ચાર બુદ્ધિવંતના કરેલા તેને સૂત્ર કહેવાય. અર્થ, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, વૃત્તિ વગેરે પૂર્વાચાર્યકૃત પંચાંગી કહેવાય. તે મુજબ શુદ્ધ સૂત્રાર્થના કહેવાવાળા હોય, તથા તે મુજબ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રમુખથી પોતે પ્રવર્તતા હોય અને બીજાને પ્રવર્તાવવાવાળા હોય તે મહાત્મા જંબૂસ્વામીની પરંપરાના અને પાંચમા આરાના અંત સુધી આજ્ઞાયુક્ત અને ભાવતીર્થવંત જાણવા. એટલે કે ભાવગચ્છની મર્યાદા પાળવાવાળા જાણવા. શ્રી મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે પૂર્વોક્ત ગચ્છમર્યાદા શ્રી દુપ્પસહસૂરિજી સુધી પ્રવર્તશે. તે પાઠ :

से भयवं केवइयं कालं जाव गच्छस्स णं मेरा पण्णविया ? केवइयं कालं जाव णं गच्छस्स मेरा णाइक्कमेयव्वा ? गोयमा जाव णं महायसे महासत्ते महाणुभागे दुप्पसहे अणगारे ताव णं गच्छमेरा पन्नविया, जाव णं महायसे महासत्ते महाणुभागे दुप्पसहे अणगारे ताव णं गच्छमेरा नाइक्कमेयव्वा ॥

અર્થ :- હે ભગવંત કેટલો કાળ ગચ્છ ચાલશે ? અને કેટલો સમય ગચ્છની મર્યાદા ન ઉલ્લંઘવી ? ત્યારે ભગવાન કહે છે કે ગૌતમ મહાયશવંત, મહાસત્ત્વશાળી, મહાભાગ્યવાન દુપ્પસહસૂરિ નામના અણગાર થશે ત્યાં સુધી ગચ્છ ચાલશે અને ત્યાં સુધી તે ગચ્છની મર્યાદા ન ઉલ્લંઘવી.

ઉપરના મહાનિશીથ તથા ગચ્છાચારપયન્ના વગેરેમાં વર્ણવ્યા મુજબ ગચ્છમર્યાદામાં યથાશક્તિ પ્રવર્તે તથા સુધર્માસ્વામીથી માંડીને દુપ્પસહસૂરિ સુધી તે મર્યાદાને ઉલ્લંઘે નહીં તેને ભાવગચ્છપરંપરઆચરણા કહેવાય. તે આચરણા મુજબ વર્તવું તે ભવ્યજીવોને કલ્યાણનું કારણ છે. તેથી વિપરીત આચરણાએ વર્તવું તેને દ્રવ્યગચ્છપરંપરઆચરણા કહેવાય. તેના લક્ષણ શ્રી નવાંગીવૃત્તિકારે આ મુજબ કહ્યાં છે. તે પાઠ :

लोआणं एस ठिई अज्जायपज्जयगयाय मज्जाया ।
दव्वपरम्परठवणा कुलक्कमं नेव मिल्हिस्सं ॥१०॥
मूढा णं एस ठिइ चुक्कंति जिणुत्तवयणमग्गाओ ।
हारंति बोहिलाभं आयहिअं नेव जाणंति ॥११॥
दव्वपरम्परवंसो संजमचुक्काण सव्वजीवाणं ।
भावपरम्परधम्मो जिणंदआणओ सुपसिद्धो ॥१२॥
दव्वपरम्परपद्योअणेण दुग्गो सिणेह,
रायेणं कोसंबीइं मिगासुअवयणच्छलणाइ कारविओ ॥१३॥
देवड्ढिखमासमण जा परम्परा भावउ विआणेमि।
सिढिलायरे ठविआ दव्वेण परम्परा बहुआ ॥१४॥

वेसकरंडयतुल्लेहिं सोवागकरंडसमाणेहिं ।

दव्वपरम्परगणिहा नियनियगच्छाणुराएण ॥१५॥

जं जीयमसोहिकरं पासच्छपमत्त संजयाईणं ।

बहुएहि विआयरियं न तेण जीएण ववहारो ॥१६॥

॥व्याख्या॥ लोकानां एषा स्थितिः पितृपितामहप्रपितामहप्रमुखागता मर्यादा सा द्रव्यपरम्परा स्थापनोच्यते कुलक्रमागतत्वात् ॥१०॥

नैव मोक्ष्येऽहमिति संसारव्यामोहमूढानामेषा स्थितिः कुलक्रमागतां मर्यादां पालयंतः भ्रश्यंति ये जिनोक्तवचनमार्गात् परिभ्रष्टाः संतः ते पुरुषाः बोधिबीजं हारयंति ते नरा आत्महितं नैव जानंति ॥११॥

द्रव्यपरम्परावंशो यस्मिन् कुले जातः स वंशः सप्तदशविध-संयमभ्रष्टानां सर्व्वजीवानां भावपरम्पराधर्म्म उच्यते । जिनेन्द्राज्ञातः सुप्रसिद्धः अर्हदाज्ञां विना धर्म्मोऽप्यकिंचित्करः ॥१२॥

द्रव्यपरम्परातः प्रद्योतनराजेन दुर्ग्गः स्नेहरागेण कौशाम्ब्यां नगर्य्यामित्यर्थः मृगावत्या राज्ञ्या सुतवचनच्छलनादिना कारितः ॥१३॥

देवर्द्धिक्षमाश्रमणं यावत् भावतः परम्परामहं जाने । पुनः शिथिलाचारैः स्थापिता सा द्रव्यपरम्परा बहुधा गणभेदात् ॥१४॥

वेश्याभूषणकरंडसदृशा अंतोऽसारा उपरि दृष्टा तेजसा फात्काररूपा चर्मकारकर्मकरंडसदृशा भूरितचर्मखंडयुक्तत्वेनांतर्बहिश्चासारभूता तथा तद्वद्द्रव्यपरम्परा गृहीताऽसारा निजनिजगच्छानुसारेण रागेण स्नेहेनाज्ञा-विराधकादिदोषबाहुल्यात्तद्द्रव्यपरम्पराशुद्धा तद्वत् ॥१५॥

यज्जीतमशुद्धकरं पार्श्वस्थप्रमत्तसंयतादिभिरपि बहुरप्याचरितमपि न स जीतव्यवहारो भण्यते ॥१६॥

અર્થ :- હવે દ્રવ્યપરંપરાની ઓળખાણ કહેવાય છે :

પિતા-દાદા અને પરદાદાથી ચાલી આવતી મર્યાદા (રિવાજ) હોય તેને

ન મૂકે, કુળક્રમથી પણ પાળે, પણ શુદ્ધ-અશુદ્ધ જાણે નહીં તે લોકસ્થિતિને દ્રવ્યપરંપરા કહેવાય. ॥૧૦॥

આવી કુળની ચાલી આવતી અશુદ્ધ, ખોટી પરંપરા ન છોડે તો તે જીવો જિન, કેવલીના વચનમાર્ગથી ચૂકે છે અને સમ્યક્ત્વપણાને હારે છે. પોતે જાણે કે આ કુળની પરંપરા ખોટી છે, તેને પાળે પણ છોડે નહીં તેને લોહવાણિયાની જેમ મહામૂર્ખ જાણવો. તેને બોધિબીજ મળે નહીં અને કદાચ મળે તોપણ હારી જાય. ॥૧૧॥

હવે દ્રવ્યભાવપરંપરા ઓળખાવે છે.

સત્તર પ્રકારે સંયમથી ભ્રષ્ટ સર્વ જીવોને દ્રવ્યપરંપરાવંશ છે. કુળમાં જન્મે તેને વંશ કહેવાય. અને ભાવપરંપરા તો જિનેન્દ્ર આજ્ઞાથી સુવિખ્યાત છે. અરિહંતની આજ્ઞા વિના ધર્મ પણ અકિંચિત્કર છે. (કાંઈ કરી શકતો નથી.) એટલે જે શાસ્ત્રવિરુદ્ધ પોતપોતાના કુળક્રમ તથા ગચ્છ-મમત્વ-કદાગ્રહમાં વસે તે દ્રવ્યપરંપરાવંશ કહેવાય. તેમાં વસતા જીવોને સંસારની વૃદ્ધિ થાય, પણ આત્મસિદ્ધિ ન થાય. અરિહંતની આજ્ઞા વિના ધર્મ અકિંચિત્કર છે. એટલે જે શાસ્ત્ર વિરુદ્ધ પોતપોતાના કુલક્રમ અને ગચ્છ મમત તથા કદાગ્રહમાં વસે તે દ્રવ્યપરંપરા વંશ કહીએ. તેમાં રહેલા જીવને સંસારવૃદ્ધિ થાય, પરંતુ આત્મસિદ્ધિ ન થાય. અને જે જિનેશ્વરની આજ્ઞા આધીન તપ-જપ-ક્રિયા-અનુષ્ઠાન-સામાચારી આચરવી તે શુદ્ધ ભાવપરંપર-ધર્મ જાણવો. તેથી જ આત્મસિદ્ધિ થાય, અન્યથા નહિ. પ્રભુ આજ્ઞા વિના બધું જ છાર ઉપર લીંપણું જાણવું. ॥૧૨॥

હવે દ્રવ્યપરંપરાને દૃષ્ટાંતથી ઓળખાવે છે.

જેમ કૌશાંબીનગરીમાં મૃગાવતીરાણીએ બનાવટી સ્નેહરાગ બતાવી ચંડપ્રદ્યોતરાજા પાસે કિલ્લો બંધાવરાવ્યો. કિલ્લાને સજ્જ કરવા પરંપરાએ ઈંટો મંગાવી તેને દ્રવ્યપરંપરા જાણવી. ॥૧૩॥

હવે ભાવપરંપરાની સ્થિતિ અને દ્રવ્યપરંપરાની ઉત્પત્તિ બતાવે છે.

સુધર્માસ્વામીથી લઈને શ્રી દેવર્ધિગણીક્ષમાશ્રમણ સુધી મોટા ભાગે ભાવપરંપરા ચાલી. ત્યારબાદ શિથિલાચારીઓના પ્રભાવથી ઘણી

દ્રવ્યપરંપરા રહી. આ વાત શ્રી મહાનિશીથસૂત્રમાં પણ કહી છે. તે પાઠ :

से भयवं केवइए णं काले णं पहे कुगुरु भवीहेंति ? गोयमा ! इउय अद्धतेरसण्हं वाससयाणं साइरेगाणं समइक्कंताणं परउ भवीसु से भवीसु से भयवं केणं अट्ठेणं गोयम तत्कालं इड्ढीरससायगारवसंगए समीकार अहंकारग्जीए अच्चन्तो संपज्जलंतबोंदी अहमहंति कयमाणसे अमुणिय समयसमभावे गणी भवेसुं एएणं अट्ठेणं से भगवं किं सव्वेवि एवंविहे गणीभवासु गोयमा एगंतेणं नो सव्वे ॥

અર્થ :- ૧૨૫૦ વર્ષ પછી ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવ, અહંકાર, મમત્વ, અત્યંત ક્રોધ આદિમાં ધમધમતા, સિદ્ધાંતોના સદ્ભાવને ન જાણતા, મતમાં અભિમાન ધારતા ઘણા ગણિ-ગચ્છ થશે. પણ એકાંતે બધા નહીં થાય.

દ્રવ્યપરંપરા કેવી અસાર છે ? તે દૃષ્ટાંતથી ઓળખાવે છે.

જેમ વેશ્યાના અલંકારો સોનાથીએ ચમકતા હોય પણ સાવ ખોટા હોય તથા ચમાર કર્મકરંડકની જેમ અંદર અને બહારથી અસાર હોય, તેવી જ રીતે પાર્શ્વસ્થા, નિહ્નવ વગેરે બહારથી ક્રિયાનો આડંબર કરી સારા દેખાય પણ અંતરથી ગચ્છમમત્વ અને પોતાની મતિકલ્પનાથી અસાર હોય. ચમાર કર્મકરંડક અંદર અને બહારથી અસાર હોય તેવી રીતે કુલિંગી-વેષધારી બહારથી ક્રિયા રહિત અને અંતરથી પણ રાગ-દ્વેષ કરી, ગચ્છમમત્વ, કદાગ્રહ સ્થાપન કરી, મુનિપણું ધરાવી, જિનાજ્ઞા વિરાધે તે અંદર-બહારથી અસાર જાણવા.

જે પાર્શ્વસ્થા પ્રમુખ દ્રવ્યપરંપરામાં રહ્યા હોય તેમની કરેલી આચરણા અને વ્યવહાર ભવ્ય પ્રાણીઓએ છોડી દેવો. પાર્શ્વસ્થા આદિ પ્રમત્તસંયતાદિકોએ ઘણા જણાઓએ આચર્યો હોય તેને જીતવ્યવહાર ન કહેવાય. એટલે કે **રાત્રે દિવા વગેરે કરાવવા, મોરપાંખના દંડાસણ રાખવા, સાદડી બિછાવવી, સામૈયા માટે ગામ બહાર ઊભું રહેવું, સાબુથી કપડાં ધોવાં, કેશર-કાથાથી રોગ વગેરેના કારણ વિના કપડાં રંગવાં, અરિહંત વિના અન્ય દેવની શ્રદ્ધા રાખવી, એક જ જગ્યાએ સ્થાયી રહેવું, વિહાર ન**

કરવો વગેરે અશુદ્ધ આચરણાઓ આત્માને મલિન બનાવે છે. પાર્શ્વસ્થાદિ સ્વચ્છંદ મતવાળા ઘણા લોકોએ સાથે મળીને કરી હોય તોપણ તે અશુદ્ધ આચરણા સિદ્ધાંત વિરોધી, સંસારની વૃદ્ધિ કરવાવાળી જાણવી, પણ આગમમાં જે જીતવ્યવહાર કહ્યો તે ન જાણવો.

અહીં દ્રવ્યપરંપરા ગાથામાં જે ગચ્છ શબ્દ આવ્યો તે સુધર્માસ્વામી, પ્રભવસ્વામી, શય્યંભવસૂરિજી વગેરેની અપેક્ષાએ નથી, પણ ગચ્છના વિભેદકારક મતમમત્વી, પરભવની બીકથી ડર્યા વિના ગચ્છ સ્થાપે અને પરંપરા સ્થાપે તેને દ્રવ્યગચ્છપરંપરા જાણવી. તે સુવિહિતોને આચરવાયોગ્ય ન જાણવી.

॥ ઇતિ चतुर्थस्तुतिनिर्णयशंकोद्धार અપરનામ चतुर्थस्तुतिकुयुक्ति-निर्णयछेदनकुठार ગ્રંથમાં દ્રવ્યભાવગચ્છપરંપરાઆચરણાનિર્દેશન નામનો તૃતીય પરિચ્છેદ ॥

ગીતાર્થ આચરણાનું સ્વરૂપ

શ્રી બૃહત્કલ્પભાષ્ય વગેરે આગમમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારના ગીતાર્થ કહ્યા છે. જે ગીતાર્થ જીતવ્યવહારથી આચરણા કરે તે જીતનું લક્ષણ ઠાણાંગ તથા ભગવતીસૂત્રવૃત્તિમાં શ્રી અભયદેવાચાર્યે આ મુજબ કહ્યું છે. તે પાઠ :

तथा जीत द्रव्यक्षेत्रकालभावपुरुषप्रतिषेवानुवृत्या संहननवृत्यादि-परिहाणिमवेक्ष्य यत्प्रायश्चित्तदानं यो वा यत्र गच्छे सूत्रातिरिक्तः कारणतः प्रायश्चित्तव्यवहारे प्रवर्तितं बहुभिरन्यैश्चानुवर्तितं तज्जीत-मिति॥

અર્થ :- જે અપરાધ પહેલાં સાધુ ઘણા તપથી શુદ્ધિ કરતા, તે અપરાધ ઉપજ્યા છતાં વર્તમાનકાળે દ્રવ્યાદિ ચાર પ્રતિસેવા ચિંતવી, સંઘયણ-ધૃતિબળની હાણી જાણી જે યોગ્ય તપનો પ્રકાર જણાય તે રીતે પ્રાયશ્ચિત્ત દેવું તેને જીતવ્યવહાર ગણાય. જે આચાર્યના ગચ્છમાં પ્રાયશ્ચિત્ત ઓછો-

વધતો પ્રવર્ત્યો અને બીજા ઘણા ગીતાર્થે માન્યો હોય તે જીતવ્યવહાર કહેવાય.

આ પાઠના મતે પ્રાયશ્ચિત્ત વગેરેમાં ગીતાર્થ આગમ અતિરિક્ત આચરણા કરે, પણ આગમથી અલગ આચરણા ન કરે. નવાંગીવૃત્તિકારક શ્રી અભયદેવસૂરિએ આગમઅષ્ટોત્તરીમાં તે મુજબ સ્પષ્ટ કહ્યું છે. તે પાઠ :

।।गाथा।। संघयणबुद्धियबलं तुच्छं नाउण सुविहिय जणाणं ।
गीयत्थेहिं चिण्णा तवाईकालेसु आयरणा ।।१८।।
यतः ।।
जं जीय सोहिकरं संविग्गपरायणेण दत्तेणं ।
इक्केणवि आयरियं तेणइ जीएण ववहारो ।।१९।।
असढेणसमाइण्णं जं कत्थई असाउज्जं ।
न निवारियमण्णेहिं बहुगुणमणुमेअमायरियं ।।२०।।
आवस्सयाइकरणं इच्छामिच्छाइदसविहायरणं ।
चिइवंदणपडिलेहणं संवच्छरपव्वपव्वतिही ।।२१।।
उयहतिहीणं ठवणा विणयाइसुसाहुमाणणदाणं ।
इच्छवि किं आयरणा बलबुद्धीका विहाडेई ।।२२।।

।।व्याख्या।। संघयणं तुच्छं श्रीयकवत् बुद्धिस्तुच्छा मनोबलं त्रीणि तुच्छानि ज्ञात्वा, सुसाधुजनानां गीतार्थैः आदृता तपोविषये अलं सामर्थ्यं निष्ठाप्रापणसामर्थ्यन्यूनान्यूनकरणम् अथवा जिनाज्ञापूर्वकमाचरंति पर्युषणावत्प्रतिक्रमणमेषा आचरणा ।।

उक्तं च व्यवहारभाष्ये - यत् जीतं शुद्धकरं संविग्नपरेण सुसाधुना जितेन्द्रियेण एकेनापि केन आचरितं "तेणइ" बहुगीतार्थैर्न प्रतिषिद्धं स जीतव्यवहारो भण्यते । अमूढभावेनानभिनिवेशत्वेनाचरितं यत्र कुत्रापि असावद्यं निरवद्यं न निवारितमन्यगीतार्थैर्निर्दोषत्वात्

बहुगुणाकीर्णं द्रव्यक्षेत्रकालभावहान्या सुलभतयाऽनुमतं तज्जीत-मित्युच्यते ॥ आवश्यकादिकरणं ॥ इच्छामिच्छादिदशविधसामाचारि-यतिधर्माचरणं चैत्यवन्दनप्रतिलेखनासंवत्सरिपर्वणोऽपरपर्व्वतिथि-रुदयतिथिः नामस्थापनाविनयादिकं सुसाधूनां मानदानं एतेषु कृत्येषु किमाचरणा शास्त्रसंमतत्वात् । बलबुद्धिसंघयणादिनामत्र कर्त्तव्ये का हानिस्ततः सर्वैरपि मान्यानि ॥

શ્રી સ્થૂલિભદ્રના ભાઈ શ્રીયક, તે શ્રીયકની જેમ સંઘયણતુચ્છ, માષતુષમુનિની જેમ બુદ્ધિતુચ્છ, શ્રી નંદિષેણશિષ્યના પૂર્વપર્યાયની જેમ મનોબળતુચ્છ, આ ત્રણ વાના તુચ્છ જાણીને સુસાધુના હિતાર્થે તપ વગેરે કાળને વિષે જે આચરણા આચરે, સિદ્ધાંતોક્ત તપ પૂર્ણ કરવા અસમર્થતા દેખી વધુ હોય તેને ઓછો કરે અથવા જિનાજ્ઞાપૂર્વક પર્યુષણપ્રતિક્રમણની પેઠે આદરે. છમાસી, ચારમાસીનો દંડ આવે, પણ કાળદોષથી સંઘયણ-બુદ્ધિ-બળની હાનિ જોઈ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈ છટ્ઠ-અટ્ઠમતપની આચરણા કરે અથવા "अंतरावि असकप्पई" આદિ જિનાજ્ઞાપૂર્વક જેમ ભાદરવા સુદી પાંચમના બદલે ચોથની સંવત્સરી કરી તેને આચરણા કહેવાય. ॥૧૮॥

આવી આચરણા સુવિહિત એક ગીતાર્થે પણ આચરી હોય તોપણ સુવિહિતોને આત્મશુદ્ધિ અર્થે આદરવા યોગ્ય ગણાય. વ્યવહારભાષ્યમાં આની સાખ પૂરેલ છે કે સંસારના ભીરુ, પરમ સંવેગવંત એક ગીતાર્થે, ગચ્છ-સમુદાયના હિત માટે આચરેલ હોય અને ઘણા ગીતાર્થોએ તેનો નિષેધ ન કર્યો હોય તે જીતવ્યવહાર ગણાય. તે સુવિહિતને આદરવા યોગ્ય ગણાય. ॥૧૯॥

આચરણાના લક્ષણ

અશઠ ગીતાર્થે આચરણા કરી હોય, સિદ્ધાંત જેને ખંડે નહિ એવી નિર્દોષ, પાપરહિત અને બીજા ગીતાર્થે ખંડી ન હોય તે શુદ્ધ આચરણા જાણવી. ॥૨૦॥

જેમાં બળ-બુદ્ધિનું કામ ન હોય, સિદ્ધાંતમાં જેનો ખુલાસો હોય, નિષેધ ન કર્યો હોય તેવા કર્તવ્યમાં ગીતાર્થ હેરફેર આચરણા ન કરે. આવશ્યક આદિનું કરવું, ઇચ્છા-મિચ્છા વગેરે દશ પ્રકારની સામાચારી, દશ પ્રકારના યતિધર્મનું આચરણ, ચૈત્યવંદન, પડિલેહણા, સંવત્સરીપર્વથી અન્ય પર્વતિથિ ઉદયતિથિની સ્થાપના, વિનયાદિનું કરવું, સુસાધુઓને માન આપવું જેવા કૃત્યોમાં બળ-બુદ્ધિ-સંઘયણની અપેક્ષાએ આચરણા ન હોય; કેમ કે તે તો શાસ્ત્રસંમતપણાથી સર્વને માનવાયોગ્ય છે. અને કદાચ હોય તો તે સિદ્ધાંતપંચાંગીના પ્રગટ પાઠપણામાંથી હોય. ॥૨૧-૨૨॥

અહીંયાં ૧૮મી-૧૯મી ગાથામાં કહ્યું કે "ગીતાર્થ બળ-બુદ્ધિની હાનિ જાણીને જિનાજ્ઞાપૂર્વક પર્યુષણપ્રતિક્રમણની પેઠે આચરણા કરે" એ ઉપલક્ષણથી દુઃષમ આદિ કાળ વગેરેનું પ્રમાણ વિચારીને સુખે સંયમનિર્વાહ માટે આગમમાં કહ્યા મુજબ આચાર હેર-ફેર કરીને સંવિગ્નગીતાર્થે પંચાંગી અને પ્રકરણોક્ત અનુસાર આચરી તે આચરણા પણ સુવિહિતોને પ્રમાણ કરવા યોગ્ય છે. પણ **અવિરતિ દેવ વગેરેને વાંદવા, સિદ્ધાંચપંચાંગી-પ્રકરણ આદિમાં જે ક્રિયા જે કારણે કરવાની કહી છે તે વગરકારણે કરે, ચૈત્યગૃહની ક્રિયા પ્રતિક્રમણમાં કરે અને પ્રતિક્રમણની ક્રિયા ચૈત્યગૃહમાં કરે, પોતાનો શિથિલાચાર પોષવા અપવાદની ક્રિયા ઉત્સર્ગમાં કરે, કારણ વગર પણ પીળા કપડાં પહેરી લિંગભેદ કરે, આવી આગમમાં ના કહી છે તેવી આચરણા સુવિહિત આત્માર્થી ભવ્યજીવોને પ્રમાણ કરવા યોગ્ય નથી.** શ્રી ધર્મરત્નપ્રકરણમાં આવી ક્રિયાને આગમનિષિદ્ધ ક્રિયા કહી છે. જુઓ તે પાઠ :

मग्गो आगमनीइ अहवा संविग्गबहुजणाइन्नं ।

उभयाणुसारिणी जा सा मग्गाणुसारिणी किरिया ॥८०॥

॥व्याख्या॥ मृग्यते अन्विष्यतेऽभिमतस्थानावाप्यते पुरुषैर्यः स मार्गः, स च द्रव्यभावभेदाद्विधा । द्रव्यमार्गो ग्रामादेर्भावमार्गो मुक्तिपुरस्य सम्यग्ज्ञानदर्शनचारित्ररूपः क्षायोपशमिकभावरूपो वा तेनेहाधिकारः । स पुनः कारणे कार्योपचारादागमनीतिः सिद्धान्तभणिताचारः । अथवा

संविग्नबहुजनाचीर्णमिति द्विरूपोऽवगंतव्य इति तत्रागमो वीतराग-वचनं । उक्तं च -

आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद्विदुः ।

वीतरागोऽनृतं वाक्यं न ब्रूयाद्धेत्वसंभवात् ॥१॥

तस्य नीतिरुत्सर्गापवादरूपा शुद्धसंयमोपायः स मार्गः । उक्तं च -

यस्मात् प्रवर्त्तकं भुवि निवर्तकं चांतरात्मानो वचनम् ।

धर्मश्चैतत्संस्थौ मौनीन्द्रं चैतदिदं परमम् ॥१॥

अस्मिन् हृदयस्थे सति हृदयस्थितो मुनीन्द्र इति । हृदयस्थिते च तस्मिन्नियमात्सर्वार्थसंसिद्धेरिति । तथा संविग्ना मोक्षाभिलाषिणो ये बहवो जना अर्थादीतार्थाः इतरेषां संवेगायोगात्तैर्यदाचीर्णमनुष्ठितं क्रियारूपं । इह च संविग्नग्रहणमसंविग्नानां बहूनामप्य प्रमाणतां दर्शयति तद्व्यवहारः ।

जं जीयमसोहिकरं पासत्थपमत्तसंजयाइहिं ।

बहूहिं वि आयरियं न पमाणं सुद्धचरणाणं ॥१॥ इति

बहुजनग्रहणं संविग्नोऽप्येकोऽनाभोगानवबोधादिभिर्वितथम-प्याचरेत्ततः सोऽपि न प्रमाणमित्यतः संविग्नबहुजनाचरितं मार्ग इत्यत एवाह - उभयानुसारिणी याऽऽगमबाधया संविग्नव्यवहाररूपा सा मार्गानुसारिणी क्रियेती आह आगम एव मार्गो वक्तुं युक्तो, बहुजना-चीर्णस्य पुनर्मार्गकरणमयुक्तं शास्त्रांतरविरोधादागमस्य चाप्रामा-ण्यात्तैः । तथाहि -

बहुजणपवित्तिमित्तं इच्छंतेहिं इहलोइओ चेव ।

धम्मो न उज्झियव्वो जेण तहिं बहुजणपवित्ति ॥१॥

ता आणाणुगयं जं तं चेव बुहेण होई कायव्वं किमिह बहुजणाणेणं हंदि नासयच्छिणो बहुया तथा जिट्ठंमिविद्यमाणे उचिए अणुजिट्ठ-

पूयणमजुत्तं लोयाहरणंपि तहा पयडे भयवं तवयणंमि १।

आगमस्तु केवलिनापि नाप्रमाणीक्रियते यतः -

अहो सुयनाणी जइवि गिण्हेइ असुद्धं ।

तं केवलि वि भुंजइ अपमाणसुयं भवे इहरा ॥

किं च आगमे सत्यप्याचरितस्य प्रमाणीकरणे तस्य लघुता स्फुटैवेति नैदेवमस्य सूत्रस्य शास्त्रान्तराणां च विषयविभागापरिज्ञानात् । तथाहि इह सूत्रे संविग्नगीतार्था आगमनिरपेक्षं नाचरंति । किं तर्हि ?

दोसा जेण निरुज्झन्ति जेण खिज्जन्ति पुव्वकम्माइं ।

सो सो मुक्खोवाओ रोगावत्थासु समणं व ॥

इत्याद्यागमवचनमनुस्मरंतो द्रव्यक्षेत्रकालभावपुरुषाद्यौचित्यमालोच्य, संयमवृद्धिकार्ये च किंचिदाचरंति तच्चान्येऽपि संविग्नगीतार्थाः प्रमाणयंतीति स मार्गोऽभिधीयते । भवदुच्चारितशास्त्रांतराणि पुनरसंविग्नगीतार्थालोकमसमंजसप्रवृत्तिमाश्रित्य प्रवृत्तानि ततः कथं तैः सह विरोधसंभवस्तथागमस्यापि नाप्रमाणता-पत्तिरपि तु सुष्ठुतरं प्रतिष्ठा यस्मादागमोप्यागमश्रुताज्ञाधारणाजीतभेदात् पंचधा व्यवहारः प्ररूप्यते ॥

यत उक्तं स्थानांगे - पंचविहे ववहारे पन्नत्ते, तंजहा - आगमववहारे १ सुयववहारे २ आणाववहारे ३ धारणाववहारे ४ जीयववहारे ५ । जीताचरितयोश्चनर्थांतरत्वादाचरितस्य प्रमाणत्वे सुतरामागमस्य प्रतिष्ठासिद्धिः तस्मादागमाविरुद्धमाचरितं प्रमाणमिति स्थितं ॥८०॥

अत एवेदमाह -

अन्नहभणियंपि सुउ किंची कालाइकारणाविक्खं ।

अइन्नमन्नहच्चिय दीसई संविग्गगीएहिं ॥८१॥

व्याख्या॥ अन्यथा प्रकारांतरेण भणितमप्युक्तमपि श्रुते पारगत-

गदितागमे किंचिद्वस्तु कालादिकारणापेक्षं दुःषमादिस्वरूपालोचन-पूर्वकमाचीर्णं व्यवहृतमन्यथैव चियशब्दस्यावधारणार्थत्वात् दृश्यते साक्षादुपलभ्यते संविग्नगीतार्थैरुक्तस्वरूपैरिति ॥८१॥

किं तदित्याह -

कप्पाणं पावरणं अग्गोयरपाउज्झोलियाभिक्खा ।
उवग्गहिय कदाहय तुंबय मुहदाण दोराई ॥८२॥

व्याख्या॥ कल्पानामात्मप्रमाणायामसार्द्धद्विहस्तविस्ताराणामागम-प्रतीतानां प्रावरणं परितो वेष्टनं प्रतीतमेव ते हि किल कारणव्यतिरेकेण भिक्षाचर्यादौ गच्छता संवृताः रकंधकता एव वोढव्या इत्यागमाचारः । संप्रति प्राव्रियन्ते, अग्गोयरत्ति अग्रावतारः परिधानविशेषः साधुजन-प्रतीतस्तस्य त्यागः, कटीपदृकस्यान्यथाकरणं तथा झोलिका ग्रन्थिद्वय-नियंत्रितपात्रबंधरूपा तया भिक्षा, आगमे हि मणिबन्धप्रत्यासन्नं पात्रबंधांचलद्वयं मुष्ट्य ध्रियते, कर्पूरसमीपगमेव बध्यत इति व्यवस्था तथौपग्रहिककटाहकतुंबकमुखदानदवरकादयः सुविहिता एव साधूनामाचरिताः संप्रतीति गम्यते॥८२॥

तथा -

सिक्किग्गनिक्खिवणाई पज्जोसवणाई तिहिपरावत्तो ।
भायणविहि अन्नत्तं एमाई विविहमन्नंपि ॥८३॥

सिक्किक्कादवरकरचितो भाजनाधारविशेषः, तत्र निक्षेपणं बंधव-मर्थात्यात्राणामादिशब्दात् शुक्तिलेपेनपात्रलेपनादि तथा पर्युषणादि-तिथिपरावर्त्तः पर्युषणासांवत्सरिकमादिशब्दाच्चातुर्मासिकपरिग्रह-स्तयोस्तिथिपरावर्त्त्यं तिथ्यंतरकरणं सुप्रतीतमेतत् तथा भोजनविधि-रन्यत्वं यतिजनप्रसिद्धमेव एमाइत्ति प्राकृतशैल्यैवंशब्दे वकारलोपस्तत एवमादिग्रहणेन षड्जीवनिकायामप्यधीतायां शिष्य उत्थाप्य इत्यादि गीतार्थानुमतं विविधमन्यदप्याचरितं प्रमाणीभूतमस्तीत्यवगंतव्यम् ।

तथा च व्यवहारभाष्यं -

सत्थपरिन्ना छक्कायसंजमो पिंड उत्तरज्जाए ।

रुक्खे वसहे गोवे जोहे साही य पुक्खरिणी ॥१॥

अस्या अयमर्थलेशः - शस्त्रपरिज्ञाध्ययने सूत्रतोऽर्थतश्चावगते भिक्षुरुत्थापनीय इत्यप्रमेयप्रभावपारमेश्वरप्रवचनमुद्रा जीतं, पुनः षट्कायसंयमो दशवैकालिकचतुर्थाध्ययने षड्जीवनिकायाख्ये ज्ञाते भिक्षुरुत्थाप्यत इति । तथा पिंडैषणायां पठितायामुत्तराध्ययनान्यधीयंते स्म संप्रति तान्यधीत्याचार उद्दिश्यते । पूर्वकल्पपादपा लोकस्य शरीरुस्थितिहेतवोऽभूवन्निदानीं सहकारकरीरादिभिर्व्यवहारः । तथा वृषभाः पूर्वमतुलबला धवलवृषभा बभूवुः, संप्रति धूसरैरपि लोको व्यवहरति । तथा गोपाः कर्षकाश्चक्रवर्त्तिगृहपतिरत्नवत्तद्दिन एव धान्यनिष्पादका आसन्, संप्रति तादृगभावेऽपीतरकर्षकैर्लोको निर्वहति । तथा पूर्वं योधाः सहस्रयोधादयः समभवन्, संप्रत्यल्पबलपराक्रमैरपि राजानः शत्रूनाक्रम्य राज्यमनुपालयंति । तद्वत्साधवोऽपि जीतव्यवहारेणापि संयममाराधयंतीत्युपनयः तथा शोधिः प्रायश्चित्तः षाण्मासिक्यामप्यापत्तौ जीतव्यवहारे द्वादशकेन निरुपितेति पुष्करिण्योऽपि प्रोक्तनीत्याहीना अपि लोकोपकारीण्येवेति दार्ष्टांतिकयोजना पूर्ववत् । एवमनेकधा जीतमुपलभ्यत इति ॥८३॥

अथवा किं बहुना -

जं सव्वहा न सुत्ते पडिसिद्धं, ने य जीववहहेउ ।

तं सव्वंपि पमाणं चारित्तधणाण भणियं च ॥८४॥

यत्तु सर्वथा सर्वप्रकारैर्नैव सूत्रे सिद्धान्ते प्रतिषिद्धं निवारितं सुरासेवनवत् । उक्तं च -

न य किंचि अणुन्नायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।

मोत्तुं मेहुणभावं न तं विणा रागदोसेहिंति ॥१॥

नापि जीववधहेतुराधाकर्मग्रहणवत्, तदनुष्ठानं सर्वमपि प्रमाणं चारित्रमेव धनं येषां ते चारित्रधनानां चारित्रिणामागमानुज्ञात्वाद्भणित-मुक्तं च पूर्वाचार्यैरिति ॥८४॥

यद्भणितं तदेवाह -

अवलंबिऊण कज्जं जं किंपि समायरंति गीयत्था ।

थोवावराहबहुगुणं सव्वेसिं तं पमाणं तु ॥८५॥

अवलंब्याश्रित्य कार्यं संयमोपकारि यत्किमपि समाचरन्ति सिद्धान्तानुयाय्याचरंत्यासेवंति गीतार्था विदितागमतत्त्वाः स्तोकापराध-मल्पदोषं निष्कारणपरिभोगत्वेन प्रायश्चित्तापत्तेः बहुगुणं गुरुग्लान-बालवृद्धक्षपकादीनामुपष्टंभेन बहूपकारं मात्रकादिपरिभोगवत्, सर्वेषामपि चारित्रिणां तत्प्रमाणमेव । तुशब्दस्यैवकारार्थत्वादार्यरक्षित-सूरिसमाचरितं दुर्बलिकापुष्यमित्रस्यैव ॥८५॥

तथा ॥ अत्र कश्चिदेवमाह - नन्वेवमाचरित् युष्माभिः प्रमाणीकृते-ऽस्माकं पितृपितामहादयो नानारम्भमिथ्यात्वक्रियाप्रवृत्तयोऽभूवन् ततोऽस्माकमपि तथैव प्रवर्तितुमुचितं इत्यत्रोच्यते - सौम्यमार्गेणापि नीयमानान्नोन्मार्गेण गमः यतोऽस्माभिः संविग्नाचरितमेव स्थापितं न सर्वपूर्वपुरुषाचरितमित्यत एवाह -

जं पुण पमायरूवं गुरुलाघवचिंतविरहियं ।

सवहं सुहसीलसङ्घाइन्नं चरित्तिणो तं न सेवंति ॥८६॥

यत्पुनराचरितं प्रमादरूपं संयमबाधकत्वात्, अत एव गुरुलाघव-चिंताविरहितं समुणमपगुणं चेति पर्यालोचवर्तितमत एव सबधं यतनाभावात् सुखशीला इहलोकप्रतिबद्धाः शठा मिथ्यालंबने प्रधानास्तैराचीर्णं समाचरितं चारित्रिणः शुद्धचारित्र-वंतस्तन्न सेवंते नानुतिष्ठंतीति ॥८६॥

अस्यैवोल्लेखं दर्शयन्नाह -

जह सड्ढेसु ममत्तं राढाइं असुद्धउवहिभत्ताई ।

निंदिद्य वसहितूलीमसूरगाईणपरिभोगो ॥८७॥

यथेत्युपदर्शने श्राद्धेषु श्रावकेषु ममत्वं ममत्वस्वीकारं मदीयोऽयं श्रावक इति गाढाग्रहं ग्रामे कुले वा नगरे वा देशे ममत्वभावं न "न कहिं वि कुज्जा" इत्यागमनिषिद्धमपि केचित् कुर्वन्ति, तथा राढया शरीरशोभाकम्यया अशुद्धोपधिभक्तादि केचन गृह्णन्ति तत्राशुद्धमुद्गमीत्यादनादिदोषदुष्टं, उपधिर्वस्त्रपात्रादिर्भक्तमशनपान-खाद्यस्वाद्यादि आदिशब्दादुपाश्रयग्रहणमेतान्यप्यागमेऽशुद्धानि निषि-द्धान्येव सदेवं मार्गः ।

पिंडं सिद्यं च वत्थं च, चउत्थं पायमेव य ।

अकप्पियं न इच्छिज्जा पडिगाहिद्य कप्पियमिति ॥१॥

इह च राढाग्रहणं पुष्टालंबनेन दुर्भिक्षाक्षेमादौ पंचकपरिहाण्या किंचिदशुद्धमपि गृह्णंतो न दोष इति ज्ञापनार्थं । यतोऽभाणि पिंडनिर्युक्तौ -

एसो आहारविही जह भणिउं सव्वभावदंसीहिं ।

धम्मावस्सगजोगा जेणमहायंति तं कुद्या ॥१॥

तथा

कारणपडिसेवा पुणभावे अणासेवणत्ति दिट्ठव्वा ।

अणइतीइभावे सो सुद्धो मुक्खहेउत्ति ॥२॥

तथा "निंदिद्य" त्ति पत्रलेखनेनाचंद्रसाक्षिकं प्रदत्ता वसतिर्गृहमेषापि साधूनामकल्पनीया अनगारत्वहानेः भग्नसंस्थापनादौ कायवध-संभवात् । तथा च पठ्यते -

अविकत्ति ऊणजीवे कोत्तोघरसरणगुत्ति संठप्यं ।

अविकत्तियाय तं तह पडिया असंजणाय पहे ॥१॥

एतद्ग्रहणमप्येकैराचर्यते, तथा तूलीमसूरकादीनामपि परिभोगः कैश्चिद्विधीयते, तत्र तूलीमसूरके प्रतीते आदिशब्दात्तूलिकासल्लक-कांस्यताम्रपात्रादीनां परिग्रहः । एतान्यति यतीनां न कल्पन्ते इति ॥८७॥

अथ प्रस्तुतमुपसंहरन्नाह -

इच्चाई असमंजसमणेगहा खुड्डुचिट्ठिय लोए ।

बहुएहि वि आयरियं न पमाणं सुद्धचरणाणं ॥८८॥

इत्याद्येवंप्रकारमसमंजसं वक्तुमप्यनुचितं शिष्टानामनेकधानेकप्रकारं क्षुद्राणां तुच्छसत्वानां चेष्टितमाचरितं लोके लिंगिजने बहुभिरप्यनेकैरप्याचीर्णं न प्रमाणं नालंबनहेतुः । शुद्धचरणानां निष्कलंकचारित्रिणां, अप्रमाणता पुनरेतस्य सिद्धान्तनिषिद्धत्वात्संयमविरुद्धत्वादकारणप्रवृत्तत्वाच्च सम्यगालोचनीयेति ॥८८॥

एवमानुषंगिकमभिधाय प्रस्तुतोपसंहारमाह -

गीयत्थपारतंता इय दुविहं, मग्गमणुसरंतस्स ।

भावजइत्तं जुत्तं दुप्पसहं तं जओ चरणं ॥८९॥

गीतार्थपारतंत्र्यादागमविदाज्ञयेत्युक्तनीत्या द्विविधमागमनीत्यागमानुगतवृद्धसमाचारभेदेन द्विप्रकारं मार्गमनुसरतस्तदनुसारेण व्यवहरतः साधोरिति गम्यते भावयतित्वं सुसाधुत्वं युक्तमुचितं वक्तुमिति शेषः । किमित्यत आह - दुःप्रसहांतं दुःप्रसहनामधेयाचार्यपर्यन्तं । यतो यस्माच्चरणं चारित्रं सिद्धान्ते श्रूयते इतिशेषः । अयमभिप्रायो यदि मार्गानुसारिक्रियाकरणसारं यतमानाश्चारित्रिणो नाभ्युपगम्यन्ते, ततस्तदन्येषामनुपलंभाद्व्यवच्छिन्नं चारित्रं तव्यवच्छेदात्तीर्थं चेत्यायातं, एतच्च प्रत्यक्षीभूतभवद्भाविभावस्वभावजिननाथप्रणीतसिद्धान्तेन सह विरुद्धमिति न प्रेक्षापूर्वकारिणः प्रतिपद्यंते । तथा च व्यवहारभाष्यं -

से किंचि य आएसो दंसणनाणेहिं वट्टए तित्थं ।

वोच्छिन्नं च चरित्तं वयमाणो भारिया चउरो ॥१॥

जो भणइ नत्थि धम्मो न य सामाइयं न चेव य वयाइं ।

सो समणसंघबज्झो कायव्वो समणसंघेण ॥२॥

इत्याद्यागमप्रामाण्यान्मार्गानुसारिक्रियाकारिणो भावयतय इति स्थितं ॥८९॥

આ પાઠનો ભાવાર્થ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત સાડા ત્રણસો ગાથાના સ્તવનની ૧૪મી ઢાળની ચોથી ગાથાથી આઠમી ગાથા સુધી કહ્યો છે. તે પાઠ સહિત ભાવાર્થ આ મુજબ છે :

માર્ગ સમયની થિતિ, તથા સંવિગ્નબુધની નીતિ,

એ દોઈ અનુસારે કિયા, જે પાલે હો તે ન લહે ભીતિ ॥સા.॥ ॥૪॥

અર્થ :- ઉપર કહેલા સાત ભેદમાંથી માર્ગાનુસારિણી ક્રિયા નામે પ્રથમ ભેદ વખાણે છે. માર્ગ કે સમયની સ્થિતિ એટલે આગમની મર્યાદા. તે આગમ કોને કહેવાય ?

उक्तं च -

आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद्विदुः ।

वीतरागोऽनृतं वाक्यं न ब्रूयाद्धेत्वसंभवात् ॥

તે આગમની સ્થિતિ તે ઉત્સર્ગ-અપવાદરૂપ શુદ્ધ સંયમનો ઉપાય, તે માર્ગ કહેવાય. સંવિગ્ન તે મોક્ષાભિલાષી અને બુદ્ધ તે ગીતાર્થ. અહીંયાં બહુ પદ અધિકું કહીએ. ત્યારે એમ કહેવું કે જે સંવિગ્ન કે બહુગીતાર્થની નીતિ કે જે આચરણક્રિયા તેને પણ માર્ગ કહીએ. એ દોહ મતલબ કે બે અર્થ માર્ગના કહ્યા. તેવા માર્ગને અનુસરતી જે ક્રિયા હોય, આગમની અબાધાએ સંવિગ્નવ્યવહારરૂપ તેને માર્ગાનુસારિણીક્રિયા કહેવાય. આવી ક્રિયા પાળનારને સંસારની બીક ન રહે.

હવે સંવિગ્નગીતાર્થની નીતિ એનો પદચ્છેદ કરવામાં આવે છે.

સંવિગ્ન પદ કહ્યું તે અસંવિગ્નપણું ટાળવા માટે કહ્યું છે. ઘણા અસંવિગ્નોએ મળીને જે આચર્યું હોય તોપણ પ્રમાણ ન થાય.

यद् व्यवहारः -

जं जीयमसोहिकरं पासत्थपमत्तसंजयाइहिं ।

बहूएहिं वि आयरियं न पमाणं सुद्धचरणाणं ॥१॥

અહીંયાં બહુગીતાર્થ પદ મૂક્યું તેનું કારણ એ જ કે એક ગીતાર્થે આચર્યું હોય તે કદાચિત્, અનાભોગે અનવબોધ આદિ કારણે વિપરીતપણે આચર્યું હોય તો તે પણ પ્રમાણ ન થાય. તે માટે બહુગીતાર્થ પદ મૂક્યું. તે બહુ ગીતાર્થ જે આચરે તે અવિતથ હોય. અહીં કોઈ પ્રશ્ન કરે કે આગમમાર્ગ કહેવો તે તો યુક્ત છે, પણ બહુજનાચરણ કહેવું યુક્ત નથી. કારણ કે ઘણા લોકોએ તો લૌકિકમાર્ગ આચર્યો હોય. માટે આગમ તે તો પ્રમાણ, પણ ઘણા લોકોનું આચરણ પ્રમાણ નહીં. વળી આગમ તે જ્યેષ્ઠ છે. અને બહુજનઆચરણ તે અનુજ્યેષ્ઠ છે. અને લૌકિકમાં પણ જ્યેષ્ઠને મૂકી અનુજ્યેષ્ઠનું પૂજન યુક્ત નથી. તેમજ આગમને તો કેવલી પણ અપ્રમાણ ન કરે.

यतः -

अहो सुओ चउत्तो सुअनाणी जइवि गिण्हइ ।

असुद्धं तं केवलि वि भुंजई अपमाणं सुअं भवे इहरा ॥१॥

આમ, આગમ છતાં આચરણાને પ્રમાણ કરીએ તો આગમની લઘુતા થાય. હવે ગુરુ ઉત્તર કહે છે : જે સંવિગ્ન ગીતાર્થ છે તે આગમની અપેક્ષા વિના આચરે જ નહીં. તે શું આચરે અને શું ન આચરે તે જુઓ.

यतः -

दोसा तेण निरुज्झन्ति जेण खिज्जंति पुव्वकम्माइं ।

सो सो मुक्खोवाओ रोगावत्थासु समणं च ॥१॥

આમ આવાં આગમવચન સંભારી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરુષાદિક ઉચિત જોઈ સંયમને વૃદ્ધિકાર જ આચરે. તેને બીજા સંવિગ્ન ગીતાર્થ પણ અંગીકાર કરે. તેને માર્ગ કહેવાય. અને બીજા બહુ લોકોએ આચર્યું હોય તે તો અસંવિગ્ન, અગીતાર્થ માટે અપ્રમાણ છે. આચરણાને પ્રમાણ કરતાં આગમ

તો અત્યંત પ્રતિષ્ઠા પામે છે. શ્રી ઠાણાંગસૂત્રમાં પાંચ પ્રકારના વ્યવહાર પ્રરૂપ્યા છે.

उक्तं च - पंचविहे ववहारे पन्नत्ते, तंजहा - आगमववहारे १ सुयववहारे २ आणाववहारे ३ धारणाववहारे ४ जीयववहारे ५ ।

અહીંયાં જીત અને આચરણા તે બંનેનો અર્થ એક જ છે. માટે આચરણા માની તેણે આગમ માન્યું. આગમઅવિરોધી અચરણા તે પ્રમાણ જ છે. ॥૪॥

સૂત્રે ભણ્યું પણ અન્યથા, જુદું જ બહુગુણ જાણ,
સંવિગ્ન વિબુધે આચર્યું, કાંઈ દીસે હો કાલાદિ પ્રમાણ ॥સા.॥ ॥૫॥

અર્થ :- વળી એ જ વાત કહેવાય છે. સૂત્રે ભણ્યું કે આગમને વિષે કહ્યું છે તોપણ અન્યથા કે હેરફેર કરીને બહુગુણજાણ એટલે કે તેમાં ઘણા ગુણ જોઈ સંવિગ્નગીતાર્થ લોકોએ જે આચરણ કર્યું તેવી કેટલીક વાતો દેખાય છે. પણ તે શું જાણી આચર્યું ? તો કહે છે કે દુઃષમ આદિ કાળનું પ્રમાણ વિચારીને આદર્યું. ॥૫॥

કલ્પનું ધરવું ઝોલિકા, ભાજને દવરક દાન,
તિથિ પજુસણની પાલટી, ભોજન વિધિ હો ઇત્યાદિ પ્રમાણ ॥સા.॥ ॥૬॥

વળી તે જ બતાવે છે કે (૧) કલ્પનું ધરવું એટલે કે કલ્પ જે કપડો તેને કારણે ઓઢતા, તથા ગોચરી પ્રમુખને વિષે વાળીને ખભે મૂકીને ચાલતાં, એ આગમનો આચાર હતો. (૨) ગોચરી પ્રમુખને વિષે પાંગરીને જાવું તથા ચોલપટ્ટા પ્રમુખ પણ એમ સમજવાં, તે પૂર્વે કોણીએ રાખતાં હવે કંદોરો રાખે છે. (૩) પહેલાં ઝોલીકા મૂઠીથી ઝાલી તેની ગાંઠ કોણી પાસે બાંધતાં, હમણાં હાથમાં જાલીએ છીએ. ઉપલક્ષણથી ઉપગ્રહિક, કટાસણું, સંથારિયું, દંડાસણ આદિ લેવાં તથા તરપણી પ્રમુખને દોરા દેવા, એમ સીકી દોરાની, ઝોલીકા આધારવિશેષ વગેરે, વળી પાત્રાને લેપ કરવો, ચોમાસું પૂનમનું ટાળી ચૌદશનું કર્યું તથા ભોજનવિધિ વગેરે શાસ્ત્રોક્ત વિના પણ આચરિત પ્રમાણ છે. ભોજનવિધિ તે માંડલીએ બેસવું, વહેંચી દેવું, વગેરે. તે વ્યવહારભાષ્યમાં કહ્યું છે. તે પાઠ :

सच्छपरिन्ना छक्कायसंजमो पिंड उत्तरज्जाए ।

रुक्खे वसहे गोवे जोहे साही य पुक्खरिणी ॥१॥

(૧) પૂર્વે શસ્ત્રપરિજ્ઞાઅધ્યયન સૂત્રાર્થે ભણીને, સાધુને ઉઠામણ કરતાં હતાં, અત્યારે દશવૈકાલિકનું ચોથું અધ્યયન ભણાવી ઉઠાવણા થાય છે. પહેલાં પિંડૈષણાઅધ્યયન ભણાવ્યા બાદ ઉત્તરાધ્યયનસૂત્ર ભણાવતાં હતાં, હમણાં વગર ભણ્યે ભણાવાય છે. ત્યાં દૃષ્ટાંત આપે છે કે પૂર્વે કલ્પવૃક્ષ હતાં, હમણાં આંબા પ્રમુખથી કામ ચાલે છે. પહેલાં અતુલ્ય બળશાળી ધવલ વૃષભ હતાં, હવે ધૂંસરે જ કામ ચાલે છે. પહેલાં ગોપ જે કર્ષણી હતા તે ચક્રવર્તીને તે જ દિવસે ધાન્ય નિપજાવી દેતા હતા, અત્યારે તેના વિના પણ કામ ચાલે છે. પહેલાં સહસ્રયોધી હતા, અત્યારે અલ્પ પરાક્રમી સુભટોથી પણ શત્રુનો પરાજય કરી રાજ્ય ચલાવાય છે. તેમ સાધુ હમણાં જીતવ્યવહારે સંયમ પાળે છે. તથા છ માસનું પ્રાયશ્ચિત્ત હોય તેને અત્યારે પાંચ ઉપવાસ કહ્યા છે. પહેલાં મોટી પુષ્કરિણી હતાં હમણાં નાની છે તેથી કામ ચાલે છે. આવા દૃષ્ટાંતોથી જીતવ્યવહાર જાણવો.

जं सव्वहा न सुत्ते पडिसिद्धं, न य जीववहहेउ ।

तं सव्वंपि पमाणं चारित्तधणाण भणियं च ॥१॥

अवलंबिऊण कज्जं जं किंपि समायरंति गीयत्था ।

थोवावराहबहुगुणं सव्वेसिं तं पमाणं तु ॥२॥

ઇત્યાદિ જેમ આર્યરક્ષિતસૂરિજીએ આચર્યું તે દુર્બલિકા પુષ્પમિત્રજીએ અંગીકાર કર્યું તેમ સુવિહિતે જે આચર્યું તેને સર્વે કબૂલ કરે. ॥૬॥

વ્યવહાર પાંચે ભાષીયા, અનુક્રમે જેહ પ્રધાન,

આજ તો તેમાં જીત છે, તે તજિયે હો કેમ વિગરનિદાન ॥સા.॥ ॥૭॥

અર્થ :- પાંચ વ્યવહાર કહ્યા છે તેમાં અનુક્રમે જે પ્રધાન હોય તે આદરવો. કહ્યું છે -

कतिविहे णं भंते ववहारे पण्णत्ते ? गोयमा पंचविहे ववहारे पण्णत्ते ।

तं जहा - आगमे, सुए, आणा, धारणा, जीए । से तत्थ आगमे सिया आगमे णं ववहारं पट्ठवेद्या १ णो य से तत्थ आगमे सिया जहा से तत्थसुए सिया । सुए णं ववहारे पट्ठवेद्या २ णो य तत्थ सुए सिया जहा से तत्थ आणासिया आणाए ववहारं पट्ठवेद्या ३ णो य से तत्थ आणासिया जहा से तत्थ धारणा सिया धारणाए ववहारं पट्ठवेद्या ४ णो य से तत्थ धारणा सिया जहा से तत्थ जीए सिया जीए णं ववहारं पट्ठवेद्या ५ । इच्चे तेहिं पंचहिं ववहारं पट्ठवेज्जा तं जहा आगमेणं सुएणं आणाए धारणाए जीएणं । जहा जहा से आगमे सुए आणा धारणा जीए तहा तहा ववहारं पट्ठवेज्जा । से किं तमाहु भंते आगमबलिया समणा निग्गंथा इच्चेयं पंचविहं ववहारं जदा जदा जहिं जहिं तहा तहा तहिं तहिं अणस्सितोवस्सयं समं ववहारेमाणे निग्गंथे आणाए आराहए भवइ इति भगवतीसूत्र अष्टम शतक अष्टम उद्देश

અત્યારે પાંચ વ્યવહારમાં જીતવ્યવહાર મુખ્ય છે. જીતવ્યવહારથી જ કામ ચાલે છે. તે જીતવ્યવહાર કોઈપણ કારણ વિના કેમ તજીએ ? એટલે કે જીતવ્યવહાર આચાર્યે બાંધ્યો તે પ્રમાણ છે. ॥७॥

શ્રાવક મમત્વ અશુદ્ધ, વલી ઉપકરણ વસતિ આહાર,

સુખશીલ જે જન આચરે, નવિ ધરિયે હો તે ચિત્ત લગાર. ॥સા.॥ ॥૮॥

સિદ્ધાંતમાં ના કહી હોય તેવી આચરણા અપ્રમાણ છે. શ્રાવકનું મમત્વ કરે તે અપ્રમાણ છે. અશુદ્ધ ઉપકરણ-વસતિ-આહાર વગેરે લેવાની આગમમાં ના કહી છે, લે તો તે આચાર અપ્રમાણ છે. આગમમાં કહ્યું છે કે -

पिंडं सिज्जं च वत्थं च, चउत्थं पायमेव य ।

अकप्पियं न इच्छिज्जा पडिगाहिज्ज कप्पियमिति ॥१॥

એ ઉપલક્ષણથી પોતાના શરીરની શોભાના અર્થે જે આચર્યું તે અપ્રમાણ, બાકી દુષ્કાળ આદિ કારણથી કંઈ અશુદ્ધ લે તોપણ નિર્દોષ કહેવાય. પિંડનિર્યુક્તિમાં કહ્યું છે :

एसो आहारविही जह भणिउं सव्वभावदंसीहिं ।

धम्मावस्सगजोगा जेणमहायंति तं कुज्जा ॥१॥

तथा

कारणपडिसेवा पुणभावे अणासेवणत्ति दिट्ठव्वा ।

अणइतीइभावे सो सुद्धो मुक्खहेउत्ति ॥१॥

ઇત્યાદિ. વળી ઉવવાઈસૂત્રમાં "સુદ્ધેસણીએ" એવા અભિગ્રહ મુનિએ કર્યા તેથી જાણીએ છીએ કે પૂર્વે પણ કોઈક કારણસર અશુદ્ધ લેતાં લેખાય છે, પણ તે અપવાદ છે. સુખશીલ લોકે જે આચર્યું તે ચિત્તમાં લગાર પણ ન ધરીએ. દુપ્પસહઆચાર્ય સુધી ચારિત્ર ટકશે એવું સિદ્ધાંતમાં સાંભળીએ છીએ. જે માર્ગાનુસારિણીક્રિયા કહી તે રીતે પ્રયત્ન કરતાં હોય તેને જો ચારિત્રવાન ન માનીએ તો બીજા ચારિત્રીયા તો દેખાતાં નથી. તો શું ચારિત્રનો વિચ્છેદ થયો છે ? જો ચારિત્રનો વિચ્છેદ માનીએ તો તીર્થનો પણ વિચ્છેદ થાય. આવું વિચારીએ તો તે આગમવિરુદ્ધ થાય છે. વ્યવહારભાષ્યમાં કહ્યું છે :

जो भणइ नत्थि धम्मो न य सामाइयं न चेव य वयाइं ।

सो समणसंघबज्झो कायव्वो समणसंघेण ॥१॥

આ વચનથી માર્ગાનુસારીક્રિયા કરનાર ભાવસાધુ છે એમ ઠર્યું. એ પ્રથમ ક્રિયા નામનો ભેદ થયો. ॥૮॥

અહીંયાં કોઈ કોઈ કહેશે કે તમો તો પંચાંગી પ્રમાણે આચરણા પ્રમાણ કરો છો, તો કલ્પનું ધરવું, ઝોળી વગેરે આચરણા પંચાંગીમાં નથી, તેને તમો કેમ પ્રમાણ કરો છો ?

તેનો જવાબ એ છે કે અમો પંચાંગી અનુસાર પ્રકરણાદિ સર્વ આચરણા પ્રમાણ કરીએ છીએ. તેથી એ પૂર્વોક્ત કેટલીક આચરણા પંચાંગી મુજબ છે અને કેટલીક આચરણા પંચાંગી અનુસાર આગમઅનિષિદ્ધ આચરણા છે.

કપડાનું તથા ઝોળી હાથમાં ઝાલવી, ઉપગ્રહિક ઉપધિ, સંથારિયા પ્રમુખ રાખવા, તુંબા વગેરેને મુખ કરવું, દોરાદિક દેવા અને શાકી દોરાની ઝોળીના

આધારવિશેષ, ભોજનમાંડલીએ બેસવું, વહેંચી દેવું વગેરે પંચાંગી અનુસાર આગમઅનિષિદ્ધ આચરણા છે.

મૂળ માર્ગે તો પંચાંગીમાં કપડા વગેરે ઉપકરણ સ્વ-સ્વકાર્યના ઉપયોગ ભણી ચાલ્યા છે. પણ કાળદોષે, બળ-બુદ્ધિ-ઉપયોગની હાનિ જોઈ, ગીતાર્થોએ પાંગરવાદિક હેરફેર આચરણા કરી તેનો પંચાંગીમાં નિષેધ નથી. તથા ચોલપટ્ટો આંટી તથા દવરાદિકે રાખવે, સંવત્સરી પાંચમના બદલે ચોથની કરવી, ચોમાસું પૂનમના બદલે ચૌદશનું કરવું, દંડાસણ વગેરે રાખવા, પાત્રાને લેપ કરવો વગેરે આચરણા શ્રી તીર્થોદ્ગાલીપયન્ના, બૃહત્કલ્પવૃત્તિ, શ્રી નિશીથસૂત્ર, તેની ચૂર્ણિ વગેરે પંચાંગીમાં પ્રગટ કહી છે. આ સર્વ આચરણા પંચાંગી મુજબ તથા પંચાંગી અનિષિદ્ધ આચરણા જાણવી. શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે સવાસો ગાથાના સ્તવનમાં કહ્યું છે કે :

જેહ ન આગમ વારિઓ, દીસે અશઠ આચારો રે,

તેહિ જ બુધ બહુમાનીઓ, શુદ્ધ કહ્યો વ્યવહારો રે. તુજ. ॥૬૬॥

વ્યાખ્યા :- આગમમાં જેનો નિષેધ ન હોય, અસાવદ્ય-અશઠ ગીતાર્થે આચરી હોય તે જ ઘણા બુધે, ઘણા પંડિતે માન્ય રાખેલ શુદ્ધ વ્યવહાર છે.

उक्तं च -

मग्गो आगमणिई, अहवा संविग्गबहुजणाईन्नं ।

उभयाणुसारिणीज्जा सा मग्गाणुसारिणी किरिया ॥१॥ इत्यादि

तथा

असठेण समाइन्नं जं कत्थइ केणई असावज्जं ।

ण णिवारियमन्नेहिं जं बहुमणुमेअमायरियं ॥२॥

तथा

वत्तणुं वत्तपवत्तो बहुसो आसेविउं महाणेण ।

एसो य जियकप्पो पंचमऊ णाम ववहारो ॥३॥ ॥६६॥

અહીં આગમઅનિષિદ્ધઆચરણા પ્રમાણ કરવાની કહી, પણ

ગચ્છાચારપયન્ના વગેરેમાં શ્રી વીરશાસનમાં શ્વેત માનોપેત વસ્ત્રનો ત્યાગ કરી પીતાદિક એટલે કે રંગેલા વસ્ત્રો ધારણ કરે તેને ગચ્છમર્યાદા બહાર કહ્યા છે. તે પાઠ :

जत्थ य वारडियाणं तत्तडिआणं च तहय परिभोगो ।

मुत्तुं सुक्किल्लवत्थं का मेरा तत्थ गच्छंमि ? ॥८९॥

टीका - तथा यत्र गच्छे वारडियाणं ति रक्तवस्त्राणां तत्तडियाणंति नीलपीतादिरंजितवस्त्राणां च परिभोगः क्रियते किंकृत्वेत्याह मुक्त्वा परित्यज्य किं शुक्लवस्त्र यतियोग्यांबरमित्यर्थः तत्र का मेरतिः? का मर्यादा ? न काचिदपीति । द्वे अपि गाथाछंदसी ॥८९॥

અર્થ :- ભગવાન મહાવીરસ્વામી ગૌતમ ગણધરને કહે છે હે ગૌતમ ! સાધુને યોગ્ય જે શ્વેતવસ્ત્ર છે તેને છોડીને જે ગચ્છમાં સાધુઓ લાલ-લીલા-પીળા એમ રંગેલા વસ્ત્રો પહેરે તે ગચ્છમાં શી મર્યાદા હોય ?

વળી, સાધ્વીજીના અધિકારમાં લખે છે કે -

गणि गोअम अज्जाओवि अ सेअवत्थं विवज्जिउं ।

सेवए चित्तरूवाणि न सा अज्जा विआहिआ ॥११२॥

हे गणिन् गौतम ! या आर्या उचितं श्वेतवस्त्रं विवर्ज्य चित्ररूपाणि विविधवर्णानि विविधचित्राणि वा, वस्त्राणि सेवते उपलक्षणात्पात्र-दंडाद्यपि विचित्ररूपं सेवते सा आर्या न व्याहृता न कथितेति विषमाक्षरेति गाथाच्छंद ॥११२॥

અર્થ :- હે ગૌતમ ગણધર ! જે સાધ્વી યોગ્ય વસ્ત્ર એટલે કે ધોળા વસ્ત્ર છોડીને અનેક પ્રકારના રંગેલા વસ્ત્ર પહેરે, પાત્રા-દાંડા પ્રમુખ ઉપકરણ રંગેલા રાખે તે સાધ્વી નથી. અયોગ્ય વસ્ત્ર ધરનારીને મેં સાધ્વી કહી નથી. સાધ્વી તો શ્વેતવસ્ત્ર પહેરે તે જ છે.

આવી જ રીતે આવશ્યકસૂત્રમાં અવિરતિ દેવોને વંદન કરવાનો નિષેધ છે. તથા શિથીલવિહારી પાર્શ્વસ્થાદિકે આચરેલા નિયતવાસાદિક આલંબન

વગેરે આગમનિષિદ્ધ આચરણા અંધપરંપરાએ ચાલી આવી તે સુવિહિતોને પ્રમાણ કરવા યોગ્ય નથી. પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી સવાસો ગાથાના સ્તવનમાં કહે છે કે :

જેહમાં નિજમતિ કલ્પના, જેહથી નવિ ભવ પારો રે,
અંધ પરંપરા બાંધિઓ, તેહ અશુદ્ધ આચારો રે. તુજ. ॥૬૮॥

વ્યાખ્યા : જેમાં પોતાની મતિકલ્પના હોય તેનાથી ભવપાર ન થવાય. જે અંધપરંપરાથી બાંધેલ હોય તે આચાર અશુદ્ધઆચાર ગણાય.

उक्तं च -

जहसड्ढेसु ममत्तमित्यादि ॥६८॥

શિથિલવિહારીએ આદર્યા, આલંબન જે કૂડાં રે,
નિયતવાસાદિક સાધુને, તે નવિ જાણીએ રૂડાં રે. તુજ. ॥૬૯॥

વ્યાખ્યા : શિથિલવિહારી પાર્શ્વસ્થાદિક સાધુઓએ જે ખોટા આલંબન આચર્યા હોય તે સાધુ માટે રૂડાં (આચરવા યોગ્ય) ન ગણાય.

કહ્યું છે કે -

नीआवासविहारं चेइयभत्तिं च अद्वियालाभं ।
विगईसु अपडिबद्धं णिद्दोसं चोईआ बिंत्ति ॥१॥

આમ, આવશ્યકમાં તેના સર્વ ઉત્તર છે. આલંબન તો માત્ર કલ્પના છે.

आलम्बणाण लोगो भरिउ जीवस्स अजऊकामे ।
जं जं पासइ लोए तं तं आलंबणं कुणई ॥१॥ ॥६९॥

ઉપર લખ્યાનો સારાંશ એ છે કે જીતઆચરણાવ્યવહાર તીર્થંકરઆજ્ઞાથી સૂત્રઅવિરુદ્ધ પરંપરાએ આવ્યું તે આત્મહિતેચ્છુઓએ પ્રમાણ કરવું, પણ તીર્થંકરઆજ્ઞા વિના સૂત્રવિરુદ્ધ જીતઆચરણા બહુશ્રુતની કરેલી હોય તોપણ અપ્રમાણ છે.

तथा चोक्तं श्रीव्यवहार-निशीथ-ओघनिर्युक्ति-भाष्य-चूर्णि-वृत्तिषु । तत्पाठः ॥

तित्थयरे भगवंते जगजीववियाणाए तिलोएगुरु ।
जो न करेइ पमाणं न सो पमाणं सुअहराणं ॥१॥
तित्थयरेहि कयमिणं गणहराणं तु तेहि सीसाणं ।
तत्तो परम्परेणं आगयमिण तेण जीयन्तु ॥२॥
इह लोगंमि अकित्ती परलोए दुग्गए धुवा तेसिं ।
आणं विणा जिणाणं जे ववहारं ववहरन्ति ॥३॥
इह लोगंमि विकित्ती परलोए सो गई तेसिं ।
आणाए जिणंदाणं जे ववहारं ववहरन्ति ॥४॥
श्रीनिशीथचूर्णौ ।
आणाई जिणंदाणं न हु बलियतराउ आयरियआणा ।
जिणाणाए परिभावो एवं गव्वो अ विणउ य ॥१॥
अथ श्रीओघनिर्युक्तौ-
चोयगवयणं आणा, आयरियाणं तु खंडिया तेण ।
साहम्मिय कज्जपभूय याए सुचिरेण वि न गच्छे ॥१॥
तित्थयराणा चोयग दिट्ठंतो गामभोइयनरवइणा ।
जत्तुग्गयभोइय दंडिए य घरदारपुव्वकए ॥२॥
रन्नो तणघरकरणं सचित्तकम्मं च गामसामिस्स,
दुण्हंपि दंडकरणं, विवरीयत्तेणुवणउय ॥३॥
जह नरवइणो आणं, अइक्कमंता पमायदोसेणं ।
पावंति बंधबहरोहछिज्जयमरणा वसाणाइं ॥४॥
तह जिणवराइ आण अइक्कमं ता पमायदोसेणं ।
पावंति दुग्गइपहे विणिवायसहस्सकोडीओ ॥५॥

तित्थयरवयणकरणे आयरियाणं कइंपए होई ।
कुज्जा गिलाणगस्सओ पढमालियजावबहिगमणं ॥६॥
जइ ता पासत्थोसन्नकुसीलनिण्हगाणं पि देसियं करणं ।
चरणकरणालसाणं सप्पभावपरम्मुहाणं च ॥७॥
किं पुण जयणाकरणु जुयाणदं तिंदियाणगुत्ताणं ।
संविग्गविहारीणं सव्वपयत्तेण कायव्वं ॥८॥

અર્થ :- સકલ જીવસ્વરૂપના જાણ, ત્રિભુવનગુરુ, જગત્પૂજ્ય તીર્થંકરની આજ્ઞા ન માને તે બહુશ્રુતની આચરણા અપ્રમાણ ગણાય. ॥૧॥

તીર્થંકરનું વચન ગણધરે ઝીલ્યું, ગણધરનું વચન સ્થવિરે માન્યું. તે વચન પરંપરાએ અનુક્રમે આવ્યું, તે જીતવ્યવહાર ગણાય. ॥૨॥

જિનની આજ્ઞા વિના જે વ્યવહાર કરે તેને આલોકમાં અપકીર્તિ અને પરલોકે દુર્ગતિ થાય. ॥૩॥

જિનાજ્ઞા મુજબ વ્યવહાર કરે તેને આલોકે કીર્તિ અને પરલોકે ઉત્તમ ગતિ થાય. ॥૪॥

આ વ્યવહાર સિદ્ધાંતની બંને ગાથાનો અર્થ જાણવો.

શ્રી વીતરાગની આજ્ઞા કરતાં આચાર્યની આજ્ઞા સબળ નથી. અને જો વીતરાગની આજ્ઞાના ભોગે આચાર્યની આજ્ઞાને વધુ માનીએ તો ત્રણ દોષ લાગે. (૧) વીતરાગની આજ્ઞા લોપ્યાનું પાપ, (૨) અભિમાનરૂપી દોષ અને (૩) વિનયભંગનો દોષ.

નિશીથની ગાથાનો અર્થ :-

એક મહાત્માને ક્ષેત્ર જોવા ગુરુએ મોકલ્યા, રસ્તામાં ગ્લાન સાધુ મળ્યા. તેમણે સારસંભાળ લેવાનું કહ્યું. ત્યારે શિષ્યે કહ્યું કે "મને ગુરુએ ક્ષેત્ર જોવા મોકલ્યો છે. હું જો ગ્લાન એવા તમારી સેવા કરવા વચ્ચે રહી જાઉં તો ગુરુઆજ્ઞાનો લોપ થાય. એમ ગચ્છના કાર્ય કરતાં ઘણો કાળ વીત્યા છતાં ક્ષેત્રે ન પહોંચાય". પણ અહીંયાં ગણધર ભગવંત કહે છે કે ગ્લાનની

સેવા કરવી તે પરમાત્માનું વચન લોપી આચાર્યનું વચન જ માને તો તે વિરાધક થાય.

એક રાજા યુદ્ધ કરવા ચાલ્યો. રસ્તામાં એક ગામ આવ્યું. ગામ લોકોએ રાજાને ગામ બહાર ઘાસની ઝૂંપડીમાં ઉતારો દીધો અને ગામના ઠાકોરને સુંદર મકાનમાં ઉતારો આપ્યો. રાજાને આ વાતની ખબર પડતાં તે ગુસ્સે થયો. તેણે ઠાકોર અને ગામના લોકોને દંડ આપ્યો.

અહીંયાં રાજા એટલે તીર્થંકર, ગામનો ઠાકોર એટલે આચાર્ય, ગામના લોકો એટલે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સમજવા.

આમ જો ભગવાનની આજ્ઞા લોપે તો જીવ દુર્ગતિમાં હજાર ક્રોડવાર અવતાર પામે. અને જો સ્વામીની આજ્ઞા કરે તો ગુરુઆજ્ઞાનું ફળ પામે. એ શ્રી ઓઘનિર્યુક્તિની ગાથાનો અર્થ જાણવો.

આ વ્યવહાર-ભાષ્યાદિક પાઠનો પરમાર્થ એ છે કે જિનાજ્ઞાયુક્ત, ગણધર પરંપરાએ આવેલી, આગમોક્ત આચરણા તથા પંચાંગી અનુસાર સૂત્ર અનિષિદ્ધ આચરણા આચરે તેને ગીતાર્થ આચરણા કહેવાય.

પણ જે આચરણાને સૂત્ર વિષેધે તથા પંચાંગીમાં જે આચરણા કરવાની સ્પષ્ટતા હોય તેને નિષેધી બીજી આચરણા ઘણા ભણેલા એટલે બહુશ્રુત આચાર્ય આદિની કરેલી હોય તોય તે ગીતાર્થ આચરણા ન કહેવાય, પણ શઠ આચરણા કહેવાય. તે આચરણા ભવભીરુ પુરુષોને પ્રમાણ કરવા યોગ્ય ન હોય.

॥ઈતિ આચરણાનિર્ણય॥

॥ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધાર અપરનામ
ચતુર્થસ્તુતિકુયુક્તિનિર્ણયછેદનકુઠાર ગ્રંથમાં ગીતાર્થઆચરણાનિર્દેશન
નામનો ચતુર્થ પરિચ્છેદ પૂર્ણ॥

આ આચરણા લખવાનું મુખ્ય કારણ એ છે કે આત્મારામજીએ ચતુર્થસ્તુતિનિર્ણયના પાના નંબર ૯ પર ચૈત્યવંદન મહાભાષ્યોક્ત આચરણાનું સ્વરૂપ લખેલ છે. એ આચરણા જે એકલું સૂત્ર માને પણ *પંચાંગી ન માને અથવા પંચાંગી અનુસાર પ્રકરણોક્ત ગીતાર્થ આચરણા*

न माने तथा એક નમુત્થુણં કરીને જ દેરાસરમાં ચૈત્યવંદના માને તેને શિક્ષાના અર્થે શ્રી શાંતિસૂરિજીએ ગુરુ-શિષ્ય-પ્રશ્નોત્તરરૂપે ચૈત્યવંદનના નવ પ્રકાર આશ્રયીને આચરણાનું સ્વરૂપ બતાવે છે. પણ પંચાંગીના માનવાવાળાને આશ્રયીને કે પંચાંગી અનુસાર પ્રકરણોક્ત નવ પ્રકારે ચૈત્યવંદના માનવાવાળાને આશ્રયીને એ કથન નથી.

तथा च तत्पाठः ॥

तीसे करणविहाणं, नज्जइ सुत्ताणुसारओ ।
किंपि संविग्गायरणाओ, किंचि उभयंपि तं भणिमो ॥१५॥
पुच्छई सीसो भयवं, सुत्तो इयमेव साहिओ जुत्तं ।
किं वंदणाहिगारे, आयरणा कीरइ सहाया ॥१६॥
दीसइ सामन्नेणं, वुत्तं सुत्तंमि वंदणविहाणं ।
नज्जइ आयरणाउ विसेसकरणक्कमोतस्स॥१७॥
सुयणमेत्तं सुत्तं, आयरणाओ य गम्मइ तयत्थो ।
सीसायरियकमेण हि, नज्जं मे सिप्पसत्थाइं ॥१८॥
अन्नं च -
अंगोवंगपइन्नय भेयासुअसागरो खलु अपारो ।
को तस्स मुणइ मज्झं, पुरिसो पंडिच्चमाणीवि ॥१९॥
किं तु सुहझाणजणगं, जं कम्मक्खयावहं अणुट्ठाणं ।
अंगसमुद्देरुंदे, भणियं चिय तं जउ भणियं ॥२०॥
सव्वप्पवायमूलं दुवालसंगजउसमरकायं ।
रयणायरतुल्लं खलु ता सव्वं सुन्दरं तंमि ॥२१॥
वोच्छिन्ने मूलसुए, बिंदुपमाणंमि संपई धरंते ।
आयरणाओ नज्जई परमत्थो सव्व कद्येसु ॥२२॥

भणियं च -

बहुसुयकमाणुपत्ता, आयरणा धरइ सुत्तविरहे वि ।
विज्झाए विपईवे नज्जइ दिट्ठंत सुदिट्ठीहिं ॥२३॥
जीवियपुव्वं जीवइ, जीविस्सइ जेण धम्मियजणंमि ।
जीयंति तेण भन्नई, आयरणा समयकुसलेहिं ॥२४॥
तम्हा अन्नायमूला हिंसारहिया सुज्झाणजणणी य ।
सूरिपरम्परपत्ता, सुत्तव्व पमाणमायरणा ॥२५॥

તે ચૈત્યવંદના કરવાના જઘન્ય આદિ નવ પ્રકારના વિધિભેદમાંથી કેટલાક સૂત્ર અનુસાર, કેટલાક ગીતાર્થ આચરણા અનુસાર અને કેટલાક સૂત્ર અને ગીતાર્થ આચરણા એમ બંનેથી જાણ્યા જાય છે. એ પૂર્વોક્ત ત્રણ પ્રકારથી હું ચૈત્યવંદનનું સ્વરૂપ કહું છું. ॥૧૫॥

અવતરણ :- (૧) મહાનિશીથસૂત્રમાં ચૈત્યવંદનાનાં સૂત્ર કહ્યાં તથા રાયપસેણી, જીવાભિગમાદિક સૂત્રમાં શક્રસ્તવાદિક નમસ્કારે ચૈત્યવંદના કહી તે સૂત્ર અનુસાર અને (૨) શ્રી બૃહત્કલ્પ, વ્યવહારભાષ્ય આદિમાં જીતાચારથી પૂર્વધરોએ મધ્યમ-ઉત્કૃષ્ટ વિધિથી ચૈત્યવંદના કહી તે ગીતાર્થ આચરણા અનુસાર છે. (૩) શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીકૃત વંદનપયન્નામાં કહેલ ચૈત્યવંદનાવિધિઅનુક્રમ તથા શ્રી હરિભદ્રસૂરિજી કૃત પંચાશકજીમાં કહેલા ઉપલક્ષણરૂપ ત્રણ ભેદ, તેના સ્વજાતીય બે-બે ભેદ ગ્રહણ કરવાથી ચૈત્યવંદનના નવભેદ તે ઉભય અનુસાર છે.

એ ત્રણ પ્રકારથી આચાર્ય ચૈત્યવંદનાનું સ્વરૂપ કહે છે.

શિષ્ય પ્રશ્ન :- હે ભગવન્ ! સૂત્રની વાર્તા એ જ કહેવી યુક્ત છે, પણ તમો વંદન નામના અધિકારમાં આચરણાની સહાયતા કેમ લો છો ? ॥૧૬॥

અવતરણ :- શિષ્યના પ્રશ્નમાં પંચાંગી નિરપેક્ષ એકાંત સૂત્રવાર્તા ગ્રહણ કરવાનો મત છે. પણ પંચાંગી અનુસાર પ્રકરણોક્ત ગીતાર્થ આચરણા ગ્રહણ કરવાનો મત નથી. તે મત જણાવવા આચાર્ય ઉત્તર આપે છે.

ઉત્તર :- હે શિષ્ય ! સૂત્રમાં ચૈત્યવંદના વિધિના ભેદ સામાન્યમાત્ર એટલે કે સંક્ષેપમાત્ર કરીને, તે ચૈત્યવંદનાના જે ક્રમ છે તે વિશેષ કરીને આચરણાથી જાણ્યા જાય છે; કેમ કે જે સૂત્ર છે તે સૂચનામાત્ર છે. વળી આચરણાથી તે સૂત્રના અર્થ જાણ્યા જાય છે. જેમ શિલ્પશાસ્ત્ર પણ શિષ્ય અને આચાર્યને ક્રમે કરી જાણ્યું જાય છે પણ પોતાની મેળે જાણ્યું જતું નથી. ॥૧૭-૧૮॥

બે ગાથાનું ભેગું અવતરણ :- મહાનિશીથ આદિ સૂત્રમાં ચૈત્યવંદનાવિધિ તથા તેના જઘન્ય આદિ નવ પ્રકારના ભેદ, તથા ભેદોના ક્રમ સંક્ષેપમાં કહ્યા છે. તેથી તે ચૈત્યવંદનાના ભેદ, વિધિ, ક્રમ વિશેષે આચરણા, એટલે જંબૂ-પ્રભવાદિક આચાર્યપરંપરાએ આવી. તે આચરણા પંચાંગી તથા પંચાંગી અનુસાર પ્રકીર્ણકાદિ આચરણાએ જાણી જાય છે; કેમ કે સૂત્રમાં સૂચનામાત્ર હોય છે. તેના અર્થ, વૃત્તિ આદિ પંચાંગી અનુસાર પ્રકરણ આદિથી જાણ્યા જાય છે. જેમ શિલ્પશાસ્ત્ર પણ આચાર્યના સમજાવ્યાથી જાણ્યા જાય છે તેમ ચૈત્યવંદનમાં પણ મુદ્રા-ન્યાસ વગેરે "ટીકા એ ગુરુની ગુરુ છે" એ વચનથી વૃત્તિ અનુસાર ગીતાર્થ આચરણાથી સમજાય છે, પણ સ્વયંથી સમજાય નહીં.

અંગોપાંગ-પ્રકીર્ણક ભેદે કરીને જે શ્રુતસાગર છે તે નિશ્ચે અપાર છે. પોતાના આત્મામાં ચાહે ગમે તેટલું પંડિતપણું માનતો હોય તોપણ તે શ્રુતસાગરના મધ્યને અર્થાત્ પરમાર્થને કોણ જાણી શકે ? ॥૧૯॥

અવતરણ :- પોતે પોતાના આત્મામાં અત્યંત પંડિતપણું માનતો હોય તોપણ વૃત્યાદિક અંગ વિના એટલે કે પંચાંગી વિના શ્રુતસમુદ્રના તાત્પર્યને ન જાણી શકે. હવે શુભઅનુષ્ઠાન હોય તે આગમના અંગ હોય, તેને આચાર્ય આગલી ગાથામાં બતાવે છે.

જે અનુષ્ઠાન શુભધ્યાનના જનક હોય, કર્મોના ક્ષય કરવાવાળા હોય તે અનુષ્ઠાન નિશ્ચયથી શાસ્ત્રના અંગ છે. તે શાસ્ત્રરૂપ સમુદ્રના વિસ્તારમાં જ કહ્યા છે. તે માટે શાસ્ત્રમાં આમ કહ્યું છે. ॥૨૦॥

સર્વ શુભ અનુષ્ઠાનોના કહેવાવાળા દ્વાદશાંગ એ રત્નાકર સમુદ્ર છે. અથવા રત્નોની ખાણ સરખાં છે, જે કારણથી જે શુભ અનુષ્ઠાન છે તે સર્વ વીતરાગની આજ્ઞા હોવાથી સુંદર છે. ॥૨૧॥

શ્રુતરત્નાકરમાંથી મૂળ સૂત્રો તો વિચ્છેદ થઈ ગયા. ખરેખર બિંદુ જેટલું જ મૂળ સૂત્ર છે. તેટલામાત્રથી સર્વ અનુષ્ઠાનની કેમ ખબર પડે ? તે બધા આચરણાથી જ સર્વ કર્તવ્યોનો પરમાર્થ જાણી શકાય છે. ॥૨૨॥

ત્રણ ગાથાનું ભેગું અવતરણ :- દિવસ સંબંધી પ્રાયશ્ચિત્ત ટાળવાના કાયોત્સર્ગ-સ્તુતિ-સ્તવન આદિથી થતા જઘન્ય વગેરે નવ પ્રકારની કર્મક્ષય કરવાવાળી ચૈત્યવંદનવિધિ વગેરે કર્મક્ષય કરવાવાળા શુભધ્યાનના જનક અનુષ્ઠાનો શાસ્ત્રમાં ન કહ્યાં હોય તોપણ શાસ્ત્રમાં જ કહેલા જાણવા. કારણ કે સર્વ નિરવદ્ય અનુષ્ઠાન કરવાની વીતરાગની આજ્ઞા છે. તે સર્વ નિરવદ્ય અનુષ્ઠાનનું કથન કરનાર સિદ્ધાંત છે. પણ સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીને સામાયિક પ્રમુખમાં નમસ્કાર કરવા, પીળા વસ્ત્રો ધારણ કરી લિંગભેદ કરવો આ બધી સાવદ્ય ક્રિયા છે. તે સિદ્ધાંત નથી. આચરણાનું સ્પષ્ટપણું આગલી ગાથામાં આચાર્ય બતાવે છે.

પૂર્વોક્ત શુભઅનુષ્ઠાનનું કથન કરવાવાળા સિદ્ધાંત જાણવા તે મૂલ સિદ્ધાંત દ્વાદશાંગીના ૧૮૦૦૦ પદ વિચ્છેદ થયા બાદ વર્તમાનકાળમાં પૂર્વશ્રુત સમુદ્રની અપેક્ષાએ બિંદુમાત્ર રહ્યા છે તે સૂત્રો, સૂત્રોથી શુભઅનુષ્ઠાનની વિધિ સામાન્યથી સર્વ પ્રકારે જણાતું નથી. તેથી જંબૂ, પ્રભવાદિકની આચરણાએ આવેલી શુભઆચરણા તે ગીતાર્થોએ પંચાંગી અનુસારે પ્રકરણાદિમાં કહી છે. તેથી સર્વ કર્તવ્યોનો પરમાર્થ જણાય છે. હવે આગળની ગાથામાં આચરણાની સ્પષ્ટતા જોઈએ.

બહુશ્રુતનો ક્રમ કરીને પ્રાપ્ત થાય તે આચરણા.

અવતરણ :- જેમ સમજુ માણસ અજવાળામાં ઘડો જુએ અને અંધારું થાય તોય ઘડાના સ્વરૂપને ભૂલે નહીં તેમ બહુશ્રુતપુરુષ પણ આગમ વિસર્જન થયા પછી પણ આગમની વાતને ભૂલતા નથી. જેમ *દેવર્ધિગણિક્ષમાશ્રમણે કેટલાક આગમ વિચ્છેદ થયા છતાં તેની વાતો ચૂર્ણિ*

વગેરેમાં ગૂંથી છે. તે આગમોક્ત બહુશ્રુત પરંપરાગત આચરણા ગણાય. તે આચરણાથી શાસ્ત્રના વિયોગે પણ સમ્યગ્દૃષ્ટિ પુરુષોને સર્વ અનુષ્ઠાન જાણ્યા જાય છે. તેને જીત કહેવાય. જીતને જ સમયકુશલ આચરણા કહેવાય. આવું આગલી ગાથામાં આચાર્ય સ્પષ્ટ જણાવે છે.

બે ગાથાનું ભેગું અવતરણ :- આવો જીતવ્યવહાર પૂર્વધરો વખતે હતો, અત્યારે છે અને ભવિષ્યમાં દુપ્પસહસૂરિ સુધી પ્રવર્તશે. જીતથી આચરવું તેને જીતાચરણા કહેવાય. તે અનુસાર હિંસા રહિત, શુભધ્યાનજનક, કયા કાળમાં કયા આચાર્યે આચરી તેવી ખબર ન હોય તેને અજ્ઞાતમૂલ આચરણા કહેવાય. આવી અજ્ઞાતમૂલ આચરણા પણ સૂત્ર પ્રમાણે પ્રમાણ કરવી.

જેમ શ્રી હરિભદ્રસૂરિ સ્વરચિત પંચવસ્તુક ગ્રંથમાં પ્રતિક્રમણવિધિમાં પૂર્વે વર્ધમાનત્રણસ્તુતિ સુધી પ્રતિક્રમણ સમાપ્તિ કરી, થોડી વેળા ગુરુ પાસે વિશ્રામ કરીને ઉઠતા અને અત્યારે સ્તવન-સ્વાધ્યાય સુધી પ્રતિક્રમણની સમાપ્તિ કરીને ઊઠે છે. આપણને એ ખબર નથી કે એ આચરણા કયા કાળમાં કયા આચાર્યે ચલાવી છે. પણ આવી અજ્ઞાતમૂલ આચરણા હોય તેને સૂત્ર પ્રમાણે પ્રમાણ કરવી. (ભાષ્યગાથાનું અવતરણ.)

સૂત્રથી વિરોધ ન કરાયેલ, નિરવદ્ય આચરણા પ્રમાણ કરવી, પણ સૂત્રથી વિરોધ થાય તેવી આગમનિષિદ્ધ સાવદ્ય આચરણા પ્રમાણ ન કરવી. શ્રી ધર્મરત્નપ્રકરણમાં શાંતિસૂરિજીએ આ મુજબ કહ્યું છે. તે સૂત્રવિરોધી આચરણા આ મુજબ છે :

(૧) ખાસ સંજોગો વિના (ગાઢ કારણ વિના) રાત્રે વિહાર કરવો.

(૨) પોતાના માટે તૈયાર થયેલ આધાકર્મીઆહાર જાણીને ભોગવવો.

(૩) સાધુ ભગવંતને ચોમાસું કરાવવા ગૃહસ્થ જગ્યા બનાવી રાખે તેમાં ચોમાસું કરવું.

(૪) અવિરતિ દેવ આદિને નમવું.

(૫) પૂજાદિ વિશિષ્ટ કારણ વિના ચતુર્થ સ્તુતિથી દેવવંદન કરવું.

(૬) જે ક્રિયા જે ઠેકાણે કરવાની કહી ત્યાં ન કરતાં અન્ય ઠેકાણે કરવી.

(૭) ખાસ સંજોગો વિના (કપડાં રંગવા) લિંગબદલો કરવો.

(૮) ગૃહસ્થે સામા લાવેલ વસ્ત્ર-પાત્ર વગેરે લેવું.

(૯) ચોમાસું રહે ત્યાંથી વિહાર કરતાં પાત્ર-વસ્ત્ર લેવાં.

આ બધી આગમનિષિદ્ધ સાવદ્ય આચરણા પ્રમાણ ન કરવી. કારણ કે આવી આચરણા ગીતાર્થ પ્રવર્તન કરે નહીં અને હિંસા રહિત નિરવદ્ય આચરણા જે ઘણા કાળથી પરંપરાથી પ્રવર્તેલ હોય તેનો નિષેધ પણ કરે નહીં. તે શ્રી ધર્મરત્નપ્રકરણનો પાઠ :

ननु सूत्रभणितं प्ररूपयतीत्युक्तं यत्पुनः सूत्रानुक्तं विचारपदं लोकानां तत्र पृच्छ्यमानानां गीतार्थानां किमुचितमित्याह -

जं च न सुत्ते विहियं, न य पडिसिद्धं जणंमि चिररूढं ।
समइविगप्पियदोसा, तंपि न दूसंति गीयत्था ॥९९॥

व्याख्या॥ इह चशब्दः पुनरर्थ इति यत्पुनरर्थजातमनुष्ठानं वा नैव सूत्रे सिद्धान्ते विहितं करणीयत्वेन नोक्तं चैत्यवन्दनावश्यकादित् न च प्रतिषिद्धं प्राणातिपातादिवत् अथ च जने लोके चिररूढमज्ञातादिभावं स्वमतिविकल्पितदोषात्वाभिप्रायसंकल्पितदूषणात्तदप्यास्तामागमोक्तं न दूषयन्ति न युक्तमेतदिति परस्यनोपदिशंति संसारवृद्धिभीरवो गीतार्था विदितागमतत्त्वाः यतस्ते एवं श्रीभगवत्युक्तम् पर्यालोचयन्ति । तथाहि-

जे णं महुया अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा अन्नायं वा अदिट्ठं वा उस्सूयं वा अपरिणायं वा बहुजणमज्झे आघवेई पन्नवेइ दंसेई निदंसेई उवदंसेइ से णं अरहंताणं आसायणाए वट्टइ अरहन्त-पण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ केवलीणं आसायणाए वट्टइ केवलीपण्णत्तस्स धम्मस्स आसायणाए वट्टइ ।

इदं च गीतार्थानां चेतसि सदा चकास्ति तथाहि -

संविग्गा गीयतमा विहिरसिया पुव्वसूरिणो आसि ।
तदूसियमायरियं अणइसई को निवारेइ ॥१॥

संविग्ना मुमुक्षवो मोक्षाभिलाषिणो गीयतमेत्ति पदैकदेशे पदप्रयोगो यथा भीमसेनो भीम इति ततो गीतार्थाः तमपि प्रत्यये गीतार्थतमा इति भवंत्यतिशयगीतार्था इति भावस्तत्काले बहुतमागमसद्भावात् ॥ तथा विधिरसो विद्यते येषां विधिरसिकाः विधिबहुमानिनः संविग्नत्वादेव पूर्वसूरयश्चिरंतनमुनिनायका आसन्नभूवन् । तैरदूषितमनिषिद्धमाचरितं सर्वधार्मिकलोकव्यवहृतमनतिशयिविशिष्टश्रुतत्वादवध्याद्यतिशयविकलः को निवारयति ? पूर्वपूर्वतरोत्तमाचार्याशातनाभीरुर्न कश्चिदिति ॥ तथैतदपि गीतार्थाः परिभावयन्ति ॥

अइसाहसमेयं जं, उस्सुत्तपरूवणा कडुविवागा ।
जाणंते हि वि दिद्दइ, निद्देसो सुत्तबज्झत्थो ॥१०१॥

ज्वलज्ज्वालानलप्रवेशकारिनरसाहसादप्यधिकमतिसाहसमेतद्वर्त्तते यदुत्सूत्रप्ररूपणा सूत्रान्निरपेक्षदेशना कटुविपाकादारुणफला विजानद्भिरवबुध्यमानैरपि दीयते वितीर्यते निर्द्देशो निश्चयः सूत्रबाह्ये जिनेन्द्रागमानुक्तेऽर्थवस्तुविचारे । किमुक्तं भवति ?

दुज्झासिएण इक्केण, मिरीइ दुक्खसागरं पत्तो ।
भमिओ कोडाकोडिं सागरसरिनामधेयाणं ॥१॥
उस्सुत्तमायरंतो, बंधइ कम्मं सुचिक्कणं जीवो ।
संसारं च वड्ढीइ मायामोसं च कुव्वइ य ॥२॥
उम्मग्गदेसउ मग्गनासउ गूढहियय ।
माइल्लो य ससल्लो, तिरियाउं बंधए जीवो ॥३॥
उम्मग्गदेसणाए चरणनासं ति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु न हु लब्भा तारिसा दट्ठुं ॥४॥

इत्याद्यागमवचनानि श्रुत्वापि स्वाग्रहग्रस्तचेतसो यदन्यथान्यथा व्याचक्षते विदधति च तन्महासाहसमेवानर्वाक् अपरासारसंसार-

पारावारोदरविवरभाविभूरिदुःखभारांगीकारादिति आह किमेवमागमार्थमनवबुध्यापि कोऽप्यन्यथावादमाद्रियते ॥१०१॥

यत आह -

दीसंति य दड्ढसिणेगे, नियमइए उत्तजुत्तीहिं ।

विहिपडिसेहपवत्ता चेइयकिच्चसु रुढेसु ॥१०२॥

दृश्यन्ते दुःक्खमारूपे वक्रजडबहुले काले दड्ढसिणो महासाहसिका रौद्रादपि भवपिशाचादबिभ्यतोऽनेके निजमतिप्रयुक्ताभिरात्मीयबुद्धिव्यापारिताभिर्युक्तिभिरुपपत्तिभिर्विधिप्रतिषेधप्रवृत्ता इति कासांचित्क्रियाणामागमानुक्तानामपि विधौ करणे प्रवृत्ता अन्यासामागमानिषिद्धतया चिरंतनजनाचरितानामप्यविधिरयुक्तापरा न कर्तव्या धार्मिकैरित्येवं प्रतिषेधे प्रवृत्ताः केषु चैत्यकृत्येषु स्नात्रबिंबकारणादिषु रूढेषु पूर्वपुरुषपरम्पराया प्रसिद्धेषु पूर्वरूढिरविधिः इदानीं प्रवृत्तिर्विधिरित्येवं वादिनोऽनेके दृश्यन्ते महासाहसिका इति ॥१०२॥

ननु तेषां स्वमत्या धर्मार्थिनां सर्वयत्नेन तथाप्रवृत्तिर्गीतार्थैः श्लाघनीया नवेत्याह -

तं पुण विसुद्धसद्धा, सुयसंवायं विणा न संसंति ।

अवहीरिऊण नवरं, सुयाणुरूवं परूवंति ॥१०३॥

तां पुनस्तेषां प्रवृत्तिर्विशुद्धागमबहुमानसारा श्रद्धा येषान्ते विशुद्धश्रद्धाः श्रुतसंवादं विना श्रुतभणितमंतरेण न शंसंति नानुमन्यंते । नवरं, केवलमवधार्य मध्यस्थभावेनोपेक्ष्य श्रुतानुरूपं प्ररूपयन्ति यथा सूत्रे भणितं तथैव विवदिषूणामुपदिशंतीति ॥१०३॥

પ્રશ્ન :- સૂત્રમાં કહ્યા મુજબ તો ગીતાર્થ આચરણા કરે તે બરાબર છે, પણ જે વાત સૂત્રમાં ન કરી હોય તે બાબત લોકો પૂછે તો ગીતાર્થ શું જવાબ આપે ?

જેમ ચૈત્યવંદનમાં મુદ્રાદિ વિધિ અને જઘન્ય વગેરે નવ પ્રકાર "આવી રીતે કરવા" તેવું પ્રતિપાદન પણ નથી, અને પ્રાણાતિપાતનો જેમ નિષેધ કરેલ છે તેમ તેનો નિષેધ પણ કરેલ નથી. આવાં અનુષ્ઠાનો હોય તેને ગીતાર્થ નિષેધે નહીં, તો પછી આગમોક્ત અનુષ્ઠાન તો જ નિષેધે. આ અનુષ્ઠાન ન કરવું તેવો ઉપદેશ પણ ન આપે. જે અર્થ, હેતુ કે પ્રશ્ન અજાણ્યો હોય, ન જોયો હોય, ન સાંભળ્યો હોય તેવો જો લોકોને કહે તો તે અરિહંત, કેવલી અને બંનેથી પ્રરૂપાયેલ ધર્મની આશાતના કરે. તેમને ભગવતીસૂત્ર અનુસાર આલોચના કરવી પડે. નહીંતર અનંતસંસાર વધી થાય. જે સૂત્રઅનિષિદ્ધ આચરણાને નિષેધે તે પણ અરિહંત આદિની આશાતનાનો ભાગી થાય. માટે પૂર્વે કહેલા આચાર્યોની નિરવદ્ય આચરણાને સમસ્ત પ્રકારે અનુમોદન આપે તે અને સૂત્રનિરપેક્ષ દેશના આપે તેમનું સાહસ ભડભડ બળતા અગ્નિમાં પ્રવેશ કરવાવાળાથી પણ અધિક ગણાય છે.

સૂત્રબાહ્ય એટલે કે આગમમાં ન કહેલ વસ્તુ કે વિચારની જે દેશના આપે તે દીર્ઘસંસારી થાય. એક વાક્ય ખોટું બોલવાથી મરીચિ કોડાકોડી સાગરોપમ સંસારમાં ભમેલો. તેવી રીતે ઉત્સૂત્રભાષણ કરનારો જીવ ચીકણા કર્મ બાંધે. ઉન્માર્ગનો ઉપદેશ કરી માર્ગનો નાશ કરે તે પ્રાણી સંસાર વધારે. ગુપ્ત હૃદયી, માયાવી, શઠાચારી જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે. સૂત્રથી વિપરીત પ્રરૂપણા કરનાર ઘણો કાળ અપાર સંસારમાં ભમે છે.

પ્રશ્ન :- શું આગમ અર્થનો જાણ પણ કોઈ અન્યથા વાદ અંગીકાર કરે ?

જવાબ :- દેખાય જ છે. આ દુઃષમકાળમાં વક્ર-જડ-ભવભ્રમણથી ન ડરવાવાળા કેટલાક જીવો છે જ. વળી આગમ અનિષિદ્ધ હોય અને પ્રાચીન અનેક ગીતાર્થોએ આચરેલ હોય તેવી ક્રિયા ધર્મીજનોએ 'ન કરવી' એવું કહેવાવાળા પણ છે જ. દેરાસરમાં અનેક બિંબ કરાવી એક પ્રતિમાજીને મોટા કરી મૂળનાયકપદે સ્થાપવા, વિવિધ પ્રકારે પૂજા-સ્નાત્ર આદિ ઓચ્છવ કરવા, દેરાસરમાં દેવવંદન કરવું આવી ઘણી ક્રિયાઓ પૂર્વપુરુષોએ પરંપરાથી કહેલી છે. આવી ક્રિયાઓને નિષેધ કરવાવાળા પણ પડ્યા છે. તે એમ કહે કે પૂર્વરૂઢિ તો અવિધિ છે. હમણાંની વિધિ આ છે. આવું કહી પૂર્વાચાર્યોની મર્યાદા નિષેધ કરાવે એવા ઘણા દુઃસાહસિકો આ સમયમાં દેખાય છે.

પ્રશ્ન :- હે સ્વામી, તે ધર્માર્થીઓની સ્વમતિથી કલ્પિત ક્રિયા ગીતાર્થો વખાણે કે નહીં ?

જવાબ :- આવી સ્વમતિ કપોલકલ્પિત ક્રિયાને આગમનો અતિ આદર કરવાવાળા શ્રદ્ધાવાળા મહાપુરુષો ન વખાણે. શ્રુતમાં કહેલી જ પ્રવૃત્તિ વખાણે. આવી પ્રવૃત્તિ જોઈને ગીતાર્થ ગુરુ ભગવંતો મધ્યસ્થભાવે, સિદ્ધાંત અનુસારસ સૂત્રમાં કહ્યા મુજબ જ ઉપદેશ કરે. અન્ય ન કરે.

॥ ચૈત્યવંદનભાષ્ય આદિ આચરણારૂપ સમાપ્ત ॥

॥ ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધારનો ચૈત્યવંદનમહાભાષ્ય આધારિત આચરણાનિર્દેશ નામનો પાંચમો પરિચ્છેદ પૂર્ણ. ॥

પ્રશ્ન :- સૂત્રોક્ત આચરણા શા આધારથી કહો છો ?

જવાબ :- પૂર્વોક્ત ગ્રંથ તથા ચૈત્યવંદનમહાભાષ્યના આધારે.

પ્રશ્ન :- ચૈત્યવંદનમહાભાષ્યમાં શું કહ્યું છે ?

જવાબ :- ચૈત્યવંદનમહાભાષ્યમાં આ મુજબ કહ્યું છે :

નમિઊણ સમણસંઘં, સંઘાયારં સમાસઓ વુચ્છં ।
ચેઇયવંદણવિસયં સુત્તાયરણાણુસારેણં ॥૫॥

ભાવાર્થ :- શ્રમણ સંઘને નમસ્કાર કરીને ચૈત્યવંદન વિષયે ચતુર્વિધ સંઘનો આચાર સૂત્રઆચરણ અનુસાર સંક્ષેપથી કહું છું. (અહીંયાં સૂત્ર આચરણાથી ચૈત્યવંદના કહી છે.)

પ્રશ્ન :- ચૈત્યવંદના અર્થાત્ દેવવંદના ત્રણ સ્તુતિથી કરવી તે આગમ આચરણાએ છે કે આગમ અનિષિદ્ધ આચરણાએ છે ?

જવાબ :- આગમ આચરણાએ પણ છે અને આગમ અનિષિદ્ધ આચરણાએ પણ છે.

પ્રશ્ન :- આગમ આચરણાએ છે, તો સૂત્રાગમ આચરણાએ છે કે અર્થાગમ આચરણાએ ?

જવાબ :- સૂત્રાગમ અને અર્થાગમ એમ બંને આચરણાએ છે.

પ્રશ્ન :- જો સૂત્રાગમ અને અર્થાગમ બંને આચરણાએ છે, તો પૂર્વગીતાર્થકૃત સૂત્રાગમ-અર્થાગમ આચરણાએ છે કે બહુશ્રુત-ગીતાર્થકૃત અર્થાગમ આચરણાએ છે ?

જવાબ :- બંને મુજબ છે.

પ્રશ્ન :- પૂર્વધર ગીતાર્થકૃત સૂત્રાગમ-અર્થાગમ, તથા બહુશ્રુત ગીતાર્થકૃત અર્થાગમ આચરણાએ ચૈત્યવંદનમાં ત્રણ સ્તુતિ સિદ્ધ થાય છે. તો પછી આત્મારામજીએ ચતુર્થસ્તુતિનિર્ણય ગ્રંથ શા માટે બનાવ્યો છે ?

જવાબ :- પૂર્વધર ગીતાર્થકૃત સૂત્રાગમ-અર્થાગમ તથા બહુશ્રુત ગીતાર્થકૃત અર્થાગમના પ્રગટ પાઠથી ચૈત્યવંદન ત્રણ સ્તુતિથી કરવું સિદ્ધ થાય છે. પણ જે જીવ દૃષ્ટિરાગમાં તથા પક્ષપાતમાં પડ્યો છે તે શું શું અસત્યભાષણ ન કરે ? ખુદ આત્મારામજીએ પણ "જૈન તત્ત્વાદર્શ" ગ્રંથમાં "ચૈત્યવંદનમાં ત્રણ સ્તુતિ કરવી" આવું લખેલ છે. પણ રાધનપુરના કેટલાક પક્ષપાતી અજ્ઞ લોકોના કહેવાથી તેઓ પોતાના મુખથી થૂંકેલું ચાટે છે. વળી, પૂર્વધર બહુશ્રુત શાસ્ત્રકારોના લેખ જુઠા ઠરાવવા કુતર્ક કરી પોતાની મહત્તા વધારવા ચતુર્થસ્તુતિનિર્ણય ગ્રંથ બનાવ્યો છે. પણ તે ચતુર્થસ્તુતિકુયુક્તિનિર્ણય ગ્રંથ સાબિત થાય છે. કારણ કે શ્રી દર્શનશુદ્ધિપ્રકરણ સૂત્ર-વૃત્તિમાં શ્રી હરિભદ્રસૂરિ, શ્રી દેવભદ્રસૂરિ, શ્રી ચંદ્રપ્રભસૂરિ તથા વિમલગણિ કહે છે કે :

सुत्तभणिएण विहिणा गिहिणा निव्वाणमित्थमाणेण ।

लोगुत्तमाण पूया निच्चं चिय होई कायव्वा ॥

सूत्रमप्रमत्तप्रमाणप्रधानपुरुषप्रणीत आगम उच्यते ॥

सुत्तं गणहररइयं तहेव पत्तेयबुद्धरइयं तु ।

सुयकेवलिणा रइयं अभिन्नदसपुव्विणा रइयं ॥१॥

शेषं त्ववाचीनपुरुषप्रणीतप्रकरणादि सूत्रं न भवति प्रमाणतां पुनर्याति तदर्थानुकरणादेव ते हि कथंचित्प्रमत्ततया यदृच्छया वादिनोऽपि भवन्ति तस्मिन् भणितः प्रतिपादितः सूत्रभणितस्तेन

विधिना विधानेन गिहिणा गृहस्थेन निर्वाणं मोक्षमित्थमाणेनेति प्राकृतवशादानसुप्रत्ययः इच्छताभिलाषता लोकोत्तमानां सर्वजगच्छिखरकभूतानां पूजा पूजनं नित्यं सर्वदैव भवति कर्त्तव्यविधानेनेत्यर्थः । इदमत्र हृदयं - भवभ्रमणभीरुणा तदुच्छित्तिमिच्छता शिवसुखमभिलषता जिनपूजादौ प्रवर्त्तमानेन लौकिककृत्यादिफलनिरपेक्षवृत्यैव सूत्रौक्तविधिनैव च प्रवर्त्तितव्यं अन्यथा हि अभिलषितार्थासंसाधकत्वेन निःफलत्वप्रसंगात् नहीदमंगीकर्तव्यं युदत तीर्थकृदनुभावादेवेष्टार्थसिद्धिर्भविष्यति ॥

यत उक्तं -

समइपवित्ती सव्वा, आणावष्यंति भवफला चेव ।

तित्थगरुद्देसेण वि, न तत्तउसातदुद्देशा इति ॥१॥

ભાવાર્થ :- પૂર્વધર આદિ મહાપુરુષોએ બનાવેલ આગમ અનુસાર બીજા ગ્રંથ-પ્રકરણાદિ પ્રમાણ કરવાં. તે પ્રકરણ સૂત્રો આદિમાં બતાવેલ વિધિ મુજબ જ મોક્ષાભિલાષી પુરુષોએ લૌકિકકૃત્ય આદિ કુળની આશા વિના, તમામ કર્તવ્ય કરવાં.

એ પાઠમાં આચાર્યે પૂર્વધર આદિ કૃત આગમનું પ્રમાણપણું જણાવ્યું. તે જ પૂર્વધર આદિના અનુકરણ અર્થ મુજબ બીજા ગ્રંથો-પ્રકરણ આદિનું પણ પ્રમાણપણું જણાવ્યું. છતાં શ્રી આત્મારામજીએ પૂર્વધર આદિના બનાવેલા ત્રણ સ્તુતિના કેટલાક આગમપાઠો ગુમ રાખીને, તથા કેટલાક ઉત્થાપીને, અર્વાચીન પુરુષો પ્રણીત ગ્રંથોનું આલંબન લઈ, ત્રણ સ્તુતિની આચરણા ઉત્થાપી ચતુર્થસ્તુતિનિર્ણય ગ્રંથ બનાવ્યો છે.

તે ગ્રંથમાં જે જે ગ્રંથોની સાક્ષી આપી છે તેમાંથી કેટલાક તો અર્વાચીન કાળના મહાત્માના બનાવેલ છે. કેટલાક અર્વાચીન ગચ્છવાળાના બનાવેલા છે. પણ પંચાંગીના એકે ગ્રંથમાં ચોથી થોયનું કથન નથી. બીજા ગ્રંથોમાં પૂજા આદિ વિશિષ્ટ કારણે ચોથી થોય કહી છે. તે કુતર્ક લડાવીને પ્રતિક્રમણમાં વિના કારણે સ્થાપન કરી છે. પણ ચોથી થોયના કથનવાળા ગ્રંથોમાં તે

ચોથી થોય પ્રતિક્રમણમાં કહેવી તેવું કથન નથી. વળી, જે જે ગ્રંથોની સાક્ષી આપી છે તે ગ્રંથોમાં ઢુંઢીયાની માફક પોતાને અનુકૂળ શાસ્ત્રપાઠો આવ્યા તે માન્યા છે, પણ પોતાને અનુકૂળ ન હોય તેવા શાસ્ત્રપાઠ માન્યા નથી. જે શાસ્ત્રમાં જે વાત કહી હોય તે શાસ્ત્ર આખેઆખું માન્ય હોય તો જ તે શાસ્ત્ર પ્રમાણ કર્યું કહેવાય. પણ જે શાસ્ત્રમાં પોતાની મનગમતી વાતો માને અને પોતાના મતને તોડવાવાળી વાતો ન માને, આવું કરવાથી એ ગ્રંથ માન્ય કર્યો કેમ કહેવાય ?

પ્રશ્ન :- આત્મારામજીએ જે જે શાસ્ત્રગ્રંથોની સાક્ષી આપી છે તેમાંહેના કયા કયા શાસ્ત્રપાઠ આત્મારામજી માનતા નથી, તે તમારે બતાવવા જોઈએ.

જવાબ :- આત્મારામજીએ ચતુર્થસ્તુતિનિર્ણય ગ્રંથમાં જે શાસ્ત્રની સાક્ષી આપી છે તેમાંના નીચે મુજબના શાસ્ત્રપાઠો આત્મારામજી માનતા નથી.

(૧) શ્રી ગણધર કૃત શ્રી મહાનિશીથસૂત્ર : ૩

આ સૂત્રમાં ચાર થોય ક્યાંય કહેલ નથી. ચૈત્યવંદનાના જે સૂત્ર કહ્યાં છે તે ત્રણ થોયના છે. આત્મારામજી આ પ્રમાણે માનતા નથી.

(૨) શ્રી સંઘદાસગણીકૃત કલ્પભાષ્ય : ૧૨

આમાં દેરાસરમાં ત્રણ સ્તુતિથી મધ્યમ અને મધ્યમ-ઉત્કૃષ્ટ દેવવંદના કહી છે. આત્મારામજી આ પ્રમાણે માનતા નથી.

(૩) શ્રી સંઘદાસગણીકૃત વ્યવહારભાષ્ય : ૧૫

આમાં ત્રણ થોયથી ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ બે દેવવંદન કહેલ છે. તે પ્રમાણે આત્મારામજી માનતા નથી ને કરતાં પણ નથી.

(૪) પૂર્વધરકૃત કલ્પ સામાન્ય ચૂર્ણિ : ૧૭

આમાં ત્રણ થોયથી દેવવંદના કહેલ છે. તે પ્રમાણે આત્મારામજી માનતા નથી.

(૫) પૂર્વધરાચાર્ય કૃત કલ્પ વિશેષ ચૂર્ણિ : ૧૮

આમાં પણ ત્રણ સ્તુતિ કહેલ છે. આત્મારામજી તે પ્રમાણે માનતા નથી.

(૬) પૂર્વધરાચાર્યકૃત કલ્પબૃહદ્ભાષ્ય : ૧૯

આમાં પણ ત્રણ થોયથી દેવવંદના કહેલ છે. તે પ્રમાણે આત્મારામજી માનતા નથી, કરતા નથી.

(૭) ભદ્રબાહુસ્વામીકૃત વંદનપઈન્નો : ૨૧

આત્મારામજીને મહાપુરુષોના નામ લેતાં શરમ આવતી હોવાથી તેમનું કર્તા તરીકે નામ લખતાં નથી. આમાં વિધિયુક્ત ત્રણ થોયથી દેવવંદના કહેલ છે. તે પ્રમાણે આત્મારામજી માનતા નથી.

(૮) ગણધરાદિ રચિત પાક્ષિકસૂત્ર : ૪૧

આમાં ચોથી થોય નથી. આત્મારામજી સમકિતશલ્યોદ્ધારમાં શ્રુતદેવીને જિનવાણી તરીકે ઓળખાવે છે. પણ સ્તુતિ કહેતાં જિનવાણીરૂપે ન માનતાં દેવીરૂપે માને છે.

(૯) પૂર્વધરકૃત વસુદેવહિંડી : ૪૩

આમાં દેરાસરમાં દેવવંદના કરવાનું કહેલ છે, તે મુજબ આત્મારામજી માનતા નથી.

(૧૦) પૂર્વધરકૃત આવશ્યકચૂર્ણિ : ૪૫

આમાં પ્રતિક્રમણ કરી દેરાસર હોય તો દેવ વાંદવાનું કહેલ છે તથા સામાયિક લેતાં શ્રાવકે પ્રથમ કરેમિ ભંતે ઉચ્ચારી ત્યારબાદ ઈરિયાવહી કહેલ છે. આ મુજબ આત્મારામજી માનતા નથી.

(૧૧) શ્રી ભદ્રબાહુસ્વામીકૃત આવશ્યક કાયોત્સર્ગ નિર્યુક્તિ : ૪૬

જે ગાથા ભદ્રબાહુસ્વામીકૃત પ્રતિક્રમણવિધિની છે તે તો આત્મારામજી માનતા નથી, અન્યકૃત પ્રક્ષિપ્ત ગાથાઓ માને છે.

(૧૨) ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીકૃત આવશ્યકનિર્યુક્તિ : ૬૫

આમાં ચાર થોયનો ઉલ્લેખ પણ નથી. પક્ખી-ચોમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં ક્ષેત્રદેવી અને ભુવનદેવીનો કાયોત્સર્ગ કહેલ છે, પણ સ્તુતિ કહેલ નથી. શ્રી આત્મારામજી આ પ્રમાણે કરતાં નથી અને માનતાં પણ નથી.

(૧૩) શ્રી સુધર્માસ્વામીકૃત આવશ્યકસૂત્ર : ૬૬

આમાં ચાર કે ત્રણ સ્તુતિનો અધિકાર નથી. પ્રતિક્રમણ પર્યંત મંગલ છે તે ત્રણ જ થોયનું છે.

(૧૪) શ્રી સુધર્માસ્વામીકૃત સ્થાનાંગસૂત્ર : ૬૮

આમાં ત્રણ કે ચાર થોયનો અધિકાર નથી, દેવોનો વર્ણવાદ કહ્યો છે, તે ભાષણરૂપ છે. થુઈનિબંધરૂપે નથી. અને જો થોયનિબંધરૂપે હોય તો ચતુર્વિધસંઘગુણવર્ણનનિબંધરૂપ પણ થુઈ કરવી જોઈએ. આ પ્રમાણે આત્મારામજી માનતા નથી ને કરતાં પણ નથી.

(૧૫) આવશ્યકચૂર્ણિ (પૂર્વધરાચાર્ય કૃત) : ૭૦

આમાં પણ ચોથી થોયનો કોઈ અધિકાર નથી. પક્ખી-ચોમાસી-સંવત્સરીમાં ક્ષેત્ર-ભુવનદેવીનો કાઉસ્સગ્ગ કહ્યો છે, પણ સ્તુતિ કહી નથી. આ પ્રમાણે આત્મારામજી કરતાં નથી ને માનતા પણ નથી.

(૧૬) શ્રી ગણધરકૃત આવશ્યકસૂત્ર : ૭૧

આત્મારામજીએ લોકોને ભમાવવા માટે આ ગ્રંથનું નામ લખ્યું છે. આમાં ચોથી થોયની કોઈ વાત જ નથી. પણ આ સૂત્રમાં કહ્યા મુજબ આત્મારામજી કરતા નથી ને માનતા પણ નથી.

(૧૭) પાક્ષિકસૂત્ર (શ્રુતસ્થવિરકૃત) ૭૩

આમાં ચાર થોયની કોઈ વાત જ નથી. શ્રુતઅધિષ્ઠાયક ભગવતી પૂજવા યોગ્ય જ્ઞાનાવરણીયકર્મની ક્ષય કરવાવાળી તે ભગવાનની વાણીની સ્તુતિ કરી છે. તે પ્રમાણે આત્મારામજી માનતા નથી.

(૧૮) સંઘદાસગણીકૃત નિશીથભાષ્ય : ૭૮

આમાં ચોથી થોયનો કોઈ ઉલ્લેખ નથી. વિહાર કરતાં માર્ગ ભૂલી જવાય તો વનદેવતાનો કાઉસ્સગ્ગ કરવાનું કહ્યું છે. સ્તુતિ કરવાનું કહ્યું નથી. આત્મારામજી ઉપર મુજબના કારણસર વનદેવતાનો કાઉસ્સગ્ગ માનતાં નથી.

(૧૯) જિનદાસગણીકૃત નિશીથચૂર્ણિ : ૭૯

આમાં પણ માર્ગ ભૂલાય તો ગચ્છરક્ષાર્થે વનદેવતાનો કાઉસ્સગ્ગ કરવો કહ્યો છે. પણ ચાર થોયનો કોઈ અધિકાર નથી. પ્રતિક્રમણ પર્યંત મંગલ ત્રણ સ્તુતિ કહીને પડિલેહણા કરવી કહી છે. તે મુજબ આત્મારામજી માનતા નથી.

ઉપર લખેલા ગ્રંથ તો ગણધર-પૂર્વધર આદિ રચિત છે. તેમાં ત્રણ થોયનો અધિકાર છે, પણ ચાર થોયનો નથી.

(૨૦) શ્રી હરિભદ્રસૂરિકૃત આવશ્યકવૃત્તિ : ૨૦

આમાં "પારિટ્ઠાવણિયા"ના ઉલ્લેખમાં ત્રણ થોયથી દેવવંદન કર્યું છે, પણ ચાર થોયથી દેવવંદન ક્યાંય કહેલ નથી. પ્રતિક્રમણના અંતમાં સામાન્ય પ્રકારે દેવવંદન કહ્યું છે અને એક આચાર્યના મતથી પ્રતિક્રમણમાં ત્રણ થોય મંગલ કહીને પડિલેહણા કરવી કહી છે. આત્મારામજી આ મુજબ માનતા નથી.

(૨૧) પુનઃ શ્રી હરિભદ્રસૂરિકૃત આવશ્યકવૃત્તિ : ૬૭

આમાં પ્રથમ કરેમિ ભંતે ઉચ્ચારી તેના પછી ઈરિયાવહી બોલીને સામાયિક લેવાની વિધિ બતાવી છે. ચોમાસી, સંવત્સરી પ્રતિક્રમણમાં ક્ષેત્રદેવીનો અને પક્ખીમાં સિજ્જાતરદેવીનો કાઉસ્સગ્ગ કરવાનું કહ્યું છે. પણ તેમની સ્તુતિ કરવાનું ક્યાંય કહેલ નથી. આત્મારામજી આ પ્રમાણે માનતા નથી અને કરતાં પણ નથી.

(૨૨) શ્રી શાંતિસૂરિકૃત ઉત્તરાધ્યયનવૃત્તિ : ૭૬

આમાં પ્રતિક્રમણપર્યંત ત્રણ સ્તુતિ કહીને કાળ નિવેદન કર્યા પછી દેરાસર હોય તો દેરાસરમાં જઈ દેવ વાંદે એમ કહ્યું છે, પણ ચાર થોયનો કોઈ જ ઉલ્લેખ નથી. વળી પીળા વગેરે રંગેલા વસ્ત્રો ધારણ કરે તે જૈન સાધુને ભાંડ સમાન કહ્યાં છે. આત્મારામજી તો પીળાં વસ્ત્રો ધારણ કરે છે તો આ ગ્રંથ માન્ય કરે તેમ કહેવાય ખરું ? અર્થાત્ આ ગ્રંથ માનતાં નથી.

(૨૩) શ્રી અભયદેવસૂરિકૃત સ્થાનાંગવૃત્તિ : ૬૭

આમાં ચોથી થોયનો કોઈ ઉલ્લેખ જ નથી. આમાં (૧) અરિહંત, (૨) અરિહંત કથિત ધર્મ, (૩) આચાર્ય-ઉપાધ્યાય, (૪) ચતુર્વિધસંઘ (૫) તપ અને બ્રહ્મચર્યના ઉદયથી જેઓ દેવતા બનેલ છે તે પાંચની જે નિંદા કરે તે દુર્લભબોધિ થાય અને તેના ગુણવર્ણન કરે તે સુલભબોધિ થાય એમ કહ્યું છે. અરિહંત આદિના ગુણો તો પ્રખ્યાત છે, પણ દેવતાના ગુણ આવી રીતે છે. વિષય અને વશ વિમોહિત જેના મન છે છતાંય આ દેવતાઓ જિનભુવનમાં અપ્સરા કે દેવાંગના સાથે હાસ્ય આદિ પણ કરતાં નથી. આવું ભાષણરૂપે ગુણવર્ણન કરે તે સુલભબોધિપણાને પામે. પણ સ્તુતિ કરવાનું કહ્યું નથી. જો વર્ણવાદ સ્તુતિરૂપે હોય તો અવર્ણવાદ પણ નિંદા સ્તુતિરૂપે હોવા જોઈએ. તેથી એકાંતે ચોથી થોય નિબંધે અહીંયાં ગુણવર્ણન કહ્યાં નથી. વૃત્તિકારે જે રીતે ગુણવર્ણન કરવાનું કહ્યું તે રીતે આત્મારામજી માનતાં નથી.

(૨૪) શ્રી હેમચંદ્રસૂરિકૃત અનુયોગદ્વારવૃત્તિ : ૭૭

આમાં ચાર થોયની કોઈ વાત જ નથી. શ્રુતદેવી એટલે જિનવાણીના પ્રતાપે જે ભવ્યજીવો અનુયોગના જાણકાર થાય છે તે શ્રુતદેવીને હું નમસ્કાર કરું છું. આત્મારામજી આ મુજબ માનતાં નથી.

(આ વૃત્તિકાર એટલે શ્રી હર્ષપુરીગચ્છીય શ્રી અભયદેવસૂરિના શિષ્ય હેમચંદ્રસૂરિ છે. પણ દેવચંદ્રસૂરિના શિષ્ય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ નથી.) આ બધા ગ્રંથો પંચાંગીના છે. તેમાં ત્રણ સ્તુતિ કહી છે, પણ ચાર સ્તુતિ ક્યાંય કહી નથી. આત્મારામજી આ મુજબ માનતાં નથી.

(૨૫) પાક્ષિકસૂત્ર ચૂર્ણિ (પૂર્વાચાર્યકૃત) : ૪૨

આમાં પ્રતિક્રમણમાં ચોથી થોય કરવી કે દેવતાનો કાઉસ્સગ્ગ કરવો એવું ક્યાંય કહ્યું નથી. ફક્ત પૂજોપચાર આદિ અર્થે કહેલ છે. તે પ્રમાણે આત્મારામજી માનતાં નથી.

(૨૬) પાક્ષિકસૂત્રાવચૂરી : ૭૪

આમાં ચાર થોય કહી નથી. શ્રુતદેવીને જિનેન્દ્રવાણી ન માનતાં વ્યંતરરૂપે આત્મારામજી માને છે.

(૨૭) પંચાશક શ્રી હરિભદ્રસૂરિકૃત : ૪

આમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે ચૈત્યવંદના કહેલ છે. પણ ચાર થોય કહેલ નથી. ભોળા લોકોનો લૌકિક મિથ્યાત્વ છોડાવવા અને લોકોત્તર માર્ગનો અભ્યાસ કરાવવા માટે દેવતાને ઉદ્દેશીને તપ કરવાનું કહ્યું છે. પણ સદ્‌બુદ્ધિવાળાને આ વાત કહેલ નથી. આત્મારામજી આ પ્રમાણે માનતાં નથી.

(૨૮) પંચવસ્તુ શ્રી હરિભદ્રસૂરિકૃત : ૨૫

આમાં કહેલી પ્રતિક્રમણવિધિની શરૂઆતમાં ચાર થોયથી દેવવંદના કરવાનું કહેલ નથી. શ્રુતદેવતા વગેરેનો આચરણાએ કાયોત્સર્ગ કહ્યો છે. પ્રતિક્રમણના અંતે મંગલ એવી ત્રણ થોય કરવાનું કહેલ છે. તે પછી ચોમાસી-સંવત્સરી અને પક્ખી ગાથા સાક્ષીએ કરીને કરવાનું કહેલ છે.

(૨૯) પંચાશક મૂલ અને તેની અભયદેવસૂરિકૃતવૃત્તિ : ૬૩

આમાં ચાર થોય કહેલ નથી. ભોળા લોકોનો લૌકિક મિથ્યાત્વ છોડાવવા, લોકોત્તર માર્ગનો અભ્યાસ કરાવવા માટે દેવતાને ઉદ્દેશીને તપ કરવાનું કહ્યું છે. તે પણ સમજુ માણસો માટે નહીં.

વળી, વીરશાસનમાં સાધુએ ફક્ત સફેદ વસ્ત્રો જ પહેરવાં તેવું કહેલ છે. જ્યારે આત્મારામજી તો પીળા વસ્ત્ર પહેરે છે. આનો અર્થ એ થયો કે આત્મારામજી આ શાસ્ત્રને માનતાં નથી. આ નવાંગી ટીકાકાર મહાપ્રભાવક આચાર્ય શ્રી અભયદેવસૂરિ વિક્રમ સંવત ૧૧૩૫ આસપાસ થયા છે. તેમનું કહ્યું પણ આત્મારામજી માનતાં નથી.

(૩૦) પંચાશકવૃત્તિ અભયદેવસૂરિકૃત વૃત્તિ (ફરીવાર) : ૮

આમાં આ મુજબ કહેલ છે :

(૧) જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વંદનામાં નવ પ્રકારની દેવવંદના ત્રણ થોયથી સિદ્ધ થાય છે.

(૨) ઉત્કૃષ્ટ ચૈત્યવંદના ત્રણ થોયના પ્રણિધાન પાઠે કરી કહી છે.

(૩) ચોથી થોય નવીન કહી છે.

(૪) સામાયિક લેતાં પ્રથમ કરેમિ ભંતે અને પછી ઈરિયાવહી કરવાનું કહેલ છે.

આત્મારામજી આ પ્રમાણે માનતાં નથી.

નોંધ : ઉપર લખેલા શાસ્ત્રપાઠો પૂર્વધરના પછી તરત થયેલા આચાર્યોના તથા કેટલાક ગ્રંથો પંચાંગીકારના બનાવેલ છે. તેમાં કહ્યા મુજબ આત્મારામજી માનતાં નથી.

(૩૧) લલિતવિસ્તરા હરિભદ્રસૂરિકૃત : ૨૪

આમાં દેરાસરમાં પૂજા વગેરે વિશિષ્ટ કારણે ચોથી થોય કરવાનું કહેલ છે, પણ પ્રતિક્રમણાં ચોથી થોય કરવાનું કહેલ નથી. આ પ્રમાણે આત્મારામજી માનતાં નથી.

(૩૨ થી ૩૭) ચૈત્યવંદન મહાભાષ્ય શાંત્યાચાર્યકૃત :

આમાં નવ પ્રકારની ચૈત્યવંદના ત્રણ થોયથી તથા પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય પણ કહેલ છે. જે ફક્ત એકાંતે બૃહદ્કલ્પભાષ્ય અનુસાર ત્રણ થોયથી દેવવંદના માને અને વ્યવહારભાષ્ય અનુસાર દેવવંદના ન માને તથા પૂજા વગેરે વિશિષ્ટ કારણે ચોથી થોય ન માને તેને વ્યાખ્યાન કરી સમજાવેલ છે. તે મુજબ આત્મારામજી માનતાં નથી તથા જે વિધિથી દેરાસરમાં નવ પ્રકારની દેવવંદના કરવી કહી છે તે પ્રમાણે કરતાં નથી.

(૩૮/૩૯) જીવાનુશાસન તથા જીવાનુશાસનવૃત્તિ (દેવસૂરિકૃત) :

આમાં મોક્ષ અર્થે દેવતાની પૂજા કાઉસ્સગ્ગ કરવો અયોગ્ય કહ્યો છે. જોકે વિઘ્ન નિવારણ અર્થે કોઈ કરે તો તે યોગ્ય કહેલ છે. આમાં ક્યાંય ચાર થોયથી ચૈત્યવંદના કહેલ નથી. પૂજાદિ વિશિષ્ટ કારણે નિત્ય કાઉસ્સગ્ગ કરવાનું કહેલ છે. આત્મારામજી આ પ્રમાણે માનતાં નથી.

(૪૦-૪૧) યતિદિનચર્યા શ્રી દેવસૂરિકૃત :

મૂળ ગ્રંથમાં દેવસિય પ્રાયશ્ચિત્તનો કાઉસ્સગ્ગ પડિક્કમણું કર્યા પહેલાં કરવાનો કહેલ છે અને આ ગ્રંથના વ્યાખ્યાનકારે પછી કરવાનું કહેલ છે.

પડિક્કમણાના શરૂ કે અંતમાં સામાન્ય પ્રકારે જઘન્ય ચૈત્યવંદના કહી છે અને મૂલમાં વિધિપૂર્વક પાંચ નમુત્થુણંથી દેરાસરમાં ચૈત્યવંદન કરવાનું કહેલ છે. પણ ચાર થોય કહેલ નથી. વ્યાખ્યાનકારે સંકેતભાષાથી ત્રણ થોય વંદનરૂપે અને ચોથી થોય તીર્થાદિ અનુશાસ્તિરૂપ તથા પ્રવચનભક્ત દેવતાની કહી છે. તે પણ દેરાસરમાં કહેલ છે, પણ પ્રતિક્રમણની શરૂઆત કે અંતમાં કરવાનું કહેલ નથી. આત્મારામજી આ પ્રમાણે માનતાં નથી.

આત્મારામજી એવું કહે છે કે આ ગ્રંથ ચોરાશી હજાર શ્લોક પ્રમાણ સ્યાદ્વાદરત્નાકર ગ્રંથના કર્તા વાદિદેવસૂરિએ બનાવેલ છે, પણ તે એકાંતે સિદ્ધ થતું નથી. કારણ કે તે ગ્રંથની શરૂઆત "સુવિહિતશિરોમણી દેવસૂરિ રચિત" એવું લખે છે. અંતમાં "શ્રી દેવસૂરિણા ભણિતા-ઉદ્ધરિતા" લખેલ છે. પણ વાદિદેવસૂરિરચિત એવું લખેલ નથી. કુલ ... દેવસૂરિ થયા છે તે આ મુજબ :

(૧) સર્વદેવસૂરિના શિષ્ય શ્રી બિરૂદધારક દેવસૂરિ થયા.

(૨) મુનિચંદ્રસૂરિના શિષ્ય અજિતદેવસૂરિના ગુરુભાઈ સ્યાદ્વાદ-રત્નાકરના કર્તા તથા સિદ્ધરાજ જયસિંહની સભામાં કુમુદચંદ્રાચાર્ય નામના દિગંબરને જીતવાવાળા વિક્રમ સંવત ૧૨મી સદીમાં થયેલા વાદિદેવસૂરિજી.

(૩) અજિતસિંહસૂરિના સમયમાં, કાન્હડયોગીને સર્પાદિક વાદના જીતવાવાળા થયા.

(૪) સેનસૂરિના શિષ્ય દેવસૂરિ થયા.

(૫) ખરતરગચ્છીય જિનચંદ્રસૂરિના શિષ્ય દેવસૂરિજી થયા.

એ પાંચેયના શિષ્ય પરિવાર સર્વ સુવિહિતશિરોમણી દેવસૂરિ લખે છે, તો સંશોધન કર્યા વિના કેમ ખબર પડે કે આ ગ્રંથ સ્યાદ્વાદરત્નાકરગ્રંથના કર્તા વાદિદેવસૂરિ જ છે ? આત્મારામજી ચતુર્થસ્તુતિનિર્ણયના પાના નં. ૪૫/૪૮માં વાદિદેવસૂરિ જ છે, તેવું લખે છે. કયા આધારે લખે છે ? કોઈ પુરાવા વિના એકાંતે વાદિદેવસૂરિ જ છે આવું આત્મારામજીનું લખાણ સર્વથા અનુચિત છે. વિદ્વાન ગણાતા પુરુષો આવા ગપ્પાં મારે તે યોગ્ય નથી.

(૪૨) ઉપદેશપદવૃત્તિ શ્રી મુનિચંદ્રસૂરિકૃત : ૯

આમાં ક્યાંય ચાર થોય કહેલ નથી.

(૪૩) લલિતવિસ્તરા પંજિકા શ્રી મુનિચંદ્રસૂરિકૃત : ૧૦

આમાં પૂજા આદિ વિશિષ્ટ કારણે દેરાસરમાં ચાર થોય કરવાનું કહેલ છે. પણ પ્રતિક્રમણમાં કરવાનું ક્યાંય કહેલ નથી. આત્મારામજી આ મુજબ માનતાં નથી.

(૪૪) ધર્મરત્ન (આ ગ્રંથ દેવેન્દ્રસૂરિકૃત છે તેવું આત્મારામજી લખે છે, તે ખોટું છે. મૂળ ગ્રંથ રચયિતા શાન્તિસૂરિ છે અને ટીકા દેવેન્દ્રસૂરિકૃત છે.) : ૯

આમાં ચાર થોય કહેલ નથી. દેરાસરમાં પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય કરવાનું કહ્યું છે.

(૪૫) વંદારુવૃત્તિ (શ્રી દેવેન્દ્રસૂરિકૃત) : ૩૬

શ્રાવકના છ આવશ્યકની ટીકા છે. તેમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં સામાન્ય પ્રકારે જઘન્ય ચૈત્યવંદના કહી છે. જેને યોગ્ય જે પ્રવૃત્તિ હોય તે જણાવવાના અર્થે ચોથી થોય કહેલ છે. દેવતાઓ અવિરતિ હોવાથી પ્રતિક્રમણ તો કરે નહીં, પણ પૂજા તો કરી શકે તેથી પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય કહી છે. આ વૃત્તિમાં જયવીયરાય સુધી ચૈત્યવંદના કહી છે. જ્યારે હમણાં તો પ્રતિક્રમણના આદિ-અંતમાં તે પ્રમાણે કહેતાં નથી. આત્મારામજી તે પ્રમાણે નથી માનતાં.

(૪૬) લઘુભાષ્ય શ્રી દેવેન્દ્રસૂરિકૃત : ૫૦

આમાં પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય કહી છે. ધર્મરત્નવૃત્તિ, વંદારવૃત્તિ અને લઘુભાષ્ય એ ત્રણેય ગ્રંથના કર્તા વિક્રમ સંવત ૧૩૦૦માં થયેલા તપાગચ્છીય શ્રી દેવેન્દ્રસૂરિ છે. તેમના રચેલા શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિમાં દેરાસરમાં તથા પુજાદિ વિશિષ્ટ કારણે ચાર થોયથી ચૈત્યવંદના કહી છે. સામાયિક લેતાં શ્રાવકે પ્રથમ કરેમિ ભંતે અને બાદમાં ઈરિયાવહિયા કરવાનું કહ્યું છે. તે પ્રમાણે આત્મારામજી અનુસરતાં નથી.

(૪૭ થી ૫૦) પ્રવચનસારોદ્ધારવૃત્તિ નેમિચંદ્રસૂરિકૃત ટીકા (મૂળ સિદ્ધસેનસૂરિકૃત) : ૯

આ ગ્રંથના મૂળમાં તથા વૃત્તિમાં પૂજાદિ વિશિષ્ટ કારણે દેરાસરમાં ચોથી થોય આચરણાથી કહી છે. ત્રણ થોય બોલાય ત્યાં સુધી જ દેરાસરમાં રહેવાનું કહેલ છે. પ્રતિક્રમણની શરૂઆત તથા અંતમાં સામાન્ય પ્રકારે ચૈત્યવંદના કહી છે, પણ ચાર થોયથી કરવાનું કહ્યું નથી. વિઘ્નનિવારણ અર્થે ક્ષેત્રદેવતા અને શ્રુતદેવતાના કાઉસ્સગ્ગ કહ્યા છે. આત્મારામજી આ મુજબ માનતાં નથી. (આ ગ્રંથ રચયિતા ૧૨૭૨માં થયેલા સિદ્ધસેનસૂરિ છે, પણ સિદ્ધસેનદિવાકરસૂરિ નથી.)

(૫૧) આવશ્યકચૂર્ણિ - વિજયસિંહકૃત : ૭૨

આત્મારામજી લોકોને ભરમાવવા શ્રાદ્ધપ્રતિક્રમણચૂર્ણિ ગ્રંથને આવશ્યકચૂર્ણિ કહે છે. એ ગ્રંથરચયિતા સંવત ૧૧૮૩માં થયેલા ચંદ્રગચ્છીય વિજયસિંહાચાર્ય છે. એમાં જઘન્ય પ્રકારે પડિક્કમણાંની શરૂઆતમાં શ્રાવકને ચૈત્યવંદના કહી છે, પણ ચોથી થોય તથા શ્રુત-ક્ષેત્રદેવીના કાઉસ્સગ્ગ તથા થોય કરવાનું કહેલ નથી. પ્રતિક્રમણ પર્યંત ત્રણ થોયનું મંગલ કરીને પ્રતિક્રમણ સમાપ્ત કર્યું છે. આત્મારામજી આ મુજબ કરતાં નથી.

(૫૨) વંદનચૂર્ણિ (યશોદેવસૂરિકૃત) : ૫૧

આમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં ચાર થોયથી ચૈત્યવંદના કહી નથી. દેરાસરમાં પૂજાદિ ઉપચારે ચાર થોય કહી છે. શ્રાવકને સામાયિક લેતાં પ્રથમ કરેમિ ભંતે પછી ઈરિયાવહી કહેલ છે. સફેદ વસ્ત્ર પહેરવાનું કહેલ છે, આત્મારામજી તો પીળા વસ્ત્ર પહેરે છે. આમ આત્મારામજી આ ગ્રંથ મુજબ માનતા નથી ને કરતાં પણ નથી.

(૫૩) યોગશાસ્ત્ર (હેમચન્દ્રસૂરિકૃત) : ૩૭

દેરાસરમાં પૂજાદિ વિશિષ્ટ કારણે ચાર થોય કહી છે. પ્રતિક્રમણમાં સામાન્ય જઘન્ય પ્રકારે ચૈત્યવંદના કહી છે. શ્રાવકે સામાયિક લેતાં પ્રથમ કરેમિ ભંતે અને પછી ઈરિયાવહિયા કરવાનું કહેલ છે. વિ. સં. ૧૧૬૬

સૂરિપદ પર હતા, સં. ૧૨૨૯ના વર્ષે દેવલોક થયા. આત્મારામજી આ મુજબ કરતાં નથી.

(૫૪) સંઘાચાર ભાષ્યવૃત્તિ (ધર્મઘોષસૂરિકૃત) : ૧૬

એમાં દેરાસરમાં પૂજાદિ ઉપચારે ચાર થોય કહી છે. પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્ય પ્રકારે ચૈત્યવંદના તથા ક્ષુદ્રોપદ્રવ નિવારવા દેવતાના કાયોત્સર્ગ તથા જઘન્ય આદિ નવ પ્રકારે ત્રણ થોયથી તથા ચાર થોયથી ચૈત્યવંદના કહેલ છે. આત્મારામજી તે આ પ્રમાણે માનતાં નથી.

(૫૫) સંઘાચાર વૃત્તિ (ધર્મઘોષસૂરિકૃત) : ૪૦

આમાં ક્ષુદ્રોપદ્રવ દૂર કરવા માટે, તેના તે તે ગુણોની પ્રશંસા કરીને તેનો ઉત્સાહ ઉત્પન્ન કરવા માટે, વૈયાવૃત્યકર આદિ વિશેષણ દ્વારા સમ્યગ્દૃષ્ટિ દેવોનું સ્મરણ કરી જાગ્રત કરવા માટે, તથા પ્રભાવના આદિ હિતકાર્યમાં પ્રેરણા અર્થે કાયોત્સર્ગ કરવાનું તથા પૂજાદિ વિશિષ્ટ કારણે ઉચિત પ્રવૃત્તિ જણાવવાનું કહ્યું છે. આત્મારામજી આ પ્રમાણે માનતાં નથી. તેમણે આ ગ્રંથ બે જગ્યાએ લખ્યો છે, પણ ગ્રંથ એક જ છે. ચૈત્યવંદનલઘુભાષ્ય કે જે દેવેન્દ્રસૂરિકૃત છે તેની ટીકા છે. ગ્રંથકાર વિક્રમ સંવત ૧૩૫૭માં થયા છે.

(૫૬) આરાધના પતાકા : ૭૫

આમાં ચાર થોય કહી નથી, પણ શ્રુત અધિષ્ઠાયક જિનેન્દ્રવાણીને નમસ્કાર કરેલ છે. પણ વ્યંતરાદિ પ્રકારે શ્રુતદેવીને નમસ્કાર કરેલ નથી. આત્મારામજી તે મુજબ માનતાં નથી.

(૫૭) વિચારામૃતસંગ્રહ (શ્રી કુલમંડનસૂરિકૃત) : ૬

આ ગ્રંથકર્તા ૧૪૫૫માં થયા છે. આમાં કારણ હોય તો દેરાસરમાં ચાર થોય કરવાનું કહેલ છે, પણ પ્રતિક્રમણમાં કરવાનું કહેલ નથી. તથા ક્ષેત્રદેવોનો કાઉસ્સગ્ગ પૂર્વધરકાલના આચરણાથી કરવાનો કહ્યો છે. પણ તેમની થોય કરવાનું કહેલ નથી. શ્રાવકને સામાયિક લેતાં પ્રથમ કરેમિ ભંતે અને પછી ઈરિયાવહી કહેલ છે. આત્મારામજી તે મુજબ કરતાં નથી.

(૫૮) શ્રાદ્ધવિધિ (રત્નશેખરસૂરિકૃત) : ૩૮

આ ગ્રંથકાર ૧૫૧૧માં થયેલ છે. આમાં નિશ્રાકૃત કે અનિશ્રાકૃત ચૈત્યમાં ત્રણ થોયથી ચૈત્યવંદન કહેલ છે. પૂજાદિ કારણે ચાર થોય પણ કરવાનું કહેલ છે. તથા પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્ય પ્રકારે ચૈત્યવંદના કહેલ છે.

(૫૯ થી ૬૧) યતિદિનચર્યા (ભાવદેવસૂરિકૃત) : ૩૨

આમાં પંચાંગ નમસ્કાર તથા શ્લોક આદિરૂપ નમસ્કારથી જઘન્ય ચૈત્યવંદના કહી છે. સ્થાપનાર્હત્સૂત્રદંડકથી કરીને ૨ સ્તુતિયુગલ કરીને એટલે અરિહંતચેઈયાણં ૧, સવ્વલોએ અરિહંતચેઈયાણં ૨, સૂત્રદંડક અને નામસ્તુતિ ૧, શ્રુતસ્તુતિરૂપ ધ્રુવ-અધ્રુવ થઈ બેએ કરી એટલે થુઈ ત્રણે કરી મધ્યમા અથવા દંડક શક્રસ્તવ થુઈ આવશ્યકચૂર્ણિ ઉક્ત ત્રણ થુઈએ કરીને મધ્યમાએ મધ્યમ ચૈત્યવંદનાના ભેદ કહેલા છે. આમાં કોઈ આચાર્ય દંડક શક્રસ્તવાદિકવાચ તથા થુઈયુગલ એટલે સંકેત ભાષાથી ચાર થોયથી ચૈત્યવંદના માને છે. ઉત્કૃષ્ટ વિધિપૂર્વક પાંચ શક્રસ્તવે નિર્મિત તથા શક્રસ્તવાદિક દંડકપાંચ જયવીયરાય ઇત્યાદિ પ્રણિધાનાંત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના થાય. અન્ય આચાર્ય બે વાર ચૈત્યવંદના પ્રવેશ ત્રણ, નિષ્ક્રમણ બે, એ પાંચ શક્રસ્તવથી યુક્ત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના માને છે. આ રીતથી ત્રણ તથા ચાર થોયથી દેરાસરમાં ચૈત્યવંદના કહી છે. વળી રાઇ પ્રતિક્રમણની વિધિમાં સજ્ઝાય કરીને ભગવાનાદિ ચાર વાંદવાનું કહેલ છે. અને દેવસીપ્રતિક્રમણમાં અસજ્ઝાય ઉદ્ઘાવણી કાઉસ્સગ્ગ કરી છદ્ઘા આવશ્યકની મુહપત્તિ પડિલેહવાનું કહેલ છે. આ પ્રમાણે આત્મારામજી માનતાં નથી ને કરતાં પણ નથી. તો આ ગ્રંથ માન્યો કેમ કહેવાય ?

(૬૨) સામાચારી (અભયદેવસૂરિકૃત) : ૫૫

શ્રી આત્મારામજી ચતુર્થસ્તુતિનિર્ણયમાં લખે છે કે આ ગ્રંથના રચયિતા નવાંગીટીકાકાર શ્રી અભયદેવસૂરિ છે, પણ તે સાવ જુઠું લખે છે. આ ગ્રંથના રચયિતા રુદ્રપલ્લીગચ્છના વિજયચંદ્રસૂરિના શિષ્ય અભયદેવસૂરિ કે તે જ ગચ્છના ગુણચંદ્રસૂરિના શિષ્ય અભયદેવસૂરિ છે.

જો નવાંગીટીકાકાર અભયદેવસૂરિની બનાવેલ સામાચારી છે, તો આત્મારામજીએ તે પ્રમાણે જ સામાચારી પાળવી જોઈએ. જો તે ગ્રંથ મુજબની તમામ સામાચારી ન પાળે તો આ ગ્રંથ માન્યો કહેવાય ખરા ? આ ગ્રંથમાં શ્રાવકને સામાયિક લેતાં પ્રથમ સામાયિક ઉચ્ચરી પછી ઈરિયાવહી કરવી કહી છે. પ્રતિક્રમણના આદિ-અંતમાં સામાન્ય એટલે કે જઘન્ય પ્રકારે ચૈત્યવંદના કરવાની કહી છે. પ્રતિક્રમણમાં શ્રુત અને ક્ષેત્રદેવીના કાયોત્સર્ગ કહ્યા છે, પણ સ્તુતિ અને શાંતિ બોલવાનું કહ્યું નથી. સમ્યક્ત્વ ઉચ્ચરવાને અવસરે જે નંદીવિધિ કરવાની હોય છે તેમાં ત્રણ થોયથી દેવવંદના કરી સિદ્ધસ્તવના કરી સિદ્ધસ્તવના અંતે સિરસંતિ ૧ સંતિ ૨ પવયણ ૩ ભવણ ૪ ક્ષેત્રદેવી ૫ વેયાવચ્ચગરાદિ કાયોત્સર્ગ થુઇ કરવાનું કહેલ છે. આત્મારામજી આ મુજબ વર્તતા કે માનતા નથી.

(૬૩) સામાચારી (દેવસુંદરસૂરિકૃત રચના વિ. સં. ૧૪૨૪), (૬૪) સામાચારી (સોમસુંદરસૂરિકૃત રચના વિ. સં. ૧૪૫૭), (૬૫) સામાચારી (નરેશ્વરસૂરિકૃત) : ૫૭

આમાં યશોદેવસૂરિના શિષ્ય નરેશ્વરસૂરિ સુધર્મતપાગચ્છના નથી.

આ ત્રણે સામાચારીમાં વિધિવિધાન ઉપર મુજબની સામાચારીમાં કહ્યાં છે તે પ્રમાણે છે. આત્મારામજી તે મુજબ માનતાં નથી.

(૬૬) પ્રતિક્રમણગર્ભહેતુ ("શ્રી જયચંદસૂરિ વિરચિત") ૩૯

આમાં રાત્રિ પ્રતિક્રમણવિધિમાં સજ્ઝાય કરી રહ્યા પછી ચતુરાદિ ક્ષમાશ્રમણ દેવ-ગુરુ વાંદી, ખમાસમણપૂર્વક રાઇ પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. નમુત્થુણં પાઠ કરી સંક્ષેપ દેવવંદન કહ્યું છે. બંને આવશ્યકના આદિ-અંતમાં મંગલિકના અર્થે ચૈત્યવંદન કહ્યું છે તોપણ પ્રદોષમુખે કાલવેળા પ્રતિબદ્ધપણે કરીને વિસ્તારથી દેવવંદન કરવા સંભવે નહીં એટલે સામાન્ય પ્રકારે દેવવંદન કરવાનું કહ્યું છે.

આયરિય ઉવજ્ઝાયની ત્રણ ગાથા શ્રાવકને કહેવાની કહી છે અને શાંતિ બોલવાનું કહેલ નથી. આ પ્રમાણે આત્મારામજી માનતાં નથી. આ ગ્રંથ ૧૫૦૬માં સોમસુંદરસૂરિના શિષ્ય જયચંદ્રસૂરિકૃત છે.

(૬૭) વિધિપ્રપા (ખરતરગચ્છીય જિનપ્રભસૂરિકૃત) : ૪૮

આમાં જે રીતે પ્રતિક્રમણવિધિ સામાયિકવિધિ પોસહ ઉપધાન દેવપૂજા દીક્ષાના વિધાન કહ્યા છે તે મુજબ આત્મારામજી બિલકુલ માનતાં નથી તોપછી આ ગ્રંથને માન્ય કરેલો કેમ ગણાય ?

સામાયિક પારતી વેળા સામાઇય વયજુત્તોના બદલે ભયવં દસન્નભદ્દો ગાથા બોલવાનું કહેલ છે.

(૬૮) બૃહત્ખરતરગચ્છ સામાચારી (જિનપત્યાદિસૂરિકૃત) : ૫૩

આમાં મહાવીરસ્વામીના પાંચના બદલે છ કલ્યાણક કહ્યાં છે. સામાયિક લેતાં કરેમિ ભંતે ત્રણ વાર ઉચ્ચારીને ઇરિયાવહી કરવાનું કહ્યું છે. પ્રતિક્રમણના આદિ-અંતમાં ચૈત્યવંદન દેરાસરમાં કરવાનું કહ્યું છે. પ્રતિક્રમણમાં શાંતિ બોલવાનું વિધાન નથી. વળી, પોસહ પ્રમુખની જે જે સામાચારી છે તે આત્મારામજી માનતા નથી.

(પ્રિય વાચક એટલું વિચારે કે જે ગ્રંથની ઉપર મુજબની વાતો તપાગચ્છને માન્ય ન હોય તે ગ્રંથમાં ચાર થોયનું વિધાન છે અને તે સત્ય છે આવું કંઈ રીતે કહી શકાય ? આખો શાસ્ત્રગ્રંથ માન્ય હોય તેના જ પાઠો અપાય...)

(૬૯) પ્રતિક્રમણસૂત્ર કી લઘુવૃત્તિ : (તિલકાચાર્યકૃત) : ૫૪

આમાં ગુરુ સ્થાપનાચાર્યના અભાવે જઘન્ય-મધ્યમ ચૈત્યવંદના કરવાનું કહ્યું છે. "જે અ અઇયા" ગાથાને આગમિક હોવા છતાં અનાગમિક કહી છે. ગુરુના સાંનિધ્યે ઇરિયાવહી પડિક્કમીને ઉત્કૃષ્ટ ચૈત્યવંદના જયવીયરાય સુધી કહેલ છે. જિનગૃહમાં ઉચિત પ્રવૃત્તિના અર્થે ચોથી થોય કહેલ છે. જયવીયરાયની બે જ ગાથા કહી છે. પડિક્કમણ ઠાવવાનો વિધિ "વાંદણા" દઈ "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિય પડિક્કમણં ઠાએમિ ?" એવો બતાવેલ છે. પ્રતિક્રમણમાં શ્રુત કે ક્ષેત્ર દેવતાના કાઉસ્સગ્ગ, થોય કે શાંતિ પ્રમુખ કહેવાનું કહેલ નથી. ઉપર મુજબની આ ગ્રંથની વાતો આત્મારામજી માનતાં નથી અને તે મુજબ કરતાં પણ નથી.

(૭૦-૭૧) વિધિપ્રપા તથા સામાચારી તિલકાચાર્ય કૃત : ૫૯

બંને ગ્રંથો એક જ છે. આમાં સમ્યક્ત્વ-દેશવિરતિ-આરોપણાર્થ નંદીકરણ અવસરનો વિધિ બતાવેલ છે. પ્રથમ ત્રણ થોયથી દેવ વાંદવા. પછી શાંતિનાથ આરાધનાર્થે વંદણવત્તિયાએ કાયોત્સર્ગ કરવો. પછી શ્રુતદેવી જિનવાણી, શાસનદેવી વગેરે સમસ્ત વૈયાવચ્ચકારક દેવતાઓને જાણ કરવા તેઓની સાક્ષી માટે કાઉસ્સગ્ગ કરવો. ચતુર્વિંશતિસ્તવ-શ્રુતસ્તવ કાયોત્સર્ગ કરવો. તેના અંતે ત્રણ થોયના બે જોડલા કહેવા. બીજા કાઉસ્સગ્ગના અંતમાં ૬ એટલે કે શાંતિનાથ આદિ ચાર થોય અને શ્રુતદેવી-દ્વાદશાંગીની બે થોય કરવાનું કહ્યું છે. પણ એકાંતે ચાર થોય કહેલ નથી.

પ્રતિક્રમણ ઠાવતાં ખમાસમણ ઈચ્છા. પડિક્કમણે ઠાઉં ? ઈચ્છં. ખમા. "સવ્વસ્સવિ રાઈઅ દુચ્ચિંતિય દુબ્ભાસિઅ દુચ્ચિટ્ઠિઅ મણિ-વયણ-કાયાઈ મિચ્છા મિ દુક્કડમ્". આવી રીતે પાઠ બોલવાનો કહ્યો છે. તે રાઇ પ્રતિક્રમણના અંતે નમુત્થુણંથી પૂર્ણ ચૈત્યવંદના કહેલ છે. તથા દેવસી પ્રતિક્રમણ સમાપ્તિ મંગલ ત્રણ થોયથી કરી શક્રસ્તવ સ્તોત્ર કહી દુક્ખખઓ કમ્મખઓ કાઉસ્સગ્ગ કરી સજ્ઝાય કરવાનું કહેલ છે, પણ દેવસિય પ્રાયશ્ચિત્તનો કાઉસ્સગ્ગ કે શાંતિ કહેલ નથી.

આત્મારામજી આ પ્રમાણે માનતાં કે કરતાં નથી.

જો આ ગ્રંથના રચયિતા આગમિકગચ્છીય શ્રી તિલકાચાર્ય હોય તો તે તો દેવવંદનમાં ત્રણ થોય જ માને છે.

અને જો ચંદ્રપ્રભસૂરિની પરંપરામાં થયેલ શિવપ્રભસૂરિના શિષ્ય તિલકાચાર્ય હોય તો તેઓને પ્રતિક્રમણાદિ સામાચારીમાં ઘણો ફરક છે. તે મુજબ સંપૂર્ણ ગ્રંથ માનતાં હોય તો જ એ ગ્રંથ માન્યો કહેવાય. બાકી "પોતાની મનગમતી વાત લખેલ હોય તે માનવી અને અન્ય વાતો લખેલ હોય તે ન માનવી" આવું કરવાથી ગ્રંથ માન્યો કેમ કહેવાય ?

(૭૨) ષડાવશ્યકવિધિ પૂર્વાચાર્ય કૃત : ૬૨

વર્તમાનકાળથી પૂર્વે થયેલા પૂર્વાચાર્યકૃત આ ગ્રંથ છે. જેમાં રાઇ પ્રતિક્રમણના અંતે તથા દેવસી પ્રતિક્રમણના પ્રારંભે જઘન્ય પ્રકારે ચૈત્યવંદન

કરવાનું કહ્યું છે. પણ ચાર થોયથી કરવાનું કહ્યું નથી. આત્મારામજી આ પ્રમાણે માનતાં નથી.

(૭૩) પ્રતિક્રમણહેતુગર્ભિત સજ્ઝાય (યશોવિજયજી કૃત) : ૬૧

આમાં સામાયિક વિના ૧૨ અધિકારથી દેવવંદના કહેલ છે. જિનગૃહમાં સંધ્યાપૂજા અવસરે દેવવંદન કરી, પડિક્કમણું કરે તે આશ્રયીને છે. શ્રુતદેવતા અને ક્ષેત્રદેવતાના કાઉસ્સગ્ગ કરવાનું કહ્યું છે, પણ થોય કરવાનું કહ્યું નથી. રાઇ પ્રતિક્રમણની વિધિમાં સજ્ઝાય કર્યા પછી ભગવાનાદિ ૪ ખમાસમણ આપવાનું કહ્યું છે. પ્રતિક્રમણના અંતમાં પ્રતિક્રમણપર્યંત મંગલ ત્રણ થોયનું કરવાનું કહ્યું છે. આત્મારામજી તે મુજબ માનતાં નથી ને કરતાં પણ નથી.

(૭૪) ધર્મસંગ્રહ (માનવિજયજી ઉપાધ્યાયકૃત) : ૪૯

આમાં નિશ્રાકૃત-અનિશ્રાકૃત સર્વ દેરાસરોમાં ત્રણ થોયથી દેવવંદન કરવું કહ્યું છે. તથા દેરાસરમાં દ્રવ્યપૂજા કરી જઘન્યાદિ ત્રણ ભેદે ચૈત્યવંદના કહી છે. તેમાં કલ્પભાષ્ય, વ્યવહારભાષ્ય ગાથા આશ્રિત ત્રણ થોયથી તથા પ્રકારાંતરથી ચાર થોયથી દેવવંદના કહેલ છે, પણ એકાંતે ચાર થોય કહેલ નથી.

જ્યારે સંઘાચારભાષ્યની સંમતિથી નવ પ્રકારની ચૈત્યવંદનાનો પાઠ ધર્મસંગ્રહના જીર્ણ પુસ્તકમાં છે જ નહીં. પણ આત્મારામજી સ્વકપોલકલ્પિત ચાર થોયથી નવ પ્રકારનું ચૈત્યવંદન સ્થાપવા પોતાના નવા લખાયેલા પુસ્તકોમાં નીચે પ્રમાણેનો પાઠ ઘૂસાડેલ છે. "**संघाचारवृत्तौ चैतद्गाथा व्याख्याता, बृहद्भाष्यसंमत्या नवधा चैत्यवंदना व्याख्याता**" વગેરે ચેઇયપરિવાડીમાઇસુ વગેરે નવો પાઠ પોતે જાતે ઉમેરેલ છે. પાના નંબર ૯૯ બીજી લીટીથી માંડી પાના નંબર ૧૦૦ના એક નંબરની લીટી સુધી નવો પાઠ મૂકેલ છે.

જો એક કાનો-અક્ષર પણ જાણીબૂઝીને આઘો-પાછો કરાય તો અનંત-સંસારી થવાય. તો પોતાની મતકલ્પનાએ નવો પાઠ કેવી રીતે મૂકી શકાય ?

આત્મારામજીને આવા દુષ્ટ કાર્ય કરતાં જોઈ કોઈપણ નિકટભવસિદ્ધ સરળ આત્માને તેમની દયા જ આવે. અને તેમને સમજાવે પણ ખરા. કદાચ દુરાગ્રહી-અભિમાની જો પ્રતિબોધ પામી જાય તો તેમનું કામ થઈ જાય. તો બોધ કરવાવાળાને પણ મોટા પુણ્યોપાર્જનરૂપ લાભ થાય. તેવી જિનવાણી છે. અમદાવાદ વગેરેના જ્ઞાનભંડારોમાં આ પુસ્તક છે. તેમાં આવો પાઠ છે જ નહીં. પણ આત્મારામજી કદાચ નહીં માને. કારણ કે તેઓ પૂર્વ નિહ્નવપણામાં ઢુંઢીયાના સાધુ હતા તે વખતના સંસ્કારો રહી ગયા લાગે છે. કહ્યું છે ને કે "ટાઢ જાય રૂવે ને આદત જાય મૂએ" પણ આવી આદત ભવભીરુ પુરુષોએ રાખવા યોગ્ય નથી.

(૭૫) ધર્મસંગ્રહના અંતર્ગત ગાથા (પૂર્વાચાર્યકૃત) : ૫૨

આમાં દેવસિ પ્રતિક્રમણની શરૂઆતમાં સામાન્યપણે ચૈત્યવંદના કહી છે ને શાંતિ પણ કહેવાનું કહેલ નથી. આ પ્રમાણે આત્મારામજી માનતાં નથી ને કરતાં પણ નથી.

આત્મારામજી લખે છે કે આ ગ્રંથના કર્તા માનવિજયજી હીરવિજયસૂરિના શિષ્યના શિષ્ય છે તે સાવ ગપગોળાં છે. કારણ કે આ ગ્રંથ તો વિ. સં. ૧૯૩૮માં આણસૂરગચ્છમાં થયેલા શાન્તિવિજયજીના શિષ્ય માનવિજયજી ઉપાધ્યાયે લખેલ છે.

(૭૬-૭૭) છન્નુવે થુઈ બપ્પભટ્ટીસૂરીકૃત, છન્નુવે થુઈ શોભનમુનિકૃત : ૮૦-૮૧

બે ત્રણ શ્લોકની થોય **"अओ परं थयं"** એવા વ્યવહારભાષ્યના વચનથી સ્તુતિ સ્તોત્રરૂપે સંભવે છે. જિનપૂજા આદિ વિશિષ્ટ કારણ વિના ત્રણ થોયથી અને કારણથી ચાર થોયથી દેવવંદન કરવા આ જોડલા બનાવેલ છે. તે દેરાસરમાં બોલવા સંભવે છે. પણ સામાયિકમાં કહેવા સંભવતાં નથી. કારણ કે સર્વ જૈન સિદ્ધાંતોમાં અવિરતિધર દેવોને વંદન કરવાનો નિષેધ કરેલ છે.

ચોથી થોય પૈકી કેટલીક થોયોમાં પોતાના શરીરનું રક્ષણ, સુખ, શત્રુનો નાશ જેવી માંગણી, નમસ્કાર, પોતાનો મહિમા વધારવાની માંગણી કરેલ

છે. સામાયિકમાં આવી થોય બોલતાં વ્યવહારથી સાવદ્ય લાગે. માટે દરેક આચાર્યે સર્વ ગ્રંથોમાં ચોથી થોય જિનપૂજાદિ અવસરે બોલવાની કહી છે.

આત્મારામજી એમ કહે છે કે આ શોભનમુનિ જિનેશ્વરસૂરિના શિષ્ય હતા. પણ પ્રબંધચિંતામણી તથા આત્મપ્રબોધાદિક ગ્રંથમાં વર્ધમાનસૂરિ તથા સુસ્થિતાચાર્યની પરંપરામાં થયેલ શોભનાચાર્ય હતા તેવું લખેલ છે. અને પ્રભાવકચરિત્રમાં ચંદ્રગચ્છીય મહેન્દ્રસૂરિના શિષ્ય શોભનાચાર્ય હતા તેવું કહેલ છે. પછી તો બહુશ્રુત ગીતાર્થો કહે તે પ્રમાણ.

(૭૮/૭૯) યતિદિનચર્યા ફરીથી યતિદિનચર્યા : ૨૯-૩૦

આ કર્તાના નામ વિનાની યતિદિનચર્યાઓ છે. કેટલાકમાં ત્રણ થોય કહી છે, કેટલાકમાં ચાર થોય પણ કહી છે. કેટલાકમાં તો ત્રણ કે ચાર થોય એકે કહેલ નથી. પડિક્કમણાના આદિ-અંતમાં જઘન્ય પ્રકારે ચૈત્યવંદના કહી છે. પણ ચાર થોય નથી કહી. કેટલીક યતિદિનચર્યામાં શ્રુત-ક્ષેત્રદેવીના કાઉસ્સગ્ગ કહ્યા નથી, કેટલીકમાં કહ્યા છે, પણ થોય નથી કહી. આત્મારામજી આ પ્રમાણે માનતા નથી.

(૮૦) શ્રુતદેવતાની થોય "હરિભદ્રસૂરિકૃત" : ૮૨

આ સંસારદાવાનું ચોથું વૃત છે. સંસારદાવા સ્તુતિ એકાંતે સ્તુતિ નથી, પણ સ્તુતિસ્તોત્રરૂપે છે. કારણ કે વ્યવહારભાષ્યમાં એક-બે-ત્રણ શ્લોકની થોય ત્યારબાદ સ્તવ કહેલ છે. તે કારણથી જ સંસારદાવા સજ્ઝાય - સ્તુતિ કે સ્તોત્રરૂપે બોલાય છે. તેથી થોયના અવસરે ત્રણ થોય કહેવાય છે અને સ્તવન તરીકે ચાર થોય પણ કહેવાય છે.

વળી હરિભદ્રસૂરિરચિત ત્રણ થોયના જોડલા પણ જ્ઞાનભંડારમાં મળી આવે છે. તેથી નક્કી કરી શકાય કે જિનપૂજાદિ વિશિષ્ટ કારણે ચાર થોય અન્યથા ત્રણ થોય કહેવા એ જોડા બનાવ્યા હશે. પછી તો બહુશ્રુત ગીતાર્થ આચાર્ય ભગવંતો કહે તે પ્રમાણ.

આ સ્તુતિસ્તોત્રમાં "ભવવિરહવરં" એ વાક્યથી શ્રુતદેવી યાને જિનવાણીનો પણ સંભવ થાય છે. આત્મારામજી આ પ્રમાણે માનતાં નથી.

(૮૧) સામાચારી (પ્રાચીન આચાર્યકૃત) : ૩૧

આ ગ્રંથકર્તા તરીકે પૂર્વધરના સમીપના કે તેમના નિકટના સમયના પ્રાચીન આચાર્ય નહીં પણ વર્તમાનકાળ પૂર્વેના પ્રાચીન આચાર્ય ગ્રહણ કરવા. કારણ કે આ નામ વિનાની સામાચારીમાં ક્યાંક ત્રણ થોય કહેલ છે, ક્યાંક ચાર થોય કહી છે. ઉપર લખેલી સામાચારીમાં પ્રતિક્રમણમાં જઘન્ય પ્રકારે ચૈત્યવંદના કહી છે, પણ ચાર થોયની ચૈત્યવંદના કહી નથી. શ્રુતદેવતાના કાયોત્સર્ગ કહ્યા છે, પણ તેમની થોય કરવાનું કહેલ નથી. આત્મારામજી આ મુજબ માનતાં નથી.

(૮૨) આવશ્યકાર્થદીપિકા (શ્રી રત્નશેખરસૂરિકૃત) : ૪૪

આમાં આવશ્યક કાયોત્સર્ગ નિર્યુક્તિ પૂર્વધર શ્રુતધારીઓની આચરણાથી ચોમાસી-સંવત્સરી પ્રતિક્રમણમાં ક્ષેત્રદેવતાનો કાઉસ્સગ્ગ, પાક્ષિક પ્રતિક્રમણમાં ભુવનદેવતાનો કાઉસ્સગ્ગ કહ્યો છે. કોઈ આચાર્યના મતથી ચોમાસામાં ભવનદેવતાનો કાઉસ્સગ્ગ કરવો કહ્યો છે, પણ રોજ કરવો કહ્યો નથી. થોય કરવાનું તો કહ્યું જ નથી.

વજસ્વામીએ અનશન આજ્ઞા કારણે વનદેવતાનો કાઉસ્સગ્ગ કરેલો. વળી, બૃહદ્ભાષ્ય તથા લલિતવિસ્તરાની સાક્ષીથી વૈયાવૃત્યકરદેવતાનો કાઉસ્સગ્ગ તથા થોય કહેલ છે. તે જ ગ્રંથોમાં પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય કરવાનું કહેલ છે. મોક્ષ માટે દેવતાની પ્રાર્થના - બહુમાન વર્જેલા છે. આલોકાર્થે યક્ષાદિક આરાધના કરવામાં મિથ્યાત્વવૃદ્ધિપ્રસંગ લખેલ છે. આત્મારામજી આ મુજબ માનતાં નથી. જે ગ્રંથમાં પૂર્વધરગ્રંથની સાક્ષી આપી હોય તે ગ્રંથમાં જે જેવી રીતે કહ્યું હોય તે તેવી રીતે ન માને તેને દીર્ઘસંસારી સિવાય શું કહેવાય ?

પ્રશ્ન :- એ પૂર્વોક્ત ગ્રંથ પંચાંગી વિનાના તમે પ્રમાણ કરો છો કે કેમ ?

જવાબ :- અમો પ્રધાન નૈગમાદિ નય વિશારદ શ્રીમદ્ હરિભદ્રાચાર્ય પ્રમુખ પૂર્વાચાર્ય મહારાજના વચનથી પૂર્વધર અનુકરણ અર્થે સર્વ ગ્રંથ પ્રમાણ કરીએ છીએ અને જે નિરવદ્ય સામાચારી વિશેષે અધિક કે ઓછી હોય તેને દૂષતા નથી, પણ પૂર્વધર આદિ પરંપરાથી આવેલી સામાચારી

કર્તવ્ય માનીએ છીએ. કેમ કે સર્વ ગ્રંથમાં કહેલ ભિન્નભિન્ન સામાચારી હોય અને તે બધી જ અવશ્ય કરવી એવું લખાણ શાસ્ત્રમાં દેખાતું નથી. અને જે પૂર્વધરાદિ અનુયાયી પરંપરા કરવી તેવું ન માને તેને તો જે ગ્રંથના જે સામાચારી હોય તે સર્વે કરવી જોઈએ. શ્રી સેનપ્રશ્નમાં કહ્યું છે :

खाद्याः कथयंत्यस्माकं पौषधिकाः रात्रेस्तुर्ययामे समुत्थाय पौषधमध्ये सामायिकं कुर्व्वन्ति तदक्षराणि च प्रतिक्रमणसूत्रचूर्णौ सन्ति । तेन श्रीमतां श्रीपूज्याः सामायिकं कथं न कारयंतीति प्रश्नः ? रात्रिपौषधमध्ये पाश्चात्यरात्रौ सामायिककरणमाश्रित्य यानि चूर्ण्य-क्षराणि संति तानि सामाचारीविशेषेण समर्थनीयानि, न तु दूषणीयानि तस्याः शिष्टकृतत्वात् । न चात्मनां तदक्षरदर्शनेन तत्कर्त्तव्यतापत्तिः, सर्वेऽपि सामाचारीविशेषाः सर्वैरपि अवश्यंभावेन विधेया एवेति शास्त्राक्षरानुपलंभादिति । किञ्च खरतरपक्षीयाणां चूर्णिगतैकवचनं युक्तिमन्न प्रतिभाति तद्गतसकलसामाचार्यास्तै-रकरणात् । यदि च तेषां चूर्ण्याः प्रामाण्यमेव तदा तद्गता सकलापि सामाचारी तैः कथं न विधीयत इति बहुवक्तव्यमस्तीति ॥१९॥

ભાવાર્થ :- ખરતરગચ્છવાળા કહે છે કે અમારે પૌષધવાળા રાત્રિના ચોથા પહોરમાં જાગીને પૌષધમાં જ સામાયિક કરે છે. તેના અક્ષર પણ પ્રતિક્રમણચૂર્ણિમાં છે. તમારા પૂજ્યો તેમ કેમ નથી કરાવતાં ?

જવાબ :- "સર્વ સામાચારીવિશેષ સર્વે પણ અવશ્યભાવે કરવી જ" એવા અક્ષર શાસ્ત્રમાં નથી. ખરતરગચ્છવાળાને જો પ્રતિક્રમણચૂર્ણિ પ્રમાણ છે તો તેમાંની સકલ સામાચારીને કેમ નથી પાળતાં ?

આમ, પૂર્વધરાદિ પરંપરાના ગ્રંથ પ્રમાણ કરે તેને કોઈ નુકસાન નથી. પણ પોતાના મતકલ્પિત પ્રમાણે ગ્રંથનું એક વચન માનવું ને તે ગ્રંથના બીજા વચનો ન માનવા એવો ન્યાય તો આત્મારામજી સિવાય બીજા સમજુ માણસો ન જ કરે.

આ ૮૨ ગ્રંથોના પાઠ ચાર થોયની તરફેણમાં આત્મારામજી આપે છે.

તેમાં ૨૧/૨૨ ગ્રંથો તો પંચાંગીના છે. તેમાં ચાર થોયનો ઉલ્લેખ જ નથી. પણ કેટલાકમાં ત્રણ થોયનો ઉલ્લેખ છે. વળી શ્રુત અને ક્ષેત્રદેવતાની થોય કરવાની કોઈ વાત જ નથી.

ત્રણ થોય પંચાંગીના કર્તાના છે. તેમાં પણ ચાર થોય કે દેવ-દેવીની સ્તુતિની વાત જ નથી. પણ ચોથી થોય નવીન કહીને ત્રણ થોય સ્થાપન કરી છે. લલિતવિસ્તરા અને ચૈત્યવંદનમહાભાષ્ય તે પંચાંગી કર્તાના ગ્રંથો છે તેવું એકાંતે સિદ્ધ થતું નથી. વળી તે ગ્રંથોમાં પણ પૂજાદિ વિશિષ્ટ કારણે જ ચાર થોય કહેલ છે.

બાકીના ૩૬/૩૭ ગ્રંથો છે તેમાંના કેટલાક ગ્રંથમાં ચોથી થોય પૂજાદિ કારણે કરવાની કહી છે. દેરાસરમાં ત્રણ થોય કહેવી તેવું પણ કહેલ છે. કેટલાકમાં કાઉસ્સગ્ગ કે થોય કંઈ કહ્યું નથી અને કેટલાકમાં કહ્યું છે. આમાંથી કેટલાક ગ્રંથો ગચ્છાંતર પૂર્વકાલ નિકટવર્તી આચાર્યોના છે ને કેટલાક ગચ્છાંતરવર્તી આચાર્યોના કહેલા છે. કુલ ૬૪/૬૫ ગ્રંથો થાય છે. પણ ફરી-ફરી તે ગ્રંથોની સાક્ષી આપી ૮૨ ગ્રંથોના નામ લખ્યા છે, તે લોકોને ભરમાવવા માટે, તેવી સંભાવના કરી શકાય. પણ તેનાથી એકાંતે ચોથી થોય સિદ્ધ થતી નથી ને ત્રણ થોય ઉત્થાપાતી નથી. ભવ્ય જીવોએ તો પોતાના બોધિબીજનું રક્ષણ કરવા - તટસ્થ નજરે પૂર્વાચાર્યના વચન પ્રમાણ કરી સાવદ્ય નિરવદ્યની ખોલના કરવી એ જ કલ્યાણ છે. એ પ્રમાણે તત્ત્વ છે.

॥ ચતુર્થસ્તુતિનિર્ણયશંકોદ્ધાર અપરનામ ચતુર્થસ્તુતિકુયુક્તિનિર્ણય-છેદનકુઠાર ગ્રંથમાં સૂત્રાગમ-અર્થાગમ તથા પૂર્વધરગીતાર્થકૃત સૂત્રાગમ-અર્થાગમ બહુશ્રુતગીતાર્થકૃત અર્થાગમ આચરણાથી ત્રણ થોયથી ચૈત્યવંદના પ્રશ્નોત્તર અને ચતુર્થસ્તુતિનિર્ણયઉક્ત ગ્રંથ-ગ્રંથકર્તામાન્ય નિદર્શન નામનો છટ્ઠો પરિચ્છેદ સમાપ્ત થયો. ॥

પૂર્વપક્ષ (પ્રશ્ન) :- ત્રણ થોયથી ચૈત્યવંદન કરવાનું કયા શાસ્ત્રમાં કહ્યું છે ?

ઉત્તરપક્ષ (જવાબ) :- ગણધર-પૂર્વધર-બહુશ્રુત તથા સામાન્ય બહુશ્રુતના

કરેલા ઘણા ગ્રંથોમાં ત્રણ થોયથી ચૈત્યવંદન કરવાનું કહ્યું છે.

૪૫ આગમમાંના એક એવા "મહાનિશીથસૂત્ર"માં કે જે શ્રી ગણધર-રચિત છે તેમાં ત્રણ થોયના સૂત્ર છે, પણ ચાર થોયના નથી. તે પાઠ :

से भयवं, इरियावहियमहिज्जित्ताणं तओ किमहिज्जा ? गोयमा ! सक्कत्थवाइयं चेइवंदनणवहाणं णवरं सक्कत्थयं एगट्ठमबत्तीसाए अरहन्तत्थयं एगेणं चउत्थेणं तिहिं आयम्बिलेहिं चउवीसत्थयं एगेणं छट्ठेणं एगेणं चउत्थेणं पणवीसाए आयंबिलेणं पाठांतरे अट्ठमेणं परं चउत्थेण इति नत्थि, णाणत्थयं एगेणं चउत्थेणं पंचहिं आयंबिलेहिं।

ભાવાર્થ :- ઉપધાન કર્યા વિના ક્રિયા શુદ્ધ થતી નથી. નવકારનો ઉપધાન વહ્યા બાદ ઈરિયાવહીનો ઉપધાન વહેવો. ગૌતમસ્વામી પૂછે છે કે હે ભગવાન, ઈરિયાવહી ભણ્યા પછી શું ભણવું ? ત્યારે ભગવાન કહે છે :

હે ગૌતમ, નમુત્થુણં વગેરે લઈ ચૈત્યવંદન વિધાન ભણવું. નમુત્થુણં એક અટ્ઠમ અને બત્રીસ આયંબિલ કરીને ભણવું. અરિહંત ચેઈયાણં એક ઉપવાસ અને ત્રણ આયંબિલ કરીને, લોગસ્સ એક છટ્ઠ અને પચ્ચીસ આયંબિલ કરીને અને પુક્ખરવરદીવટ્ઠે એક ઉપવાસ અને પાંચ આયંબિલ કરીને ભણવું. આમાં (૧) નમુત્થુણં, (૨) અરિહંત ચેઈયાણં, (૩) લોગસ્સ અને (૪) પુક્ખરવરદીવટ્ઠે આ ચાર સૂત્ર ચૈત્યવંદનાના થયા. તેથી અનુક્રમે ત્રણ થોય થાય છે. આ જ વાત શ્રી માનદેવસૂરિએ ઉપધાનપ્રકરણમાં કહી છે. તે પાઠ :

पंचनमुक्कारे किल, दुवालसतवो उ होइ उवहाणं ।
अट्ठय आयामाइं, एगंतह अ मेअंते ॥१॥
एवं चिअ नीसेसं, इरियावहिआइं होइ उवहाणं ।
सक्कत्थयंमि अट्ठम, मेगं बत्तीस आयामा ॥२॥
अरहंतचेइअथए, उवहाणमिणं तु होइ काइव्वं ।
एगं चेव चउत्थं, तिन्नि अ आयंबिलाण तहा ॥३॥

एगं चिअ कीर छट्ठं, चउत्थमेगं तु होइ कायव्वं ।
पणुविसं आयामा, चउवीसथयम्मि उवहाणं ॥४॥
एगं चेव चउत्थं, पंच य आयंबिलाणि नाणथए ।
चिइवंदणाइ सुत्ते, उवहाणमिणं विणिद्दिट्ठं ॥५॥

ભાવાર્થ :- આ પાઠનો ભાવાર્થ આગળ મુજબ જાણવો. આમાં ત્રણ થોયના સૂત્ર કહ્યા છે, પણ ચોથી થોયનું "વેયાવચ્ચગરાણં સૂત્ર" કહ્યું નથી.

પ્રશ્ન :- ત્રણ થોયના સૂત્રો કેવી રીતે થાય છે ?

જવાબ :- પ્રથમ નમુત્થુણં, અરિહંત ચેઈયાણં કહી કાઉસ્સગ્ગ કરી સ્તુતિ કહેવી તે પ્રથમ થોય. પછી લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈયાણં કરી કાઉસ્સગ્ગ કરી સ્તુતિ કહેવી તે બીજી થોય, ત્યારબાદ પુક્ખરવરદી, સુઅસ્સ ભગવઓ કહી કાઉસ્સગ્ગ કરી સ્તુતિ કહેવાય તે ત્રીજી થોય. આમ ત્રણ થોયના સૂત્રો મહાનિશીથસૂત્ર આગમ મુજબ થાય છે.

પ્રશ્ન :- પંચાશકવૃત્તિમાં નમુત્થુણં આદિ પાંચ દંડક અને ત્રણ થોયથી ચૈત્યવંદના કહી છે. જ્યારે અહીં તો પાંચ સ્તવ કહ્યા છે, તો આમ કેમ ?

જવાબ :- સ્તવને પર્યાયાન્તરસંજ્ઞાથી દંડક કહેવાય છે.

પ્રશ્ન :- સ્તવથી પર્યાયાંતરસંજ્ઞાથી દંડક કયા કહ્યાં છે ?

જવબ :- મૂળસૂત્રમાં ચૈત્યવંદનાના સૂત્રને સ્તવ તથા સ્તુતિ કહીને બતાવ્યાં છે. અને ગ્રંથોમાં દંડક કહીને બતાવેલ છે. તેથી ચૈત્યવંદનાના સૂત્ર સ્તુતિ-સ્તવને પર્યાયાંતરસંજ્ઞાથી દંડક કહેવાય છે.

પ્રશ્ન :- પૂર્વધરોના કોઈ ગ્રંથમાં સ્તવને દંડક કહેલ છે કે નહીં ?

જવાબ :- ચૌદપૂર્વધર ભદ્રબાહુસ્વામીએ વંદનપયન્નામાં અરિહંતસ્તવને દંડક કહી બતાવેલ છે. તેથી તુલાદંડન્યાયે કરી આદિ-અંતના સ્તવને દંડક ગણાય છે. પૂર્વાચાર્યો દંડ એટલે સરળ પાઠનું કહેવું તેને કહે છે. તે ન્યાયે નમુત્થુણં-અરિહંતસ્તવ-નામસ્તવ-ચૈત્યસ્તવ અને શ્રુતસ્તવને સરળપણે બોલવા એટલે દંડક સંભવે છે. બાકી બહુશ્રુત કહે તે પ્રમાણ.

પ્રશ્ન :- શ્રી મહાનિશીથસૂત્રમાં તો ચૈત્યવંદનાના સૂત્ર તથા સ્તવ ચાર કહ્યાં છે. પણ સવ્વલોએ અરિહંત ચેઇયાણંને સૂત્રસ્તવ કહેલ નથી. તો ત્રણ થોયના અનુક્રમમાં એ સૂત્ર કેમ લેવાય ?

જવાબ :- હે ભદ્ર, મહાનિશીથમાં અરિહંતસ્તવ કહેવાથી ચૈત્યસ્તવ તો આવ્યો જ. કેમ કે અરિહંત ચેઇયાણં એ પાઠમાં ચૈત્યશબ્દ કહેવાથી ચોવીશ જિનનું કથન છે. અને સવ્વલોએ અરિહંત ચેઇયાણંમાં સમસ્ત અતીત-અનાગત-વર્તમાન-વિહરમાન જિનેશ્વર પ્રતિમા કહેલ છે. આમ બંને સ્થાપના એક જ છે. તે દર્શક આચારદિનકરનો પાઠ :

अर्हच्चैत्यानां कायोत्सर्गं करोमि तेषामाराधनार्थमित्यर्थः । अत्र चैत्यकथने जिनानां चतुर्व्विंशतिवर्त्तमानानां कथनं यत्र च सव्वलोए अरहंतचेइयाणं इति कथने समस्तानागतातीतवर्त्तमानविहरमाण-प्रतिमारूपाणां जिनानां त्रैलोक्यमहितानां ग्रहणं कार्यमित्याह वंदण-वत्तियाए ॥

ભાવાર્થ :- અરિહંત પ્રભુના ચૈત્ય (દેરાસર)ને આરાધવા કાઉસ્સગ્ગ કરું ? અહીંયાં ચૈત્ય કહેવાથી ચોવીશે વર્તમાન તીર્થંકરનું કથન છે. સવ્વ લોએ અરિહંત ચેઇયાણંથી સમસ્ત લોકમાં રહેલ અતીત-અનાગત-સમસ્ત વિહરમાન પ્રતિમારૂપ જિન, ત્રિલોકપૂજ્યની પૂજા ફળ ગ્રહણ કરવા કહે છે. (વંદણવત્તિયાએ વગેરે પાઠ). અહીં અરિહંતસ્તવનો અને ચૈત્યસ્તવનો ગ્રંથકારે બંનેનું સાદૃશ્યપણું હોવાથી ભેગો અર્થ કરેલ છે. આવશ્યકસૂત્રમાં સવ્વલોએ એ પાઠ કહ્યો છે અને મહાનિશીથસૂત્રમાં અરિહંતસ્તવને ચૈત્યસ્તવ સાથે ગણેલ છે. અરિહંતસ્તવ અને ચૈત્યસ્તવમાં "સવ્વલોએ" એ ચાર અક્ષરથી વધુ ફરક નથી. તેથી પૃથક્ કહ્યો નથી. પણ ચૈત્યવંદન આદિ અનુક્રમમાં ભદ્રબાહુસ્વામી વગેરે આચાર્યો પૃથક્ સ્તવ કહે છે. આમ સિદ્ધાંત ન્યાયે ત્રણ થોયના અનુક્રમમાં એ સ્તવ ગ્રહણ કરાય છે.

પ્રશ્ન :- સવ્વલોએ અરિહંત ચેઇયાણંને સ્તવ ક્યાં કહેલ છે ?

જવાબ :- આચારદિનકરમાં કહેલ છે. તે પાઠ :

चतुर्विंशतिस्तवकथने शक्रस्तव १ अर्हच्चैत्यस्तव २ चतुर्विंशतिस्तव ३ श्रुतस्तव ४ सिद्धस्तव ५ सर्वचैत्यस्तव ६॥

આ પાઠમાં સિદ્ધસ્તવ ધ્રુવ-અધ્રુવ સ્તુતિરૂપે કહેલ છે. તેથી પ્રતિક્રમણમાં કાઉસ્સગ્ગ અધ્યયનમાં સ્તવ કહેવાય છે. ચૈત્યવંદનમાં સ્તવ સ્તુતિરૂપે કહેવાય છે. એટલે ધ્રુવસ્તુતિના દેવવંદનમાં સ્તુતિરૂપે ગ્રહણ કરાય છે અને અધ્રુવસ્તુતિના દેવવંદનમાં કોઈ આચાર્ય સ્તવરૂપે ગ્રહણ કરે છે. તેથી અહીં સિદ્ધાણં બુદ્ધાણંને સ્તવ કહેલ છે. પણ ઘણું કરીને સર્વચૈત્યસ્તવ છે. તે પાંચ સ્તવ તથા પાંચ દંડકાં આગમન્યાયે આચાર્યોએ ચતુર્થસ્તવ ગ્રહણ કરેલ છે. કારણ કે આચારદિનકરમાં સર્વ સ્તવને અંતે સિદ્ધસ્તુતિ એટલે સિદ્ધાણં બુદ્ધાણં કહેવાનું કહેલ છે. તે પાઠ :

सर्वस्तवप्रान्ते सर्व्वसिद्धिदायकानां सिद्धानां स्तुतिरभिधीयते परमार्थेन जगद्वंद्या भगवन्तोऽर्हतोऽपि सिद्ध एव न तु ते स्वकायेन सर्वदैव विहरंति अत एवोच्यंते सिद्धाणं बुद्धाणं इत्यादि ॥

આ પાઠમાં સર્વ સ્તવના અંતે એ કહેવાથી પાંચ સ્તવના છેડે સર્વ સિદ્ધિદાયક સિદ્ધની સ્તુતિ કરવી કહી છે. તેથી સિદ્ધાણં બુદ્ધાણં દંડક સ્તવ સ્તુતિરૂપે છે. તે માટે ચોથે સર્વ ચૈત્યસ્તવ કહી કાઉસ્સગ્ગ પારી સ્તુતિ કહી પાંચમું શ્રુતસ્તવ કહે એમ પાંચ દંડકે કરી દેવવંદના પૂર્વાચાર્યોના કથનથી સંભવે છે. પછી ગીતાર્થ કહે તે પ્રમાણ. પણ ચોથી થોયનો દંડક સ્તવ શ્રી મહાનિશીથમાં કહેલ નથી.

પ્રશ્ન :- જેમ અરિહંતસ્તવને ચૈત્યસ્તવ સાથે ગણ્યો તેમ શ્રુતસ્તવને સિદ્ધસ્તવ સાથે ગણવાથી ચતુર્થસ્તુતિનો વેયાવચ્ચગરાણં પાઠ પણ ભેગો આવ્યો તેમ માનીએ તો શું વાંધો ?

જવાબ :- હે આર્ય, શીંગડા અને પૂંછડા વિનાના પશુ જેવો માણસ, પૂર્વાચાર્યોના લેખ વિના પોતાની મતિકલ્પનાથી આવી ભેળસેળ કરે તો તે દીર્ઘસંસારી થાય. અરિહંત ચૈત્યસ્તવ અને સર્વ ચૈત્યસ્તવ તો સાદશ્ય પાઠથી ભેગા ગણાય, પણ શ્રુતસ્તવ સિદ્ધસ્તવનો સાદશ્ય પાઠ નથી. તેથી ભેગા

ન ગણાય. કારણ કે મહાનિશીથસૂત્રમાં શ્રુતસ્તવ ને સિદ્ધસ્તવ બંને ભેગા ગણેલ નથી. જુઓ આચારદિનકરનો પાઠ :

अथ श्रुतस्तवोपधानं नंदीथयं पूर्व्ववत् प्रथमे दिने एकभक्तं द्वितीये उपवासं तृतीये एकभक्तं तत्श्रेण्यैव पंचाचाम्लाः तदंते गाथाद्वयस्य वृत्तद्वयस्यापि समकालं वाचना तत्र पंचाध्ययनानि अध्ययनद्वयं गाथाद्वयेन तृतीयाध्ययनं वसंततिलकावृत्तेन चतुर्थाध्ययनं शार्दूल-विक्रीडितवृत्तपूर्व्वार्द्धेन पंचमाध्ययनं तदुत्तरार्द्धेन इति श्रुतस्तवोपधानं इति षडुपधानानि तथा सिद्धस्तवे प्रथमगाथात्रयस्योपधानं विनैव वाचना शेषा गाथा आधुनिक्य इति ॥

આ પાઠમાં ઉપધાનવિધિમાં શ્રુતસ્તવ ને સિદ્ધસ્તવ સાથે ગણેલ નથી. તો ચોથી થોયનું વેયાવચ્ચગરાણં સાથે ન જ ગણાય. કેમ કે એ ગ્રંથમાં સિદ્ધસ્તવની પ્રથમ ત્રણ ગાથા તો ઉપધાન વિના વાંચવી લખી ને શેષ ગાથા નવીન કહી. તે હિસાબે "વેયાવચ્ચગરાણં" તો નવીન કહેવાય.

પ્રશ્ન :- ઉપધાનવિધિપ્રકરણમાં શ્રુતસ્તવ ને સિદ્ધસ્તવ સાથે ગણેલ છે કે કેમ ?

જવાબ :- ના, પૂર્વાચાર્યકૃત ઉપધાનવિધિપ્રકરણમાં શ્રુતસ્તવ ને સિદ્ધસ્તવ સાથે ગણેલ નથી. પણ ગચ્છ-ગચ્છના (દરેક ગચ્છના) ઉપધાનવિધિપ્રકરણ (જુદાં) છે. તેમાં અરિહંતસ્તવને ચૈત્યસ્તવના ઉપધાનમાં પૌષધ-તપ અને વાચનાના ત્રણેય સાદૃશ્ય પાઠપણાથી એક જ લખે છે. પણ શ્રુતસ્તવ ને સિદ્ધસ્તવના ઉપધાનમાં પૌષધ-તપ-વાચના પ્રતિક્રમણશ્રુતસ્કંધના ઉપધાનની અપેક્ષા અલગ-અલગ લખે છે. પણ ચૈત્યવંદનસૂત્રની અપેક્ષાએ પૂર્વોક્ત-ન્યાયે લખેલ નથી. તેમ મુજબ સ્વ-સ્વ ગચ્છ સંબંધી ઉપધાનવિધિ-પ્રકરણાદિકમાં લખે છે. તે પાઠ :

महानिशीथानुसारेण चैत्यवन्दनसूत्रस्य विधिपूर्वं वाचनानुयोगौ सम्यग्दृष्टेः सिद्धो सामायिकाद्यावश्यकसूत्रस्य वाचनानुयोगः देशविरतेस्तु महानिशीथे विशेषोपधानविध्यनिर्द्देशात् अनुयोगद्वारादौ

उद्देशादिनिर्देशात् नन्दिसमवायांगठाणांगादौ उपधाननिर्द्देशात् परम्परायां विस्तारदर्शनाच्च तत्तु आचारांगादियोगाधिकारे साधूनामिव यत्र उपधानविधिविशेषो न निर्द्दिश्यते तत्रोत्सर्गतः आचाम्लत्रयैः श्राद्धानामप्युद्देशादि समाप्यते इति भावः ॥

આ પાઠમાં મહાનિશીથના આધારે ચૈત્યવંદનસૂત્રના વિધિપૂર્વક વાચનાનુયોગ સમ્યગ્દૃષ્ટિને સિદ્ધ કહ્યાં. સામાયિક આદિ આવશ્યકસૂત્રનો વાચનાનુયોગ દેશવિરતિને શ્રીમહાનિશીથમાં વિશેષ ઉપધાનવિધિના અનિર્દેશપણાથી અને અનુયોગદ્વાર આદિમાં ઉદ્દેશ-નિર્દેશપણાથી તથા નંદીસૂત્ર-ઠાણાંગસૂત્ર આદિમાં ઉપધાનનિર્દેશથી પરંપરાએ વિસ્તાર દેખાવાથી આચારાંગ આદિ યોગાધિકારના વિશે સાધુની પેઠે જ્યાં ઉપધાનવિધિનો નિર્દેશ ન હોય ત્યાં ઉત્સર્ગથી ત્રણ આયંબિલ કરીને શ્રાવકોને ઉદ્દેશાદિકની સમાપ્તિ કરવી કહેલ છે. આ અભિપ્રાયથી પ્રતિક્રમણ એટલે આવશ્યકના ઉપધાનમાં સિદ્ધસ્તવનું ઉપધાન સંભવે, પણ ચૈત્યવંદનસૂત્રના ઉપધાનમાં સિદ્ધસ્તવ ન સંભવે. કારણ કે અવિરત-સમ્યગ્દૃષ્ટિ તથા દેશવિરતશ્રાવક બંનેને ચૈત્યવંદનસૂત્રનું ઉપધાન સંભવે, પણ આવશ્યકનું ઉપધાન તો એ પાઠના અભિપ્રાયથી દેશવિરતિને જ સંભવે. તેથી જ મહાનિશીથસૂત્રમાં ચૈત્યવંદનસૂત્રના ઉપધાનમાં સિદ્ધસ્તવના ઉપધાન કહેલ નથી. તો આચારદિનકરમાં સિદ્ધસ્તવને ઉપધાન વિના વાંચવું કહેલ છે. પોતપોતાના ગચ્છ સંબંધી ઉપધાનવિધિપ્રકરણોમાં શ્રુતસ્તવ-સિદ્ધસ્તવ નામના છઠ્ઠા ઉપધાનમાં સિદ્ધસ્તવના ઉપધાન કહેલ છે. તે પ્રતિક્રમણશ્રુતસ્કંધ આશ્રયીને સંભવે છે, પણ ચૈત્યવંદનામાં એ સિદ્ધસ્તવ સ્તુતિરૂપે ગ્રહણ સંભવ છે. અને પ્રતિક્રમણ શ્રુતસ્કંધમાં સ્તવસ્તુતિરૂપે સંભવે છે. નહીંતર ગીતાર્થોના પરસ્પર અવિરોધી વચન પણ વિરોધ પામે. પંચવસ્તુકમાં શ્રી હરિભદ્રસૂરિએ તેમ જ કહ્યું છે. તે પાઠ :

तह वरकाणेअव्वं, तहा तस्स अवगमो होइ ।
आगमिअमागमेणं, जुत्तीगम्मं तु जुत्तीय ॥१॥

અર્થ :- આગમવચન વિઘટન પામે નહીં તેવી રીતે ગીતાર્થના વચનનો અર્થ પ્રમાણ કરવો.

ઉપર લખ્યાનો સાર એટલો છે કે જૈનશાસનમાં સર્વ વિદ્વાનો મૂળ શાસ્ત્ર પર આધાર રાખે છે. જૈનશાસનમાં ગણધર-પૂર્વધરકૃત શાસ્ત્રના આધારથી સર્વ આચાર્યો શાસ્ત્રરચના કરે છે અને પૂર્વધર આદિની સાક્ષી વિના જૈનધર્મ ગ્રંથો માન્ય થતાં નથી. પણ તે મુજબ આત્મારામજી વર્તતા નથી. કેમ કે તેઓ ચતુર્થસ્તુતિનિર્ણયના પાના ૧૪ પર લખે છે કે "આવી રીતે ચોથી થોય પણ હરિભદ્રસૂરિના ગ્રંથકરણથી પહેલાંથી પૂર્વધરોની આચરણાથી ચાલતી હતી. કેમ કે હરિભદ્રસૂરિરચિત લલિતવિસ્તરામાં ચોથી થોયનો પાઠ છે". શ્રી આત્મારામજી આવું લખે છે તે મહામિથ્યાત્વ છે. કારણ કે વિચારામૃતસંગ્રહમાં શ્રી કુલમંડનસૂરિ લખે છે તે પાઠ :

श्रीवीरनिर्वाणाद्वर्षसहस्त्रे पूर्वश्रुतं व्यवच्छिन्नं श्रीहरिभद्रसूरिस्तदनु पंचपंचाशद्वर्षे दिवं प्राप्तः तद्ग्रन्थकरणकालाच्चाचरणायाः पूर्वमेव सम्भवात् श्रुतदेवतादिकायोत्सर्गः पूर्वधरकालेऽपि सम्भवति स्मेति ॥

અર્થ :- શ્રી મહાવીર નિર્વાણ પછી એક હજાર વર્ષ પછી પૂર્વશ્રુતનો વિચ્છેદ થયો. ત્યારબાદ ૫૫ વર્ષ વ્યતીત થયા બાદ હરિભદ્રસૂરિ સ્વર્ગે ગયા. તે હરિભદ્રસૂરિના ગ્રંથકરણ પહેલાં જ આચરણા ચાલતી હતી. તે માટે શ્રુતદેવતા વગેરેના કાઉસ્સગ્ગનો સંભવ પૂર્વધરના કાળમાં પણ હતો. તે પાઠ :

तथाहि तत्रैव ।

चाउम्मासियवरिसे, उस्सग्गो खित्तदेवताए अ ।

पक्खियसिज्जासुराए, करिंति चउमासिए वेगे ॥१॥

आव. कायो. निर्यु. चाउम्मासियसंवच्छरिएसु सव्वेवि मूलगुण-उत्तरगुणाणं आलोयण दाऊण पडिक्कमंति खित्तदेवताए काउस्सग्गं करिंति केई पुण चाउम्मासिगे सिज्जादेवताए काउस्सग्गं करिंति आव. चाउम्मासिए एगो उवस्सग्ग काउस्सग्गे (कीरई) कीरति संवच्छरिए

खित्तदेवयाएवि (कीरई?) कीरति अज्झहिओ आव. चू. तथा श्रुतदेवतायाश्चागमे महती प्रतिपत्तिर्दृश्यते तथाहि सुयदेवताए आसायणाए सुतदेवताजीए सुयमहिठियंतीए आसायणा नत्थि आसायणा नत्थि सा अकिंचित्करी वा एवमादि आव. चू. ॥

અર્થ :- આ પાઠથી શ્રી કુલમંડનસૂરિએ પૂર્વધર સાક્ષીથી શ્રુત-ક્ષેત્રદેવતાનો કાઉસ્સગ્ગ લખ્યો, પણ ક્ષેત્રદેવતા વગેરેની થોય તથા વેયાવચ્ચગરાણં વગેરેની ચોથી થોય પૂર્વધર આચરણાએ લખી નથી. તેથી લલિતવિસ્તરામાં ચોથી થોયનો પાઠ છે, તે ગીતાર્થ આચરણાથી સંભવે છે. પ્રવચનસારોદ્ધારમાં તેમ જ કહ્યું છે. તે પાઠ :

इयं स्तुतिश्चतुर्थी गीतार्थाचरणेनैव क्रियते गीतार्थाचरणं तु मूलगणधरभणितमिव सर्वं विधेयमेव सर्व्वैरपि मुमुक्षुभिरिति ॥

અર્થ : એ ચોથી થોય ગીતાર્થોની આચરણાથી કરીએ છીએ. અને ગીતાર્થોની આચરણા છે તે મૂળ ગણધરોના કથન કર્યા સમાન સર્વ મોક્ષાર્થીઓને સર્વ કરવા યોગ્ય છે.

આ પાઠમાં ચોથી થોય ગીતાર્થ આચરણાએ કહી છે, પણ ગણધર-પૂર્વધર આચરણાએ કહી નથી. જો ગણધર-પૂર્વધર આચરણાથી ચોથી થોય હોત તો શ્રી કુલમંડનસૂરિ શ્રુત ને ક્ષેત્રદેવતાના કાઉસ્સગ્ગની જેમ ચોથી થોયને પણ સિદ્ધ કરત. પણ તેમ કરેલ નથી. આમ નક્કી થાય છે કે ચોથી થોય ગણધર-પૂર્વધરના સમયની નથી.

જે પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય ન માને તેને સમજાવવા શ્રી સિદ્ધસેનસૂરિ મૂળ ગણધરના કથન કર્યા સમાન ગીતાર્થ આચરણા કરવી યોગ્ય છે એમ કહી ગીતાર્થ આચરણા સિદ્ધ કરે છે, પણ પૂર્વધરના કથનની સાક્ષી બતાવતાં નથી.

શાસ્ત્રમાં ઉત્કૃષ્ટ ગીતાર્થ પૂર્વધરને કહ્યા છે. જ્યારે ચોથી થોય જઘન્ય-ગીતાર્થ આચરણાથી છે. કેમ કે શ્રી મહાનિશીથમાં ચૈત્યવંદનાના સૂત્ર ત્રણ થોયના કહ્યા છે, પણ વેયાવચ્ચગરાણં એ ચોથી થોયનું સૂત્ર કહેલ નથી. તથા પંચાશકવૃત્તિકારે ચોથી થોય નવીન કહેલ છે. જો ગણધર-પૂર્વધરની

આચરણાની ચોથી થોય હોત તો ગીતાર્થ તેને નવીન આચરણા કહેત નહીં. માટે વિચાર કરવો જોઈએ કે ગણધર-પૂર્વધર અને આગમોક્ત આચરણાથી ચાલ્યા આવતાં ત્રણ થોયના સૂત્રનો કે ત્રણ થોયનો નિષેધ કરવાવાળો મિથ્યાત્વીનો હેતુ દીર્ઘસંસાર સિવાય બીજો શું હોઈ શકે ?

પ્રશ્ન :- પૂર્વધરોક્ત આગમમાં જેમ શક્રસ્તવાદિક ચૈત્યવંદનાના સૂત્ર ત્રણ થોયનાં કહ્યાં, તેમ પૂર્વધર આગમોક્ત તથા પૂર્વાચાર્યોક્ત ત્રણ થોય કયા કયા શાસ્ત્રમાં કહી છે ?

જવાબ :- હે પૂર્ણભદ્ર, પ્રથમ તો **"शक्रस्त्थवाइ चइयवंदणं"** આદિ શ્રી મહાનિશીથસૂત્રના વચનથી તથા **"उस्सग्गा पारियंमि थुई"** ઇતિ નિર્યુક્તિવચનથી શક્રસ્તવાદિ ચૈત્યદંડક અનંતર ત્રણ થોય કહેવી પૂર્વધરોના વચનથી સિદ્ધ થાય છે. વળી (૧) વંદનપયન્નો, (૨) કલ્પભાષ્ય, (૩) વ્યવહારભાષ્ય, (૪) કલ્પસામાન્યચૂર્ણિ, (૫) કલ્પવિશેષચૂર્ણિ, (૬) કલ્પબૃહદ્ભાષ્ય, (૭) આવશ્યકચૂર્ણિ, (૮) આવશ્યકસૂત્ર, (૯) કલ્પભાષ્યવૃત્તિ, (૧૦) વ્યવહારભાષ્યવૃત્તિ, (૧૧) પંચાશકવૃત્તિ આદિ અનેક શાસ્ત્રોમાં ત્રણ થોયથી ચૈત્યવંદન કરવાનું કહેલ છે.

એ ગ્રંથોની આજ્ઞા ઉલ્લંઘીને આત્મારામજી ત્રણ થોયના ચૈત્યવંદનનો નિષેધ કરીને એકાંતે ચાર થોયની ચૈત્યવંદનાનો ઉપદેશ કરે છે તે મત જૈનશાસ્ત્રથી વિરુદ્ધ છે. જેથી કરીને કોઈપણ જૈને તેમની આ વાત ન માનવી જોઈએ. કદાચ આટલા દિવસ અજાણતાં મનાઈ ગઈ હોય તો ત્રણ કરણ, ત્રણ યોગથી વોસિરાવી દેવી જોઈએ.

કારણ કે (૧) આત્મારામજી જૈનલિંગના વિરોધી (પીળા કપડાં પહેરે છે એટલે), (૨) શત્રુંજયતીર્થના વિરોધી (સૌરાષ્ટ્ર અનાર્ય દેશ છે એવું કહેલ છે એટલે), (૩) જૈનશાસ્ત્રના વિરોધી શુદ્ધશાસ્ત્રીય ત્રણ થોયનો મત હોવા છતાં તેના વિરોધી, (૪) ચતુર્વિધ સંઘના વિરોધી અને (૫) પૂર્વાચાર્યની સામાચારીના વિરોધી છે. આવા વિરોધી ક્યારેય ભવસાગર તરે નહીં.

પ્રશ્ન :- આત્મારામજી જૈનલિંગના વિરોધી કેવી રીતે છે ?

જવાબ :- મહાવીર ભગવાનના સાધુને સફેદ-માનોપેત-જીર્ણપ્રાય કપડાં

પહેરવાનું કહ્યું છે. પીળા કપડાં પહેરનારને ઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિમાં (વાદિવેતાલ શાંતિસૂરિરચિત) વિડંબક એટલે કે વેશ વગોવવાવાળા શબ્દથી ભાંડચેષ્ટા કરવાવાળા કહ્યા છે. તે પાઠ :

अत्र च द्वितीयं द्वारं लिगंत्ति लिंग्यते गम्यते अनेनायं व्रतीति लिंगं वर्षाकल्पादिरूपो वेषस्तदधिकृत्यायं "अचेल" इत्यादि प्राग्वद्-व्याख्यातमेव, नवरं "महामुणु"त्ति महामुनेः पठंति च "महायस"त्ति महायशसा । लिंगे द्विविधे अचेलकतया विविधवस्त्रधारकतया च द्विभेद इति सूत्रत्रयार्थः ॥

"इच्छिय"त्ति इष्टमनुमतं पार्श्वतीर्थकृद्वर्धमानतीर्थकृद्भ्यामिति प्रक्रमो वर्द्धमान विनेयानां हि रक्तादिवस्त्रानुज्ञाते वक्रजडत्वेन वस्त्ररंजनादिषु, प्रवृत्तिरतिदुर्निवारा स्यादिति न तेन तदनुज्ञातं पार्श्वशिष्यास्तु न तथेति स्यादिति न तेन तदनुज्ञातमिति भावः । किंच प्रत्ययार्थं चामी वर्तिन इति प्रतीतिनिमित्तं कस्य लोकस्यान्यथा हि यथाभिरुचितं वेषमादाय पूजादिनिमित्तं विडंबकादयोऽपि वयं व्रतिन इत्यभिधीरन् ततो व्रतिष्वपि न लोकस्य व्रतिन इति प्रतीतिः स्यात् किं तदेवमित्याह नानाविध-विकल्पनं प्रक्रमान्नानाप्रकारोपकरणपरिकल्पनं नानाविधं हि वर्षा-कल्पाद्युपकरणं यथादुद्यतिष्वेव संभवतीति कथं न तत्प्रत्ययहेतुः स्यात्तथा यात्रासंयमनिर्वाहस्तदर्थं विना हि वर्षाकल्पादिकं वृष्ट्यादौ संयमबाधैव स्यात् । ग्रहणं ज्ञानं तदर्थं च कथंचिच्चित्तविप्लवो-त्पत्तावपि गृह्णातु यथाहं व्रतीत्येतदर्थं लोके लिंगस्य वेषधारणस्य प्रयोजनमिति प्रवर्त्तनं लिंगप्रयोजनं ॥

अथेत्युपन्यासे "भवे पइन्नाउ"त्ति तुशब्दस्यैवकारार्थत्वाद्भिन्न-क्रमत्वाच्च भवेदेव प्रतिज्ञानं प्रतिज्ञाभ्युपगमः प्रक्रमात्पार्श्ववर्द्धमानयोः प्रतिज्ञास्वरूपमाह "मोक्खस्स झूयसाहण"त्ति मोक्षस्य सद्भूतानि च तानि तात्त्विकत्वात्साधनानि च हेतुत्वात् मोक्षसद्भूतसाधनानि कानीत्याह

ज्ञानं च यथावदवबोधो दर्शनं च तत्त्वरुचिश्चारित्रं च सर्वत्र सावद्यविरतिः रे इत्यवधारणे स च लिंगस्य मुक्तिसद्भूतसाधनतां "ववछिन्न"त्ति ज्ञानाद्येव मुक्तिकारणं न तु लिंगमिति । श्रूयते हि भरतादीनां लिंगं विनापि केवलज्ञानोत्पत्तिरिति निः निश्चय इति निश्चयनये विचार्ये व्यवहारनये तु लिंगस्यापि कथंचिन्मुक्तिसद्भूत-हेतुतेष्यत एव तदयमभिप्रायो निश्चये तावालिंग प्रत्याद्रियत एव न व्यवहार एव तूक्तहेतुभिः तदित्थतीति तद्भेदस्य तत्त्वतोऽकिंचित्करत्वान्न विदुषा विप्रत्ययहेतुता शेषं स्पष्टमिति सूत्रार्थः ॥

ભાવાર્થ :- શ્વેત-માનોપેત વસ્ત્ર ધારે તે તે લિંગ (ઓળખાણ) મહાવીરસ્વામીના સાધુ છે અને બહુમોંઘા, પંચવર્ણા વસ્ત્રો ધારે તે લિંગ પાર્શ્વનાથ ભગવાનના સાધુનું છે. મહાવીરપ્રભુના સાધુ જો રંગેલાં-બહુમોંઘા વસ્ત્ર પહેરે તો તે કુલિંગી કહેવાય.

પ્રશ્ન :- રંગેલા કપડાં પહેરે તે સાધુ કુલિંગી છે, તો પછી પાર્શ્વનાથ પ્રભુના સાધુ કુલિંગી જ કહેવાય ને ?

જવાબ :- આવું ન બોલાય. કારણ કે પાર્શ્વનાથ પ્રભુના સાધુ પાંચવર્ણા વસ્ત્રો પહેરે તે તેમનો આચાર છે. જે સાધુ તેના આચાર અને આજ્ઞામાં ચાલે તેને કુલિંગી ન કહેવાય. પાર્શ્વનાથસ્વામીના સાધુને સચેલપણું અને વર્ધમાનસ્વામીના સાધુને અચેલપણું તીર્થંકરોએ માનેલ છે. એટલે એ માર્ગ એમ જ જોઈએ, તેમાં શંકા ન કરવી. કોઈ કહે કે મહાવીરસ્વામીના સાધુ રંગેલાં વસ્ત્ર પહેરે તો શું થઈ જાય ? તો જવાબ છે કે મહાવીરસ્વામીના સાધુ વક્ર અને જડ છે. તે સદાય રંગવાનું જ કરતાં રહે. એ દોષપ્રવૃત્તિ મટાડવી ઘણી કઠણ છે. માટે તેમને રંગેલા વસ્ત્ર પહેરવાનો સંપૂર્ણ ત્યાગ કરાવી દીધો. જ્યારે પાર્શ્વનાથ પ્રભુના સાધુ ઋજુ અને સરળ છે. તેથી તેમને રંગેલા વસ્ત્ર પહેરવાની છૂટ આપી તે તેમના ઋજુ-પ્રાજ્ઞપણાથી, એ પરમાર્થ છે.

પ્રશ્ન :- લિંગમાં શું છે ? (મતલબ કે મહાવીરના સાધુને એકસમાન શ્વેત વસ્ત્રોનું મહત્ત્વ કેમ ?)

જવાબ :- સાધુ, સાધુ જેવા (લિંગ પ્રમાણે) વસ્ત્ર પહેરે તો લોકોને પ્રીતિ ઉપજે કે તે સાધુ છે. મનમાં આવે તેવો વેશ ધારણ કરીને તો ભાંડ પણ ફરે છે. કોણ જૈન સાધુ છે, તે કેમ ખબર પડે ? અનેક પ્રકારના વિકલ્પ એટલે નાના પ્રકારના ઉપકરણની કલ્પના અધિકારથી જાણવામાં આવે કે વર્ષાકલ્પાદિક ઉપકરણ સાક્ષાત્ સાધુને જ હોય. એટલે કે શ્વેત-માનોપેત કંબલ વગેરે ઉપકરણ તો જૈનસાધુને જ હોય. એટલે એ બતાવવા લિંગનું મહત્ત્વ છે. વળી સંયમનિર્વાહ અર્થે વસ્ત્ર ન રાખે તો વરસાદમાં સંયમને બાધા નડે. કદાચ કોઈ સમયે સાધુનું મન ફરી જાય તો વસ્ત્ર સામે જોતાં જ ખબર પડે કે હું જૈનસાધુ છું, મને આ શોભે ? કદાચ પાછો ફરી જાય. માટે લિંગનું પ્રયોજન છે.

પ્રશ્ન :- જ્ઞાન-દર્શન-ચારિત્ર જ મોક્ષનું કારણ છે. લિંગ તો મોક્ષનું કારણ નથી. કારણ કે ભરતચક્રવર્તીને લિંગ વિના પણ કેવળજ્ઞાન ઉપજ્યું હતું.

જવાબ :- વ્યવહારનયના મતમાં તો લિંગને પણ મોક્ષ સદ્ભૂતકારણ બતાવેલ છે. એકાંતે લિંગ ન માનવાથી વ્યવહારનો લોપ થાય તો શાસનઉચ્છેદનું પાપ લાગે. નિશ્ચયનયના મતે પણ એ જ અભિપ્રાય છે કે લિંગ પ્રત્યેનો આદર જ કરવો. એટલે મહાવીરસ્વામીએ લિંગ કહ્યું અને પાર્શ્વનાથસ્વામીએ લિંગ કહ્યું તે પોતપોતાના તીર્થમાં મોક્ષનું કારણ છે. માટે વીરપ્રભુના સાધુઓ રંગેલા તથા મૂલ્યથી બહુ મોંઘા વસ્ત્ર ધારણ કરે તો તે ભાંડલિંગ થાય અને કુલિંગ પણ થાય.

આવી રીતે (૧-૨) શ્રી આચારાંગસૂત્ર અને વૃત્તિ (૩-૪) શ્રી સૂયગડાંગ-સૂત્ર અને વૃત્તિ, (૫-૬) શ્રી નિશીથસૂત્ર અને ચૂર્ણિ, (૭-૮) શ્રી ઓઘનિર્યુક્તિ મૂળ અને ટીકા, (૯-૧૦) શ્રી આવશ્યકનિર્યુક્તિ મૂળ અને વૃત્તિ, (૧૧-૧૨) શ્રી પંચાશક મૂળ અને ટીકા, (૧૩-૧૪) શ્રી ઠાણાંગસૂત્ર અને વૃત્તિ, (૧૫-૧૬) શ્રી ગચ્છાચાર પયન્ના સૂત્ર અને વૃત્તિ, (૧૭-૧૮) શ્રી પિંડનિર્યુક્તિ મૂળ અને વૃત્તિ, (૧૯) શ્રી ભગવતીસૂત્રવૃત્તિ, (૨૦) કલ્પસુબોધિકા (શ્રી વિનયવિજયજી કૃત), (૨૧-૨૨) શ્રી દશઠાણ મૂળ અને વૃત્તિ, વગેરે ગ્રંથોમાં શ્રી વીરશાસનના સાધુઓને શ્વેત-માનોપેત-

જીર્ણપ્રાય વસ્ત્ર ધારણ કરવાનું કહેલ છે. ચોમાસા વગેરે કારણસર ધોવાનું વિધાન પણ કર્યું છે, પણ રંગવાનું વિધાન કરેલ નથી. વળી શ્રી નિશીથસૂત્રમાં લોદરઅર્ક પ્રમુખ દ્રવ્ય-વસ્ત્ર-પાત્રને લગાવવાં કહ્યાં તે શ્રી નિશીથસૂત્રચૂર્ણિમાં મદિરા પ્રમુખ દુર્ગંધ ટાળવા માટે કહેલ છે, પણ હંમેશાં ખાસ કારણ વિના વેશ બદલવાના અર્થે કહેલ નથી.

આ બાબતમાં વિશેષ તર્ક-વિતર્ક-સમાધાન સહિત પૂર્વોક્ત સૂત્રના, ગ્રંથોના પાઠ ભાવાર્થ સહિત "સ્તુતિનિર્ણયવિભાકર"થી (શ્રી ધનચંદ્રસૂરિ-રચિત) જાણવા. આમ અનેક શાસ્ત્રના અભિપ્રાયથી સફેદ વસ્ત્ર ત્યાગીને પીળા કપડાં ધારણ કરે તેને જૈનલિંગનો વિરોધી જાણવો.

પ્રશ્ન :- શ્રી આત્મારામજી શત્રુંજયતીર્થના વિરોધી કેવી રીતે થાય છે ?

જવાબ :- સોરઠ દેશને નીચે મુજબ ૨૧ શાસ્ત્રગ્રંથોમાં આર્યદેશ કહેલ છે.

(૧-૨) બૃહત્કલ્પભાષ્ય અને વૃત્તિ (૩) સિદ્ધાંતસારસંગ્રહ, (૪) ધર્મસંગ્રવૃત્તિ (૫) ઠાણાંગસૂત્રવૃત્તિ, (૬) પન્નવણાસૂત્રવૃત્તિ, (૭) લોકપ્રકાશ, (૮) આચારદિનકર, (૯) આવશ્યકબૃહદ્વૃત્તિ, (૧૦) શત્રુંજયમાહાત્મ્ય, (૧૧) ભરતાષ્ટપાટ્યચરિત્ર, (૧૨) વીરચરિત્ર, (૧૩) મુનિસુવ્રતચરિત્ર, (૧૪) પ્રભાવકચરિત્ર, (૧૫) શ્રીપાલચરિત્ર, (૧૬) પાંડવચરિત્ર, (૧૭) શાંતિચરિત્ર, (૧૮) શત્રુંજયકલ્પવૃત્તિ, (૧૯) સપ્તતિસ્થાનકગ્રંથવૃત્તિ, (૨૦) ઉપદેશમાલા વૃત્તિ, (૨૧) જંબૂદ્વીપપન્નત્તીસૂત્રવૃત્તિ જેવા અનેક ગ્રંથોમાં સોરઠ દેશને આર્યક્ષેત્ર કહેલ છે. પણ કાળ અપેક્ષાએ કરીને પ્રાચીન અર્વાચીન કોઈ આચાર્યે ક્ષેત્ર અપેક્ષાએ આજ સુધી અનાર્ય કહેલ નથી. કારણ કે ક્ષેત્ર અપેક્ષાએ આર્યક્ષેત્ર અનાર્ય થાય નહીં અને અનાર્ય ક્ષેત્ર આર્ય થાય નહીં. તેમ છતાં કાળ અપેક્ષાએ આર્યક્ષેત્રને અનાર્યક્ષેત્ર કહેતાં તે ક્ષેત્રમાં રહેલા તીર્થ પણ અનાર્ય થાય. કારણ કે સિદ્ધક્ષેત્ર આદિ તીર્થો પણ ક્ષેત્ર કહેવાય છે. માટે આર્યક્ષેત્રને ક્ષેત્ર અપેક્ષાએ અનાર્ય કહેવાવાળો પ્રાણી તે ક્ષેત્રમાં રહેલા શત્રુંજય પ્રમુખ તીર્થનો વિરોધી થાય છે. આત્મારામજીએ સોરઠ દેશને અનાર્યક્ષેત્ર કહેલ હોવાથી તેઓ શત્રુંજયતીર્થના પણ વિરોધી થયા.

વળી "કોડી" શબ્દ એ જૈનશાસ્ત્રમાં ક્રોડ સંખ્યાનો પર્યાયવાચી શબ્દ. કોઈ આચાર્ય કોડી શબ્દને ક્રોડ તરીકે નથી માનતા પણ તે સંજ્ઞાંતર માને છે. તેને મતાંતર વાક્ય જે-જે સ્થળે જોઈએ તે-તે સ્થળે આચાર્યોએ વાપરેલ છે. પણ આત્મારામજી ચતુર્થસ્તુતિનિર્ણયના પ્રસ્તાવના પાના ૧૨ પર હીરવિજયસૂરિને પૂર્વાચાર્ય માની તેમની બુદ્ધિ અલ્પ જાણી, પોતાની બુદ્ધિ અધિક માનીને જૈન તત્ત્વાદર્શ પરિચ્છેદ-૭ના પાના ૩૦૩માં ચક્રવર્તીની સેના તથા શત્રુંજય પર સિદ્ધ થયેલ મુનિ માટે પાંચ કોડી સો હજાર આદિ શબ્દ સર્વત્ર ઠેકાણે સંજ્ઞાંતર શબ્દ વાપર્યો છે. તેમ પૂર્વાચાર્યોએ કે અર્વાચીન આચાર્યોએ સંજ્ઞાંતર શબ્દ સર્વ ઠેકાણે વાપર્યો નથી. શત્રુંજય-માહાત્મ્ય આદિ ગ્રંથોમાં સો હજાર એટલે લાખ, સો લાખ તે ક્રોડ એવી સંજ્ઞા લખેલ છે, પણ મતાંતરવાક્યે સંજ્ઞા કહી નથી. તે હીરપ્રશ્નનો પાઠ :

तथा श्रीशत्रुंजयस्योपरि पंचपांडवैः समं साधूनां विंशतिकोटयः सिद्धा इति श्रीशत्रुंजयमाहात्म्यादौ प्रोक्तमस्ति सा कोटिर्विंशतिरूपा शतलक्षरूपा वेति ? अत्र शतलक्षरूपा कोटिरवसीयते न तु विंशतिरूपेति बोध्यं ॥४॥

ભાવાર્થ :- શ્રી શત્રુંજય ઉપરે પાંચ પાંડવ વીશ કોડી મુનિવર સાથે સિદ્ધ થયા એવું શત્રુંજયમાહાત્મ્ય આદિમાં કહ્યું છે, તો કોડી એટલે વીશ ગણવા કે સો લાખ ? આવો પ્રશ્ન વિશ્નર્ષિ ગણિએ કર્યો તેનો જવાબ શ્રી હીરવિજયસૂરિ આપે છે કે અહીં સો લાખની એક કોડી જણાય છે, પણ વીશરૂપે ન જાણવી.

હવે સમજુ માણસોએ વિચાર કરવો જોઈએ કે પૂર્વપુરુષોના ખુલાસાને ઉલ્લંઘી સ્વકપોલકલ્પનાએ - પૂર્વાચાર્યની સંમતિ વિના - જૈનશાસ્ત્રમાં વિરોધભાવ જણાવનાર જૈનશાસ્ત્રનો વિરોધી થાય જ. જે જૈનશાસ્ત્રનો વિરોધી હોય તે ચતુર્વિધસંઘનો વિરોધી હોય જ.

હવે આત્મારામજી પૂર્વધર-પૂર્વાચાર્યની સામાચારીના વિરોધી આવી રીતે થાય છે. નીચે મુજબના શાસ્ત્રોમાં શ્રાવકે સામાયિક લેતાં પહેલાં પ્રથમ કરેમિ ભંતે અને પછી ઈરિયાવહી કરવાનું કહેલ છે. તે શાસ્ત્રોના નામ આ મુજબ છે :

(૧) શ્રી આવશ્યકબૃહદ્વૃત્તિ, (૨) શ્રાવકધર્મપ્રકરણ, (૩) આવશ્યક-લઘુવૃત્તિ, (૪) આવશ્યકચૂર્ણિ, (૫) પંચાશકવૃત્તિ, (૬) શ્રી યશોદેવ ઉપાધ્યાય કૃત પંચપદપ્રકરણ, (૭) ૧૦૭૦માં થયેલા દેવગુપ્તસૂરિ કૃત નવપદપ્રકરણવૃત્તિ, (૮) સંવત ૧૦૮૩માં થયેલા ચંદ્રગચ્છીય શ્રી સિંહાચાર્ય કૃત શ્રાવકપ્રતિક્રમણચૂર્ણિ, (૯) યશોવિજયસૂરિકૃત પંચાશકચૂર્ણિ, (૧૦) કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્રવૃત્તિ, (૧૧) શ્રી વર્ધમાનસૂરિકૃત કથાકોશ, (૧૨) શ્રાદ્ધદિનકૃત્યસૂત્ર, (૧૩) તપાગચ્છાધિરાજ દેવેન્દ્રસૂરિકૃત શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિ. આ રીતે અનેક શાસ્ત્રપાઠમાં પ્રથમ કરેમિ ભંતે અને પછી ઇરિયાવહી કહેલ છે.

તથા

આ મુજબના મહાધુરંધર પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાં ત્રણ થોયથી ચૈત્યવંદના કહેલ છે :

(૧) ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી, (૨) પૂર્વધર શ્રી સંઘદાસગણી, (૩) પૂર્વધર શ્રી દેવર્દ્ધિગણી, (૪) ૧૪૪૪ ગ્રંથ રચયિતા શ્રી હરિભદ્રસૂરિ, (૫) નવાંગીટીકાકાર શ્રી અભયદેવસૂરિ આદિ ગ્રંથોમાં ત્રણ થોય કરીને ચૈત્યવંદના કરવાનું કહેલ છે.

શ્રી હરિભદ્રસૂરિ, પ્રદ્યુમ્નસૂરિકૃત ત્રણ થોયના જોડા પણ મળી આવે છે. જેમાં પ્રથમ અધિકૃત અરિહંતની થોય, બીજી સર્વ જિનની થોય અને ત્રીજી જ્ઞાનની થોય, આવી રીતે ત્રણ થોયના ઘણા જ જોડા જોવા મળે છે.

આ બધા મહાપુરુષો ત્રણ થોય માનતા હતા. જો એ મહાપુરુષો ત્રણ થોય નહોતા માનતા એવું કોઈ કહે તો તે મહાપુરુષો શા માટે ત્રણ થોયનું પ્રતિપાદન પોતાના ગ્રંથોમાં કરે ? શા માટે ત્રણ થોયના જોડા રચે ? આ સિવાય ત્રણ થોયથી ચૈત્યવંદન કરવાનું નીચે મુજબના મહાપુરુષોએ કહેલ છે :

(૧) વાદિવેતાલ શ્રી શાંતિસૂરિએ ઉત્તરાધ્યયનવૃત્તિમાં ત્રણ થોય કહી છે.

(૨) તપાગચ્છાધિરાજ શ્રી દેવેન્દ્રસૂરિએ શ્રાવકદિનકૃત્યસૂત્રવૃત્તિમાં.

(૩) શ્રી ધવલચંદ્ર ઉપાધ્યાય કૃત પ્રતિક્રમણ અવસરમાં.

(૪) રત્નશેખરસૂરિજીએ શ્રાદ્ધવિધિપ્રકરણમાં.

(૫) મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે પ્રતિમાશતકમાં.

(૬) શ્રી માનવિજયજી ઉપાધ્યાયે ધર્મસંગ્રહમાં.

(૭) શ્રી જિનદત્તસૂરિએ સંદેહદોહાવલીમાં.

(૮) દેવસૂરિના શિષ્ય શ્રી નેમિચંદ્રસૂરિએ પ્રવચનસારોદ્ધાર મૂળમાં.

(૯) શ્રી સિદ્ધસેનસૂરિએ પ્રવચનસારોદ્ધાર વૃત્તિમાં.

(૧૦) શ્રી કુલમંડનસૂરિએ વિચારામૃતસંગ્રહમાં.

(૧૧) શ્રી સોમસુંદરસૂરિએ લઘુભાષ્ય અવચૂરિમાં.

(૧૨) શ્રી ધર્મઘોષસૂરિએ સંઘાચારવૃત્તિમાં.

આ તમામ મહાપુરુષોએ નિશ્રાકૃત હોય કે અનિશ્રાકૃત તમામ દેરાસરમાં ત્રણ થોય કહેવાનું કહેલ છે. આના સિવાય અન્ય અનેક આચાર્યોએ પણ તે મુજબ કહેલ છે.

તે સર્વે આચાર્યોની ગુરુપરંપરા અને શિષ્યપરંપરાથી હજારો આચાર્યોએ ત્રણ થુઈ માન્ય કરી છે તે માટે અમને મોટું આશ્ચર્ય તો એ થાય છે કે પુણ્યોદયથી ઢુંઢકપણું છોડી આત્મારામજી એ ભસ્મગ્રહની અસર હેઠળ આવી ગયા અને હજારો મહાપુરુષો, આચાર્યોની પરંપરા તથા શ્રી સંઘથી વિરુદ્ધ પંથ ચલાવી તથા વિરુદ્ધ પ્રરૂપણા કરી. દશ દૃષ્ટાંતને દુર્લભ એવો માનવભવ પામેલા ભોળા માનવને રૂઢી પરંપરાનું બ્હાનું બતાવી, પૂર્વાચાર્યોના વચનો ઉલ્લંઘી, વિપરીત શ્રદ્ધા કરાવી પોતાના આત્માને ડૂબાડવાની બીક ન રાખતાં શરણે આવેલા જીવોના ભાવપ્રાણનો નાશ કર્યો અને તે નુકસાનમાં પણ વિજયનો અહંકાર છે. આ વ્યવહાર કરી કેવી દુર્ગતિ પામવાની ઈચ્છા હશે ! હું બીજું કાંઈ લખી શકતો નથી, પરંતુ સ્વયંની દુર્ગતિ જાણીને સત્ય તારક ધર્મ સ્વીકારે તે યોગ્ય છે. પણ શરણે આવેલ પણ ભવભ્રમણાઓ વળગેલી રહેશે. માટે જીવોના ઉપકાર અર્થે ગણધર, પૂર્વાચાર્ય, બહુશ્રુતધરો વગેરે દ્વારા રચિત સૂત્રો જાણશે અને એકાંત છોડશે તો પ્રભુશાસનમાં પ્રવેશ મળશે.

પૂર્વધર તથા પૂર્વાચાર્યોના વચન ઉલ્લંઘવાથી શ્રી આત્મારામજીનું શી રીતે કલ્યાણ થશે ? તેમના અનુયાયીઓની શી દશા થશે ?

॥ સ્તુતિ તથા સ્તવના લક્ષણ ॥

જ્ઞાનભાસ્કર આચાર્ય શ્રી મલયગિરિજી વ્યવહારવૃત્તિ ખંડ-ખંડમાં આ રીતે કહે છે. તે પાઠ :

एकश्लोका द्विश्लोका त्रिश्लोका वा स्तुतिर्भवति परश्चतुः-श्लोकादिकः स्तवः ॥

અર્થ :- એક-બે અને ત્રણ શ્લોકની થોય થાય છે. ચાર શ્લોક આદિને સ્તવ કહેવાય.

થિરાપદ્ર ગચ્છના મંડન શ્રી વાદિવેતાલ શાંતિસૂરિ ઉત્તરાધ્યયનસૂત્રની બૃહદ્વૃત્તિમાં પણ સ્તુતિ-સ્તવનું લક્ષણ કહે છે. તે પાઠ :

तत्र स्तवा देवेन्द्रस्तवादयः स्तुतय एकादिसप्तश्लोकांताः । यत उक्तं

एकदुगतिसिलोगा थुईओ अन्नेसिं जाव हुंति सत्तेव ।

देविंदत्थवमाई तेण परं तत्थया होंतित्ति ॥

ભાવાર્થ :- હે ભગવાન, થોયના મંગલથી કરીને જીવ શું ઉત્પન્ન કરે ? તો ભગવાન કહે છે કે બોધિલાભ ઉત્પન્ન કરે છે.

ત્યાં સ્તવ દેવેન્દ્રસ્તવાદિક સ્તુતિ એક શ્લોકથી લઈ સાત શ્લોક સુધી. જે માટે કહ્યું છે કે એક-બે-ત્રણ શ્લોકની થોય બીજા કોઈ આચાર્યના મતે સાત થોય થાય છે. ત્યારબાદ દેવેન્દ્રસ્તવ આદિ સ્તવ હોય છે. શ્રી ઉત્તરાધ્યયન અવચૂરિમાં પણ તે મુજબ કહ્યું છે. તે પાઠ :

तत्र स्तवा देवेन्द्रस्तवादयः स्तुतय एकादिसप्तश्लोकान्तास्ततो द्वन्द्वे स्तुतिस्तवाः स्तुतेः क्त्यंतत्वात्प्राग्निपाते प्राप्तेति सूत्रे प्राकृतत्वात्-व्यत्ययनिर्देशः ॥

ભાવાર્થ :- આનો અર્થ પૂર્વે લખ્યો છે તેમજ છે. તેમાં પણ એક-બે-ત્રણ તથા સાત શ્લોકની થોય કહી છે.

ઉત્તરાધ્યયન લઘુટીકામાં પણ એક-બે-ત્રણ શ્લોકની થુઈ કહી છે. તે પાઠ :

स्तवा देवेन्द्रस्तवादयः एकादिसप्तश्लोकान्ता यत उक्तं एगदुगतिसिलोगा थुईउ इत्यादि ।

ભાવાર્થ :- આનો અર્થ પણ પૂર્વે લખ્યા મુજબ છે. એમાં પણ ત્રણ થોય છે.

તે સિવાય ઉત્તરાધ્યયનવૃત્તિ ૧૨ હજારી, તેમાં પણ લખેલ છે. તે પાઠ :

स्तवा देवेन्द्रस्तवादयः स्तुतयः एकादिसप्तश्लोकान्ता यत उक्तं - एगदुगतिसिलोगाओ थुई, नो अन्नेसिं जाव सत्तेव इत्यादि ॥

એનો અર્થ પણ પૂર્વે લખ્યો તે મુજબ છે.

તથા તપાગચ્છીય ભાવવિજયજી ઉપાધ્યાય કૃત ઉત્તરાધ્યયનટીકામાં પણ સાત શ્લોકના અંત સુધી થુઈ કહી છે. તે પાઠ :

स्तवा देवेन्द्रस्तवाद्याः स्तुतयः एकादिसप्तश्लोकान्ताः ततश्च स्तवाश्च स्तुतयश्च स्तुतिस्तवाः स्तुतिशब्दस्य इदंतत्वात्पूर्वनिपातः इत्यादि ।

અર્થ :- આનો અર્થ પણ પૂર્વે લખ્યો તેમજ છે.

ઉપર મુજબના ગ્રંથોના પાઠમાં જે સ્તવ-સ્તુતિના લક્ષણ કહ્યા તેમાં સ્તવ એટલે શક્રસ્તવાદિક (નમુત્થુણં) અને થોય સમુદિત પાઠે એક-બે-ત્રણ તથા સાત શ્લોકની કહી. તે નામસ્તુતિ-શ્રુતસ્તુતિ-સિદ્ધસ્તુતિ એ ત્રણ સૂત્રસ્તુતિ તથા પદ-અક્ષર-સ્વરે કરીને વર્ધમાનથુઈ સંસારદાવા વગેરે તથા પ્રતિક્રમણ સમાપ્તિ થોય નમોઽસ્તુ વર્ધમાનાય, વિશાલલોચનદલં તે પછી ત્રણ ચૂલિકા થોય પણ પૂર્વોક્ત પંચાંગી ગ્રંથોના અભિપ્રાયથી જાણવી. તેમજ આવશ્યકચૂર્ણિમાં ચતુર્વિંશતિસ્તવ એટલે લોગસ્સ-૧, શ્રુતસ્તવ એટલે પુક્ખરવરદી-૨, સિદ્ધસ્તવ એટલે સિદ્ધાણં બુદ્ધાણં-૩ એ ત્રણ સ્તવને શ્રી કાયોત્સર્ગનિર્યુક્તિચૂર્ણિમાં સ્તુતિ કહેલ છે. તે પાઠ :

अपरिमिए णं काले णं उस्सारेयव्वं तं च नमो अरिहंताणं ति भणित्ता पारेइ पच्छा थुई जेहिं इमं तित्थं इमाए उस्सप्पिणीए देसियं

नाणं दंसणं चरित्तस्स य उवएसो तेसिं महइए भत्तीए बहुमाणओ संथवो कायव्वो एएणं करणेणं काउसग्गाणंतरं चउवीसत्थओ इत्यादि तथा नमोक्कारेणं पारेइ तओ नाणायारविसुद्धिनिमित्तं च सुयनाणेणं मुक्खसाहणाणि साहिज्जंति त्ति काउं तस्स भगवओ पराभत्तीए तप्परूवगं नमोक्कारपुव्वगं थुई कित्तणं करेइ तं जहा "पुक्खरवरदीवड्ढे" इत्यादिकं तथा नमोक्कारेणं पारेई एवं चरित्तदंसणसुयधम्मअइयार-विसोहिकारगा काउसग्गा कायव्वा इयाणिं दंसणसुयधम्माणं सम्पन्नं फलं जहिं पत्तं तेसिं बहुमाणओ पराए भत्तीए मंगलनिमित्तं च भुज्जो थुइं भणइ सिद्धाणं बुद्धाणं गाहा इत्यादि आव. चू. ।

અર્થ :- અપરિમાણકાલે કરીને નમો અરિહંતાણં કહી કાઉસ્સગ્ગ પારવો, પછી થુઇ કહેવી. કારણ કે શ્રી તીર્થંકરે જ્ઞાન-દર્શન-ચારિત્રનો ઉપદેશ આપેલ છે. માટે મોટી ભક્તિ-બહુમાનથી સંસ્તવન કરવો. પછી જ્ઞાનાચારવિશુદ્ધિને અર્થે શ્રુતજ્ઞાને કરીને મોક્ષસાધનાદિક સાધીએ એમ જાણી તે શ્રુતભગવંતની પરમભક્તિએ કરીને તેમની પ્રરૂપક નમસ્કારપૂર્વક થુઈ કીર્તન કરવી. જેમ પુક્ખરવરદીવઢે ઇત્યાદિ તથા નમકાર કહી કાઉસ્સગ્ગ પારે. જ્ઞાન-ચારિત્ર તથા દર્શનના અને અતિચાર વિશુદ્ધિના કરનારા ત્રણ કાઉસ્સગ્ગ કરવા. પછી જે પુરુષ દર્શન શ્રુતધર્મનું ફળ પ્રાપ્ત કરી સિદ્ધ થયા છે. તેમનું પરમ ભક્તિથી બહુમાન કરવા અને મંગલ કરવા માટે સિદ્ધાણં બુદ્ધાણં ગાથા આદિ થોય કહેવી.

આમ, આ પાઠમાં નામસ્તવ-શ્રુતસ્તવ અને સિદ્ધસ્તવને થોય કહેલ છે. તેથી કેટલાક આચાર્યે ત્રણ થોયને શાશ્વતી માની એ ત્રણ થોયના દેવવંદન કહે છે. કેટલાક આચાર્યો શાશ્વત-અશાશ્વત થોય માનવાવાળા આચાર્ય લોગસ્સ પ્રમુખ ત્રણ સૂત્ર થુઈ અને એક શ્લોક આદિ વર્ધમાન ચૂલિકા થોયથી (શાશ્વત, અશાશ્વત) દેવવંદના માને છે. તે એક શ્લોક આદિ વર્ધમાન થોયનો વિચાર, વિચારામૃતસંગ્રહમાંથી કુલમંડનસૂરિએ શ્રી આવશ્યકચૂર્ણિ આદિની સાક્ષીથી આવી રીતે કહેલ છે. તે પાઠ :

તેઓ ય થુઈઓં એગસિલોગાદિવડ્ઢતિયા ઉ પયઅક્ખરાદિહિં વાસરેણ વા વડ્ઢં તેણ તિણિ ભાણિઊણં તતો પાઉસિયં કરિંતિ પ્રભાતાવશ્યકે તુપત્થા તિન્નિ થુતીઓ અપ્પસદ્દેહિં તહેવ ભણંતિ જહા ઘરકોઇલિયા દીસંતા ન ઉટ્ટિન્તિ કાલં વંદિત્તા નિવેદિંતિ જઇ ચેઇયાણિ અત્થિ તો વંદંતિ આવ. ચૂ. ૪૮૨

આવસ્સયકાઉણં જિણોવઇટ્ઠું ગુરૂવએસેણ ।

તિણ્ણિથુતિ પડિલેહા કાલસ્સ વિહી ઇમો તત્થ ॥૧॥

આવશ્યકે નિશીથે વ્યવહારે ચ, અત્ર ચૂર્ણિઃ, જિણેહિં ગણહરાણં ઉવદિટ્ઠું તતો પરમ્પરએણ જાવ અમ્હં ગુરૂવએસેણ આગતં તં કાઉ આવસ્સગં અણે તિણિ થુતિઓ કરિંતિ અહવા એગા એગસિલોગિયા બિતિયા બિસિલોગિયા તતિયા તિસિલોગિયા તેસિં સમત્તીએ કાલવેલાપડિલેહણવિહી ઇમા કાયવ્વા આવ. ચૂ. નિશીથ ઓ ૧૯ ચૂર્ણૌ ચ । જિણેહિં ઉવદિટ્ઠું ગણહરાણં ગુરૂવએસેણં તિ અમ્હં આયરિય ઉવજ્ઝાએહિં જહા ઉવદિટ્ઠું તિણિ થુતીઉ પઢમા એગસિલોગિયા બિતિયા બિસિલોગિયા તતિયા તિસિલોગિયા વ્યવચૂ. ઉ. પ્રતિક્રમણપરિસમાપ્તૌ જ્ઞાનદર્શનચારિત્રાર્થં સ્તુતિત્રયે દત્તે સતિ એતેષાં મુખવસ્ત્રિકાદીનાં પ્રત્યુપેક્ષણાસમાપ્ત્યનંતરં યથા સૂર્યઉદ્ગચ્છેત્યેષ પ્રત્યુપેક્ષણાકાલવિભાગ ઇતિ ઓઘવૃ. ૫૯૯ ઇહ યાસ્ત્રિશ્લોકિકાદ્યાઃ સ્તુતયો યાશ્ચ પદાક્ષરા-દિભિઃ વર્દ્ધમાનસ્વરેણ વા ભણનીયા ઉક્તાઃ સંતિતાનામગ્રાહંક્કાપાગમ ચૂર્ણિવૃત્યાદૌ ન દૃશ્યન્તે પરમાચાર્યપરમ્પરાગતં નમોઽસ્તુ વર્દ્ધમાનાયેત્યાદિ વિશાલલોચનેત્યાદિ સંસારદાવેત્યાદિ ચ પૃથક્પૃથક્ સ્તુતિત્રયં પદાક્ષરવૃદ્ધં વર્દ્ધમાનસ્વરેણ ભણ્યતે ઇતિ યચ્ચ તિત્થયરે ભગવંતે ઇત્યાદિ સ્તુતિત્રયં કેનચિદ્ભણ્યતે તત્પદાક્ષરાભ્યામપિ વર્દ્ધમાનં નાસ્તીતિ જ્ઞેયમિતિ, ઇતિ વર્દ્ધમાનસ્તુતિત્રયવિચારઃ ॥

ભાવાર્થ :- તે થોય ૫૬ અક્ષર સ્વરથી કરીને વર્ધમાન ત્રણ કહીને પ્રાદોષિક કાળગ્રહણ કરે. પ્રભાતના આવશ્યકમાં કહ્યું છે કે પચ્ચક્ખાણ

કરી પછી ત્રણ થોય ધીમા શબ્દે કહે. કારણ કે ઊંચા અવાજે બોલવાથી ગરોળી પ્રમુખ હિંસક જીવ જાગી જાય. પછી વાંદીને કાળનિવેદન કરે. જો દેરાસર હોય તો વાંદે. એમ આવશ્યકચૂર્ણિમાં છે. અને આવશ્યક કરીને જિનેન્દ્ર ઉપદેશિત ગુરુ ઉપદેશ કરીને ત્રણ થોય કરીને પડિલેહણા કરી કાળગ્રહણ કરે. એમ આવશ્યક-નિશીથ-વ્યવહારચૂર્ણિમાં આવશ્યક કરીને તીર્થંકરે ગણધરોને ઉપદેશ આપ્યો. ત્યારપછી પરંપરાએ અમારા ગુરુના ઉપદેશે કરીને આવ્યો. આવશ્યક કરીને અન્ય ત્રણ થોય કરે. અથવા એક થોય એક શ્લોકની, બીજી થોય બે શ્લોકની, ત્રીજી થોય ત્રણ શ્લોકની. તેની સમાપ્તિ કાળવેળાએ પડિલેહણાવિધિ કરવો. અમારા આચાર્ય-ઉપાધ્યાયે જેમ કહ્યું તેમ ગુરુ ઉપદેશે ત્રણ થોય પહેલી એક શ્લોકની, બીજી બે શ્લોકની તથા ત્રીજી ત્રણ શ્લોકની કરીએ છીએ. વ્યવહારચૂર્ણિમાં પ્રતિક્રમણ સમાપ્તિના વિષે જ્ઞાન, દર્શન, ચારિત્રના અર્થે ત્રણ થોય કહ્યા છતાં મુખવસ્ત્રિકાદિક પડિલેહણા સંપૂર્ણ થયા પછી સૂર્ય ઊગે એ પડિલેહણકાળનો વિભાગ જાણવો.

અહીં ત્રણ શ્લોકાદિ થુઈ જે કહી તે પદ અક્ષરાદિ કે વર્ધમાન સ્વરે કરીને કહેવાનું કહ્યું છે. પણ તેઓનું નામગ્રહણ કોઈ આગમ, ચૂર્ણિ, વૃત્તિ આદિમાં દેખાતું નથી. પણ આચાર્યપરંપરાએ આવેલા નમોઽસ્તુ વર્ધમાનાય, વિશાલલોચનદલં, સંસારદાવા આદિ જુદી-જુદી થુઈ ત્રણના, પદ અક્ષરની વૃદ્ધિએ વર્ધમાન સ્વરે કરીને કહીએ છીએ અને **જે તિત્થયરે ભગવંતે** ઇત્યાદિક ત્રણ થોય કોઈક કહે છે તે પદ અક્ષરે કરીને પણ વર્ધમાન ન જાણવી. વર્ધમાન ત્રણ થોયનો વિચાર સંપૂર્ણ ॥

પ્રશ્ન :- આ પાઠમાં પ્રતિક્રમણસમાપ્તિમાં વર્ધમાનથોય કહી છે, પણ ચૈત્યવંદનમાં કહી નથી.

જવાબ :- હે મહાનુભાવ, કમળો હોય તેને પીળું દેખાય તેમ જેને સ્વમતાગ્રહ નામનો રોગ થયો હોય તે શ્રી કેવલીના મુખથી સાંભળે તોય પોતાના દુરાગ્રહને છોડે નહીં, તોપછી શાસ્ત્રપાઠ તો ક્યાંથી માને ? પણ અપક્ષપાતી તટસ્થ પુરુષોને તો શાસ્ત્રવચન માન્ય થાય જ. પણ જેમ સૂર્ય

ઘુવડને પ્રકાશ ન આપી શકે તેમાં સૂરજનો શું વાંક ? તેમ પૂર્વધરોના ખુલાસા કરેલ પાઠ કોઈની નજરમાં ન આવે તેમાં શાસ્ત્રનો શું વાંક ? જો તટસ્થ દૃષ્ટિએ વિચાર કરીએ તો પૂર્વોક્ત પાઠમાં પ્રતિક્રમણસમાપ્તિમાં ત્રણ વર્ધમાન થોય કહી તે રીતે ચૈત્યવંદનામાં પણ જાણવી. કારણ કે અખંડ પરંપરાથી - પૂર્વધરના વચન અનુસાર - ચૈત્યવંદનમાં વર્ધમાન ત્રણ થોય કરતાં આવ્યા છીએ. એટલે જ શ્રી સેનસૂરિજી પણ ચૈત્યવંદનામાં વર્ધમાન ત્રણ થોય લખે છે. તે પાઠ :

अथ पं. सत्यसौभाग्यगणिकृतपश्ने चैतदुत्तरं यथा उत्कृष्टचैत्यवंदन-विधावुत्तरोत्तरं स्तुतयो वर्णैर्वृद्धा विधीयन्ते न त्वल्पा इति रूढिः सत्यासत्या वेति प्रश्नः ? उत्कृष्टचैत्यवन्दनविधावुत्तरोत्तरं स्तुतयः प्रायो वर्णैर्वृद्धा एव विधेया इति परम्परा वर्त्ततेऽनेन रूढिः सत्यैवाव-सीयते परम्परामूलं तु नमोऽस्तु वर्द्धमानायेत्यस्याधिकारे ताओ अ थुईओ एगसिलोगादिवड्ढति आओ पयअक्खरादिहिं ता सरेण वा वड्ढंतेण तिन्नि भाणिऊणमित्याद्यावश्यकचूर्ण्यक्षरदर्शमिति संभाव्यत इति ॥२॥

શ્રી સત્યસૌભાગ્ય ગણીએ તપગચ્છનાયક વિજયસેનસૂરિને પ્રશ્ન પૂછ્યો કે ઉત્કૃષ્ટ ચૈત્યવંદનવિધિમાં એકથી બીજી, બીજીથી ત્રીજી થુઈઓ વર્ણે કરીને વધતી કહીએ છીએ, પણ ઓછી કહેતાં નથી. એ રૂઢી સત્ય છે કે અસત્ય ? સેનસૂરિજીએ જવાબમાં કહ્યું કે ચૈત્યવંદનાવિધિમાં ઉત્તરોત્તર થુઈઓ બહુલતાએ વર્ણે કરીને વૃદ્ધિએ જ કહેવી, એવી પરંપરા છે. તેથી એ રૂઢી સત્ય જણાય છે. પરંપરા મૂળ તો નમોડસ્તુ વર્ધમાનાય એ અધિકારના અવસરે થુઈઓ એક શ્લોકાદિક વર્ધમાનપદ અક્ષરાદિક અથવા સ્વરે વર્ધમાન ત્રણ કહીને, એવા આવશ્યકચૂર્ણિના અક્ષર દેખવાથી સંભવે છે.

અહીં પ્રતિક્રમણસમાપ્તિ ત્રણ થુઈ દૃષ્ટાંતે ચૈત્યવંદનામાં વર્ધમાન થુઈ કહેવી કહી. અંગચૂલિયાસૂત્રમાં પણ દેવવંદનમાં વર્ધમાનથુઈ કહેવી કહી છે. તે પાઠ :

अमुगसुयखंधअंगउद्देसावणियं वा नंदिकड्ढावणियं वासनिक्खिवं करेह एवं देव वंदावेह तओ वड्ढतियाहिं थुइहिं देव वंदिय बारसवत्तं वंदणं देई ।

અર્થ :- અંગ ઉદ્દેશાવણ માટે અથવા નંદી કઢાવણના માટે હે ભગવાન વાસનિક્ષેપ કરો, એમ જ દેવ વંદાવો. એમ કહીને વધતી એટલે વર્ધમાન થુઈ વડે કરી દેવ વાંદીને દ્વાદશાવર્ત વાંદણા દઈ નંદી કઢાવણીનો સત્તાવીશ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે.

આ પાઠમાં વર્ધમાન થોયથી ચૈત્યવંદના કરી તેમજ શ્રી બૃહત્કલ્પભાષ્યાદિક પૂર્વધર-પૂર્વાચાર્યોના ગ્રંથમાં ત્રણ થોયથી ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

निस्सकडमनिस्सकडे, वावि चेइए सव्वेहिं थुई तिन्नि ।

वेलंब चेइयाणि, नाउं इक्किक्कया वावि ॥१॥

અર્થ :- નિશ્રાકૃત અને અનિશ્રાકૃત (કોઈ ગચ્છની માલિકીનું તે નિશ્રાકૃત અને કોઈ ગચ્છના પ્રતિબંધ વિનાનું તે અનિશ્રાકૃત) સર્વ દેરાસરમાં ત્રણ થોય કહેવી. દેરાસર ઘણા હોય અને સમય ઓછો હોય તો એકેક દેરાસરે એક થોયની ચૈત્યવંદના કરવી. ઉપર પ્રમાણે બૃહત્કલ્પભાષ્યના મૂળ પાઠમાં ત્રણ થોયની ચૈત્યવંદના સર્વ જિનાલયે કરવી કહી. તેમજ બૃહત્કલ્પભાષ્યવૃત્તિમાં પણ ત્રણ થોયથી ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

अथ चैत्यवन्दनविधिमाह निस्सक्कडेति ।

व्याख्या । निश्राकृते गच्छप्रतिबद्धे अनिश्राकृते च तद्विपरीते च चैत्ये सर्वत्र तिस्रः स्तुतयो दीयंते । अथ प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलाया अतिक्रमो भवति भूयांसि वा तत्र चैत्यानि, ततो वेलां चैत्यानि वा ज्ञात्वा प्रतिचैत्यमेकैकापि स्तुतिर्दाव्येति ॥

અર્થ :- દરેક દેરાસરમાં ત્રણ થોય કહેવી. જો દરેક દેરાસરમાં ત્રણ સ્તુતિ કહેવાથી સ્વાધ્યાયવેળાનું ઉલ્લંઘન થાય અથવા ઘણાં દેરાસર હોય તો સમય જોઈને દેરાસર દીઠ એક-એક સ્તુતિ કહેવી.

કલ્પચૂર્ણિમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

पविठाणं चेइयवंदणे समोसरणे यो विधिर्भणति णिस्सकडगाधा-चउक्कं कंठं ॥

અહીં ચૂર્ણિકારે "**पविट्ठाणं चेइयवंदणे**" આદિ ચાર ગાથાથી ત્રણ થોયની ચૈત્યવંદના કહી. અર્થ સુગમ હોવાથી વ્યાખ્યા કરેલ નથી.

આમ, પૂર્વધર-પૂર્વાચાર્યોના વખતે ત્રણ થોયની જ ચૈત્યવંદના હતી. પણ ચાર થોયની ન હતી. કારણ કે શ્રી વ્યવહારભાષ્યમાં સાધુએ ત્રણ થોયથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કર્યા પછી દેરાસરમાં વધુ ન રહેવાનું સ્પષ્ટ કહ્યું છે. તે પાઠ :

दुब्भिगंधपरिस्सावी तणुरप्येस ण्हाणया ।

दुहावाउवहो चेव, तो चिट्ठंति न चेइए ॥१॥

तिन्निवाकड्ढए जावत्थुतीतो तिसलो इया ताव तत्थ अणुण्णायं कारणं मिपरेणावि ॥

અર્થ : આ શરીર દુર્ગંધી છે. મળથી ભરેલું છે. એમાં સર્વત્ર ગંદકી નીકળે છે. એને સ્નાન કરાવીએ તોપણ ઊંચેથી અને નીચેથી દુર્ગંધી વાયુ નીકળે છે. માટે સાધુઓએ ચૈત્યમાં વધુ રહેવું નહીં. અને જો દર્શન માટે જાય તો ત્રણ શ્લોકની ત્રીજી થોય કહે ત્યાં સુધી જ રહેવું. કારણ હોય તો વધુ રહી શકે છે. અહીં "જાવ" શબ્દથી ત્રણ સ્તુતિએ મધ્યમ તથા ઉત્કૃષ્ટ પ્રણિધાન પર્યંત દેવવંદન કરે ત્યાં સુધી રહેવાનું કહેલ છે. આમ, ચૈત્યવંદનામાં ત્રણ થોય છે એ વ્યવહારભાષ્યની ગાથાનો અર્થ છે. વ્યવહારભાષ્યની ટીકામાં પણ ત્રણ થોય કહી છે. તે પાઠ :

एषा तनुः स्नापितापि दुरभिगंधप्रस्वेदपरिश्राविणी तथा द्विविधो वायुर्यथोर्ध्वाधो वायुवहोनिर्गम उच्छ्वासनिःश्वासनिर्गमश्च तेन कारणेन चैत्ये चैत्यायतने साधवो न तिष्ठंति अथवा श्रुतस्तवानंतरं तिस्रः स्तुतयः त्रिश्लोकिकाः श्लोकत्रयप्रमाणा यावत्कर्षते तावत्तत्र चैत्यायतने स्थानमनुज्ञातं कारणेन कारणवशात्परेणाप्यवस्थान-मनुज्ञातमिति ॥

અર્થ :- સાધુ ક્યાં સુધી દેરાસરમાં રહે ? શરીરને ગમે તેટલું નવરાવો તોય દુર્ગંધ-પરસેવો વગેરે ગંદકી એમાંથી નીકળ્યા જ કરે છે. ઉપર-નીચેથી દુર્ગંધી વાયુ પણ સદાય વહે છે. એટલે વધુ રોકાય તો દેરાસરની આશાતના થાય. ફક્ત "પુક્ખરવરદીવઢ્ઢે" કહીને ત્રણ શ્લોકની થોય કહે ત્યાં સુધી રહેવાની આજ્ઞા છે. શાંતિસ્નાત્ર કે અન્ય કારણ હોય તો સાધુ વધુ વખત પણ દેરાસરમાં રહી શકે છે.

આનો સ્પષ્ટ અર્થ એ છે કે ચૈત્યમાં સાધુ મર્યાદા ઉપરાંત રહે નહીં. તે મર્યાદા એ છે કે ચૈત્યવંદનામાં શક્રસ્તવાદિ અનંતર પહેલી એક શ્લોકની, બીજી બે શ્લોકની, ત્રીજી શ્રુતસ્તવ એટલે જ્ઞાનસ્તવને અનંતર ત્રણ શ્લોકની થોય કહે ત્યાં સુધી જિનગૃહમાં રહેવાની આજ્ઞા છે. ઉપરોક્ત પાઠમાં "વા" શબ્દ પક્ષાંતરસૂચક છે. ચૈત્યવંદનના અંતે એટલે ત્રીજી થોય ત્રણ શ્લોકની કહ્યા પછી શક્રસ્તવાદિકને અનંતર જો ત્રણ થોય ત્રણ શ્લોક પરિમાણ પ્રણિધાનને અર્થે પ્રતિક્રમણને અનંતર મંગલાર્થ સ્તુતિ ત્રણ પાઠની પેઠે કહે ત્યાં સુધી જિનપ્રાસાદમાં રહેવાની આજ્ઞા છે. એટલે સંપૂર્ણ ચૈત્યવંદના કર્યા પછી વિના કારણે સાધુ દેરાસરમાં રહે નહીં.

હવે પક્ષપાત વિનાના તટસ્થ જૈનમતરસિકોએ વિચાર કરવો જોઈએ કે પૂર્વધર પૂર્વાચાર્યોના શુદ્ધ ટંકશાળી આગમવચનોને કોઈ જૈનમતિ નામ ધરાવીને ચૈત્યવંદનામાં ત્રણ થોય પ્રમાણ ન કરે તો તે મિથ્યાદૃષ્ટિ હોવામાં કોણ શંકા કરે ? જો ચૈત્યવંદના ચાર થોયથી હોત તો શાસ્ત્રોમાં ચાર થોયથી ચૈત્યવંદના કર્યા પછી દેરાસરમાં ન રોકાવાની આજ્ઞા હોત. પણ એવું નથી. વળી જો ચાર થોયની ચૈત્યવંદના હોત તો શાસ્ત્રકારો શા માટે ત્રણ થોયનું કથન કરત ? આપશ્રી તટસ્થ મને વિચારજો. ...

એવું નથી કે ત્રણ થોયના આટલા જ પાઠ છે. શાસ્ત્રોમાં મૃતક સાધુને પરઠવ્યા પછી જે ચૈત્યવંદના કહી છે તે પણ ત્રણ થોયની જ ચૈત્યવંદના છે. તે શ્રી ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી રચિત આવશ્યકનિર્યુક્તિનો પાઠ :

आयंमि चेइअहरं, गंतूण चेइआइं वंदिज्जा ।

अजिअत्थय तिन्नि थुई परिहायंतिव्व कड्ढन्ति ॥२८॥

અર્થ :- ત્યાંથી આવી દેરાસર જઈને ચૈત્ય વાંદવા. પછી અજિતશાંતિ કહેવી. ત્રણ થોય હીયમાન કહેવી.

વળી, બૃહદ્કલ્પભાષ્યમાં ત્રણ થોય નિશ્ચય કરવી કહી છે. તે પાઠ :

चेइयघरूवस्स एवागम्मुस्सग्गगुरुसमीवंमि ।

अवहिगिंचणियाए संतिनिमित्तं च थतो तत्थ ॥१॥

परिहायमाणीयाउ तिन्नि थुई, उहवहंति नियमेणं ।

अजियसंतित्थगमाइया उ कमसो तहिं नेउं ॥२॥

અર્થ :- ચૈત્યઘરે કે ઉપાશ્રયમાં આવી ગુરુ સમીપે અવિધિ પારિઠ્ઠાવણિયાનો કાઉસ્સગ્ગ કરવો અને શાંતિ નિમિત્ત સ્તોત્ર કહેવું. પરિહીયમાન ત્રણ થોય નિયમે કરીને હોય. અજિતશાંતિ સ્તવાદિક કમથી ત્યાં જાણવા.

તથા બૃહત્કલ્પચૂર્ણિમાં પણ ત્રણ થોય હીયમાન કહી છે. તે પાઠ :

साहूणो चेइयघरे वा उवस्सए वा ठिया होज्जा जइ चेइयघरे तो परिहायंतीहिं थूइहिं चेइयाइं वंदित्ता आयरिय सगासे इरियावहि पडिक्कमिउं अविहिपरिठावणियाए काउस्सग्गं करेंति ताहे मंगलसंति निमित्तं इत्यादि ।

અર્થ :- સાધુ દેરાસરમાં હોય કે ઉપાશ્રયમાં, હીયમાન થુઈએ કરીને ચૈત્ય વાંદીને આચાર્ય પાસે આવે. ઈરિયાવહી કરી અવિધિ પરઠવવાનો કાઉસ્સગ્ગ કરે. મંગલના અર્થે સ્તવન કહે. અહીં પણ ત્રણ થોય પરિહીયમાન છે.

આ જ રીતે વિશેષચૂર્ણિમાં પણ ત્રણ થોય કરવાનું કહ્યું છે. તે પાઠ :

तओ आगम्म चेइयघरं गच्छन्ति चेइयाणं वंदित्ता संतिनिमित्तं अजितसंतिथउ परिकड्ढिज्जाइ तिन्निथुईओ परिहायंतिओ कड्ढिज्जन्ति तओ आगंतु अविहि परिठावणियाए काउस्सग्गं कीरइ ॥७॥

અર્થ :- ત્યાર પછી આવીને દેરાસર જઈ ચૈત્ય વાંદીને શાંતિ માટે અજિતશાંતિસ્તવન કહે. ત્રણ થોય હીયમાન કહે. પછી આવીને અવિધિ પરઠવવાનો કાઉસ્સગ્ગ કરે.

આવશ્યક બૃહદ્વૃત્તિમાં પણ શ્રી હરિભદ્રાચાર્ય ત્રણ થોય લખે છે. તે પાઠ :

ततो आगम्मचेइए गच्छन्ति चेइयाणि वंदित्ता संतिनिमित्तं अजियसंतित्थओ परियट्टिज्जई तिन्नि वा थुइओ परिहायंतीओ कड्ढिज्जति ।

અર્થ ઉપર મુજબ છે. આમાં પણ ત્રણ થોયનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

.... મહર્ષિના શાસ્ત્રમાં પણ ત્રણ થોયની જ વાત છે. તે પાઠ :

ततश्चैत्यगृहे आगत्य चैत्यानि वंदित्वा शांतिनिमित्तं शांतिस्तवं पठित्वा स्तुतिश्च हीयमाना भणित्वा १ आचार्योऽतिके आगत्य अविधिपारिष्ठा-पनिकी कायोत्सर्गः कार्यः ॥

અર્થ :- પછી દેરાસરમાં આવી ચૈત્ય વાંદી શાંતિના અર્થે શાંતિસ્તવ કહી હીયમાન (હીયમાન એટલે વર્ધમાન કરતાં હતાં તે) સ્તુતિ કહી આચાર્ય પાસે આવે. પછી અવિધિ પારિટ્ઠાવણિયાનો કાઉસ્સગ્ગ કરે. આમાં હીયમાન કહેવાથી ત્રીજી થોય પહેલી કહેવી એમ છે.

આવશ્યક અવચૂરિમાં પણ દેરાસરમાં ત્રણ થોય કહેવી કહેલ છે. તે પાઠ :

तत आगम्य चैत्यगृहे विपर्यस्तं देवा वंदित्वाचार्यपार्श्वाऽविधि पारिष्ठापनिकायाः कायोत्सर्गः क्रियते ॥

પછી દેરાસર આવીને અવળા દેવ વાંદે. (એટલે કે ત્રીજી થોય પ્રથમ કહે અને પહેલી થોય છેલ્લે કહે.) પછી આચાર્ય પાસે આવી અવિધિ પરઠવવાનો કાઉસ્સગ્ગ કરે. બીજી અવચૂરિમાં પણ એમ જ કહેલ છે.

તથા આવશ્યકદીપિકામાં પણ ત્રણ થોય હીયમાન કહેલ છે. તે પાઠ :

तत्रैव स्थंडिले क्रियमाणे उत्थानादयो दोषाः स्युः ततो ग्राममागम्य चैत्यं गत्वा नत्वा शांत्यै तीर्थम् जितशांतिस्तवो गुण्यः तिन्नि वा थुईओ परिहायंतीओ कड्ढिज्जन्ति ततो गुरुपार्श्वमेत्याविधिपारि-ष्ठापनिकायाः कायोत्सर्गः कार्यः सप्तविंशतिरुच्छ्वासाः । एष

वृद्धसम्प्रदायः आचरणा पुनः उम्मत्थरयहरणेणं किर गमणागमणं आलोइज्जइ ततो इरियावहिया पडिक्कमिज्जइ तओ चेइयाइं वंदित्तेत्यादि ॥

અર્થ :- ત્યાં જ સ્થંડિલે કાઉસ્સ કરવાથી મૃતક ઉઠાવવા વગેરે દોષ થાય. માટે ગામમાં આવી દેરાસરમાં ચૈત્ય વાંદીને અજિતશાંતિ કહેવી. ત્રણ થોય હીયમાન કહેવી. પછી ગુરુ પાસે આવીને અવિધિ પરઠવવાનો સત્તાવીશ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરવો એવો વૃદ્ધ સંપ્રદાય છે. આચરણાથી ઊર્ધ્વ રજોહરણ કરી નિશ્ચે ગમણાગમણ આલોઈએ. પછી ઈરિયાવહી પડિક્કમીએ. પછી ચૈત્ય વાંદીએ ઈત્યાદિ આચરણા છે.

હમણાં જે ચાર થોયની આચરણા છે તે પૂર્વોક્ત શાસ્ત્રોથી વિરુદ્ધ છે. વિક્રમ સંવત ૧૪૪૦માં જ્ઞાનસાગરસૂરિજી થયા. તે પણ આવશ્યક-અવચૂરિમાં ત્રણ થોયના વિપર્યય દેવવંદનમાં કહે છે. તે પાઠ :

उद्वा. तत्रैव स्थंडिलोपांते कायोत्सर्गो न क्रियते उत्थानादिदोष-संभवात् तत आगम्य चैत्यगृहे विपर्यस्तं देवान्वंदित्वाऽऽचार्यपार्श्वे-ऽविधिपारिष्ठापनिकायाः कायोत्सर्गः क्रियते ॥२६॥ इदं गाथाद्वयं अन्यकृतमव्याख्यातं चेति ॥

જે જગ્યાએ મૃતક વોસિરાવ્યો ત્યાં જ નજીક કાઉસ્સગ્ગ કરવાથી મૃતક ઊભું થવાનો દોષ સંભવે. માટે ત્યાંથી આવીને દેરાસરમાં વિપર્યય ચૈત્યવંદન કરવું. એટલે સદા ત્રણ થોય વર્ધમાન કહેતાં હતાં તે હીયમાન કહેવી. પછી આચાર્ય પાસે આવી અવિધિ પરઠવવાનો કાઉસ્સગ્ગ કરવો. "**आयंमि**" એ ૨૭મી અને આચરણા એ બે ગાથા ક્ષેપક હોવાથી તેનો અમે અર્થ નથી કહ્યો. સર્વજ્ઞશતકગ્રંથમાં પણ હીયમાન થુઈ કહી છે.

આમ, અનેક શાસ્ત્રોમાં મૃતક સાધુ પરઠવવાના અધિકારમાં શાંતિ નિમિત્તે એટલે ઉપસર્ગ હરવાને માટે ત્રણ થોય કહેલ છે. પણ ચાર થોય કહેલ નથી. જો પૂર્વધરના વખતે ચાર થોય હોત તો ચાર થોય જ કરવાનું કહેત. પણ ચાર થોય કહેલ જ નથી એથી પ્રમાણિત થાય છે કે પૂર્વધર વખતે ત્રણ થોય જ હતી.

અત્યારે આત્મારામજીના સમુદાયમાં સાધુ કાળ કરે ત્યારે પ્રથમ અવળા ત્રણ થોયથી દેવ વાંદે છે. પછી સુલટા ચાર થોયના દેવ વાંદે છે. પૂર્વધર પૂર્વાચાર્યોનું એ કથન નથી. તેથી ચોથી થોયની આચરણા દેવવંદનમાં પાછળથી થઈ સંભવે છે.

શ્રી આત્મારામજી ચતુર્થસ્તુતિનિર્ણય પાના ૧૧૪ પર અંચલગચ્છનું શરણ લે છે તે અશાસ્ત્રીય છે. પોતે અંચલગચ્છનું શરણ લઈ અંચલગચ્છના શતપદી નામના ગ્રંથની સાક્ષીએ પાના નં. ૩૨માં કલ્પવિશેષચૂર્ણિ, કલ્પબૃહદ્ભાષ્ય અને આવશ્યકવૃત્તિમાં જે છે તેમાં ત્રણ થોયથી ચૈત્યવંદના કરવાનું કહેલ નથી આવું લખે છે. તે નિઃસંદેહપણે કૃતઘ્નપણું છે. જો કોઈનું શરણ લઈ પોતાનું કાર્ય સિદ્ધ થઈ જાય એટલે જેનું શરણ લીધું તેની જ નિંદા કરે તો તે પ્રાણી કેવો ઉત્તમ કહેવાય ? આવી ઉત્તમતા આત્મારામજી ધારણ કરી ચતુર્થસ્તુતિનિર્ણયના પાના નં. ૨૮ની લીટી ૧૫થી પાના નં. ૩૦ની લીટી ૫ સુધી પાઠ લખે છે. તે પાઠ શતપદી ગ્રંથનો છે, પણ કલ્પભાષ્ય-કલ્પચૂર્ણિ પ્રમુખનો નથી. કારણ કે :

कल्पविशेषचूर्णिकल्पबृहद्भाष्यावश्यकवृत्तिकृद्भिरन्यथा व्याख्यातं यदुत चैत्यवंदनानंतरमजितशांतिस्तवो भणनीयो नो चेत्तदा तस्य स्थानेऽन्यदपि हीयमानस्तुतित्रयं भणनीयमिति ॥

એ પાઠ આવશ્યક આદિ શાસ્ત્રોમાં નથી. પણ શતપદીકારે ત્રણ સૂત્ર સ્તુતિ સિદ્ધ કરવાને અન્યથા વ્યાખ્યા જણાવ્યું. તે પાઠની શરૂઆત અને અંત છોડી, આત્મારામજી કપટ કરીને વચ્ચેથી કલ્પસામાન્ય ચૂર્ણિ વગેરેનો પાઠ લખી, ત્રણ થોય નિષેધ કરવા માટે શતપદી ગ્રંથનો પાઠ લખે છે. પણ તે પાઠથી ત્રણ થોય નહીં, પણ ચાર થોયનો નિષેધ થાય છે. તે પાઠ :

ननु चैत्यवन्दनां कुर्वद्भिः संसारदावानलदाहनीरमित्यादिकाः स्तुतयः किं न भण्यन्ते ? उच्यते इह तावदागमे साधूनां चैत्यवन्दनाविधिरयं । तथाहि - "पविट्ठाण चेइयवंदणे समोसरणे य विहिं भणइ निस्सकडम-निस्सकडेगाहा" अत्र हि स्तुतित्रयमेवोक्तं तद्यदि "लोगस्सुज्जोयगरे पुक्खरवरदीवड्ढे सिद्धाणं बुद्धाण"मित्येवं रूपं स्तुतित्रयं शाश्वतं

कृत्रिमस्तुतयश्च भण्यन्ते तदा स्तुतिसप्तकं षट्कं वा स्यात् अथ च त्रितयमेव विधेयतयोक्तं अथ चतुर्विंशतिस्तवादीनां स्तुतित्वमसिद्धमिति चेत्तदपि न यतः कायोत्सर्गनिर्युक्तिचूर्णौ एतत्त्रयस्यापि स्तुतित्वमभिहितमेव । तथाहि - अपरिमिएणं कालेणं उस्सारेयव्वं तं च नमो अरिहंताणं ति भणित्ता पारेइ पच्छा थुई जेहिं इमं तित्थं इमाए उस्सप्पिणीए देसियं नाणं दंसणं चरित्तस्स य उवएसो तेसिं महइए भत्तीए बहुमाणओ संथवो कायव्वो एएणं कारणेणं काउस्सग्गाणंतरं चउवीसत्थओ इत्यादि तथा नमोक्कारेणं पारेइ तओ नाणायारविसुद्धिनिमित्तं च सुयनाणेणं मुक्खसाहणाणि साहिज्जंति त्ति काउं तस्स भगवओ पराए भत्तीए तप्परूवगं नमोक्कारपुव्वगं थुईकित्तणं करेइ । तंजहा - पुक्खरवरदीवड्ढे इत्यादि तथा नमोक्कारेणं पारेइ एवं चरित्तदंसणसुयधम्मअइयारविसोहिं कारग्गकाउसग्गा कायव्वा इयाणिं दंसणसुयधम्माणं सम्पन्नं फलं जहिं पत्तं तेसिं बहुमाणओ पराए भत्तीए मंगलनिमित्तं च भुज्जो थुई भणइ सिद्धाणं बुद्धाणं गाहा इत्यादि आव. चू. तथा पारिय उज्जोयगरे थुई कड्ढिन्ति इति षडावश्यकवृत्तौ पाक्षिककायोत्सर्गे तथा ठियकयसामाइयादिवसाइयारचिंतणकयउस्सग्गा नमोक्कारेणं पारणा कयचउवीसत्थयथुई निसन्न पडिलेहिय मुहपत्ती इत्यादिना पाक्षिकचूर्णावपि चतुर्विंशतिस्तवः स्तुतित्वेनोक्तः तस्मादेतदेव शाश्वतं स्तुतित्रयमभिधातव्यमिति स्थितं ॥ यद्येवं

चेइयघरुवस्सए, वाहायंतीओ तेओ थुई तिन्नि ।
सारवणं वसहीए, करेई सव्वं वसहिपालो ॥१॥
अविहिं परिठवणाए, काउसग्गो उ गुरुसमीवम्मि ।
मंगलसंतिनिमित्तं, थओ तओ अजितसंतिणं ॥१॥

ते साहुणो चेइयघरे वा उवस्सए वा ठिया हुज्जा ताहे जइ चेइयघरे तो परिहायंतीहिं थुईहिं चेइयाणं वंदिउं आयरियसगासे इरियावहीयं

पडिक्कमिउं अविहिपारिट्ठावणीयाए काउसग्गो कीरइ ताहे मंगलपच्छद्धं तउं अन्नेवि दोत्थए हायंति कड्ढन्ति उवस्सएवि एवं चेव चेइयवंदणवज्जं इति कल्पचतुर्थोद्देशकसामान्यचूर्णौ ।

यदुक्तं - स्तुतिनाम् हीयमानत्वं तत्कथं चतुर्विंशतिस्तवादि स्तुतीनां शाश्वतत्वात् घटत इति ? उच्यते घटत एव प्रतिक्रमणसमाप्तिस्तुतित्रय-दृष्टांतात् । तथाहि - ताओ य थुइओ एगसिलोगाति वड्ढन्ति या उ पयअक्खराइहिं वा सरेण वा वड्ढन्तेण तिणि भणिऊण तउ पाउसियं करेंति आव. चू. ततो यदा तत्र प्रतिक्रमणास्तुतिनाम् स्वरेण प्रवर्द्धमानत्वमुक्तं तथात्रापि स्वरेण हीयमानत्वं क्रियमाणं को निवारयति ? किंचैतदेव हीयमानत्वं कल्पविशेषचूर्णिकल्पबृहद्भाष्या-वश्यकवृत्तिकृद्भिरन्यथा व्याख्यातं यदुत चैत्यवन्दनानंतरमजित-शांतिस्तवो भणनीयो नो चेत्तदा तस्य स्थानेऽन्यदपि हीयमानं स्तुतित्रयं भणनीयमिति । तथाहि चेइयघर गाहा । चेइयघर गच्छन्ति चेइयाइं वंदित्ता संतिनिमित्तं अजियसंतित्थउ परियट्टिज्जइ तिन्नि वा थुतीओ परिहायंती उक्कड्ढिज्जन्ति तओ आगन्तु आयरियसगासे अविहिपरिट्ठा-वणियाए काउसग्गो कीरइ कल्पविशेष चू. उ ४ तथा

चेइयघरूवस्सए वा आगम्मुस्सगगुरुसमीवंमि ।
अविहिं विगिंचणियाए संतिनिमित्तं च थतो तत्थ ॥१॥

परिहायमाणीयाउ तिन्नि थुई उ हवंति नियमेणं ।
अजियसंतित्थगमाइयाउ कमसो तहिं नेउ ॥

कल्पबृहद्भाष्ये तथा सव्वाओट्ठाणाई दोसा हवंति तत्थेव काउसग्गंमि आगमुस्सयं गुरुसगासे अविहीए उसग्गो कोई भणेज्जा तत्थेव किमिति आउस्सग्गो न कीरइ ? भन्नइ उट्ठाणाइ दोसा हवंति तओ य आगम चेइयघरं गच्छन्ति चेइयाणि वंदित्ता संतिनिमित्तं अजियसंतित्थयं पढंति तिणि वा थुईओ परिहायमाणीओ कड्ढिज्जन्ति ति । तत्थ आगंतुं आयरियसगासे अविहिविगिंचणियाए काउसग्गो कीरइ ॥ आव. वृ. ॥

तस्मान्न किंचिदेतद्विप्रतिपादनात् कथमेकस्तुतित्वमित्युच्येत एतद्-गाथात्रयस्य समुदितस्यैव पाठात् कायोत्सर्गानन्तरं च समुदितस्यैव भणनाच्च एकस्तुतित्वमिति । यथा श्रुतस्तवस्याद्यगाथया तीर्थकृतस्तुते रूपकत्रयेण च श्रुतस्तुतेः प्रतिपादनात् चतुर्णामपि रूपकाणामेक-स्तुतित्वमिति ॥ इति कृत्रिमस्तुतिनिषेधविचारः ॥

કોઈ પ્રશ્ન કરે કે ચૈત્યવંદનમાં તમો સંસારદાવાની થોયો કેમ કહેતાં નથી ? તેનો જવાબ આપે છે. આગમમાં સાધુઓને ચૈત્યવંદનવિધિ જે છે તે જ કહીએ છીએ. ચૈત્યવંદનામાં તથા સમવસરણમાં વિધિ કહે છે. નિસ્સકડ એ ગાથામાં ત્રણ જ થોય કહી તો તે થોય લોગસ્સ-પુક્ખરવરદી અને સિદ્ધાણં બુદ્ધાણં એવી ત્રણ સ્તુતિનું ત્રિક શાશ્વતું છે તે જ કહેવાય. અને કૃત્રિમ થુઈઓ કહીએ તો છ કે સાત થોય થાય. સિદ્ધાંતમાં તો ઉક્ત જ વિધિ (ત્રણ) કરવાપણો કહ્યો છે. કોઈ કહેશે કે જે ચઉવિસત્થાદિકોને સ્તુતિપણું અસિદ્ધ છે. એ તો સ્તવ છે. એવું કહે તો તે અયુક્ત છે. જે માટે કાઉસ્સગ્ગ-નિર્યુક્તિ-ચૂર્ણિમાં એ ત્રિકને પણ થોયપણું કહ્યું જ છે. તે કહે છે.

અપરિમાણકાળે કરીને નમો અરિહંતાણં કહીને કાઉસ્સગ્ગ પારવો. પછી જેણે જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપદેશરૂપ આ ઉત્સર્પિણીમાં આ તીર્થ બતાવ્યું. તેમની મોટી ભક્તિ-બહુમાનથી થુઈ કહેવી, સંસ્તવન કરવું. એ કારણે કાઉસ્સગ્ગને અનંતર ચઉવીસત્થો આદિ તથા નવકાર કરી કાઉસ્સગ્ગ પારવો. પછી જ્ઞાનાચાર વિશુદ્ધિ અર્થે શ્રુતજ્ઞાને કરીને મોક્ષસાધનાદિક સાધીએ એમ જાણીને શ્રુતભગવંતની પરમ ભક્તિએ કરીને તેનો પ્રરૂપક નમસ્કારપૂર્વક થોયકીર્તન કરે. તે જેમ "પુક્ખરવરદીવઢ્ઢે" આદિ તથા નવકાર કરી કાઉસ્સગ્ગ પારે. એમ ચારિત્ર તથા દર્શન અને શ્રુતધર્મના અતિચાર વિશુદ્ધિના કરનારા ત્રણ કાઉસ્સગ્ગ કરવા. તે કરીને સિદ્ધ ભગવંતની સિદ્ધાણં બુદ્ધાણં ગાથા કહે. આદિ આવશ્યકચૂર્ણિનો પાઠ તેનો ભાવાર્થ કહ્યો. તથા કાઉસ્સગ્ગ પારી લોગસ્સ થુઈ કહે. ષડાવશ્યકવૃત્તિમાં લોગસ્સને થોય કહેલ છે. પક્ખીપ્રતિક્રમણના કાઉસ્સગ્ગમાં સામાયિક કરીને

તથાપ્રકારે રહ્યા દિવસના અતિચાર ચિંતવીને કાઉસ્સગ્ગ નમસ્કારે કરી પારીને લોગસ્સ થોય કહેવી. પછી બેસીને મુહપત્તિ પડીલેહે. આમાં પાક્ષિકચૂર્ણિમાં પણ લોગસ્સને થોય કહી. તે માટે શાશ્વતી થોયનું ત્રિક કહેવું એમ સિદ્ધ થયું.

અહીં કોઈ કહેશે કે જે તમો એમ કહો છો તો કલ્પના ચોથા ઉદ્દેશાની સામાન્યચૂર્ણિમાં આમ કહેલ છે કે સાધુ ચૈત્યઘરે અથવા ઉપાશ્રયે રહ્યા હોય ત્યારે તો ચૈત્યઘરે તો પરિહીયમાન થુઈએ ચૈત્ય વાંદીને આચાર્ય પાસે ઇરિયાવહી પડિક્કમીને અવિધિ પારિટ્ઠાવણિયાનો કાઉસગ્ગ કરે. ત્યારપછી મંગલને અર્થે બીજાં બે સ્તવ હીયમાન કહે. ઉપાશ્રયે પણ એમ જ હીયમાન કહી. તો એ હીયમાનપણું લોગસ્સ પ્રમુખ થોયને વિષે કેમ મળે ? એ થોયો શાશ્વતપણાથી હીયમાન કેમ ઘટે ? તેનો જવાબ આ મુજબ છે :

હીયમાનપણું ઘટે જ છે. પડિક્કમણસમાપ્તિમાં જે સ્તુતિ ત્રણ કહે તે દૃષ્ટાંતથી તે જ કહે છે તે થોયો એક શ્લોકાદિક વધતીએ અથવા પદ અક્ષરાદિકે અથવા સ્વર કરીને વધતી ત્રણ થોયો કહીને પછી પ્રાદોષિક કાળ કરે એટલે બીજું કાર્ય માંડલાદિક કરે. એ આવશ્યકચૂર્ણિમાં કહેલ છે. માટે ત્યાં જો પ્રતિક્રમણ થુઈઓનું સ્વરે કરી વર્ધમાનપણું કહ્યું તેમ અહીંયાં પણ સ્વરે કરીને હીયમાનપણું કરતાં થકાંને કોણ વર્જે છે ? વળી એ હીયમાનપણું કલ્પવિશેષચૂર્ણિ તથા કલ્પબૃહદ્ભાષ્ય અને આવશ્યક-વૃત્તિકારોએ અન્યથાપણે વખાણ્યું છે. જે એમ ચૈત્યવંદનને અનંતર અજિતશાંતિસ્તવ કહેવું નહીં તો ત્યારે તેને ઠેકાણે બીજી પણ હીયમાન સ્તુતિ ત્રણ કહીએ એમ છે. તે જ કહે છે "चेईयघर गाहा" એટલે ચૈત્યઘરે જઈ ચૈત્યને વાંદીને શાંતિને અર્થે અજિતશાંતિસ્તવન કહે અથવા ત્રણ થુઈ હીયમાન કહે. ત્યારપછી આવીને આચાર્ય પાસે અવિધિપારિટ્ઠાવણિયાનો કાઉસગ્ગ કરે એ કલ્પવિશેષચૂર્ણિના ચોથા ઉદ્દેશામાં છે. તથા ચૈત્ય અને ઉપાશ્રયે આવીને ગુરુની પાસે અવિધિપારિટ્ઠાવણિયાનો કાઉસગ્ગ કરે, શાંતિ નિમિત્તે ત્યાં પરિહીયમાન ત્રણ થોય નિશ્ચય હોય. અજિતશાંતિસ્તવન પ્રમુખ અનુક્રમે ત્યારે કરે એ કલ્પબૃહદ્ભાષ્યમાં છે. તથા આવશ્યકવૃત્તિમાં નીચે મુજબ છે :

મૃતક ઊભું થાય વગેરે દોષ ત્યાં કાઉસગ્ગ કરવામાં છે. માટે ઉપાશ્રયે ગુરુની પાસે આવી અવિધિપારિટ્ઠાવણિયાનો કાઉસગ્ગ કરે. કોઈ કહેશે કે ત્યાં કાઉસગ્ગ કેમ ન કરે ? ત્યારે કહે છે કે ઉટ્ઠાણાદિ દોષ હોય તે માટે આવીને ચૈત્યઘરે જઈ, ચૈત્ય વાંદીના શાંતિને અર્થે અજિતશાંતિસ્તવ કહે અને ત્રણ થુઈએ તે હીયમાન કહે. ત્યાંથી આચાર્ય પાસે આવીને અવિધિ-પારિટ્ઠાવણિયાનો કાઉસગ્ગ કરે.

આમ, કાંઈ વિપરીત નથી. તેથી એ જ ત્રણ શાશ્વત થોય હીયમાન કહે ત્યારે કોઈ કહેશે કે એને એક થોયપણું કેમ સંભવે ? તો કહે છે કે ત્રણ ગાથા સિદ્ધાણંની ભેગી જ કહેવાથી વળી કાઉસગ્ગને અનંતર ભેગા જ કહેવાથી એક થુઈપણું છે. જેમ શ્રુતસ્તવને આદ્યગાથાએ કરી તીર્થંકરથુઈ અને ત્રણ રૂપકે કરી શ્રુતથોયના પ્રતિપાદનથી ચારે પણ રૂપકોનું એક થોયપણું છે એટલે ચાર સમુદિત થોય એક છે. એ પાઠમાં કૃત્રિક થોયનો નિષેધ છે તે કૃત્રિમ થુઈ ન માને તેના મતમાં ત્રણ સૂત્રથોયની જ ચૈત્યવંદના માને છે. તેથી એ જ શતપદીગ્રંથના ૧૫મા પ્રશ્નોત્તરમાં "**आगमे यतिनां स्तुतित्रयेणैव चैत्यवंदनोक्ता**" એ કહેવાથી સાધુને ત્રણ થોયથી જ ચૈત્યવંદના કહી, તે ચોથી થોય તો એ ગ્રંથના મતથી નિષેધ થઈ.

કલ્પ સામાન્યચૂર્ણિના કથનમાં પ્રથમ ત્રણ થોયથી હીયમાન ચૈત્યવંદના કરીને અવિધિપારિટ્ઠાવણિયાનો કાઉસગ્ગ કર્યા પછી મંગલ-શાંતિ નિમિત્તે અજિતશાંતિ પ્રમુખ સ્તવન કહેવું કહ્યું અને કલ્પવિશેષચૂર્ણિ તથા કલ્પબૃહદ્ભાષ્ય, આવશ્યકવૃત્તિમાં પ્રથમ શાંતિ નિમિત્તે અજિતશાંતિ સ્તવન કહી પછી હીયમાન ત્રણ થોય તથા અવિધિપારિટ્ઠાવણિયાનો કાઉસગ્ગ કરવો કહ્યો. એ અન્યથા વ્યાખ્યાન સંભવે, પણ બૃહત્કલ્પચૂર્ણિ તથા આવશ્યકવૃત્તિકારના "**तिन्नि वा थुईओ**" એ વાક્યમાં વા શબ્દ ગ્રહણ કરવાથી ચૈત્યવંદનાને અનંતર અજિતશાંતિસ્તવન કહેવું. તે ન કરે તો તેના સ્થાને અન્યતઃ હીયમાન ત્રણ થોય કહેવી એવું અન્યથા વ્યાખ્યાન શતપદીકારનું સ્વીકાર કરેલું સંભવ થતું નથી. કારણ કે કલ્પબૃહદ્ભાષ્યમાં તો અજિતશાંતિસ્તવાદિક ક્રમથી પરિહીયમાન ત્રણ

થોય નિયમે કરીને કહેવી કહી, પણ "વા" શબ્દ ગ્રહણ કર્યો નથી. તેથી બૃહત્કલ્પચૂર્ણિ તથા આવશ્યકવૃત્તિમાં "વા" શબ્દ છે તે અવધારણ અર્થે છે એટલે "મૃત સાધુને પરઠવવાવાળા સાધુઓ ચૈત્યમાં જઈ ચૈત્યવંદના કરે, શાંતિ નિમિત્તે અજિતશાંતિસ્તવન કહે ને નિશ્ચે ત્રણ થોય હીયમાન કહે. ત્યારબાદ આચાર્ય પાસે આવી અવિધિપારિટ્ઠાવણિયાનો કાઉસગ્ગ કરે" એમ વા શબ્દનો અવધારણ અર્થ ગ્રહણ કરવાથી બૃહત્કલ્પભાષ્યનું કથન મળે, અન્યથા ન મળે.

માટે કલ્પસામાન્યચૂર્ણિમાં જે સ્થાનકે ત્રણ હીયમાન થોય કહી તે સ્થાનકે અજિતશાંતિ કહેવી ને પછી હીયમાન ત્રણ થોય કહેવી. અન્યથા તે સ્થાનકે સ્વરે કરીને હીયમાન ત્રણ થોય કહેવી ને પછી અજિતશાંતિ કહેવી એ મતથી શતપદીકારે કલ્પવિશેષચૂર્ણિ વગેરેનું અન્યથા વ્યાખ્યાન સૂચન કર્યું સંભવે છે. પણ વા શબ્દ ગ્રહણ કરીને આત્મારામજીએ અન્યથા વ્યાખ્યાન કર્યું તે સિદ્ધાંતથી મળતું સંભવતું નથી. કેમ કે બૃહદ્કલ્પવૃત્તિકારે કલ્પવિશેષચૂર્ણિનો પાઠ વૃત્તિમાં લખ્યો છે તેમાં તિન્નિ થુઈ એવો પાઠ લખ્યો છે, પણ તિન્નિ વા થુઈઓ એવો પાઠ વા શબ્દ ગ્રહણ કરીને લખ્યો નથી. કોઈ જૂની પ્રતિમાં પણ "વા" શબ્દ દેખાતો નથી. તેથી અજિતશાંતિસ્તવન કહેવું અથવા ત્રણ થોય કહેવી એવું આત્મારામજી લખે છે તે અસત્ય છે. કદાચ "વા" શબ્દનો પક્ષાંતર ગ્રહણ કરી શતપદીકારનું અન્યથા વ્યાખ્યાન સિદ્ધાંતથી મળતું સ્વીકાર કરેલું સંભવે તોપણ કલ્પવિશેષચૂર્ણિ, કલ્પબૃહદ્ભાષ્ય અને આવશ્યકવૃત્તિમાં ત્રણ થોયથી ચૈત્યવંદના કરવી કહી થી એવું આત્મારામજીનું લખવું કસ્તૂરીના બદલે કોલસા ચર્વણ કરવા જેવું સંભવે છે. કેમ કે અન્યથા તો વ્યાખ્યાનના અજિતશાંતિ કહો અથવા ત્રણ હીયમાન થોય કહો એવું "વા" શબ્દનો અક્ષરાંતર અર્થ ગ્રહણ કરવાથી સિદ્ધ થાય છે. પણ ત્રણ થોય ન જ કહેવી અને ચોથી થોય કહેવી એવું સિદ્ધ થતું નથી. માટે કોઈ કપટ કરીને શાસ્ત્રોના પાઠ દેખાડી ભોળા જીવોને ત્રણ થોયની ચૈત્યવંદના છોડાવી એકાંતે ચોથી થોય સ્થાપન કરે તેને ઉત્સૂત્રપ્રરૂપક સિવાય શું કહેવાય ?

જેમ પૂર્વધરોના ગ્રંથોમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી તેમ પૂર્વધર વર્તમાનકાલવર્તી તથા પૂર્વધર નિકટકાલવર્તી તથા વર્તમાનકાળ પૂર્વવર્તી આચાર્યોના ગ્રંથોમાં પણ ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે, તે પાઠ લખીએ છીએ.

૧૪૪૪ ગ્રંથના કર્તા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ તથા દેવભદ્રસૂરિજીએ શ્રી દર્શનશુદ્ધિમાં અધિકારીકૃત, અનધિકારીકૃત, વિધિકૃત, જાતમૂલ થયેલી સર્વ જિનપ્રતિમાપૂજન અધિકારમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

अष्टविधजिनप्रतिमायाः पूजा कर्त्तव्येत्युक्तं सा च किंस्वभावा भवतीत्याह -

गुरुकारियाए केई, अन्ने सयकारियाए तेवेति ।
विहिकारियाए अन्ने, पडिमाए पूयणविहाणं ॥२५॥

व्याख्या - तत्र गुरवो मातापित्रादयस्तैः कारिता निष्पादिता इति केचन प्रतिपादयन्ति । अन्ये पुनः स्वकारितायास्तत्पूजाविधिानं ब्रुवंते विधिकारितायाः अन्ये प्रतिमायाः पूजनविधानं पूजा कर्त्तव्येत्यध्याहारः इति सामान्येन नानामतजनमानसोत्था विकल्पाः प्रदर्शिताः । भावार्थस्तव्यं - अधिकारिकृता वानधिकारिकृता वा विधिकृता वा जातमूलोत्था वा या काचित् जिनप्रतिमा सा सर्वापि विवेकवतां पूजनीया यः कश्चिदनधिकारकगतानुमोदनसम्भवस्तत्र जिनवचनमेव प्रमाणं । यदुक्तं -

सीलेहमंखफलए, इयारे चोइति तंतुमाईसु ।
अभिजोइतिसवित्तिसु, अणित्था फेडंतदीसन्त ॥१॥
निस्सकडमनिस्सकडे, वावि चेइए सव्वहिं थुई तिन्नि ।
वेलंव चइयाणं च, नाउं एक्किक्कि या वावि ॥२॥
इति गतार्थाः ॥

અર્થ :- આઠ પ્રકારની જિનપ્રતિમાની પૂજા કરવી એવું કહ્યું માટે તે પૂજા કેવી હોય તે કહે છે **"गुणकारियाए"** ગાથાનો અર્થ એમ છે કે :

કોઈ એમ કહે છે કે માતા-પિતા આદિએ કરાવેલી જિનપ્રતિમા પૂજવી. કોઈ એમ કહે છે કે પોતાની કરાવેલી પ્રતિમા પૂજવી. કેટલાક એમ કહે છે કે વિધિએ કરાવેલી પ્રતિમા પૂજવી. એમ સામાન્ય લોકોના મનમાં થયેલા વિકલ્પ દેખાડ્યાં. પણ ભાવાર્થ અહીંયાં આમ છે કે કોઈ પણ જિનપ્રતિમા તે સર્વે વિવેકી લોકોએ પૂજવી. અહીંયાં જો કોઈ એમ કહે કે અધિકારમાં એ નથી માટે એના અનુમોદનનો દોષ સંભવે. તો કહીએ કે અહીંયાં એવું ના વિચારવું. કારણ કે જિનવચન તે જ પ્રમાણ. ભાષ્યકાર એમ કહે છે કે અસંવિજ્ઞાચૈત્યમાં જો પ્રતિમા પર જાળા વગેરે હોય તો ત્યાંના પુજારી પ્રમુખને સાધુ એમ કહે, અરે તમો આમ મલિનતા શું રાખો છો ? આવું કરવાથી તમારી આજીવિકા કેમ ચાલશે ? જો તમે દેરાસરમાં સ્વચ્છતા રાખશો તો લોકો તમારો પણ સત્કાર કરશે અને જો તે પુજારી દેવની આવક ખાતાં હોય અને ન માને તો તેને ગુસ્સે થઈને કહે, અરે ! પાપીઓ એક તો તમે દેરાસરની આવક ખાઓ છો, અને બીજું તમે દેરાસર પણ નથી પૂજતાં ? એમ કહે. આવું કહેવા છતાંય તે જાળાં વગેરે દૂર ન કરે તો કોઈ ન દેખે તેમ સાધુ પોતે જ જાળાં દૂર કરે. આમ, સામાન્ય ચૈત્યનું કહ્યું. તથા નિશ્રાકૃત અને અનિશ્રાકૃત બંને દેરાસરે ત્રણ સ્તુતિ કહેવી. જો સમય ઓછો હોય તો બધા જ દેરાસરમાં એક-એક થોયથી ચૈત્યવંદના કરવી એમ આગમનું કહ્યું માની સર્વ દેરાસરો વાંદવા. તથા પ્રવચનસારોદ્ધાર મૂળ અને વૃત્તિમાં શ્રી નેમિચંદ્રસૂરિ તથા શ્રી સિદ્ધસેનસૂરિએ પૂર્વધર અનુયાયી ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ આગળ લખાશે. તથા શ્રાદ્ધદિનકૃત્ય મૂળમાં પણ પૂર્વધર અનુયાયી ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

दुब्भिगंधमलस्सावी तणुरप्पेस ण्हाणया ।
अहोवाउवहो चेव तो चिट्ठंति न चेइए ॥४८॥
तिन्निवा कड्ढइ जाव थुईओ तिसिलोईया ।
ताव तत्थ अणुन्नायं, कारणेण परेणवि ॥४९॥

અર્થ :- દેરાસરમાં જઈએ ત્યારે આઠપડનો મુખકોશ બાંધવો. કારણ કે શરીર દુર્ગંધી છે. બહુ ધોઈએ તોપણ એમાંથી ગંદકી નીકળે, ઊંચો-નીચો વાયુ વહે, માટે દેરાસરમાં રહેવું નહીં. જો રહે તો શ્રુતસ્તવને અનંતર ત્રીજી સ્તુતિ ત્રણ શ્લોકની કહે ત્યાં સુધી આજ્ઞા છે, કારણે વધુ પણ રહે.

તથા તપગચ્છીય શ્રી દેવેન્દ્રસૂરિએ પણ શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

चैत्ये एव साधवः किं न तिष्ठंतीत्याशंकां व्यवहारभाष्य-गाथाभिर्निरसयन्नाह - ''जइविन.'' ॥ यद्यपि भक्तिकृतमायतनादि भगवंता नाधाकर्म्म तथापि तद्वजैयद्भिः खलु निश्चये भक्तिर्जिनानां कृता भवति इदं तु लोकेऽपि दृष्टांतात्तदेव दर्शयति ॥४६॥ वंदन-स्थानीयायास्तीर्थकरप्रतिमाया भक्तिनिमित्तमायतनं साधवः प्रविशंति न तु तत्रैव तिष्ठन्ति ॥४७॥ कुत इत्याह- ''दुब्भिगंधमल०'' ''तिन्निवा कड्ढइ''॥ एषा तनुः स्नापितापि दुरभिगंधप्रस्वेदपरिश्राविणी तथा द्विधा वायुपथो अधोवायुनिर्गमन-उच्छ्वासनिःश्वासनिर्गमश्च तेन कारणेन चैत्ये चैत्यायतने साधवो न तिष्ठंति अथवा श्रुतस्तवानन्तरं तिस्त्रस्तुति-स्त्रिश्लोकिकाः श्लोकत्रयप्रमाणा यावत् कर्षन्ति तावत्तत्र चैत्यायतने-ऽवस्थानमनुज्ञातं कारणेन कारणवशात् परेणाप्यवस्थानमनुज्ञातमिति ''उज्जिंतसेलसिहरे'' इत्याद्यपि बहुश्रुताचीर्णत्वाद-विरुद्धमेव चतुर्थी पर्युषणाचरणवदिति ॥

અર્થ :- તેનો અર્થ અગાઉ લખ્યો તે મુજબ છે.

તપગચ્છનાયક શ્રી સોમસુંદરસૂરિજીએ શ્રાદ્ધદિનકૃત્ય અવચૂરિમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

कुत इत्याह - ''दुब्भिगंधमल'' ''तिन्निवा कड्ढइ'' एषा तनु स्नापितापि दुरभिगंधप्रस्वेदपरिश्राविणी तथा द्विधा वायुपथोऽधोवायु-निर्गमनउच्छ्वासनिःश्वासनिर्गमश्च तेन कारणेन चैत्ये चैत्यायतने साधवो न तिष्ठन्ति अथवा श्रुतस्तवानंतरं तिस्त्रस्तुतिस्त्रिश्लोकिकाः श्लोकत्रय-

प्रमाणा यावत्कर्षन्ति तावत्तत्र चैत्यायतनेऽवस्थानमनुज्ञातं कारणेन कारणवशात् परेणाप्यवस्थानमनुज्ञातमिति "उज्जिन्तसेलसिहरे" इत्याद्यपि बहुश्रुताचीर्णत्वादविरुद्धमेव ॥

અર્થ :- શરીરને નવરાવવા છતાં દુર્ગંધી પરસેવો નીકળ્યા કરે છે. વળી, શ્વાસ અને અધોવાયુ પણ નીકળે, માટે દેરાસરમાં સાધુ ન રહે. અથવા શ્રુતસ્તવને અનંતર ત્રીજી થોય ત્રણ શ્લોક પ્રમાણની કહે ત્યાં સુધી દેરાસરમાં રહેવાનું કહ્યું છે. કારણ હોય તો વધુ પણ રહી શકે. ઉર્જિતસેલસિહરે આદિ પણ ગીતાર્થોએ આચર્યું. તે કહેવાનો વિરોધ નથી. એ સિદ્ધાણં બુદ્ધાણંમાં જે બે ગાથા છે તે કહેવાની આચરણા છે.

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ પ્રતિમાશતકની ટીકામાં પણ ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

न चैवमविधिकृतामपि पूजयतस्तदनुमतिद्वारेणाज्ञाभंगलक्षण-दोषोपपत्तिरागमप्रामाण्यात्तथाहि श्रीकल्पभाष्ये "निस्सकडमनिस्स-कडे" इत्यादि १ निश्राकृते गच्छप्रतिबद्धेऽनिश्राकृते च तद्विपरीते चैत्ये सर्वत्र तिस्रः स्तुतयो दीयंतेऽत्र प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलाया अतिक्रमो भवति भूयांसि वा चैत्यानि ततो वेलां चैत्यानि वा ज्ञात्वा प्रतिचैत्यमेकैकापि स्तुतिर्दातव्येति ॥

અર્થ :- અવિધિકૃત ચૈત્ય પૂજવાં એમ કહેવાથી અનુમોદનાદ્વારે કરી આજ્ઞાભંગદોષ થાય છે, એવું ન બોલવું. કારણ કે આગમમાં કહેલું છે. તે માટે તેમજ કહે છે. શ્રી કલ્પભાષ્યમાં નિશ્રાકૃત-અનિશ્રાકૃત બધા ચૈત્યોમાં ત્રણ થોયથી દેવવંદના તથા અવસર ન હોય તો એક-એક થોયથી પણ બધા ચૈત્ય વાંદવા એમાં પણ બધા ચૈત્યમાં ત્રણ થોય કહેવી કહી છે. એમ જ પ્રતિમાશતકની લઘુટીકામાં પણ ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે.

તથા શ્રી રત્નશેખરસૂરિએ પણ શ્રાદ્ધવિધિમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

तथाहि श्रीकल्पभाष्ये निस्सकडेत्यादि निश्राकृते गच्छप्रतिबद्धे-

ऽनिश्राकृते च तद्विपरीते चैत्ये सर्वत्र तिस्रः स्तुतयो दीयन्ते अथ प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलायाऽतिक्रमो भवति भूयांसि वा तत्र चैत्यानि ततो वेलां चैत्यानि वा ज्ञात्वा प्रतिचैत्यमेकैकापि स्तुतिर्दातव्या ।

અર્થ :- તેનો અર્થ પણ ઉપર મુજબનો થાય છે.

તથા ધર્મસંગ્રહપ્રકરણમાં શ્રી માનવિજયજી ઉપાધ્યાયે ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

प्रतिमाश्च विविधास्तत्पूजाविधौ सम्यक्त्वप्रकरणे इत्युक्तं

"गुरुकारिआई केई अन्ने सयकारियाइं तं बिंति ।

विहिकारिआई अन्ने पडिमाए पूअणविहाणं ॥१॥"

व्याख्या - गुरवो मातापितृपितामहादयस्तैः कारिताया: केचिदन्ये स्वयं कारिताया विधिकारितायास्त्वन्ये प्रतिमायास्तत्पूर्वाभिहिमं पूजनविधानं ब्रुवन्ति कर्तव्यमितिशेष । अवस्थितपक्षस्तु गुर्वादिकृतत्व-स्यानुपयोगित्वान्ममत्वाग्रहरहितेन सर्वप्रतिमा अविशेषेण पूजनीया: न चैवमविधिकृतामपि पूजयतस्तदनुमतिद्वारेणाज्ञाभंगलक्षणदोषापत्ति-रागमप्रामाण्यात् तथाहि श्रीकल्पबृहद्भाष्ये -

निस्सकडमनिस्सकडे, वावि चेइए सव्वहिं थुई तिन्नि ।

वेलंव चेइयाणि अ, नाउं इक्किक्कि या वावि ॥१॥

निश्राकृते गच्छप्रतिबद्धेऽनिश्राकृते तद्विपरीते चैत्ये सर्वत्र तिस्रः स्तुतयो दीयन्ते अथ प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलायाऽतिक्रमो भवति भूयांसि वा तत्र चैत्यानि ततो वेलां चैत्यानि वा ज्ञात्वा प्रतिचैत्यमेकैकापि स्तुतिर्दातव्येति ॥

અર્થ :- આ પાઠમાં પણ સર્વ ચૈત્યમાં ત્રણ થોયથી દેવ વાંદવાનું કહ્યું છે. તે સિવાય શ્રી જિનવલ્લભસૂરિ સંતાનીયકૃત સંદેહદોહાવલીમાં જેટલા કાળ સુધી ચૈત્યવંદના કરે તેટલા કાળ સુધી ઉત્સર્ગથી સાધુસ્થાતવ્યાધિકારમાં પણ ત્રણ થોયથી ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

अत्र त्वाराध्यं चैत्यं तस्य चोचिते यं स्थितिर्यावता कालेन चैत्यवन्दना क्रियते तावन्मात्रमेवोत्सर्गतश्चैत्ये साधुभिः स्थातव्यं नाधिकं स्नानादिकरणे तु स्नानादि यावत् ॥ यदुक्तं -

तिविन्ना कड्ढई जाव थुईओ तिसिलोइया ।

ताव तत्थ अणुन्नायं कारणेन परेण वेति ॥१॥

અર્થ :- આમાં પણ ત્રણ થોયની ચૈત્યવંદનાની વાત કહી છે.

તથા અમદાવાદમાં પાંજરાપોળમાં શેઠ જયસિંહભાઇ હઠીસિંહજીના જ્ઞાનભંડારમાં "જિનપ્રતિમાસ્થાપનહૂંડી" ગ્રંથમાં પણ ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે અક્ષર જેમ છે તેમ લખીએ છીએ.

थयथुईमंगलेणं भन्ते किं जणई ?

थय કહેતાં સ્તવન, થુઇ કહેતાં ત્રણ થુઇ, તે થુઇ બીજી સ્થાપના જિનની હુવે એટલે ઇસીઉ ભાવ જે સ્થાપનાજિને આગલ થયથુઇએ કરી દેવ વાંદે તેને જ્ઞાન-દર્શન-ચારિત્ર-બોધિલાભ ઉપજે. ॥૫૧૭પુ૧ ઓ ૭॥

આમ, અનેક પૂર્વાચાર્યોના ગ્રંથોમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તેથી જાણવું જોઈએ કે આવા મહાપુરુષોના વચન જો કોઈ તુચ્છબુદ્ધિ પુરુષ ન માને તો એવા તુચ્છબુદ્ધિવાળાની વાત માનવાવાળાથી મોટો મૂર્ખશિરોમણી કોને કહેવાય ?

પ્રશ્ન :- શ્રી બૃહત્કલ્પભાષ્ય પ્રમુખ પૂર્વોક્ત પૂર્વધર તથા એનુયાયી ગ્રંથોમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી તે તો સામાન્ય વિધિએ સાધુને ઉદ્દેશીને કહી છે, પણ વિશેષ વિધિએ સાધુ-શ્રાવકને ઉદ્દેશીને કહી નથી, તો સામાન્યવિધિથી વિશેષવિધિ કરવી કેમ ઘટે ?

જવાબ :- હે સૌમ્ય ! "અનાપેક્ષીસામાન્ય છે ત્યાં વિશેષ રહેલું છે અને જ્યાં વિશેષ છે ત્યાં સામાન્ય રહેલું છે" એ ન્યાયે "શ્રી બૃહત્કલ્પભાષ્ય પ્રમુખ" ગ્રંથોમાં સામાન્ય અને વિશેષ વિધિ બંને રહેલા છે તથા સર્વ

ક્રિયા-અનુષ્ઠાન જે શાસ્ત્રોમાં કહ્યા છે તે સાધુને ઉદ્દેશીને જ કહ્યા છે. **यदुक्तं वृन्दारवृत्यादौ - सर्वमप्यनुष्ठानं साधुमुद्दिश्य क्रियते ॥** એ વચનથી સાધુને અનુયાયી સર્વ અનુષ્ઠાન શ્રાવકને પણ જાણવા. તે ચૈત્યવંદન આદિ અનુષ્ઠાનની વિધિ પૂર્વે પણ સમ્યક્ત્વકાળમાં માને છે અને આગામી કાળમાં પણ માનશે, પણ મિથ્યાદૃષ્ટિ તો ક્યારેય માનશે નહીં તે માટે સમ્યગ્દૃષ્ટિ જીવોને ત્રણ થોયનો નિષેધ અને એકાંતે ચોથી થોયનો આગ્રહરૂપ કદાગ્રહ છોડી દેવો તે યોગ્ય છે. કારણ કે પૂર્વધર તથા પૂર્વધરઅનુયાયી ગ્રંથોમાં સામાન્ય પ્રકારથી ચૈત્યવંદનવિધિમાં ત્રણ થોય કહી છે, પણ ચોથી થોય કહી નથી. તેમજ પૂર્વધર તથા પૂર્વધરઅનુયાયી ગ્રંથોમાં વિશેષ પ્રકારે ચૈત્યવંદનાવિધિ કહી છે તેમાં પણ ત્રણ થોય જ કહી છે, પણ ચોથી થોય કહી નથી.

તે વિશેષવિધિના પાઠ અનુક્રમે લખીએ છીએ. પ્રથમ અમદાવાદ પાંજરાપોળમાં શેઠ જયસિંહભાઈ હઠીસિંહજીના જ્ઞાનભંડારમાં પૂર્વધર તથા પૂર્વાચાર્યકૃત વિક્રમ સંવત ચૌદસોની સાલમાં લખેલી "શ્રીઆરાધનાપતાકા ભગવતીસૂત્ર"માં સાધુ-શ્રાવક બંનેને ઉદ્દેશીને વિશેષ પ્રકારથી ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

गीयत्थाण गुरुणं, पासे चिइवंदणाई दारेहिं ।
अणसधविहिं पउंजइ, खवगो संवेगभरियंगो ॥४५॥
भीमं अणोरपारं, भवजलहिं दुत्तर कलेऊण ।
गुरु पाजजुयं नमिउं, कयंजली विन्नवे खवगो ॥४६॥
आराहणापहवणं, सहिओ निज्जामएहिं पुज्जेहिं ।
भयवं भवन्नवमहं, दुरुत्तरं तरिओ मिच्छामि ॥४७॥
कारुन्नामयजलही, वायगवसभा भणंति खवगमुणिं ।
निव्विग्घमुत्तमट्ठं, साहेहि लहुं महाभाग ॥४८॥
धन्नोसि तुमं सुन्दर, एरिसओ जस्स नित्थओ जाओ ।

संसारदुक्खमहणं, घित्तुं आराहणपडागं ॥४९॥
ता देहाइसु सुविहिय, मा पडिबंधं कहंवि कुव्विज्जा ।
अणसणविहिं पवज्जसु, चिइवंदणवियडणाईय ॥५०॥
इच्छन्ति भणिय खवगो, ठिए परिक्खितु तस्स उच्छाहं ।
पडिचारगेहि य समं, संघेयण संपाहारित्ता ॥५१॥
अह निज्जामयगुरुणो, सम्मं नाऊण अणसणावसरं ।
भत्तपरिन्नाक्कारिं, कारन्ति संघपच्चक्खं ॥५२॥
तो खवगो जिणनाहे, आहारणनायगे तिहिं थुईहिं ।
वंदइ निविग्घत्थं, हरिसवसुब्भिन्नरोमं च ॥५३॥
तह सावगोवि सम्मं, सावगधम्मं समुज्जमेमाणो ।
आराहणं पउंजइ, इमेण विहिणा खवियदेहो ॥५४॥
काउं चेइयपूयं जहविहवं पूइउ चउविह संघं ।
उचिय जणोवयारं, काउं च कुडुंबसुत्थत्तं ॥५५॥
खामितुसयणवग्ग, नियदव्वं ठविय नवसु खित्तेसु ।
अणुसासिय पुत्ताई, सम्माणिय पुरजणं सयलं ॥५६॥
संथारयपवज्जं, संपजिवज्जित्तु अणसणाभिमुहो ।
साहुव्व तिहिं थुईहिं सगग्गारो जिणवरे वंदे ॥५७॥
जइ पुण सयणनिसेहाई, कारणा चरणमोह उदया वा ।
पचसियपुत्ताईणं, संदेसं वा कहिओ कामो ॥५८॥
संथारगपव्वज्जं, न य पडिवज्जेइ मरणकालेवि ।
तो अणसणं कुणन्तो, देसजई वा अविरओ वा ॥५९॥
जिणपडिमाणं सतरस, भेयं पूयं करित्तु सत्तीए ।
उड्ढतणूवित्ताणं अट्ठसएणं थुणेऊणं ॥६०॥

वामं जाणुअं चिय, दाहिणजाणु निहित्तु धरणियले ।
तिक्खुत्तो मुद्धाणं फासिय धरणिएतो भाले ॥६१॥
दसनहमंजलिमारोविऊण, सक्कत्थएण जिणनाहे ।
वंदई नमुत्थुणं जा संपत्ताणं तिअं तेणं ॥६२॥
चैत्यवन्दनद्वारं १४ ॥

અર્થ :- ગીતાર્થ ગુરુની પાસે ચૈત્યવંદન આદિ દ્વારે કરીને અનશનવિધિ કરનાર, જેનું અંગ સંવેગમાં ભરેલ છે તેવો ॥૪૫॥ જેનો પાર નથી એવા ભવસમુદ્રને તરવા ગુરુના બંને પગે નમી, હાથ જોડી ક્ષપક વિનવે. ॥૪૬॥ હે ભગવંત, ભવસાગર તરવો દુષ્કર છે. હું આરાધનાવાહનમાં બેસી તેને તરવા ઇચ્છું છું. ॥૪૭॥ કરુણા અને અમૃતના સાગર એવા ગુરુજી ક્ષપકને કહે છે, હે મહાભાગ્યવાન, તમે તત્કાળ નિર્વિઘ્ને ઉત્તમાર્થ સાધો, તેમાં ઢીલ ન કરો. ॥૪૮॥ વળી ગુરુ કહે છે, હે સુંદર, તને ધન્ય છે, સંસારદુઃખને મંથન કરનારી આરાધનાપતાકા ગ્રહણ કરવાની તારી ભાવના ઉત્તમ છે. ॥૪૯॥ માટે સુવિહિત દેહનું મમત્વ છોડી પ્રગટસુંદર વિશાલદંડક આદિ વિધિથી ચૈત્યવંદન આદિ કરીને અનશનવિધિ અંગીકાર કરો. ॥૫૦॥ ક્ષપક કહે છે, હું એમ જ ઇચ્છું છું. તેનો ઉત્સાહ જોઇને પડિચારક પૂર્વે કહ્યા તેની સાથે એટલે ॥૫૧॥ વૈયાવચ્ચના કરનારની સાથે, સંઘ સહિત સંપધારીને પછી અનશનને ઉત્તમ જાણીને અનશન કરનારને સંઘ સમક્ષ જાહેર કરે. ॥૫૨॥ પછી અત્યંત ખુશખુશાલ ભક્ત પરમાત્માને ત્રણ થોય સુધી ચૈત્યવંદન કરે. ॥૫૩॥ તેમ શ્રાવક પણ સારી રીતે શ્રાવકધર્મને ઉજાળી આરાધના કરે. એ વિધિએ શરીરને ખપાવે. ॥૫૪॥ ઠાઠમાઠથી ચૈત્યપૂજા કરી, ચતુર્વિધસંઘને પૂજી, ઉચિત જનનો ઉપકાર કરી, કુટુંબને સુસ્થિત કરે. ॥૫૫॥ પછી સજ્જનોને ખમાવી, પોતાનું ધન સાતક્ષેત્રમાં વાપરી, પરિવારને શિખામણ આપી, નગરજનોને સન્માનીને, ॥૫૬॥ ગદ્‌ગદિત સ્વરે સાધુની જેમ ત્રણ થોયથી ચૈત્ય વાંદીને અનશન સન્મુખ થયેલ સંથારો ગ્રહણ કરે. ॥૫૭॥ પણ જો સગા-વહાલાંનો વિરોધ હોય કે ચારિત્રમોહનો ઉદય હોય અથવા પરદેશ ગયેલા પુત્ર આદિને સમાચાર કહેવાના હોય ॥૫૮॥ તો તે

સંથારકપ્રવ્રજ્યાને મરણોત્તર સુધી ગ્રહણ ન કરે અને અનશન કરતાં કરતાં દેશવિરતિપણું તથા અવિરતિપણું ધારણ કરે. ॥૫૯॥ જિનપ્રતિમાની યથાશક્તિ સત્તરભેદી પૂજા કરીને ઊભો થઈને એકસો આઠ કાવ્યોથી સ્તવના કરીને ॥૬૦॥ જમણો ઢીંચણ જમીન પર સ્થાપી, ડાબો ઢીંચણ ઊભો કરી જમીનને ત્રણ વાર મસ્તક અડાડીને ॥૬૧॥ દશ નખ ભેગાં કરીને અંજલિ મસ્તકે ચઢાવીને નમુત્થુણંથી જિનને વાંદે, આમ ચૈત્યવંદનદ્વાર નામે ચૌદમો દ્વાર વખાણ્યો ॥૬૨॥

તથા અવંતી, થરાદ, અમદાવાદ વગેરે શ્રીસંઘના જ્ઞાનભંડારમાં ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી કૃત "વંદનપયન્નો" તેમાં પણ સાધુ-શ્રાવકને ઉદ્દેશીને ત્રણ થોયની ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

दव्वाभावे सड्ढो, करेइ णिच्चं जिणंदपडिमाणं ।
पुरओ ठिच्चा भावपूआ साहुव्व संसुद्धा ॥१७॥
महुरघुणिमरकलिअं, संपत्ता मुक्ख जाव जे अ जिणा ।
ठवणावंदणहेऊ भावविसुद्धिसु इह गइआ ॥१८॥
काऊण उड्ढकायं, अरिहंतचेइअ दंडसंपढइ ।
वंदणयाइ फलट्ठे, उस्सग्गे पुण होइ जिणमुद्दा ॥१९॥
चत्तारि अंगुलाइं, पाओ पुरो हीण पच्छिमो जत्थ ।
वित्थारे जिणमुद्दा, उवओगट्ठं अणुट्ठाणं ॥२०॥
उगणवीसदोसवज्जं, झाणदुरुद्दविमुक्कसज्झाणं ।
विग्गोसग्गे ठिच्चा, अद्धस्स सा जहण्णेणं ॥२१॥
पूरइणमुयारेणं, एगोसुद्धक्खरेण संथुत्ति ।
एगसिलोगिय अहवा, वड्ढन्ति मूलनाहस्स ॥२२॥
निउणोवमाइ कित्तिसज्झुअ, गुणासु जे अलंयारा ।
ललिअरकरेण पएण, सरेण वड्ढेण सा थुत्ति ॥२३॥

अन्ने सुणंति सव्वे, एग्गमणाउ सग्गमज्झंमि ।
झायन्ति धम्मसुक्कं, तस्सट्ठघरं तिवाएग ॥२४॥
नामत्थयं च पच्छा, कड्ढसमग्गसुवन्न अक्खलिओ ।
सव्वलोए अरिहन्तचेइयाणं च समग्गं वि ॥२५॥
तउसग्गं किच्चा, बितीया बिसिलोगिया य इह थुत्ति ।
भणइ अहवा वड्ढमाणइ सव्वजिणंदाणं ॥२६॥
पुव्वुकयविहिणा, कड्ढन्ति सुत्तथवं च संविगा ।
सुअस्स भगवंताणं, उस्सग्गठिउ सुणइ संथुत्ति ॥२७॥
तत्तिआ अहवा वड्ढमाणा सिलोकिया य सुहवणा ।
कम्माणनिज्जरट्ठं, महया सद्देण घोसंति ॥२८॥
ठिच्चापुव्वविहिणा, सक्कत्थयं कहइ जाव पणिहाणं ।
मुत्तासुत्तिमुद्दा, धरेइ सुहजोगसम्पन्ना ॥२९॥

અર્થ :- જે તે દ્રવ્યનો અભાવ છતા પ્રભુપ્રતિમા આગળ બેસીને સાધુની જેમ શુદ્ધ થઈ શ્રાવક રોજ ભાવપૂજા કરે. મધુર સ્વરે અવિરતપણે જ્યાં સુધી ભગવાન મોક્ષે ગયા ત્યાં સુધી નમુત્થુણં બોલે. કારણ કે અહીં વાંદવાના અર્થે ભાવવિશુદ્ધિ ગ્રહણ કરી છે. તે માટે ઊભો થઈને "અરિહંત ચેઈયાણં" દંડક બોલીને વંદન આદિના ફળ માટે જિનમુદ્રાએ કાઉસગ્ગ કરે. કાઉસગ્ગવેળાએ બે પગના આગળના ભાગ ચાર આંગળ પહોળા રાખે, પાછળની પાની ચાર આંગળથી ઓછી રાખે તેને જિનમુદ્રા કહેવાય. કુશળ પુરુષ જઘન્યપણે ઓગણીસ દોષને ત્યાગી, આર્ત-રૌદ્રધ્યાનને ત્યાગી, ધર્મ-શુક્લધ્યાનને ધ્યાયી, આઠ શ્વાસોચ્છ્વાસ સમાન કાઉસગ્ગમાં રહે. પછી નમો અરિહંતાણં કહી કાઉસગ્ગ પારીને એક સારી થોય બોલી અથવા મૂળનાયકની થોય કહે તે થોય ઉત્તમ ઉપમા સહિતની જેમાં ભગવાનની કીર્તિ તથા ગુણોનું અલંકાર સહિતનું વર્ણન હોય, તથા સુંદર અક્ષર-પદ અને સ્વરથી વર્ધમાન હોય તે થોય જાણવી. એક જણ થોય કહે ને

કાઉસગ્ગમાં રહેલા સર્વ એકાગ્રચિત્તે સાંભળે, ધર્મ-શુક્લધ્યાનને ધરે અથવા થોયનો અર્થ ચિંતન કરે. પછી સુંદર સ્વર-અક્ષરથી લોગસ્સ કહે. પછી સવ્વલોએ અરિહંત ચેઈયાણં એ પાઠ વંદણવત્તિયાએ થી સમસ્ત કહે. પછી કાઉસગ્ગ પારીને બીજી બે શ્લોકની થોય કહે અથવા સર્વ જિનેન્દ્રથી થોય કહે. પછી પુક્ખરવરદી કહી કાઉસગ્ગ પારીને શ્રુત ભગવંતની સ્તુતિ કરે અથવા કર્મનિર્જરાના અર્થે વર્ધમાન અક્ષરની સારા શબ્દોવાળી ત્રણ શ્લોકની થોય મોટા સ્વરે કહે. શુભ યોગને પ્રાપ્ત થતા છતા પૂર્વવિધિએ કરી બેસીને નમુત્થુણં કહે. પછી મુક્તાશુક્તિમુદ્રા ધારણ કરીને જયવીયરાય સુધી ચૈત્યવંદના કરે.

એ પ્રકારે શ્રી ભદ્રબાહુસ્વામી પ્રમુખ પૂર્વધર પૂર્વાચાર્યોના ગ્રંથોમાં આ પ્રમાણેનો પાઠ વાંચીને સમદૃષ્ટિ અપક્ષપાતી પુરુષ તો નિશ્ચયથી પોતાના મનમાં વિચારે કે પૂર્વધારીઓના વખતમાં પણ ત્રણ થોયની ચૈત્યવંદના ચાલતી હતી, તો હવે પૂર્વધારીઓની આચરણાનો નિષેધ કરીને એકાંતે ચોથી થોયની આચરણા કરવી એ મહાઅનર્થનું મૂળ છે તથા પૂર્વધર પૂર્વાચાર્યોની ત્રણ થોયથી કરેલી ચૈત્યવંદનાની આચરણાનો નિષેધ કરવાવાળા અને એકાંતે ચોથી થોય આચરવાવાળા આત્મારામજી પ્રમુખ પોતાના મનમાં એમ નહીં વિચારતા હોય કે, અમારા જેવા તુચ્છબુદ્ધિવાળા પૂર્વધારીઓની આચરણાનો વિરોધ કરીને કેવી ગતિમાં જઈશું ? તથા પૂર્વધર નિકટવર્તી તથા પશ્ચાત્કાલવર્તી આચાર્યોના ગ્રંથોમાં પણ વિશેષ પ્રકારે ચૈત્યવંદના ત્રણ થોયથી કરવી કહેલી છે. ત્યાં પ્રથમ શ્રી સ્તંભનતીર્થ પ્રગટકર્તા નવાંગીવૃત્તિકારક મહાપ્રભાવક શ્રી અભયદેવસૂરિકૃત પંચાશક-વૃત્તિમાં પૂર્વધર અનુયાયી વ્યવહારભાષ્ય સાક્ષીએ ત્રણ થોયની ચૈત્યવંદનાની સિદ્ધિ પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ કરીને સારી રીતે નિશ્ચિત કરી છે. તે પાઠ :

इह केचिन्मन्यंते शक्रस्तवमात्रमेव वन्दनं श्रावकस्य युक्तं जीवाभिगमादिषु तन्मात्रस्यैव तस्य विजयदेवादिभिः कृतत्वेन प्रतिपादितत्वात् । तथाहि जीवाभिगमे विजयदेवेन, राजप्रश्नकृते सूरिकाभदेवेन, जम्बूद्वीपप्रज्ञप्त्यां शक्रेण, ज्ञाताधर्मकथायां च द्रौपद्रा शक्रस्तव-

मात्रमष्टोत्तरवृत्तशतपाठान्वितवंदनं कृतामिति श्रूयते ततस्तदाचरित-प्रामाण्यात्तदधिकतरस्य च गणधरादिकृतसूत्रे अनभिधानान्न शक्र-स्तवातिरिक्तं तदस्तीति । अत्रोच्यते - यदुक्तमाचरितप्रामाण्यादिति तदयुक्तं, यतो यदिदं जीवाभिगमादिसूत्रं तद्विजयदेवादिचरिता-नुवादमात्रमेवेति न ततोऽधिकृतवंदननाच्छेदः कर्त्तुं शक्यस्तेषां ह्यविरतत्वात्प्रमत्तत्वाच्च तावदेव तद्युक्तं । तदन्येषां पुनरप्रमादविशेषवतां विशेषभक्तिमतां तदधिकत्वेऽपि न दोषः । यदि पुनराचरितमवलंब्य प्रवृत्ति कार्या तदा बहून्यन्यदपि कर्त्तव्यं स्याद्विधयतयांगीकृतमपि च वर्ज्जनीयं स्यात् । तथाहि - विजयदेवादिभिर्द्वारशाखाशालभंजिका-देहलीस्तंभमंडपमध्यगतशस्त्रवृक्षपीठसिंहासनपुष्करिण्यादिपूजितं तथा भरतेन परिव्राजकवेषधारी मरीचिं वंदितो, भ्रातृवधाय चक्रमुद्गीर्णं, भगिनीं प्रव्रजंतीं भोगार्थं विधृता, द्रौपद्या पंचभर्त्तारो विहिताः, प्रदेशिना च राज्ञा सत्रागाराणि कारितानीत्येवमन्येनापि सर्वमेतद्विधेयं स्याद्धर्म्म-कृत्यमेवतदीयमालंबनीयमिति चेदेवंतर्हि विजयदेवादिभिः सिद्ध-प्रतिमास्नपनं स्वकीयपुष्करिणीजलेन कृतमितीन्द्राणां जिनजन्मा-भिषेकस्तेनैव विधेयः स्यान्न पुनर्नानाविधतीर्थोदकमृत्तिकाकषायादि-भिर्विजयदेवादीनां वा पुष्करिणीजलेन तन्नोचितं स्यादिन्द्रैरन्यथा जिनजन्मस्नानस्य कृतत्वादिंद्राणां वा निर्वाणमज्जनं क्षीरोदकेनैव न विधेयं स्याज्जन्मनिष्क्रमणमज्जनयोस्तीर्थोदकादिभिस्तैरेव कृतत्वात्तथा शक्रस्तवपाठोचितवामजानोर्भून्यस्तदक्षिणजानोरेव च विधेयः स्यादिन्द्रादिभिस्तथा तस्य कृतत्वान्न पुनः पर्यंकासनस्थस्यानशन-प्रतिपत्तिकाले मेघकुमारस्येव तथा तंदुलैरष्टाष्टमंगलकानि कृतानि देवैस्तथैव बलिरन्येनापि विधेयः स्यान्न पुनर्विचित्रभक्त्यादिभिरेव-मारात्रिकलवणावतारेण जलावतारेणाद्यपि न विधेयं स्यादिन्द्राभि-र्विहितत्वेन जीवाभिगमादिष्वनाभिहितत्वादिति । यच्चोक्तं - तदधिक-तरस्य तस्यानभिधानादिति तदयुक्तं "तिणि वा कड्ढई जाव थुईओ

तिसिलोइए इत्यादि'' व्यवहारभाष्यवचनश्रवणात्साध्वपेक्षया तदिति चेन्नैवं साधुश्रावकयोर्दर्शनशुद्धेः कर्त्तव्यताद्दर्शनशुद्धिनिमित्तत्वाच्च वंदनस्य तथा संवेगादिकारणत्वादशठसमाचरितत्वाज्जीतलक्षणस्येहोपपद्यमानत्वाच्चैत्यवंदनभाष्यकारादिभिरेतत्करणस्य समर्थितत्वाच्च तदधिकतरमपि तन्नायुक्तं न च वाच्यं भाष्यकारादिवचनान्यप्रमाणानि तदप्रामाण्ये सर्वथा गमनावबोधप्रसंगादावश्यकानुज्ञाते च चैत्यवन्दनस्यानुज्ञातत्वादावश्यकांतःपातित्वाच्चैत्यवन्दनसूत्रस्येत्यलं प्रसंगेनेति गाथार्थः ॥

અર્થ :- અહીં કોઈ માને છે કે એકમાત્ર શકસ્તવથી જ વંદના શ્રાવકને યોગ્ય છે. જીવાભિગમસૂત્ર આદિમાં વિજયદેવ આદિએ કરવાપણે કરીને પ્રતિપાદન કરવાપણાથી શકસ્તવમાત્ર વંદન કહે છે. જીવાભિગમમાં વિજયદેવે, રાયપસેણીમાં સૂર્યાભદેવે, જંબૂદ્વીપપન્નત્તીમાં શકેન્દ્રે, જ્ઞાતાધર્મકથામાં દ્રૌપદીએ શકસ્તવમાત્ર એકસો આઠ વૃત્ત પાઠ સાથે શકસ્તવ વંદન કર્યું તેમ સાંભળીએ છીએ. તે માટે તેના આચરિત પ્રમાણપણાથી અધિકતર તો ગણધર આદિએ કરેલા સૂત્રમાં કહ્યું નથી. તેથી જે એમ કહે છે કે શકસ્તવ કહેવું એ જ ચૈત્યવંદન છે તેનાથી અધિક નથી તેને અહીં એમ કહે છે કે જે તમે કહ્યું તેટલું જ ચૈત્યવંદન કહેવું અયુક્ત છે. જીવાભિગમસૂત્ર છે તે વિજયદેવ ચરિતાનુવાદ છે. તે સૂત્રઅધિકારપ્રાપ્ત વંદનનું છેદ કરવા સમર્થ નથી. કેમ કે તે અવિરતિપણું અને પ્રમાદીપણાથી યુક્ત છે. તે સિવાય બીજા અપ્રમાદી વિશેષ ભક્તિ કરવાવાળાને આનાથી અધિક કરવામાં પણ દોષ નથી અને જો આચરિતને આલંબન કરીને પ્રવૃત્તિ કરવી પડે તો બીજું કર્તવ્ય પણ કરવું પડશે અને અંગીકાર કરેલું કર્તવ્ય છોડવું પડશે તેમ જણાવે છે. તો વિજયદેવ આદિ દેવોએ દ્વારશાખા-શાલભંજિકા-પૂજલી-દેહલી-થાંભો-મંડપમધ્યભાગ-શાસ્ત્ર-વૃક્ષ-પીઠ-સિંહાસન-પુષ્કરણીવાવ વગેરે પૂજયા તે પૂજવા પડશે અને ભરતે જેમ મરીચિ પરિવ્રાજકને વાંદ્યો, ભાઈનો વધ કરવા ચક્ર મૂક્યું, પોતાની દીક્ષા લેતી બહેનને ભોગ માટે રાખી, દ્રૌપદીએ પાંચ પતિ કર્યા અને પ્રદેશીએ

દાનશાળા કરાવી તો આ બધું પણ કરવા યોગ્ય થશે. અને જો એમ કહેશો કે ધર્મકાર્ય જ લેવા, સંસારના ન લેવા એમ તમારું કહેવું છે તો વિજયદેવ આદિએ સિદ્ધપ્રતિમાને સ્નાન પોતાની પુષ્કરણીવાવના જળથી કરાવ્યું છે તો ઇન્દ્રોએ પણ જિનજન્માભિષેક તે જ જળથી કરાવવું જોઈએ. અહીં નાના પ્રકારના તીર્થોદક, મૃત્તિકા, કષાય આદિ ઔષધિએ અને વિજય આદિ દેવોએ પુષ્કરણીવાવના જળથી સ્નાન કરાવ્યું અને ઇન્દ્રે જિનજન્માભિષેક બીજી રીતે કરાવ્યું તે ન જોઈએ. ઇન્દ્રે પણ પુષ્કરણીવાવના જળથી જ કરાવેલું હોવું જોઈએ. ઇન્દ્ર આદિએ નિર્વાણ-મજ્જન ક્ષીરોદકે જ કરાવ્યું તે કરવા યોગ્ય ન હોય અને ઇન્દ્ર આદિએ જન્મ-નિષ્ક્રમણનું સ્નાન તીર્થોદકાદિકે જ કરાવ્યું છે તેથી શક્રસ્તવ પાઠ ડાબો ઢીંચણ ઊભો કરી જમણો જમીન પર સ્થાપી કરવાનો રહેશે; કેમ કે ઇન્દ્ર આદિનું તેમજ કરવાપણું છે. તેથી મેઘકુમારની જેમ પર્યંકાસને રહેલો અનશન અવસર નહીં થાય. તથા ચોખાથી દેવતાઓએ આઠ-આઠ મંગલ કર્યા તેમજ બલિ આદિ પણ કરવા યોગ્ય નહીં થાય. વળી અનેક ભક્ત આદિથી થયેલ આરતી, ભુવા ઊતારવું, જલ-અવતરણ આદિ પણ કરવા યોગ્ય નહીં થાય. ઇન્દ્રાદિકોએ જીવાભિગમ આદિમાં કરવાપણે કરવું કહ્યું નથી તે માટે તમારે પણ એ સર્વ કરવું અયુક્ત થશે. વળી, તમે શક્રસ્તવથી અધિક ચૈત્યવંદન શાસ્ત્રમાં કરવું કહ્યું નથી તેમ કહ્યું છે તે અયુક્ત છે. કેમ કે **"तिन्नि वा कड्ढई"** એટલે વ્યવહારભાષ્યનું વચન ત્રણ થોય ચૈત્યમાં કહેવી એ શક્રસ્તવથી અધિક વિધિ છે. અને જો તમે કહેશો કે આ સાધુ અપેક્ષાએ કહ્યું છે, તો તેમ કહેવું યોગ્ય નથી. કારણ કે સાધુ અને શ્રાવકને દર્શનશુદ્ધિ કર્તવ્યપણું છે. તેથી વંદનને દર્શનશુદ્ધિ અને સંવેગ આદિનું કારણપણું છે અને ગીતાર્થ સમાચરિતપણાથી જિતલક્ષણનું અહીં અંગીકારપણું છે. તેથી ચૈત્યવંદન ભાષ્યકાર આદિએ તે વંદનને કારણપણું કહ્યું છે. તેથી જીવાભિગમ આદિકે કહેલાથી અધિક વંદનનું અયુક્તપણું નથી એટલે અધિક કરવું પણ યોગ્ય છે. વળી, એમ પણ ન બોલવું કે ભાષ્યકાર આદિના વચન પ્રમાણ નથી. કેમ કે તેના વચન અપ્રમાણ થાય તો આગમનો બોધ ન થાય. જેથી અબોધિપણું થાય. વળી, ચૈત્યવંદનનું

આવશ્યક આજ્ઞામાં અનુજ્ઞાપણું છે તેથી અને આવશ્યકના અંતઃપાતીપણાથી ચૈત્યવંદનનું જ્ઞાપન છે તેથી પ્રમાણ કરવું.

એ પંચાશક વૃત્તિકાર શ્રી અભયદેવાચાર્યનું પાંડિત્યપણું આજ સુધી સર્વ જૈન સમુદાયના સાધુ-શ્રાવક અને સ્વગચ્છ તેમજ પરગચ્છમાં પ્રસિદ્ધ છે. એ આચાર્યે હજારો ગ્રંથની રચના કરી છે. જેઓના કોઈપણ ગ્રંથમાં કોઈ શંકાની વાત જણાતી નથી. પૂર્વધરઅનુયાયી સર્વ શંકાનું સમાધાન કરીને રચના કરી છે. એ આચાર્યના રચેલા ગ્રંથ વાંચવાથી જ શંકા કરવાવાળા વાદીઓનું અભિમાન દૂર થઈ જાય છે. આ વાત કોઈપણ જૈનીથી નામંજૂર થતી નથી તો શક્રસ્તવથી અધિક ચૈત્યવંદના નહીં કરવાવાળા પૂર્વપક્ષીને સાધુ-શ્રાવક બંનેને દર્શનશુદ્ધિનું કર્તવ્યપણું બતાવીને શક્રસ્તવથી અધિક ચૈત્યવંદના એટલે વ્યવહારભાષ્યની ગાથાએ સિદ્ધ કરેલ ત્રણ થોયની સંપૂર્ણ ચૈત્યવંદના કોણ સમદૃષ્ટિ જીવ નામંજૂર કરે ? એટલે સમદૃષ્ટિ તો નામંજૂર ન જ કરે. મિથ્યાદૃષ્ટિ કરે તેની ના નહીં. તથા ન્યાયસરસ્વતીબિરૂદધારક શ્રીમદ્ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી શોધિત શ્રી વિજયાનંદસૂરિજીના શિષ્ય પંડિત શ્રી શાંતિવિજયગણિ ચરણસેવી મહોપાધ્યાય શ્રી માનવિજયગણિ રચિત સ્વોપજ્ઞ "ધર્મસંગ્રહવૃત્તિ"માં બહુકાળ આયતન ચૈત્યસ્થિતિ-દોષાધિકારમાં ત્રણ થોયથી મધ્યમ અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

बहुकालं हि चैत्यायतनेऽवस्थितिर्दोषाय यत उक्तं साधूनुद्दिश्य व्यवहारभाष्ये -

जइवि न आहाकम्मं, भक्तियं तह तेहिं भत्ती ।
खलु होई कया जिणाण लोएवि विदुन्तु ॥१॥
बंधित्ता कासवओ, वयणं अट्ठपुडसुद्धपोत्तीए ।
पत्थिवमुवासए खलु, वित्तितिमित्तं भयाई वा ॥२॥

पार्थिवस्थानीयायास्तीर्थकरप्रतिमाया भक्तिनिमित्तं चैत्यायतनं साधवः प्रविशन्ति न तु तत्रैव तिष्ठन्ति इति तद्वृत्तिः कुत इत्याह -

दुब्भिगंधपरिस्सावी, तणुरप्येस न्हाणिआ ।
दुहावाउपहो चेव, तेण ठंति न चेइए ॥३॥
तिन्नि वा कहई, जाव थुइओ तिसिलोइआ ।
ताव तत्थमणुण्णायं कारणेणं परेणवि ॥४॥

तिस्त्रः स्तुतयः कायोत्सर्गानन्तरं या दीयंते ता यावत्कर्षति भणतीत्यर्थः । किंविशिष्टाः तत्राह त्रिश्लोकिकाः त्रयः श्लोकाः छंदो-विशेषरूपा आधिक्येन या सुतास्तथा सिद्धाणं बुद्धाणमित्येकः श्लोको, जो देवाणवि इति द्वितीयः, एक्कोवि नमोक्कारो इति तृतीयः, तावत्कालमेव तत्र जिनमन्दिरेऽनुज्ञातमवस्थानं यतीनां कारणेन पुन-र्धर्म्मश्रवणाद्यर्थमुपस्थितभविकजनोपकारादिना परतोऽपि चैत्य-वन्दनाया अग्रतोऽपि यतीनामवस्थानमनुज्ञातं शेषकाले साधूनां जिनाशातनादिभयान्नानुज्ञातमवस्थानं तीर्थकरगणधरादिभिस्ततो व्रतिभिरप्येवमाशातनाः परिहृियन्ते गृहस्थैस्तु सुतरां परिहरणीया इति पुनस्तत्रैव जीर्णपुस्तिकायां "इक्कोवि नमक्कारो इति" तृतीयोपरि पर्यायपाठः ॥ एतयोर्भावार्थः - साधवश्चैत्यगृहे न तिष्ठंति अथवा चैत्यवन्दनांत्यशक्रस्तवाद्यनंतरं तिस्त्रः स्तुतयः श्लोकत्रयप्रमाणाः प्रणि-धानार्थं यावत्कर्षंति प्रतिक्रमणानन्तरं मंगलार्थं निष्कारणं न परतः सिद्धादिश्लोकत्रयमात्रांतपाठे तु सम्पूर्णवन्दनाभाव एव प्रसज्जति श्लोकत्रयपाठान्तरं चैत्यगृहेऽवस्थाननानुज्ञातेन प्रणिधानाऽसद्भावात् भणितं चागमे - वंदनांते प्रणिधानं यथा "वंदइ नमंसइ" इति सूत्रवृत्ती - वंदते ताः प्रतिमाश्चैत्यवंदनाविधिना प्रसिद्धेन नमस्तकरोति पश्चात्प्रणि-धानरूपाः ज्ञेयाः सर्वथा परिभाव्यं । अत्र पूर्वापरविरोधे प्रवचनगांभीर्य-मुक्ताभिनिवेशमिति संघाचारवृत्ताविति ॥

અર્થ :- સાધુને ઉદ્દેશીને કહ્યું છે કે બહુ કાળ સુધી દેરાસરમાં રહેવું તે દોષિત છે. સાધુના અધિકારમાં વ્યવહારભાષ્યમાં તે ભક્તિકૃત છે. તોપણ સાધુએ દેરાસરમાં ન રહેવું. કેમ કે પરમાત્માની ભક્તિ કરી હોય માટે લોક

કહેવત એમ છે કે "ઘાંયજો જો રાજાની હજામત કરવા જાય તો પોતાના મોઢે આઠ પડવાળો રૂમાલ બાંધીને પછી રાજાની હજામત કરે" તેમ અહીં પણ જાણવું કે રાજાને ઠેકાણે તીર્થંકરપ્રતિમાની ભક્તિને અર્થે સાધુ દેરાસરમાં જાય, પણ ત્યાં જ ન રહે. શા માટે ત્યાં ન રહે ? તો કહે છે કે આ શરીરને મરજી આવે તેટલું સ્નાન કરાવો તોપણ તેમાંથી પરસેવાની ગંધ મારે છે. તથા અધોવાત અને શ્વાસોચ્છ્વાસ એ બંને શરીરમાંથી વહે છે માટે સાધુ દેરાસરમાં રહે તો આશાતના લાગે. અને જો રહે તો કાઉસગ્ગ પારીને ત્રણ થોય કહે ત્યાં સુધી રહે એ ત્રણ થોય ત્રણ શ્લોકની છે. જેમાં - એક શ્લોક સિદ્ધાણં બુદ્ધાણં બીજો જો દેવાણ વિ દેવો અને ત્રીજો ઇક્કો વિ નમુક્કારો - આ ત્રણ શ્લોક કહે ત્યાં સુધી સાધુને મંદિરમાં રહેવાની આજ્ઞા છે. અને વળી કારણે વધારે રહેવાનું કહ્યું છે તે કારણ આ મુજબ છે. જો ભવિક લોક ધર્મ સાંભળવા બેસે તો ઉપકાર જાણીને જૈન સાધુને વધુ રહેવાની પણ આજ્ઞા છે. એ કારણ વિના સાધુને અરિહંત પરમાત્માની આશાતનાના ભયથી ગણધર આદિએ આજ્ઞા આપી નથી. આમ, સાધુ જિનાલયની આશાતના ટાળે છે તો સંસારીઓએ તો આશાતનાને ત્યાગવી જ જોઈએ.

દુબ્બિગંધ એ બે ગાથાનો ભાવાર્થ એમ છે કે સાધુ જે છે તે ચૈત્યમાં ન રહે અથવા ચૈત્યવંદનના અંતે શકસ્તવ આદિ કહીને જેમ પ્રતિક્રમણને અંતે મંગળ માટે ત્રણ થોય ભણે તેમ અહીં શ્લોક ત્રણ પ્રમાણની ત્રણ થોય કહે ત્યાં સુધી ચૈત્યગૃહમાં સાધુને રહેવાનું કહ્યું છે. કારણ વિના વધુ ન રહેવું અને જો કોઈ લોગસ્સ, પુક્ખરવરદી અને સિદ્ધાણં બુદ્ધાણં એ ત્રણ જ થોય એવો અર્થ કહે તો તેને કહે છે કે આ ત્રણ શ્લોકમાં સંપૂર્ણ વંદનાનો અભાવ છે એટલે સંપૂર્ણ વંદના ન થાય. અને ઉભય કાળે તો ચૈત્યમાં સંપૂર્ણ વંદના કહી છે તો તેમાં અભાવનો પ્રસંગ થયો. કેમ કે ત્રણ થોયના પાઠ પછી ચૈત્યમાં ન રહેવું એવી આજ્ઞા છે. તેથી કરીને પ્રણિધાનનો અસદ્ભાવ થયો એ અર્થ કરવો કેમ ઘટે ? અને આગમમાં તો કહ્યું છે કે વંદનાના અંતે પ્રણિધાન એટલે જેમ "**वंदइ नमंसइ**" વંદઈ નમંસઈ એ સૂત્રની વૃત્તિમાં કહ્યું છે તેમ વાંદે તે પ્રતિમાઓને, ચૈત્યવંદન વિધિએ કરીને, પ્રસિદ્ધ નમસ્કાર કરીને પ્રણિધાન આદિ યોગે કરીને કહેવાથી ત્રણ

થોય પ્રણિધાનરૂપ જાણવી એટલે ત્રણ થોય કહી પ્રણિધાનની ત્રણ થોય કહેવી એ સંપૂર્ણ ચૈત્યવંદનારૂપ જાણવું. સિદ્ધાણં બુદ્ધાણં આદિ ત્રણ થોય જ નહિ, પણ પ્રણિધાન ત્રણ થોય સુધી રહેવાની આજ્ઞા છે. તેથી અહીં કદાગ્રહ મૂકીને પ્રવચનનું ગાંભીર્યપણું છે તેથી પૂર્વાપર વિરોધ ટાળી સર્વ પ્રકારે વિચારવું. કેમ કે ત્રણ થોય આગળ પ્રણિધાનની ત્રણ થોય ન માનીએ તો પ્રણિધાન આગમમાં કહ્યું તે વચન કેમ મનાય ? માટે સંપૂર્ણ વંદના પ્રણિધાન પર્યંત ત્રણ થોય સુધી જાણવી.

અહીં કાયોત્સર્ગ અનંતર એટલે જ્ઞાનસ્તવના કાયોત્સર્ગ અનંતર ત્રીજી થોય ત્રણ શ્લોકની છંદવિશેષરૂપથી આધિક્ય કરીને કહી તે પહેલી અરિહંતચૈત્યનિશ્રિત એક શ્લોકની, બીજી સર્વ ચૈત્યનિશ્રિત બે શ્લોકની, ત્રીજી શ્રુતનિશ્રિત ત્રણ શ્લોકની અથવા પદ અક્ષર આદિકથી આવશ્યકચૂર્ણિ ઉક્ત વર્ધમાન થોય જાણવી તથા સિદ્ધાણં બુદ્ધાણં તેની ત્રણ શ્લોકે થોય કહી તે કોઈક આચાર્ય શ્રુતસ્તવ કાયોત્સર્ગ અનંતર ત્રીજી ચૂલિકા સ્તુતિ કહીને સિદ્ધાણં બુદ્ધાણં કહી બેસીને નમુત્થુણં-જાવંતિ પ્રમુખ સ્તોત્ર બોલીને પ્રણિધાન પર્યંત દેવવંદન કરે છે એ અપેક્ષાએ કહીએ તે પાઠ પ્રસંગે આગળ લખાશે. તથા ધર્મસંગ્રહની જૂની પ્રતમાં ઇક્કો વિ નમુક્કારો વગેરે તૃતીય વાક્યના ઉપર પર્યાય પાઠ, સંઘાચારવૃત્તિનો તેમાં સિદ્ધાણં બુદ્ધાણં આદિ ત્રણ શ્લોક સુધી ઘણા ચૈત્યવંદન માને છે તેના નિરાકરણના અર્થે યાવત્ શબ્દથી નમુત્થુણં આદિ સ્તોત્ર પ્રણિધાનપર્યંત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના થાય. એટલે ત્રણ ધ્રુવ-અધ્રુવ થોય કહી. નમુત્થુણં જિનમુનિવંદન પ્રાર્થનાસ્તોત્ર કહી પ્રણિધાન ત્રણ થોય સુધી કહી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના સુધી ઉત્સર્ગે સાધુ દેરાસરમાં રહે અને કોઈ કારણે અધિક પણ રહે. એ પરમાર્થ ગ્રંથકારે જણાવ્યો છે. હવે વિચાર કરવો જોઈએ કે શાસ્ત્રોમાં વિશેષ પ્રકારે વિધિપૂર્વક ચૈત્યવંદનાનો પ્રગટ પાઠ દેખીને પણ જો કોઈ ત્રણ થોયની ચૈત્યવંદનાનો નિષેધ કરે તેને જૈનમતમાં અશ્રદ્ધાળુ સિવાય બીજા કયા નામે બોલાવવો ? અને આવા મોટા મહાશાસ્ત્રોમા પ્રગટ પાઠ છે તોપણ આત્મારામજીને દેખવામાં આવતા નથી એ કર્મની વિષમ ગતિ નહીં તો બીજું શું કહેવું ?

॥ चतुर्थस्तुतिनिर्णयशंकोद्धार अपरनाम चतुर्थस्तुतिकुयुक्तिनिर्णय-छेदनकुठार ग्रंथमां पूर्वधर-पूर्वधरअनुयायीकृत त्रिस्तुतिचैत्यवंदनानिदर्शन नामनो सातमो परिच्छेद समाप्त थयो. ॥

प्रश्न :- જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ આ ત્રણ ભેદની ચૈત્યવંદના તથા નવ પ્રકારની ચૈત્યવંદના પંચાંગીમાં, પૂર્વધર તથા પૂર્વધરઅનુયાયી ગ્રંથમાં કહી નથી તે તમે કેમ માનો છો ?

ઉત્તર :- હે પૂર્વાપરવિચારઅજ્ઞ ! "કૂવામાં હોય તે હવાડામાં આવે" તેમ પંચાંગી તથા પૂર્વધરોના ગ્રંથોમાં સામાન્યવચને વિધિ હોય તો અન્ય ગ્રંથકારો પૂર્વધરઅનુયાયી વિશેષવચનથી કરી ખુલાસો કરે, પણ સામાન્ય વિધિ ન જ હોય તો "**ग्रामं नास्ति कुतः सीमा**" એ ન્યાયે અન્ય ગ્રંથકાર વિશેષ વિધિનો ખુલાસો ક્યાંથી કરે ? માટે પંચાંગીમાં પૂર્વધરે ત્રણ થોયની ચૈત્યવંદના કોઈ ઠેકાણે જઘન્ય ભેદે, કોઈ ઠેકાણે મધ્યમ ભેદે અને કોઈ ઠેકાણે ઉત્કૃષ્ટ ભેદે દર્શાવી છે. તે પ્રમાણે પૂર્વધરવર્તમાનકાલવર્તી તથા પશ્ચાત્કાલવર્તી આચાર્યોએ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ત્રણ ભેદની તથા નવ ભેદની ચૈત્યવંદનાનું સંકલન કર્યું છે, તે દર્શાવીએ છીએ.

પ્રથમ રાયપસેણિ, જીવાભિગમ આદિ સૂત્રોથી જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદથી ચૈત્યવંદના સિદ્ધ થાય છે. તે પાઠ :

धूयं दाउणं जिणवराणं अट्ठसयं विसुद्धं गंथजुत्तेहिं अपुणरूत्तेहिं संथूणइ सत्तट्ठपयाइं पच्चोसक्कइ २ वामं जाणुअं चेइ दाहिणं जाणु धरणितलंसि तिकट्टु मुद्धाणं धरणितलंसि णिव्वोडेत्ति २ इसं पच्चूए णमइ इसिं पच्चुए णमित्ता करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिकट्टु एवं वयासी णमोत्थुणं अरिहंताणं जाव संपत्ताणं वंदइ णमंसई ॥

અર્થ :- જિનવર ભણી ધૂપ દેઈ એટલે સર્વ દ્રવ્યપૂજાવિધિ કરીને અતિશુદ્ધ એટલે દોષ રહિત સારયુક્ત અર્થરચના સહિત મોટા વૃત્તના દેવલક્ષ્મી-પ્રભાવગર્ભિત સુંદર સ્તોત્ર વડે સ્તુતિ કરે. સ્તુતિ કરીને પછી સાત-આઠ

પગલાં પાછાં ભરે. ભરીને ત્રણ વખત મસ્તક જમીનને અડાડે. ડાબો ઢીંચણ થોડો ઊંચો રાખે તથા જમણો ઢીંચણ જમીન પર સ્થાપી મસ્તક ઊંચે કરીને બંને હાથે આવર્ત પ્રદક્ષિણારૂપે મસ્તકે અંજલી કરીને અરિહંત ભણી નમસ્કાર થાઓ એમ બોલે. નમુત્થુણંમાં જાવ સંપત્તાણં સુધી કહી વાંદે, નમસ્કાર કરે. એ પાઠમાં "अट्ठसयं विसुद्धं" એ પાઠથી તથા નમુત્થુણંના "જાવ સંપત્તાણં" એ પાઠથી જઘન્ય ચૈત્યવંદના દર્શાવી તેમ જ કહ્યું છે. સંઘાચાર આદિ ગ્રંથોમાં જઘન્ય ચૈત્યવંદના નમો અરિહંતાણં આદિ એક શ્લોકરૂપે કહીને તથા જાતિનિર્દેશથી બહુ નમસ્કારે કહીને અથવા પ્રણિપાત એટલે નમુત્થુણંદંડકે કહીને થાય છે અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદના વંદઈ-નમંસઈ એ પાઠથી દર્શાવી છે. શ્રી મલયગિરિજી કૃત રાયપસેણી પ્રમુખની વૃત્તિમાં પ્રતિમાઓને પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિએ કરીને વાંદે, પછી નમસ્કાર કરે, પ્રણિધાન આદિ યોગે કરીને એ વચનથી જ્યાં પ્રણિધાન ત્યાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદના જાણવી અને "**आद्यंतयोर्ग्रहणे मध्यममपि ग्रहणीयं**" એ ન્યાયથી મધ્યમચૈત્યવંદના પણ સુપ્રસિદ્ધ જાણવી.

यदुक्तं श्रीपूर्वधराचार्यकृत वंदनकप्रकरणे -

उक्कोसाविहि एसा नवयारेणय जणहसंगहिया ।

मज्झिम अणेगभेया, णेया सुत्ताणुसारेण ॥३४॥

અહીં જઘન્ય તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાની મધ્યમાં મધ્યમ ચૈત્યવંદનાના અનેક ભેદો દર્શાવ્યા છે. તેથી ત્રણ થોયથી નવ પ્રકારની ચૈત્યવંદના પણ પંચાંગીમાં સિદ્ધ થાય છે. તથા રાયપસેણી પ્રમુખ શાસ્ત્રોમાં પણ સામાન્ય પ્રકારે ચૈત્યવંદના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદે કહી. તેમજ શ્રી ભદ્રબાહુસ્વામીકૃત પૂજાપયન્નામાં "**चत्तारि गाहाहिं चेईयवंदण सक्कत्थव गाहाजुत्तो य**" વગેરે ત્રણ ગાથાથી જઘન્ય ચૈત્યવંદના કહી અને શ્રી કલ્પભાષ્યોક્તમાં "**निस्सकडमनिस्सकडे**" એ ગાથાનો અર્થ પૂર્વે લખ્યો છે તેમાં સર્વ જિનચૈત્યમાં ત્રણ થોય કહેવી કહી છે. શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીકૃત વંદનપયન્નામાં પૂર્વે અર્થપાઠ સહિત લખાઈ આવેલી તે મધ્યમ ચૈત્યવંદના તથા શ્રી વ્યવહારભાષ્યની ગાથામાં "**तिन्नि वा कड्ढई थुई**" એ વાક્યથી

પ્રણિધાનપર્યંતની ત્રણ થોય સુધી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના એમ પૂર્વોક્ત ત્રણે ચૈત્યવંદનાનું સાથે સંકલન છે. એ રીતે પૂર્વધરકૃત શાસ્ત્રોમાં વિશેષ પ્રકારે જઘન્ય-ઉત્કૃષ્ટ-મધ્યમ ત્રણ ભેદની ચૈત્યવંદનાને અનુસારે પૂર્વધરવર્તમાન-કાલવર્તી જિનશાસનનભોમણિ શ્વેતપટ્ટાચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી પણ શ્રી પંચાશક પ્રકરણમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદની ચૈત્યવંદના લખે છે. તે પ્રકરણની ટીકાના કર્તા સુવિહિતશિરોમણી નવાંગીવૃત્તિકારક શ્રીમદ્ અભયદેવસૂરિજી વંદનપંચાશકમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ત્રણ ચૈત્યવંદના ત્રણ થોયથી લખે છે. તે પાઠ :

एवकारेण जहन्ना, दंडगथुइजुअल मज्झिमा णेआ ।

संपुन्ना उक्कोसा खलु वंदणा तिविहा ॥१॥

व्याख्या - नवकारमाह ॥ नमस्कारेण सिद्धमरुयमणिंदियमक्किय-मणवज्जमच्चुयं वीरं पणमामि सयलतिहुयणमत्थयचूडामणिं सिरसेत्यादि पाठपूर्वकनमस्क्रियालक्षणेन करणभूतेन क्रियमाणा जघन्या स्वल्पा पाठक्रिययोरल्पत्वात्वंदना भवतीति गम्यं । उत्कर्षादि-त्रिभेदमित्युक्त्वापि यज्जघन्यायाः प्रथमाभिधानं तदादिशब्दस्य प्रकार-र्थत्वान्न दुष्टं तथा दंडकश्चारहंतचेइयाणमित्यादिस्तुतिश्च प्रतीता तयोर्युगलं युग्ममेत्तएव वा युगलं दंडकस्तुतियुगलमिह च प्राकृतत्वेन प्रथमैकवचनस्य तृतीयैकवचनस्य वालोपो दृष्टव्यो मध्यमा जघन्योत्कृष्टा पाठक्रिययोस्तथाविधत्वादेतच्च व्याख्यानमिमां कल्पभाष्यगाथा-मुपजीव्य कुर्व्वन्ति । तद्यथा -

निस्सकडमनिस्सकडेवा वि चेइए सव्वहिं थुइ तिण्णि ।

वेलंबचेईयाणि वि, नाउं इक्किक्किया वावि ॥

यतो दंडकावसाने एका स्तुतिर्दीयते इतिदंडकस्तुतिरूपं युगलं भवति । अन्ये त्वाहुः - दंडकैः शक्रस्तवादिभिः पंचभिः स्तुतियुगलेन च समयभाषया स्तुतिचतुष्टयेन च रूढेन मध्यमा ज्ञेया बोद्धव्या ।

तथा संपूर्णा परिपूर्णा सा च प्रसिद्धदंडकैः पंचभिः स्तुतित्रयेण प्रणिधानपाठेन च भवति । चतुर्थस्तुतिः किलार्वाचीनेति किमित्याह - उत्कृष्यतेत्युत्कर्षा उत्कृष्टा इदं च व्याख्यानमेकेति

तिणि वा कड्ढई जाव थुईओ तिसिलोगया ।

ताव तत्थ अणुण्णायं कारणेण परेण वि ॥

इत्येतां कल्पभाष्यगाथा ''पणिहाणं मुत्तसुत्तीए'' इतिवचनमाश्रित्य कुर्वन्ति । अपरे त्वाहुः - पंचशक्रस्तवपाठोपेता संपूर्णेति । विधिना पंचविधाभिगमप्रक्षिणात्रयपूजादिलक्षणेन विधानेन खलुर्वाक्यालंकारे अवधारणे वा तत्प्रयोगं च दर्शयिष्यामः । वंदना चैत्यवन्दना त्रिविधा त्रिभिः प्रकारैरेव भवतीति ।

અર્થ :- નમસ્કારસિદ્ધમરુય વગેરે પાઠપૂર્વક નમસ્કારલક્ષણ કરણભૂત કરીને કરાતો નમસ્કાર એ જઘન્ય વંદના હોય છે. પાઠક્રિયાના અલ્પપણાથી ઉત્કૃષ્ટ આદિ ત્રણ ભેદ એવું કહીને પણ પ્રથમ અધ્યયનું કથન કર્યું તે આદિ શબ્દનો પ્રકારાર્થ હોવાથી દુષ્ટ નથી. એ જઘન્ય ચૈત્યવંદના તથા દંડક અરિહંત ચેઇયાણં વગેરે, વળી થોય છે તે પ્રસિદ્ધ છે. તે બંનેનું યુગલ જોડલું અથવા તે જ દંડકસ્તુતિનું જોડલું તે દંડકસ્તુતિયુગલ કહેવાય. અહીં પ્રાકૃતભાષા છે માટે પ્રથમાવિભક્તિના એકવચન તથા તૃતીયાવિભક્તિના એકવચનનો લોપ જાણવો. એ મધ્યમપાઠ ક્રિયાના હોવાથી મધ્યમ ચૈત્યવંદનાની વાત કલ્પભાષ્યની ગાથાને અંગીકાર કરી છે. તે કહે છે - > નિશ્રાકૃત-અનિશ્રાકૃત સર્વે જિનમંદિરોમાં ત્રણ થોયની ચૈત્યવંદના કરવી. સર્વે જિનમંદિરોમાં ચૈત્યવંદના કરતાં ઘણો સમય લાગે અને જિનમંદિરો ઘણા હોય અને ઘણો સમય લાગે તેમ હોય તો ત્યારે એક એક જિનમંદિરમાં એક એક થોયની ચૈત્યવંદના કરે. એ કારણથી દંડકના અંતમાં એક એક સ્તુતિ કરીએ તે દંડકસ્તુતિરૂપી યુગલ થાય એમ અન્ય કહે છે. દંડક નમુત્થુણં આદિ પાંચ કરીને અને સ્તુતિયુગલ કરી સંકેતભાષા કરીને સ્તુતિ ચાર રૂઢિથી કરીને જો ચૈત્યવંદના કરે તે મધ્યમચૈત્યવંદના જાણવી. પ્રસિદ્ધ પાંચ

દંડક, ત્રણ સ્તુતિ અને પ્રણિધાન કરીને સંપૂર્ણ એટલે પરિપૂર્ણ વંદના થાય છે. ચોથી થોય નિશ્ચયથી નવી છે તે અતિશયે ઉત્કર્ષે ઉત્કૃષ્ટા કહે છે. કોઈ આચાર્ય એમ વ્યાખ્યાનમાં કહે છે કે ત્રણ સ્તુતિ, ત્રણ શ્લોક પ્રમાણેની ત્રણ શ્લોકથી જ્યાં સુધી ચૈત્યવંદના કરીએ ત્યાં સુધી સાધુને દેરાસરમાં રહેવાની આજ્ઞા છે એ કારણ હોય તો ઉપરાંત પણ રહે. ચૈત્યવંદનાને અંતે વ્યાખ્યાના, કલ્પભાષ્યની ગાથા એટલે જયવીયરાય પાઠ મુક્તાશુક્તિમુદ્રાએ કહેવો. એ વચન આશ્રીને કહે છે. બીજા આચાર્યો એમ કહે છે કે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના પાંચ શક્રસ્તવ પાઠ સહિત સંપૂર્ણ વિધિ કરીને, પંચવિધ અભિગમ, ત્રણ પ્રદક્ષિણા, પૂજા આદિ લક્ષણ વિધાન કરીને થાય છે. ખલુ શબ્દ વાક્ય અલંકારમાં છે અથવા અવધારણ અર્થમાં છે. તેનો પ્રયોગ આગળ દેખાડીશું. એવી રીતે ચૈત્યવંદના ત્રણ પ્રકારે થાય છે.

પૂજ્ય પૂર્વાચાર્ય કલ્પભાષ્યગાથાના અનુસારથી દંડકના અંતમાં ત્રણ થોયથી કરી મધ્યમ ચૈત્યવંદનાનું વ્યાખ્યાન કરે છે. અને પાંચ દંડક - ત્રણ થોય અને પ્રણિધાન પાઠ સહિત ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાનું વ્યાખ્યાન કરે છે અને બીજા આચાર્ય ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાના વ્યાખ્યાનમાં પાંચ શક્રસ્તવ અને પાંચ અભિગમ, ત્રણ પ્રદક્ષિણા, પૂજા આદિ સંયુક્ત ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાનું વ્યાખ્યાન કરે છે. આ વાત પૂર્વાચાર્યની સાક્ષીથી ટીકાકાર સિદ્ધ કરે છે અને અન્ય કોઈ કહે તો પાંચ દંડક અને ચાર થોય રૂઢીએ કરીને મધ્યમ ચૈત્યવંદનાનું વ્યાખ્યાન કરે છે. તે અને શબ્દથી કરીને મધ્યમ ચૈત્યવંદનાનો પૂર્વ પ્રકાર ત્રણ થોયનો ટીકાકાર સૂચનકારી અને ચોથી થોય નિશ્ચયથી નવીન જાણીને ઉત્તર પ્રકારમાં ગ્રહણ ન કરી અને વ્યવહારભાષ્ય ને કલ્પભાષ્યનું પ્રમાણ દઈને ત્રણ થોયથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના સિદ્ધ કરી છે.

પ્રશ્ન :- અન્ય કોઈના વ્યાખ્યામાં તો સિદ્ધાંત ભાષાએ કરીને યુગલસ્તુતિ એટલે ચાર સ્તુતિ કરીને મધ્યમ ચૈત્યવંદનાનું સ્વરૂપ કહ્યું છે, તો તમે સંકેતભાષાએ કરીને યુગલ શબ્દે ચાર થોય કેમ કહો છો ?

ઉત્તર :- હે સૌમ્ય ! જૈનશાસ્ત્રોમાં ચરિતઅનુવાદે તથા વિધિવાદે પૂર્વાચાર્યોએ યુગલ શબ્દનો અર્થ યુગ્મ તથા દ્વિત્વસંખ્યાવાચી લખ્યો છે. તે પાઠ :

तथा चोक्तं श्रीहरिभद्रसूरिभिः आवश्यकवृत्तौ पारिणामिकी-बुद्ध्यधिकारे सुन्दरीनंदकथायां ''मक्कडज्जुयलं विउव्वियं''

આ પાઠમાં યુગલ શબ્દથી કરી વાનરનું જોડલું વિકુર્વ્યું કહ્યું તથા શ્રી સાધુવિજયશિષ્ય શ્રી સુખવર્ધનગણિકૃત પ્રાકૃતગાથાબદ્ધ શ્રી વર્ધમાનદેશનામાં હરિબલચરિત્રાધિકારમાં પણ યુગલ શબ્દનો અર્થ દ્વિત્વસંખ્યાવાચી લખે છે. તે ગાથા

सो हरिबलो वि जाया, जुयले तुंबुं सुहाई निअभवणे ।
मुत्तुण निवसहाए, पत्तो पणभेई नरनाह ॥१॥

આ ગાથામાં હરિબલ પોતાને ઘેર પોતાની બે સ્ત્રીઓ અને અમૃતનું તુંબડું મૂકી રાજસભાએ જઈ રાજાને નમતો હતો.

અહીં પણ યુગલ શબ્દ દ્વિત્વસંખ્યાવાચી કહ્યો તથા વિધિવાદે પણ શ્રી પંચાશકમાં તથા શ્રી ચૈત્યવંદનમહાભાષ્યમાં શ્રી હરિભદ્રાચાર્ય તથા શ્રી શાંત્યાચાર્ય ''**दंडकथोयजुयल**'' તથા ''**बीयथोयजुयलेणं**'' આદિ ગાથાએ કરી યુગલ શબ્દનો અર્થ યુગ્મ તથા દ્વિત્વસંખ્યાવાચી કહ્યો છે, પણ યુગલ શબ્દનો અર્થ ચાર સંખ્યાવાચી કોઈ જૈનશાસ્ત્રોમાં લખ્યો જણાતો નથી. ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૫ પર દંડક પાંચ અને સ્તુતિ ચાર કરીને જે ચૈત્યવંદના કરે તે મધ્યમ ચૈત્યવંદના જાણવી તે વાત અસત્ય છે. કેમ કે જુગલ શબ્દનો અર્થ ચાર થાય એવું કોઈ જૈનશાસ્ત્રમાં કહ્યું જ નથી. માટે દ્વિત્વસંખ્યા એટલે કે બે જોડલા હોય તો ચાર થાય, બાકી યુગલ એટલે ચાર થાય જ નહીં. તો સિદ્ધાંતભાષાએ યુગલ એટલે ચાર કેમ કહેવાય ? માટે સમયનામ સંકેતનો તથા સમયનામ સિદ્ધાંતનો શાસ્ત્રમાં છે. પણ અહીં અન્ય કોઈકના વ્યાખ્યાનમાં અન્ય કોઈ આચાર્યયુગલનું નામ ચારનો સંકેત કરી સંકેતભાષાએ ચાર થોયનું વ્યાખ્યાન કરે છે તેથી સિદ્ધાંતભાષાથી નહીં પણ સંકેતભાષાથી ચાર થોયનો અર્થ સિદ્ધ થાય છે. વળી, ચતુર્થસ્તુતિનિર્ણયના પાના ૬ એ ૭ પર આત્મારામજી આ મુજબ લખે છે.

''કલ્પભાષ્યની ગાથા અનુસાર કોઈ ચાર થોય કહેવાથી મધ્યમ ચૈત્યવંદના માને છે અને કોઈક ચાર થોયને અર્વાચીન માનીને તેને ગ્રહણ

કરતાં નથી. કોઈક ત્રણ થોય પ્રણિધાન પાઠ સહિત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના માને છે અને કોઈક પાંચ શકસ્તવ-આઠ થોયની ઉત્કૃષ્ટ ચૈત્યવંદના માને છે. આ ત્રણ મત અભયદેવસૂરિજીએ બતાવ્યા છે. પણ આ ત્રણ મતમાં અભયદેવસૂરિજી કોઈ મતને સંમત કે અસંમત કહેતાં નથી. અભયદેવસૂરિએ કોઈકના મતે ચાર થોય નવી કહી છે પણ પોતાના મતે નવી નથી કહી".

આવું આત્મારામજીનું લખવું તે "કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી" જેવું છે. કારણ કે અભયદેવસૂરિ મહારાજે "**कुर्वन्ति**" ૧ "**एके**" ૨ - એ બે વાક્યોથી પૂર્વધર/પૂર્વાચાર્યની સંમતિ જણાવી પોતાની વાતનું સમર્થન કરે છે. પણ કોઈકનો મત બતાવવા તથા કોઈકના મતની અપેક્ષા કરીને વાત કરતાં નથી. જો આત્મારામજીના લખ્યા મુજબ કોઈનો મત બતાવવા વ્યાખ્યાન કરતાં હોત તો મધ્યમ તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાની વાતમાં પણ પૂર્વ તથા ઉત્તર પ્રકારનું સૂચન કરવા તથા શબ્દ લખી ટીકાકારે મધ્યમ તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાનું વ્યાખ્યાન કર્યું તેવી રીતે પરમત જણાવવા પણ "**तथा**" શબ્દના ઠેકાણે "**अन्येत्वाहु**" આદિ વાક્ય લખી વ્યાખ્યાન કરત. પણ તે વાક્ય લખતાં નથી. તેથી હે વાદિન્ ! "**कुर्वन्ति**" તથા "**एके**" એ વાક્યથી મધ્યમચૈત્યવંદનાના વ્યાખ્યાનમાં "**यतः**" શબ્દનો હેતુ હોવાથી પૂર્વધર/પૂર્વાચાર્યની વાત સિદ્ધ થાય છે, પરમત સિદ્ધ થતો નથી.

તથા "**अन्येत्वाहु**" એ વાક્યથી અન્ય કોઈનો મત સંભવે તોપણ આત્મારામજીનો ઉપર લખેલો મત સિદ્ધ થતો નથી. કારણ કે ટીકાકારે યતઃ શબ્દનો હેતુ દેઈ પૂર્વાચાર્યની સંમતિથી ત્રણ થોયની મધ્યમ ચૈત્યવંદના સિદ્ધ કરી છે અને સંકેત ભાષાથી ચોથી થોયથી અન્ય કોઈક મધ્યમ ચૈત્યવંદના કહે છે એવું કહ્યું. વળી, ચોથી થોય નિશ્ચયથી નવી કહીને પૂર્વાચાર્યના વ્યાખ્યાનની સંમતિથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના ત્રણ થોયથી સિદ્ધ કરી છે. પણ પૂર્વાચાર્યના અસંમતપણાથી ચોથી થોયથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના સિદ્ધ કરેલ નથી. તેથી કુતર્કવાદી આત્મારામજી સાતમા પાના પર કલ્પભાષ્યની ગાથા અનુસાર મધ્યમ ચૈત્યવંદનામાં ચાર થોય કહી એવું **यद्वा-तद्वा ग्रंथिल**" લખે છે તે વિદ્વાનની સભામાં ટકે તેવું નથી. કારણ

કે કલ્પભાષ્યની ગાથાથી તો ટીકાકારે ચોથી થોય "નવી" લખી છે. ઉત્કૃષ્ટ ચૈત્યવંદના ત્રણ થોયથી સિદ્ધ કરી છે. તો મધ્યમ ચૈત્યવંદનામાં ચોથી થોય ક્યાંથી આવે ?

તથા અપરેત્વાહુ એ વાક્યથી પણ પરમતનું દેખાડવું તથા પરમતની વાત કદાચ સિદ્ધ થાય તોપણ તમારો ઉપર લખેલો મત સિદ્ધ થતો નથી. કારણ કે અપરેત્વાહુ એ પરમત વ્યાખ્યાનમાં પાંચ શક્રસ્તવ અને પાંચ અભિગમ આદિ પૂજા સંયુક્ત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે વાચનાંતરે અન્ય પૂર્વાચાર્ય પાંચ શક્રસ્તવે ચૈત્યવંદના કહે છે. તે પાઠ :

तथा चोक्तं श्रीचैत्यवन्दनमहाभाष्ये –

अन्ने भणंति पणिवायदंडगेणं एगेण जहन्नवंदण नेया ।

तदुगतिगेण मज्झा, उक्कोसा चउहिं पंचहिं वा ॥६७॥

અર્થ :- એ અભિપ્રાય જણાવ્યો છે પણ ટીકામાં આઠ થોયની કોઈ વાત નથી તોપણ આત્મારામજી પાના સાત અને આઠ પર આઠ થોયની ચૈત્યવંદના તથા પાંચ શક્રસ્તવરૂપ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં આઠ થોય કહેવી કહી એવું લખે છે તેવું સાક્ષર તો ન જ લખે. કદાચ અન્ય વ્યાખ્યાનમાં પાંચ શક્રસ્તવ પૂજાદિ સંયુક્ત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કહી તેમાં થોયના અક્ષર નથી. કદાચ ગ્રંથાંતરોના આશયથી થોય ગ્રહણ કરીએ તો ગ્રંથાંતરોમાં પૂર્વધર અનુયાયી છ થોયથી, તથા પશ્ચાત્કાલવર્તી ગીતાર્થઆચરણાથી પૂજાદિ વિશઈષ્ટ કારણે આઠ થોયથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના સિદ્ધ થાય છે. પણ પંચાશક ટીકાના અભિપ્રાયથી તો ત્રણ થોય તથા છ થોયથી જ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના સિદ્ધ થાય છે. ચાર કે આઠ થોયથી સિદ્ધ થતી નથી.

ઉપર લખ્યાનો અભિપ્રાય એ છે કલ્પભાષ્ય ગાથા અનુસાર (૧) પાંચ દંડક અને ત્રણ થોયથી ટીકાકારે પૂર્વધરસંમતિથી મધ્યમચૈત્યવંદનાનું સ્વરૂપ જણાવ્યું. (૨) કોઈક પાંચ દંડક અને સંકેતભાષાથી ચોથી થોય સહિત મધ્યમચૈત્યવંદના માને છે તેને ચોથી થોય નવીન દર્શાવીને, ચોથી થોયથી મધ્યમચૈત્યવંદનાનો અભાવ દર્શાવ્યો. (૩) પાંચ દંડક અને ત્રણ થોય પ્રણિધાનપાઠ સહિત પૂર્વધર તથા પૂર્વાચાર્યોની સંમતિથી ઉત્કૃષ્ટચૈત્યવંદનાનું

સ્વરૂપ જણાવ્યું. (૪) પાંચ શક્રસ્તવ અને પાંચ અભિગમ, ત્રણ પ્રદક્ષિણા, પૂજાદિક સંયુક્ત વાચનાંતરે ઉત્કૃષ્ટચૈત્યવંદના બતાવી. આ ચાર વાત શ્રી અભયદેવસૂરિજીએ બતાવી. તેમાં ત્રીજી વાત સિવાય કોઈપણ વાતમાં શ્રી અભયદેવસૂરિજીએ અસંમતિ બતાવી નથી. અને પૂર્વપક્ષના અભિપ્રાયથી બીજી તથા ચોથી વાતમાં કોઈકના મતની અપેક્ષા કહીએ તો ચાલે, પણ પહેલી અને ત્રીજી વાતમાં તો કોઈના મતની અપેક્ષા સંભવે જ નહીં. તો તીનમત અભયદેવસૂરિએ બતાવ્યા છે એવું લખવું આત્મારામજીનું સાવ અસત્ય છે. કારણ કે અભયદેવસૂરિએ ચોથી થોયના મત સિવાય બાકીના મતમાં અસંમતિ બતાવી નથી. તેથી ત્રણ વ્યાખ્યાન તથા બે મતને તો શ્રી અભયદેવસૂરિએ સ્વસંમત દેખાડ્યા અને એક વ્યાખ્યાન તથા એક મતને અસંમત દેખાડ્યો.

હવે બુદ્ધિવંત અપક્ષપાતી પુરુષોએ વિચાર કરવો જોઈએ કે પૂર્વપક્ષી ચતુર્થસ્તુતિનિર્ણયમાં ઠેકઠેકાણે મધ્યમચૈત્યવંદના ત્રણ થોયથી લખે છે. પાના નં. પાંચમાં તથા છટ્ઠે પંચાશક પાઠની ભાષામાં અર્વાચીન ચોથી થોય ગ્રહણ ન કરીને ત્રણ થોયથી ઉત્કૃષ્ટચૈત્યવંદના પોતાના હાથે પોતે લખીને કલ્પભાષ્ય ગાથામાં ત્રણ થોયના પ્રગટ અક્ષર છતાં ચાર થોય તથા આઠ થોયના પંચાશક ટીકામાં અક્ષર નથી તોપણ કલ્પભાષ્ય ગાથાના અનુસારથી મધ્યમચૈત્યવંદનામાં ચાર થોય તથા ઉત્કૃષ્ટચૈત્યવંદનામાં આઠ થોય કહેવી કહી છે. આ લખવું તે કેવળ ઉત્સૂત્રભાષણરૂપ નરકનો ટોપલો પોતાના મસ્તકે ચઢાવીને ભોળા લોકોને કુયુક્તિના ફંદામાં નાંખવાને લખ્યું છે. કેમ કે, પૂર્વપક્ષીના મત અનુસાર શ્રી અભયદેવસૂરિજીએ અર્વાચીન ચોથી થોય સ્વસંમત કહી નથી તેમ પ્રાચીન પણ સ્વસંમત કહી નથી તો કલ્પભાષ્ય ગાથાને અનુસારે મધ્યમચૈત્યવંદનામાં ત્રણ થોય કહી અને ઉત્કૃષ્ટચૈત્યવંદનામાં પણ ત્રણ થોય તથા પંચશક્રસ્તવરૂપ ઉત્કૃષ્ટ-ચૈત્યવંદનામાં છ થોય કહેવી કહી. આ ત્રણ પંચાશકના લેખને છોડીને પૂર્વધર તથા પૂર્વાચાર્યોના અસંમત પક્ષને જ માનવો તે શું સમ્યગ્દૃષ્ટિઓના લક્ષણ છે ? કદાચ આત્મારામજી પોતાના મનની કલ્પનાથી એમ માની લે કે શાસ્ત્રમાં કોઈકના મતથી ત્રણ થોય પણ કહી છે અને ચાર થોય પણ કહી છે. પણ

શ્રી અભયદેવસૂરિજીએ સંમત કે અસંમત કહ્યા નથી તો અમે આત્મારામજીને કહીએ છીએ કે પૂર્વધર પૂર્વાચાર્ય ચૈત્યવંદનામાં ત્રણ થોય માનતા આવ્યા છે. તથા સ્વગચ્છ-પરગચ્છમાં પૂજા આદિ વિશિષ્ટ કારણે ચાર થોય માનતાં આવ્યાં છે એ મતને અમે નિષેધતાં નથી તો તમારે પણ નિષેધ ન કરવો જોઈએ. કેમ કે સંમત-અસંમત મત તો તમારા કહેવા પ્રમાણે અંગીકાર કરવા યોગ્ય નથી તેમ છોડવા યોગ્ય પણ નથી. તો 'ચતુર્થસ્તુતિનિર્ણય' પાના ૭ અને ૮માં "ये दोनो मत कहे हैं" "આમાંથી અમે એકનો પણ નિષેધ કરતાં નથી." આવું લખીને વળી પાના ૧૨૧માં લખો છો કે, "શ્રી જિનમતની વિરુદ્ધ જે ત્રણ થોયનો મત છે તેને ક્યારેય અંગીકાર કરવું તો દૂર રહે પરંતુ તેને અંગીકાર કરવાનો વિચાર પણ આપણા મનમાં ન કરો." વગેરે પૂર્વાપરવિરુદ્ધ લેખ લખતાં તમને કંઈ પણ શરમ આવતી નથી ? વળી, એવું પણ નથી વિચારતાં કે પૂર્વાચાર્યની અપેક્ષાએ અમે બહુ તુચ્છબુદ્ધિવાળા છીએ. શ્રી અભયદેવસૂરિજી જેવા નવાંગી ટીકાકારે પૂર્વાચાર્યની સંમતિએ ત્રણ થોયના મતને માન્ય કર્યો નથી આવું લખી તથા ચૈત્યવંદનામાં ત્રણ થોયનું ઉત્થાપન કરી એકાંતે ચોથી થોય સ્થાપી કઈ ગતિમાં જશો ?

વળી, "જે વસ્તુ આચરણાથી કરાય તેને અર્વાચીન કહેવાય" આવું આત્મારામજી ચતુર્થસ્તુતિનિર્ણયના નવમા પાના પર લખે છે, તે અભિમાન નામના ગધેડાં પર ચઢીને લખ્યું હોય તેવું છે. કારણ કે "આચરણાથી જે વસ્તુ કહી જાય તેને અર્વાચીન કહેવાય" આવું કોઈપણ જૈનશાસ્ત્રમાં લખ્યું જ નથી. વ્યાકરણ-શબ્દકોષ જેવા જૈન અને ઇતર કોમના ગ્રંથોમાં અર્વાચીન પદનો અર્થ "નવીન" કર્યો છે, પણ અર્વાચીન પદનો અર્થ આચરણા કર્યો નથી. તથા જીત કહો કે કરણી કહો કે આચરણા કહો વગેરે આચરણાના એક અર્થી શબ્દો જૈનશાસ્ત્રોમાં લખ્યા છે, પણ ઉત્સૂત્રભાષણ કરવાથી અનંતસંસાર વૃદ્ધિ પામે એવા જ્ઞાનીના વચનને અવગુણી અને પરભવની બીક ન રાખતાં આત્મારામજી ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૧૪માં અર્વાચીન

કહો કે આચરણા કહો એવો આચરણાનો એકાર્થ લખે છે. પણ એવો એકાર્થ કોઈ જૈનશાસ્ત્રમાં દેખાતો નથી. તોપણ આત્મારામજી ચોથી થોયનો અર્વાચીન શબ્દ તેનો અર્વાક્‌કાલવાચી અર્થ છોડીને આચરણાનો અર્થ કરે છે તે એમની સમજણમાં બહુ ભૂલ છે. કેમ કે પૂર્વધરકૃત આચરણા તો ગીતાર્થઆચરણા જ કહેવાય પણ અર્વાચીન ન કહેવાય.

यतः उक्तं श्री अंगचूलिकासूत्रे-

इयवुत्तो जोगविही, संखेवेण सूयाणुसारेणं ।

जं च न इत्थं भणियं गीयायरणाउ तं नेया ॥

વગેરે જૈન સિદ્ધાંતોના અભિપ્રાયથી સૂત્રમાં સંક્ષેપે વાર્તા કહી હોય તેના પૂર્વધર ગીતાર્થ સૂત્રપંચાંગીમાં અને પોતાના કરેલા અન્ય ગ્રંથોના ખુલાસા કરે તેને "ગીતાર્થઆચરણા કહેવાય". કારણ કે પૂર્વધરોને શાસ્ત્રમાં ઉત્કૃષ્ટગીતાર્થ કહ્યા છે. તેથી તથા પૂર્વધર પશ્ચાત્કાલવર્તી આચાર્યોએ આચરણા કરી હોય તે પણ ગીતાર્થઆચરણા કહેવાય. પણ પૂર્વધર અનુયાયીએ કરી હોય તો પ્રાચીન કહેવાય. અન્યથા અર્વાચીન કહેવાય. તેથી પંચાશકવૃત્તિમાં શ્રી અભયદેવસૂરિજીએ ચોથી થોયને અર્વાચીન કહી છે. તે પાઠ :

तथा चोक्तं श्रीपंचाशकटिप्पनके - एतद्भाष्ये स्तुतित्रयस्य कथनात् चतुर्थस्तुतिरर्वाचीनेति गूढाभिसंधिः, किंच नायं गूढाभिसंधिः किंतु स्तुतित्रयमेव प्राचीनं प्रगटमेव भाष्ये प्रतीयते, कथमिति चेत् ? द्वितीय-भेदव्याख्यानावसरे 'निस्सकडमिति' भाष्यगाथाएं 'चेइय सव्वेहिं थुई तिण्णि' इति स्तुतित्रयस्यैव ग्रहणात् एवं भाष्यद्वयपर्यालोचनया, स्तुतित्रयस्यैव प्राचीनत्वं, तुरीयस्तुतेरर्वाचीनत्वामितितात्पर्यार्थः ॥

અર્થ :- વળી, પંચાશક ટિપ્પણમાં પણ કહ્યું છે કે વ્યવહારભાષ્યમાં ત્રણ સ્તુતિ કરવાની કહી છે અને ચોથી સ્તુતિ તો આધુનિક છે એમ ગુપ્તપણે એ અર્થનું અનુસંધાન છે એ પ્રકારની આશંકા કરી શાસ્ત્રકાર જ ઉત્તર આપે છે કે આ વાત ભાષ્યકારે ગુપ્તપણે નથી કહી, પરંતુ ચોખ્ખું લખ્યું છે કે,

પ્રાચીન કાળમાં પ્રગટ ભાષ્યમાં ત્રણ જ સ્તુતિ દેખીએ છીએ. શિષ્ય કહે છે કે, આમ કેમ કહો છો ? એમ જો શંકા કરતાં હો તો તેનો આ ઉત્તર છે કે, બીજા ભેદના વ્યાખ્યાનના અવસરમાં "निस्सकड" ભાષ્યગાથામાં સર્વ ચૈત્યમાં ત્રણ જ સ્તુતિ કરવી એમ ત્રણ સ્તુતિનું જ ગ્રહણ કરવું છે. એમ બે ભાષ્યનો પૂર્વાપર વિચાર કરી ત્રણ સ્તુતિ જ કરવી, એ જ પ્રાચીન છે અને ચોથી થોયનું કહેવું આધુનિક છે, એટલું તાત્પર્ય છે એટલે એટલો જ સિદ્ધાંત થયો.

એમ પંચાશકટિપ્પણમાં અર્વાચીન શબ્દનો આધુનિક અર્થ કહ્યા છતાં પણ આત્મારામજી પોતાની મરજીમાં આવે તેમ અર્વાચીન શબ્દનો અર્થ આચરણા લખે છે તે ચોથી થોય પ્રાચીન સ્થાપવા ભોળા જીવો આગળ ખોટાં ગપાટાં મારી એકાંતે મહેનત કરે છે. તે મહેનતથી નુકસાન માત્ર એટલું જ છે કે આવી રીતે ઉત્સૂત્રભાષણ કરવાથી સમ્યક્ત્વ જાય છે એ વાત કોઈપણ જૈનધર્મી જિનાજ્ઞાનો આરાધક હશે તે અવશ્ય મંજૂર કરશે, તો પછી અધિક શું કહેવું ?

॥ इति चतुर्थस्तुतिनिर्णयशंकोद्धारेऽपरनामनि चतुर्थस्तुतिकुयुक्ति-निर्णयछेदनकुठारे तिसृभिः स्तुतिभिः पूर्वधरपूर्वाचार्यानुयायी जघन्य-मध्यमोत्कृष्टचैत्यवन्दनाभेदनिदर्शनं तथा पंचाशकपाठनिर्णयनिदर्शनं नाम अष्टमः परिच्छेदः ॥

તથા પૂર્વોક્ત પૂર્વધર કૃત ગ્રંથોને અનુયાયી પંચાશકજીમાં શ્રી હરિભદ્રસૂરિજીએ તથા વૃત્તિમાં શ્રી અભયદેવસૂરિજીએ જેમ ત્રણ થોયથી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ત્રણ પ્રકારની ચૈત્યવંદના દર્શાવી તેમ જ સંઘાચાર નામના ચૈત્યવંદનમહાભાષ્યમાં શાંત્યાચાર્યજીએ પણ પંચાશકજીમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ એ ત્રણ ઉપલક્ષણરૂપ ભેદ કહેવાથી બાકીના એકેક વંદનાના સ્વજાતીય બે-બે ભેદ ગ્રહણ કરી પંચાશકજીને અનુયાયી નવ ભેદની ચૈત્યવંદના દર્શાવી છે. તે પાઠ :

चिइवंदण तिभेया, जहन्नउक्कोसमज्झिमा चेव ।
एक्केक्का वि तिभेया, जेट्ठ विजेट्ठा कणिट्ठा य ॥५३॥

एगनमोकारेणं, होई कणिट्ठा जहण्णिआ एसा ।
जहसत्ति नमोक्कारा, जहन्निया भन्नइ विजेट्ठा ॥५४॥
सच्चिय सक्कथयं, ता नेया जिट्ठा जहन्निया सन्ना ।
सच्चिय इरियावहीआ, सहिया सक्कथयदंडेहिं ॥५५॥
मज्झिमकणिट्ठिगे सा, मज्झिम जेट्ठाउ होइ सा चेव ।
चेइयदंडय थुई, एगसंगया सव्वमज्झिमया ॥५६॥
मज्झिमजेट्ठा सच्चिय, तिन्नि य थुईओ सिलोस तियजुत्ता ।
उक्कोसकणिट्ठा पुण, सच्चियकसक्कत्थया इजुया ॥५७॥
थुइजुयल जुयलएणं, दुगुणिय चेइयथयाइ दंडा जा ।
सा उक्कोसविजेट्ठा, निद्दिट्ठा पुव्वसूरिहिं ॥५८॥
थोत्तपणिवायदंडग, पणिहाणतिगेण संजुआ एसा ।
सम्पुन्ना विन्नेया, जेट्ठा उक्कोसिया नाम ॥५९॥
एसा नवप्पयारा, आइन्ना वंदणा जिणमयंमि ।
कालोचियकारीणं, अणगाहाणं सुहा सव्वा ॥६०॥
उक्कोसा तिविहा, विहु कायव्वा सत्तिउ उभयकालं ।
सड्ढेहिओ सविसेसं, जम्हा तेसिं इमं सुत्तं ॥६१॥
वंदइओभओ कालंपि, चेइयाइं थयथुइपरमो ।
जिणवरपडिमागरधूवपुप्फगंधच्चणुजुत्तो ॥६२॥
सेसा पुण छज्झेया, कायव्वा देसकालमासज्ज ।
समणेहिं सावएहिं, चेइयपरिवाडिमाईसु ॥६३॥
निस्सकडमनिसक्कडे, वावि चेइए सव्वहिं थुई तिन्नि ।
वेलंब चेइयाणि वि, नाउ एक्केक्किया वावि ॥६४॥

અર્થ :- ચૈત્યવંદના ત્રણ પ્રકારની કહી છે તે જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ એ ત્રણ કહી તેમાં એક-એકના ત્રણ ભેદ, તેમાં (૧) ઉત્કૃષ્ટ તે જ્યેષ્ઠ, (૨) મધ્યમ તે વિજયેષ્ઠ અને (૩) જઘન્ય તે કનિષ્ઠ.

(૧) તેમાં એક નમસ્કારે કરી થાય તે કનિષ્ઠજઘન્ય એટલે જઘન્યજઘન્ય નામા ચૈત્યવંદનાનો પ્રથમ ભેદ. (૨) બેથી લઈ એકસો આઠ નમસ્કાર સુધી યથાશક્તિ નમસ્કાર કરે તે જઘન્યમધ્યમ નામનો બીજો ભેદ. (૩) બહુ નમસ્કાર કરી નમુત્થુણં કહેવું તે જઘન્યઉત્કૃષ્ટ નામનો ત્રીજો ભેદ. (૪) ઇરિયાવહિયં, નમસ્કાર, નમુત્થુણં, અરિહંત ચેઇયાણં દંડક એક અને એક સ્તુતિ તે મધ્યમજઘન્ય નામે ચૈત્યવંદનાનો ચોથો ભેદ. (૫) ઇરિયાવહિયં, નમસ્કાર, નમુત્થુણં, અરિહંત ચેઇયાણં દંડક અને એક થોય વળી લોગસ્સ કહેવાથી મધ્યમમધ્યમ નામા ચૈત્યવંદનાનો પાંચમો ભેદ. (૬) ઇરિયાવહિયં, નમસ્કાર, નમુત્થુણં, અરિહંત ચેઇયાણં દંડક એક પછી વર્ધમાન અરિહંતચૈત્યનિશ્રિત એક થોય એક શ્લોકની અને લોગસ્સ પછી સવ્વલોએ અરિહંત ચેઇયાણં એ દંડક અને સર્વલોકચૈત્યનિશ્રિત બીજી થોય બે શ્લોકની, પછી પુક્ખરવરદી, અરિહંત ચેઇયાણં અને શ્રુતનિશ્રિત ત્રણ શ્લોકની ત્રીજી થોય કહી સિદ્ધાણં બુદ્ધાણંની ત્રણ ગાથા કહેવી અને ત્રણ થોય કહીને પ્રતિક્રમણને અનંત મંગલાર્થ સ્તુતિત્રયના પાઠની જેમ પ્રણિધાનરૂપ ત્રણ શ્લોક કહેવા. મધ્યમઉત્કૃષ્ટચૈત્યવંદના નામનો છઠ્ઠો ભેદ. (૭) શક્રસ્તવ આદિ સંયુક્ત ઇરિયાવહિયં, નમસ્કાર, નમુત્થુણં આદિ પાઠ દંડક, ત્રણ સ્તુતિ, ફરી અરિહંત ચેઇયાણં દંડક અને ત્રણ સ્તુતિ, નમુત્થુણં કહેવાથી ઉત્કૃષ્ટજઘન્ય નામનો સાતમો ભેદ થાય. (૮) થોયનું જોડલું કહીને બમણાં અરિહંત ચેઇયાણં દંડક એટલે છ થોય અને બે વાર અરિહંત ચેઇયાણં કહેવાથી ઉત્કૃષ્ટમધ્યમ નામા ચૈત્યવંદનાનો આઠમો ભેદ થાય. (૯) સ્તોત્ર, પ્રણિપાત દંડક, ત્રણ પ્રણિધાન સહિત છ થોય અને બે વાર અરિહંત ચેઇયાણં દંડક કહેવાથી ઉત્કૃષ્ટઉત્કૃષ્ટ નામનો ચૈત્યવંદનાનો નવમો ભેદ થયો.

એ પૂર્વોક્ત નવ પ્રકારથી નવ ભેદથી ચૈત્યવંદના જિનમતમાં આચીર્ણ છે. આગ્રહરહિત પુરુષ જે કાળમાં જેવી ચૈત્યવંદના કરવી યોગ્ય જાણે તે

કાળમાં તેવી ચૈત્યવંદના કરે તો સર્વ નવભેદ શુભ છે, મોક્ષફળને દેનારી છે. ॥૬૦॥ શક્તિ છે તો ઉભયકાળમાં ૬૦ ઉત્કૃષ્ટ ત્રણ ભેદની ચૈત્યવંદના કરવી યોગ્ય છે. વળી શ્રાવકોને તો વિશેષ સહિત કરવી જોઈએ. કેમ કે શ્રાવકોને માટે એવં કહ્યું છે. ॥૬૧॥ ઉભય કાળમાં શ્રાવકજન જિનપ્રતિમાની અગર, ધૂપ, પુષ્પ, ગંધે કરીને પૂજા સહિત સ્તોત્ર-સ્તુતિ કરીને ઉત્કૃષ્ટચૈત્યવંદના કરે. એટલે પ્રાતઃસંધ્યાએ પૂજા કરીને ઉત્કૃષ્ટના ત્રણ ભેદમાંની યથાશક્તિ દેવવંદના કરે. ॥૬૨॥ જઘન્યના ત્રણ અને મધ્યમના ત્રણ મળીને બાકી ચૈત્યવંદનાના છ ભેદ રહ્યા તે દેશકાળ દેખીને સાધુ-શ્રાવકે ચૈત્યપરિપાટી આદિમાં કરવા. આદિ શબ્દથી કાલગ્રહણ વગેરે વિધિમાં તથા પ્રતિક્રમણના આદિ-અંતમાં કરવા. ॥૬૩॥ તેમ જ કલ્પભાષ્યમાં કહ્યું છે કે તમામ જિનાલયોમાં ત્રણ થોયની ચૈત્યવંદના કરવી અને દેરાસર ઘણાં હોય ને સમય ઓછો હોય તો એક-એક થોયની ચૈત્યવંદના કરવી. ॥૬૪॥

અહીં ચતુર્થસ્તુતિનિર્ણયના પાના નં. ૨૦ પર આદિ શબ્દથી આત્મારામજી લખે છે કે, જઘન્ય અને મધ્યમના મળીને છ ભેદની ચૈત્યવંદના મૃતકસાધુને પરઠવ્યા પછી કરવી, પણ આત્મારામજીનું આવું લખાણ તેમની અજ્ઞાનતા પ્રગટ કરે છે. કારણ કે તે જ પુસ્તકના પાના નં. ૧૮ પર મહાભાષ્યના અર્થમાં તથા પાના નં. ૯૨ પર પોતાના મનકલ્પિત બનાવેલા યંત્રમાં છઠ્ઠો ભેદ મધ્યમઉત્કૃષ્ટ નામનો તેમાં સ્તવપ્રણિધાન રહિત ત્રણ થોયની ચૈત્યવંદનામાં. વળી, પાના નં. ૩૧માં "ત્રણ થોયથી ચૈત્યવંદના મૃતક સાધુને પરઠવવાળા સાધુઓને કરવી કહી છે, તો મધ્યમચૈત્યવંદનાનો મધ્યમઉત્કૃષ્ટ ત્રીજો ભેદ છે અને પૂર્વોક્ત નવ ભેદોમાં આ છઠ્ઠો ભેદ છે તો અમે માનતાં નથી." આવું લખીને તે જ પાના નં. ૩૧ પર કલ્પબૃહદ્ભાષ્યમાં પારિઠ્ઠાવણિયા કાયોત્સર્ગ કરવું અને શાંતિનિમિત્ત સ્તોત્ર કહેવું પરિહાયમાન ત્રણ થોય નિયમ કરીને થાય છે. અજિતશાંતિસ્તવન આદિ ક્રમથી અહીં જાણવું તેવું લખ્યું છે. વગેરે કલ્પભાષ્ય આદિની સાક્ષીઓથી મૃતક સાધુને પરઠવ્યા પછી ત્રણ થોય અને સ્તોત્ર આદિ નિશ્ચયથી કરવા એવું પોતાના હાથેથી લખીને વળી મહાભાષ્યની ત્રેસઠમી

ગાથાના અર્થમાં લખે છે કે, છ ભેદ મૃતક સાધુને પરઠવ્યા પછી કરવા એવું લખીને તો વિદ્વાનોને તો પરસ્પર વિરુદ્ધ ભાષણ થયા વિના રહે જ નહિ. કેમ કે મૃતક સાધુના પરઠવ્યા પછી ચૈત્યવંદના કરવી તેમાં તો ભાષ્યકાર આદિકોએ સ્તોત્ર આદિ કહેવા કહ્યા છે. તો તે મધ્યમઉત્કૃષ્ટનો ત્રીજો ભેદ અને પૂર્વોક્ત નવ ભેદમાંનો છઠ્ઠો ભેદ કેમ ગણાય ? તેથી અહીં ભાષ્યની ત્રેસઠમી ગાથાના અર્થમાં કાલગ્રહણ આદિ તથા પ્રતિક્રમણના આદિ-અંતમાં ચૈત્યવંદના કરવી એ જ અર્થ ગુરુપરંપરાએ આવેલો સિદ્ધ થાય. પણ આત્મારામજી મનકલ્પિત અર્થ ન થાય.

તથા અહીં ભાષ્યની સત્તાવનમી ગાથામાં મધ્યમ-ઉત્કૃષ્ટભેદની ચૈત્યવંદનાને શક્રસ્તવ આદિથી યુક્ત કરી ઉત્કૃષ્ટજઘન્યચૈત્યવંદનાનો સાતમો ભેદ દર્શાવ્યો તેમાં ભાષ્યકારે જિનમુનિવંદન, પ્રણિધાન, સ્તવન તથા પ્રાર્થના પ્રણિધાન આદિ સૂચન કર્યા તે ગ્રહણ થાય પણ ચોથી થોય સૂચન જ કરી નથી તો ગ્રહણ કેમ થાય ? પણ આત્મારામજી ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૧૮ પર ચૈત્યવંદનાનો સાતમો ભેદ ચાર થોયથી લખે છે તે પોતાની બુદ્ધિકલ્પનાથી ભાષ્યની વિરુદ્ધ લખે છે. કેમ કે થોય નમુત્થુણં પહેલાં કહેવાય છે, પછી કહેવાતી નથી. તો આદિ શબ્દથી ચોથી થોય ગ્રહણ કેમ થાય ? અને "**सच्चिय सक्कथयाइजुया**" એ ગાથાના પદને બદલે "**सच्चिय सिद्धथयाइजुया**" એવું પદ ભાષ્યકારે ધારણ કર્યું હોત તો આત્મારામજીના કહેવા પ્રમાણે ચોથી થોઈથી સાતમી વંદના સિદ્ધ થાત, પણ એવું પદ ભાષ્યમાં દેખાતું નથી.

તેથી ત્રણ થોયની છઠ્ઠી વંદના નમુત્થુણંના અંત સુધી તથા દંડક જ પ્રણિધાનરૂપ, ત્રણ શ્લોકયુક્ત ત્રણ થોય અથવા "ઘંટાલાલા"ન્યાયે કરી પુનઃ નમુત્થુણં આદિ શબ્દથી એટલાએ યુક્ત કરીએ ત્યારે સાતમી વંદના થાય. પણ જાવંતિ પ્રમુખ યાવત્ જયવીયરાય સુધી સાતમી ચૈત્યવંદનાને આદિ શબ્દથી જેમ આત્મારામજીએ ગ્રહણ કરી તેમ ગ્રહણ કરતાં આઠ થોય અને જાવંતિ પ્રમુખ યાવત્ જયવીયરાય પર્યંત, આઠમી ચૈત્યવંદના પણ થાય. પણ તે ભાષ્યથી વિરુદ્ધ થાય. કેમ કે ભાષ્યગાથામાં આઠમી વંદનામાં જાવંતિપ્રમુખ જયવીયરાય પર્યંત અક્ષર દેખાતાં નથી. તથા આઠમી

ચૈત્યવંદનામાં જાવંતિ-જાવંત-સ્તવન-જયવીયરાય પર્યંત ગ્રહણ કરતાં નવમી ચૈત્યવંદનાનો અભાવ જ થાય. કેમ કે સ્તુતિ આઠ સ્તોત્ર ત્રણ પ્રણિધાન પર્યંત આઠમી ચૈત્યવંદના આત્મારામજી પોતાના લખ્યા મુજબ કરતાં હશે તો નવમી ચૈત્યવંદનામાં અજ્ઞાનના અંધારે ફાંફા મારવા સિવાય શું કરતાં હશે ?

વળી, સ્તોત્ર એટલે સ્તવન, પ્રણિપાતદંડક એટલે નમુત્થુણં, પ્રણિધાનત્રિક એટલે જાવંતિ, જાવંત, જયવીયરાય એટલાને સંયુક્ત વંદનાને ભાષ્યકારે નવમી વંદના કહી તે વચનનું આરાધન શી રીતે કરતાં હશે ? અને કદાચ પરસ્પર વંદનાઓના સંધાન વગર સાતમી વંદનાના આદિ શબ્દથી પ્રણિધાન પર્યંત ઉત્કૃષ્ટ વંદનાના ત્રણ ભેદ જુદા-જુદા પોતાના લખવા પ્રમાણે માનતાં હશે તો ચતુર્થસ્તુતિનિર્ણય પત્ર આઠમાં 'અમારા તપગચ્છના પૂર્વાચાર્ય અને અન્ય ગચ્છોના આચાર્ય બધા ચાર થોય માનતાં આવ્યાં છે, આ માટે અમે પણ ચાર થોય માનીએ છીએ'. એવું પોતાનું લખેલું વચન કેવી રીતે પાળતાં હશે ? કેમ કે સાતમી વંદના ચાર થોયથી સ્તોત્ર પ્રમુખ પ્રણિધાન સહિત માની તો, આઠમી વંદના પણ પ્રણિધાન સ્તોત્ર સહિત આઠ થોયથી એટલે સિદ્ધ થઈ માની અને આઠમી વંદના આઠ થોઈથી પ્રણિધાનસ્તોત્ર સહિત માની તો નવમી વંદના પણ સોળ થોય પ્રણિધાનસ્તોત્ર સહિત એટલે સિદ્ધ થઈ માની તો સોળ થોયથી ચૈત્યવંદના એટલે આત્મારામજી પોતાના લખવા પ્રમાણે માનવી સિદ્ધ થઈ તેવી રીતે તપગચ્છના પૂર્વાચાર્ય તથા અન્ય ગચ્છના આચાર્ય કોઈપણ માનતાં નથી. કેમ કે તે તો ત્રણ તથા છ થોયથી તથા પૂજા આદિ વિશિષ્ટ કારણે ચાર તથા આઠ થોયથી ચૈત્યવંદના માનતાં આવ્યાં તે જ વળી વર્તમાનમાં માને છે. પણ સોળ થોયથી ચૈત્યવંદના તો કોઈ ગચ્છવાળા માનતાં નથી. તેથી આત્મારામજીનો ગચ્છ અને મત સર્વ ગચ્છથી વિપરીત જ છે.

તથા પાના નં. ૧૯ પર આઠ થોયથી આઠમી વંદના લખે છે તે પણ શાસ્ત્રવિરુદ્ધ છે. કેમ કે છઠ્ઠા ભેદમાં ચોથી થોયનો અભાવ થયો તો સાતમા-આઠમા ભેદમાં તો ક્યાંથી હોય ? અને યુગલ શબ્દે કરી જો ચાર ગ્રહણ કરતાં હોય તો "**इयमुणियसवणजुयलं**" આદિ વચનથી તમામ

જૈનશાસ્ત્રોમાં યુગલ એટલે બે એવો અર્થ લખ્યો છે, પણ ચાર એવું ક્યાંય લખ્યું નથી.

તેથી ભાષ્યની અઠ્ઠાવનમી ગાથાના પ્રથમ પદમાં પૂર્વવંદનાના વિશે ત્રણ થોય જે કહી તે યુગલ કહેતાં બે વાર, યુગલેણ કહેતાં જોડલે કરીને અર્થાત્ થોય છ કરીને તથા થોયયુગલ કહેતાં એક અધિકૃત જિન અને બીજી જ્ઞાનની વંદનાત્મક એ બે થોય, જુયલેણં કહેતાં બે વાર કહેવે કરીને એટલે સિદ્ધાંતભાષાએ યુગલ શબ્દે થોય છ કરીને આઠમી વંદના થાય, પણ આઠ થોયથી ન થાય. અને સંકેતભાષાએ યુગલ શબ્દનો અર્થ ચાર ગ્રહણ થાય, પણ ચતુર્થસ્તુતિનિર્ણયના ૯૧મા પાના પર ચૈત્યવંદન-લઘુભાષ્યની સંઘાચારવૃત્તિમાંથી વાક્ય ચૂંટી-ચૂંટીને આત્મારામજીએ પાઠ લખ્યો છે તે વૃત્તિમાં તો શ્રી ધર્મકીર્તિઉપાધ્યાયજીએ સંકેતભાષાએ ચોથી થોય ઠામઠામ દર્શાવી અને ચૈત્યવંદનાના નવભેદ સિદ્ધાંતભાષાએ દર્શાવ્યા છે. પણ આત્મારામજીએ પોતાની મતિકલ્પનાથી ફક્ત સંકેતભાષા ગ્રહણ કરી ચૈત્યવંદનાના નવભેદનો યંત્ર લખ્યો તેમાં છઠ્ઠા ભેદમાં ઠેકાણે કેવળ ચાર થોય ગ્રહણ કરી છે. તોપણ પાના ૧૮ પર સંઘાચારમહાભાષ્યના છઠ્ઠા ભેદમાં ત્રણ થોય ગ્રહણ કરી છે પણ ચોથી થોય ગ્રહણ કરી નથી. તો સાતમા-આઠમા-નવમા ભેદમાં ચાર થોય તથા આઠ થોયનું ગ્રહણ કરવું તે તો આત્મારામજીની "કૂતરાના શિંગડા.." જેવી વાત છે. કેમ કે એક ભેદમાં ત્રણ થોય ગ્રહણ કરવી અને એક ભેદમાં ન ગ્રહણ કરવી તે શું બુદ્ધિમાનનું કામ છે ? વધુ વિસ્તારથી સર્યું.

પ્રશ્ન :- પંચાશકમાં પૂ. હરિભદ્રસૂરિજીએ ત્રણ પ્રકારની ચૈત્યવંદના કહી છે, નવ પ્રકારની કહી નથી. તો આ નવ પ્રકારની ચૈત્યવંદના પંચાશક અનુસાર ન હોવાથી કેવી રીતે મનાય ?

જવાબ :- જુઓ આ શાસ્ત્રપાઠ.

भाष्यं -

एएसिं भेयाणं, उवलक्खणमेव वत्तिया तिविहा ।
हरिभद्दसूरिणाविहु, वंदणपंचासए एवं ॥६५॥

नवकारेण जहन्ना, दंडयथुईजुयलमज्झिमा नेया ।
संपुन्ना उक्कोसा, विहिणा खलु वंदणा तिविहा ॥६६॥
नवकारेण जहन्ना, जहन्नजहीन्नया इमाक्खाया ।
दंडयएगथुइए, विन्नेया मज्झममज्झमिया ॥६७॥
संपुन्ना उक्कोसा, उक्कोसुक्कोसिया इमा सिट्ठा ।
उपलक्खणं खु एयं, दोण्हं दोण्हं सजाईए ॥६८॥

અર્થ :- એ નવ ભેદના ઉપલક્ષણરૂપ ત્રણ ભેદ પંચાશકમાં શ્રી હરિભદ્રસૂરિજીએ પણ કહ્યા છે. ॥૬૫॥ (૧) માત્ર નમસ્કારથી થતી જઘન્ય-ચૈત્યવંદના, (૨) બીજી એક દંડક અને એક સ્તુતિ એ બેના યુગલથી મધ્યમચૈત્યવંદના અને (૩) ત્રીજી તે સંપૂર્ણ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના જાણવી. વિધિ કરીને વંદના ત્રણ પ્રકારે છે ॥૬૬॥ (૧) માત્ર નમસ્કાર કરીને થતી જઘન્યવંદના કહી છે તે જઘન્યજઘન્ય-વંદના નામનો પહેલો ભેદ. (૨) એક દંડક (અરિહંત ચેઈયાણં) અને એક સ્તુતિથી થતી મધ્યમચૈત્યવંદના તે તેનો મધ્યમમધ્યમ ભેદ બીજો કહ્યો છે. ॥૬૭॥ (૩) સંપૂર્ણ ઉત્કૃષ્ટ વંદનાનો ઉત્કૃષ્ટઉત્કૃષ્ટ ભેદ ત્રીજો કહ્યો છે. આ ત્રણ ભેદ કહેવાથી એક-એક વંદનાના સ્વજાતીય બે ભેદ ગ્રહણ કરતાં આ પ્રકારે ચૈત્યવંદનાના નવ ભેદ પંચાશકજી મુજબ સિદ્ધ થાય છે. ॥૬૮॥

આમ, સુધર્માસ્વામી ગણધર, ચૌદપૂર્વધર ભદ્રબાહુસ્વામી વગેરેના કરેલ શાસ્ત્રોમાં ચૈત્યવંદનાના ત્રણ ભેદ કહ્યાં તેના અનુયાયી ઉપલક્ષણરૂપ નવ ભેદ પણ પંચાશકમાં કહ્યા. તેને અનુયાયી પૂર્વધર પછીના સમયમાં થયેલ શાંતિસૂરિજીએ એક-એક વંદનાના સ્વજાતીય બે-બે ભેદ કહી નવ ભેદની ચૈત્યવંદના બતાવી તે પણ પ્રાયઃ ત્રણ થોયની જાણવી. કારણ કે નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના ત્રણ થોયથી કહી તો સ્વજાતીય એક-એક ભેદમાં પણ ત્રણ થોયથી નવ ભેદની ચૈત્યવંદના સિદ્ધ થઈ. હવે તટસ્થ પુરુષોએ વિચાર કરવો જોઈએ કે, આવા મહાપુરુષોના વચનની આત્મારામજીને જાણ નહીં હોય તો તેમના વચનને બુદ્ધિવાળો સત્ય માનશે ?

કેમ કે આત્મારામજીને સમજાવવા મહાવિદેહક્ષેત્રથી કેવલી ભગવંત તો આવે એવી સંભાવના નથી તો તેમણે પૂર્વધર અને પૂર્વાચાર્યના વચન ઉપર જ શ્રદ્ધા રાખવી જોઈએ. તે તો તેમને છે નહીં, તો તેમની વાત કોઈપણ સમ્યગ્દષ્ટિ પુરુષ માનશે નહીં.

॥ इति चतुर्थस्तुतिनिर्णयशंकोद्धारेऽपरनामनि चतुर्थस्तुतिकुयुक्ति-निर्णयछेदनकुठारे पूर्वधरानुयायिनविविधचैत्यवन्दनास्वरूपनिदर्शनो नाम नवमः परिच्छेदः ॥

પ્રશ્ન :- શાસ્ત્રોમાં ત્રણ થોયની ચૈત્યવંદના લખી છે તે મહાભાષ્યમાં નવ ભેદની ચૈત્યવંદના કહી તેનો છઠ્ઠો ભેદ છે અને તે ચૈત્યપરિપાટીમાં કરવાની કહી છે. તમે જે કલ્પભાષ્યની ગાથાનું આલંબન લઈ ચોથી થોયનો તથા પ્રતિક્રમણમાં પણ ચોથી થોયનો નિષેધ કરો છો તે દહીંના બદલે કપાસ ખાઓ છો.

જવાબ :- હે દેવાનુપ્રિય ! અમો તો જેવી રીતે પૂર્વધર, પૂર્વધર અનુયાયી તથા પૂર્વધર અનુયાયી પૂર્વાચાર્યના ગ્રંથમાં લેખ તથા તેઓની આચરણા છે તે બંનેને સત્ય માનીએ છીએ, પરંતુ હે સૌમ્ય ! તમને બૃહદ્કલ્પની ગાથાના યથાર્થ તાત્પર્યની જાણ નથી. તેથી તમે ચાર થોય-ચાર થોય પોકારો છો. કેમ કે મહાભાષ્યમાં નવ ભેદની ચૈત્યવંદના કહી છે તેમાં તો તમારી ચોથી થોયનો છઠ્ઠો ભેદ જ કહ્યો નથી, તો '**विभ्रमो नास्ति कुतः शिक्षा**' એ ન્યાયથી તથા મહાભાષ્યના કથનથી છઠ્ઠા ભેદમાં ચોથી થોય જ સિદ્ધ ન થઈ. કેમ કે ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૧૮ પર તમારા હાથથી જ છઠ્ઠો ભેદ ત્રણ થોયની ચૈત્યવંદનાનો કહ્યો છે, તો પ્રતિક્રમણની ચોથી થોય તમારા હાથથી જ નિષેધ થઈ છે, તો અમે શા માટે નિષેધ કરીએ ? કેમ કે મહાભાષ્યની એકસઠમી ગાથામાં ઉભયકાળમાં શક્તિ હોય તો ત્રણ ભેદની ઉત્કૃષ્ટચૈત્યવંદના કરવી કહી અને તમે ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૯૨ પર ઉત્કૃષ્ટચૈત્યવંદનાના ત્રણ ભેદ લખ્યા તે પ્રમાણે તમારા દાદા-પરદાદાએ પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં કર્યું નથી અને હમણાં પણ તમારી કલ્પિત પરંપરામાં કરતાં નથી. તથા તમે લિંગ બદલાવ્યો

હોવાથી કોઈના ગચ્છની પરંપરામાં તમે નથી, પણ લોકોને ભરમાવવા માટે કહો છો કે અમે તપગચ્છના છીએ, પણ તમે તપગચ્છની સામાચારી પ્રમાણે વર્તતા નથી. તપગચ્છમાં તો તમે લખ્યા પ્રમાણે વર્તમાનકાળમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં, ઉભયકાળમાં અને જિનમંદિરમાં તમે કાંઈ પણ કરતાં નથી. તમે તમારી પૂજા-માનતા ઘટવાના ડરથી ક્યાંથી કરતાં હશો તો તપગચ્છના પૂર્વાચાર્ય અને અન્ય ગચ્છના આચાર્ય તો તમારા લખ્યા પ્રમાણે ભાષ્યવિરુદ્ધ વચન સાતમા ભેદની ચૈત્યવંદના કરે જ ક્યાંથી ? કેમ કે જિનમતમાં તો નવ પ્રકારની ચૈત્યવંદના સિવાય અધિક કહી જ નથી. તેતી પૂર્વધર તથા પૂર્વધર વર્તમાનકાલવર્તી આચાર્યોને વારે તો, સાધુ તથા શ્રાવક પ્રતિક્રમણના આદિ-અંતની "**जइ चेइआणि अत्थि न ओ वंदिज्जा**" આદિ આવશ્યકચૂર્ણિના વચનથી ત્રણ થોયથી ત્રણ ભેદમાં રહેલી ઉત્કૃષ્ટચૈત્યવંદના યથાશક્તિએ ઉભયકાળ જિનચૈત્યમાં કરતાં તથા સ્તોત્ર-પ્રણિધાન રહિત દેવગૃહમાં સાતમી વંદના કરી, સાંજના પ્રતિક્રમણ આદિમાં નમસ્કાર, નમુત્થુણં કહી ભગવાન આદિ ચાર ખમાસમણા દેઈ પ્રતિક્રમણ ઠાવતાં અને "**अहासन्निहिय चेइयाणि अत्थि तो वंदिज्जा**" એટલે નજીક ચૈત્ય હોત તો વાંદવા વગેરે શ્રી વ્યવહારભાષ્યના વચનથી તથા "**जइ चेइयघरे ठिया वेयालियं कालं पडिक्कंता अकए आवस्सए गोसेयक-एआवस्स ए चेइअं न वंदंति तो मासलहुत्ति**" એટલે દેરાસરમાં રહી સાધુ સંધ્યાકાલ નિવેદન કર્યા પછી આવશ્યક કર્યા પહેલાં અને પ્રભાતના આવશ્યક કર્યા પછી જો ચૈત્ય ન વાંદે તો એક માસનું લઘુપ્રાયશ્ચિત્ત પામે વગેરે વ્યવહારવૃત્તિના પીઠિકાના વચનથી પ્રાતઃકાળના પ્રતિક્રમણના અંતે 'વિશાલલોચનદલં' આદિ સ્તુતિ, નમસ્કાર, નમુત્થુણં કહી ભગવાન આદિ ચાર ખમાસમણાં નજીકના ચૈત્યમાં દઈ સ્તોત્ર, પ્રણિધાન રહિત સાતમી વંદના કરતાં, અન્યથા ચાર ખમાસમણા દઈ પડિલેહણ આદિ ક્રિયા કરતાં તેમજ પૂર્વધર નિકટ પશ્ચાત્કાલવર્તી આચાર્યોને વારે પણ "**वंदण जइयं चेइयं**" આદિ શ્રી પ્રદ્યુમ્નસૂરિકૃત સામાચારી પ્રમુખ ગ્રંથોના વચનથી પ્રતિક્રમણના આદિ-અંતમાં સાધુ તો પ્રાયઃ સ્તોત્ર પ્રણિધાન રહિત સાતમી ચૈત્યવંદના ત્રણ થોયથી કરી પ્રતિક્રમણના આદિ અંતમાં પૂર્વોક્ત

મહાભાષ્યની ત્રેસઠમી ગાથામાં આદિ શબ્દના ગ્રહણ કરવાથી પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યઉત્કૃષ્ટચૈત્યવંદના કરી પૂર્વોક્ત પ્રકારે પ્રતિક્રમણ ઠાવતાં તથા સમાપ્ત કરતાં અને શ્રાવક તો પ્રાયઃ "**संपादितपूजोपचार**" ઇત્યાદિ શ્રી હરિભદ્રસૂરિજીકૃત લલિતવિસ્તરા વૃત્તિના વચનથી તથા શ્રી શાંતિસૂરિજી કૃત પૂર્વોક્ત ચૈત્યવંદનમહાભાષ્યની ૬૨મી ગાથાના કથનથી જિનપ્રતિમાની અગર, ધૂપ, પુષ્પ, ગંધ આદિથી સમયને ઉચિત પૂજા કરી, ઉભયકાળમાં સ્તોત્ર-સ્તુતિએ ત્રણ થોઈથી ઉત્કૃષ્ટચૈત્યવંદનાને અંતે જિનગૃહવાસી દેવ-દેવીને સંબોધવાને તથા વૈયાવચ્ચ આદિ કૃત્યના ઉપયોગ દેવાને અર્થે વેયાવચ્ચગરાણં કાઉસગ્ગ કરી સમ્યગ્દષ્ટિ દેવતાનું તથા જિનયક્ષ આદિનું બહુમાન યથાશક્તિ ઉત્કૃષ્ટચૈત્યવંદનાના ત્રણ ભેદ ચોથી થોય સહિત સાધર્મિકવાત્સલ્યરૂપ કરતાં. શ્રી ચૈત્યવંદનમહાભાષ્યમાં તેમજ કહ્યું છે કે, તે પાઠ :

जिणवंदणावसाणे, जिणगिहवासीण देवदेवीणं ।
संबोहणत्थमहुणा, काउस्सग्गं कुणइ एवं ॥७८५॥
एमाइ कारणेहिं, साहम्मियसुरवराणवच्छलं ।
पुव्वपुरिसेहिं कीरइ, न वंदणा हेउमुस्सग्गो ॥७८६॥
पारयकाउस्सग्गो, परमेठीयं च कयनमुक्कारो ।
वेयावच्चगराणं, देज्ज थुईजक्खपमुहाणं ॥७८८॥

એ ત્રણ ગાથાનો ભાવાર્થ આગળ લખાશે. તેથી અહીં ઉપર લખ્યા પ્રમાણે જાણવું તથા પૂજાના અભાવે ઉભયકાળ સાતમી વંદના સ્તોત્ર-પ્રણિધાન રહિત કરી પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યનો ઉત્કૃષ્ટ ભેદ કરી ઠાવતાં તથા સમાપ્તિ કરતાં તથા વળી તેમજ વર્તમાનપૂર્વકાલવર્તી પૂર્વાચાર્યોને વારે પણ,

इह साहु सड्ढो वा चेइयगेहाइ उचियदेसंमि ।
जहजोगं कयपूओ, पमोयरोमंचियसरीरो ॥२६३॥

ભાવાર્થ :- એ છે જે સાધુ અથવા શ્રાવક પ્રમોદ રોમાંચિત થકો ચૈત્યના

ઉચિત દેશમાં રહી જેને જેવી ઉચિત તેવી પૂજા કરી ચૈત્યવંદના કરે ઇત્યાદિ મહાભાષ્યને અનુયાયી તપાગચ્છનાયક શ્રી દેવેન્દ્રસૂરિકૃત શ્રાદ્ધદિનકૃત્ય વૃત્તિમાં પણ પૂજાના અધિકારમાં શ્રાવકને ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

अट्ठपयारपूयाए, पूइत्ता जगबंधवे ।

मुद्दाविहाणजुत्तेणं, कायव्वं जिणवंदणं ॥२॥

व्याख्या - अष्टप्रकारपूजया पूर्वोक्तस्वरूपया पूजयित्वा जगद्बांधवान् मुद्राविधानयुक्तेन यथावस्थानस्थापितमुद्राविधिसमन्वितेन कर्त्तव्यं जिनवन्दनं ॥२॥

ભાવાર્થ :- એનો ભાવાર્થ એ છે કે પૂર્વોક્ત સ્વરૂપે જગબાંધવની અષ્ટપ્રકારી પૂજા કરીને યથાયોગ્ય સ્થાને સ્થાપેલી મુદ્રા વિધિ સહિત જિનવંદન એટલે ચૈત્યવંદન કરવું.

पुनस्तत्रैव सर्वचैत्यसाधुवन्दनं कृत्वा स्तोत्रं यथोचितमुद्दाम-गंभीरस्वरेण पठित्वा मुक्ताशुक्तिमुद्रया प्रणिधानं करोति ।

એનો ભાવ જે ત્યાં શ્રી શ્રાદ્ધદિનકરવૃત્તિમાં કહ્યું છે કે, સર્વ ચૈત્ય સાધુઓને વંદન કરીને ઉત્કૃષ્ટ ગંભીર સ્વરે યથોચિત સ્તવન કહીને મુક્તાશુક્તિમુદ્રાએ પ્રણિધાન કરે.

"जयवीयराय" इत्यादि "चिइवंदणंति" चैत्यवन्दनद्रव्यभाव-पूजात्मकं कार्यमिति, सर्वत्र क्रियाध्याहारः कथं त्रिकालं सूर्योदय-मध्याह्नास्तसमयरूपं संध्यात्रयमित्यर्थः ॥

એ પાઠમાં દ્રવ્ય-ભાવપૂજાત્મક ત્રિકાલ ચૈત્યવંદન કરવું કહ્યું તેથી તપાગચ્છ પણ પૂર્વાચાર્યોને વારે ત્રિકાલપૂજા અવસરે યથાશક્તિએ ઉત્કૃષ્ટચૈત્યવંદનાના ત્રણ ભેદ માંહેલી વંદના કરતાં. તેથી પૂર્વોક્ત મહાભાષ્યને અનુસારે સાધુ ભાવપૂજાને અંતે અને શ્રાવક દ્રવ્યપૂજાને અંતે યથાસંભવ ઉભયકાળ જિનગૃહમાં યથાશક્તિ પૂજા અવસરે ત્રણ થોય તથા ચાર થોયથી ઉત્કૃષ્ટચૈત્યવંદનાના ત્રણ ભેદ કરી પ્રતિક્રમણ કરતાં. કેમ કે તપાગચ્છનાયકે શ્રી શ્રાદ્ધદિનકરવૃત્તિમાં કહ્યું છે કે "**सर्वचैत्यसाधु-**

वन्दनकृत्वा'' એટલે સર્વચૈત્ય કહેવાથી ચૈત્યપરિપાટી પ્રમુખના છ ભેદ જણાવ્યા અને સાધુવંદન કહેવાથી સ્તોત્ર પ્રણિધાન રહિત સાતમી વંદના જણાવી. કેમ કે સાતમી વંદના શક્રસ્તવાંત કરીને ભગવાન આદિ ચાર ખમાસમણા દઈ પ્રતિક્રમણ કરે એ અભિપ્રાય જણાવી પછી સ્તોત્ર. તે ઉત્કૃષ્ટ બે વંદના જણાવી કહ્યો તેમજ વર્તમાનકાલ નિકટવર્તી પૂર્વાચાર્યોને વારે પણ પૂર્વોક્ત ન્યાયે પૂજા અવસરે યથાશક્તિ ચાર થોયથી ત્રણ ભેદની ઉત્કૃષ્ટ વંદના કરી પ્રતિક્રમણ કરતાં.

तथा चोक्तं तपागच्छनायकश्रीहीरसूरिसंतानीयश्रीआनन्दसूरिशिष्य-श्रीमानविजयोपाध्यायकृतधर्मसंग्रहे - ''संध्यायां जिनपूजानन्तरं श्रावकः साधुपार्श्वे पौषधशालादौ वा गत्वा प्रतिक्रमणं करोति ।''

એટલે શ્રાવકજન સંધ્યાકાળે જિનરાજની પૂજા કર્યા પછી સાધુ પાસે અથવા પૌષધશાળા આદિમાં જઈને પ્રતિક્રમણ કરે એ કહેવાથી પૂજા અવસરે ચાર થોયથી ચૈત્યવંદના કરી ઉભયકાળ જિનગૃહમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમી ચૈત્યવંદના કરી ''**जिणमुणिवंदणअइयारू**'' આદિ પૂર્વાચાર્યપ્રણિત ગાથાના વચનથી જઘન્યઉત્કૃષ્ટચૈત્યવંદના કરી પ્રતિક્રમણ ઠાવતાં તથા સમાપ્ત કરતાં. તેમજ દેવગૃહમાં વર્તમાનકાલ નિકટ પૂર્વકાલવર્તી અન્ય ગચ્છના આચાર્ય પણ પૂર્વોક્ત ન્યાયથી પ્રતિક્રમણના આદિ-અંતની સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમી ચૈત્યવંદના કરતાં. તે પાઠ અનુક્રમે લખીએ છીએ.

શ્રીઆગમિકગચ્છીય અથવા શ્રી તપાગચ્છીય શ્રી તિલકાચાર્યકૃત વિધિપ્રપાસામાચારીનો પાઠ :

''विशाललोचनदलं'' इति स्तुतित्रयभणनं शक्रस्तवः पूर्णा चैत्यवन्दना ॥

''इति रात्रिप्रतिक्रमणविधौ'' सम्पूर्णचैत्यवन्दना अस्तोत्रा, ततो गुरून् वंदित्वा यथाज्येष्ठं साधुवंदनमिति ''देवसिकप्रतिक्रमणविधौ'' तथा बृहत्खरतरगच्छीयश्रीजिनप्रभसूरिकृत सामाचारी पाठ ।

जावंति चेइयाइं ति गाहादुगथुत्तपणिहाणवज्जं । चेइयाइं वंदित्तु

चउराइ खमासमणेहिं आयरियाइ वंदिय इत्यादि ॥१॥ इति देवसिक-प्रतिक्रमणविधौ ॥

અર્થ :- એ પાઠોમાં શ્રી તપાગચ્છીય તથા અન્યગચ્છીય એટલે ખરતરગચ્છ પ્રમુખ આચાર્યોએ પ્રતિક્રમના આદિ-અંતની ચૈત્યવંદના સ્તોત્ર-પ્રણિધાન રહિત જિનચૈત્યમાં કરવી કહી. અહીં કોઈ આત્મારામજી જેવા કહે છે કે, વિધિપ્રપા પ્રમુખના પાઠમાં તો જિનચૈત્યમાં ચૈત્યવંદના કરવી એવા અક્ષર નથી, પણ પ્રતિક્રમણની વિધિમાં આદિ-અંતમાં કરવી કહી છે. તેની અજ્ઞતા દૂર કરવાને કહીએ છીએ કે, મહાનુભાવ ! વિધિપ્રપા પ્રમુખના પાઠ છે તે વિધિવાદે છે. વિધિવાદ પ્રાયઃ સામાન્ય-વિશેષપણે હોય. તેથી અહીં વિધિપ્રપા પ્રમુખના પાઠમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં "**सम्पूर्णा चैत्यवंदना अस्तोत्रा**" એ વચનથી વિશેષ પ્રકારે ચૈત્યવંદના સૂચવી અને "**स्तुतित्रयभणनं शक्रस्तवः पूर्णा चैत्यवंदना**" એ વચનથી સામાન્ય અને વિશેષ વિધિ બે સૂચન કર્યા એટલે પ્રતિક્રમણને અંતે સ્તુતિમંગલ-શક્રસ્તવ કહેવાથી જઘન્યઉત્કૃષ્ટચૈત્યવંદના કરી "**तो चेइयाइ जइ अच्छितो वंदंति**" આદિ ઉત્તરાધ્યયનવૃત્તિ તથા ભાષ્યાદિકના વચનથી જિનચૈત્યમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમી વંદના સૂચવી તથા જાવંતિ ચેઈયાઈં એ બે ગાથા અને સ્તવન જયવીયરાય વર્જીને ચૈત્ય વાંદવા એ વાક્યથી પણ જિનચૈત્યમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમી વંદના સૂચવી. કેમ કે ચૈત્યવંદનમહાભાષ્યમાં મહાપ્રભાવક શ્રી શાંતિસૂરિજીએ ઉત્સર્ગે ચૈત્યવંદના ચૈત્યમાં જ કરવી કહી છે. તે પાઠ :

भावजिणप्पमुहाणं. सव्वेसिं चेव वंदणा जइवि ।
जिणचेइयाण पुरओ, कीरइ चिइवंदणा तेण ॥१२॥
जिणबिंबाभावे पुण, ठवणागुरुसक्खिया विकीरंति ।
चिइवंदणच्चिय इमा, नायव्वा निउणबुद्धिहिं ॥१३॥
अहवा जत्थवितत्थ वि, पुरओ परिकप्पिउण जिणबिंबं ।
कीरइ बुहेहिं, सा नेया चिइवंदणा तम्हा ॥१४॥

અર્થ :- જો પણ ભાવજિન પ્રમુખની નિશ્ચે વંદના છે તોપણ ચાર નિક્ષેપાનું વંદન છે, કેમ કે જિનરાજની પ્રતિમા આગળ કહીએ તે ચૈત્યવંદના કહીએ. ॥૧૨॥ વળી જો ચૈત્ય ન હોય તો ગુરુસાક્ષીએ સ્થાપના આગળ ચૈત્યવંદના કરે. માટે નિપુણ બુદ્ધિના ધણીએ એનું નામ ચૈત્યવંદના જણાવી તથા ગાથાનું ચોથું પદ "**तत्थविपरमिठ्ठवणाओ**" એવા પાઠાંતરનો પરમાર્થ એ છે કે ગુરુસાક્ષીએ સ્થાપના છે તે પણ પંચ પરમેષ્ઠિની સ્થાપના છે ॥૧૩॥ અથવા જયાં જયાં પંડિતોએ પરિકલ્પના કરી જિનબિંબની આગળ ચૈત્યવંદના કરી તે માટે ચૈત્યવંદના જાણવી. ॥૧૪॥ એ પાઠમાં દેરાસરના અભાવે સ્થાપના આગળ ચૈત્યવંદના કહી તેથી સર્વે નવ ભેદ ચૈત્યવંદનાના છે. તે ઉત્સર્ગે તો જિનચૈત્યમાં તથા અપવાદે સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમી વંદના તથા જઘન્યઉત્કૃષ્ટચૈત્યવંદના સ્થાપના આગળ કરવી તેમ જ કહ્યું છે. વિક્રમ સંવત ૧૬૧૭માં કારતક સુદી સાતમ શુક્રવારે પાટણનગરમાં શ્રી ખરતરગચ્છનાયક શ્રી જિનચંદ્રસૂરિએ સર્વગચ્છીય ગીતાર્થ તથા શુદ્ધમાર્ગી તપાગચ્છના ગીતાર્થોની સંમતિએ ચર્ચા પ્રશ્નોત્તર ગ્રંથ બનાવ્યો છે. તેમાં દેવગૃહમાં પ્રતિક્રમણની આદિ-અંતમાં ચૈત્યવંદના કહી તેની ભાષા જેમ છે તેમ લખીએ છીએ તથા પ્રાચીન શાસ્ત્રને અભિપ્રાયે બે પ્રતિક્રમણના આદિ-અંત ચૈત્યવંદન દેવગૃહમાં જ કરવા ઉપદેશ્યા છે. એની સાક્ષી શ્રી ઉત્તરાધ્યયનના ૩૬મા અધ્યયનની વૃત્તિમાં તથા વ્યવહારચૂર્ણિપીઠિકામાં અને આવશ્યકચૂર્ણિમાં છે. એવી રીતે પૂર્વોક્ત ૧૦ ગ્રંથોને અનુયાયી વર્તમાન નિકટ પૂર્વકાલવર્તી તપાગચ્છના તથા અન્ય ગચ્છના આચાર્ય જાવંતિ, જાવંત, સ્તવન અને જયવીયરાય રહિત દેવગૃહમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં ચૈત્યવંદના કરતાં. તેમજ વર્તમાનકાલવર્તી તપગચ્છ તથા અન્ય ગચ્છોના આચાર્ય, સાધુ, શ્રાવક પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત ચૈત્યવંદના કરે છે. પરંતુ તપગચ્છ તથા ખરતરગચ્છ પૂર્વાચાર્યોના સમયમાં તો ક્ષુદ્રોપદ્રવ આદિ નિવારણને અર્થે જેમ બૃહદ્શાંતિ મૂલમાં વિધિ કહ્યો છે તે પ્રમાણે વિધિયુક્ત જિનમંદિરમાં શાંતિ ભણતાં. કેમ કે વિક્રમ સંવત ૧૫૦૬ની સાલમાં શ્રી જયચન્દ્રસૂરિ થયા, તેઓએ પ્રતિક્રમણગર્ભહેતુ બનાવ્યો તેને અનુસારે તપગચ્છ તથા ખરતરગચ્છવાળા

સાધુ-શ્રાવક પ્રાયઃ પ્રતિક્રમણ કરે છે. તેમાં પ્રતિક્રમણના વિધિમાં લઘુ તથા બૃહદ્‌શાંતિ કહેવી કહી નથી અને ત્યારપછી કેટલોક કાળ ગયા પછી વિક્રમસંવત ૧૬૫૨ના વર્ષમાં શ્રી તપાગચ્છનાયક શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબ સ્વર્ગે ગયા તે અરસામાં કોઈ કારણે પક્ખી, ચઉમાસી, સંવત્સરી પ્રતિક્રમણના અંતે બૃહદ્‌શાંતિ કહેવા રૂઢિ તપાગચ્છમાં ચાલી. તેથી બૃહદ્‌શાંતિ ટીકાના કર્તા વિક્રમસંવત ૧૬૪૪ની સાલમાં નાગોરીતપાગચ્છમાં થયેલા શ્રી હર્ષકીર્તિસૂરિજીએ પોતાના ગચ્છમાં ચાલેલી રૂઢિ જણાવવા બૃહદ્‌શાંતિના મૂળમાં તથા શબ્દ નથી તોપણ પક્ખી, ચઉમાસી, સંવત્સરી પ્રતિક્રમણના અંતમાં બૃહદ્‌શાંતિ અવશ્ય કહેવી તેવું લખ્યું. તેથી મૂળ અને ટીકા બંનેનો અભિપ્રાય જણાવવા બંને પાઠ ભેગા લખીએ છીએ. તે પાઠ :

एषा शांतिः प्रतिष्ठायात्रास्नात्रावसानेषु शांतिकलशं गृहीत्वा कुंकुमचंदनकर्पूरागरुधूपवासकुसुमांजलिसमेतः स्नात्रचतुष्किकायां संघसमेतः शुचिशुचिवपुःपुष्पवस्त्रचंदनाभरणालंकृतः पुष्पमालां कंठे कृत्वा शांतिमुद्घोषयित्वा शांतिपानीयं मस्तके दातव्यमिति ॥

नृत्यंति नृत्यं मणिपुष्पवर्षं,

सृजंति गायंति च मंगलानि ।

स्तोत्राणि गोत्राणि पठंति मंत्रान्,

कल्याणभाजो हि जिनाभिषेके ॥१॥

व्याख्या - एषा शांतिः कदा पठनीयेत्याह, एषा शांतिस्तीर्थकराणां प्रतिष्ठाया अवसाने अंते तथा यात्राया अवसाने अंते स्नात्रस्यावसाने अन्ते च पठनीयेत्यऽध्याहारः तथा पाक्षिकचातुर्मासिकसांवत्सरिक प्रतिक्रमणानां चांते अवश्यं पठनीया अन्येषामपि धर्मकार्याणां समाप्तौ च मंगलार्थमवश्यमुद्घोषणीया कथमुद्घोषणीयेत्याह तथा च एको विशिष्टगुणवान् श्रावकः उर्ध्वीभूय शांतिकलशं शांत्यर्थं शुद्धजलेन भृतं भृंगारकं गृहीत्वा वामकरे धृत्वा उपरि दक्षिणं करं संस्थाप्य पुनः

कुंकुमेति, तत्र कुंकुमं काश्मीरजन्मचन्दनं श्रीखंडं कर्पूरो घनसारः अगुरुः कृष्णागरुः धूपः कृष्णागुर्वादिनां निर्मितो वा यद्वासः सुगंधीवस्तुना परिमलः कुसुमाणां पुष्पाणामंजलिः पुष्पैर्भृतांजलिः कूजितपाणिद्वयरूपः ततो द्वंद्वः तैः समेतः सहितः सन् तद्वान्सन् स्नानचतुष्किकायां स्नात्रमंडपे संघेन समेतः सहितः सन् स्वयं शुचिर्बाह्याभ्यंतरमलरहितः शुचिवस्त्रः शुचीनि पवित्राणि देवपूजा-योग्यानि वस्त्राणि यस्य सः पुनश्चंदनेन श्रीखंडादिविलेपनेन आभरणैश्च कंकणमुद्रिकादिभिरलंकृतो विभूषितः सन् पुष्पमालां पुष्पाणां स्त्रजं कंठे गले क्षिप्त्वा ईदृशः सन् शांतिमुद्घोषयित्वा वेदध्वनिवन्महताशब्देन शांत्युद्घोषणं शांतिपाठं कृत्वा पश्चात्तेनान्यैरपि सर्वजनैस्तच्छांति कलशपानीयं मस्तके दातव्यं चुलुकैः कृत्वा मस्तके क्षेपणीयं सर्वैरपि श्रेयोऽर्थं स्तोकं स्तोकं मस्तके लगयितव्यमित्यर्थः इति समाप्तौ । अथ पुनरपि स्नात्रप्रान्ते भव्याः किं कुर्वन्तीत्याह - नृत्यंति नृत्यमिति कल्याणं क्षेमं कुशलं भजंति प्राप्नुवंति ते कल्याणभाजः कल्याणयुक्ताः भव्यप्राणिनः जिनाभिषेके तीर्थंकरस्नात्रमहोत्सवप्रान्ते नृत्यं नाटकं नृत्यन्ति नाटकं कुर्वन्ति पुनर्मणिपुष्पवर्षं सृजन्ति मणयो रत्नानि उपलक्षणत्वान्मौक्तिकान्यपि पुष्पाणि पंचवर्णकुसुमानि तेषां वर्षं वृष्टिं सृजन्ति कुर्वन्ति जिनोपरि रत्नानां पुष्पाणां च वर्षणं कुर्वन्ति पुनर्मंगलानि अर्थान्मंगलवाचकानि मंगलकारकाणि गीतानि गायंति - पुनः स्तोत्राणि जिनस्तुतिरूपाणि पठंति पुनस्तीर्थंकराणां गोत्राणि नामानि पठंति उच्चरंति यद्वा गोत्राणि तीर्थंकरवशान् वर्णयंति पुनर्मन्त्रान् मंत्रगर्भितस्तवान् पठंति यद्वा गुरुभिः पठ्यमानान् मंत्रान् शृण्वन्ति ॥

અર્થ :- એ શાંતિ ક્યારે ભણવી ? તો કહે છે કે, એ શાંતિ તીર્થંકરોની પ્રતિષ્ઠાને અંતે, યાત્રાને અંતે, સ્નાત્રને અંતે ભણવી. તે અધ્યાહાર તથા પક્ખી, ચઉમાસી, સંવત્સરી પ્રતિક્રમણને અંતે અવશ્ય ભણવી. બીજા

ધર્મકાર્યની સમાપ્તિમાં માંગલિકને અર્થે શાંતિની ઉદ્‌ઘોષણા કરવી તે વિધિ કહે છે -

એક અધિક ગુણવંત શ્રાવક ઊભો થઈ શાંતિ માટે નળીવાળો કળશ પોતાના ડાબા હાથમાં પકડી ઉપર જમણો હાથ રાખી ચોખ્ખા પાણીથી ભરીને ઊભો રહે તે વખતે ધૂપની સુગંધ હોય, તેણે ગળામાં ફૂલની માળા પહેરી હોય, વળી સ્નાનથી બાહ્ય અને અભ્યંતર મળ રહિત થઈ, પૂજાના વસ્ત્રો પહેરી, ચંદનનું વિલેપન કરી, અલંકારો પહેરી, મોટા અવાજે શાંતિ બોલે. શાંતિપાઠ કર્યા પછી તે તથા બીજા પણ શાંતિકળશનું પાણી પોતાના શ્રેય માટે મસ્તકે ચઢાવે એટલે શાંતિ ભણવાનો વિધિ સંપૂર્ણ થયો.

હવે વળી સ્તોત્રને અંતે ભવ્યપ્રાણી શું કરે છે ? તે કહે છે, કલ્યાણયુક્ત ભવ્ય પ્રાણી તીર્થંકરોના સ્નાત્રમહોત્સવ પ્રાંતે નૃત્ય કરે, પંચવર્ણા ફૂલ, મણિ-મોતીનો વરસાદ વરસાવે, મંગળદાયક ગીત ગાય, વળી જિનસ્તુતિરૂપ સ્તોત્ર ભણે. વળી તીર્થંકરોના નામ-ગોત્ર ઉચ્ચારણ કરે, અથવા તીર્થંકરોના વંશનું વર્ણન કરે, મંત્રગર્ભિત સ્તવન ભણે આદિ જિનસ્નાત્રને અંતે કલ્યાણ ઇચ્છતા ભવ્યપ્રાણીઓ કરે.

અહીં શાંતિપાઠમાં પૂજા, યાત્રા, સ્નાત્રાદિક મહોત્સવના અંત પછી શાંતિ ઉદ્‌ઘોષણા કરે તે પણ અહો ભવ્ય જીવો સાંભળો ... એમ કહે. આદિ શબ્દથી શાંતિપઠનવિધિમાં, શાંતિપાઠમાં જ શાંતિ પ્રતિષ્ઠાદિક કૃત્યો સૂચન કર્યા. તેથી ટીકાકારે આદિ શબ્દથી શ્રવણવિધિમાં બીજા કૃત્ય સૂચન કર્યા. શાંતિપાઠના મૂળમાં તથા શબ્દ વળી ચ શબ્દ પ્રમુખ નથી, તોપણ પોતાના ગચ્છમાં કોઈ કારણથી ચાલેલી રૂઢિ જણાવવાને તથા અને ચ શબ્દથી પક્ખી, ચઉમાસી, સંવત્સરી પ્રતિક્રમણના અંતે અવશ્ય બૃહદ્‌શાંતિ ભણવી કહી, પણ દેવસિઅ પ્રતિક્રમણના અંતમાં ભણવી કહી નથી. હવે આગળ શાંતિ બોલવાની વિધિમાં જે વાતો કહી છે તે વિધિ પક્ખી વગેરે પ્રતિક્રમણ કર્યા પછી કેવી રીતે બની શકે ? કારણ કે જૈનશાસનમાં મહોત્સવ આદિ કૃત્યો રાતે કરવા કહ્યાં નથી. તેથી ટીકાકારે પ્રતિક્રમણાંત વાક્યથી દિવસ રાત્રિનો અંત પણ સૂચન કર્યો સંભવે છે. કેમ કે વર્તમાનકાળે પણ

દિવસ તથા રાત્રિ પક્ખીપ્રતિક્રમણની જ કહેવાય છે. તેથી પક્ખી વગેરે પ્રતિક્રમણ કર્યા પછી પૂજા-ઉપચારનો સામાન લાવી બીજા દિવસ જિનગૃહમાં વિધિયુક્ત શાંતિ ભણવી. એમ ટીકાના અભિપ્રાયથી સંભવ થાય છે. અને જો પ્રતિક્રમણાંત શબ્દથી પક્ખી વગેરે પ્રતિક્રમણનો અંત ગ્રહણ કરીએ તો પ્રતિક્રમણનો અંત એટલે સમાપ્તિ. શાસ્ત્રમાં ખામણા ખમાવી, ખમાસમણ આપી ચાર પક્ખી ખામણાં ખમાવી, "**इच्छामो अणुसट्ठिं**" કહે ત્યાં પણ પ્રતિક્રમણનો અંત કહેવાય છે. તે ઠેકાણે શાંતિ કહેવી સિદ્ધ થાય. પણ હાલ તે પ્રમાણે કોઈપણ કરતાં દેખાતાં નથી. તેથી દિવસ રાત્રિના પક્ખીપ્રતિક્રમણને અંતે એટલે બીજા દિવસે દેવસિ પ્રતિક્રમણના અંતે સામાયિક પાર્યા પછી શાંતિ કહેવી એવું 'બૃહદ્‌શાંતિ'ની ટીકાના અભિપ્રાયથી ટીકાકારને વારે સિદ્ધ થાય છે. ત્યારપછી વિક્રમ સંવત ૧૬૭૧ના વર્ષમાં તપગચ્છનાયક શ્રી સેનસૂરીશ્વરજીના સ્વર્ગ પ્રાપ્ત થયા પહેલાં દેવસી પ્રતિક્રમણના અંતમાં કોઈ-કોઈ ઠેકાણે નિરંતર શાંતિ કહેવાની પ્રવર્તના ચાલી ત્યારે શ્રી મુલતાન સંઘે શ્રી સેનસૂરિજીને પ્રશ્ન પૂછાવ્યો. તે પાઠ :

अथ मूलतानसंघकृतानुयोजनानि तत्प्रतिवचांसि च यथा तथा सर्वैः पाक्षिकप्रतिक्रमणे शांतिरवश्यं कथ्यते कैश्चित् पुनरन्यस्मिन् दिनेऽपि कथ्यते तत्किमस्तीति ?

उत्तर :- पाक्षिकप्रतिक्रमणे परंपरया शांतिरवश्यं कथ्यतेऽन्यस्मिन् दिने तु कथनमाश्रित्य नियमो नास्तीति ॥५७॥

પ્રશ્ન :- પાક્ષિકપ્રતિક્રમણે પરંપરથી શાંતિ કહે છે. અને કોઈક વળી અન્ય દિવસે કહે છે, તે કેમ ?

ઉત્તર :- પરંપરાથી પાક્ષિકપ્રતિક્રમણમાં શાંતિ અવશ્ય કહે છે. અન્ય દિનમાં તો કહેવાનો નિયમ નથી.

એ પ્રશ્નોત્તરના અભિપ્રાયથી શ્રી તપાગચ્છમાં વિક્રમ સંવત ૧૬૪૪ પછી કેટલાક વર્ષ સુધી પક્ખી પ્રમુખ પ્રતિક્રમણમાં મોટી શાંતિ કહેવાની રૂઢિ ચાલી. તે પછી કેટલાક વર્ષો સુધી ક્યાંક ક્યાંક નિરંતર દેવસી પ્રતિક્રમણના અંતમાં મોટી શાંતિ કહેવાની રૂઢિ ચાલી. તેથી શ્રી સેનસૂરિજીએ

નિરંતર કહેવાનો નિયમ નથી એવું કહી નિષેધી. તથા શ્રી સેનસૂરિજીને વારે દેવસીપ્રતિક્રમણના અંતમાં નિરંતર કોઈ-કોઈ ઠેકાણે લઘુશાંતિ કહેવાની રૂઢિ ચાલી તે સંભવે છે. કેમ કે પૂર્વે પક્ખી, ચઉમાસી અને સંવત્સરી પ્રતિક્રમણને અંતે તો બૃહદ્‌શાંતિ કહેતા જ હતા, પણ લઘુશાંતિની પ્રવર્તના ચાલી તેથી શ્રી સેનસૂરિજીએ અન્ય દિવસનો નિયમ નથી એવું કહી નિષેધી. તેથી વિક્રમ સંવત ૧૭૪૪ની સાલમાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ પ્રતિક્રમણગર્ભહેતુ સજ્ઝાય બનાવી તેમાં પણ દેવસીપ્રતિક્રમણની વિધિમાં લઘુ તથા મોટી એકેય શાંતિ કહેવી લખી નથી, પણ પક્ખી પ્રતિક્રમણની વિધિમાં પક્ખી પ્રમુખ પ્રતિક્રમણને અંતે સામાયિક પારીને મોટી શાંતિ સિવાય દેવસી પ્રતિક્રમણના અંતમાં લઘુશાંતિ નિરંતર કહેવાની રૂઢિ જણાતી નથી. અહીં કોઈ કહેશે કે 'એવા ઉપાધ્યાયજીના વચન નથી' તેને કહીએ કે સામાયિકમાં તથા સામાયિક લઈને મોટી શાંતિ કહેવી એવા પણ ઉપાધ્યાયજીના વચન નથી. તેથી **"सज्झायने गुरुशांति विधिशुं, सुजसलीला पामीओ"** એ વચનથી જ સામાયિક પાર્યા પછી મોટી શાંતિ કહેવી સિદ્ધ થાય છે. કેમ કે ઉપાધ્યાયજીએ મૂળ વિધિએ દેવસી-પ્રતિક્રમણમાં રાત્રિપહોર સુધી સજ્ઝાય તથા દ્વાદશાંગી ભણે ત્યાં સુધી કહી. તેમ અહીં પણ મૂળ વિધિએ સજ્ઝાય કરીને વિધિયુક્ત શાંતિ ભણવી કહી. મૂળ વિધિ મોટી શાંતિની ટીકામાં પ્રતિક્રમણને અંતે સામાયિક પાર્યા પછી જ સંભવે. કેમ કે સામાયિક પાર્યા પછી જ પ્રતિક્રમણનો અંત ગણાય. તેથી શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી પછી કોઈ કોઈ ઠેકાણે પ્રતિક્રમણના અંતમાં નિરંતર શાંતિ કહેવાની રૂઢિ ચાલતાં ચાલતાં હમણાં વર્તમાનકાળમાં પ્રાયઃ સર્વત્ર ઠેકાણે પ્રતિક્રમણના અંતમાં નિરંતર લઘુશાંતિ કહેવાની રૂઢિ પ્રવર્તના, તેમ શ્રી તપાગચ્છના પૂર્વાચાર્યોના લેખ નથી, તોપણ હમણાં ષડાવશ્યકના અર્થની બાલાવબોધની ચોપડીઓ છપાઈ છે, તેમાં દેવસીપ્રતિક્રમણની વિધિમાં લઘુશાંતિ અને પક્ખીપ્રમુખની વિધિમાં મોટી શાંતિ કહેવી કહી છે. ટીકાકારને અવસરે મોટી શાંતિમાં "**यात्रास्त्रात्रा-वसानेषु**" એવા પાઠ જૂની પ્રતોમાં હતો તેથી ટીકાકારે પાઠાંતર પણ ન કર્યો. તોપણ હમણાં તે પદને ઠેકાણે "**यात्रास्त्रात्राद्यवसानेषु**" એવો અર્થ લખીને પ્રતિક્રમણમાં

શાંતિ કહેવાની રૂઢિને દૃઢ કરે છે. તે તપાગચ્છના પૂર્વાચાર્યોથી વિરુદ્ધ છે. તેને દેખી કેટલાક અજાણ લોકો કહે છે કે, શાંતિ કહ્યા વિના પ્રતિક્રમણ પૂરું થયું ન કહેવાય. એમ કહીને પૂર્વાચાર્યોની આશાતના કરે છે. આવું શ્રી ખરતરગચ્છવાળા કરતાં નથી. કેમ કે ખરતરગચ્છમાં તો વિક્રમ સંવત ૧૬૮૧ની સાલ સુધી તો શાંતિ કહેવાની રૂઢિ જણાતી જ નથી. કેમ કે શ્રી સમયસુંદરજી ઉપાધ્યાયજી તથા બીજા પણ આચાર્યોએ પોતાના ગચ્છના સામાચારીશતક પ્રમુખ ગ્રંથો બનાવ્યા છે. તેમાં પાંચે પ્રતિક્રમણનો વિધિ તો લખ્યો છે, પણ પ્રતિક્રમણના અંતમાં શાંતિ કહેવી તેવું કોઈપણ ગ્રંથમાં લખેલું જણાતું નથી. પણ વર્તમાનકાળમાં શ્રી તપાગચ્છમાં શાંતિ કહેવાની રૂઢિ ચાલી તેમ ખરતરગચ્છમાં વર્તમાનકાળમાં નિરંતર શાંતિ કહેવાની રૂઢિ ચાલુ નથી. પણ થોડા કાળમાં પક્ખી આદિ પ્રતિક્રમણમાં લઘુશાંતિ કહેવાની રૂઢિ પ્રવર્તી દેખાય છે. તેથી વિક્રમ સંવત ૧૯૩૬ની સાલમાં પંડિત મુક્તિકમલ મુનિએ કલકત્તામાં શ્રી ખરતરગચ્છસામાચારીની રત્નસાગર નામની ચોપડી છપાવી. તેમાં પક્ખી, ચઉમાસી, સંવત્સરી પ્રતિક્રમણના અંતમાં લઘુશાંતિ કહેવાની લખે છે. તે રત્નસાગર ચોપડીના પાના નં. ૨૭૦માં જેમ છે તે ભાષામાં લખીએ છીએ :

તથા તીને પર્વપડો સ્તવન અજિતશાંતિ કહણો તથા પમિક્કમણો પૂરો હુવાં પછે એક શ્રાવક ગુર્વાજ્ઞાયે નમોર્હડત્સિદ્ધા કહી શાંતિસ્તોત્ર ૧૭ ગાથા પ્રમાણ કહે બીજા સર્વ સુણે. જિણાને રાત્રીપોષહ ન હુવે (તે) પોસહ સામાયિક પારી સાંભલે. ઇતિ પાક્ષિકાદિ (૩) પડિક્કમણવિધિઃ ॥

ઉપર લખ્યાનો સારાંશ એ છે કે તપાગચ્છ તથા પૂર્વાચાર્યોને વારે લઘુ તથા બૃહદ્‌શાંતિ કાર્યને અવસરે, અજિનમંદિરમાં વિધિયુક્ત ભણતાં અને ત્યારપચ્છી વર્તમાન નિકટવર્તી તપાગચ્છના પૂર્વાચાર્યોને વારે પક્ખી પ્રમુખ ત્રણ પ્રતિક્રમણના અંતમાં સામાયિક પારી એક શ્રાવક શાંતિ કહેતો ને બીજા શ્રાવક સાંભળતાં, પણ પ્રતિક્રમણના અંતમાં લઘુશાંતિ કહેવી એવું કથન તો કોઈ તપાગચ્છના આચાર્યનું નથી.

કેમ કે લઘુશાંતિની ટીકામાં કહ્યું છે કે, **यथाकार्यमुद्दिश्य वा सदा-सर्वदा स्वयं पठति अन्यसकाशात् शृणोति वा ।**

કોઈ કાર્યને અવસરે સર્વદા કાળ પોતે ભણે અથવા બીજાની પાસે સાંભળે એ વચનથી કાર્ય વિના નિરંતર ભણવી કહી નથી. પણ હમણાં વર્તમાનકાળમાં તપાગચ્છમાં તો કાર્ય વિના પણ નિરંતર પ્રતિક્રમણની સામાયિકમાં લઘુશાંતિ કહેવાની રૂઢિ ચાલે છે ને ખરતરગચ્છમાં ત્રણ પ્રતિક્રમણના અંતમાં સામાયિક પારીને કહેવાની રૂઢિ ચાલે છે, તેમજ ચોથી થોય સહિત દેવવંદનની રૂઢિ પણ સામાયિકમાં ચાલી છે. કેમ કે પૂર્વધરોને વારે તો પૂર્વોક્ત ગ્રંથના ન્યાયથી ત્રણ થોયથી ત્રિકાળ પૂજાને અવસરે તથા ઉભયકાળ યથાશક્તિ ઉત્કૃષ્ટચૈત્યવંદનાના ત્રણ ભેદમાં કરી પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યઉત્કૃષ્ટચૈત્યવંદના કરતાં ને ત્યારપછી વિક્રમ સંવત ૫૮૫ તથા વિક્રમ સંવત ૯૬૨થી પૂર્વધર નિકટ કાલવર્તી આચાર્યને વારે પૂર્વોક્ત ગ્રંથોના ન્યાયથી સાધુ તો પ્રતિષ્ઠા આદિ અવસરના કારણે અને શ્રાવકજન જિનપૂજા અવસરે ચોથી થોય સહિત ઉત્કૃષ્ટચૈત્યવંદના કરતાં તથા સાધુ-શ્રાવક જિનચૈત્યમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત ત્રણ થોયથી તથા ઉત્કૃષ્ટચૈત્યવંદનાનો સાતમો ભેદ કરી પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યઉત્કૃષ્ટચૈત્યવંદના કરતાં.

ત્યારપછી વિક્રસ સંવત ૧૩૩૦ના વર્ષ પછી તપાગચ્છ તથા ખરતરગચ્છના પૂર્વાચાર્યોના વારે પણ ત્રણ થોયથી તથા ચાર થોયથી પૂર્વોક્ત પ્રમાણે યથાયોગ્ય ચૈત્યવંદના કરતાં. ત્યારપછી વિક્રમ સંવત ૧૫૦૬ના વર્ષ પછી વિક્રમ સંવત ૧૭૪૪ના વર્ષ પહેલાં તપગચ્છના પૂર્વાચાર્યને વારે તથા વિક્રમ સંવત ૧૬૧૭ના વર્ષ પછી ને વિક્રમ સંવત ૧૬૮૧ના વર્ષ પહેલાં ખરતરગચ્છના પૂર્વાચાર્યોને વારે પણ સાધુ તથા શ્રાવક યથાસંભવ દેવગૃહમાં ઉત્કૃષ્ટના ત્રણ ભેદમાંથી યથાશક્તિ ચૈત્યવંદના કરતાં તથા ઉભયકાળ ચૈત્યગૃહમાં ઉત્કૃષ્ટચૈત્યવંદનાનો સાતમો ભેદ સ્તોત્ર-પ્રણિધાન રહિત કરી પ્રતિક્રમણ કરતાં. ચૈત્યને અભાવે તથા સાંજ-સવારે ચૈત્યના દ્વાર અવસરે ઉઘડતાં ન હોય તથા અવસર થઈ જાય આદિ કારણથી

"चैत्यवंदनवेलायां तु स्थापनार्हन्निति तथा चावश्यकादिकरणकाले स स्थापनाचार्य इति व्यपदिश्यते ।"

જૈનશાસ્ત્રોના વચનથી અરિહંતસ્થાપનાનો સંકલ્પ કરી, અપવાદે શ્રી સ્થાપનાજી આગળ સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમી ચૈત્યવંદના કરી પ્રતિક્રમણ કરતાં. તેમજ હમણાં વર્તમાનકાળમાં અન્ય કેટલાક ગચ્છના સાધુ-શ્રાવક તો ત્રણ થોયથી ઉત્કૃષ્ટ-ચૈત્યવંદનાનો સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમો ભેદ કરી પ્રતિક્રમણ કરે છે.

પણ તપાગચ્છમાં વિક્રમ સંવત ૧૬૭૧ના વર્ષ પહેલાં શ્રી સેનસૂરિજીને સમયે શ્રાવિકા વચ્ચે ત્રણ તથા ચાર થોયની ઉત્કૃષ્ટચૈત્યવંદના બંધ પડી ને એક થોયની ચૈત્યવંદનાની પ્રવર્તના ચાલી તેની દેખાદેખીથી શ્રાવકોમાં પણ તે ચાલી. તે પ્રવર્તના ચાલતી દેખીને શ્રી જેસલમેર સંઘે શ્રી સેનસૂરિજીને પ્રશ્ન પૂછ્યો. તે પાઠ :

तथा श्रावका जिनालये चैत्यवन्दनां विधायोद्ध्वंस्थिताः संते एकनमस्कारकायोत्सर्गं कृत्वा चैकां स्तुतिं कथयत्येतद्विधिः क्वास्तीति प्रश्नः एतद्विधिर्भाष्यावचूरीमध्ये चैत्यवंदनाधिकारे कथितोऽस्ति परमेतद्विधिकरणप्रवृत्तिरधुना श्राविका मध्ये दृश्यत इति ।

અર્થ :- પ્રશ્ન :- શ્રાવક જિનલાયકમાં ચૈત્યવંદના કરી ઊભા રહી એક નવકારનો કાઉસગ્ગ કરીને એક થોય કહે છે, તે વિધિ કયા ઠેકાણે છે ?

ઉત્તર :- એ વિધિભાષ્યની અવચૂરિ એટલે શ્રી દેવેન્દ્રસૂરિજીકૃત લઘુભાષ્ય, તેની અવચૂરિ શ્રી સોમસુંદરસૂરિજીકૃત ચૈત્યવંદનાદિ કારમાં કહી છે. પરંતુ એ વિધિ કરવાની પ્રવૃત્તિ તો હમણાં શ્રાવિકામાં દેખાય છે.

એ પ્રશ્નોત્તરના અભિપ્રાયથી તે અવસરથી ત્રણ તથાં ચાર થોયની ઉત્કૃષ્ટચૈત્યવંદના ધીમે ધીમે બંધ પડતાં હમણાં વર્તમાનકાળમાં શ્રાવક-શ્રાવિકા બંનેમાં જિનગૃહમાં જિનપૂજા વખતે તથા પ્રતિક્રમણના આદિ-અંતમાં ત્રણ તથા ચાર થોયની ઉત્કૃષ્ટચૈત્યવંદના સર્વથા પ્રકારે બંધ પડી ને જિનગૃહમાં જિનપૂજા વખતે તો એક થોયની ચૈત્યવંદના રહી અને પ્રતિક્રમણના આદિ-અંતમાં અને ઉભયકાળ જિનચૈત્યમાં ત્રણ તથા ચાર

થોયની સ્તોત્ર પ્રણિધાન રહિત ઉત્કૃષ્ટચૈત્યવંદનાનો સાતમો ભેદ કરવાનો ચીલો બંધ પડ્યો. જેમ સામાયિકમાં લઘુ તથા બૃહદ્‌શાંતિ કહેવાની રૂઢિ ચાલી તેમ પ્રતિક્રમણના આદિ-અંતના સામાયિકમાં પણ સ્તોત્ર-પ્રણિધાન રહિત ચોથી થોય સહિત ત્રણ થોયની રૂઢિ પ્રાયઃ સર્વ ઠેકાણે ચાલે છે. પણ હે પૂર્વપક્ષિણ તમો ચતુર્થસ્તુતિનિર્ણયના પાના નં. ૯૨માં "**इर्या नमस्काराः शक्रस्तवः चैत्यादि दंडक ४ स्तुति ४ शक्रस्तवः द्वितीयशक्रस्तवांताः स्तवप्रणिधानादि रहिता एकवारवंदनोच्यते ॥६॥**" એવી રીતે મધ્યમોત્કૃષ્ટ વંદનાનો છઠ્ઠો ભેદ પોતાના મનકલ્પિત યંત્રમાં લખીને પૃષ્ઠ ૨૦માંમાં "છટ્ઠા ભેદ તીનથુઈસે જો ચૈત્યવંદના કરને કા હૈ સો ચૈત્યપ્રવાદિમેં કરણે કા હૈ એ પરમાર્થ હૈ" એવું લખો છો તો ત્રણ તથા ચાર થોય મધ્યમઉત્કૃષ્ટતાનો છઠ્ઠો ભેદ તો તમારા લખવા પ્રમાણે ચૈત્યપરિપાટીમાં સિદ્ધ થયો. તો ચતુર્થસ્તુતિનિર્ણય પાના ૮૮, ૯૮, ૧૦૦, ૧૦૩, ૧૦૭, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૬, ૧૨૭ આદિ પાના પર અનુક્રમે દેવસિ પ્રતિક્રમણમાં, પ્રથમ પ્રતિક્રમણમાં, રાઈઅ પ્રતિક્રમણના અંતમાં, દેવસિ પ્રતિક્રમણના પ્રારંભમાં, દેવસિપ્રતિક્રમણની વિધિમાં, રાઈઅ પ્રતિક્રમણના અંતમાં વગેરે વાક્યને અંતે ચાર થોયથી ચૈત્યવંદના કરવી કહી છે તેમ લખો છો.

એ સર્વ લખવું તમારું છાર પર લીંપણ જેવું થયું. કેમ કે છઠ્ઠા ભેદની મધ્યમઉત્કૃષ્ટચૈત્યવંદનામાં તમે ચૈત્યપરિપાટીમાં માનીને "**सेसं उभय-कालमिति महाभाष्यवचनप्रामाण्यात्**" એવું ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૧૦૭માં લખો છો એટલે ઉભયકાળ જિનગૃહમાં તથા પ્રતિક્રમણના આદિ-અંતમાં ઉત્કૃષ્ટચૈત્યવંદનાના ત્રણ ભેદ કરવા એમ તમારા લખવા પ્રમાણે જ સિદ્ધ થાય છે. પણ તમે મનકલ્પિત યંત્રમાં ઉત્કૃષ્ટચૈત્યવંદનાના ત્રણ ભેદ સ્તોત્ર-પ્રણિધાન સહિત લખો છો તે પ્રમાણે તો કોઈ તપાગચ્છના તથા અન્ય ગચ્છના પૂર્વાચાર્યોને વારે પ્રતિક્રમણના આદિ-અંતમાં કોઈ સાધુ તથા શ્રાવકે કર્યા નથી અને વર્તમાનમાં પણ કોઈ કરતાં નથી. આવનાર કાળમાં પણ તમારા જેવા મનકલ્પી સિવાય જૈનમતી સમ્યગ્‌દૃષ્ટિ

કરશે નહીં. વળી તમારી કલ્પિત પરંપરામાં પણ કોઈ કરતો નથી. કેમ કે તમારી પરંપરાવાળા તો પ્રતિક્રમણના આદિ-અંતમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમા ભેદની ચૈત્યવંદના કરે છે અને તમો તો પાના નં. ૯૨માં સ્તોત્ર-પ્રણિધાન રહિત છટ્ઠી ચૈત્યવંદના લખો છો અને પાના ૨૦ તથા ૨૧મા પર લખો છો કે, છટ્ઠા ભેદની ચૈત્યવંદના ચૈત્યપરિપાટીમાં કરવી કહી છે. તો તમારા લખવા પ્રમાણે તમારી પરંપરામાં મોટી ભૂલ પડી. તેથી જો તમો તમારા પરંપરાવાળાથી વધુ વિદ્વાન પાનું ધરાવતાં હો તો તમારા લખવા પ્રમાણે પ્રતિક્રમણના આદિ-અંતમાં છટ્ઠી વંદના છોડાવીને સ્તોત્ર-પ્રણિધાન સહિત સાતમી ચૈત્યવંદના કરાવવી જોઈએ અને તમારી પરંપરાવાળાથી અધિકપણું ન ધરાવતાં હો તો તમારા લખવામાં ભૂલ પડી તેને છેક મારી અને શ્રીસંઘ સમક્ષ મિચ્છા મિ દુક્કડં કહી જો આત્માર્થી હો તો શુદ્ધલિંગી, શુદ્ધપ્રરૂપક, સ્યાદ્વાદશૈલીએ ત્રણ થોય તથા પૂજા આદિ વિશિષ્ટ કારણે ચાર થોય માનવાવાળા કોઈ સંયમી ગુરુ પાસે ચારિત્રઉપસંપદા લઈ શુદ્ધપ્રરૂપક થઈ તેની પરંપરા પ્રમાણે વર્તવું જોઈએ. અન્યથા જો માનને આધીન હો તો તમે પરંપરા રહિત સંમૂર્ચ્છિમ ગણાશો એમાં શક નથી. આ તમારી હિતશિક્ષા છે તે માનશો તો તમારું કલ્યાણ થશે, પછી તમારી મરજી.

તથા વળી તમે છટ્ઠા ભેદની મધ્યમઉત્કૃષ્ટચૈત્યવંદના કોઈ ઠેકાણે ત્રણ થોયથી અને કોઈ ઠેકાણે ચાર થોયથી લખો છો. તેથી એમ જણાવવામાં આવે છે કે, તમને જૈનમતના શાસ્ત્રોનો યથાર્થ બોધ નથી તો જિનશાસનમાં આચીર્ણ કરેલી નવ પ્રકારની ચૈત્યવંદનાનો બોધ તો હોય જ ક્યાંથી ?

કેમ કે તમે છટ્ઠા ભેદની મધ્યમઉત્કૃષ્ટચૈત્યવંદના ત્રણ થોય તથા ચાર થોયથી ચૈત્યપરિપાટીમાં માનીને તમે સાતમા તથા આઠમા ભેદની ચૈત્યવંદના મહાભાષ્ય આદિથી વિરુદ્ધ લખીને તમારા લખવા પ્રમાણે નવમા ભેદની પ્રતિક્રમણના આદિ-અંતમાં નવમા ભેદની ચૈત્યવંદના પૂર્વે પણ કોઈએ કરી નથી ને વર્તમાનમાં પણ કોઈ કરતાં નથી. તો તમે તમારા મનકલ્પિત નવ પ્રકારની ચૈત્યવંદનાનું આલંબન કરીને કલ્પભાષ્ય-મહાભાષ્ય આદિ યુક્ત ત્રણ થોયનો તથા પૂજા આદિ વિશિષ્ટ કારણે સંઘાચારવૃત્ત્યાદિયુક્ત ચાર થોયનો, તથા જિનગૃહમાં પ્રતિક્રમણની આદિ-અંત ચૈત્યવંદનાની

ત્રણ તથા ચાર થોયનો નિષેધ કરીને, તમે જ તમારા મુખથી દહીંને બદલે કપાસભક્ષણ કરીને જિનવચનની તથા પૂર્વાચાર્યોના સ્યાદ્વાદવચનરૂપી અમૃતપાન કરવાવાળા પુરુષોની નિંદા કરીને ત્રણ થોયનો નિષેધ કરવો તમને ઉચિત નથી. કેમ કે જિનગૃહમાં, પ્રતિક્રમણના આદિ-અંતમાં તથા પૂજાદિ વિશિષ્ટ કારણે તપાગચ્છ તથા અન્ય ગચ્છના પૂર્વાચાર્ય મહાભાષ્યોક્ત સિદ્ધાંતભાષાએ ત્રણ થોયથી તથા સંઘાચારવૃત્ત્યાદિયુક્ત સંકેતભાષાએ ચાર થોયથી ઉત્કૃષ્ટવંદના કરતાં આવ્યા છે, કરે છે અને કરશે, પણ હે સૌમ્ય ! તમે ઢુંઢકપરંપરાથી નીકળીને, યથાર્થ ગુરુકુળવાસની સેવાપૂર્વક સિદ્ધાંતોના રહસ્ય ધાર્યા વિના, થોડા ઘણા ગ્રંથો વાંચીને, વિદ્વાનપણાનું અભિમાન ધારણ કરીને, જૈનશાસ્ત્રોના યથાર્થ બોધ વિના, જેમ-તેમ ઉત્સૂત્રભાષણ કરીને લોકોમાં ક્ષણભંગુર કીર્તિ મેળવી રહ્યા છો, પણ તે ક્ષણભંગુર કીર્તિ ક્ષણવાર જ ટકી શકે છે.

તથા વળી ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૨૧ પર લખો છો કે "કલ્પભાષ્યમાં ચૈત્યપરિપાટીમાં પૂર્વોક્ત નવભેદમાંથી છઠ્ઠા ભેદની ચૈત્યવંદના ત્રણ થોયથી કરવી કહી છે, પરંતુ પ્રતિક્રમણના આદિ-અંતમાં ત્રણ થોયથી ચૈત્યવંદના કોઈ પણ જિનશાસ્ત્રમાં કહી નથી." આવું લખવાથી તમે જિનશાસનમાં અજ્ઞાની છો એવું સૂચન થાય છે. કેમ કે વૃત્તિકારે પૂર્વોક્ત શ્રી પંચાશકની વૃત્તિમાં કલ્પભાષ્ય તથા વ્યવહારભાષ્યની ગાથાથી ત્રણ થોયથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના દર્શાવીને શ્રી શાંત્યાચાર્યજીએ પંચાશકજીના ત્રણ ભેદના ઉપલક્ષણથી ચૈત્યવંદનમહાભાષ્યમાં નવ ભેદની ચૈત્યવંદના દર્શાવી તેમાં તમોએ છઠ્ઠા ભેદની ચૈત્યવંદના ત્રણ થોયથી અંગીકાર કરી તો પૂર્વોક્ત ન્યાયે સિદ્ધાંતભાષાએ સાતમા-આઠમા-નવમા ભેદની ચૈત્યવંદના પણ ત્રણ થોયથી અંગીકાર કર્યા વિના મહાભાષ્યના વચન આરાધન કરવા તમને મુશ્કેલ જ પડશે. તથા શ્રાદ્ધવિધિ, પ્રતિમાશતક, સંઘાચારવૃત્તિ, ધર્મસંગ્રહ આદિ અનેક શાસ્ત્રોમાં તથા તમે રચેલા જૈનતત્ત્વાદર્શ, તેમાં કલ્પભાષ્યની ગાથાથી છઠ્ઠા ભેદની ચૈત્યવંદના ત્રણ થોયથી કહી છે તે તો અમે માનીએ જ છીએ.

પરંતુ શ્રાવકને પૂજાઅવસરે તથા સાધુ-શ્રાવકને ઉભયકાળ ઉત્કૃષ્ટ ત્રણ ભેદની ચૈત્યવંદનાએ જ કલ્પભાષ્યની ગાથામાં વા અને અપિ શબ્દના ગ્રહણ કરવાથી પૂર્વાચાર્યે ત્રણ થોયથી સંપૂર્ણ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

पढमं अनिस्सयकडे, तत्थ य जो गुरु वंदेइ चेइअं ।
इरिया तस्सुत्तरिअ, अन्नत्थुस्सग्गलोगस्स ॥१६॥
खमासमण कव्वकहणं, वंदिअ धरणियल जाणु दाहिणयं ।
ठविऊण सक्कथयं, तो अरिहंत चेइय वंदणत्ति ॥१७॥
अन्नत्थयउस्सग्गो, अट्ठ उस्सास जहण कुणइ पूरं ।
पारेइ नमुक्कारं, थुई भणई जाव उज्जोअं ॥१८॥
सव्वलोए अरिहंत, चेइयाणं च वंदण अन्नत्थं ।
उसग्गपुव्वविहिणा, ठायइ पूरइ तओ पच्छा ॥१९॥
थुई पुक्खरवरदीव, सुअस्स भगवं वंदण अन्नत्थं ।
उस्सग्ग पारइ य तहा, थुई सिद्धाणं तओ ठिच्चा ॥२०॥
सक्कत्थयं वा जावंति चेइ, इच्छामि अ जावंत गाहा ।
णमोअरह थुत्तं वा, जाव पणिहाण कए पुण्णं ॥२१॥
एवं अत्थ वि वा कुज्जा, चेइअ वंदण सव्वजिणहरे ।
कारण जाए एगाए, बिथुईणा जओ भणिअं ॥२२॥
णिस्सकडमणिसक्कडे, वावि चेइए सव्वहिं थुई तिन्नि ।
वेलंब चेइयाणि, णाउं इक्किक्कया वावि ॥२३॥
भणइ कोविण इत्थं, थयपणिहाणाइ जुज्जए एवं ।
आणाभंगो दोसो, उत्तविहिण उ कया जेणं ॥२४॥
सद्दो वावि पयडो अ, संति इह तेण पुण विहिसुयगो ।
उक्कोसमज्झिमा पुण, जहण्ण जहसत्ति कायव्वा॥२५॥

णवयारेण जहन्ना, दंडथुईजुयल मज्झिमा भणिया ।
संपुण्णा तिन्नि थुई, पणिहाणजुत्तउ सा णेआ॥२६॥

ભાવાર્થ :- પ્રથમ અનિશ્રાકૃત ચૈત્યમાં ગુરુ ચૈત્ય વાંદે, ત્યાં ઇરિયાવહિયા, તસ્સ ઉત્તરી, અન્નત્થ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી પછી ખમાસમણ દઈ એક કાવ્ય તથા શ્લોક કહી જિનને વાંદી જમણો ઢીંચણ જમીન પર સ્થાપી ડાબો ઢીંચણ જરાક ઊંચો કરી નમસ્કાર, નમુત્થુણં, અરિહંત ચેઇયાણં, વંદણવત્તિયાએ, અન્નત્થ એટલાં વાના કહી જઘન્ય પૂર્ણ આઠ શ્વાસોચ્છ્વાસનો કાઉસગ્ગ કરી પારી નમો અરિહંતાણં, નમોઽર્હત્૦ કહી જિનચૈત્યનિશ્રિત એક થોય કહી યાવત્ લોગસ્સ કહે, પછી સવ્વલોએ અરિહંત ચેઇયાણં, વંદણવત્તિયાએ, અન્નત્થ કહી પૂર્વવિધિએ કાઉસગ્ગ કરી પૂર્ણ કરે પછી સાધારણચૈત્યનિશ્રિત એક થોય કહી પુક્ખરવરદી, સુઅસ્સ ભગવઓ, વંદણવત્તિયાએ, અન્નત્થ કહી કાઉસગ્ગ પારી જ્ઞાનનિશ્રિત એક થોય કહી સિદ્ધાણં બુદ્ધાણં કહી બેસી નમુત્થુણં અથવા જાવંતિ ચેઇયાણં, ઇચ્છામિ ખમાસમણો, જાવંત એ બે મુનિવંદન પ્રણિધાન કરી નમોઽર્હત્સિદ્ધાચાર્ય કહી સ્તવન અને જયવીયરાય કહેવાથી સંપૂર્ણ ચૈત્યવંદના થાય. સર્વ જિનઘરમાં એક પ્રકારે ચૈત્યવંદના કરવી. આજ અર્થે અપિ અને વા શબ્દ ધારણ કર્યા છે, અને કારણ ઉત્પન્ન થયે છતે એક થોયથી પણ ચૈત્યવંદના કરવી. શ્રી કલ્પભાષ્યમાં તેમજ કહ્યું છે. નિશ્રાકૃત અથવા અનિશ્રાકૃત સર્વ ચૈત્યોમાં ત્રણ થોયથી ચૈત્યવંદના કરવી અને જો ચૈત્ય દીઠ ત્રણ-ત્રણ થોયની ચૈત્યવંદના કરતાં બહુ સમય લાગે તો અને ચૈત્ય ઘણા હોય તો એક-એક ચૈત્યમાં એક-એક થોયની ચૈત્યવંદના કરે એ કલ્પભાષ્ય ગાથામાં કોઈ કહે છે. અહીં સ્તવ-પ્રણિધાનાદિ ન જોઈએ એમ કહી ઉક્તવિધિ જે નથી કરતા તે આજ્ઞાભંગદોષને પ્રાપ્ત થાય છે. કેમ કે અહીં જ કલ્પભાષ્ય ગાથામાં વા અને અપિ શબ્દ પ્રગટ જ છે, તે પુનર્વિધિસૂચક છે. તેથી યથાશક્તિએ ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય ભેદ કરવા. તે જ કહે છે, એક તો નમસ્કારમાત્ર કરીને જઘન્યચૈત્યવંદના જાણવી. બીજી એક દંડક અને એક થોય એ મધ્યમચૈત્યવંદના કહી. ત્રીજી ત્રણ થોય પ્રણિધાનયુક્ત તે સંપૂર્ણ જાણવી. ॥૧૬-૨૬॥

એ સામાચારી કલિકાલસર્વજ્ઞબિરુદધારક, સાડા ત્રણ કરોડ શ્લોકના કર્તા, શ્રી હેમચંદ્રસૂરિજીના ગુરુ શ્રી દેવેન્દ્રસૂરિજી પ્રમુખ આચાર્યોએ જેના બનાવેલા ગ્રંથોની ટીકા કરી એવા મૂલશુદ્ધિસ્થાનકપ્રકરણ તથા પ્રવ્રજયા-વિધાનવૃત્તિ પ્રમુખ જ્ઞાનગર્ભિત અનેક ગ્રંથોના કર્તા, વિક્રમ સંવત ૯૦૦ની સાલમાં શ્રી તપાગચ્છની બત્રીસમી પાટે થયેલા શ્રી પ્રદ્યુમ્નસૂરિજીની રચેલી છે એ ગ્રંથની સમાપ્તિમાં "**सामायारीअट्ठारसअहियं सयं सम्मत्तं**" એવું લખ્યું છે. એનું જીર્ણ પુસ્તક શ્રી અમદાવાદ પાંજરાપોળમાં શેઠ હઠીસિંહજી કેશરીસિંહજીના ધર્મઉપાશ્રયમાં શેઠ જયસિંહભાઈ હઠીસિંહજીના જ્ઞાન-ભંડારમાં છે. તથા એ સામાચારીનું જૂનું પુસ્તક અમારી પાસે પણ છે. કોઈને શંકા હોય તો દેખી લેવું. એ સામાચારીમાં પણ કલ્પભાષ્યની ગાથામાં વા અને અપિ શબ્દ ગ્રહણ કરવાથી ઉત્કૃષ્ટચૈત્યવંદના ત્રણ થોયની કહી તો ઉત્કૃષ્ટના ત્રણ ભેદ પણ ત્રણ થોયથી સિદ્ધ થાય છે. છતાં પણ ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૩૩ પર વંદનપયન્નોક્ત ચૈત્યવંદના આશ્રયીને લખે છે કે, "આ પયન્નામાં ત્રણ થોયથી ચૈત્યવંદના કરવી કહી છે તે પૂર્વે કહેલા મતભેદમાંથી છઠ્ઠા મધ્યમઉત્કૃષ્ટ ભેદની ત્રણ થોયથી ચૈત્યવંદના શ્રી જિનમંદિરમાં કરવી કહી છે, પરંતુ પ્રતિક્રમણના આદિ-અંતમાં ચૈત્યવંદના કરવી કહી નથી."

એવું આત્મારામજી લખે છે તે પણ વિચારવિનાનું લખે છે. કેમ કે પોતાના હાથથી જ છઠ્ઠા ભેદની ચૈત્યવંદના તો સ્તવ-પ્રણિધાન રહિત ત્રણ થોયની લખે છે, ને વંદનપયન્નામાં તો સ્તોત્ર-પ્રણિધાન સહિત ત્રણ થોયથી છઠ્ઠા ભેદની ચૈત્યવંદના લખી છે તો કેમ કહેવાય. પણ જૈનશાસ્ત્રોમાં કોઈ ઠેકાણે તો જઘન્યઉત્કૃષ્ટચૈત્યવંદનાનો ભેદ દર્શાવ્યો છે તો કોઈ ઠેકાણે મધ્યમઉત્કૃષ્ટનો જ ભેદ દર્શાવેલો છે, તો કોઈ ઠેકાણે ઉત્કૃષ્ટઉત્કૃષ્ટનો ભેદ દર્શાવેલો છે. પણ જ્યાં પ્રાર્થના પ્રણિધાન દર્શાવેલાં હોય ત્યાં તો ત્રણ ભેદ માંહેલી ઉત્કૃષ્ટ અને નવ ભેદ માંહેલી ઉત્કૃષ્ટઉત્કૃષ્ટચૈત્યવંદના ભેદ સમજવો.

यदुक्तं तपागच्छाधिराजश्रीदेवेन्द्रसूरिभिः श्रीश्राद्धदिनकृत्यवृत्तौ पणिहाणं च काऊण इति गाथा –

व्याख्या - प्रणिधानं चेत्यनेन सम्पूर्णचैत्यवन्दनविधिः सूचितस्ततः प्राग्वत्प्रणिधानावसानं चैत्यवन्दनं कृत्वा कुर्यादन्यदिदमासन्नोपदर्श्यमानतया प्रत्यक्षं ॥

ભાવાર્થ :- ગાથામાં પ્રણિધાન કહીને સંપૂર્ણ ચૈત્યવંદનાવિધિ સૂચન કર્યો તે કારણથી પૂર્વની જેમ જયવીયરાય સુધી ચૈત્યવંદના કરીને નજીક દર્શાવેલા પ્રત્યક્ષ કાર્યો કરવા. એ પાઠમાં પ્રણિધાન સહિત ચૈત્યવંદના કહી. સાધુને તે સંપૂર્ણ ચૈત્યવંદના ઉભયકાળ જિનગૃહમાં તથા શ્રાવકને ત્રિકાળપૂજા વખતે મહાભાષ્ય આદિમાં કરવી કહી છે. તેમજ કલ્પભાષ્યમાં પણ શ્રી પ્રદ્યુમ્નસૂરિએ ત્રણ ભેદના ઉપલક્ષણથી નવ ભેદની ચૈત્યવંદના દર્શાવ્યા છતાં શ્રાદ્ધવિધિ પ્રમુખ અનેક ગ્રંથોમાં પણ પૂર્વોક્ત હેતુથી સંપૂર્ણ ચૈત્યવંદના દર્શાવી છે. પણ પૂર્વોક્ત નવ ભેદમાંથી કેવળ ચૈત્યપરિપાટીની જ છઠ્ઠા ભેદની જ ચૈત્યવંદના દર્શાવી નથી. વળી તમે જૈનતત્ત્વાદર્શ પુસ્તક રચ્યું તે વખે તમારી સમદૃષ્ટિ હતી. તેથી જૈન તત્ત્વાદર્શ પાના નં. ૪૧૭ પર લખેલા અભિપ્રાય પ્રમાણે સર્વ જિનમંદિરોમાં ત્રણ થોયની ચૈત્યવંદના કરવી લખી. પણ હવે પ્રતિક્રમણના આદિ-અંતની સામાયિકમાં પોતાની કલ્પિત પરંપરા ચોથી થોયથી રૂઢ પરંપરા કરતાં દેખી પોતાની પૂજા-માનતા ઘટવાના ભયથી તમારી વિષમદૃષ્ટિ થઈ. તેથી જેમ સાપ છછૂંદર પકડીને પસ્તાય તેમ લોક કહેવતે જો પૂર્વધરોના યથાર્થ વચન લોકો આગળ બોલો તો પોતાની રૂઢિ પરંપરાની તથા પૂજા માનતાની હાનિ પ્રાપ્ત થાય અને અયથાર્થ વચન પ્રકાશો તો ભવસમુદ્રમાં તરવાની આશંકા તો દૂર રહી, પણ વિદ્વાનોની આગળ બોલતાં જીભ અચકાવવાથી મૌનપણું ધારણ કરવું પડે આદિ પશ્ચાત્તાપથી કલ્પભાષ્ય ઉક્ત ત્રણ થોયની ચૈત્યવંદનાને કોઈ ઠેકાણે તો છઠ્ઠા ભેદની જ ચૈત્યવંદના લખીને લોકોને ભરમાવી દુર્ગતિના પરોણા કરવા માટે ચૈત્યપરિપાટીની આડશ લઈ ઉભયકાળની ત્રણ થોયની ચૈત્યવંદના નિષેધ કરો છો. અને કોઈ ઠેકાણે જિનગૃહમાં પ્રતિક્રમણના આદિ-અંતની આડશ લઈ ત્રણ થોયની ચૈત્યવંદનાને નિષેધો છો. વળી, કોઈ ઠેકાણે પોતાના મતની પૂંછડી વાંકી કરવા માટે લોકોને મુખથી ભરમાવો છો કે, કલ્પભાષ્ય ગાથામાં કાઉસગ્ગ આદિ કહ્યા નથી. તેથી સિદ્ધાણં

બુદ્ધાણંની ત્રણ ગાથા તથા લોગસ્સ પ્રમુખ એકેક સૂત્ર સ્તુતિ જ જિનમંદિરમાં કહેવી કહી છે. તથા એ કલ્પભાષ્ય ગાથામાં તો, એક પ્રકારની જ મધ્યમચૈત્યવંદના કહી છે. આદિ યદ્વા-તદ્વા અનેક જાતિના કુવિકલ્પ કરી જો કોઈ હાથીના દાંત જોવા ચાહે તેને ગધેડાનું શિંગડું દેખાડવાથી તે શું બુદ્ધિમાન ગણાય ? ક્યારેય ન ગણાય. કેમ કે ચૈત્યવંદનભાષ્યમાં તો કલ્પભાષ્ય ગાથામાં **"विलंब चेइआणि"** એ વાક્યથી ભાષ્યકારે સમય લાગતો જાણીને અને ચૈત્ય ઘણા હોય તે મતલબથી કલ્પભાષ્ય ગાથાની સાક્ષી લઈ ચૈત્યપરિપાટી આદિમાં છ ભેદ કરવા કહ્યા છે. પણ કલ્પભાષ્ય ગાથાની સાક્ષીથી સાધુ-શ્રાવકને ઉભયકાળ તથા પૂજા વખતે બાકીના ત્રણ ભેદ કરવાના નિષેધ્યા નથી. કેમ કે કલ્પભાષ્ય ગાથાની સાક્ષીથી મહાભાષ્યકારે સાધુ તથા શ્રાવકને ચૈત્યપરિપાટી આદિમાં છ ભેદની ચૈત્યવંદના ત્રણ થોયથી કરવાની કહી તો કલ્પભાષ્ય ગાથાની સાક્ષીએ મહાભાષ્યકારના વચનથી સાધુ-શ્રાવકને ઉભયકાળ તથા પૂજા વખતે નવ ભેદમાંથી ઉત્કૃષ્ટ ત્રણ ભેદની ચૈત્યવંદના પણ ત્રણ થોયથી કરવાની સુતરાં સિદ્ધ થઈ . કેમ કે મહાભાષ્યકારે કલ્પભાષ્ય ગાથાની સાક્ષીએ મધ્યમઉત્કૃષ્ટ વંદના ત્રણ થોયથી કહી તો નમુત્થુણં સંયુક્ત સાતમી વંદના પણ ત્રણ થોયથી સિદ્ધ થઈ અને સાતમી વંદના સિદ્ધ થઈ તો ત્રણ થોયનું યુગલ જોડલું એટલે છ થોયથી આઠમી વંદના પણ કલ્પભાષ્યની સાક્ષીએ સિદ્ધ થઈ. આઠમી વંદના સિદ્ધ થઈ તો નવમી વંદના પણ કલ્પભાષ્ય ગાથાની સાક્ષીથી સ્તોત્ર-પ્રણિધાન સહિત છ થોયથી સિદ્ધ થઈ અને મહાભાષ્યકારના વચનથી કલ્પભાષ્યની સાક્ષીથી નવ ભેદની વંદના સિદ્ધ થઈ તો કાઉસગ્ગ આદિ સ્તુતિ-પ્રણિધાન પણ સિદ્ધ થયાં. કેમ કે તમે પણ ચતુર્થસ્તુતિનિર્ણય પાના ૧૮ તથા ૯૨ પર મહાભાષ્યના સામાન્ય વચનથી મધ્યમઉત્કૃષ્ટ વંદનામાં નમુત્થુણં તથા અરિહંત ચેઈયાણં ગ્રહણ કર્યા તો અરિહંત ચેઈયાણંને અંતે કાઉસગ્ગ તો સિદ્ધ થયો જ. કેમ કે જિનશાસ્ત્રોમાં અરિહંત ચેઈયાણં તથા કાઉસગ્ગના અંતમાં જ ચૂલિકાસ્તુતિ કહેવાની કહી છે. અને કારણમાર્ગે પૂર્વધર તથા પૂર્વાચાર્યોની પ્રવૃત્તિ પણ એમ જ છે. તેથી મહાભાષ્યકારના વચનથી કલ્પભાષ્યગાથાની સાક્ષીએ સાતમી-આઠમી

વંદનામાં પણ અરિહંત ચેઈયાણંને અંતે સિદ્ધ થયા છે અને અરિહંત ચેઈયાણંને અંતે કાઉસગ્ગની સિદ્ધિ નવમી વંદનામાં સ્તોત્ર-પ્રણિધાન પણ કલ્પભાષ્ય ગાથાની સાક્ષીથી સિદ્ધ થયાં અને મહાભાષ્યના વચનથી કલ્પભાષ્ય ગાથાની સાક્ષીએ દંડક, કાઉસગ્ગ, સ્તુતિ, સ્તોત્ર, પ્રણિધાન આદિ સિદ્ધ થયાં તો કલ્પભાષ્યની ગાથામાં દંડક-કાઉસગ્ગ આદિ રહિત એકેક સૂત્ર સ્તુતિ જ જિનમંદિરમાં કહેવી તથા એક પ્રકારની જ ચૈત્યવંદના કહી છે એ તમારા કુવિકલ્પ પણ અસિદ્ધ થયા. તથા લોગસ્સને અનંતર ત્રણ થોય ત્રણ શ્લોક પ્રમાણે જ્યાં સુધી કહીએ ત્યાં સુધી દેરાસરમાં રહેવાની આજ્ઞા છે. કારણ હોય તો ઉપરાંત પણ રહેવું વગેરે વ્યવહારભાષ્ય ઉક્ત ગાથાનો અર્થ જાણ્યા વિના લોગસ્સ પ્રમુખ ત્રણ સૂત્ર થોયની જ તથા સિદ્ધાણં બુદ્ધાણંની ત્રણ ગાથા કહેવાથી જ ચૈત્યવંદના અંગીકાર કરીને કોઈ તમારા જેવા મતાંતરી કલ્પભાષ્ય ગાથોક્ત ત્રણ થોયની ચૈત્યવંદના સ્તોત્ર-પ્રણિધાન રહિત એક પ્રકારની જ માને પણ કલ્પભાષ્યોક્ત સંપૂર્ણ ચૈત્યવંદના ત્રણ થોયથી તથા નવ પ્રકારની ચૈત્યવંદના ન માને તેને સ્થિરાપદ્રગચ્છમંડન વાદિવેતાલ શ્રી શાંતિસૂરિજી વ્યવહારભાષ્યગાથામાં વા શબ્દ છે તેથી પક્ષાંતર સૂચન કરી ત્રણ થોયની સંપૂર્ણ ચૈત્યવંદના તથા ત્રણ થોયની મધ્યમચૈત્યવંદના દર્શાવી મતાંતરીયોને ચૈત્યવંદનમહાભાષ્યમાં શિક્ષારૂપી દંડનો પ્રહાર આપે છે. તે પાઠ :

सुत्ते एगविहच्चिय, भणिया तो भेय साहणमजुत्तं ।
इय थूलमई कोई, जंपइ सुत्तं इमं सरिउ ॥२२॥
तिन्निवाक कड्ढई जाव, थुईओ तिसिलोइया ।
ताव तत्थ अणुन्नायं, कारणेण परेण वि ॥२३॥
भणइ गुरु तं सुत्तं, चियइ वंदणविहि परूवगं न भवे ।
निक्कारण जिणमन्दिर-परिभोगनिवारगत्तेण ॥२४॥
जं वास द्दो पयडो, पक्खंतरसूयगो तहिं अत्थि ।
संपुन्नं वा वंदइ, कड्ढई वा तिन्निउ थुइउ ॥२५॥

एसो विहु भावत्थो, संभाविज्जइ इमस्स सुत्तस्स ।
ता अन्नत्थं सुत्तं, अन्नत्थ न जोइउं जुत्तं ॥२६॥
जइ एत्तियमेत्तं चिय, जिणवंदणमणुमयं सुए हु तं ।
थुईथोत्ताइ पवित्ती, निरत्थिया होज्ज सव्वा वि ॥२७॥
संविग्गाविहिरसीया, गीयत्थतमायसूरिणो पुरिसा ।
कह ते सुत्तविरूद्धं, सामायारीं परूवेंति ॥२८॥
अहवा चीवंदण उ दुविहा, निच्चा इयरा उ होइ नायव्वा ।
तव्विसयमिमं सुत्तं, मुणंति गीयाउ परमत्थं ॥२९॥
सम्ममवियारिऊणं, सउयपरउयसमयसुत्ताई ।
जो पवयणं विगोवइ सो नेउ दीहसंसारी ॥३०॥
दुसमदोसा जीवो, जं वा तवामिसंतरं पप्प ।
चयइ बहुं करणिज्जं, थोवं पडिवज्जइ सुहेण ॥३१॥
एक्कं न कुणइ मूढो, सुयमुद्दिसिऊण निय कुबोहंमि ।
जण मन्नंपि पवत्तइ, एवं बीयं महापावं ॥३२॥
उपन्न संसया जे, सम्मं पुच्छंति नेव गीयत्थे ।
चुक्कंति सुद्धमग्गा, ते पल्लवगाहि पंडिच्चा ॥३३॥

અર્થ :- સૂત્રમાં એક પ્રકારે જ ચૈત્યવંદના કહી છે તે માટે નવ ભેદ કહેવા અયુક્ત છે એવો અર્થ કોઈ સ્થૂલબુદ્ધિવાળા આગળ દર્શાવીએ છીએ તે સૂત્રને સ્મરણ કરીને કહે છે. ત્રણ શ્લોક પરિમાણ યાવત્ ત્રણ થોય જ્યાં સુધી કહે ત્યાં સુધી જિનચૈત્યમાં રહેવાની આજ્ઞા છે. કારણ હોય તો અધિક પણ રહે.

હવે ગુરુ ઉત્તર દે છે - **'तिन्निवा'** ઈત્યાદિ સૂત્ર છે તે ચૈત્યવંદનાનો વિધિ પ્રરૂપક નથી, પરંતુ વગર કારણે જિનમંદિરનો પરિભોગ કરવાનો નિષેધ કરવાવાળું છે. તથા જે એ જ ગાથામાં વા શબ્દ છે તે પ્રગટ પક્ષાંતરનો

સૂચક ત્યાં છે, તે માટે સંપૂર્ણ ચૈત્યવંદના કરે અથવા ત્રણ થોય કહે. એ પણ એ સૂત્રનો ભાવાર્થ સંભવે છે. તે માટે અન્યાર્થપ્રરૂપક સૂત્ર અન્યત્રાર્થમાં જોડવું યુક્ત નથી. સૂત્રમાં જો માત્ર ત્રણ થોયથી જ ચૈત્યવંદના કરવાની આજ્ઞા હોય તો થોય સ્તોત્રાદિકની સર્વ પ્રવૃત્તિ નિરર્થક હોય. સંવિગ્નગીતાર્થ વિધિના રસીયા ગીતાર્થ સૂરિપુરુષ જે પૂર્વે થઈ ગયા તે કેવી રીતે સૂત્રવિરુદ્ધ સામાચારીની પ્રરૂપણા કરે ? અથવા ચૈત્યવંદના બે પ્રકારની છે, (૧) નિત્યચૈત્યવંદના અને ઇતર અર્થાત્ અનિત્યચૈત્યવંદના. તેના વિષયક આ સુત્ર છે તેમ પરમાર્થ જાણવો. સમ્યગ્ રીતે વિચાર્યા વિના જે પ્રવચનને છુપાવે છે તેને દીર્ઘસંસારી જાણવો. દુઃષમકાલના દોષથી જીવ જેમ-તેમ ભશાંતર પ્રાપ્ત કરીને ઘણી કરવા યોગ્ય કરણી છોડીને સૂત્રવિરુદ્ધ નવ ભેદ ચૈત્યવંદના સુખે કરીને થોડી અંગીકાર કરે તે મૂરખ પોતે બહુ કરવા યોગ્ય કરણી ન કરે એ મોટું પાપ, બીજું મહાપાપ એ જે પોતાના કુબોધમાં સૂત્ર ઉદ્દેશીને બીજા લોકોને પ્રવર્તાવે તે. પલ્લવગ્રાહીપંડિત પોતાને જે સંશય થાય તે ગીતાર્થને સમ્યક્ પ્રકારે ન પૂછે તો તે શુદ્ધમાર્ગથી ચૂકે છે.

એ પાઠમાં સામાચારી "**तिन्निवा**" ઇત્યાદિ વ્યવહારભાષ્યના સૂત્રમાં 'વા' શબ્દ સૂચન કર્યું તેથી ચૈત્યવંદનમહાભાષ્યકારે '**संपुन्नं वा वंदइ**' '**कड्ढइ वा तिन्निउ थुइउ**' એ બે વાક્યમાં વા શબ્દ ગ્રહણ કરીને વ્યવહારભાષ્ય સૂત્રોક્ત 'તિન્નિ' શબ્દનો અધ્યાહાર કરીને અર્થ કર્યો કે, ત્રણ થોયે સંપૂર્ણ વંદના કરે અથવા ત્રણ થોય કહે ત્યાં સુધી ચૈત્યવંદના કરે. હે સૌમ્ય ! તમારા ત્રણ થોયના નિષેધ કરવારૂપ ઇંધણને મહાભાષ્યકારના વ્યાખ્યાનરૂપ અગ્નિએ ભસ્મીભૂત કરી નાંખ્યો તે માટે તમારી ચોથી થોયનો એકાંત મત પૂર્વાચાર્યોના મતથી વિરુદ્ધ છે માટે તમો એ મતને જલાંજલી આપી દો.

વળી '**तिन्निवा**' આદિ વ્યવહારભાષ્યોક્ત ગાથાનો શ્રી સંઘાચારવૃત્તિમાં શ્રી તપાગચ્છીય શ્રી દેવેન્દ્રસૂરિશિષ્ય શ્રી ધર્મકીર્તિ ઉપાધ્યાયજીએ પક્ષાંતરે આવો અર્થ કર્યો છે. તે પાઠ :

दुब्भिगंधमलस्सावि, तणुरप्पेसण्हाणिया ।
उभओ वाउवहो चेव, तेण ट्ठंति न चेईए ॥१॥
तिन्नि वा कट्ठइ जाव, थुईओ तिसिलोइआ ।
ताव तत्थ अणुण्णायं, कारणेण परेणवि ॥२॥

एतयोर्भावार्थः - साधवश्चैत्यगृहे न तिष्ठंति अथवा चैत्यवन्दनान्ते शक्रस्तवाद्यनन्तरं तिस्रः स्तुतिः श्लोकत्रयप्रमाणाः प्रणिधानार्थं प्रतिक्रमणानन्तरमंगलार्थं स्तुतित्रयपाठवत् तावच्चैत्यगृहे साधूनामनुज्ञातं निष्कारणं न परतः ॥

અર્થ :- "**दुब्भिगंध**" તથા "**तिन्नि वा**" એ બે ગાથાઓનો અર્થ એ છે કે, સાધુનું શરીર દુર્ગંધરૂપ હોવાથી દેરાસરમાં મર્યાદા ઉપર રહે નહીં, તે મર્યાદા એ છે કે શ્રુતસ્તવને અનંતર ત્રણ શ્લોક પ્રમાણ ત્રણ થોય કહે ત્યાં સુધી રહે. અથવા ચૈત્યવંદનાના અંતમાં નમુત્થુણંને અનંતર જો ત્રણ થોય, ત્રણ શ્લોક પ્રમાણ પ્રણિધાનના અર્થે યાવત્ કહીને અને પ્રતિક્રમણ અનંતર મંગલાર્થ સ્તુતિ ત્રણ પાઠની પેઠે કહે ત્યાં સુધી દેરાસરમાં રહેવાની આજ્ઞા છે. કારણ વિના વધુ ન રહે.

તાત્પર્ય એ છે કે કલ્પભાષ્ય ગાથા ઉક્ત ત્રણ થોયની મધ્યમતયા મધ્યમોત્કૃષ્ટ શ્લોકત્રણરૂપ પ્રણિધાનાંત ચૈત્યવંદના અથવા ઉત્કૃષ્ટતયા ઉત્કૃષ્ટોત્કૃષ્ટ સંપૂર્ણ ત્રણ થોયની ચૈત્યવંદના કર્યા બાદ કારણ વિના સાધુ દેરાસરમાં રહે નહીં. આ શાસ્ત્રપાઠના અર્થરૂપ સૂર્યે પણ તમારા ત્રણ થોયના નિષેધરૂપ અંધકારનો નાશ કરી નાંખ્યો. માટે તમારો "એકાંતે ચાર થોય"નો મત શાસ્ત્રો, પૂર્વાચાર્યોના મતથી વિરુદ્ધ છે. તેથી તમારે પણ હવે એ મતની પૂર્ણાહૂતિ કરી દેવી જોઈએ.

તથા વળી "તિન્નિવા" એ વ્યવહારભાષ્યોક્ત સૂત્રને નિત્ય-અનિત્ય બે પ્રકારની ચૈત્યવંદનાનું વિષયિકપણું મહાભાષ્યકારે બતાવ્યું, ત્યાં ઉભયકાળ તથા ત્રિકાળ ચૈત્યવંદના કરવી તેને નિત્યચૈત્યવંદના કહેવાય, તે નિત્ય-ચૈત્યવંદના મોક્ષાર્થીએ સંપૂર્ણ કરવી, પણ ગૃહસ્થે તો વિશેષે જ કરવી. મહાભાષ્યનો પાઠ :

तथा चोक्तं महाभाष्ये -

मिच्छामिदंसणमहणं, सम्मदंसणविसुद्धिहेऊं च ।
चिइवंदणाइ विहिणा, पन्नत्तं वीयरागेहिं ॥५४॥
जइवि बहुहा न तीरइ, दो वाराउ अवस्स कायव्वं ।
संविग्गमुणीहिं जउ, आइन्नं वन्नियं वचे ॥५९॥
सुहभाववुड्ढिहेउं, निच्चं जिणवंदणासिवत्थीहिं ।
सुंपुण्णा कायव्वा, विसेसउ गेहवासीहिं ॥५६॥
आह किमे सा तुज्झे, विसेसउ सावयाणमुवइट्ठा ।
किं साहूण न नियमो, भणइ गुरु सुणसु परमत्थं ॥५७॥
समणाण सावयाण य, उस्सग्गो एस चेव दट्ठव्वो ।
गिहिणा विसेस भणणे, वित्तीमं कारणं गुरुणो ॥५८॥
चरणट्ठियाण किरिया, सव्वावि जिणेंदवंदणा चेव ।
आणाणुपालणं चिय, जम्हा तं वित्ति तत्तविऊ ॥९९॥
चरणाकरणाविरोहा, साहू वंदंति हीणमहियं वा ।
किरियंतरेवि तेसिं, परिणामो तग्गउ चेव ॥८००॥
गिहिणो पुण सो भावो, तावत्तिय जाव वंदणं कुणइ ।
आरंभपरिग्गहवा, वडस्स न उ सेसकालंमि ॥१॥
तम्हा संपुन्नच्चिय, जुत्ता जिणवंदणा गिहत्थाणं ।
सुहभाववुड्ढिउ जं, जायइ कम्मक्खउविउलो ॥२॥
संपुण्णपक्खवाई, वित्तिविरोहाइ कारणा कहवि ।
डहतरं विकुणंतो, संपुन्नाए फलं होइ ॥३॥
जो पुण पमायसीलो, कुग्गहगरलेण वा विहयसन्नो ।
संपुन्नाकरणमणोरहंपि हियए न धारेई ॥४॥

सो मोहतिमिरछाइयदिट्ठी बहु दुक्खं सावयाइन्ने ।
स मग्गमपावंतो, परिभवइ चिरं भवारण्णे ॥५॥
तो तिक्कालं गिहिणो, पंचहिं सक्कत्थएहिं सा जुत्ता ।
जइ ताववित्तिवाहा असमाहिकरी न संभवइ ॥६॥
तज्झावेउ अवस्सं, नवभेयाए इमीए अन्नयरी ।
पडिसुद्धा कायव्वा, दंसणसुद्धिं महंतेणं ॥७॥
नवभेया पुण एसा, भणिया पुरिसेहं तत्तवेइहिं ।
संपुन्नमवायंतो, मा को चएज्ज सव्वंपि ॥८॥

ભાવાર્થ :- વિધિથી ચૈત્યવંદન કરવાથી મિથ્યાત્વદર્શનનું મથન છે અને સમ્યક્ત્વ વિશુદ્ધ થવાનો હેતુ છે, આવી જિનવાણી છે. (૫૮) જો બહુ વખત કરવા સમર્થ ન હોય તોપણ બે વાર તો અવશ્ય કરવું. જેથી સંવિગ્ન મુનિઓએ નિશ્ચે આચરણ કરીને વર્ણવ્યું છે. (૫૯) તે મોક્ષાર્થીને શુભભાવની વૃદ્ધિના અર્થે નિરંતર સંપૂર્ણ જિનવંદન કરવું, પણ ગૃહવાસીને તો વિશેષે કરવું. (૫૬) શિષ્ય પૂછે છે કે તમે કેમ શ્રાવકોને વિશેષ ચૈત્યવંદના કરવી કહી ? શું સાધુને વિશેષ પ્રકારે ચૈત્યવંદના કરવાનો નિયમ નથી ? ગુરુ કહે છે કે તું પરમાર્થ સાંભળ. (૯૯) સાધુ તથા શ્રાવકને ઉત્સર્ગમાર્ગે તો રોજ સંપૂર્ણ ચૈત્યવંદના કરવાની બતાવી છે. પણ ગૃહસ્થને વિશેષ કહી તેનું કારણ ગુરુ બતાવે છે. ચારિત્રમાં રહેલા સાધુ નિશ્ચયથી આજ્ઞાપૂર્વક ક્રિયા પાળે તે સર્વ નિશ્ચયથી જિનવંદના જ છે. તે માટે તત્ત્વવેત્તા કહે છે. ચરણકરણઅવિરોધી સાધુ હીનચૈત્યવંદનાએ દેવ વાંદે અથવા અધિક ચૈત્યવંદનાએ દેવ વાંદે ને ક્રિયાંતર કરે તોપણ તેનો પરિણામ નિશ્ચેય ચૈત્યવંદનાગત જ હોય. (૮૦૦) આરંભ પરિગ્રહવ્યાપાર યુક્ત ગૃહસ્થને વળી તે ભાવ જ્યાં સુધી વંદના કરે ત્યાં સુધી જ રહે. બાકીના સમયે ન રહે. (૧) માટે ગૃહસ્થે નિશ્ચેય સંપૂર્ણ વંદના કરવી યુક્ત છે. કારણ કે તેથી શુભભાવની વૃદ્ધિ થાય. ને પુષ્કળ પ્રમાણમાં કર્મનો ક્ષય થાય. (૨) સંપૂર્ણ વંદનાનો પક્ષપાતી જીવ, કોઈ વૃત્તિવિરોધાદિ કારણથી

અતિલઘુચૈત્યવંદના કરે તોપણ સંપૂર્ણ વંદનાના ફળનો ભાગી થાય. (૩) જો વળી પ્રમાદી હોય અથવા ખોટા આગ્રહરૂપ વિશે કરીને સંજ્ઞા રહિત હોય અને સંપૂર્ણ વંદના કરવાના ભાવ પણ હૃદયમાં ધારણ કરે નહીં, (૪) તે મોહતિમિરથી ઢંકાયેલ દૃષ્ટિવાળો, બહુ શ્વાપદાદિકોના સમગ્ર દુઃખ પામતો, ઘણો કાળ ભવ અટવીમાં પરાભવ પામે. (૫) તે માટે ગૃહસ્થને તો તાવત્કાલ અસમાધિકારક વૃત્તિબાધા ન સંભવે તો તે પૂર્વોક્ત વંદના, ત્રિકાલ પાંચ શક્રસ્તવ યુક્ત કરે. (૬) અને વળી તદ્ભાવ અવશ્ય એટલે અસમાધિકારક વૃત્તિ બાધાનો ભાવ અવશ્ય સંભવે તો એ નવ ભેદ માંહેની અન્યતરી કહેતાં બીજી યથાશક્તિ ચૈત્યવંદના કરીને દર્શનશુદ્ધિની મોટી પ્રતિશુદ્ધિ કરે. (૭) તત્ત્વના જાણ પુરુષોએ ચૈત્યવંદનાના સંપૂર્ણ નવ ભેદ કહ્યા તે અપવાદે એટલે કે કષ્ટમાં પણ સર્વથા પ્રકારે ન છોડવા. (૮)

આ પાઠમાં ભાષ્યકારે નિત્યવંદના વખાણી. હવે પર્વાદિક દિવસોના વિશે અધિક ચૈત્યપરિપાટી આદિમાં વિશેષ વંદના કરવી તેને અનિત્યવંદના કહી. ભાષ્યનો તે પાઠ :

यदाह महाभाष्यकारः -

एत्तोच्चिय सुहमइणो, बहु सो वंदंति पव्वदियहेसु ।
तित्थाणि मणे धरिउं, अट्ठावयरेवयाईणि ॥१६॥
सुत्तंमि विभणियमिणं, अट्ठमिचाउद्दसी सुसंघेण ।
सव्वाइं चेइयाइं, विसेसउ वंदियव्वाइं ॥१७॥
तह सावगोवि एवं, वन्निज्जइ पुव्वपुरिससत्थेसु ।
पुयाविसेसकारी, पव्वेसु इमं जउ सुत्तं ॥१८॥
संवच्छरचाउम्मासिएसु, अट्ठाहिया सुवितिहीसु ।
सव्वायरेण लग्गइ, जिणवरपूआतवगुणेसु ॥१९॥
इयपूयच्चिय एगा, भणिया न य वंदणत्ति मा बुज्झ ।
न हि संपून्ना पूयाऽवंदणविगला जउ होइ ॥२०॥

निच्चं चिय किच्चमिणं, न य सव्वोतरइ निच्च सो काउं ।
इय सव्वपरिव्वाया, उवइट्ठा पव्वदियहेसु ॥२१॥

અર્થ :- એ પૂર્વોક્ત કારણથી શુભમતિ અષ્ટાપદ, ગિરનાર પ્રમુખ તીર્થ મનમાં ધારણ કરીને પર્વ દિવસોમાં ઘણા ચૈત્યો વાંદે છે. (૧૬) સમસ્ત સંઘે આઠમ-ચૌદશના દિવસે વિશેષ પ્રકારે દરેક દેરાસરોને વાંદવા એવું સૂત્રમાં કહ્યું છે. (૧૭) તેમજ પર્વ દિવસોમાં પૂજા વિશેષ કારી શ્રાવક પણ પૂર્વપુરુષોના સાધના વિશે એમ વર્ણવી. જેથી શ્રાવકો માટે એ સૂત્ર કહ્યું છે. (૧૮) સંવત્સરી, ચૌમાસી, અષ્ટાહ્નિકા આદિ વિશેષ તિથિઓમાં જિનવરપૂજા તથા તપ વગેરે ગુણને વિશે સર્વ આદરે કરી શ્રાવક લાગે. (૧૯) એ સૂત્રમાં એક પૂજાનો જ આદર કરવો કહ્યો, પણ વંદનાનો આદર કરવો ન કહ્યો એમ ન જાણવું. કેમ કે જે વંદના રહિત વિકલપૂજા હોય તે સંપૂર્ણ પૂજા ન ગણાય. (૨૦) એ પૂજા પ્રમુખ નિત્યકૃત્ય સર્વ નિરંતર ન કરી શકાય તો અપવાદે પર્વ દિવસોમાં તીર્થંકર-ગણધરોએ કરવાં ઉપદેશ્યાં છે. (૨૧)

એ પૂર્વોક્ત નિત્ય-અનિત્ય વંદનાના પાઠમાં મહાભાષ્યકારે સાધુ-શ્રાવકને ઉત્સર્ગે ઉભયકાળે સંપૂર્ણ નિત્યવંદના કરવી કહી. તેમાં સાધુને તો ચરણ-કરણઅવિરોધી ક્રિયાંતર કરવાથી ઓછી-વધુ પણ કરવી કહી, અને શ્રાવકને તો ઉત્સર્ગે પાંચ શક્રસ્તવ સહિત નિત્યવંદના ત્રિકાલપૂજાના અવસરે કરવી કહી ને અપવાદે શ્રાવકને નવ ભેદમાં હરકોઈ વંદના કરવી કહી. એ નિત્યવંદના સાધુને તથા શ્રાવકને નિરંતર ન બની શકે તોપણ પર્વાદિકમાં સાધુએ ચૈત્યપરિપાટીમાં અને શ્રાવકે ચૈત્યપરિપાટી તથા પૂજા અવસરે અપવાદે અધિક વંદના અનિત્ય કરવી કહી.

તો હવે વિચાર કરવો જોઈએ કે પૂર્વોક્ત નવ ભેદમાંથી ફક્ત છઠ્ઠા ભેદની ચૈત્યવંદના કલ્પભાષ્ય ગાથામાં કહી હોય તો મહાભાષ્યકાર વ્યવહારભાષ્યોક્ત સૂત્રને નિત્ય-અનિત્ય વંદના વિષયક કહેત નહીં. કેમ કે નિત્ય-અનિત્ય ચૈત્યવંદના તો સંપૂર્ણ કહી છે, ને કલ્પભાષ્ય ગાથાની ચૈત્યવંદના તો સ્તવ-પ્રણિધાન વિના સંપૂર્ણ જણાય નહીં પણ

બૃહત્કલ્પચૂર્ણિમાં "**पविठाणं चेइयवंदणे समोसरणे य विधिं भणंति निस्सकड गाथा**" ઇત્યાદિ વચનથી કલ્પભાષ્ય ગાથામાં કહેલા ચૈત્યવંદન-વિધિને સંપૂર્ણ જણાવવાને ચૈત્યવંદનમહાભાષ્યકારે વ્યવહારભાષ્યોક્ત "તિન્નિ વા" સૂત્રને નિત્ય-અનિત્ય ચૈત્યવંદના વિષયક કહીને સંપૂર્ણ દર્શાવી. તેથી કલ્પભાષ્યોક્ત ત્રણ થોયની સંપૂર્ણ નિત્યચૈત્યવંદના સાધુ-શ્રાવકને ચૈત્યગૃહમાં બંને સમય કરવી અને કલ્પભાષ્યોક્ત સ્તવ-પ્રણિધાન રહિત ત્રણ થોયની ચૈત્યવંદના તથા સ્તવ-પ્રણિધાન સહિત ત્રણ થોયની અનિત્ય ચૈત્યવંદના સાધુ તથા શ્રાવકને ચૈત્યપરિપાટી આદિમાં તથા શ્રાવકને ત્રિકાલ પૂજાના સમયે કરવી કહી છે.

વળી સંઘાચારવૃત્તિમાં પણ પક્ષાંતરે નિત્ય-અનિત્ય ચૈત્યવંદના કહી છે. તે શાસ્ત્રપાઠ :

अहवा चिइवंदणया, निच्चाइयरत्ति होइ दुविहाओ ।
निच्चाओ उभयसज्झं, इयरा चेइयगिहाई स ॥२२॥
निच्चा संपूण्णच्चिय, इयरा जहसत्ति उ कायव्वा ।
तव्विसमयमियं सुत्तं, मुणंति गीयाउ परमत्थं ॥२३॥

એ પાઠમાં પણ ઉભયસંધ્યાએ ચૈત્યગૃહમાં સંપૂર્ણ ચૈત્યવંદના નિત્ય કરવી સંભવે અને ચૈત્યપરિપાટી આદિમાં યથાશક્તિ અનિત્યચૈત્યવંદના કરવી સંભવે. અન્યથા પૂર્વોક્ત મહાભાષ્યનો વિરોધ પામે. આમ અનેક જૈનશાસ્ત્રોના અભિપ્રાયથી કલ્પભાષ્ય ગાથામાં સંપૂર્ણ ચૈત્યવંદના કહ્યા છતાં પણ આત્મારામજી કલ્પભાષ્ય ગાથામાં એકાંતે છઠ્ઠા ભેદની જ ચૈત્યવંદના કહી લખે છે તે જૈનશાસ્ત્રોનો મત જાણ્યા વિના લખે છે અને પ્રતિક્રમણના આદિ-અંતની ચૈત્યવંદના ત્રણ થોયથી કરવી એવું કોઈ જૈનશાસ્ત્રમાં કહ્યું નથી, તેમ પ્રતિક્રમણમાં આદિ-અંતમાં ચાર થોયથી ચૈત્યવંદના કરવી એવું પણ કોઈ જૈનશાસ્ત્રમાં કહ્યું નથી. કેમ કે પ્રતિક્રમણના આદિ-અંતમાં તો બંને સમય દેરાસરમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત ચૈત્યવંદના કહી, પ્રતિક્રમણ ઠાવવાના અવસરે તથા પ્રતિક્રમણ સમાપ્તિમાં નિઃકેવલ જઘન્યોત્કૃષ્ટ જ ચૈત્યવંદના જૈનશાસ્ત્રમાં કરવી કહી છે તે પણ કલ્પભાષ્યોક્ત

નવ પ્રકાર સંબંધી ચૈત્યવંદના છે. એ અભિપ્રાયથી આત્મારામજી પાના ૨૧ ઉપર પ્રતિક્રમણ કે આદિ-અંતકી ચૈત્યવંદના "તીન થુઈકી કિસીભી શાસ્ત્રમેં નહીં કહી હૈ" એવું લખતાં હોય ત્યારે તો તેમનું લખવું પૂર્વધર તથા પૂર્વાચાર્યોની સંમતિથી યથાર્થ છે. પણ પોતાની મનકલ્પિત સ્તોત્ર-પ્રણિધાન સહિત ચૈત્યવંદના પ્રતિક્રમણના આદિ-અંતમાં કરવી એવા અભિપ્રાયથી લખતાં હોય તોપણ એ લખવું યથાર્થ છે. કેમ કે એવી સ્તોત્ર-પ્રણિધાન સહિત ત્રણ થોયની તથા ચોથી થોયની ચૈત્યવંદના પ્રતિક્રમણના આદિ-અંતમાં કરવી કોઈપણ જૈનશાસ્ત્રમાં કહેલ નથી.

તથા પૂર્વોક્ત નવ ભેદની ચૈત્યવંદના ચૈત્યપરિપાટી તથા પૂજા અવસરે મહાભાષ્યકારે કરવી કહી. તેમજ વાચનાંતરે પણ પાંચ શક્રસ્તવની ચૈત્યવંદના મહાભાષ્યકારે કહી છે. તે પાઠ :

अन्ने भणंति पणिवायदंडगेण एगेण जहन्न वंदणा नेया ।
तदुगतिगेणमज्झा, उक्कोसा चउहिं पंचहिं वा ॥६९॥
हत्थसयाउ मज्झे, इरियावहिया अ भावउ दुन्नि ।
एवं उक्कोसाए चउरो, पंचं च मुणेयव्वा ॥७०॥
भणिऊण नमुक्कारे, सक्कत्थयदंडयं अ पढिऊणं ।
इरियं पडिक्कमंते, दो चउरो वावि पणिवाया ॥७१॥
एयंपि जुत्तिजुत्तं, आइन्नं जे ण दीसए बहुसो ।
नवरं नवभेयाणं, नेयं उवलक्खणं तं पि ॥७२॥
पाढकिरियाणुसारा, भणिया चिइवंदणा इमा नवहा ।
अहिगारिविसेसा पुण, तिविहा सव्वावि जं भणियं ॥७३॥

અર્થ :- અન્ય આચાર્ય કહે છે કે એક પ્રણિપાતદંડક એટલે એક નમુત્થુણં બોલીને કરાયેલ જઘન્યચૈત્યવંદના જાણવી. બે-ત્રણ નમુત્થુણં બોલીને કરાય તે મધ્યમચૈત્યવંદના તથા ચાર અને પાંચ નમુત્થુણંથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદના જાણવી. (૬૯) સો હાથ મધ્યે ઈરિયાવહિના અભાવથી બે નમુત્થુણં એમ ઉત્કૃષ્ટમાં પણ ચાર વળી પાંચ નમુત્થુણં જાણવા. (૭૦) નમસ્કાર કરીને

શક્રસ્તવદંડક (નમુત્થુણં) કહીને ઈરિયાવહી પડિક્કમીને અંતે બે શક્રસ્તવ અથવા ચાર શક્રસ્તવથી વંદના હોય. (૭૧) એ પાંચ શક્રસ્તવની વંદના પણ યુક્તિયુક્ત છે. જેણે કરી બહુઆચીર્ણ દેખાય છે. પરં એ પણ નવ ભેદોનું ઉપલક્ષણ છે. (૭૨) પાઠક્રિયાને અનુસાર એ ચૈત્યવંદના નવ પ્રકારની કહી. અધિકારવિશેષે વળી સર્વવંદના ત્રણ પ્રકારની પણ કહી છે.

એ પાઠમાં એ ભાવ છે કે નમસ્કાર બોલવાપૂર્વક નમુત્થુણં કહી પછી ખમાસમણું દઈ, ઈરિયાવહી પ્રતિક્રમણાદિ કરે. પછી વળી નમસ્કારપૂર્વક નમુત્થુણં કહી ઊભો થઈ અરિહંત ચેઈયાણં, વંદણવત્તિયાએ, અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારીને વર્ધમાન થોય કહે. પછી લોગસ્સ, સવ્વલોએ અરિહંત ચેઈયાણં, વંદણવત્તિયાએ, અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી બીજી વર્ધમાન થોય કહે, પછી પુક્ખરવરદી, સુઅસ્સભગવઓ, વંદણવત્તિયાએ, અન્નત્થ આદિ કથનપૂર્વક ત્રણ થોયથી દેવ વાંદી નમુત્થુણં કહે. વળી અરિહંત ચેઈયાણં કહી પૂર્વોક્ત રીતે ત્રણ થોયથી દેવ વાંદી બેસીને નમુત્થુણં કહે. પછી નમોઽર્હત્ કહી જાવંતિ, જાવંત નમોઽર્હત્ ઈત્યાદિ કહી સ્તવન કહે. વળી નમુત્થુણં કહી જયવીયરાય કહે. એ પાંચ નમુત્થુણંની ચૈત્યવંદના પણ પૂર્વોક્ત નવભેદના ઉપલક્ષણરૂપ છે. તેમાં એક નમુત્થુણંથી જઘન્યચૈત્યવંદના બે અને ત્રણ નમુત્થુણંથી મધ્યમચૈત્યવંદના, ચાર-પાંચથી ઉત્કૃષ્ટચૈત્યવંદના એ ત્રણ ઉપલક્ષણરૂપ ભેદ કહેવાથી બાકીની એક-એક વંદનાના સ્વજાતીય બે-બે ભેદ ગ્રહણ કરવા. આમ સર્વ નવ ભેદની વંદના પૂર્વપાઠક્રિયાને અનુસારથી જાણવી. એ વચનાંતરોક્ત નવ પ્રકારની પણ સાધુ-શ્રાવકને ચૈત્યગૃહમાં તથા શ્રાવકને ત્રિકાલપૂજા અવસરે મહાભાષ્યકારે કરવી કહી છે. તેમાં ઉભયકાળમાં શક્તિ છતે ઉત્કૃષ્ટ ત્રણ ચૈત્યવંદના કરવી કહી અને શ્રાવકને તો વિશેષ પ્રકારે દશ ત્રિક સહિત પાંચ નમુત્થુણંની સંપૂર્ણ વંદના જ કરવી કહી. તો આત્મારામજી એવું નહીં વિચારતાં હોય કે આપણે પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યઉત્કૃષ્ટ નામે ત્રીજા ભેદની તથા જિનગૃહમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત સાતમા ભેદની ચૈત્યવંદના સિવાય એકાંતે સ્તોત્ર-પ્રણિધાન સહિત પ્રતિક્રમણના આદિ-અંતમાં ચાર થોયની ચૈત્યવંદના સ્થાપીને આ નાનકડી

જિંદગી માટે ખોટું અભિમાન કરી, વગર પ્રયોજને, એકાંતે ત્રણ થોયના વિરોધરૂપ કદાગ્રહ પકડીને પૂર્વધર તથા પૂર્વાચાર્યોની પરંપરાથી ચાલ્યા આવતા માર્ગને છેદભેદ કરીને શા માટે મહામોહનીયકર્મનો ઉત્કૃષ્ટ બંધ બાંધવો જોઈએ ?

આવો વિચાર તો અપક્ષપાતી, સમ્યગ્દૃષ્ટિ, ભવભીરુ પુરુષોને જ હોય છે. પરંતુ સ્વયં નષ્ટ અપર નાશકોને તો એવી ભાવના સ્વપ્નમાં પણ આવતી નથી. જો એવી ભાવના આવતી હોય તો તે પૂર્વધર-પૂર્વાચાર્યોના રચેલા સેંકડો શાસ્ત્રગ્રંથોરૂપ સૂર્યના કિરણો હાથમાં ગ્રહણ કરીને, શા માટે જાણીજોઈને એકાંતે પ્રતિક્રમણના આદિ-અંતમાં સ્તોત્ર-પ્રણિધાન સહિત ચોથી થોયના સ્થાપનરૂપ કદાગ્રહની ખાડમાં પડવાની ઈચ્છા કરે ? તે માટે હે ભવ્યજીવો ! શ્રી જૈનમતથી વિરુદ્ધ કોઈ જૈનાભાસના વચન ઉપર શ્રદ્ધા રાખીને શ્રી જૈનમત સંમત પૂર્વધર તથા પૂર્વાચાર્યોનો શાસ્ત્રોક્ત ત્રણ થોયનો મત છોડી કોઈ કલ્પિત પરંપરાના દૃષ્ટિરાગથી પ્રતિક્રમણમાં ચાર થોયનો મત છે, તેને અંગીકાર કરવાની વાત તો વેગળી રહી પણ તમે આત્મકલ્યાણ ઇચ્છતાં હો અને મોક્ષના અભિલાષી હો તો એ મતને અંગીકાર કરવાનો વિચાર પણ પોતાના દિલમાં કરશો નહીં. કારણ કે જમાલી જેવા મોટા પુરુષો પણ જિનવચન ઉત્થાપવાથી કેટલા દીર્ઘસંસારી થઈ ગયા છે, તો આપણી તો શી વિસાત ? આમ જાણીને ધર્મસાધનનું જે કારણ કરવું તે પરમાત્માના વચન મુજબ જ કરવું, પણ વિકલ્પ કરીને ન કરવું. કારણ કે જો શ્રદ્ધામાં વિકલ્પ થઈ જાય તો જેમ દરિયામાં ચાલતું વહાણ ઊંધું થઈ જાય અને તે વહાણમાં બેસનારના જે હાલ થાય તે અહીં પણ જાણવા. તે માટે ભવ્યજીવો ! તમે કોઈની દેખાદેખીથી અથવા કોઈ હેતુ મિત્ર પર સરાગદૃષ્ટિ હોવાથી મૃગપાશના ન્યાયથી એકાંતે ચોથી થોયના સ્થાપનરૂપી પાશમાં પડશો નહીં અને આગળ કોઈ મતિભ્રમીના ભ્રમાવેલા અજાણપણામાં કોઈ કારણથી પાશમાં પડવાનું થયું હોય તો પૂર્વધર તથા પૂર્વાચાર્યોના વચનરૂપી કુહાડીથી છેદવાનો ઉપાય કરવો એ જ અમારી પરમ મિત્રતાથી હિતશિક્ષા છે. તે અવશ્ય ધારણ કરશો તો સમ્યક્ત્વના આરાધક થઈ સંસારભ્રમણથી બચી જશો અને શાસ્ત્રગ્રંથો અનુસાર ધર્મસાધનામાં વર્તશો

તો જલદી પોતાનો આત્મિક સ્વભાવ પ્રગટ કરી પરમપદને પ્રાપ્ત કરશો એમાં કોઈ શંકા નથી. સમજદારને વધુ શું કહેવું ?

અમે તો શંકા દૂર કરવા પૂર્વધર તથા પૂર્વાચાર્યોના રચેલા શાસ્ત્રપાઠો બતાવ્યા. તે મુજબ ત્રણ થોયની ચૈત્યવંદના તથા ઉત્કૃષ્ટના ત્રણ ભેદ માંહેલી યથાશક્તિએ ઉભયકાળ જિનગૃહમાં ત્રણ થોયની ચૈત્યવંદના અથવા પ્રતિક્રમણના આદિ-અંતમાં સ્તોત્ર-પ્રણિધાન રહિત જિનગૃહમાં ચૈત્યવંદના કરી પ્રતિક્રમણ પ્રારંભ અને સમાપ્તિ વખતે સ્તોત્ર-પ્રણિધાન રહિત જઘન્યઉત્કૃષ્ટચૈત્યવંદના નિશ્ચે સિદ્ધ થાય છે. આમાં કોઈ વિવાદ કે ઝઘડો રહ્યો નહીં તે માટે શ્રી આત્મારામજી પ્રતિક્રમણના આદિ-અંતમાં સ્તોત્ર-પ્રણિધાન સહિત ચોથી થોયની ચૈત્યવંદના તથા ત્રણ થોયના નિષેધરૂપ કદાગ્રહને છોડી દે તો અમે તેમને હળુકર્મી ગણીશું.

પ્રશ્ન :- સ્તોત્ર-પ્રણિધાન સહિત ત્રણ થોયની ચૈત્યવંદના તો નવમા ભેદની છે. કેમ કે નવ ભેદની ચૈત્યવંદના તો પરસ્પર સંધાન સહિત તમે માનો છો. તો આઠમા ભેદસંયુક્ત સ્તોત્ર-પ્રણિધાન સહિત નવમા ભેદની ચૈત્યવંદના છ થોયથી દેરાસરમાં કરવી તે મહાભાષ્યકારના વચનથી સિદ્ધ થઈ. તે મુજબ ઉભયકાળમાં કોઈ પણ કરતાં નથી. તે તમે પણ કરતાં નથી. તેથી સ્તોત્ર-પ્રણિધાન સહિત સાતમા ભેદની ચૈત્યવંદના આત્મારામજી લખે છે તે યોગ્ય જ છે ?

જવાબ :- હે આર્ય ! ઉત્કૃષ્ટચૈત્યવંદનાના ત્રણ ભેદ માંહેલી ચૈત્યવંદના મહાભાષ્યકારે યથાશક્તિથી જિનગૃહમાં કરવી કહી તે પ્રમાણે સ્વગચ્છ-પરગચ્છમાં બીજા કરે છે તે પ્રમાણે અમે પણ કરીએ છીએ અને પૂર્વાચાર્યોએ જિનગૃહમાં સ્તોત્ર-પ્રણિધાનાદિ સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કહીએ તે પણ ચૈત્યવંદનાના નવ ભેદોના ઉપલક્ષણરૂપ ત્રણ ભેદ માંહેલી છે. તથા (૧) નમસ્કાર, નમુત્થુણંથી જઘન્ય અને તે જ (૨) નમસ્કાર, શક્રસ્તવ સહિત અરિહંત ચેઈઆણં દંડક ચાર ત્રણ થોય, ત્રણ શ્લોક સંયુક્ત મધ્યમા, વળી (૩) નમસ્કાર, શક્રસ્તવાદિ દંડક પાંચ, ૩ થોય કરી નમુત્થુણં, જાવંતિ, જાવંત, સ્તવન, જયવીયરાય સહિત ઉત્કૃષ્ટા - એ ત્રણ ભેદમાંથી

સ્તોત્ર-પ્રણિધાન રહિત શક્રસ્તવાંત ઉભયકાળ સંબંધી જિનગૃહમાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદના તથા જિનગૃહમાં જિનચૈત્યવંદન સંબંધી સ્તોત્ર-પ્રણિધાન સહિત શક્રસ્તવાંત ઉત્કૃષ્ટચૈત્યવંદના અથવા પ્રતિક્રમણના આદિ-અંત સંબંધી જઘન્યચૈત્યવંદના પૂર્વધર તથા પૂર્વાચાર્ય કરતાં આવ્યાં તે પ્રમાણે અમે પણ કરીએ છીએ અને બીજા પણ કરે છે. પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં સ્તોત્ર-પ્રણિધાન સહિત આત્મારામજીની ચોથી થોયની ચૈત્યવંદના યોગ્ય કહેવાવાળો પોતે અયોગ્યપણાની પદવી પામે તેમ છે. કેમ કે એમની મનકલ્પિત ચૈત્યવંદના ત્રણ ભેદમાં તથા નવ ભેદમાં તથા પાંચ નમુત્થુણંની વાચનાંતર ચૈત્યવંદના એકેમાં પણ મળતી નથી. તેમ પૂર્વે કોઈએ કરી નથી ને વર્તમાનમાં પણ કોઈ કરતાં નથી. તેથી અહો ભવ્ય જીવો ! પૂર્વપક્ષવાદી સાક્ષર છે એવું સંભળાય છે, તે જો સાચું હોય તો પૂર્વધર તથા પૂર્વાચાર્યોની શાસ્ત્રોક્ત પ્રાચીન ત્રણ થોયની ચૈત્યવંદના નિષેધવા અને આધુનિક ચોથી થોય સ્થાપન કરવા અર્વાચીન શબ્દનો આચરણારૂપ અર્થ કરવાનું તથા સ્તોત્ર-પ્રણિધાન સહિત પ્રતિક્રમણના આદિ-અંતમાં ચોથી થોયની ચૈત્યવંદના સ્થાપન કરવાનું તેના અંતરમાં આવે જ નહીં. પરંતુ સભા સમક્ષ માનના આવેગથી અન્યથા ભાષણરૂપ એક ગધેડાના પૂંછડાની જેમ પકડાઈ ગયું છે તે હવે તેમનાથી મૂકી શકાય તેમ ન હોય તો સામાન્ય માણસોના વચનપ્રહારરૂપી લાતો ખાઈ-ખાઈને ડાચું ભાગી જશે ત્યારે મૂકશે. તેના કરતાં અત્યારે કદાગ્રહ મૂકી દે તો કોઈ પ્રકારનો તેમને નફો છે. પછી તો તેમની મરજી. અમે તો પૂર્વધર તથા પૂર્વાચાર્યોના વચન જૈનશાસ્ત્રોમાં જેવાં લખ્યાં છે તેવાં સત્યાર્થ જાણીને સંભળાવી દઈએ છીએ. જે ભવભીરુ હશે તે અવશ્ય માની લેશે.

॥ इति श्रीचतुर्थस्तुतिनिर्णयशंकोद्धारेऽपरनाम्नि चतुर्थस्तुति-कुयुक्तिनिर्णयछेदनकुठारे कल्पभाष्यगाथोक्तनवविधचैत्यवन्दना-नुयायिनियतानियतविभागोपदर्शितप्रतिक्रमणाद्यंतचैत्यवन्दनाविधि-निषेधोपलक्षितलघुबृहच्छांतिकथनाकथनविचारगर्भितपूर्वपक्षोत्तर-पक्षप्रश्नोत्तरनिदर्शनो नाम दशमः परिच्छेदः ॥

પ્રશ્ન :- ચોથી થોય સહિત ત્રણ થોયની દેવવંદના સૂત્રાગમ આચરણાએ છે કે અર્થાગમ આચરણાએ ?

ઉત્તર :- સૂત્રાગમ આચરણાએ નથી, અર્થાગમ આચરણાએ છે.

પ્રશ્ન :- અર્થાગમ આચરણાએ છે, તો પૂર્વધર ગીતાર્થકૃત અર્થાગમ આચારણાએ છે કે બહુશ્રુત ગીતાર્થકૃત અર્થાગમ આચરણાએ છે ?

ઉત્તર :- પૂર્વધર ગીતાર્થકૃત અર્થાગમ આચરણાએ નથી, પણ બહુશ્રુત ગીતાર્થકૃત અર્થાગમ આચરણાએ છે.

પ્રશ્ન :- બહુશ્રુત ગીતાર્થકૃત અર્થાગમ આચરણાએ છે, તો આગમ-અનિષેધ આચરણાએ છે કે આગમનિષેધ આચરણાએ છે ?

ઉત્તર :- આગમઅનિષેધ આચરણાએ પણ છે અને આગમનિષેધ આચરણાએ પણ છે.

પ્રશ્ન :- આગમઅનિષેધ આચરણાએ શાથી છે અને આગમનિષેધ આચરણાએ શાથી છે ?

ઉત્તર :- કારણે ચોથી થોય સહિત ત્રણ થોયની દેવવંદના કરવી તે તો આગમઅનિષેધ આચરણા અને કારણ વિના પ્રતિક્રમણમાં ચોથી સહિત ત્રણ થોયથી દેવવંદના કરવી તે આગમનિષેધ આચરણા.

પ્રશ્ન :- ચોથી થોય સહિત ત્રણ થોયના દેવવંદન શા કારણે કહ્યા છે ?

ઉત્તર :- પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયના દેવવંદન કહ્યા છે.

પ્રશ્ન :- પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કરવી કયા શાસ્ત્રમાં કહી છે ?

ઉત્તર :- પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના પૂર્વધર નિકટકાલવર્તી તથા પૂર્વધર પશ્ચાત્કાલવર્તી આચાર્યોના લલિતવિસ્તરા વૃત્તિ પ્રમુખ અનેક શાસ્ત્રોમાં કહી છે.

પ્રશ્ન :- લલિતવિસ્તરા વૃત્તિના રચયિતા કોણ છે ?

ઉત્તર :- લલિતવિસ્તરા વૃત્તિના રચયિતા શ્રી હરિભદ્રસૂરિ છે.

પ્રશ્ન :- હરિભદ્રસૂરિજી કેટલા થયા ? અને લલિતવિસ્તરા વૃત્તિના કર્તા હરિભદ્રસૂરિજી કયા ?

ઉત્તર :- ઉપમિતિભવપ્રપંચકથાની પ્રશસ્તિમાં શ્રી સિદ્ધર્ષિગણિ એમ લખે છે કે, તે પાઠ :

उपमितिभवप्रपंचाकथेति तच्चणरेणुकल्पेन ।
गीर्देवतया विहिता, निहिता सिद्धाभिधानेन ॥१४॥
आचार्यहरिभद्रो मे, धर्मबोधकरो गुरुः ।
प्रस्तावे भावतो हंत, स एवाद्ये निवेदितः ॥१५॥
अनागतं परिज्ञाय, चैत्यवन्दनसंश्रया ।
मदर्थेवकृता येन, वृत्तिर्ललितविस्तरा ॥१७॥
संवत्सरशतनवके, द्विषष्ठिसहितेति लंघिते चास्याः ।
ज्येष्ठसितपंचम्यां, पुनर्वसौ गुरुदिने समाप्तिरभूत् ॥२२॥

ભાવાર્થ :- શ્રી હરિભદ્રસૂરિ મને ધર્મબોધ કરનારા ગુરુ છે. તથા મને નથી આવડતું તેમ જાણીને ચૈત્યવંદન આશ્રયીને લલિતવિસ્તરા વૃત્તિ મારા માટે તેમણે કરી છે. એમાં સિદ્ધર્ષિ, ગ્રંથના કર્તા કહે છે, એ લલિતવિસ્તરાવૃત્તિ હરિભદ્રાચાર્યે મારે અર્થે બનાવી. એ ગ્રંથમાં સંવત ૯૬૨ લખેલ છે. તેથી એમ જણાય છે કે લલિતવિસ્તરા ૯૬૨ પહેલાં રચાઈ હશે.

તથા ખરતરરંગવિજયજીપટ્ટાવલીમાં જયાનંદસૂરિ (૨૫) રવિપ્રભસૂરિ (૨૬) યશોભદ્રસૂરિ (૨૭) શ્રી ભદ્રસૂરિ (૨૮) હરિભદ્રસૂરિ (૨૯) શ્રી દેવસૂરિ (૩૦) નેમચંદ્રસૂરિ (૩૧) ઉદ્યોતનસૂરિ (૩૨).

जयानंदसूरि (२५) रविप्रभसूरि (२६) यशोभद्रसूरि (२७) श्रीभद्रसूरि (२८) हरिभद्रसूरि (२९) श्रीदेवसूरि (३०) नेमचंद्रसूरि (३१) उद्योतनसूरि (३२) । तेनोद्यतनसूरिणा मालवीसंघेन समं शत्रुंजये गच्छतो मार्गे रोहिणीशकटमध्ये बृहस्पतिं प्रविशंतं दृष्ट्व

गच्छवृद्धिं ज्ञात्वा वर्द्धमानशिष्यस्य छगणचूर्णेनाचार्यत्वं दत्तं पुनर्येन १३ पातिसाहछत्रग्राहकवच्चन्द्रावतीनगरीस्थापकविमलमंत्रीश्वर-श्राद्धस्यार्बुदाचले विमलवसहिप्रासादे ध्यानबलेन वालीनाहक्षेत्रपालो वृषभदेवस्य मंत्रैः प्रकटीकृत्य स्थापितः मास ६ आचाम्लानि कृत्वा धरणेन्द्रमाहूय सीमन्धरस्वामिपार्श्वे सूरिमंत्रः शुद्धः कारितः अर्बुदगिरौ स्वर्गे गतः ॥३२॥ तत्पदे श्रीजिनेश्वरसूरिः स च सरस्वतीपत्तनवासी, स्नानागतमस्तकसूक्ष्ममत्स्यदर्शनेन प्रतिबुद्धः येनाणहिलपत्तने दुर्लभ-राज्ञोऽग्रे सं. १०८० खरतरबिरूदं प्राप्तं ॥३३॥

એનો પરમાર્થ એ છે કે સંવત ૧૦૮૦, તેમાંથી પાટના અઢીસો વર્ષ કાઢીએ તો ૮૩૦નો સંવત આવે. એ અવસરમાં હરિભદ્રસૂરિ હતા તેવું જાણી શકાય. એ ન્યાયથી સિદ્ધર્ષિ શ્રી હરિભદ્રસૂરિજીની નજીક થયા. તેથી ललितविस्तरावृत्ति વિક્રમ સંવત ૯૬૨ના સાઠ-સિત્તેર વર્ષ પહેલાં થયેલી સંભવે.

જ્યારે ચતુર્થસ્તુતિનિર્ણય પાના ૧૬ ઉપર એમ લખે છે કે "ઉપમિતિ ભવપ્રપંચના શરૂઆતમાં સિદ્ધર્ષિએ મને ભવિષ્યકાળમાં થવાવાળા જાણીને માનો મને જ પ્રતિબોધ કરવા માટે ललितविस्तरावृत्ति રચી છે અને જે સિદ્ધર્ષિજીએ શ્રીહરિભદ્રસૂરિજીની ગુરુ માન્યા છે તે આરોપ કરીને માન્યા છે. આવું ललितविस्तरावृत्तिની પંજિકામાં લખેલું છે." આવું લખવું આત્મારામજીનું મહામિથ્યા છે. કેમ કે ललितविस्तरा પંજિકા શ્રી મુનિચંદ્રસૂરિજીની કરેલી છે. તેમાં તો ઉપર લખ્યા પ્રમાણે લેખ છે જ નહીં. અને બીજી કોઈની બનાવેલી ललितविस्तरा પંજિકા છે જ નહીં. તથા શ્રી સિદ્ધર્ષિજીએ શ્રી હરિભદ્રસૂરિજીને આરોપ કરીને ગુરુ માન્યા છે એવો ललितविस्तरा પંજિકામાં લેખ છે જ નહીં. તોપણ આત્મારામજી અસત્ય લેખ લખે છે. તેમજ અસત્યભાષકના કેટલાક તરફદારો પણ કહે છે કે "ललितविस्तराની પંજિકામાં શ્રી મુનિચંદ્રસૂરિજી લખે છે કે પાંચસો પંચાસીમાં શ્રી હરિભદ્રસૂરિજી થયા તે જાણે મને પ્રતિબોધ કરવા માટે જ ललितविस्तरावृत्ति બનાવી છે એવી સંભાવના કરીને શ્રી સિદ્ધર્ષિજીએ

શ્રીહરિભદ્રસૂરિજીને ગુરુ માન્યા છે, એવો પણ લેખ પંજિકામાં નથી. તોપણ આરોપ તથા સંભાવનાથી સિદ્ધર્ષિજીએ હરિભદ્રસૂરિજીને ગુરુ માન્યા છે આવાં વચન ઉન્મત્ત સિવાય અન્ય કોઈ કહી શકે નહીં. કેમ કે આરોપ તથા સંભાવનાનું કરવું/કરાવવું તો પરોક્ષનું છે પણ પ્રત્યક્ષનું નથી. અને શ્રી સિદ્ધર્ષિજીએ તો શ્રી હરિભદ્રસૂરિજીને વર્તમાન છતાં પ્રત્યક્ષ ગુરુ કહેલા તેવું શાસ્ત્રો લખે છે. તથા લલિતવિસ્તરા પંજિકાના કર્તા શ્રી મુનિચંદ્રસૂરિજીસંતાનીય શ્રી રત્નશેખરસૂરિજી શ્રાદ્ધપ્રતિક્રમણદીપિકામાં લખે છે કે શ્રી હરિભદ્રસૂરિજીના શિષ્ય શ્રી સિદ્ધર્ષિજી તે એકવીશ વાર બૌદ્ધમાં ગયા. તેમને સ્થિર કરવા માટે લલિતવિસ્તરા વૃત્તિ બનાવી. તે પાઠ :

मिथ्यादृग्संस्तवे श्रीहरिभद्रसूरिशिष्यसिद्धसाधोर्ज्ञातं - स सौगतमत-रहस्यमर्मग्रहणार्थं गतस्तैर्भावितो गुरुदत्तवचनत्वान्मुत्कलापनायागतो गुरुभिर्बोधितो बौद्धानामपि दत्तवचनत्वान्मुत्कलापनार्थं गतः पुन-स्तैर्भावितः एवमेकविंशतिवारान् गतागतमकारीति तत्प्रतिबोधार्थं गुरुकृतललितविस्तराख्यशक्रसंस्तववृत्या दृढं प्रतिबुद्धः श्रीगुरुपार्श्वे तस्थौ इति पंचमोऽतिचारः ॥५॥

અર્થ :- મિથ્યાદૃષ્ટિના પરિચયમાં શ્રી હરિભદ્રસૂરિ શિષ્ય સિદ્ધસાધુ બૌદ્ધમતનો સાર લેવા ગયા. બૌદ્ધોએ પોતાના મતની શ્રદ્ધા કરાવી. ગુરુને વચન આપીને આવ્યા હતા તે વચન છોડાવવા આવ્યા. ગુરુએ જૈનની શ્રદ્ધા કરાવી. તે બૌદ્ધોનો પણ વચન આપીને આવ્યા હોવાથી તે છોડાવવા ગયા. તેઓએ ફરી પોતાના મતમાં કર્યા. આમ એકવીશ વખત જવું-આવવું સિદ્ધર્ષિએ કર્યું. તેના પ્રતિબોધ માટે ગુરુએ લલિતવિસ્તરા નામે શક્રસ્તવની વૃત્તિ કરી. તેનાથી તે ગાઢ પ્રતિબોધ પામ્યા અને શ્રી ગુરુ પાસે રહ્યા.''

એ શાસ્ત્રપાઠના મતાનુસાર શ્રી હરિભદ્રસૂરિજીની સાથે જ શ્રી સિદ્ધર્ષિ સંભવે છે. કેમ કે હરિભદ્રસૂરિએ શ્રી સિદ્ધર્ષિજીને એકવીસ વાર પ્રતિબોધ કર્યા પછી દૃઢ પ્રતિબોધ કરવા લલિતવિસ્તરા વૃત્તિ બનાવી. તો ૪૦૦ વર્ષને અંતરે પરોક્ષપણામાં ગતાગમ પ્રતિબોધનું કારણ કેમ થાય ? તેથી

આરોપ તથા સંભાવનાથી શ્રી હરિભદ્રસૂરિજીને શ્રી સિદ્ધર્ષિજીએ ગુરુ માન્યા, એ વચન વિદ્વાનોને તો સંભવ ન થાય તથા મલધારીવિશદવર બિરુદધારક શ્રી અભયદેવસૂરિ નિરીહચૂડામણી શિષ્ય, એક લાખ ગ્રંથના કર્તા, શ્રી અનુયોગદ્વારવૃત્તિકારક શ્રી હેમચંદ્રસૂરિસંતાનીય શ્રી રાજશેખરસૂરિકૃત ચોવીશ પ્રબંધ પ્રકરણમાં શ્રી હરિભદ્રસૂરિશિષ્ય શ્રી સિદ્ધર્ષિનો પ્રબંધ આવી રીતે લખેલ છે. તે પાઠ :

अत्रांतरे श्रीमालपुरे कोऽपि धनी श्रेष्ठीजनः चतुर्मासके सपरिकरो देवतायतनं व्रजन् सिद्धाख्यं राजपुत्रं द्यूतकारं युवानं देयकनकपदे निर्द्दयैर्द्युतकारैर्गर्त्तायां निक्षिप्तं कृपया तद्देयं दत्वा अमोचयत् गृहमानीय अभोजयत् अपाठयत् पर्यणाययत् माता प्रागप्यासीत् पृथग् गृहमंडनिका श्रेष्ठिप्रसादाद्धनं सिद्धो रात्रौ अतिकाले एति । लेख्यकलेखलेखनपरवशत्वात् श्वश्रूस्तुषे अतिनिर्विण्णे अतिजागरणात् वध्वा श्वश्रूरुक्ता । मातः पुत्रं तथा बोधय यथा निशि सकाले एति । मात्रा उक्तः सः वत्स निशि शीघ्रमेहि यः कालज्ञः स सर्वज्ञः । सिद्धः प्राह मातर्येन स्वामिनाऽहं सर्वस्वदानेन जीवितव्यदानेन च समुद्धृतः तदादेशं कथं न कुर्व्वे तूष्णीकेन स्थिता माता अन्यदालोचितं श्वश्रूस्तुषाभ्यां अस्य चिरादागतस्य निशिद्वारं नोद्घाटयिष्यावः द्वितीयरात्रौ अतिचिराद्वारमागतः सः कटं खटखटापयति ते तु न बूतः तेन क्रुद्धेन गदितं किमिति द्वारं नोद्घाटयेथां ? ताभ्यां मंत्रितपूर्विणीभ्यामुक्तं यत्रेदानीं द्वाराणि उद्घाटितानि तत्र व्रज । तच्छ्रुत्वा क्रुद्धः गतः तत्रोद्घाटे हट्टे उपविष्टान् सूरिमंत्रस्मरणपरान् श्रीहरिभद्रान् दृष्टवान् सांद्रचन्द्रके नभसि देशनाबोधः व्रतं सर्व्वविद्यता दिव्यं कवित्वं हंसपरमहंसवत् विशेषतर्क्कान् जिघृक्षु बौद्धांतिकं जिगमिषुर्गुरूनवादीत् प्रेषय तात बौद्धपार्श्वे गुरुभिर्गदितं तत्र मागाः मनः परावर्तो भावी ऊचे युगांतेऽपि नैवं स्यात् पुनः गुरवः प्रोचुः गतः परावर्त्यसे चेत्तदाऽस्मद्दत्तं वेषं अत्रागत्यास्मभ्यं ददीयाः उररीचक्रे सः गतस्तत्र पठितुं लग्नः सुघटितैस्तत्कुतर्क्कैः परावर्तितं मनः तद्दीक्षां ललौ वेषं दातुं उपश्रीहारिभद्रं

ययौ तैरपि आगच्छन् झटितः एवं वेषद्वयप्रदानेन एहि रेयाहि सः २१ द्वाविंशवेलायां गुरुभिश्चितितं मास्य वराकस्य आयुःक्षयेण मिथ्यादृष्टित्वे मृतस्य दीर्घभवभ्रमणं भूत् पुरापि २१वारं वादैर्जितोऽसौ अधुना वादेनालं ललितविस्तराख्या चैत्यवन्दनावृत्तिः सतर्क्का कृता तदागमे पुस्तिकां पादपीठे मुक्त्वा गुरवो बहिरगुः तत्पुस्तिकापरामर्शाद्बोधः सम्यक् ततस्तुष्टो निश्चलमनाः प्राह -

नमोऽस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये ।

मदर्थं निर्मिता येन, वृत्तिर्ललितविस्तरा ॥१॥

ततो मिथ्यात्वनिर्विण्णेन सिद्धऋषिणा १६ सहस्त्रा उपमिति भवप्रपंचा कथा अरचि । श्रीमाले धिसिमंडपे सा च सरस्वत्या साध्व्या अशोधि ।

ભાવાર્થ :- તે સમયે શ્રીમાલપુરમાં કોઈક ધનવાન શેઠ ચોમાસામાં પરિવાર સહિત દેરાસરે જતા હતા. રસ્તામાં સિદ્ધ નામના રાજાના પુત્રને જુવારીઓએ પોતાના માગતા સોનૈયાને માટે બાંધીને નિર્દયપણે ખાડામાં નાંખેલો જોયો. શેઠે છોડાવ્યો, ભોજન કરાવ્યું. ભણાવ્યો અને પરણાવ્યો. તે જુદો માતા પાસે રહે. શેઠના પ્રભાવથી તે પણ ધનવાન બન્યો. શેઠની દુકાને રાત્રે મોડે સુધી હિસાબ લખ્યા કરે એટલે રાત્રે ઘેર મોડો આવે. સાસુ-વહુ બહુ દુઃખી થાય. માતાએ કહ્યું તું શા માટે મોડો આવે છે ? તો કહે જેણે મને સુખી કર્યો તે શેઠનો હુકમ રાખવો જોઈએ. એક દિવસ સાસુ-વહુએ વિચાર્યું અને તે મોડો આવ્યો તેથી બારણું ન ખોલ્યું. બીજા દિવસે તે બહુ મોડો આવ્યો. બારણું ખખડાવ્યું, પણ ઘરમાંથી કોઈ બોલે નહીં ત્યારે તે રિસાઈને બોલ્યો, બારણું કેમ નથી ખોલતાં ? માતાએ કહ્યું, આ મોડી રાત્રે જેના બારણા ખુલ્લાં હોય ત્યાં જા. ત્યારે તે ત્યાંથી ચૌટામાં ગયો. ત્યાં ઉઘાડા બારણે હરિભદ્રસૂરિ જાપ કરતાં હતાં. તે જોઈ તેમની પાસે ગયો. પાસે બેઠો. દેશના સાંભળી પ્રતિબોધ પામી દીક્ષા લીધી. સર્વ વિદ્યા ભણ્યો. કવિપણામાં હંસ અને પરમહંસ સમાન થયો. વિશેષ તર્ક ભણવા તે બૌદ્ધો પાસે જવા ઇચ્છતો હતો, પણ ગુરુએ વાર્યો કે ત્યાં ન જા,

સમકિત જશે. તેણે કહ્યું કે વેશ પાછો આપવા આપની પાસે આવીશ. તે બૌદ્ધો પાસે ગયો. બૌદ્ધોએ તેને ભ્રમાવી દીધો. વેષ દેવા ગુરુ પાસે આવ્યો. ગુરુએ સમજાવીને પાછો જૈનધર્મમાં સ્થિર કર્યો. પાછો બૌદ્ધો પાસે ગયો. આમ ૨૧ વાર ગયો. બાવીસમી વાર ગુરુ પાસે પાછો આવ્યો. ત્યારે ગુરુએ લલિતવિસ્તરા નામે ચૈત્યવંદના વૃત્તિ તર્ક સહિત રચી, બાજોઠ ઉપર મૂકી બહાર ગયા. સિદ્ધર્ષિએ જોઈ, વાંચી, વિચાર કરવાથી સમ્યક્ત્વમાં દૃઢ થયા, હર્ષ પામ્યા. નિશ્ચલ મન થયેલા બોલ્યા, નમસ્કાર થાઓ ઉત્કટ સૂરિ છે એવા શ્રી હરિભદ્રસૂરિ તરફ જેમણે મારા માટે લલિતવિસ્તરા નામની વૃત્તિની રચના કરી. ત્યારબાદ મિથ્યાત્વ રહિત થયેલા સિદ્ધર્ષિ ૧૬,૦૦૦ શ્લોક પ્રમાણ ઉપમિતિભવપ્રપંચકથા રચતાં હતાં. શ્રીમાળ-નગરમાં ઘિસિમંડપમાં તે કથા સરસ્વતી સાધ્વીએ શોધી.

આમ, આ પાઠમાં પણ સિદ્ધર્ષિના ગુરુ હરિભદ્રસૂરિ લખ્યા. તે પહેલાં ૧૪૪૦ પ્રકરણકર્તા લખ્યા. તેથી આરોપ તથા સંભાવના કરી તે કેમ સંભવે ? માટે લલિતવિસ્તરા કર્તા હરિભદ્રસૂરિ વિક્રમ સંવત ૯૦૦માં થયા સંભવે છે. ચતુર્થસ્તુતિનિર્ણયમાં પંચાશકાદિ કર્તા હરિભદ્રસૂરિજી લખ્યા તેથી આરોપ તથા સંભાવના કરી એ કેમ ઘટે ? એ વિચાર પંડિતોએ કરવો. ॥૪॥

તથા રત્નસંચય પ્રકરણમાં આ મુજબ લખેલ છે. તે પાઠ :

पणपणबारससए, हरिभद्दो सूरि आसिपुव्वकए ।

तेरसवयवीसयहीए, वरीसिहिं बप्पभट्टिपहू ॥८२॥

અર્થ :- વીરથી બારસો પંચાવન વર્ષે શ્રી હરિભદ્રસૂરિ પૂર્વસંઘના કરનાર તેરશે વીશ વર્ષ બપ્પભટ્ટસૂરિ થયા. એ ટબામાં અર્થ લખ્યો. તે બારશો પંચાવનમાંથી ૪૭૦ વર્ષ કાઢીએ ત્યારે ૭૮૬ની સંવત આવે. એમાં જો હરિભદ્રસૂરિનું એકસો વર્ષ ઉપરનું આયુષ્ય હોય તોપણ લલિતવિસ્તરાના કર્તા મળે છે. ॥૫॥

તથા શ્રી પ્રદ્યુમ્નસૂરિકૃત વિચારસાર પ્રકરણમાં આવી રીતે લખે છે. તે પાઠ :

पंचसएपणत्तीए विक्कमभूयाउ झत्ति अत्थमिओ ।

हरिभद्दसूरिसूरो, धम्मरओ देउ मुक्खसुहं ॥३०॥

ભાવાર્થ :- વિક્રમ રાજાથી પાંચશો પાંત્રીશે શ્રી હરિભદ્રસૂરિ (નામનો) સૂર્ય તત્કાળ અસ્ત થયો. તે ધર્મ રત પુરુષોને મોક્ષસુખ આપો. ॥૩૦॥ એ પાઠના મતે શ્રી હરિભદ્રસૂરિજી વિક્રમ સંવત ૫૩૫માં થયા.

તથા પાડિવાલ-ગચ્છપટ્ટાવલીમાં આમ લખે છે. તે પાઠ :

तओ देल्लमहत्तरायरिओ विहरमाणो भिन्नमालपुरे आगओ तत्थ सप्पभोणाम विप्पो वेयपारगो तस्स पुत्तो दुग्गो सो लोयायतिओ परलोयणं पमाणेइ आयरियेण बोहिओ दिक्खिओ निम्मलचरित्तो विहरइ पुणो साणपुरेगो सुहावइ खित्तिओ तस्स पुत्तो गहिलो तेण आयरियाणं भणिअं पुत्तस्स गहिलत्तं फेडेइ तस्स सासणं दामि आयरिएण कहिअं पुत्तं दिक्खमि तेण पडिवन्नं तओ विज्जापओगेण सुद्धो बुद्धो दिक्खिओ सत्थपारगओ देल्लमहत्तरेण दोवि आयरियपए ठविया पच्छा कालगओ दुग्गासामीगगायरिओ अ एकया सिरीमाल-पुरेगया तत्थ धनीणामसिट्ठि जिणसावओ तस्स गिहे सिद्धोणाम राय-पुत्तो सो गग्गरिसिआयरिएण दिक्खिओ अईवतक्कबुद्धिओ अण्णया भणइ अओ परं तक्कं अत्थि ण वा दुग्गायरिएण कहिअं बुद्धमए अत्थि गंतुमाढत्तो गग्गरिसिणा कहिअं मा गत्थ सद्धाभंसोभावी तेण कहिअं इत्थ आगमिस्सामि गओ समत्तहीणो आगओ दुग्गायरिएण बोहिओ पुणो गओ एवं पुणो पुणो गमणागमणं तदा गग्गायरिएण विजयाणंदसूरिपरम्परासीसो हारिभद्दायरिओ महत्तरो बोहमयजाणगो बुद्धिमंतो विणविओ सिद्धो ण ठाति हरिभद्देण कहिअं कोवि उवाओ करिस्सामि सो आगओ बोहिओ ण ठाति ताधे हरिभद्देण बोहणत्थं ललिअवित्थराविक्ति रइआ तक्कमंथरा हरिभद्दो णियकालं णच्चा गग्गायरिस्समप्पिया अणसणेण देवलोयं पत्तो तओ कालंतरेण आगओ गग्गेण दिणा सो वि लद्धट्ठो अहो अई पण्डिओ हरिभद्द गुरु

समत्तं पडिवन्नो जिणवयणे भावियप्पा उग्गतवं चरमाणो विहरइ अह दुग्गसामी विक्कओ ९०२ वरिसे देवलोयंगतो तस्स सीसो सिरिसेणो आयरियपए ट्ठिओ गग्गायरिया विविक्कमओ ९१२ वरिसे कालंगया तप्पदे सिद्धायरिओ ए वंदो आयरिआ विहरइ ॥

અર્થ :- ત્યારપછી દેલ્લમહત્તરાચાર્ય વિચરતાં વિચરતાં ભિન્નમાલ પધાર્યા. ત્યાં વેદનો પારગામી સપ્રભ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને દુર્ગ નામનો નાસ્તિક પુત્ર હતો. તે પરલોકને માનતો ન હતો. આચાર્યે તેને પ્રતિબોધ આપ્યો. તેણે દીક્ષા લીધી. નિર્મળ ચારિત્રનું પાલન કરતાં તે મુનિ વિચરવા લાગ્યા. સાણપુરમાં એક સુહાવઈ નામનો ક્ષત્રિય રહેતો હતો. તેનો પુત્ર ગાંડો હતો. ક્ષત્રિયે આચાર્યને વિનંતી કરી કે મારા દીકરાનું પાગલપણું મટાડો તો પટ્ટો આપું. આચાર્યે કહ્યું કે મારે પટ્ટો નથી જોઈતો. જો તારો દીકરો સારો થાય તો દીક્ષા અપાવીશ ? ક્ષત્રિયે હા પાડી. આચાર્યે વિદ્યાપ્રયોગ કરી તેને સાજોનરવો બનાવી દીધો. તેને બોધ આપી દીક્ષા આપી. તે શાસ્ત્રપારગામી થયા. દેલ્લમહત્તરાચાર્યે બંને શિષ્યોને આચાર્યપદે સ્થાપ્યા. તેમના બંને શિષ્યો દુર્ગસ્વામી અને ગર્ગાચાર્ય શ્રીમાલ ગયા. ત્યાં ધની નામનો શ્રાવક રહેતો હતો. તેના ઘેર સિદ્ધ નામનો રાજકુંવર રહેતો હતો. તેણે ગર્ગાચાર્ય પાસે દીક્ષા લીધી. તે મહાતાર્કિક અને બુદ્ધિમાન હતા. તેમણે એક દિવસ ગુરુને કહ્યું કે આના સિવાય તર્ક ક્યાંય છે કે નહીં ? ત્યારે દુર્ગાચાર્ય બોલ્યા કે બૌદ્ધમતમાં છે. તે શિષ્ય બૌદ્ધમતમાં તર્ક ભણવા માટે જવા તૈયાર થયો. ત્યારે ગુરુએ કહ્યું તું ત્યાં ન જા, શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ જઈશ. ત્યારે તેણે કહ્યું કે હું અહીં અવશ્ય પાછો આવીશ, એમ કહીને ગયો. શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈને પાછો આવ્યો. દુર્ગાચાર્યે પ્રતિબોધ આપી જૈનધર્મમાં સ્થિર કર્યો, પણ પાછો બૌદ્ધમાં ગયો. આમ વારંવાર આવે અને જાય. ત્યારે ગર્ગાચાર્યે વિજયાનંદસૂરિપરંપરાશિષ્ય, બૌદ્ધમતના જાણકાર ને મહાબુદ્ધિવંત એવા શ્રી હરિભદ્રાચાર્યમહત્તર, તેમને કહ્યું કે, સિદ્ધર્ષિ રહેતાં નથી. શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું કે કોઈ ઉપાય કરીશું. એવામાં સિદ્ધ સાધુ આવ્યા. હરિભદ્રસૂરિએ પ્રતિબોધ્યા પણ તોય રહે નહીં. ત્યારે શ્રી

હરિભદ્રસૂરિએ તેને પ્રતિબોધવા માટે મહા તર્કો જેમાં કરેલા છે તેવી લલિતવિસ્તરા વૃત્તિ રચી. હરિભદ્રસૂરિ પોતાનું આયુષ્ય થોડું જાણી, લલિતવિસ્તરા વૃત્તિ ગર્ગાચાર્યને સોંપીને અનશન કરીને દેવલોક ગયા, પછી સિદ્ધર્ષિ કાલાંતરે આવ્યા. ગર્ગાચાર્યે લલિતવિસ્તરા આપી. તે વાંચીને સિદ્ધર્ષિ અર્થ પામી ગયા. તેમણે કહ્યું અહો મહાપંડિત હરિભદ્રગુરુ તમે સમકિત આપ્યું. હવે દુર્ગસ્વામી વિક્રમ સંવત ૯૦૨મા વર્ષે દેવલોક ગયા. તેમના શ્રીષેણ નામના શિષ્ય આચાર્ય પાટે બેઠા. ગર્ગાચાર્ય સંવત ૯૧૨માં કાળધર્મ પામ્યા. તેમની પાટે સિદ્ધર્ષિ આવ્યા. એથી પણ એમ જણાય છે કે ૮૧૫માં હરિભદ્રસૂરિ હતા તેમની બનાવેલી લલિતવિસ્તરા સંભવે છે.

તથા ઉપદેશપદની ટીકામાં શ્રી મુનિચંદ્રસૂરિજી લખે છે કે **तत्र मार्गो ललितविस्तरायामनेनैव शास्त्रकृतेत्थं लक्षणोत्यरूपि मग्गदयाण-मित्यादि ॥** જે માર્ગ લલિતવિસ્તરામાં એ જ ઉપદેશપદ શાસ્ત્રના શ્રી હરિભદ્રસૂરિજીએ એ પ્રકારના લક્ષણવાળો કહ્યો છે. આ વાતથી ઉપદેશપદ અને લલિતવિસ્તરા બંનેના કર્તા એક જ હરિભદ્રસૂરિજી છે તેવું સિદ્ધ થાય છે.

અને શ્રી દશાશ્રુતસ્કંધ ટીકાના કર્તા શ્રી બ્રહ્મર્ષિ "સુમતિનાગિલ-ચતુષ્પદી"માં લખે છે કે મહાનિશીથસૂત્રના ઉદ્ધારકર્તા શ્રી હરિભદ્રસૂરિજી મહાવીરપ્રભુ બાદ ચૌદશો વર્ષે થયા. તે પાઠ : **"वरस चउदशे वीरह पछे, એ ગ્રન્થ લખિયો તેણેય છે. દશપૂર્વલગ સૂત્ર કહાય, પછે ન એકાન્તે કહેવાય.** (७७६)" એ વચનથી વિક્રમ સંવત ૯૩૦ વર્ષે શ્રી હરિભદ્રસૂરિજી થયા. તેમણે લલિતવિસ્તરાવૃત્તિ બનાવ્યા પછી ૩૨મા વર્ષે એટલે કે વિક્રમ સંવત ૯૬૨ની સાલમાં શ્રી સિદ્ધર્ષિએ ૧૬ હજાર (ગાથા પ્રમાણ) ઉપમિતિ ભવપ્રપંચકથા ગ્રંથ બનાવ્યો. તે ગ્રંથની અંતપ્રશસ્તિના ૧૭મા શ્લોકમાં શ્રી સિદ્ધર્ષિજી લખે છે કે અનાગત એટલે બૌદ્ધમાંથી મને નહીં આવતો જાણીને અથવા અનાગત એટલે જૈનમતનો અજ્ઞાત જાણીને, તથા અનાગત એટલે ભવિષ્યમાં ફરી બૌદ્ધમતિ થઈ જશે એવું જાણીને તથા અનાગત એટલે આગમનક કર્તાનું ભિન્નપણું જાણીને મતલબ કે બાવીશમી વાર

બૌદ્ધમાંથી નહીં આવતો જાણીને વળી અનાગત એટલે સંપૂર્ણ બોધ ન પ્રાપ્ત થયો જાણીને, ચૈત્યવંદનાનો આશ્રય કરીને શ્રી હરિભદ્રાચાર્યે મને પ્રતિબોધ કરવા લલિતવિસ્તરા વૃત્તિ રચી.

આવી રીતે **अनागतं परिज्ञाय** ઇત્યાદિ શ્લોકનો અર્થ સંભવે, પણ "अनागतकाल में होने वाला जान के मानुं मेरे ही प्रतिबोध करने वास्ते ये ललितविस्तरावृत्ति रची है ।" એવો આત્મારામજીએ કરેલો અર્થ સંભવે નહીં. કારણ કે "અનાગત" શબ્દના અહીં પ્રકરણવશથી પૂર્વોક્ત ૪ અર્થ સિવાય વધારે અર્થ થતાં નથી. અને આત્મારામજીનો સંભાવનાનો અર્થ તો શ્રી સિદ્ધર્ષિ પરોક્ષપણે એટલે હાજર ન હોય તો સંભવે. પણ પૂર્વાચાર્યોના રચિત અનેક શાસ્ત્રોમાં તો "હરિભદ્રસૂરિએ સિદ્ધર્ષિજીને પ્રતિબોધ કર્યો" લખે છે. આમ, આત્મારામજીનો સંભાવનાનો અર્થ કરવો એ શાસ્ત્રવિરુદ્ધ છે.

તથા લલિતવિસ્તરામાં વિરહ શબ્દ અંતે છે. વળી "**याकिनीमहत्तरा-सूनोराचार्यहरिभद्रस्येति**" એવું ચિહ્ન અંતે લખે છે.

વળી, શ્રી અભયદેવસૂરિજી પંચાશકની વૃત્તિમાં લખે છે કે, વિરહ શબ્દે કરીને શ્રી હરિભદ્રાચાર્ય કૃત પ્રકરણ સૂચિત જાણવું. તેથી ૫૮૫માં શ્રી હરિભદ્રાચાર્ય થયા તે સિદ્ધ થાય છે. અને સિદ્ધર્ષિ માટે એ લલિતવિસ્તરાવૃત્તિ બનાવી એ તો સર્વ શાસ્ત્રોને સંમત છે. માટે વીરસંવત ૯૬૨ સિદ્ધ થાય. કેમ કે ઉપમિતિભવપ્રપંચ ગ્રંથનો સમય વીરનિર્વાણથી ૯૬૨ ગ્રહણ કરીએ તો વિક્રમ સંવત ૪૯૨માં એ ગ્રંથ થયો. તે વેળાએ હરિભદ્રસૂરિજીનું સો વર્ષ ઉપરાંત આયુષ્ય હોય તો તે વખતે તેઓ હાજર હતા તેવું સંભવે. કારણ કે વીરનિર્વાણથી ૧૦૫૫ વર્ષે અને વિક્રમથી ૫૮૫ વર્ષે શ્રી હરિભદ્રસૂરિજી દેવગત થયા. તથા શ્રી પ્રદ્યુમ્નસૂરિજીકૃત વિચારસાર પ્રકરણમાં લખે છે કે હરિભદ્રસૂરિજી વીરનિર્વાણથી ૧૦૦૫ વર્ષે અને વિક્રમ સંવત ૫૩૫ વર્ષે સ્વર્ગે ગયા. અને વિક્રમ સંવત ૪૯૨ ને વીરનિર્વાણથી ૯૬૨ વર્ષે શ્રી સિદ્ધર્ષિજીએ ઉપમિતિભવપ્રપંચકથા ગ્રંથની રચના કર્યા બાદ ૪૩ વર્ષે શ્રી હરિભદ્રસૂરિજી દેવગત થયા એમ પણ

ગ્રંથોમાં લખે છે. તેથી એ ગ્રંથ થયા પછી હરિભદ્રાચાર્ય ૯૩ વર્ષે દેવગત થયા. એ સમયે શ્રી સિદ્ધર્ષિ હાજર હતા ત્યારે એ લલિતવિસ્તરા વૃત્તિ બનાવી સંભવે છે, પણ આરોપ તથા સંભાવના કરવાનું કહે છે તે તો ન સંભવે. અને રત્નસંચય તથા પટ્ટાવલી આદિ ગ્રંથોના મતે વીરનિર્વાણથી ૧૨૫૫ અને વિક્રમ સંવત ૭૮૫માં હરિભદ્રસૂરિએ લલિતવિસ્તરા બનાવી હોય તો વિક્રમ સંવત ૯૬૨ નજીક કેટલાક વર્ષ પહેલાંની કરેલી સંભવે. પછી તત્ત્વ બહુશ્રુત જાણે.

પણ આત્મારામજી આરોપ તથા સંભાવના કરી સંવતનું મિલન કરે છે તે તો ભોળા જીવોના ગળામાં આકાશના ફૂલનો હાર પહેરાવી હર્ષ પમાડવાની જ મહેનત છે.

પ્રશ્ન :- લલિતવિસ્તરાવૃત્તિના કર્તા શ્રી હરિભદ્રસૂરિજી વિક્રસ સંવત ૫૮૫માં થયા કે ૯૬૨માં થયા એવું પૂર્વોક્ત ગ્રંથોના ન્યાયથી એકાંતે સિદ્ધ થતું નથી તો તમો લલિતવિસ્તરાવૃત્તિ માનો છો કે નથી માનતાં ?

ઉત્તર :- હે સુભગ ! અમે તો પૂર્વધર અનુયાયી પ્રાચીન તથા અર્વાચીન સ્વગચ્છીય તથા પરગચ્છીય આચાર્યોના સર્વ ગ્રંથ માનીએ છીએ. તો પરમ વૈરાગ્યરસિક ઉપમિતિભવપ્રપંચકથાના કર્તા શ્રી સિદ્ધર્ષિગણિજીની પ્રબોધકગુરુ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની રચનાની વચનચાતુરી દેખતાં જ વાદિરૂપ માતંગોના મત ખરી જાય છે. એવા ઉત્તમ પુરુષોના વચન ન માને તે આત્મારામને તો અમે અભાગ્યશેખર માનીએ છીએ. જેમ ચતુર્થસ્તુતિનિર્ણય પાના નં. ૩૨ અને ૩૩માં આત્મારામજી આનંદવિજયજી ચૌદપૂર્વધર પંચમ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીજી કૃત વંદનપયન્ના આશ્રયી લખે છે કે "કોઈપણ ભંડારમાં આ પુસ્તક અમારા હાથ દ્વારા ન ભરાય તો શું આ વંદનપયન્ના શ્રીભદ્રબાહુસ્વામીએ રચ્યું છે કે પછી ભદ્રબાહુસ્વામીજીના નામથી કોઈ ત્રણથોય માનવાવાળા મતપક્ષીએ રચી દીધું છે ?" આવી રીતે વિરુદ્ધ ભાવનું લખવું એ તો જે આભવ-પરભવનો નિરાપેક્ષી નાસ્તિક હોય તથા જેને પરભવ બગડવાનો ભય ન હોય તે લખે. પણ પરભવથી ડરનાર ઉત્તમ પુરુષો ન જ લખે. કેમ કે પ્રથમ તો ગ્રંથ રચનાર પુરુષ પંડિત

હોય ત્યારે નવીન ગ્રંથની રચના કરી શકે. અને "**पापाड्डीनः इति पंडितः**" એવું શ્રી સૂયગડાંગજીની વૃત્તિમાં શ્રી શીલાંકાચાર્યજીએ પંડિતનું લક્ષણ બતાવ્યું છે. તેથી પંડિત હોય તે પાપ થકી ડરે જ, અને કદાચ શિષ્ય હોય તો ગુરુભક્તિવશાત્ પોતાના રચેલા ગ્રંથમાં પોતાના ગુરુનું નામ (પ્રક્ષેપ) ખરાબ કરે (મૂકે) તો તેનો દોષ જૈનસિદ્ધાંતમાં લખ્યો નથી. તેથી શિષ્ય ગુરુભાવે નવીનગ્રંથ રચનામાં પોતાનાથી મહાન (મોટા) ગુરુનું નામ (પ્રક્ષેપ) ખરાબ કરે (મૂકે) તો તે ગ્રંથનું પણ અપમાન ઉત્તમ પુરુષ હોય તે ન કરે. તો પ્રત્યક્ષ શ્રી વંદનપયન્નામાં શ્રીભદ્રબાહુસ્વામીનું નામ છતાં પણ પોતાને હાથે ન આવ્યું તેથી આત્મારામજી શ્રી વંદનપયન્નાનું અપમાન કરવાની સાથે શ્રી ભદ્રબાહુસ્વામી ચૌદપૂર્વધર શ્રુતકેવલીનું અપમાન કરે છે, તેના ફળ પરભવમાં જેવાં મહા અશુભ વિનાકનાં ભોગવશે તે તો જ્ઞાની મહારાજ જાણે. પણ આભવમાં તો વિદ્વાન લોકો ધિક્કાર શબ્દનો શિરતાજ (શિરપાવ) આપ્યા વિના રહેશે જ નહિ. કેમ કે પૂર્વધર અનુયાયી જેવા તે પુરુષના રચેલા ગ્રંથનું અપમાન કરનારને પણ વિદ્વાન લોકો મહાઅપરાધી ગણે છે, તો પૂર્વધરના રચેલા ગ્રંથના અપમાન કરનાર ઉત્કૃષ્ટોત્કૃષ્ટ અપરાધીને કોણ વિદ્વાન ધિક્કાર દીધા વિના રહેશે ? તથા ઉત્તમ ભવભીરુ પુરુષ તો પોતાના રચેલા ગ્રંથમાં બીજાનું નામ પ્રક્ષેપ (ખરાબ) કરે (મૂકે) નહીં, પણ આત્મારામજીએ જેમ પોતાનો મનકલ્પિત મત દૃઢ કરવા માટે શ્રી માનવિજયજી ઉપાધ્યાયજી કૃત (લેખિત) ધર્મસંગ્રહ ગ્રંથમાં નવો પાઠ પ્રક્ષેપ કરી નવી પ્રત લખાવી, તેમ કોઈ મતપક્ષી પોતાનો ભવ બગાડવાની બીક છોડી પૂર્વધરોના નામથી ગ્રંથ રચે તથા પૂર્વધરોના નામ ગ્રંથમાં પ્રક્ષેપ (ખરાબ) કરે (મૂકે) તે ગ્રંથને જોઈ, તપાસ કર્યા વિના કોઈપણ વિદ્વજ્જન તે ગ્રંથનું અપમાન ન કરે. પણ મધ્યસ્થભાવે રહી તે ગ્રંથની તપાસ કરે. તે તપાસ કરતાં જો પૂર્વધરઅનુયાયી તે ગ્રંથમાં વક્તવ્ય હોય ત્યારે તો તે ગ્રંથ પ્રમાણે જ કરે, પણ તે ગ્રંથનું અપમાન ન કરે. અને કદાચ કોઈ મતપક્ષીએ પોતાનો મત પ્રક્ષેપ કર્યો હોય ને પૂર્વધરાચાર્યોના મતથી મળતો ન હોય ને કોઈ ભંડારમાં તેની જૂની પ્રત દેખવામાં આવી ન હોય તો તે

ગ્રંથને પ્રમાણે પણ ના કરે. અને તે ગ્રંથકર્તાને માનભ્રષ્ટ કરી તે ગ્રંથ જલશરણ કરાવે. અને તે ગ્રંથની જૂની પ્રત કોઈ ભંડારમાં દેખવામાં આવી હોય ને તેની તપાસ કરતાં કોઈ મતપક્ષની વાત પૂર્વધર તથા પૂર્વાચાર્યોના સંમતથી મળતી ન હોય તો તે વાતમાં વિદ્વજ્જન ઉદાસીનભાવ રાખી તે ગ્રંથને વિદ્વજ્જન "બરાબર છે કે બરાબર નથી" એમ એક પણ ન કહે, પરંતુ મધ્યસ્થભાવે રહી તત્ત્વજ્ઞાનીને જણાવે, પણ તે ગ્રંથનું અપમાન ન કરે. કેમ કે પૂર્વધરોના નામના ગ્રંથનું અપમાન કર્યાથી જૈનશાસ્ત્રોની વ્યવસ્થા ન રહે. ને લોકોમાં વિભ્રમની ઉત્પત્તિ થઈ જાય કે એ ગ્રંથ જેમ કોઈ મતપક્ષીએ પોતાનો મત દઢ કરવાને માટે પૂર્વધરનું નામ પ્રક્ષેપ કરી ભંડારમાં મૂકી દીધો તેમ બીજા પણ ગ્રંથ કોઈ પૂર્વધરોના નામ પ્રક્ષેપ કરી કોઈ મતપક્ષીએ રચી દીધા હશે, તો કોણ જાણે ? એ જૈનશાસ્ત્રો સાચાં કેટલાં અને જૂઠાં કેટલાં ? આવી રીતે જૈનશાસ્ત્ર શ્રદ્ધાભંગરૂપ અનેક વિકલ્પ જીવોને પ્રાપ્ત થાય તો પૂર્વધરોના નામના ગ્રંથોનું અપમાન કરનાર પ્રાણી જૈનશાસ્ત્રનો ઉપબૃંહણાત્મક સમ્યક્ત્વનો નાશ કરનારો થાય. માટે હે ભવ્યજીવો, શ્રી અમદાવાદમાં જેટલા ભંડાર છે તેટલા પણ સર્વ ભંડાર પ્રાયે (પહેલાં) (ઘણું કરીને) આત્મારામજી દેખવામાં આવ્યા નથી. (આત્મારામજીએ જોયાં નથી.) તો પાટણ પ્રમુખના સર્વ ભંડાર તો પ્રાયે દેખવામાં આવે જ ક્યાંથી ? કેમ કે ભાવનગર પ્રમુખ ૧૨ સ્થાનોમાં વીશ જ્ઞાનભંડારના પુસ્તક અમે દેખ્યાં, એવું પોતે આત્મારામજી લખે છે, તો કોઈ સ્થાનમાં એક જ્ઞાનભંડાર દેખ્યો હશે. કોઈ સ્થાને છે દેખ્યાં હશે, તેમાં પણ કોઈ પ્રત દેખવામાં આવી હશે. તો બારે સ્થાનના સંપૂર્ણ સર્વ ભંડાર તો દેખવામાં આવ્યા હશે ? અને બાર સ્થાનોના સંપૂર્ણ સર્વ ભંડાર દેખવામાં ન આવ્યા તો ગુજરાત, કચ્છ, મારવાડ, માલવા વગેરે દેશોના સર્વ જ્ઞાનભંડાર તો દેખવામાં ક્યાંથી આવે ? અને ગુજરાત વગેરે સર્વ દેશના જ્ઞાનભંડાર દેખવામાં આવ્યા નહીં તો અનેક જૈનપક્ષી શ્રીપૂજ જતિ સંવેગીઓ શ્રાવકોને આધીન રહ્યા જ્ઞાનભંડાર તથા હજારો પુસ્તક તે તો એમની નજરે જ ક્યાંથી ? અને અનેક જ્ઞાનભંડારોના પુસ્તકો એમની નજરે ન પડ્યાં તો થિરપુરપ્રમુખના જ્ઞાનભંડારોમાં શ્રી વંદનપયન્નાની જૂની પ્રત વિદ્યમાન

છતાં શ્રી ભદ્રબાહુસ્વામીના નામથી વંદનપયન્નો કોઈ મતપક્ષીએ રચી દીધો એવું તપાસ કર્યા વિના લખીને પૂર્વધરોના રચેલા ગ્રંથનો અનાદર કરી અપમાન, આશાતના કરવી એ કાંઈ આત્મારામજીનો દોષ નથી, એમના કર્મનો દોષ જ છે. કેમ કે પ્રથમ તો એમનો જન્મ જ ઉત્થાપકોના કુળમાં થયો. પણ કોઈ પુણ્યોદયે જૈનમતની શ્રદ્ધાનો લેશ (ભાસ) થયો, પણ જૈનાભાસ કુલપરંપરાના પ્રસંગથી પૂર્વની ઉત્થાપકપણાની વાસના પાછી જાગૃત કરી પ્રતિક્રમણના આદિ-અંતની સ્તોત્ર પ્રણિધાન રહિત પોતાના કુળની પરંપરાની ચૈત્યવંદનાની મર્યાદા ઉત્થાપવાનો ભય ન રહ્યો તો પૂર્વધરાદિકના રચેલા ગ્રંથોને ઉત્થાપવાનો ભય તથા ન ઉત્થાપવાની શ્રદ્ધા એમને રહી નથી. તેવી શ્રદ્ધા હે સુભગો, અમારી નથી.

પૂર્વપક્ષ :- લલિતવિસ્તરાવૃત્તિમાં તો ચોથી થોય કહી છે, તે તમે કેમ માનતાં નથી ?

ઉત્તર :- જે તમારા જેવા એકાંતમતિ હોય તે પૂર્વધર તથા પૂર્વાચાર્યોના વચન ન માને. અમે જો જેમ લલિતવિસ્તરાવૃત્તિમાં ત્રણ થોયથી તથા પૂજોપચારાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયથી દેવવંદન કહ્યા છે તે માનીએ છીએ. તે પાઠ :

इह प्रणिपातदंडकपूर्वकं चैत्यवन्दनमिति स एवादौ व्याख्यायते - तत्र चायं विधिः, इह साधुः श्रावको वा चैत्यगृहादावेकांतप्रयतः परित्यक्तान्यकर्त्तव्यः प्रदीर्घतरतद्भावगमनेन यथासंभवं भुवनगुरोः संपादितपूजोपचारस्ततः सकलसत्त्वानपायिनीं भुवं निरीक्ष्य परमगुरु-प्रणितेन विधिना प्रमृज्य च क्षितिनिहितजानुकरतलः प्रवर्द्धमानाति-तीव्रतरशुभपरिणामो भक्त्यतिशयान्मुदाश्रुपरिपूर्णलोचनो रोमांचितवपुः मिथ्यात्वजलनिलयानेककुग्राहनक्रचक्राकुले भवाब्धावनित्यत्वा-च्चायुषोऽतिदुर्ल्लभमिदं सकलकल्याणैककारणं चाधःकृतचिंतामणि-कल्पद्रुमोपमं भगवत्पादवंदनं कथंचिदवाप्तं चातः परं कृत्यमस्तीति अनेनात्मानं कृतार्थमभिमन्यमानो भुवनगुरौ विनिवेशितनयनमानसो-

ऽतिचारभीरूतया सम्यगस्खलितादिगुणसंपदुपेतं तदर्थानुस्मरणगर्भमेव प्रणिपातदंडकसूत्रं पठति ॥

तदेतदसौ साधुः श्रावको वा यथोदितं पठन्पंचांगं प्रणिपातं करोति तत उत्तिष्ठति जिनमुद्रया पठति चैतत्तत्सूत्रं - अरहंत चेइयाणमित्यादि । कायोत्सर्गान्ते यद्येक एव ततो णमोऽरहंताणमिति नमस्कारेणोत्सार्य स्तुतिं पठति । अथ बहवस्तत एक एव स्तुतिं पठत्यन्ये तु कायोत्सर्गेणैव तिष्ठंति यावत् स्तुतिपरिसमाप्ति ।

अत्र चैवं वृद्धा वदंति - यत्र किलायतनादौ वंदनं चिकीर्षितं तत्र यस्य भगवतः संनिहितं स्थापनारूपं तं पुरस्कृत्य प्रथमकायोत्सर्गः स्तुतिश्च तथा शोभनभावजनकत्वेन तस्यैवोपकारित्वात् ततः सर्वेऽपि नमस्कारोच्चारणेन पारयंतीति । पुनरत्रांतरेऽस्मिन्नेवावसर्पिणीकाले ये भारते तीर्थकृतस्तेषामेवैकक्षेत्रनिवासादिनाऽसन्नतरोपकारित्वेन कीर्तनाय चतुर्विंशतिस्तवं पठति पठन्ति वा स चायं लोगस्सुज्जोय-गरेत्यादि ॥ एवं चतुर्विंशतिस्तवमुक्त्वा सर्वलोक एव अर्हच्चैत्यानां कायोत्सर्गकरणायेदं पठति पठंति वा सव्वलोए अरहंत चेइयाणं करेमि काउसग्गमित्यादि यावद्वोसिरामि । कायोत्सर्ग च पूर्ववत् तथैव च स्तुतिर्नवरं सर्वतीर्थकराणामन्यथान्यकायोत्सर्गोऽन्यस्तुतिरिति न सम्यक् ॥ सर्वतीर्थकराणां स्तुतिरुक्ता, इदानीं तैरुपदिष्टस्यागमस्य येन ते भगवंतस्तदभिहिताश्च भावाः स्फुटमुपलभ्यंते तत्प्रदीपस्थानीयं सम्यक् श्रुतमर्हति कीर्तनमत इदमुच्यते 'पुक्खर' इत्यादि । एवं प्रणिधानं कृत्वैतत्पूर्विका क्रिया फलायेति श्रुतस्येव कायोत्सर्गसंपादनार्थं पठति पठंति वा "सुयस्स भगवओ करेमि काउसग्ग"मित्यादि यावत् वोसिरामि ॥ कायोत्सर्गप्रपंचः प्राग्वत्तथैव च स्तुतिर्यदि परं श्रुतस्य समानजातीयबृहकत्वात् अनुभवसिद्धमेतत्तद्ज्ञानां चलति समाधि-रन्यथेति प्रकटं ऐतिह्यं चैतदेवमतो न बोधनीयमिति ॥ पुनरनुष्ठान-

परंपराफलभूतेभ्यस्तथाभावेन तत्क्रियाप्रयोजकेभ्यश्च सिद्धेभ्यो नमस्करणायेदं पठति पठंति वा सिद्धाणमित्यादिसूत्रं ॥ एतास्तिस्रः स्तुतयो नियमेनोच्यंते केचित्त्वन्या अपि पठंति न च तत्र नियम इति न तद्व्याख्यानक्रिया ॥ एवमेतत्पठित्वोपचितपुण्यसंभारा उचितेषूपयोगफलमेतदिति ज्ञापनार्थं पठंति "वेयावच्चगराणं संतिगराणं सम्मदिट्ठी समाहिगराणं करेमि काउसग्गं" इत्यादि यावद्वोसिरामि व्याख्यानं पूर्ववन्नवरं वैयावृत्यकराणां प्रवचनार्थं व्यापृतभावानां यक्षाम्रकुष्मांड्यादीनां शांतिकराणां क्षुद्रोपद्रवेषु सम्यग्दृष्टिनां सामान्येनान्येषां समाधिकराणां स्वपरयोस्तेषामेव स्वरूपमेतदेवैषामिति वृद्धसंप्रदाय एतेषां संबंधिनं सप्त्यम्यर्थे वा षष्ठी एतद्विषयं एतान् वाश्रित्य कायोत्सर्गं विस्तरः पूर्ववत् स्तुतिश्च नवरमेषां वैयावृत्यकराणां तथा तद्भाववृद्धेरित्युक्तं प्रायं तद्परिज्ञानेऽप्यस्मात् तत्शुभसिद्धाविदमेव वचनं ज्ञापकं न चासिद्धमेतदभिचारूकादौ तथैक्षणात् सदौचित्यप्रवृत्या सर्वत्र प्रवर्तितव्यमित्यैदंपर्यमस्य तदेतत् सकलयोगबीजं वंदनादिप्रत्ययमित्यादि न पठ्यतेऽपि त्वन्यत्रोच्छ्वसितेनेत्यादि तेषामविरतत्वात् सामान्यप्रवृत्तेरित्थमेवोपकारदर्शनात् वचनप्रामाण्यादिति व्याख्यातं सिद्धेभ्यः इत्यादि सूत्रं ॥

અર્થ :- અહીંયાં પ્રણિપાતદંડકપૂર્વક ચૈત્યવંદન છે. તે માટે તે જ પ્રણિપાતદંડકનું પ્રથમ વ્યાખ્યાન કરીએ છીએ. તેમાં એ વિધિ અહીંયાં સાધ અથવા શ્રાવક ચૈત્યગૃહાદિકમાં એકાંતમતથી સર્વ બીજા કાર્યો છોડીને બહુસૂક્ષ્મ બહુદીર્ઘ તેમાં ભાવ કરીને જેમ સંભવે તેમ તીર્થંકરની પૂજોપચાર સામગ્રી કરીને, પછી સર્વ સત્ત્વ વિના ભૂમિ દેખીને પરમગુરુએ કહેલી તે વિધિએ કરીને પૂજીને, તે ઉપર જાનુ એટલે ઢીંચણ કરતલ સ્થાપીને વધતાં પરિણામ સાથે બહુ જ શુભ પરિણામે, ભક્તિના અતિશયથી, હર્ષના આંસુ ભરેલા નેત્રવાળો, રોમાંચિત શરીરવાળો, અનિત્ય છે આયુષ્ય જેમાં મિથ્યાત્વજલથી ભરેલા અનેક કદાગ્રહરૂપી જલજંતુથી આકુલ એવા

ભવસમુદ્રમાં મહા દુર્લભ, એકાંતે બધા જ કલ્યાણનું કારણ જેણે ચિંતામણી તથા કલ્પવૃક્ષની ઉપમા તિરસ્કાર કરી છે એવા ભગવંતનું વંદન કોઈ પ્રકારે પામ્યો. વળી એ ઉપરાંત બીજું કંઈ જ કાર્ય નથી એવું ધારતો તથા આત્માને કર્તા માનતો ભુવનગુરુની ઉપર ભયથી પણ ઊંચા પ્રકારે અસ્ખલિતાદિગુણ સાથે તેના અર્થનું અનુસ્મરણ કરતો પ્રણિપાતદંડકસૂત્ર ભણે. પછી તે સાધુ તથા શ્રાવક જેમ પહેલાં કહ્યાં તે પ્રમાણે પાઠને ભણતાં પંચાંગપ્રણિપાતવંદન કરે, પછી ઊઠીને જિનમુદ્રાએ અરિહંત ચેઈયાણં એ સૂત્ર બોલે, કાઉસ્સગ્ગના અંતે જો એક જ વ્યક્તિ હોય તો નમો અરિહંતાણં એમ બોલી નમસ્કાર કરીને કાઉસગ્ગ પારે અનેસ્તુતિ બોલે, વળી બહુ વ્યક્તિ હોય તો એક જ જણ સ્તુતિ બોલે અને જયાં સુધી સ્તુતિ પૂરી થાય ત્યાં સુધી બીજા બધાએ કાઉસગ્ગમાં જ ઊભા રહેવું. આ જગ્યાએ વૃદ્ધપુરુષો એમ કહે છે કે જે પણ દેરાસરમાં વંદન કરવાનો નિર્ણય કર્યો હોય ત્યાં જે ભગવાનનું સ્થાપનારૂપે સમીપ હોય તેને આગળ કરી પહેલાં કાઉસગ્ગ પછી સ્તુતિ તેમજ સારા ભાવને ઉત્પન્ન કરનાર છે એ હેતુ માટે તેનું જ ઉપકારીપણું છે. માટે તે પછી બધાએ નમસ્કાર શબ્દ બોલીને પાળવો. વળી આ જ ઉત્સર્પિણીકાળમાં જે આ ભરતખંડમાં તીર્થંકર થયા છે તે બધાનું એક ક્ષેત્રમાં સ્થાપન કરીને ઘણા ઉપકારી છે તે કહેવા માટે ચોવીશ તીર્થંકરનું સ્તવન એક જણ બોલે અથવા ઘણા ભણે તે એ લોગસ્સ ઉજ્જોઅગરે એમ ચોવીશ તીર્થંકરને સ્તવના કરીને સર્વ લોકમાં રહેલા અરિહંતચૈત્યોનો કાઉસગ્ગ કરવા માટે "સવ્વલોએ અરિહંત"થી વોસિરામિ સુધી એક જણ બોલે અથવા ઘણા બોલે અને કાઉસગ્ગ પહેલાંની જેમ જ કરે અને સ્તુતિ પણ તેમ જ બોલે, પણ તેમાં આટલો ભેદ કે બધા જ તીર્થંકરોનો કાઉસગ્ગ અને થોય પણ સર્વ તીર્થંકરની કહેવી. નહીંતર બીજા કાઉસગ્ગ અને બીજી સ્તુતિ તે સમ્યક્ નથી. આમ, સર્વ તીર્થંકરોની સ્તુતિ કહી. હવે તેમણે ઉપદેશ કરેલા આગમના ભાવ જેના દ્વારા સાચા સમજાય તે દીવા (જ્યોત) સમાન ભગવાન તથા તેમના કહેલા ભાવ તે બંનેને દીવાની જેમ ચોખ્ખા દેખાડનાર શ્રુત છે. માટે તે શ્રુતનું કીર્તન તેના પછી બાકી રહે છે. તે કહીએ છીએ. જે પુક્ખરવરદી બોલીને એટલે કે એ કરવાપૂર્વક કરેલી ક્રિયા સફળ છે તે

જણાવવા માટે શ્રુતનો કાઉસગ્ગ કરવા એક જણ બોલે અથવા ઘણા બધા બોલે કે સુઅસ્સ ભગવઓથી વોસિરામિ સુધી બોલવું અને પહેલાંની જેમ જ કાઉસગ્ગ કરવો તેમજ સ્તુતિ પણ શ્રુતની કહેવી. તેમજ સ્તુતિ પણ શ્રુતની વૃદ્ધિ કરનારી છે એ વાત અનુભવસિદ્ધ છે. જો એમ ના કહીએ તો એ શ્રુતના અર્થને તથા સ્તુતિના અર્થને જાણનારા પુરુષોની સમાધિ ચાલી જાય. એટલે જુદો ઉપયોગ થવાથી સમાધિભંગ થાય એ ઇતિહાસ પ્રગટ છે, માટે બોધ કરવાનું એ જ છે. વળી, અનુષ્ઠાન પરંપરાફળરૂપે તે અનુષ્ઠાનની ક્રિયાના પ્રયોજકકર્તા સિદ્ધોને નમસ્કાર કરવા માટે "સિદ્ધાણં" સૂત્રને એક જણ અથવા ઘણા જણ બોલે. આ ત્રણ સ્તુતિઓ નિયમાએ કહેવી કહી છે. કેટલાક તો બીજી પણ સ્તુતિઓ બોલવાની કહે છે, પણ એ ભણવાનો નિયમ નથી. માટે તેની વ્યાખ્યા પણ કરી નથી. પહેલાં કહેલું "સિદ્ધાણં બુદ્ધાણં" કહીને ઉપચય કર્યો છે. પુનઃસંભાર એવા શ્રાવક ઉચિતોને માટે ઉપયોગ ફળ એ છે કે એવું જણાવવા માટે વેયાવચ્ચગરાણંથી વોસિરામિ સુધી બોલવું. દરેકનો અર્થ પહેલાંની જેમ, એટલો વિશેષ પ્રવચનના માટે વૈયાવચ્ચ કરનારા એટલે જૈનશાસનની ઉન્નતિ કરવામાં વ્યાપારવાળા સમ્યક્ત્વવંતોને ક્ષુદ્ર ઉપદ્રવોને માટે શાંતિના કરનારા તથા સામાન્ય કરીને બીજાઓને સમાધિ કરનારા એ રીતે પોતાના તથા પરના વિષે સમાધિ કરનારા દેવોનું આ જ સ્વરૂપ છે એ વૃદ્ધસંપરાય છે. એમને સંબંધી સાતમાના અર્થમાં છઠ્ઠી છે. તે માટે એ વિષયી અથવા એમને અંગીકાર કરીને એટલે અર્થે એ કાઉસગ્ગ કરું એનો વિસ્તાર એટલે કાઉસગ્ગવિધિ પહેલાંની સ્તુતિ. અહીંયાં વેયાવચ્ચગરાણંની કહેવી (બોલવી) એ વિશેષ છે. તથા તેમના ભાવની શુદ્ધિ થાય છે એ અર્થ કહ્યો છે. તે નહીં જાણે તોપણ એથી તેના શુભની સિદ્ધિમાં એ જ વચન જાણવાલાયક છે એટલે એ પાઠ જ એ વાત જણાવે છે.

તે માટે એ સકલ યોગનું બીજ વંદણવત્તિયાએ એવો પાઠ ન કહેવો તો શું કહેવું ? અન્નત્થનો પાઠ બોલવો. કેમ કે તેમને અવિરતપણું છે. તેથી *સામાન્ય પ્રવૃત્તિથી એમ જ ઉપકાર દેખાવાથી વચન પ્રમાણેથી વખાણ્યો* સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર.

અહીંયાં કોઈ કહેશે કે લલિતવિસ્તરાવૃત્તિકારે તો સાધુ તથા શ્રાવક બંનેને ચૈત્યવંદનની વિધિ કરવી કહી છે. તેથી શ્રાવક તો પૂજોપચાર કરે તો નિત્ય ચોથી થોય કહે તેમ સાધુને પણ કારણ વિના એ ચોથી સ્તુતિ નિરંતર કહેવી સ્પષ્ટ થાય. તેને કહેવું કે દેવાનુપ્રિય ! મધ્યસ્થદૃષ્ટિએ વિચારવું. કેમ કે કેટલાક અર્થે બહુ ગ્રંથોમાં સાધુને જ ઉદ્દેશીને અનુષ્ઠાન-ક્રિયા કરવી લખે છે. તેથી અહીંયાં લલિતવિસ્તરાવૃત્તિકાર યથાસંભવ પાઠે કરી સ્વ-સ્વ ક્રિયા-અનુષ્ઠાન કરવું સૂચન કરે છે કે સાધુએ સાધુયોગ્ય, શ્રાવકને શ્રાવકયોગ્ય યથાસંભવ ક્રિયા કરવી, પ્રતિક્રમણક્રિયાપાઠની જેમ. નહીંતર તો એ સાધારણવિધિએ તો સાધુને પણ દ્રવ્યપૂજા કરવાનો પ્રસંગ થાય. કેમ કે વૃત્તિકાર લખે છે કે "संपादितपूजोपचारं" એટલે પૂજોપચાર કરીને ચૈત્યવંદના કરવી. પણ સાધુને તો સર્વ ગ્રંથોમાં દ્રવ્યપૂજા કરવી નિષેધેલ છે એટલે કે ના છે. અને જો ભાવપૂજા ગ્રહણ કરી તો એ ચૈત્યવંદના ભાવપૂજામાં જ છે તેથી સાધુ-શ્રાવકને સરખી ચૈત્યવંદનાનો સંભવ થાય. કેમ કે ભાવપૂજા તો સાધુ-શ્રાવક બંનેને સરખી છે. તો અહીંયાં વૃત્તિકારે યથાસંભવ તથા સંપાદિતપૂજોપચાર એ બંને પાઠ લખ્યા છે તે વ્યર્થ થાય. કેમ કે ભાવપૂજામાં તો સાધુ-શ્રાવક બંનેને અધિકાર છે તો યથાસંભવ કહેવાનું શું કામ ? તથા દ્રવ્યપૂજામાં શ્રાવકનો જ અધિકાર છે. તેથી સંપાદિતપૂજોપચાર કહેવાનું શું કામ ? વળી માનસિક દ્રવ્યપૂજા તથા કારણાનુમતિરૂપ પૂજા પણ સાધુને ભાવપૂજામાં અંતર્ભૂત થાય છે. તે માટે પૂર્વોક્તન્યાયથી અહીંયાં પણ બે પાઠ વ્યર્થ થાય. પણ બહુશ્રુત ઉપયોગવંત વૃત્તિકારે યથાસંભવ પાઠે કરી સાધુ તથા શ્રાવકની ચૈત્યવંદના અનુષ્ઠાન-ક્રિયાનું યથાયોગ્ય સૂચન કર્યું એટલે સાધુને સાધુયોગ્ય દેવવંદના ત્રણ સ્તુતિ પ્રણિપાતદંડક સહિત થાય અને શ્રાવકને પૂજોપચાર સંપાદન કર્યો. ચોથી સ્તુતિ ઉપબૃંહણાત્મક પ્રણિપાતદંડક સહિત વંદના થાય તથા સાધુ-શ્રાવક બંનેને પણ પૂજોપચાર વ્યાખ્યાનના ભક્તદેવતાનું સ્મરણ તથા ક્ષુદ્રોપદ્રાવણી ચોથી સ્તુતિ પ્રણિપાતદંડક સુધી દેવવંદન થાય અને વળી કોઈ કહેશે કે વૃત્તિકાર તો ને કારણે ચોથી થોય બોલવાની લખતાં નથી અને તેના કારણે કરવી કયા આધારથી લખે છે. તેને કહીએ છીએ હે

દેવાનુપ્રિય ! વૃત્તિકાર અહીં ચૈત્યવંદનની વિધિ લખે છે તે વિધિવાદના સ્વરૂપે છે. અને વિધિવાદ હોય તે સાધારણ ઉત્સર્ગ-અપવાદ સાથે હોય. એટલે વિધિવાદમાં ઉત્સર્ગક્રિયા સૂચન કરે અને અપવાદક્રિયા સૂચન કરે અથવા અપવાદ તે કારણ એવું જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના વૃત્તિકાર લખે છે. તેથી અમે અહીંયાં વૃત્તિકારોના આશયથી જ ક્ષુદ્રોપદ્રવ વિદ્રાવણી ચતુર્થસ્તુતિ સાધુને તથા શ્રાવકને પણ અપવાદને કારણે કહેવી લખીએ છીએ. ત્યારે કોઈ કહે વૃત્તિકારે અપવાદ કારણે કહી તોપણ નિરંતર ચતુર્થસ્તુતિ કહેવી સિદ્ધ થાય. કેમ કે સાધુને અપવાદે છ કારણના સિદ્ધાંતોમાં ભોજન લેવું કહ્યું છે, પણ નિરંતર ભોજન કરે છે. તેની પાછળ, તેને કહીએ દેવાનુપ્રિય ! સિદ્ધાંતોના રહસ્ય અનેક પ્રકારના છે. ઓળખવામાં સમજ પડે માટે ઓળખવાને માટે અમુક વિચારો લખીએ છીએ :

उस्सग्गसुअ किंची, अववाइयं भवे सुत्तं ।

किंची तदुभयसुत्तं, सुत्तस्स गमा मुणेयव्वा ॥१॥

उत्सर्गसूत्रं १ अपवादसूत्रं २ तदुभयसूत्रं द्विधा उत्सर्गापवादिकं ३ अपवादौत्सर्गिकं । ४ एते सूत्रस्य गमाः प्रकाराश्चत्वारः अथवा गमा नाम द्विरुच्चारणीयानि पदानि तेनौत्सर्गौत्सर्गिकं ५ अपवादापवादिकं ६ नो कल्पयते साधोर्गोचरीं पर्यटतो गृहद्वयापांतराले निषीदनमित्युत्सर्गसूत्रं १ त्रयाणां पुनः कल्पते इत्यपवादसूत्रं २ नो कप्पइ राओ वा विआले वा सेज्जासंथारयं पडिगाहित्तए नन्नत्थ एगेणं पुव्वपडिलेहिएणं सिज्जासंथारएणं इहमुत्सर्गापवादिकं ३ यत्पुनर्निर्ग्रन्थीनां कल्पते पक्कं तालप्रलंबं विधिभिन्नं नाविधिभिन्नमित्यपवादौत्सर्गिकं ४ नो कप्पइ असणं वा पाणं वा खाइमं वा साइमं वा पढमाए पोरिसीए पडिग्गहित्ता पच्छिमपोसिं उवाइणावित्तए स अ आहच्च उवाइणाविएसि - आजोतुं भुंजंतं वा साइअइ सेआवज्जइ चाउम्मासिअं परिहारट्ठाणमित्युत्सर्गौत्सर्गिकं ५ तथा येषु सूत्रेषु अपवादो भणितस्तेष्वेवार्थतः पुनरनुज्ञा प्रवर्तते तानि अपवादा-

पवादिकानि सूत्राणि इति श्रीबृहत्कल्पवृत्तौ इयं च सूत्रषड्भंगी श्री निशीथचूर्णिषोडशोद्देशकेऽप्यस्ति ।

અર્થ :- ઉત્સર્ગસૂત્ર ૧ તે આ રીતે. ન વપરાય સાધુને ગોચરી કરતાં બે ઘરના અંતરમાં બેસવું એ ઉત્સર્ગસૂત્ર છે ૧ અને ત્રણને વળી બેસવું એ અપવાદસૂત્ર ૨ તથા ન વપરાય રાત્રિની વેળાએ સંથારો લેવો, પણ એક પૂર્વ એટલે દિવસે પડિલેહણ કરી મૂકીને તેના કરતાં બીજા ન લેવાય એટલે પૂર્વે ઉત્સર્ગ પછી અપવાદ માટે એ ત્રીજો ભેદ ઉત્સર્ગ-અપવાદ છે. ૩ વળી, જેથી સાધ્વીઓને કલ્પે. પાકા કેળાં પ્રમુખનું ફળ પણ તે વિધિવાળું હોય તો જ વપરાય એ અપવાદઉત્સર્ગ ભેદ ૪, પહેલી પોરિસીમાં ચાર પ્રકારના આહાર ગ્રહણ કરીને પાછલી પોરિસી સુધી રાખવા કલ્પે નહીં અને જો કદાચ રહી ગયાં હોય તેને ખાય, ખવરાવે, ભોગવનારને સારો માને, તો ચારમાસી પરિહાર ઠાણને પામે એ ઉત્સર્ગઉત્સર્ગ નામનો પાંચમો ભેદ ૫ તથા જો સૂત્રમાં અપવાદ કહ્યો તેમાં જ અર્થથી વળી તેમાં અનુજ્ઞા પ્રવર્તે તે અપવાદઅપવાદસૂત્ર જાણવા એ અપવાદઅપવાદ નામનો છઠ્ઠો ભેદ ૬ એ બૃહત્કલ્પવૃત્તિમાં છે. અને એ સૂત્ર છ ભંગી શ્રી નિશીથચૂર્ણિના સોળમા ભાગમાં પણ છે. હવે પૂર્વોક્ત પ્રશ્નોત્તર કહે છે કે પૂર્વે પ્રશ્નકર્તાએ એ છ કારણના હેતુથી ચોથી સ્તુતિ નિરંતર કહેવી કહી છે, પણ આ હેતુથી દરરોજ કહીએ તો સારું તો થાય જ નહીં અને અપવાદના કારણે જ સિદ્ધ થાય છે. કેમ કે સાધુને ભોજન ન કરવો તે ઉત્સર્ગ ૧ અને છ કારણે ગ્રહણ કરવો તે અપવાદ ૩. વળી વિધિએ ગ્રહણ કરવો પડે પણ અવિધિએ ગ્રહણ ન કરવો તે અપવાદઉત્સર્ગ ૪, કાળથી ભારે ભોજન કરવું નહીં અને લે તો પ્રાયશ્ચિત્ત એ ઉત્સર્ગઉત્સર્ગ ૫ અને વળી અપવાદે લેવું કહ્યું તેમાં જ પ્રયોજનાર્થ અને વૃત્ત્યાદિકે અટવ્યાદિ ઉલ્લંઘવાને કાજે ભોજન લેવાની અનુજ્ઞા પ્રવર્તે તે અપવાદઅપવાદ ૬ તેમજ ચૈત્યવંદનમાં પણ "**स्तुतिस्तोत्रप्राणीआप्ता-नामेव**" આ વચન એટલે સ્તુતિસ્તોત્ર હોય તે આપ્તનાં જ હોય એવા પંચાશકસૂત્ર તથા વૃત્તિકારના વચનથી તીર્થંકરોના સ્તુતિ-સ્તોત્ર કરવા તે

ઉત્સર્ગ ૧ અને બીજાનાં કરવા તે અપવાદ ૨ અથવા જે સમયે ચૈત્યવંદન કરવાનું કહ્યું છે એ જ સમયે કરવી અને સમયે સમયે કરવી તે ઉત્સર્ગઅપવાદ ૩ તથા ભાઈઓને પૂજામાં ચોથી સ્તુતિ સુધી દેવવંદના કરી, સામાયિક, પૌષધમાં ત્રણ સ્તુતિએ વંદન કરી અને ચારિત્ર લેવાની વેળા પ્રથમ દેવસક્ખિય નિમિત્તે ચોથી સ્તુતિએ દેવવંદન કરી પછી ચારિત્રમાં કારણ વિના ત્રણ સ્તુતિએ નિરંતર દેવવંદના કરવી તે અપવાદઉત્સર્ગ ૪, વળી કાળથી ભારે ચૈત્યવંદના ન કરવી અથવા વિધિએ ચૈત્યવંદન કરવું અને અવિધિએ તથા કાળથી ભારે દેવવંદના કરે તો પ્રાયશ્ચિત્ત એ ઉત્સર્ગઉત્સર્ગ ૫, અને વળી અપવાદે વંદના તેમ જ પ્રયોજન તથા અર્થે વૃત્યાદિકે ક્ષુદ્રોપદ્રવ દૂર કરવાની અનુજ્ઞા પ્રવર્તે તે અપવાદઅપવાદ ૬ એ છ ભાગમાં અપવાદે તથા અપવાદઉત્સર્ગે તથા અપવાદઅપવાદે અન્ય દેવાદિક સમદૃષ્ટિઓની સ્તુતિ કરવી કહ્યું છે અને પ્રશ્નકર્તાના હેતુથી ચોથી સ્તુતિ અપવાદે પણ નિરંતર કરવી ન ઓછી, કેમ કે છ કારણે આહાર કરવો તથા છ કારણે આહાર ન કરવો એવું ઉત્તરાધ્યયનસૂત્ર વૃત્યાદિકમાં લખે છે. તે પાઠ :

"इच्छं प्रथमपौरुषीकृत्यमुक्तं, तदनंतरं द्वितीयपौरुषीकृत्याभिधानावसरस्तच्च बीए ज्झाणं झियायइं" इति वचनेन ध्यानमुक्तमुभयं चैतदवश्यकर्तमतस्तृतीयपौरुषीकृत्यमप्येवं उत कारणे एवोत्पन्न इत्याशंक्याह तइए इत्यादि सुगमं नवरमौत्सर्गिकमेतदन्यथा हि स्थविरकल्पिकानां यथाकालभक्तादेर्गवेषणं तथा चाह - सइकाल चेरेभिक्खुत्ति षण्णां कारणानां अण्णयरायमिति अन्यतरस्तस्मिन्न कारणे समुत्थिते संजाते न तु कारणोत्पत्तिं विनेतिभावः ।छ।।

भोजनोपलक्षणं चेह भक्तपानगवेषणं गुरुग्लानाद्यर्थमन्यथापि तस्य संभवात्तथा चान्यत्र भोजन एवैतानि कारणान्युक्तानि तान्येव षट्कारणान्याह "वेयणवेयावच्चेति" सुपव्यत्ययाद्वेनाशब्दस्य चोपलक्षणत्वात् क्षुत्पिपासाजनितवेदनोपशमनाय तथा क्षुत्पिपासायां न गुर्वादिवैयावृत्यकरणक्षम इति वैयावृत्याय तथा ईर्येति ईर्यासमितेः

सैव निर्जरार्थिभिरर्थ्यमानतयार्थं तस्मै च समुच्चये कथं नामासौ भवत्विति इतरथा हि क्षुत्पिपासाभ्यां पीडितस्य चक्षुर्भ्यामपश्यतः कथमिवासौ स्यादिति तथा संयमार्थाय कथं नामासौ पालयितुं शक्यः तामित्याकुलितस्य हिताभ्यां सचित्ताहारे तद्विघात एव स्यात्तथा पाणवत्तियाएत्ति प्राणप्रत्ययं जीवितनिमित्तमपि विधिना ह्यात्मनोऽपि प्राणोपक्रमहिंसा स्याद् । अत एवोक्तं -

भावियजिणवयणाणं समत्तरहियाणं नत्थि हु विसेसो ।

अप्पाणंमि परंमि य तो वज्जे पीडमुभयोवि ॥१॥

षष्ठं पुनरिदं कारणं - यदुत धर्म्मचिंतायै भक्तपानं गवेषयेदिति सर्वत्रानुवर्त्यते । अत्र च धर्मचिंता धर्मध्यानचिंता श्रुतधर्मचिंता वा इयं ह्युभयरूपापि तदाकुलितचेतसो न स्यादार्त्तध्यानसंभवादिह च यद्यपि वेदनोपशमादीनां शाष्ट्या वृत्या तदुपलक्षितभोजनफलत्वेन प्रतीतिस्तथापितैर्विना तन्निषेधसूचनादार्थ्या वृत्या कारणत्वमेवै-षामुपदर्शितं भवत्यत एव षष्ठमित्यत्रकारणमेव संबंधितं ॥छ॥

आहैतत् कारणोत्पत्तौ किमवश्यं भक्तपानगवेषणं कर्तव्यमुता-न्यथेत्याह निर्ग्रन्थो यतिः धृतिमान् धर्माचरणं प्रति निर्ग्रन्था तपस्विनी सापि कुर्याद् भक्तपानगवेषणमिति प्रक्रमः षड्भिश्चैव स्थानैस्तु पुररर्थे एभिरनंतरं वक्ष्यमाणैः किमित्येवमत आह "अणइक्कमणामित्ति" सूत्रत्वादनतिक्रमणं संयमयोगाननुल्लंघनं च शब्दो यस्मादर्थे यस्मात् सेत्ति तस्य निर्ग्रन्थस्य तस्या वा निर्ग्रन्थ्याया भवति जायतेऽन्यथा तदतिक्रमणसंभवात् न षट्स्थानान्येवाह आतंको ज्वरादिरोग-स्तस्मिन्नुपसर्ग इति स्वजनादिः कश्चिदुपसर्गस्तन्निष्क्रमणार्थं करोति विमर्शादिहेतोर्वा दिव्यादयः ततस्तस्मिन् सति उभयत्र तन्निवारणार्थमिति गम्यते तथा तितिक्षासहनं तया हेतुभूततया क्व विषयेत्याह ब्रह्मचर्य-गुप्तिषु, ता हि नान्यथा षोढुं शक्यास्तथा पाणिदया तव हेउंति प्राणि-

दयाहेतोर्वर्षादौ निपतत्यप्कायादिजीवरक्षायै तपश्चतुर्थादिरूपं तद्धेतोश्च तथा शरीरस्य व्यवच्छेदः परिहारस्तदर्थं च उचितकाले संलेखनामनशनं वा कुर्वन् भक्तपानगवेषणं न कुर्यादिति सर्वत्र योज्यं कारणत्वभावना चामीषाम् प्राग्वत् छ भावा ?

એમ પ્રથમ પૌરુષીનું કૃત્ય કહ્યું ત્યાર પછી બીજી પૌરુષીનું કૃત્ય કહેવાનો અવસર તે **"बीएज्झाणं झियायइ"** એ વચને કરીને ધ્યાન કહ્યું. બે અવશ્ય કર્તવ્ય છે, તે માટે ત્રીજી પૌરુષીમાં કરવું તે પણ એમ જ અથવા કારણ ઉત્પન્ન થયે તેવું કરવું એવી આશંકા ટાળવાને માટે કહે છે. અહીં અનેક સૂત્ર સુગમ છે. પણ એટલું વિશેષ છે કે ત્રીજી પૌરુષીમાં ભોજન શોધવાનું કરે તે ઉત્સર્ગ છે, અન્ય સ્થવિરકલ્પિઓ યથાકાલે ભક્તાદિ શોધવાનું કરે. તેમજ વળી કહે છે **"सइकाले चरे भिक्खु"** એમાં સમયે સમય ગોચરી કહી, તે છ કારણમાં સમાયેલું કોઈપણ કારણ ઉપજે છતે જાય, પણ કારણ ઉપજ્યા વિના ન જાય. એ તાત્પર્ય અહીં ભોજનનું ઉપલક્ષણ છે તે માટે ભક્તપાન ગવેષણ કરવું ગુરુગ્લાનાદિ અર્થે જ કરવું તેમજ નહીં, અન્યથા પણ તેનો સંભવ છે. તેથી તેમજ ભોજનને વિષે જ એટલું કારણ કહ્યું છે. તે જ છ કારણ કહે છે. (૧) વેદના ઉપન્યે એટલે ભૂખ તૃષાજનિત વેદના ઉપશમનને અર્થે ભૂખ-તૃષાની વેદના ઉપશમાવવાને ભોજન લે છે, એ પ્રથમ કારણ (૨) ભૂખ-તૃષામાં ગુર્વાદિકની વૈયાવચ્ચ કરવા સમર્થ ન માટે, માટે વૈયાવચ્ચ કરવાને અર્થે ભોજન લે છે, એ બીજું કારણ, (૩) ઈર્યાસમિતિ અર્થે જ નિર્જરાર્થિયોએ અર્થમાનપણે કરીને પ્રયોજન તેને અર્થે ભોજન લે, નહીં તો ઈર્યાસમિતિ કેમ થાય, કેમ કે ભૂખ-તૃષાએ પીડેલાને આંખોએ કરી ન દેખવાથી કેમ ઈર્યા જોઈ શકે ? તે માટે એ ઈર્યાસમિતિનું ત્રીજું કારણ, (૪) સંયમ અર્થે ભોજન લે નહીં તો પાળવા સમર્થ એ કેમ થાય ? તે ભૂખ-તૃષાથી આકુલિતને નિશ્ચે સચિત્ત ભોજન ભોગવતે છતે સંયમનો વિઘાત થાય, માટે સંયમ અર્થે ભોજન લે એ ચોથું કારણ, (૫) પ્રાણધારણાર્થે એટલે જીવવાને અર્થે પણ વિધિએ આહાર લે એ જીવે, નિશ્ચે પોતાના પ્રાણોને ઉપક્રમ કરે હિંસા થાય, તે માટે

જ કહ્યું છે - ભાવિત જિનવચન પુરુષોને, સમ્યક્ત્વ રહિતોને નથી નિશ્ચે વિશેષ, આત્માને અને પરને એટલે બંનેને વિશે પણ જે માટે વર્જવી પીડા એ પાંચમું કારણ, (૬) છઠ્ઠું વળી કારણ એ છે કે ધર્મની ચિંતાને અર્થે ભોજન શોધવા. અહીં વળી ધર્મચિંતા એટલે ધર્મધ્યાનચિંતા અથવા શ્રુતધર્મચિંતા એટલે જ્ઞાન ભણવાને અર્થે ભોજન લે છે. કેમ કે ધર્મધ્યાન તથા ભણવું એ બંને પણ તે ક્ષુધાદિ પીડિત આકુલ-વ્યાકુલ ચેતનવંતને ન થાય આર્તધ્યાનના સંભવથી, ઇહાં વલી જો પણ વેદના ઉપશમાદિકોની છ વૃત્તિએ તેના ઉપલક્ષિત ભોજન ફળ પણ કરીને પ્રતીત છે, તોપણ તે કારણ વિના તે આહારનું નિષેધ સૂચન નથી. આહારનું આર્થ્યવૃત્તિએ કારણ પણ એમનું દેખાડ્યું છે. તે માટે જ છઠ્ઠું કારણ અહીં સંબંધિત છે. હવે કોઈ કહે, એ કારણ ઉપજયે થકે અવશ્ય ભક્ત-પાન ગવેષણ કરવાં અથવા ન કરવાં ? એવી આશંકા નિવર્તન કરતાં કહે છે, નિર્ગ્રન્થ યતિ ધર્મ-ચરણ પ્રતિ ધૈર્યવંત તથા નિર્ગ્રંથિની તપસ્વિની તે પણ કરે, ભક્ત-પાનનું ગવેષણ, એ સંબંધથી લેવું. અનંતર કહેશે છ કારણે કરીને વળી ભોજન શું ન લે ? તે જ કહે છે. સંયમયોગમાંથી ઉલ્લંઘવું ન થાય જે માટે તે સાધુ-સાધ્વી છ કારણે ભોજન લે તો તે સંયમનું ભારે સંભવે. તેથી તે છ ઠેકાણાં જ કહે છે -

(૧) આતંક એટલે જ્વરાદિક રોગ મટાડવા એટલે જ્વરાદિક રોગ આવવાથી ભોજન ન લે તે પહેલું, (૨) ઉપસર્ગ એટલે સ્વજનાદિકોનો ઉપસર્ગ, તેમાંથી નીકળવા, એટલે તે સ્વજનાદિ ચારિત્રને ખંડવા ઉપસર્ગ કરે તથા દેવાદિક વિમર્શાદિ કારણે ઉપસર્ગ કરે, તે ઉપસર્ગોને ટાળવા ભોજન ન લે તે, (૩) તિતિક્ષાસહન હેતુપણે કરીને શું થાય ? એટલે ક્યાં વિશે કે બ્રહ્મચર્ય-ગુપ્તિ રાખવાને ભોજન ન લે, તે નિશ્ચે ભોજન છોડ્યા વિના રોકવા અશક્ય છે તે, (૪) પ્રાણી-જીવની દયાને અર્થે એટલે વરસાદમાં અપ્કાયાદિકની વિરાધના વર્જવા ભોજન ન લે તે, (૫) ઉપવાસ આદિ આત્મિક તપ કરવાને અર્થે આહાર ન લે, (૬) શરીર વોસિરાવવા એટલે સંલેખના ઊંચા કાળે કરી એટલે આગળ-પાછળ કરવા ભોજન ગવેષણા ન કરે તે છઠ્ઠું, એમ સર્વત્ર જાણવું. એ કારણોની ભાવના પૂર્વેની પેઠે જાણવી, માટે કારણ વિના ભોજન ન લે તે ઉત્સર્ગ છે.

વળી સિદ્ધાંતોમાં ત્રણ પ્રકારના પણ સૂત્ર કહ્યાં, (૧) વિધિસૂત્ર, (૨) નિષેધસૂત્ર અને (૩) વિધિનિષેધસૂત્ર. જેમ દશવૈકાલિકસૂત્રમાં **कालेण चरे भिक्खु** આદિ વિધિસૂત્ર ૧, મહાનિશીથસૂત્રમાં કહ્યું, "હે ગૌતમ ! ઉત્સર્ગ-અપવાદે આગમ સ્થિત છે, તોપણ અપ્કાય, અગ્નિ, મૈથુનનો એકાંત નિષેધ છે" આદિ નિષેધસૂત્ર ૨, તથા ઠાણાંગજીમાં કહ્યું, "ન કલ્પે નિર્ગ્રંથ તથા નિર્ગ્રંથીને માસમાં બે વાર, ત્રણ વાર સરસ્વતી પ્રમુખ પાંચ મોટી નદી ઊતરવી અને ત્યાંજ નજીક સૂત્રમાં કલ્પે પાંચ કારણે એ પાંચ મોટી નદી ઊતરવી. તથા ન કલ્પે નિર્ગ્રંથ-નિર્ગ્રંથીને એક ઠેકાણે રહેવું, વળી ન કલ્પે સ્ત્રી-પુરુષને સંઘટ્ટવું તથા કારણે વસવું, નદી આદિ કારણે સંઘટ્ટવું કલ્પે" ઇત્યાદિ વિધિનિષેધસૂત્ર કહીએ.

તેમ અહીં પણ ઉત્તરાધ્યયનસૂત્રમાં છ કારણે આહાર લેવો અને છ કારણે આહાર ન લેવો આદિ વિધિનિષેધસૂત્ર છે. તેથી અહીં ઉત્સર્ગે તો સાધુને આહાર કરવો જ નહીં. કેમ કે બે પૌરુષીમાં તો અવશ્ય કૃત કહ્યાં અને ત્રીજી પૌરુષીનું કૃત્ય કારણ કહ્યું તેથી અપવાદે કરવો પડે તો છ કારણમાં અન્યત્ર કારણે વિધિએ કરવો. પણ છ કારણ વિના ન કરવો અને સંયમયોગનું અનતિક્રમણ એટલે સંયમયોગ સુખે નિર્વાહ થતો હોય અથવા ઉપસર્ગ, ક્ષુધાદિ પરિસહન કરવાં હોય તો છ કારણે આહારનો ત્યાગ કરવો.

તેમ અહીં ચૈત્યવંદનામાં પણ ઉત્સર્ગે તીર્થંકર સિવાય અન્ય દેવના સ્તુતિ-સ્તોત્રાદિકના ત્યાગ કરવા એટલે ચોથી સ્તુતિ અન્ય દેવની કરવી પ્રશ્નકારના વચનથી ઘટે જ નહીં, કેમ કે ભોજનનો વિધિ તથા નિષેધ તો સિદ્ધાંતોમાં છે, પણ ચતુર્થસ્તુતિ કરવાનો તો વિધિ તથા નિષેધ કોઈ સિદ્ધાંતોમાં નથી. કારણ કે એ સ્તુતિ કારણે આચરણારૂપે ગીતાર્થોએ કહી છે તે આગળ પ્રસ્તાવ ઉપર લખાશે.

પણ ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ ૪૧માં લલિતવિસ્તરાના પાઠનો કંઈક ભાવાર્થ લખીને લખે છે કે "શ્રી હરિભદ્રસૂરિજીએ ચોથી થોય કહેવી આવશ્યકમાં કહી છે" એ આત્મારામજીનું લખવું સસલાના શીંગડાના શોધવા જેવું છે.

કેમ કે લલિતવિસ્તરામાં તો પૂજોપચારાદિકમાં ચોથી થોય કહી છે, પણ આવશ્યકમાં કરવાની કહી નથી.

॥ इति चतुर्थस्तुतिनिर्णयशंकोद्धारेऽपरनाम्नि चतुर्थस्तुतिकुयुक्तिनिर्णयच्छेदनकुठारे श्रीहरिभद्राचार्यकृतललितविस्तरावृत्तिनिर्णयनिदर्शन तथा साधुश्राद्धानां यथासंभवसंपादितपूजोपचारादिविशिष्टकारणे चतुर्थस्तुतिसहिता त्रिस्तुतिप्रदिपादननिदर्शननामा एकादशमः परिच्छेदः ॥

હવે પૂર્વધર નિકટ કાળથી તથા પૂર્વધર પશ્ચાત્ કાળથી આચાર્યોના ગ્રંથોમાં ચોથી થોય સાથે ત્રણ થોયના દેવવંદન કહ્યા છે, તે કેટલાક ગ્રંથોના પાઠ ભવ્ય જીવોને જ્ઞાપન કરવાના અનુક્રમે લખે છે. ત્યાં પ્રથમ લલિતવિસ્તરાવૃત્તિમાં જિનપૂજોપચારાદિ કરવાનું કરી યથાસંભવ સાધુ તથા શ્રાવકને ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કહી, તેમજ શ્રી મુનિચંદ્રસૂરિજીએ પણ લલિતવિસ્તરાપંજિકામાં જિનપૂજાદિકનો ઉપયોગ દેવાદિકને દેવોને અર્થે જિનગૃહમાં ચોથી કહી છે. તે પાઠ :

उचितेषूपयोगफलमेतदिति उचितेषु लोकोत्तरकुशलपरिणामनिबन्धनतया योग्येष्वर्हदादिषूपयोगफलं प्रणिधानप्रयोजनमेतच्चैत्यवंदनमित्यस्यार्थस्य ज्ञापनार्थमिति वैयावच्चः तदपरिज्ञानेत्यादितैर्वैंयावृत्त्यकरादिभिरपरिज्ञानेऽपि स्वविषयकायोत्सर्गस्यास्मात्कायोत्सर्गात्तस्य कायोत्सर्गकर्तुः शुभसिद्धौ विघ्नोपशमपुण्यबंधादिसिद्धौ इदमेव कायोत्सर्गप्रवर्त्तकं वचनं ज्ञापकं गमकमाप्तोपदिष्टत्वेनाव्यभिचारित्वान्न च नैवासिद्धं अप्रतिष्ठितं प्रमाणांतरेणैव तदस्माच्छुभसिद्धिलक्षणं वस्तु कुत इत्याह अभिचारकादौ दृष्टांतधर्म्मिण्यभिचारके स्तोभनस्तंभनमोहनादिफले कर्म्माणि आदिशब्दाच्छांतिकपौष्टिकादिशुभफलकर्म्मणि च तथेक्षणात् स्तोभनीयस्तंभनीयादिभिरपरिज्ञानेऽपि आप्तोपदेशेन स्तोभनादिकर्म्मकर्तुरिष्टफलस्य स्तोभनादेः प्रत्यक्षानुमानाभ्यां दर्शनात् प्रयोगो यदाप्तोपदेशपूर्वकं कर्म तद्विषयेणाज्ञातमपि

कर्तुरिष्टफलकारि भवति यथा स्तोभनस्तंभनादि तथा चैदं वैयावृत्त्य-करादिविषयकायोत्सर्गकरणमिति ॥

ભાવાર્થ :- ઉચિત લોકોત્તર કુશલ પરિણામ નિર્બંધણપણે કરીને યોગ્ય અરિહંતાદિકોમાં ઉપયોગ ફળ પ્રણિધાન પ્રયોજન ચૈત્યવંદન એ અર્થનો જ્ઞાપન કરવા અર્થે "वेयावच्चगराणं" એ પાઠ ભણે અને તે વૈયાવૃત્યકરાદિ કોણ અજાણે પણ સ્વવિષયક કાયોત્સર્ગનો તોપણ એ કાયોત્સર્ગથી તે કાયોત્સર્ગ કરનારને શુભસિદ્ધિ, વિઘ્નોપશમ, પુણ્યબંધાદિ સિદ્ધિમાં એ જ કાયોત્સર્ગ પ્રવર્તક વચન જ્ઞાપક પાઠ આપ્તોપદિષ્ટપણે કરીને અવ્યભિચારી-પણાથી વળી એ હેતુ અસિદ્ધ નથી. અપ્રતિષ્ઠિત અપ્રમાણપણે કરીને એ કાયોત્સર્ગ વળી આ કાયોત્સર્ગથી શુભસિદ્ધિલક્ષણ વસ્તુ કેમ થાય તે કહે છે.

અભિચારિકાદિ દૃષ્ટાંત ધર્મી એટલે મંત્રવાદમાં મંત્રવાદીને સ્તોભન-સ્તંભન-મોહાદિકર્મ ફળ વગેરે શબ્દથી શાંતિક-પૌષ્ટિકાદિ શુભ ફળ કર્મસિદ્ધિ દેખવાથી સ્તોભનીય-સ્તંભનીયાદિક છે તેમણે અજાણે પણ આપ્તોપદેશે કરીને સ્તોભનાદિકર્મ કર્તાને અનેક ફળ સ્તંભનાદિકની સિદ્ધિ પ્રત્યક્ષઅનુમાને કરીને દેખાવપણાથી પ્રયોગ જો આપ્તોપદેશપૂર્વક કર્મ તે વિષે અજાણે પણ કર્તાને અનેક ફળકારી હોય જેમ સ્તોભન-સ્તંભનાદિ તેમજ એ વૈયાવૃત્યકરાદિ વિષયક કાયોત્સર્ગનું કારણ જાણવું.

તથા કુમારપાળ ભૂપાળશુશ્રિત શ્રી હેમચંદ્રાચાર્યજીએ પણ શ્રી યોગશાસ્ત્ર-દીપિકામાં પૂજાદિ વિશિષ્ટ કારણે જિનચૈત્યમાં ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

तत्र देवगृहे विधिना विधिपूर्वकं प्रविश्येति त्रीन् वारान् प्रदक्षिणयेत् प्रदक्षिणीकुर्यात् जिनमर्हद्भट्टारकं प्रवेशविधिश्चायं पुष्पतांबूलादि-सचित्तद्रव्याणां क्षुरिकापादुकाद्यचित्तद्रव्याणां च परिहारेण कृतोत्तरा-संगो जिनबिंबदर्शनेनांजलिबंधं शिरस्यारोपयन् मनसश्च तत्परतां कुर्वन्निति पंचविधाभिगमेन नैषेधिकीपूर्वं प्रविशति यदाह - सचित्ताणं

दव्वाणं विउसरणयाए अचित्ताणं दव्वाणं अविउसरणयाए एगसाडिएणं उत्तरासंगकरणेण चक्खुफासे अंजलिपग्गहेणं मणसो एगत्तिभावकरणेणं त्ति । यस्तु राजादिचैत्यभवनं प्रविशति स तत्कालं राजचिह्नानि परिहरति यदाह -

अवहट्टु रायकऊहाइं, पंचवररायकओहरूवाइं ।

खग्गं छत्तोवाणहमउडं तह चामराउ य ॥१॥

पुष्पादिभिरिति पुष्पग्रहणं मध्यग्रहणं चाद्यंतयोरपि ग्रहणमिति न्यायप्रदर्शनार्थं तथाहि - नित्यं विशेषतश्च पर्वणि स्नात्रपूर्वकं पूजाकरणमिति स्नात्रकाले प्रथमं सुगंधिश्रीखंडेन जिनबिंबस्य तिलककरणं, ततो मीनतुरंगमदागुरुसारं सारसुगंधिनिशाकरतारं तारमिलन्मलयोच्छ्विकारं लोकगुरोर्दह धूपमुदारं १ इति वचनात् धूपोत्क्षेपणं ततः सर्वौषध्यादिद्रव्याणां जलपूर्णकलशोत्क्षेपणं पश्चात् कुसुमांजलिक्षेपपूर्वकं सर्वौषधिकर्पूरकुंकुमश्रीखंडागरूप्रभृतिभिर्जलमिश्रैर्घृतदुग्धप्रभृतिभिश्चात्र करणं ततः सुरभिणा मलयज़रसादिना विलेपनविधानं ततः सुगन्धिजातिचंपकशतपत्रविकसितकमलादिमालाभिर्भगवतोऽभ्यर्चनं रत्नसुवर्णमुक्ताभरणादिरलंकरणं वस्त्रादिभिः परिधापनं पुरतश्च सिद्धार्थकशालितंदुलादिभिरष्टमंगलिकालेखनं तत्पुरतश्च बलिमंगलदीपदधिघृतादीनां ढौकनं भगवतश्च भालस्थले गौरोचनया तिलककरणं तत आरात्रिकाद्युत्तारणं । यदाह -

गंधवरधूवसव्वोसहीहिं उ, अगाइएहिं वित्तेहिं ।

सुरहिविलेवणवरकुसुमदामबलिदीवएहिं च ॥१॥

सिद्धत्थयदहिअक्खयगोरो, अणामाइएहिं जहलाभं ।

कंचणमोत्तिअरयणाइं, दामएहिं च विविहेहिं ॥२॥

पवरेहिं साहणेहिं, पायंभावो विजायए पवरो ।

न य अन्नो उवओगो, एएसियाण लट्ठयरोत्ति ॥३॥

एवं भगवंतमभ्यर्च्य पूजयित्वा ईर्यापथिकीप्रतिक्रमणपूर्वकं शक्रस्तवादिभिर्दंडकैश्चैत्यवंदनं कृत्वा स्तवनैस्तोत्रैश्च महामति-ग्रथितैरुत्तमैः कविरचितैस्तूयात् गुणोत्कीर्त्तनस्तोत्राणां कुर्यात् ॥

ભાવાર્થ :- એ છે કે આ વિધિએ કરી પેસીને ત્રણ પ્રદક્ષિણા દઈને પ્રવેશની વિધિ એમ છે કે (૧) ફૂલ-તાંબૂલ પ્રમુખ સચિત્તદ્રવ્ય ત્યાગવા, (૨) તથા શસ્ત્ર, છરી, પગરખાં પ્રમુખ અચિત્તદ્રવ્યો તે પણ છોડવાં, (૩) ઉત્તરાસંગ કરવું, (૪) જિનબિંબ દેખીને હાથ જોડી માથે ચઢાવવા, (૫) મનને હળવું રાખવું, એવાં પાંચ અભિગમ સાચવીને નિસીહિ કરીને જાય. એમ જ સૂત્રના પાઠનો અર્થ છે. તથા જો રાજા પ્રમુખ દેરાસરમાં જાય ત્યારે રાજચિહ્ન છોડે. પહેલું તો ખડ્ગ (તલવાર), બીજું જંત્ર (છત્ર), ત્રીજું ઉપાનહ (પાદુકા), ચોથું મુગટ, પાંચમું ચામર એમ જઈને ફૂલો વગેરેથી દરરોજ પૂજે અને પર્વતિથિએ સ્તોત્રપૂર્વક પૂજા કરે. તેની વિધિ એમ છે કે પ્રથમ પ્રભુને મસ્તકે સુગંધિત કેસરનું તિલક કરે, ત્યારપછી વધારે સુગંધવાળું દ્રવ્યના મિશ્રણનું ધૂપ કાવ્યમાં કહ્યું તે ઉખેવે. ત્યારપછી સર્વૌષધિમિશ્રિત પાણીનો કળશ કરે. પછી કુસુમાંજલિપૂર્વક સર્વૌષધિ કપૂર, કેસર, ચંદન અગર પ્રમુખથી જળમિશ્રિત ઘી-દૂધથી સ્નાત્ર કરે. પછી સુગંધી મલયચંદનાદિકે કરી પ્રભુને વિલેપન કરે છે. પછી સુગંધી જાતિવંત જાઈ પ્રમુખના ઉત્તમ ફુલો, તેની માળાથી ભગવંતને પૂજે, પછી રત્નના ઘરેણા, મુગટ વગેરેથી શોભાયમાન કરે. વસ્ત્રોનું પરિધાપન કરે. પછી ભગવંતની આગળ સિદ્ધાર્થક શાલિ-તંદુલાદિકથી અષ્ટમંગલ આલેખન કરે છે. એટલે સ્વચ્છ અક્ષતથી અષ્ટમંગલ કરે. તો આગળ બલિ, મંગળદીવો, દહીં, ઘી પ્રમુખ મૂકે. પછી ભગવંતને મસ્તકે ગોરોચનનું તિલક કરે. એમ જ ગાથાઓનો જાણવો. એટલે પૂર્વોક્ત વિધિએ તથા શુદ્ધદ્રવ્યથી પૂજા કરે તો પ્રાયઃ ભાવ પણ સારા હોય. એ ઉપરાંત શું અધિક ? એ જ બહુ લાભકારી છે. એમ પૂજા કરીને પછી ઈરિયાવહી પ્રતિક્રમણપૂર્વક શક્રસ્તવાદિક દંડકે કરી ચૈત્યવંદન કરીને સ્તવન તથા સ્તોત્ર છે, તે કહે તે અહીં મહાબુદ્ધિવંતના રચેલા છે. તેણે કરી ભગવંતની સ્તવના કરવી એટલે કીર્તના કરવી. હવે અહીં ઈરિયાવહીપૂર્વક ચૈત્યવંદના કરવી તે ક્યાં સુધી કરવી તે કહે છે. તે પાઠ :

एतास्तिस्रः स्तुतयो गुणधरकृतत्वानियमेनोच्यंते केचित्तु अन्या अपि स्तुतिः पठंति यथा

उज्जिंजतसेलसिहरे दिक्खानाणं निसीहिया जस्स ।

तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि ॥४॥

चत्तारि अट्ठ दस दोय, वंदिया जिणवरा चउवीसं ।

परमट्ठ निट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥५॥

सुगमे एवमेतत्पठित्वोपचितपुण्यसंभारः उचितेष्वौचित्येन प्रवृत्तिरिति ज्ञापनार्थं पठति पठंति वा "वेयावच्चगराणं संतिगराणं सम्मदिट्ठिसमाहिगराणं करेमि काउस्सग्गं" वैयावृत्यकराणां प्रवचनार्थं व्यापृतभावानां गोमुखयक्षाऽप्रतिचक्राप्रभृतीनां शांतिकराणां सर्वलोकस्य सम्यग्दृष्टिविषये समाधिकराणां एषां संबंधिनां षष्ठ्यां सप्तम्यर्थत्वादेतद्विषयमेतदाश्रित्य करोमि कायोत्सर्गं । अत्र वंदनादिप्रत्ययमित्यादि न पठ्यते अपितु अन्यत्रोच्छ्वसितेनेत्यादि तेषामविरतत्वात् इत्थमेव तद्भाववृद्धेरुपकारदर्शनात् एतद्यारव्याच पूर्ववत् नवरं स्तुतिवैयावृत्यकराणां पुनस्तेनैव विधिनोपविश्य पूर्ववत् प्रणिपातदंडकं पठित्वा मुक्ताशुक्तिमुद्रया प्रणिधानं कुर्वन्ति ।

આ ત્રણ થોયો ગણધરે કરેલી છે તે માટે નિશ્ચે કહેવી અને કોઈ બીજી પણ થોય કહે છે તે એ છે કે "ઉજ્જિંજત" ૪ અને "ચત્તારિ" ૫, એ બે સુગમાર્થ છે. એમ કહીને ઉપચિતપુણ્યસંભાર એવો ઉચિતોને વિષે ઉચિતપણે કરીને પ્રવૃત્તિ એવું જણાવવાને અર્થે એક કહે અથવા વધારે કહે. "વેયાવચ્ચગરાણં" ઇત્યાદિ પાઠ. તેનો અર્થ પ્રવચનને અર્થે પ્રવર્ત્યા, એટલે પ્રવચનની વૈયાવચ્ચ કરનારાં ગોમુખયક્ષ તથા અપ્રતિચક્રા પ્રમુખ શાંતિના કરનારાં, સર્વ લોકોને સમ્યગ્દૃષ્ટિને વિષે સમાધિનાં કરનારાં, તેને સંબંધી ષષ્ઠીએ સપ્તમી અર્થપણું છે. એટલે છઠ્ઠીમાં સપ્તમીનો અર્થ કરવાપણાથી તેમના વિષયમાં એટલે તેમને આશ્રયીને કાયોત્સર્ગ કરું. અહીં વંદણવત્તિયાએ૦ એ પાઠ ન કહેવો. કેમ કે તે દેવોને અવિરતપણું છે. માટે

અન્નત્થ કહી કાઉસ્સગ્ગ કરવો. એમ જ તેમના ભાવની વૃદ્ધિનો ઉપકાર દેખવાથી એનો અર્થ પૂર્વના પેઠે એટલું વિશેષ છે. અહીં વૈયાવૃત્યકરોની થોય કહેવી. પછી પૂર્વોક્ત વિધિએ કરી બેસીને પૂર્વની પેઠે પ્રણિપાતદંડક કહીને મુક્તાશુક્તિમુદ્રાએ પ્રણિધાન કરે.

તથા સુવિહિત શ્રી દેવસૂરિજીકૃત દિનચર્યામાં પણ જિનગૃહમાં સંકેતભાષાએ ચોથી થોય સહિત ત્રણ થોયની દેવવંદના પાંચ શક્રસ્તવે કહી છે.

नवकारेण जहन्ना, दंडकथुईजुअला मज्झिमा नेआ ।
उक्कोसविहिपुव्वगसक्कत्थयपंचनिम्माया ॥६५॥

व्याख्या - नमस्कारेणांजलिबंधेन शिरोनमनादिरूपप्रणाममात्रेण यद्वा नमो अरिहंताणमित्यादिना वा एकेन श्लोकादिरूपेण नमस्कारेणेति जातिनिर्देशाद्बहुभिरपि नमस्कारेण प्रणिपातापरनामतया प्रणिपातदंडकेनैकेन मध्या मध्यमा दंडकश्च अरिहंतचेइयाण-मित्याद्येकस्तुतिश्चैका प्रतीता तदंते एव या दीयते ते एव युगलं यस्याः सा दंडकस्तुतियुगला चैत्यवंदना नमस्कारकथनानंतरं शक्रस्तवोऽप्यादौ भण्यते वा दंडयोः शक्रस्तवचैत्यस्तवरूपयोर्युगं यत्र सा दंडस्तुतियुगला इह चैका स्तुतिश्चैत्यवंदनदंडकं कायोत्सर्गानंतरं श्लोकादिरूपतया-ऽन्यान्यजिनचैत्यविषयतया अध्रुवात्मिका तदनंतरं चान्याध्रुवा 'लोगस्सुज्जोअगरे' इत्यादि नामस्तुतिसमुच्चाररूपा वा दंडकाः पंचशक्रस्तवादयः स्तुतियुगलं च समयभाषया स्तुतिचतुष्कमुच्यते यतः आद्यास्तिस्त्रोऽपि स्तुतयो वंदनादिरूपत्वादेका गण्यते चतुर्थी स्तुतिरनुशास्तिरूपत्वाद् द्वितीयोच्यते तथा पंचभिर्दंडकैः स्तुतिचतुष्केण शक्रस्तवपंचकेन प्रणिधानेन चोत्कृष्टा चैत्यवंदनेति गाथार्थः ॥६५॥

तिपयाहिणाइ विहिणा, उचिआवगाहठिओ अ सक्कथयं ।
पभणय इरिअं सक्कथय, थुई सक्कत्थयं कमसो ॥६६॥

व्याख्या - अष्टस्तुत्या चैत्यवंदनमाह - प्रथमं जिनालये गत्वा

प्रदक्षिणात्रिकं ददाति, कथं ? विधिना विधिपूर्वकं यथास्यात्तथा । ततः साधुः उचितावग्रहस्थितो योग्यावग्रहस्थितश्च ईर्यापथिकीं प्रतिक्रम्य प्रथमं जिनं पुरतो नमस्कारं पठन् शक्रस्तवं भणति १ जयवीयराय आभवमखंडायावत् कथयित्वा पुनश्चैत्यवंदना ततश्शक्रस्तवः २ ततः स्तुतिः पुनः शक्रस्तवः ३ क्रमशः अनुक्रमेणेति गाथार्थः ॥६६॥

अब्भुट्ठिअ पुण थुईओ सक्कत्थयवीअरायपणिहाणं ।
ठाणे तत्थेवठिओ पंचमसक्कत्थयं भणसु ॥६७॥

व्याख्या - ततो अभ्युत्थितः पुनरपि स्तुतयः ततः समुपविष्टः शक्रस्तवं पठति ४ जावंति चेइआइं ततः स्तवनं जयवीयराय आभवमखंडायावत् पुनस्तत्रैव स्थितः चैत्यवंदना कृत्वा पंचमशक्रस्तवं ५ भणसु भणतीति गाथार्थः ॥६७॥

ભાષા :- નમસ્કાર વડે કરીને એટલે હાથ જોડી મસ્તકે નમનરૂપે પ્રણામમાત્ર કરીને અથવા નમો અરિહંતાણં ઈત્યાદિ કરીને અથવા એક શ્લોકના રૂપ વડે નમસ્કાર કરીને જાતિનિર્દેશથી બહુ નમસ્કાર કરીને નમસ્કારનું બીજું નામ પ્રણિપાત છે. તે પ્રણિપાતદંડક એક કરીને જઘન્યચૈત્યવંદન અને મધ્યા એટલે મધ્યમા વળી અરિહંત ચેઈયાણં આદિ દંડક એક અને થોય પ્રસિદ્ધ એક તે દંડકને અંતે જ દીડે. તે જ યુગલજોડલો તે જેમાં, તે દંડકસ્તુતિયુગલા ચૈત્યવંદના કહીએ એટલે નમસ્કાર કહ્યા પછી શક્રસ્તવ પણ વગેરેમાં કહે છે અથવા દંડક શક્રસ્તવ ચૈત્યસ્તવરૂપ બે અને થોય બે જયાં તે પણ દંડક સ્તુતિ આગળ ચૈત્યવંદન કહીએ. અહીં એક થોય તો ચૈત્યવંદનદંડક કાયોત્સર્ગને અંતરે એટલે અરિહંત ચેઈયાણં એ દંડકના કાઉસગ્ગ પછી શ્લોકાદિરૂપેણ કરી અન્ય અન્ય જિનચૈત્ય વિષયપણે કરીને અધુના નામ. તે પછી બીજી ધ્રુવ થોય લોગસ્સ ઉજ્જોઅગરે ઈત્યાદિ નામની થોયઉચ્ચારરૂપ અથવા શક્રસ્તવાદિકદંડક પાંચ અને થોયયુગલ એટલે સંકેતભાષાએ કરીને થોય ચાર કહે છે. જેથી કહ્યું છે કે વગેરેની ત્રણે પણ થોયો વંદનાદિરૂપપણાથી એક ગણે છે અને ચોથી થોય અનુશાસ્તિરૂપપણાથી બીજી કહે છે. તથા દંડક પાંચ, થોઈ ચાર, અને

શક્રસ્તવ પાંચ વળી પ્રણિધાને કરીને ઉત્કૃષ્ટ ચૈત્યવંદન છે એ ગાથાનો અર્થ ॥૬૫॥ આઠ થોય ચૈત્યવંદન કહે છે - પ્રથમ જિનચૈત્યમાં જઈને વિધિપૂર્વક જેમ છે તેમ ત્રણ પ્રદક્ષિણા દે, પછી યોગ્ય અવગ્રહે રહ્યો થકો સાધુ ઈરિયાવહી પડિક્કમીને જિન આગળ પ્રથમ નમસ્કાર કહી શક્રસ્તવ કહે ૧ જયવીયરાય આભવમખંડા સુધી કહીને વળી ચૈત્યવંદન કરે પછી શક્રસ્તવ કહે ૨ પછી થોય વળી શક્રસ્તવ ૩ અનુક્રમે કહે એ ગાથાએ ॥૬૬॥ પછી ઊઠી વળી થોય કહે પછી બેસી શક્રસ્તવ કહે ૪ જાવંતિ પ્રમુખ જિન-મુનિવંદન પ્રણિધાન કહી પછી જયવીયરાય આભવમખંડા સુધી કહી વળી ત્યાં જ રહ્યો થકો ચૈત્યવંદન કરીને પંચ શક્રસ્તવ કહે ૫ એ ગાથાઓ ॥૬૭॥

એ દિનચર્યાના મૂળપાઠમાં તો ત્રણ તથા ચોથી થોયના નિરધાર વિના સાધારણ જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ પાંચ શક્રસ્તવની ચૈત્યવંદના કહી અને વ્યાખ્યાકારે "સેસા જહુચ્છએતિ" એવા આવશ્યકચૂર્ણિના વચનથી તથા **उर्जिजतसेलसिहरे इत्याद्यपि बहुश्रुताचीर्णत्वादविरुद्धमेव चतुर्थी पर्युषणाचरणवदिति ॥** ઇત્યાદિ જૈનશાસ્ત્રોના વચનથી ઉર્જિંજતાદિતીર્થ અનુશાસ્તિ સ્તુતિ તથા સંકેતભાષાએ પૂજાદિ વિશિષ્ટ કારણિકા ચોથી પ્રવચનભક્ત દેવતા અનુશાસ્તિ સ્તુતિ સહિત પાંચ શક્રસ્તવે જિનગૃહમાં દેવવંદના કહી છે. અહીં સાધુને આઠ થોયની દેવવંદના જિનગૃહમાં વ્યાખ્યાકારે કરવી કહી તો સાધુને પણ ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના નિરંતર કરવી સિદ્ધ થઈ એમ કોઈ માની લે તેનો વિભ્રમ ટાળવા માટે કહે છે કે જૈનગ્રંથોમાં જે જે વિધાન કહ્યાં છે તે તે અધિકારીયોગ્ય કહ્યાં છે એટલે જેને જે વિધાનનો અધિકાર હોય તેને તે વિધાન કરવું. અન્યથા ન કરવું. તેમજ કહ્યું છે શ્રી દર્શનશુદ્ધિપ્રકરણવૃત્તિમાં"**सुत्तभणिएण विहिणा**" એ ગાથાની વ્યાખ્યામાં શ્રી દેવભદ્રાચાર્યજીએ :

काले सुइभूयणं विसिट्ठपुप्फाइएहि विहिणाओ ।
सारथुईथुत्तगरूई जिणपूया होइ विन्नेया ॥१॥
गृहिणैव न त्वनगारेण तस्यानधिकारीत्वादेतेनाधिकारी प्रत्यपादि ॥

ભાવાર્થ :- કાલે શુચિ (પવિત્ર) થઈને, ઉત્તમ ફુલો વડે કરીને વિધિયુક્ત સાર સ્તુતિ-સ્તવે મોટી જિનપૂજા હોય તે ગૃહસ્થને જ જાણવી, પણ સાધુને ન જાણવી. કેમ કે સાધુ પૂજા વગેરે દ્રવ્યસ્તવના અધિકારી નથી. એ કહેવે કરી અધિકારીને વિધિ-વિધાનનું કરવું પ્રતિપાદન કર્યું તથા જેમ ગૃહસ્થ પૂજા વગેરે દ્રવ્યસ્તવ તથા ભાવસ્તવના અધિકારી છે તેમ સાધુ પણ પ્રતિષ્ઠાદિ કારણમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના અધિકારી જૈનશાસ્ત્રોમાં કહ્યા છે, પણ તે સ્તુતિ-સ્તોત્રાદિકે પૂજાના નિરંતર અધિકારી છે, તેમ સાધુ નિરંતર ફુલોના દરરોજ દ્રવ્યપૂજાના અધિકારી નથી પણ સ્તુતિ-સ્તોત્રાદિક ભાવપૂજાના અધિકારી છે. તે સ્તુતિ-સ્તોત્રાદિકની ભાવપૂજા સાધુઓને તો બૃહત્કલ્પભાષ્યાદિકની અનેક પૂર્વધર તથા પૂર્વધર પશ્ચાત્કાલવર્તી આચાર્યોના ગ્રંથોમાં ત્રણ થોય સહિત સ્તોત્રાદિકની ભાવપૂજા દરરોજ કરવી સાધુઓને કહી છે. પણ ચોથી થોય સહિત ત્રણ થોયની સ્તોત્રાદિકની કરી દરરોજ ભાવપૂજા સાધુને કરવી કોઈ જૈનશાસ્ત્રમાં કહી નથી, પણ જેમ ગૃહસ્થને પૂજાપ્રતિષ્ઠા વગેરે કારણે ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તેમ સાધુને પણ પ્રતિષ્ઠાદિ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદન શ્રી હરિભદ્રાચાર્યજીએ શ્રી પંચાશકજીમાં તથા શ્રી દેવભદ્રાચાર્યજીએ શ્રી દર્શનશુદ્ધિ મૂળ તથા વૃત્તિમાં પ્રવચનદેવતાના કાયોત્સર્ગના ઉપલક્ષણથી કરવી કહી છે. તે પાઠ :

ततश्च जिनभुवननिष्पत्यनंतरमेव बिंबस्थापनं विधेयं । यदुक्तं - निष्पन्नस्यैवं खलु जिनबिंबस्योदिता प्रतिष्ठानुदशदिवसाभ्यंतरत इति प्रतिष्ठाविधिश्च संक्षेपतः । निष्पन्नस्सयसम्मं तस्स पइट्ठावणे विही एसो सट्ठाणे सुहजोगे अहिवासणमुचियपूयाए स्वस्थाने । यत्र तद् भविष्यति शुभयोगे प्रशस्तचंद्रनक्षत्रलग्नादिसम्बन्धे । अभिवासनं प्रतिष्ठाकल्प-प्रसिद्धं उचितपूजया विभवानुसारत इति ततश्च ।

चिइवंदण थुईवुड्ढी उस्सग्गो साहु सासणसुराए ।
थय सरणपूयकाले ठवणामंगलगपुव्वाओ ॥१॥

चैत्यवंदना विधेया स्तुतिवृद्धिः प्रवर्द्धमानस्तुतिपाठ इत्यर्थः कायोत्सर्गः साधु असंमूढतया कस्याः शासनसुरायाः प्रवचनदेवतायास्तत्र स्तवस्मरणं चतुर्विंशतिस्तवानुचिंतनं कार्यं ततः पूजा जातिपुष्पादिना जिनबिंबस्य काले प्रतिष्ठालग्नस्याभितांशे स्थापनाप्रतिष्ठा मंगलपूर्व्वा तु पंचनमस्कारपूर्व्वैवेति । उक्तं च शामाचार्यप्रतिष्ठाकल्पे - पज्जत्तमिमेणं चिय मायालोभेहि विप्पमुक्कस्स पंचमनोक्कारेण असेसपावोहगलणेणं सव्वत्थभावमंगल पंचनमोक्कारपुव्विया किरिया कायव्वा जिणबिंबाण सव्वभावेण पइट्ठा । विस्तरस्तु ग्रन्थान्तरादवसेयं इति गाथार्थः ॥२२॥

ત્યારપછી પ્રતિમાની નિષ્પત્તિ થયા પછી તરત જ પ્રતિમાને દેરાસરમાં સ્થાપન કરવી. તેમજ કહ્યું છે - પ્રતિમાની નિષ્પત્તિ થયા પછી નિશ્ચિત દશ દિવસના સમયમાં પ્રતિષ્ઠા કરવી. તે પ્રતિષ્ઠાવિધિ વળી સંક્ષેપથી કહે છે - પ્રતિમાની નિષ્પત્તિ થયા પછી સમ્યક્ પ્રકારે તેનો એ સ્થાપનાવિધિ કરવો. જો સ્થાને પ્રતિમા સ્થાપન કરવી હોય ત્યારે રુડો ચંદ્ર, નક્ષત્ર, લગ્નાદિ શુભયોગ સંબંધે પ્રતિષ્ઠાકલ્પ પ્રસિદ્ધ અભિવાસન બિંબને કરવું. અને પોતાના વૈભવને અનુસારે ઉચિત પૂજા કરવી. ત્યારપછી વર્દ્ધમાન સ્તુતિ પાઠે ચૈત્યવંદના કરવી અને અસંમૂઢપણે કરીને પ્રવચનદેવતાનો સાધુએ કાયોત્સર્ગ કરવો. ત્યાં સ્તવસ્મરણ ચતુર્વિંશતિસ્તવનું ચિંતન કરવું. ત્યારપછી જિનબિંબની જાતિવંત ફુલો વડે કરીને પૂજા કરી પંચનમસ્કારમંગલપૂર્વક વાંછિત લગ્નથી સ્થાપના કરવી. કહ્યું છે શ્રી શામાચાર્યકૃત પ્રતિષ્ઠાકલ્પમાં - નિશ્ચે કપટ અને લોભરહિતને સમસ્ત પાપસમૂહ તોડે કરી એ પાંચે નમસ્કાર કરીને વાંછિત પ્રાપ્તિ હોય માટે સર્વ સ્થાને સર્વ ભાવે કરીને જિનબિંબોની પ્રતિષ્ઠાક્રિયા પંચનમસ્કાર ભાવમંગલપૂર્વક કરવી. એ સંક્ષેપે પ્રતિષ્ઠાવિધિ કહી. વિસ્તારવિધિ ગ્રંથાંતરથી જાણવી. ઇતિ ગાથાર્થ ॥૨૨॥

ઇત્યાદિ દર્શનશુદ્ધિ પ્રમુખ જૈનગ્રંથોમાં જેમ પ્રતિષ્ઠા વગેરે કારણે સાધુને ચૈત્યવંદનવિધિમાં શાસનદેવતા પ્રમુખના કાયોત્સર્ગ તથા થોય કરવી કહી છે તેમજ સુવિહિત દેવસૂરિજીકૃત દિનચર્યામાં પણ વ્યાખ્યાકારે દિનચર્યાના

ઉપરોધથી જેમ, પક્ખી, ચોમાસી, સંવચ્છરીની વિધિ-વિધાન કરવા કહ્યા પણ સાધુ-શ્રાવક તે દિવસનિશ્રિત કરે છે. પણ અન્ય દિવસનિશ્રિત કરતાં નથી. તેમ આઠ થોયના દેવવંદન સાધુને કરવા કહ્યાં છે તે પ્રતિષ્ઠા વગેરે દિવસનિશ્રિત કહ્યાં છે, પણ દરરોજ દિવસનિશ્રિત પ્રતિક્રમણના આદિ-અંતમાં કહ્યાં નથી. પછી બહુશ્રુતગીતાર્થ નિરીહપણે કહે તે પ્રમાણ ॥

પુનઃ ભાવદેવસૂરિકૃત દિનચર્યામાં પણ જિનચૈત્યમાં જઘન્યાદિભેદે કરી સંકેતભાષાએ ચોથી સ્તુતિ સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

नवकारेण जहन्ना, दंडगथुईजुयल मज्झिमा नेया ।
उक्कोसविहिपुव्वग सक्कत्थयपंचनियमाया ॥६४॥

व्याख्या - नमस्कारः प्रणामस्तेन जघन्या चैत्यवंदना स नमस्कारः पंचधा - एकांगः शिरसो नमने, द्व्यंगः करयोर्द्वयोः, त्र्यंगः नमने कायोः शिरसस्तथा १ चतुर्णां करयोर्जान्वोर्नमने चतुरंगकः, शिरसः करयोर्जान्वोः पंचांगः पंचमो मतः २ यद्वा श्लोकादिरूपनमस्कारादि-भिर्जघन्या १ अतो मध्यमा द्वितीया सा तु स्थापनार्हत्सूत्रदंडकैः करस्तुतिरूपेण जुगलेन भवति अन्ये तु दंडकानां शक्रस्तवादीनां पंचकं तथा स्तुतियुगलं समया भाषया स्तुतिचतुष्टयं ताभ्यां या वंदना तामाहुः यद्वा दंडकः शक्रस्तवः स्तुत्योर्युगलं अरिहंतचेइआणंस्तुतिश्चेति यतः श्रुतस्तवाः स्तुतयः प्रोक्ता एते मध्यमचैत्यवंदनायाः भेदा उत्कृष्टा विधिपूर्वकं शक्रस्तवपंचनिर्मिता तथा उत्कृष्टा तु शक्रस्तवादि-पंचदंडनिर्मिता जयवीयरायेत्यादिप्रणिधानांता चैत्यवंदना स्यात् अन्ये तु शक्रस्तवाः पंचकयुतामाहुः तत्र वारद्वयं चैत्यवंदना प्रवेशत्रयं निःक्रमणद्वयं चेति पंचशक्रस्तवाः ॥६४॥

અર્થ :- નમસ્કાર એટલે પ્રણામમાત્ર કરીને જઘન્ય ચૈત્યવંદના. તે નમસ્કાર પાંચ પ્રકારનો છે. મસ્તક નમાવી કરીને એકાંગ, નમસ્કાર બે હાથ જોડી કરીને દ્વિઅંગ નમસ્કાર, હાથ બે અને મસ્તકે નમાવી કરીને

ત્રિઅંગ નમસ્કાર ॥૧॥ બે હાથ અને બે જાનુ વડે નમાવી કરીને ચતુરંગ નમસ્કાર, મસ્તક, બે હાથ અને બે જાનુ નમાવી કરીને પાંચમો પંચાંગ નમસ્કાર જાણવો. ॥૨॥ અથવા શ્લોકાદિરૂપ નમસ્કારાદિકોથી જઘન્યા ચૈત્યવંદના જાણવી. ॥૧॥ ત્યાર પછી બીજી મધ્યમા - તે વળી સ્થાપનાના સૂત્રદંડકોએ કરીને બે સ્તુતિરૂપ જોડલો કરીને હોય. અન્ય વળી એમ કહે છે શક્રસ્તવાદિક દંડક પાંચ તથા થોય સંકેતભાષાએ કરીને ચાર તેણે કરીને જો વંદના તેને મધ્યમા કહે છે. અથવા દંડક, શક્રસ્તવ, થોયયુગલ, અરિહંતચેઈયાણં, વળી થોય. તેમજ કહ્યું છે આવશ્યકચૂર્ણિમાં સ્થાપના ઉત્સવ વળી ચતુર્વિંશતિસ્તવ અને શ્રુતસ્તવ એ બેઉને સ્તવસ્તુતિ કહ્યાં છે એ મધ્યમા ચૈત્યવંદનાના ભેદ જાણવા અને પાંચ શક્રસ્તવનિર્મિત વિધિપૂર્વક ઉત્કૃષ્ટ ચૈત્યવંદના જાણવી તથા વળી શક્રસ્તવાદિક પાંચ દંડક નિર્મિત જયવીયરાય ઈત્યાદિ પ્રણિધાનાંત ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં હોય છે. અન્ય આચાર્ય વળી શક્રસ્તવ પાંચ યુક્ત ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં કહે છે. ત્યાં બે વાર ચૈત્યવંદનના પ્રવેશમાં ત્રણ શક્રસ્તવ અને ચૈત્યવંદનના બહિર્ગમનમાં બે શક્રસ્તવ એ પાંચ શક્રસ્તવવાળી ચૈત્યવંદના. ॥૬૪॥

એ દિનચર્યામાં પ્રથમ શક્રસ્તવાદિક પાંચ દંડકોએ કરી કરસ્તુતિરૂપ જોડે કરીને એટલે દંડકોએ કરી કરસ્તુતિરૂપ ત્રણ એ બે જોડે કરીને મધ્યમ ચૈત્યવંદના કહી અથવા આવશ્યકચૂર્ણિ ઉક્ત ત્રણ થોય પણ મધ્યમા ચૈત્યવંદના કહી અને સંકેતભાષાએ ચાર થોયના મધ્યમા ચૈત્યવંદના અન્ય કોઈ માને છે તે માટે દેખાડ્યો અને પાંચ શક્રસ્તવયુક્ત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના દેરાસરમાં કહી પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં કહી નથી. જ્યારે શ્રી આત્મારામજી આનંદવિજયજી ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ - ૫૨માં લખે છે કે "શ્રી ભાવદેવસૂરિજીને દિનચર્યા મેં ચૈત્યવંદના કે મધ્યમોત્કૃષ્ટ ભેદ મેં ભી ચાર થુઈ સે ચૈત્યવંદના કરની કહી હૈ ॥" એવું એકાંત લખે છે તે મિથ્યા છે. કેમ કે શ્રી ભાવદેવસૂરિજીએ તો દિનચર્યામાં મધ્યમોત્કૃષ્ટના ભેદમાં સિદ્ધાંતભાષાએ ત્રણ થોયની અને સંકેતભાષાએ ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કરવાની કહી છે, પણ એકાંતે ચોથી થોયની જ ચૈત્યવંદના

કહી નથી. તથા તપાગચ્છીય શ્રી જિણચંદસૂરિ, તેના શિષ્ય અમરદેવસૂરિ, તેના શિષ્ય શ્રી વિજયસેનસૂરિ, તેના નાના ભાઈ શ્રી જસોદેવસૂરિ, તેના મોટા શિષ્ય શ્રી નેમિચંદસૂરિજી કૃત પ્રવચનસારોદ્ધાર મૂલમાં તથા વિક્રમ સંવત ૧૨૭૨માં થયેલા શ્રી સિદ્ધસેનસૂરિજીએ વૃત્તિમાં પણ પૂજા વગેરે વિશિષ્ટ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયનાં દેવવંદન કહ્યાં છે. તે પાઠ :

पुप्फक्खयत्थुईहिं तिविहा पूया मुणेयव्वेति । पुष्पैर्विचित्रैः शालितंदुलादिभिः स्तुतिभिश्च लोकोत्तरसद्भूततीर्थकृद्गुणवर्णनपराभिः संवेगजनिकाभिः त्रिविधा पूजा ज्ञातव्येति । अत्र च गाथायाम् पुष्पादीन्युपलक्षणभूतान्येव श्रीभगवतः पूजाविधि प्रतिपादितानि ततो निष्पन्नरत्नसुवर्णमुक्ताभरणादिभिरलंकरणं विचित्रवस्त्रादिभिः परिधापनं पुरतश्च सिद्धार्थकशालितंदुलादिभिरष्टमांगलिकालेखनं तथा प्रवरबलिजलमंगलप्रदीपदधिघृतप्रभृतिपदार्थढौकनं भगवतश्च भालतले गौरोचनमृगमदादिभिस्तिलककरणं तत आरात्रिकाद्युत्तारणं । यदाहुः पूर्वगणभृतः -

गंधवरधूयसव्वोसहीहिं उदगाइएहिं चित्तेहिं सूरहिं विलेवणवरकुसुमदामबलिदीवएहिं च सिद्धत्थयदहियक्खयगोरोयणमाइएहिं जहलाभं कंचणमुत्तियरयणाइदामएहिं च विविहेहिं पवरेहिं साणेहिं पायंभावो विजायए पवरो न य अन्नो उवओगो एएसिं सायण लट्ठयरो त्ति॥

एवं भगवंतं पूजयित्वा ऐर्यापथिकीप्रतिक्रमणपूर्वकं शक्रस्तवादिदंडकैश्चैत्यवंदनं विधाय स्तोत्रैरुत्तमैरुत्तमकविविरचितैर्भगवतो गुणोत्कीर्त्तनं कुर्यात् नन्वेतस्याश्चैत्यवंदनायाः किमेक एव प्रकारः किं वा जघन्यादिकृतं प्रकारांतरमप्यस्ति ? बाढमस्तीत्याह नवकारेणेत्यादि । जघन्यमध्यमोत्कृष्टभेदेन त्रिविधं तच्चैत्यवंदनं तत्रैकेन नमो अरिहंताणमित्यादिपदेन । यदि वा -

पायान्नेमिजिनः सयस्यरुचिभिः श्यामीकृतांगस्थिता-

वग्रे रूपदिदृक्षया स्थितवति प्रीते सुराणां प्रभौ ।
काये भागवते च नेत्रनिकरैर्वृत्तद्विषो लांछिते,
संभ्रांतास्त्रिदशांगना कथमपि ज्ञात्वा स्तवं चक्रिरे ॥१॥

इत्यादिरूपेण स्तवनेन जघन्या चैत्यवंदना । अन्ये पुनः प्रणाममात्ररूपा जघन्यां चैत्यवंदनां वदंति । प्रणामस्तु पंचधा भवति । यथा - एकांगः शिरसो नामे । स द्व्यंगः करयोर्द्वयोः त्रयाणां नमने त्र्यंगः करयोः शिरसस्तथा । चतुर्धा करयोर्जान्वोर्नमने चतुरंगकः । शिरसः करयोर्जान्वोः पंचांगः पंचमो मत इति । मध्यमा तु स्थापनार्हत्स्तवदंडकैकैकस्तुतिरूपेण युगलेन भवति अन्येत्वेवं व्याख्यानयंति दंडकानां शक्रस्तवादीनां पंचकं तथा स्तुतियुगलमिति समयभाषया स्तुतिचतुष्टयं ताभ्यां या वंदना सा मध्यमा सांप्रतं रूढ्या एकवारवंदनेत्यर्थः उत्कृष्टा तु विधिपूर्वकशक्रस्तवोपलक्षितपंचदंडकनिर्मिता जयवीयरायेत्यादिप्रणिधानपर्यन्ता चैत्यवंदना भवतीति । अन्ये पुनः शक्रस्तवपंचकेन निर्मिता शक्रस्तवपंचकभणनेनोत्कृष्टा चैत्यवंदना भवतीति व्याचक्षते ॥ एवं च शक्रस्तवपंचकं भवति उत्कृष्टचैत्यवंदनया वंदितुकामः साधुः श्रावको वा चैत्यगृहादौ गत्वा यथोचितप्रतिलेखितप्रमार्जितस्थंडिलस्त्रैलोक्यगुरौ विनिवेशितनयनमानसः संवेगवैराग्यभरो जृंभमाणरोमांचकंचुकितगात्रः प्राप्तप्रकर्षहर्षवशविसर्प्पद्बाष्पपूरपूर्णनयननलिनः सुदुर्लभं भगवच्चरणारविंदवंदनमिति बहुमन्यमानः सुसंवृतांगोपांगो योगमुद्रया जिनसंमुखं शक्रस्तवमस्खलितादिगुणोपेतं पठति तदनु ऐर्यापथिकीप्रतिक्रमणं करोति ततः पंचविंशत्युच्छ्वासमानं कायोत्सर्गं कृत्वा पारयित्वा लोगस्सुज्जोयगरेत्यादि परिपूर्णं भणित्वा जानुनी च भूमौ निवेश्य योजितकरकुशेशयस्तथाविधुसुकविकृतजिननमस्कारभणनपूर्वं शक्रस्तवादिभिः पंचभिर्दंडकैर्जिनमभिवंदते चतुर्थस्तुतिपर्यन्ते पुनः शक्रस्तवमभिधाय द्वितीयवेलं तेनैव क्रमेण वंदते तदनु चतुर्थशक्रस्तवभणनानंतरं स्तोत्रं पवित्रं भणित्वा जयवीयरायइत्यादिकं च

प्रणिधानं कृत्वा पुनः शक्रस्तवमभिधते इत्येषोत्कृष्टा चैत्यवंदना ऐर्यापथिकीप्रतिक्रमणपूर्विकैव भवति जघन्यमध्यमे तु चैत्यवन्दने ऐर्यापथिकीप्रतिक्रमणमंतरेणापि भवतीति ॥

આ પાઠમાં આરતીપર્યંત ભગવંતની પૂજા કરીને ચૈત્યવંદના કરવી કહીને ચૈત્યવંદનાના જઘન્યાદિ ભેદ બતાવ્યા તેમાં અરિહંતચેઈયાણં વગેરે દંડક એક-એક અને થોય એક-એકને યુગલે કરી એટલે ત્રણ થોય કરીને મધ્યમ વંદના ટીકાકારે દર્શાવી. કેમ કે "संकेतभाषाએ થોય ચાર વડે કરીને વર્તમાનરૂઢિ એકવાર વંદનાએ અન્ય કોઈ આચાર્ય મધ્યમ વંદના કહે છે" એવું ટીકાકારે અન્ય કોઈકના મતનું વ્યાખ્યાન દર્શાવ્યું. તેથી ત્રણ થોયની પૂર્વધરે પૂર્વાચાર્યોના મધ્યમચૈત્યવંદનાનો અભિમત દર્શાવ્યો ને ચોથી થોયથી વર્તમાન રૂઢિમત દર્શાવ્યો. પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં ચોથી થોયની વંદના દર્શાવી નથી. તથા શ્રી વૃંદારવૃત્તિમાં પણ ચોથી થોય સહિત ત્રણ થોયની દેવવંદના શ્રાવકને જિનગૃહમાં કરવી કહી છે. તે પાઠ :

अधुना चैत्यवन्दना सा च त्रिधा ।

नवकारेण जहन्ना दंडकथुईजुगल मज्झिमा नेया।

संपुन्ना उक्कोसा विहिणा खलु वंदणा तिविहा ॥

दंडकथुईजुगलत्ति चैत्यस्तवदंडक-एकस्तुतिप्रदानं युगलस्तुतेति अत्र च संप्रदायादुत्कृष्टचैत्यवंदनेर्यापथिकीप्रतिक्रमणपुरस्सरं विधेयेत्यतः सैषादौ व्याख्यायते तत्र च इच्छामि इत्यादि । एवमैर्यापथिकीं प्रतिक्रम्य महावृत्तान्यर्थयुक्तः न पुनरुक्तान्नमस्कारान् भणतीति ॥छ॥ ततो

अनुन्नंतरअंगुली कोसागारेहिं दोहिं हत्थेहिं ।

पिट्ठोवरीकुप्पर संठिएहिं तह होई जोगमुद्दत्ति ॥१॥

इत्येवं लक्षणया योगमुद्रया प्रणिपातदंडकं पठति स चायं नमोत्थुणमित्यादि । ततः उत्थाय

चत्तारि अंगुलाइं पुरओ उणाइं तत्थ पच्छिमओ ।

पायाणं उस्सग्गो एसा पुण होइ जिणमुद्दित्ति ॥१॥

एवंरूपया जिनमुद्रया चैत्यस्तवदंडकं पठति । स चायं अरिहंतचेइयाणमित्यादिस्तुतिश्चात्र मूलबिंबमाश्रित्य प्रदेया ततः स्तुतिदानानंतरमस्यामवसर्प्पिण्यां ये भारतवर्षे तीर्थकृतो अभुवंस्तेषामासन्नोपकारित्वेन नामोत्कीर्त्तनाय चतुर्विंशतिस्तवं पठति ।छा। लोगस्स उज्जोअगरे इत्यादि । एवं चतुर्विंशतिजिनमुक्त्वा सर्वलोके अर्हच्चैत्यवंदनार्थं कायोत्सर्गकरणायेदं पठंति सव्वलोए अरिहंत चेइयाणमित्यादि वोसिरामीति यावत् स्तुतिरत्र सर्वतीर्थंकरसाधारणा । सांप्रतं येन ते अर्हन्तस्तत्कथितासुभावाज्ञायंते तत्प्रदीपकल्पं श्रुतमर्हति कीर्त्तनं तत्रापि तत्प्रतिरूपकान् प्रणेतॄन् प्रथमं स्तौति पुष्करवरेत्यादि वोसिरामीतियावत् । स्तुतिश्चात्र श्रुतस्य दातव्या । ततश्च सर्वानुष्ठानफलभूतेभ्यः सिद्धेभ्यो नमस्कारकरणायेदं पठति सिद्धाणं बुद्धाणमित्यादि । एवमेतत्पठित्वोपपचितपुण्यसंभारः उचितेष्वौचित्यप्रवृत्त्यर्थमिदमाह वेयावच्चगराणामित्यादि वैयावृत्यकराणां प्रवचनार्थं व्याप्टतभावानां गोमुखयक्षादीनां शांतिकराणां सर्वलोकस्य सम्यग्दृष्टिविषये समाधिकराणां एषां सम्बन्धिनाम् षष्ठ्याः सप्तम्यर्थत्वादेतद्विषयं वा आश्रित्य करेमि कायोत्सर्गं अत्र वंदणवत्तियाए इत्यादि न पठ्यते तेषामविरतत्वात् अन्यत्रोच्छ्वसितेनेत्यादि पूर्ववत् ततः एषां स्तुतिं भणित्वा प्राग्वच्छक्रस्तवं च ततः सर्वचैत्यसार्व्वसाधुवंदनां कृत्वा स्तोत्रं च यथोचितमुद्दामगंभीरस्वरेण पठित्वा मुक्ताशुक्तिमुद्रया प्रणिधानं करोति जयवीयरायेत्यादि ।

હવે ચૈત્યવંદન કહીએ છીએ તે ૩ ભેદે છે. નવકારથી જઘન્યા ચૈત્યવંદના, નમુત્થુણં અને થોય કરી મધ્યમા ચૈત્યવંદના કહી. પૂરી તે ઉત્કૃષ્ટી એ વિધિએ નિશ્ચે ચૈત્યવંદના ત્રણ પ્રકારે છે. ॥૧॥ એનો અર્થ કહે છે - નમુત્થુણં એક-એક થોય કહેવી ૧ એ બે યુગલરૂપ મધ્યમા ચૈત્યવંદના અહીં સંપ્રદાયથી ઉત્કૃષ્ટી ચૈત્યવંદના તે ઈરિયાવહી પડિક્કમીને જ કરવી એટલા માટે પ્રથમ ઈરિયાવહીનો અર્થ કહે છે. ત્યાં ઇચ્છામિ ઇત્યાદિ સૂત્ર

છે એ પ્રકારે ઇરિયાવહિયં પડિક્કમીનો મોટા કાવ્યનો અર્થ સમજાતો એવો નમસ્કાર ચૈત્યવંદન કહે. ચૈત્યવંદનના કાવ્ય કહ્યાં પછી એક-એક આંગળી માંહોમાંહે કરી ડોડાને આકારે બે હાથ કરીને પેટ ઉપર બે હાથની કોણી રાખીએ તે યોગમુદ્રા કહીએ છીએ. એ લક્ષણે યોગમુદ્રાએ પ્રણિપાતદંડક તે નમુત્થુણં કહે. ત્યારપછી ઊઠીને બે પગ વચ્ચે આગળ ચાર આંગળનું અને પાછળ ચાર આંગળથી કાંઈક ઓછું છેટું રાખીને ઊભા રહેવું તે જિનમુદ્રા કહીએ ॥૧॥ એવી જિનમુદ્રાએ કરીને ચૈત્યસ્તવનો દંડક પઠતિ કહેતાં કહે છે, અરિહંત ચેઇયાણં એ ચૈત્યસ્તવ અહીં થોય કહેવી. મૂલનાયકજી ભગવંત હોય તેની કહેવી. તે થોય કહ્યાં પછી આ અવસર્પિણી-કાળમાં ભરતક્ષેત્રમાં જે તીર્થંકર થયા તે નજીકના ઉપકારી માટે તે નામતીર્થ સ્તુતિ કરવાને લોગસ્સ ભણીએ વર્તમાન તીર્થંકર સ્તુતિ લોગસ્સ ઇત્યાદિ એ ચોવીસત્થો લોગસ્સ કહીને સર્વ લોકને વિષે ચૈત્યવંદનાને અર્થે કાઉસગ્ગ કરવાને એમ કહે છે સવ્વ લોએથી વોસિરામી સુધી થોય અહીં સર્વ તીર્થંકરની સાધારણ કહે છે. હવે જો અરિહંત અને અરિહંતે કહ્યા તે ભાવ જેણે કરીને જાણીએ તે દીવા સમાન સિદ્ધાંત સ્તવવા યોગ્ય છે. તે વતી સિદ્ધાંતની સ્તુતિ કહીએ છીએ. ત્યાં પણ તે સિદ્ધાંતના કહેનારને પ્રથમ સ્તવે છે. પુક્ખરવરદીવઢ્ઢે ઇત્યાદિ યાવત્ અપ્પાણં વોસિરામિ સુધી લગે કહેવું. અહીં થોય સિદ્ધાંતની કહેવી. ત્યારપછી સર્વ ક્રિયાનું ફળરૂપ સિદ્ધને નમસ્કાર કરવા માટે કહે "સિદ્ધાણં બુદ્ધાણં" ઇત્યાદિ. એમ એ ભણીને પુણ્યનો સમૂહ ઉપાર્જી કહે છે. યોગ્યને વિષે ઉચિત આચરવાને અર્થે એનો અર્થ કહે છે. વેયાવચ્ચગરાણં. વૈયાવચ્ચના કરનાર જૈનશાસનના અર્થે સાહાયકારી ગોમુખયક્ષાદિક વળી શાંતિકરાણાં અર્થાત્ સર્વ લોકને શાંતિકારી, સમકિતદૃષ્ટિને સમાધિનાં કરનાર. અહીં છઠ્ઠી તે સાતમીના અર્થમાં છે. તે યક્ષને આશ્રયીને કાઉસગ્ગ કરું છું. અહીં વંદણવત્તિયાએ ન ભણીએ. કેમ કે તે યક્ષ અવિરતિધર છે તે માટે અન્નત્થ ઉસસિએણં તે પૂર્વની પેરે છે.

અર્થ :- ત્યાં પછી એ યક્ષોની થોય ભણીને પહેલાં નમુત્થુણં કહીએ. ત્યાં પછી જાવંતિ ચેઇયાઇં - જાવંત કેવિ સાહૂ કહી ઉવસગ્ગહરં તથા

સ્તવન યથાયોગ્ય મોટે ગંભીર સ્વરે ભણીને મુક્તાશુક્તિમુદ્રાએ પ્રણિધાન કરે, સ્તુતિ કરે જયવીયરાય ઇત્યાદિ.

એ વૃંદારવૃત્તિ શ્રાવકના છ આવશ્યકની ટીકા છે. તેને અંતર્ગત ચૈત્યવંદનની વિધિ કહી છે. તેમાં ચોથી થોય સાથે ત્રણ થોયની ચૈત્યવંદના જયવીયરાય પ્રણિધાન સહિત લખી છે. તે શ્રાવક સવારના સમયે દેરાસરમાં પૂજા કરી ચોથી થોય સાથે ત્રણ થોયના દેવવંદન કરી પછી પ્રતિક્રમણ અવસરે સામાન્ય પ્રકારે ચૈત્યવંદન કરી પ્રતિક્રમણ ઠાવે તથા સમાપ્ત કરે તે આશ્રયીને કથન છે. અન્ય સ્તોત્રપ્રણિધાનનું કહેવું વ્યર્થ થાય. કેમ કે પડિક્કમણાના આદિ-અંતમાં સ્તોત્ર પ્રણિધાન રહિત ચૈત્યવંદના કરી પ્રતિક્રમણ કરવું જૈનશાસ્ત્રોમાં કહ્યું છે. પણ સ્તોત્ર પ્રણિધાન સહિત ચૈત્યવંદના પ્રતિક્રમણમાં કરવી કહી નથી. તથા શ્રી દેવેન્દ્રસૂરિજી કૃત ચૈત્યવંદનલઘુભાષ્યમાં પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય સાથે ત્રણ થોયની દેવવંદના કહી છે. તે પાઠ :

અંગગ્ગભાવ[૩] ભેયા પુપ્ફાહાર[૩]થુઈહિં[૩] પૂયતિગં ।
પંચુવયારા[૧] અટ્ઠોવયાર[૨] સવ્વોવયારા[૩] વા ॥૧૦॥

ઇરિ[૧]-નમુક્કાર[૨]-નમુત્થુણ[૩]-અરિહંત[૪]-થુઈ[૫] લોગસ્સ[૬] સવ્વ[૭] થુઈ[૮] પુક્ખ[૯]।
થુઈ[૧૦]-સિદ્ધા[૧૧]-વેયા[૧૨]-થુઈ[૧૩]-નમોત્થુ[૧૪]-જાવંતિ[૧૫]-થય[૧૬]-જયવી[૧૭] ॥૬૨॥

સવ્વોવાહિ વિસુદ્ધં એવં જો વંદએ સયા દેવે ।
દેવિંદવિંદમહિયં પરમપયં પાવઈ લહું સો ॥૬૩॥

આ ભાષ્યમાં દશ ત્રિક સહિત મૂળદ્વાર તથા ઉત્તરદ્વાર કહ્યાં છે. તે પ્રાયે જિનચૈત્ય આશ્રયીને કહ્યાં છે. તેથી ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના સ્તવ પ્રણિધાન સહિત કહી છે. પણ પ્રતિક્રમણ આદિ-અંત આશ્રયીને કહી નથી. એમ જ શ્રાદ્ધવિધિ તથા શ્રાદ્ધદિનકરવૃત્ત્યાદિકમાં પણ પૂજા વગેરે વિશિષ્ટ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે. પણ ગ્રંથગૌરવના ભયથી તે પાઠ લખતાં નથી. તથા વિક્રમ સંવત ૧૩૫૭માં થયેલા શ્રી ધર્મકીર્તિ ઉપાધ્યાયજી ઉપનામ શ્રી ધર્મઘોષસૂરિજીકૃત

શ્રી સંઘાચાર નામની લઘુ ચૈત્યવંદનભાષ્યની વૃત્તિમાં પણ પૂજા વગેરે વિશિષ્ટ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયની દેવવંદના કહી છે. તે પાઠ :

अथ तृतीया भावपूजा सा च स्तुतिभिर्लोकोत्तरसद्भूततीर्थंकर-गुणगणवर्णनपराभिर्वाकपद्धतिभिर्भवति आह च -

तइया उ भावपूया ठाउं चिय वंदणोचिए देसे ।

जहसत्ति चित्तथुईथूत्तमाइणो देववंदणयं ॥ ति

तथा निशीथे - "सो उ गंधारसावउ थयथुईहिं थुणंतो तत्थ गिरिगुहाए अहोरत्तनिपसीओ ।" तथा वसुदेवहिंडौ - "कयाइं च भाणुसिट्ठि सह धरणीए जिणपूजयं काऊण पज्जालिए सुदीवे सुपोसही उ दगसंथारयगउ थयथुईमंगलपरायणो चिट्ठइ भवं च गयणचारी अणगारो चारुनामा उवइमो कय जिणसंथवो कयकायविउस्सग्गो य आसिणो तथा चारुदत्तो उवओग अंगमंदिरपविट्ठो जिणाययणं चेडेही उवणियाणि पुप्फाईणि कयं अच्चणं पडीमाणं थुईहिं वंदणं कयं निग्गउ जिणभवणाउ त्ति वसुदेवो पच्चूसे कयसमत्तसावयसामाइयाई नियमो गहीयपच्चक्खाणो कयकाउसग्गथुईवंदणो उवइणोवसरे कुसुमच्चयं काऊं ।

तत्र तृतीयखंडे - "खयरबहूसंमत्तथुईसयगुम्मं ततिपयाहिणं भमंत सिरिसंकुलापयासियामहिमत्ति तथागयामो सिद्धाययणं थुईहिं वंदणं कयं इत्यादि" तथान्यत्र "वंदई उभओ कालंपि चेइयाइं थयथुई परमो" एवं अनेकेषु स्थानेषु श्रावकादिभिरपि कायोत्सर्गस्तुत्याद्यैश्चैत्यवन्दना कृतेत्युक्तं केन लिख्यते ? "

ભાવાર્થ :- હવે અનંતર ત્રીજી ભાવપૂજા તે સ્તુતિઓ લોકોત્તર સદ્‌ભૂત તીર્થંકર ગુણના સમૂહ વર્ણનપણે કરીને વાક્‌પદ્ધતિએ કરીને હોય. તે જ કહે છે - ત્રીજી ભાવપૂજા તે બેસીને ચૈત્યવંદના ઊંચા દેશે યથાશક્તિએ વિચિત્ર સ્તુતિ-સ્તવાદિકે કરીને દેવવંદના થાય. તેમ જ કહ્યું છે નિશીથ-સૂત્રમાં - તે ગંધારશ્રાવક સ્તવ-સ્તુતિએ કરીને થુણતો ત્યાં ગિરિગુફામાં

રાત-દિવસ રહેતો હતો. તથા વસુદેવહીંડીમાં - એકવાર ભાનુશ્રેષ્ઠી ધરણી સહિત જિનપૂજા કરીને પ્રજ્વલિત દીપકે પોસામાં ડાભના સંથારે રહ્યો સ્તવ-સ્તુતિ તત્પરપણે રહ્યો. એટલામાં ભગવાન ગગનચારી અણગાર ચારુ નામના આવ્યા. તેમણે જિનસંસ્તવ કર્યો. વળી કાયોત્સર્ગ, ત્યારે નજીક રહ્યો ચારુદત્ત ત્યાં આવ્યો. અંગમંદિરમાં પ્રવેશ કર્યો એટલે જિનાયતન દાસીએ આવેલા પુષ્પાદિક કર્યો, અર્ચન પ્રતિમા પ્રત્યે પછી સ્તુતિએ વંદન કરીને ગયો. જિનભુવનથી વસુદેવ પ્રભાતકાળને વિષે સમ્યક્ત્વ શ્રાવક સામાયિકાદિક નિયમ ગ્રહી પચ્ચક્ખાણ કરીને કર્યો કાયોત્સર્ગ સ્તુતિ વંદન ઉપનીત અવસરે, પુષ્પચય કરીને ત્યાં ત્રીજી પ્રદક્ષિણા ભમતાં શ્રીસંકુલા પ્રકાશિકા મહિમા કરી તથા ગત સિદ્ધાયતનમાં સ્તુતિ-વંદન કર્યું ઇત્યાદિ. વળી બીજે ઠેકાણે પણ કહ્યું છે - વાંદે અભયકાળે પણ ચૈત્યો પ્રતે સ્તવ સ્તુતિ ઉત્કૃષ્ટે કરીને એમ અનેક સ્થાનકોને વિષે શ્રાવકાદિકોએ પણ કાયોત્સર્ગ-સ્તુત્યાદિકે કરીને ચૈત્યવંદના કરી છે તે કેટલી લખીએ ?

सांप्रतं चैत्यवन्दनाकरणविधि प्रदर्शनार्थमाह ।।छ।।

इरियं[१]-नमुक्कारं[२]-नमुत्थु[३]-रिहंत[४]-थुई[५]-लोग[६]-सव्व[७]-थुई[८]-पुक्ख[९] ।
थुई[१०]-सिद्धा[११]-वेया[१२]-थुई[१३]-नमुत्थु[१४]-जावंति[१५]-थय[१६]-जयवी[१७] य ।।६२।।

तत्र - "ता गोयमाणं अयडीकंताए इरियावहियाए न कप्पइ चेव किंचि चियवंदणसज्झाइयं काउं फलमियभिकंखुमाणं ।" इत्यागम-प्रामाण्यात् इरियत्ति प्रथममीर्यापथिकीप्रतिक्रमणे तत्कायोत्सर्गं च चंदेसु निमिलयरेति यावत् नामस्तवस्य पंचविंशत्युच्छ्वासमानं कृत्वा नमो अरिहंताणं इति भणतः पारयित्वा मुखेन सकलोऽपि चतुर्विंशन्ति-स्तवो भणनीयः इति वृद्धाः ततः क्षमाश्रमणपूर्वं इच्छाकारेण संदिसह भगवन् चैत्यवन्दनं करोमीति भणित्वा नमुक्कारत्ति ।

श्यामौ नेमिमुनी उभौ विमलतः षट्पंचनाभेयतः
श्रेये वीरसुपार्श्वशीतलनेमिर्वैरोचिषः षोडश ।
द्वौ चंद्रप्रभ सद्विधासितरुची द्वौ पार्श्वमल्लिप्रभु,

नीलौ पद्मजवासुपूज्यजिपौ रक्तौ विरक्तौ स्तुवे ॥१॥

देवेन्द्रादिभिरर्हितानरहितः सौम्यर्हतः सन् मुदा,

विद्यानंतमुखाद्यनंतसुगुणैः सिद्धान् समृद्धान् सदा ।

आचार्यान् यति धर्मकीर्तितसमाचारादिचारुर्म्महो-

पाध्यायान् श्रुतधर्म्मघोषणपरान् साधून् विधेः साधकान् ॥२॥

अर्हन्तो मम मंगलं विदधतां देवेन्द्रवंद्यक्रमा,

विद्यानंदमयास्तु मंगलमलं कुर्वंतु सिद्धा मयि ।

मह्यं मंगलमस्तु साधुनिकरः सद्धर्मकीर्त्तिस्थितौ,

मंगल्यं श्रुतधर्मघोषणपरं धर्म्मसुदृग्भिः श्रये ॥३॥

इत्यादिरूपा यथारुचियथाप्रस्तावमेकद्वित्र्यादिनमस्कारा भणनीयाः ततः कहं नमंति सिरपंचमेणं काएणमित्याचारांगचूर्णिवचनात् पंचांगप्रणामं कुर्वता तिखुत्तो मुद्धाणं धरणितलं सिनिवेसेइ इत्यागमात् त्रीन् वारान् शिरसा भूमिं स्पृष्ट्व नमोत्थुणत्ति भुवणिक्कगुरुजिणिंद-पडिमाविणिवेसियनयणमाणसेणधन्नोहं सपुन्नोहं ति जिणवंदणाए सहलीकयजम्मुत्ति मन्नमाणेण विरइयकलकमलंजलिणा हरिय-तणवायजंतुविरहीए भूमीए निहिओभयजाणुणा सुपरिफुडसुविदिय-नीसंकजहत्थसुत्तत्थोभयं पए पए भावेमाणेणं जाव चेइए वंदियज्जति तथा सक्कत्थयाइ चेइयवंदणं महानिशीथतृतीयाध्ययनोक्तविधिं प्रामाण्यात् भूनिहितोभयजानुना करधृतयोगमुद्रया शक्रस्तवदंडकं भणनीयं तदंते च पूर्ववत् प्रणामं कृत्वा समुत्थाय जिनमुद्रास्थितचलनो योगमुद्रया अरिहंतचेइयाणमित्यादि चैत्यस्तवदंडकं पठति ॥ उक्तं च -

उठियजिणमुद्दाविय चरणोकरधरियजोगमुद्दोय ।

चेइयगयथिरमिट्ठी ठवणा जिणमंडयं पढई ॥१॥

कायोत्सर्गेऽत्रोच्छ्वासाष्ट अट्ठ सेसेसुत्ति वचनात् अष्टोच्छ्वासपूरणार्थ-मिष्टसंपदं नवकारं चिंतयित्वा तं पारयति ततः थुईत्ति अधिकृतजिनस्तुतिं ददाति तत्रायं बृहद्भाष्योक्तो विधिः ।

अट्ठुस्सासपमाणा उस्सग्गा सव्व एव कायव्वा ।
उस्सग्गो समत्तीए नवकारेणं तु पारिज्जा ॥१॥
परमिट्ठि नमुक्कारं सक्कयभासाइ पुण भणइ पुरिसो ।
चरिमा इम थुइपुढमं पाइयभासाइ वि न इत्थि ॥२॥
जई एगो देइ थुई अह णेगो ता थुई पढई एगो ।
सेसा उस्सग्गठिआ सुणंति जा सा परिसमत्ता ॥३॥
बिंबस्स जस्स पुरउ पारद्धो वंदणा थुई तस्स ।
चेइयगेहे सामन्नवंदणे मूलबिंबस्स ॥४॥
अत्थिय पुरिस थुईए वंदइ देवे चउविहो संघो ।
इत्थीथुईइ दुविहो समणीओ सावया चेव ॥५॥

'ततो लोगत्ति' लोगस्सुज्जोअगरेणं भणांता सव्वत्ति सव्वलोए अरिहंत चेइयाणमित्यादिना प्राग्वत्कायोत्सर्गः क्रियते पारयित्वा चउथुईत्ति द्वितीयास्तुतिसर्वजिनाश्रिता दीयता । ततः पुक्खरत्ति पुक्खरवरदीवड्ढे दंडको भणनीयः तत्कायोत्सर्गानंतरं च थुईत्ति तृतीयास्तुतिः सिद्धांतशत्का भणनीया ततः सिद्धत्ति सिद्धाणमित्यादि भणित्वा वेयत्ति वेयावच्चगराणमित्यादिना कायोत्सर्गः कार्यः ततः थुईत्ति वैयावृत्यकरादिविषयैव चतुर्थिस्तुति दीयते ततः प्राग्वत् प्रणामपूर्वकं जानुद्वयं भूमौ विन्यस्य करधृतयोगमुद्रया नमुत्थुत्ति पुनः शक्रस्तवदंडको भणनीयः तदंते प्रणामं कृत्वा जावंतित्ति सर्वजिनवंदनाप्रणिधानरूपा जावंति चेईयाइं इत्यादि गाथा भणनीया ॥ उक्तं च पंचवस्तुके - वंदित्वा द्वितीयप्रणिपातदंडकावसाने इत्यादि ततः क्षमाश्रमणं दत्वा जावंत केवि साहू इत्यादिना द्वितीयं मुनिवंदना-

स्वरूपं प्रणिधानं करणीयं । पुनः क्षमाश्रमणं दत्वा इच्छाकारेण संदिसह भगवन् स्तवन भणउं इति भणित्वा स्तोत्रं भणनीयं, ततो मुक्ताशुक्रिमुद्रया जयविक्ति जयवीयरायेत्यादि तृतीयं प्रार्थनालक्षणं प्रणिधानं विधेयमिति पणदंडथुईचउक्कगथुई पणिहाणेहिं उक्कोसत्ति प्रागुक्तक्रमप्रतिपादिका गाथा भणनीया ॥

એ પૂર્વોક્ત સંઘાચારવૃત્તિના પહેલા પાઠમાં તો પૂર્વધરઅનુયાયી સ્તવસ્તુતિએ પૂજા અવસરે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના દર્શાવી અને બીજા પાઠમાં ચોથી થોય સાથે ત્રણ થોયની ચૈત્યવંદના દેરાસરમાં કહી તે પણ ત્રિકાલ શ્રાવકને પૂજા અવસરે જણાવી. કેમ કે સ્તોત્રપ્રણિધાન સહિત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના મહાભાષ્યકારાદિકે દેરાસરમાં કરવી કહી છે. પણ પ્રતિક્રમણમાં કરવી કહી નથી.

તથા સંવત ૧૯૪૩ના ફાગણના ચોમાસામાં અમારા ગુરુ ક્રિયાશુદ્ધિ-ઉપકારક શ્વેતાંબરાચાર્ય શ્રી વિજયરાજેન્દ્રસૂરિજી રાધનપુરનગરમાં હતાં તે અવસરમાં એક શ્રાવકના ઘરમાં તાડપત્રો પર લખેલી સંઘાચાર નામની લઘુભાષ્યની વૃત્તિ હતી. તે વૃત્તિ કોઈ શ્રાવકે અમારા ગુરુને દૃષ્ટિગોચર કરીને કહ્યું કે, સાહેબ આ પુસ્તકમાં શો અધિકાર છે ? ત્યારે તે પ્રતને વાંચીને તે શ્રાવકને કહ્યું કે આ ચૈત્યવંદનલઘુભાષ્યની સંઘાચાર નામની ટીકા છે. એમાં પૂજા પ્રમુખ ચૈત્યવંદનાનો અધિકાર છે, ને એમાં ૨૫૯ ના પત્રમાં સિદ્ધાણં બુદ્ધાણંની તારેઈ નરં વ નારિં વા યાવત્ ત્રણ થોયો ટીકાકારે નિશ્ચેથી કહેવી કહી છે અને **सेसा जहित्थाए** એવા આવશ્યકચૂર્ણિના વચનથી શેષ થોયો ઈચ્છા હોય તો કહે અન્યથા ન કહે, તેનો નિયમ નથી. અને (૩૦૪) ના પત્રમાં ક્ષુદ્રોપદ્રવ ઉડાવવા માટે વેયાવચ્ચગરાણં કહેવું કહ્યું છે એવું કહ્યાં છતાં ત્યાં કોઈક શ્રાવક બેઠો હશે તેણે પોતાને યાદ રાખવા પોતાની બુદ્ધિમાં યાદ રહ્યું તે પ્રમાણે પોતાની લખવાની ઘ્રાઠીએ ચિટ્ઠી લખીને તે પુસ્તકના પત્ર ઉપર ચોંટાડી હશે. તે ચિટ્ઠી અમોએ તો નજરે દેખી નથી પણ આત્મારામજીના લખવા પ્રમાણે તે ચિટ્ઠીની નકલ અમો અહીં લખીએ છીએ.

સંઘાચારભાષ્યના પાના ૨૫૯માં ત્રણ થોયો કહી છે, તે ટીકાકારે કહી છે, સિદ્ધાણં બુદ્ધાણંની કહી છે, તારેઈ નરં વ નારિં વા સુધી, વેયાવચ્ચગરાણં કહેવું તે ક્ષુદ્રોપદ્રવ ઉડાવવાને વાસ્તે, પાનું (૩૦૪) ॥

એ ચિઠ્ઠીનો ભાવ ઉપર લખ્યા પ્રમાણે છે, તોપણ ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ ૫૧માં અમારા ગુરુના કથન આશ્રયી લખે છે કે "लघुभाष्य की वृत्ति थी, तिसकुं वांची ओर कहने लगे के देखो इस वृत्ति में भी तीन थुई है । इससे हमारा मत सिद्ध है ।" એ આત્મારામજી આનંદવિજયજીનું લખવું સ્વકપોલકલ્પિત, સર્વ મિથ્યા છે. કેમ કે તે અવસરમાં આત્મારામજી ત્યાં હતાં નહીં ને લોકોને મોઢે સાંભળીને ગમે તેમ લખે તે બુદ્ધિવંત ગણાય નહીં. તથા ચિઠ્ઠીનો લેખ મિથ્યા કરવાને આત્મારામજીએ જે પાઠ લખ્યો છે તે પાઠથી જ આત્મારામજીનું સ્વકપોલકલ્પિત કથન મિથ્યા સિદ્ધ થાય છે તે પાઠ ભવ્યજીવોને જાણવા માટે અમે અહીં લખીએ છીએ.

उक्तं च संघाचारभाष्ये अधिकारद्वारे ॥

अथ ये अधिकारा यत्प्रमाणेन भण्यंते तदसंमोहार्थं प्रगटयन्नाह -

नवअहिगारा इह ललियवित्थराविच्तिमाइ अणुसारा ।

तिन्निसुयपरंपरया बीओ दसमो इगारसमो ॥३५॥

इह द्वादशस्वधिकारेषु मध्ये नव अधिकाराः प्रथम-तृतीय-चतुर्थ-पंचम-षष्ठ-सप्तमाष्टम-नवम-द्वादशस्वरूपा या ललितविस्ताराख्या चैत्यवन्दनामूलवृत्तिस्तस्या अनुसारेण तत्र व्याख्यातसूत्रप्रामाण्येन भण्यंत इति शेषः । तथा च तत्रोक्तं - एतास्तिस्त्रस्तुतयो नियमेनोच्यंते केचित्त्वन्या अपि पठंति न च तत्र नियम इति न तद्व्याख्यानक्रिया । एवमेतत्पठित्वा उपचितपुण्यसंभारा उचितेषूपयोग फलमेतदिति ज्ञापनार्थं पठंति वेयावच्चगराणमित्यादि । अत्र च एता इति सिद्धाणं बु. ॥१॥ जो देवाण वि. ॥२॥ इक्को वीति. ॥३॥ अन्या अपीति उज्जितसेल. ॥४॥ चत्तारि अट्ठ. ॥५॥ तथा जे अ अइयेत्यादि. ॥३॥ अत एवात्र बहुवचनं संभाव्यते अन्यथा द्विवचनं दद्यात् । पठंतीति

सेसा जहीच्छाए इत्यावश्यकचूर्णिवचनादित्यर्थः न च त्र नियम इति न तद्व्याख्यानक्रियेति तु भणंतः श्रीहरिभद्रसूरिपादा एवं ज्ञापयंति ॥ यदत्र यदृच्छया भण्यते तन्न व्याख्यायते यत्पुनर्नियमतो भणनीयं तद् व्याख्यायते ॥ तद्व्याख्याने व्याख्यातं च वेयावच्चगराणमित्यादि सूत्रं । तथा चोक्तं - एवमेतत्पठित्वेत्यादि यावत् पठंति वेयावच्च-गराणमित्यादि ततश्च स्थितमेतद् यदुत वेयावच्चगराणमित्यप्यधिकारो अवश्यं भणनीय एव । अन्यथा व्याख्यानासंभवात् यदि पुनरेषोऽपि वैयावृत्यकराधिकार उज्जयंताद्यधिकारवत्किंचिद्भणनीयतया यादृच्छिकः स्यात्तदा उर्ज्जितसेलेत्यादि गाथाद्वयमपि न व्याख्यायेत व्याख्यातश्च नियमभणनीयः सिद्धादिगाथाभिः सहायमनुविद्धसंबंधेने-त्यतोऽत्रुटितसंबंधायातत्वात्सिद्धाद्यधिकारवदनुस्यूत एव भणनीयः । अथाप्रमाणं तत्र व्याख्यातसूत्रमिति चेत् ? एवं तर्हि हंत सकल-चैत्यवन्दना क्रमाभावप्रसंगस्तत्रैवास्या एवं क्रमस्य दर्शितत्वात् । तदन्यत्र तथाव्याख्यानाभावात् व्याख्यानेऽप्येतदनुसारित्वात्तस्य पश्चात्काल-प्रभवत्वान्नव्यकरणस्य तु सुंदरस्यापि भवनिबंधत्वात्तत्रोक्तस्य तूपदेश्यायाततया स्वच्छंदकल्पिताभावादिति परिभावनीयं । बह्वत्र माध्यस्थमनसा विमर्शनीयं सूक्ष्मधिया विचिंतनीयं सिद्धांतरहस्यं पर्युपासनीयं श्रुतवृद्धानां प्रवर्तितव्यं असदाग्रहविरहेण यतितव्यं निजशक्त्यानुकूल्यामिति एवं च द्वितीयदशमैकादशवर्जिताः शेषाः प्रथमाद्याद्वादशपर्यन्ता नव अधिकारा उपदेशायाललितविस्तरा-व्याख्याताः सूत्रसिद्धा इति सिद्धं आदिशब्दात्पाक्षिकसूत्रचूर्ण्यादिग्रहः। तत्र सूत्रं देवसक्खियत्ति । अत्र चूर्णिः - विरइपडीवत्तीकाले चिइ-वंदणाइणोवयारेण अवस्सं अहासंनिहया देवयासंनिहाणं मिभवई अओ देवसक्खियं भणियंती । अयमत्र भावार्थः - तावद्गणधरैर्दार्ढ्यार्थं पंचसाक्षिकं धर्म्मानुष्ठानं प्रतिपादितं । लोकेऽपि व्यवहारदार्ढ्यस्य तथादर्शनात् तत्र देवा अपि साक्षिण उक्तास्ते च चैत्यवन्दना-

द्युपचारेणासन्नभूताः साक्षितां प्रतिपद्यंते चैत्यवन्दनामध्ये च तेषामुपचारः कायोत्सर्गस्तुतिदानादिना क्रियतेऽन्यस्य तत्रासंभवादश्रुतत्वाच्च ततश्चैवमायातं तथा चैत्यवन्दनामध्ये देवकायोत्सर्गादि करणीयमेव । अन्यथा तत्रान्यत्तदुपचाराभावे देवसाक्षिकत्वासिद्धेः चूर्णिकारेण तथैव व्याख्यातत्वान्निश्चीयते । तच्चैतद्देवसक्खियमितिसूत्रप्रामाण्यात् एवमेव पूर्वापरविरोधाभावादुक्तं च सूत्रत्वं ललितविस्तरायामप्यस्य तथा चोक्तं व्याख्यातं सिद्धेभ्य इत्यादिसूत्रमिति तथा इदमेव वचनं ज्ञापकमिति ॥ चवनं सूत्रं पर्यायौ एवं च सूत्रसिद्धा अप्येते नवअधिकारा इति सिद्धं ॥

તથા પત્ર ૩૦૪નો પાઠ :

सरणिज्जत्ति स्मरणीयाः क्षुद्रोपद्रवविद्रावणादिकृतेस्तद्गुणानुचिंतनादिनोपबृंहणीयाः सूचनीया इति यावत् यद्वा स्मारणीयाः प्रमादादिना विस्मृतं तत्करणीयं तत्तत्संघादिकार्यं च । ज्ञापनीया अथवा सारणीया प्रभावनादौ तत्र तत्र हिते कार्ये प्रवर्तनीयास्ते चात्राधिकारतया सम्यग्दृष्टयो देवा ज्ञातव्यास्तेषामेव स्मरणाद्यर्हत्वात् अर्हदादीनां तु वंदनीयत्वेन प्रागुक्तत्वात् स्मारणादिकर्तृत्वाच्च भणिष्यति च । तथा प्रवचनसुराः सम्यग्दृष्टयो देवास्तेषां स्मरणार्थं वैयावृत्यकरेत्यादिविशेषणद्वारेणोपबृंहणार्थं क्षुद्रोपद्रवविद्रावणादिकृते तत्तद्गुणप्रशंसया प्रोत्साहनार्थमित्यर्थः । यद्वा तत्कर्त्तव्यानां वैयावृत्यादीनां प्रमादिना श्लथीभूतानां प्रवृत्यर्थमश्लशीभूतानां तु स्थैर्याय च स्मारणाज्ञापनात्तदर्थं सारणार्थं वा प्रवचनप्रभावनादौ हितकार्ये किं उत्सर्गः कायोत्सर्गः चरम इति शेषः इत्येतानि निमित्तानि प्रयोजनानि फलानीति यावदष्टौ चैत्यवन्दनाया भवन्तीति शेषः । इह च यद्यपि वैयावृत्यकरादयः स्वस्मरणाद्यर्थं क्रियमाणं कायोत्सर्गं न जानते तथापि तद्विषयकायोत्सर्गात्कर्तुः श्रीगुप्तश्रेष्ठिन इव विघ्नोपशमादिषु शुभसिद्धिर्भवत्येव । आप्तोपदिष्टत्वेनाव्यभिचारित्वात् यथा स्तेभनीयादिभिः

परिज्ञानेऽप्याप्तोपदेशेन स्तंभनादिकर्मकर्तुः स्तंभनाद्यभीष्टफलसिद्धिः । उक्तं च चूर्णौ -

तेसिमविन्नाणे वि हु तव्विस्सउस्सग्गओ फलं होई ।
विग्घजयपुन्नबंधाई कारणं मंतनाएण त्ति॥

ज्ञापयति चैतदिदमेवकायोत्सर्गप्रवर्त्तकं वेयावच्चगराणमित्यादिसूत्रं अन्यथाऽभीष्टफलादिसिद्ध्यादौ प्रवर्त्तकत्वायोगात् । उक्तं च ललितविस्तरायां- तदपरिज्ञानेप्यस्मात्तच्छुभसिद्धाविदमेव वचन-ज्ञापकमिति तथा वैयावृत्त्यकरादयश्च त्रयो हेतवः । उक्तं च -

पवयणवेयावच्चं, पवयणसंतिं च पवयणसमाहिं ।
सम्मदिट्ठीदेवा करंति जे तेसिमुस्सग्गं ॥१॥
पवयणवेयावच्चाइवत्तियाहिं ठामि हेऊहिं ।
अविरयभावा तेसिं न उ वंदणवत्तीयाईहिं ॥२॥
वेयावच्चं संघाइरक्षणापमुहकिच्चमिहसंति ।
उवसग्गाइविणासो मणाइं दुहवारणसमाहिं ॥३॥

હવે જે અધિકાર જે પ્રમાણે કરી કહીએ છીએ તે असंमोहेण એટલે ભ્રાંતિ ટાળવા લઘુભાષ્યકાર પ્રગટપણે કહે છે. અહીં બાર અધિકારોમાં નવ અધિકાર - પહેલો, ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો, સાતમો, આઠમો, નવમો અને બારમો એ નવ અધિકાર ललितविस्तरा નામની ચૈત્યવંદનની મૂળ વૃત્તિ, તેને અનુસારે કરીને જાણવા. તેથી તેમાં વ્યાખ્યાન કરેલાં સૂત્ર પ્રમાણ વડે કરીને કહીએ. તેમજ ત્યાં કહ્યું છે એ ત્રણ થોય સિદ્ધાંત ઇત્યાદિ નિશ્ચે કરીને કહેવાય છે. કોઈ અન્ય પણ કહે છે, તેનો અહીં નિયમ નથી. માટે તેનું વ્યાખ્યાન કરતાં નથી એમ આ કહીને ઉપચય કર્યો છે પુણ્યસંભાર જેમણે તેઓ ઉચિતોને વિશે ઉપયોગફલ એ જ છે એમ જણાવવાને અર્થે वेयावच्चगराणमित्यादि કહે. અહીં એતા એ શબ્દથી सिद्धाणं बुद्धाणं० ॥१॥ जो देवाण वि० ॥२॥ ईक्को वीति ॥३॥ अन्या अपि એ શબ્દથી બીજી પણ उर्जिंजतसेल० ॥४॥ અને चत्तारि अट्ठ० ॥५॥ તથા જે અ

અઇયા ઇત્યાદિ ॥૩॥ કહેવી. તેથી જો અહીં બહુવચન છે એ સંભવિત છે એમ ન હોય તો દ્વિવચન લખાત તથા પઠંતીતિ એ જે બહુવચનરૂપ ક્રિયા છે તે સેસા જહિત્થાએ એ આવશ્યકચૂર્ણિના વચનથી છે એમ જાણવું અને ત્યાં તેનો નિયમ નથી તેથી તેનું વ્યાખ્યાન ન કર્યું એવું કથન કરતાં થકા શ્રી હરિભદ્રસૂરિ પૂજ્ય એમ જણાવે છે કે અહીં જે થોય સ્વેચ્છાએ કહે છે તેનું વ્યાખ્યાન અમે કરતાં નથી અને જે વળી નિયમથી કહેવા યોગ્ય તેનું વ્યાખ્યાન કરીએ છીએ તેનું વ્યાખ્યાન કરવાથી વેયાવચ્ચગરાણં ઇત્યાદિ સૂત્રનું પણ વિવરણ કર્યું. તેમ જ કહ્યું છે કે, એમ કે ભણીને યાવત્ વેયાવચ્ચગરાણં ઇત્યાદિ કહે તે માટે જ એ સિદ્ધ થયું કે જો વેયાવચ્ચગરાણં એ અધિકાર છે એ પણ અવશ્ય કહેવો અન્યથા એના વ્યાખ્યાનનું અસંભવપણું થાય. તેથી એ કહેવાયોગ્ય જ છે અને જો વેયાવચ્ચગરાણં અધિકાર ઉર્જિંજતાદિ અધિકારની પેઠે ક્યાંક ભણવાપણે કરીને ઇષ્ટ હોય તો ઉર્જિંજતાદિક ગાથાની પેઠે એનું પણ વ્યાખ્યાન ન કરાત અને વ્યાખ્યાન કર્યું છે તો સિદ્ધાદિક ગાથાઓની સાથે મળતો સંબંધ કરીને નિશ્ચે કહેવો. માટે તે અત્રુટિતસંબંધપણાથી આવ્યો છે તેથી સિદ્ધાદિ અધિકારની પાછળ લગતો જ કહેવો અને ત્યાં જો સૂત્રનું વ્યાખ્યાન કર્યું તે અપ્રમાણ છે એમ કહેવાથી તો સર્વ ચૈત્યવંદનાનો ક્રમ તેનો અભાવ પ્રસંગ હોય. કેમ કે તે લલિતવિસ્તરામાં જ એવો વંદનક્રમ દેખાડ્યો છે. તેથી અને તે વિના બીજી જગ્યાએ તેના વ્યાખ્યાનનો અભાવ છે તેથી કદાચ કોઈ ગ્રંથમાં વ્યાખ્યાન કર્યું હશે તોપણ તે કદાચ સ્તરાને અનુસરીને તેની પાછળના કાળમાં ઉત્પન્ન થયેલા તેથી એટલે બીજા ચૈત્યવંદનનાં સર્વ પ્રકરણ તે પાછળનાં છે અને તે વ્યાખ્યાનના અનુસાર વિના જો કોઈ નવીન વ્યાખ્યાન સારૂં કરે તોપણ ભવનિબંધનપણું છે એટલે સંસારની વૃદ્ધિ કરવાવાળું છે. તેથી અને તેમાં કહેલું વ્યાખ્યાન તે તો ગુરુપરંપરાના ઉપદેશે આવેલું છે, માટે સ્વચ્છંદ-કલ્પિતપણાનો અભાવ છે, તેથી તે વ્યાખ્યાનનો તિરસ્કાર કરવો યોગ્ય નથી અહીં બહુ મધ્યસ્થ મનથી વિચાર કરવો. સૂક્ષ્મબુદ્ધિએ ચિંતવન કરવું. સિદ્ધાંતરહસ્યને સેવવો. શ્રુતવૃદ્ધોને અનુયાયી પ્રવર્તવું. અસત્ આગ્રહરહિતપણે કરીને પોતાની શક્તિને અનુસારે યત્ન કરવો. એમ વળી

બીજો, દશમો, અગિયારમો એ ત્રણ રહિત બીજા, પહેલાં ઇત્યાદિ બાર પર્યંત નવ અધિકાર ઉપદેશે આવ્યાં લલિતવિસ્તરાવ્યાખ્યાથી સૂત્રસિદ્ધ છે એમ સિદ્ધ થયું. આથી શબ્દથી પક્ખિસૂત્રની ચૂર્ણિપ્રમુખ ગ્રહણ કરવી. તેમાં સૂત્ર દેવસક્ખિયત્તિ અહીં ચૂર્ણિ વિરતિ અંગીકાર કરવાને અવસરે ચૈત્યવંદન ઉપચારે કરીને અવશ્ય નજીક દેવ ત્યાં આવે માટે દેવસક્ખિયં કહ્યું. ભાવાર્થ એ છે કે પ્રથમ ગણધરે દૃઢતાને અર્થે પાંચની સાક્ષીએ ધર્મઅનુષ્ઠાન પ્રતિપાદન કર્યું. લોકોમાં પણ વ્યવહારનાં દૃઢપણાનું તેમજ દર્શન થાય છે. તેથી ત્યાં દેવ પણ સાક્ષી કહ્યાં તે દેવ ચૈત્યવંદન ઉપચારે કરીને નિકટ સંનિભૂત થઈને સાક્ષીપણાને અંગીકાર કરે છે. ચૈત્યવંદનમાં વળી તેમનો ઉપચાર કાઉસ્સગ્ગ થોય દાનાદિકે કરીને કરીએ છીએ. તેમને નિકટ સન્નીભૂત કરવાનો અન્ય કોઈ ઉપાય સંભવતો નથી. તેમજ સાંભળવામાં પણ આવ્યો નથી. માટે એવું સિદ્ધ થયું કે પૂજા વગેરે કૃત્યોમાં ચૈત્યવંદના મધ્યે દેવ કાયોત્સર્ગો કરવા જ. એમ ન કરીએ તો દેવતાઓને સન્નીભૂત કરવાના બીજા ઉપાયનો અભાવ કહ્યો છે. તેથી દેવસાક્ષિત્વની અસિદ્ધિ થાય. ચૂર્ણિકારે પણ તેમજ વ્યાખ્યાન કર્યું છે. તેથી ઉપર કહ્યાં પ્રમાણે નિશ્ચય થાય છે અને તે દેવસક્ખિયં એ સૂત્રના જ પ્રમાણથી સમજી લેવું. આમ થવાથી એટલે એક તો દેવ સન્નીભૂત કરવાના બીજા ઉપાયોનો અભાવ છે તેથી અન્ય અન્ય પક્ષે દેવસક્ખિયં એ સૂત્રનો વિરોધ થાય તથા આને વિષે સૂત્રત્વની સંજ્ઞા ગ્રહણ કરવી અને લલિતવિસ્તરામાં પણ તેમજ કહ્યું છે : સિદ્ધેભ્યઃ ઇત્યાદિ સૂત્રનું વ્યાખ્યાન કર્યું છે તથા ઇદમેવ એ જ્ઞાપક વચન છે. વચન અને સૂત્ર એ પર્યાયવાચી છે એ રીતે આ અધિકાર પણ સૂત્રસિદ્ધ છે એમ નક્કી થયું.

૩૦૪ પત્રના પાઠનો અર્થ :

સરણિજ્જત્તિ સ્મરણીયા એટલે તે ક્યાં સ્મરણ કરવા યોગ્ય છે તે કહે છે - ક્ષુદ્રોપદ્રવ મટાડવાને એટલે કોઈ પ્રત્યનીકાદિકોનો કરેલો ઉપદ્રવ વિગમાદિક કરવાને અર્થે તેવા તેવા તેમના ગુણ ચિંતનાદિકે કરી તેમના ભાવ વધારવા અર્થાત્ સૂચના કરવી અથવા સ્મરણીયા કહેતાં પ્રમાદાદિકે

કરીને તેમના જે જે કર્તવ્ય તેઓ તે તે જણાવવા યોગ્ય સંઘાદિક કાર્યો તેમને જણાવવાં અર્થાત્ જ્ઞાપન કરવા અથવા સારણીયા કહેતાં ધર્મપ્રભાવનાદિ હિતકાર્યોને વિષે તેમને પ્રવર્તાવવા અને તે વળી સમ્યગ્દૃષ્ટિ દેવ અહીં ધર્મપ્રભાવનાદિકમાં અધિકારી જાણવા. કેમ કે તેમને જ તે કૃત્ય યાદ કરવા યોગ્ય છે. તેથી અને પૂર્વે તેમને સ્મરણાદિ કરવાનું કહ્યું તે વળી અરિહંતાદિકોને પૂર્વે વંદનીયપણે કરીને કહ્યાં તેથી તેમને સ્મરણાદિ કરવાપણું આગળ ગ્રંથકાર કહેશે. તેમજ વળી પ્રવચનદેવ તે સમ્યગ્દૃષ્ટિ દેવ છે. તેમને વૈયાવચ્ચ કરનાર ઇત્યાદિ વિશેષણદ્વારે કરીને સ્મરણ કરવાને અર્થે, તથા ક્ષુદ્રોપદ્રવ દૂર કરવાને માટે, તેમની ભાવવૃદ્ધિને અર્થે અર્થાત્ તેમના તે તે ગુણની પ્રશંસા વડે તેમને અધિક ઉત્સુક કરવાને અર્થે, એટલે આમ કરવાથી ગાઢ ઉપદ્રવાદિ મટાડવાને તેઓ ઉદ્યમવંત થાય એ પરમાર્થ અથવા તેમના વૈયાવચ્ચાદિ કર્તવ્યોમાં પ્રમાદાદિકે કરી શિથિલ થયેલાઓને તે કાર્યોમાં પ્રવર્તાવવાને અર્થે અને તેઓ શિથિલ નથી તેમને દૃઢ કરવાને અર્થે અને તેને માટે તેમને સ્મરણ કરાવવાને અને જણાવવાને અર્થે અને સારણા કરવાને અર્થે એટલે સંઘમાં પ્રવચનપ્રભાવનાદિક હિતકાર્યમાં પ્રેરણા કરવાને અર્થે શું કરવું ? કાઉસ્સગ્ગ કરવો એટલે એ છેલ્લો કાઉસ્સગ્ગ કરવો એ શેષા એ રીતે એ આઠ નિમિત્ત વા કારણે ફળ ચૈત્યવંદનનાં હોય. અહીં વળી જે વૈયાવચ્ચ કરનારા દેવાદિ પોતાના સ્મરણાદિ અર્થે કરાતા કાઉસ્સગ્ગ કરનારાને શ્રીગુપ્ત શ્રેષ્ઠીની પેટે વિઘ્નના ઉપશમાદિકમાં શુભસિદ્ધિ હોય જ. આપ્તના ઉપદિષ્ટપણે કરીને અવ્યભિચારીપણાથી જેમ સ્તંભનીયાદિક મંત્રે કરીને પરિજ્ઞાન થયે છતે સત્યવક્તાના ઉપદેશે કરી સ્તંભનાદિકર્મ કરનારા વાંછિત ફળની સિદ્ધિ છે તે માટે જણાવે છે કે વેયાવચ્ચગરાણં ઇત્યાદિ સૂત્ર એ કાઉસ્સગ્ગનો એ જ પ્રવર્તક એમ ન હોય તો વાંછિત ફળ સિદ્ધ્યાદિકમાં પ્રવર્તકપણાનું અયોગ્યપણું થાય. તેથી લલિતવિસ્તરામાં પણ કહ્યું છે તે ન જાણે થકે પણ તેથી શુભસિદ્ધિ થયે છતે એ જ વચન એનું જ્ઞાપક છે ઇતિ તાત્પર્ય.

તથા વૈયાવચ્ચકરાદિ ત્રણ હેતુ છે : (૧) એક તો પ્રવચનની વૈયાવચ્ચ (૨) પ્રવચનની શાંતિ અને (૩) પ્રવચન સમાધિ, સમ્યગ્દૃષ્ટિ દેવ કરે છે

માટે તેમનો કાઉસગ્ગ પ્રવચનવૈયાવચ્ચકરાદિ પ્રત્યયે સ્થાપું છું એ હેતુએ કરી અને તેમને અવિરતિપણું છે માટે વંદણવત્તિયાદિક પાઠ નથી. સંઘાદિકરક્ષણ પ્રમુખ કરવાનું અહીં કૃત્ય છે માટે વૈયાવચ્ચ કહીએ. હવે શાંતિ તથા સમાધિ એટલે શું ? તે કહે છે. ઉપસર્ગનો વિનાશ એ શાંતિ, મનનું દુઃખ નિવારણ કરવું એ સમાધિ એ તાત્પર્ય.

અહીં સંઘાચારવૃત્તિના પહેલા પાઠમાં ગ્રંથકારે બીજો, દશમો, અગિયારમો અધિકાર વર્જીને પહેલા અધિકારથી બારમા અધિકાર સુધીના નવ અધિકાર લલિતવિસ્તરા વ્યાખ્યાતરૂપ સૂત્રસિદ્ધ છે એવું કહ્યું. તેથી બારમો અધિકાર અર્થાગમરૂપ સૂત્રસિદ્ધ છે, પણ સૂત્રાગમે સિદ્ધ નથી. કારણ કે વંદનપયન્નો તથા પંચાશકપ્રકરણાદિ સૂત્રમાં પ્રગટ ચૈત્યવંદનાનો અનુક્રમ લખે છે તેમાં વેયાવચ્ચગરાણં એ પાઠ નથી ને અહીં લઘુભાષ્યવૃત્તિકારે કહ્યું કે લલિતવિસ્તરા વિના બીજે ઠેકાણે અનુક્રમ નથી તેનો એ જ પરમાર્થ એ કે અર્થે કરીને બીજે ઠેકાણે અનુક્રમ નથી, પણ સૂત્રે કરીને અનુક્રમ છે. કેમ કે મહાનિશીથાદિ સૂત્રમાં ચૈત્યવંદનસૂત્રનો અનુક્રમ સૂત્રે કરીને કહ્યો છે પણ જેમ લઘુભાષ્યકારે નમુત્થુ. ॥૧॥ પઢમ અહિ. ॥૨॥ તિહૂઅણ ॥૩॥ તિત્થા. ॥૪॥ એ ચાર ગાથાએ બારે અધિકારના નામ તથા સ્વામી જુદા જુદા કહ્યાં છે તેમ નવ અધિકારના નામ તથા સ્વામી પૂર્વધરાચાર્યોના ગ્રંથોમાં તથા પૂર્વધરનિકટકાલવર્તી લલિતવિસ્તરામાં "**सम्यकस्खलितादि-गुणसंपदुपेतं तदर्थानुस्मरणगर्भमेव प्रणिपातसूत्रदंडकं पठंति तथा-ऽऽसन्नतरोपकारित्वेन कीर्तनाय चतुर्विंशतिसूत्रं पठंति ।**" ઇત્યાદિ વાક્યથી લઘુભાષ્યકારે ચૈત્યવંદનામાં અધિકાર કથન કરી આઠ અધિકાર તથા "**एवमेतत्पठित्वा**" એ વાક્યથી નવમો અધિકાર અને આવશ્યક-નિર્યુક્તિના વાક્યથી તથા "**सेसा जहिच्छाए**" એ આવશ્યકચૂર્ણિના વાક્યથી જે અ અઈયા૦ ॥૧॥ ઉજ્જિંજત૦ ॥૨॥ ચત્તારિ અટ્ઠ૦ ॥૩॥ એ ત્રણ અધિકાર શ્રુતપરંપરાએ ગ્રહણ કરી એવં ૧૨ અધિકારમાંથી કોઈ ચૈત્યવંદનમાં બે અધિકાર કોઈ ચૈત્યવંદનમાં ત્રણ અધિકાર અને કોઈ ચૈત્યવંદનમાં ચાર અધિકારથી યાવત્ અગિયાર અધિકારની ચૈત્યવંદના ઊંચા કાળમાં કરવી

જૈનશાસ્ત્રોમાં કહી છે. તથા દીક્ષાપ્રતિપત્તિ પ્રમુખ પૂજા વગેરે વિશિષ્ટ કારણે તથા સંઘાચારવૃત્તિ આદિ બીજા પાઠોક્ત ક્ષુદ્રોપદ્રવ વિદ્રાવણા નિમિત્તે તથા સંઘાદિ કાર્ય વિસ્મૃત પ્રવચનભક્ત દેવતાઓને ઉપયોગ દેવાને, અથવા તેમને ઊંચા કાર્ય પ્રવૃત્તિમાં ઉત્સાહ કરવાને બારમા અધિકાર સહિત ચૈત્યવંદના કરવી પણ જૈનશાસ્ત્રોમાં કહી છે. પણ વિઘ્નવિદ્રાવણાદિ વિશિષ્ટ કારણ વિના સામાયિક-પ્રતિક્રમણાદિકમાં બારમા અધિકાર સહિત ચૈત્યવંદના કરવી કોઈ જૈનશાસ્ત્રમાં જણાતી નથી. હવે બુદ્ધિવંતોએ વિચારવું જોઈએ કે શ્રાવકની લખેલી ચિઠ્ઠીના લેખ પ્રમાણે સંઘાચારવૃત્તિના પહેલા પાઠમાં સિદ્ધાણં બુદ્ધાણં ત્રણ થોય ટીકાકારે નિયમથી કહી અને બીજા પાઠમાં ક્ષુદ્રોપદ્રવાદિ ઉડાવવાને સૂચના કરવા વેયાવચ્ચગરાણં કહેવું તોપણ "**तत्रैवास्या एवं क्रमस्य दर्शितत्वात्**" એ પાઠને ઠેકાણે આત્મારામજી આનંદવિજયજી ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ ૬૫માં "**सूत्रे चास्या एवं क्रमस्यादर्शितत्वात्**" ઇત્યાદિ પત્ર ૨૯૫ તથા ૩૦૪ના પાઠમાં વિપર્યય તથા અધૂરાં લખીને તથા અર્થનો ફેરફાર કરીને ભોળા જીવોને બહેકાવવા તથા કુપંથમાં નાંખવા છલ કરીને શ્રાવકોની લખેલી ચિઠ્ઠી ખોટી કરે છે, એ શું સમ્યગ્દૃષ્ટિ, સંયમી, સત્યવાદી, ભવભીરુ, નિષ્કપટીનાં લક્ષણ છે ? કેમ કે જો ચિઠ્ઠીમાં સંઘાચારભાષ્યના પાના ૨૯૫માં સિદ્ધાણં બુદ્ધાણંની ત્રણ થોય જ ટીકાકારે કરવી કહી છે, પણ વેયાવચ્ચગરાણં કહેવું કહ્યું નથી અને પાના ૩૦૪માં ક્ષુદ્રોપદ્રવ ઉડાવવાને જ વેયાવચ્ચગરાણં કહેવું, અન્યથા ન કહેવું એમ લખ્યું હોય તો આત્મારામજીના લખ્યા પ્રમાણે સત્યાર્થ થાત, પણ તે પ્રમાણે ચિઠ્ઠીમાં લેખ નથી ને સંઘાચારવૃત્તિના બેઉ પાઠમાં જેમ લખે છે તેમજ ચિઠ્ઠીમાં લેખ છે. તો બિચારા ન ભણેલા ભોળા જીવોને ભ્રમના ગોટામાં ફસાવવા અચેત કરવા એ શું ઉત્તમ પુરુષોના કામ છે ? કેમ કે ભદ્ર જીવોને શી ખબર પડે કે એ લેખ સાચો છે કે ખોટો ? તેથી સાધુ નામ ધરાવીને આત્મારામજીને એવાં છળ-કપટનાં કામ કરવાં ઉચિત નથી. અમારી તો એ પરમ મિત્રતાથી શિખામણ છે. માનવું ન માનવું તો આત્મારામજીને આધીન છે.

તથા સંઘાચારવૃત્તિનો પાઠ :

"सुदृष्टिसुराणां इत्यादि यावत् स्मारणा संघादिविषये प्रमादादिना श्लथीभूतवैयावृत्त्यादि तत्कृत्यानां संस्मारणं ॥" સુધીનો પાઠ છોડીને ચતુર્થસ્તુતનિર્ણય પૃષ્ઠ-૬૦માં **चरमे द्वादशे अधिकारे** ઇત્યાદિ યાવત્ મથુરાક્ષપક-કુબેરદત્તાદેવીના દૃષ્ટાંત પર્યંત પાઠ લખ્યો છે તે પાઠ અમોએ ગ્રંથગૌરવના ભયથી લખ્યો નથી, પણ આત્મારામજીએ પાઠનો કેટલો ભાગ પડતો મૂકી બાકીનો લખ્યો તેનો પરમાર્થ એ સંભવે છે કે એ પાઠમાં સંઘાદિ કાર્યમાં પ્રમાદાદિકે કરી શિથિલ થયેલા પ્રવચનભક્ત દેવતાને વૈયાવૃત્યાદિ કૃત્ય યાદ કરાવવાને તથા પ્રવચનાદિ ગોચર વૈયાવૃત્ય પ્રમુખ કાર્ય કરવાનો ઉપયોગ પ્રમુખ ગુણગણનો અનુચિંતન-ઉત્કીર્તનાદિ ઉપબૃંહણા કરી ચૈત્યાદિ ઉચિત કાર્યમાં પ્રવર્તાવવા વેયાવચ્ચગરાણં કાયોત્સર્ગ તથા તેમની થોય કહે એટલે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓને જિનપૂજાદિ કૃત્ય છે તે ઉચિત છે ને જિનપૂજાદિ કાર્ય અવસરે શ્રાવકાદિ સમ્યગ્દૃષ્ટિ દેવતાઓને જ્ઞાપન કરે કે જે જે કાર્યમાં અમે પ્રવર્તીએ છીએ તે તે કાર્યમાં પ્રમાદ છોડીને તમારે પણ પ્રવર્તવું જોઈએ. તેને તે ઉચિત કાર્ય કરવામાં પ્રેરણા કરવી તેને ઉચિત પ્રવૃત્તિ કહીએ. તે ઉચિત પ્રવૃત્તિ સર્વ જીવોની કરવી, પણ અનુચિત પ્રવૃત્તિમાં ન પ્રવર્તવું. અનુચિત પ્રવૃત્તિ કરવાથી મથુરાક્ષપક મહાન પુરુષ હતાં તોપણ કુબેરદત્તાદેવીને અનુચિત વચન કહેવાથી મિચ્છા મિ દુક્કડં દેવું પડ્યું અને કુબેરદત્તાદેવીની પ્રાર્થના સાંભળી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના જાણ શ્રી દૃઢરથમુનિએ સુમેરુયાત્રાનો ભાવ જણાવી કહ્યું કે સ્ત્રીનો સંઘટ્ટ થાય તેથી વ્રતમાં અતિચાર લાગે તેથી એ મનોરથે કરીને સર્યું એ વચન સાંભળી કુબેરદત્તાદેવી વિશેષે સંતુષ્ટ થઈ. સર્વ રત્નમય સુમેરુ નામનો મહાસ્તંભ બનાવી મુનિને સુપાર્શ્વનાથ સ્વામીનાં દર્શન કરાવ્યાં તેથી લાંબા કાળે પોતાની પરની અવસ્થા અનુરૂપ પ્રવૃત્તિ કરીને પ્રવર્તવું જોઈએ એ તાત્પર્યાર્થ છે. **"यदुक्तं तत्रैव -**

आ रंकाद् भूपतिं यावदौचित्यं न विदंति ये ।
स्पृहयंतः प्रभुत्वायं, खेलनं ते सुमेधसाम् ॥१॥"

એનો ભાવાર્થ એ છે કે રંકથી તે રાજા પર્યંત જે પુરુષો ઊંચી પ્રવૃત્તિ કરવી જાણતા નથી અને તે પુરુષ પ્રભુતા-ઠકુરાઈને ચાહે છે તે પુરુષ બુદ્ધિવંતોને ખ્યાલ કરવા યોગ્ય છે એટલે હાસ્યપાત્ર બને છે.

તે માટે જેમ દઢરથમુનિએ પોતાનું વ્રત રાખ્યું ને કુબેરદત્તાદેવીને અપ્રીતિ પણ ન ઉપજાવી અને કુબેરદત્તાદેવીએ પણ પોતાનું ઉચિત સાચવવા મુનિને પ્રાર્થના કર્યા છતાં મુનિના મોઢાથી સ્ત્રીસંઘટ્ટનું વચન સાંભળી સમ્યગ્દૃષ્ટિપણાથી જાણ્યું જે મુનિને સંઘટ્ટ કરવો એ મારે પણ ઉચિત નથી. તેથી એ મુનિને ધન્ય છે કે મ્હારે અનુચિતપણું ટાળવા મુજને ઉપયોગ દીધો. એમ વિચારી અત્યંત હર્ષવંત થઈ. તેમ પૂજા વગેરે અવસરે સંઘાદિ કાર્ય પ્રવૃત્તિમાં ઉપયોગ દઈ ઉચિત પ્રવૃત્તિ જાણી સમ્યગ્દૃષ્ટિ દેવતા હર્ષવંત થઈ તે કાર્યમાં પ્રવર્તે. પણ પ્રતિક્રમણાદિ અવસરે સંઘાદિ કાર્યની અનુચિત પ્રવૃત્તિ જાણી હર્ષવંત થાય નહીં. માટે આત્મારામજી આનંદવિજયજી પ્રતિક્રમણમાં અનુચિત પ્રવૃત્તિ કરી સમ્યગ્દૃષ્ટિ દેવતાઓની આશાતના કરે છે. તેથી મિચ્છા મિ દુક્કડં દેઈ ખમાવશે તો મથુરાક્ષપક સાધુની પેઠે આરાધક થશે, અન્યથા વિરાધકભાવે પ્રવર્તશે તો એમનો શો દોષ ? એમના કર્મનો ભારે દોષ સમજીશું. તથા વિક્રમ સંવત ૧૩૬૩માં વર્તમાન બૃહત્ ખરતરગચ્છનાયક શ્રી જિનદત્તસૂરિ સંતાનીય શ્રી જિનસિંહસૂરિજી શિષ્ય શ્રી જિનપ્રભસૂરિકૃત વિધિપ્રપામાં પણ પૂજાદિ વિશિષ્ટ કારણે જ શ્રાવકને ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કરવી કહી છે :

તઓ કયમુહકોસો પુવ્વુત્તનિમ્મલ્લાવણયણનિમ્મજણાઇ વિહિણા એગગ્ગમણો મંગલદીવય પજ્જંતે સંપૂયં કરેઇ તઉ ઓક્કોસેણં દેવાઓં સટ્ઠિહત્થમિત્તે જહન્નેણં નવ હત્થેણં નવ હત્થુમિત્તિ મજ્ઝિમઉ અંતરાલે ઉચ્ચિય અવગ્ગહે વાઊણ તિખુત્તો વચ્છાઇ પમજ્જિય ભૂમિભાગે છઉમત્થ-સમોસરણત્થ-મુક્ખત્થરૂવમવત્થાતિગં ભાવિંતો જિણબિંબનિવેસિય-નયણમાણસો પએ પએ સુત્તત્થસુદ્ધિપરાયણો જહાજોગં મુદ્દાતિગં પડંજંતો *ઉક્કોસમજ્ઝિમજહન્નાહિં ચીવંદણાહિં જહાસંપત્તિ દેવે વંદઇ તાસિં* ચ વિભાગો ઇમો -

नवकारेण जहन्ना दंडगथुईजुयलमज्झिमा नेया ।
उक्कोसा चीवंदण सक्कत्थय पंच निम्माया ॥१॥

तत्थ नवकारो सीसनमणमेत्तं पंचंगपणिवाओ वा अहिगयजिणस्स गुणथुईरूवसिलोगाइरूवो वा नमोक्कारो तेण जहण्णा चीवंदणा होइ तहा दंडगो सक्कत्थयरूवो थुई य थुत्तरूवा एएण जुगलेण मज्झिमा चीवंदणा अहवा दंडगो अरहंतचेइयाणं करेमि काउस्सग्गं इच्छाइ तओ काउस्सग्गं अट्ठोस्सासं काउं पारिय एगा थुई दिज्जई पणिहाण-गाहाओ य मुत्तासुत्तीए पढिज्जंति इत्थमवि मज्झिमा हवई अहवा इरियावहियं पडिक्कमिय वत्थं तेण भूमिं पमज्जिय तत्थ वामजाणुं अंचिय दाहिणजाणुं धरणितले साहट्टु जोगमुद्दाए सिलोगाइ-रूवनमोक्कारं पढिय नमोत्थुणं इच्चाइ पणिवायदंडगं भणिय पच्छा पमज्जिय उट्ठिय जिणमुद्दं विरइय अरहंतचेइयाणं ति ठवणारिहंत-त्थयदंडगं पढिय अट्ठोस्सासं काउस्सग्गं करिय अरिहंतनमोक्कारेण पारिय अहिगयजिणत्थुइं दाउं लोगस्स उज्जोयगरे इच्चाइ नामारिहंत-त्थयदंडगं पढित्ता सव्वलोए अरिहंत चेइयाणं ति दंडगं भणिय तहेव उस्सग्गे कए पारिए य सव्वजिणथुई दिज्जई तओ पुक्खरवरदीवड्ढे इच्चाइ सुयस्स भगवओ करेमि काउस्सग्गं वंदणवत्तियाए इच्चाइ भणिय तहेव उस्सग्गे कए पारिए य सिद्धंतथुई दिज्जई तओ सिद्धाणं बुद्धाणं इच्चाइ सिद्धत्थयं पढिऊण वेयावच्चगराणं इच्चाइ भणितु तहेव उस्सग्गे कए पारिएय सरस्सईकोहंडिमाइं वेयावच्चगराणं थुई दिज्जईइत्थ पढमचउत्थथुईओ नमोऽर्हत्सिद्धा. इच्चाइ भणिऊणं दिज्जंति इत्थीओ य एयं न भणंति तओ जाणूहिं ठाउं जोडियहत्थो सक्कत्थयदंडगं भणित्तु पंचंगपणिवाएकए जावंति चेइयाइं इच्चाइ गाहं पढित्ता खमासमणं दाउं जावंत केवि साहू इइ गाहं भणिय नमोऽर्हत्सिद्धा इच्चाइ पढिय जोगमुद्दाए महाकविरइयं गंभीरत्थं

अट्ठसहस्स लक्खणोववन्नसरीरपरीसहोवसग्गासहणाइ किरियानाणाइ गुणवन्नणा-कलियं पावनिवेयणगब्भं पणिहाणसारं विचित्तसद्दत्थं पवरथुत्तं भणित्ता मुत्तासुत्तीमुद्दाए जयवीयराय इच्चाइ पणिहाण-गाहादुगं पढइ तओ आयरियाई वंदिज्जंति इत्थ पक्खे दंडगापंच थुईओं चत्तारि एएण जुयलेण मज्झेमत्ति नेयं ॥

चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइं जत्थ पच्छिमउ ।
पायाणमंतरालं, एसा पुण होइ जिणमुद्दा ॥१॥
अन्नोन्नंतरिअंगुलि, कोसागारेहिं दोहिं हत्थेहिं ।
पिट्ठोवरिकुप्पर संठिएहिं तह जोगमुद्दत्ति ॥२॥
मुत्तासुत्तीमुद्दा, समाजहिं दोवि गब्भिया हत्था ।
ते पुण निलाडदेसे, लग्गा अन्ने अलग्गत्ति ॥३॥

एसा विमज्झिमा चीवंदणा उक्कोसा सक्कत्थयपणगेण तं चेवं पढमं सिलोगाइरूवो नमोक्कारे भणित्ता सक्कत्थयं भणिय उट्ठिय इरियावहियं पडिक्कमिय पूव्वं व नमोक्कारे सक्कत्थयं च भणिय उट्ठिय अरिहंतचेईयाणं इच्चाइ दंडगेहिं चउरो थुईओ दाउं पुण सक्कत्थयं भणिय उट्ठिय अरिहंतचेइयाणं इच्चाइ दंडगेहिं पुणरवि चउरो थुईउ दाउं पुणो सक्कत्थयं भणिय जावंति चेइयाइं इच्चाइगाहादुगं भणित्ता नमो-ऽर्हत्सिद्धा इच्चाइ भणणपव्वं थोत्तं भणिय पुणो सक्कत्थयं पढिय पणिहाणगाहादुगं तहेव भणइ इति चीवंदणविहि ।छ। एवमन्नयराए चीवंदणाए देवे वंदिय तओ आयरियाईण खमासमण दाऊण देवस्स पुरउ गीयवाइयनट्टाईभावपूयं काऊण दट्ठूण वा चेईयवंदणत्थमागए सुविहिए वंदिय सइपच्छा वेतेसिं समीवे धम्मोवएसं सुणिय जिणभवणकज्जाणं देवदव्वस्सयत्ति काऊण धोवत्तियं मुत्तूण सुकयत्थ अप्पाणं मन्नंतो पूयासुकयमणुमोइंतो जहोचियं दीणाईण दाणं दिंतो नियघरमागच्छिज्जा ॥"

ત્યાર પછી તે શ્રાવક મુખે મુખકોષ બાંધી પૂર્વ નિર્માલ્ય દૂર કરી એટલે પ્રમાર્જી પ્રતિમાની પૂર્વરચિત પૂજા નિર્માલ્ય ઊતારી નવણાદિક વિધિએ એકાગ્રચિત્તે મંગળદીપ પર્યંત સંપૂર્ણ પૂજા ભલી રીતે કરે. ત્યાર પછી ઉત્કૃષ્ટો પ્રતિમાથી સાઠ હાથ દૂર તથા જઘન્યે નવ હાથ એટલે દસથી ઓગણસાઠ પર્યંત અથવા ઉચિતાવગ્રહે રહી ત્રણ વાર વસ્ત્રાદિકે ભૂમિભાગ પૂંજીને (૧) છદ્મસ્થ (૨) સમવસરણસ્થ અને (૩) મોક્ષસ્થ રૂપ ત્રણ અવસ્થા ભાવતો થકો પદે પદે સૂત્ર અને અર્થની શુદ્ધિમાં તત્પર રહ્યો છતો યથાયોગ્ય મુદ્રાત્રિક પ્રયુંજતો થકો એટલે કરતો થકો ઉત્કૃષ્ટ-મધ્યમ-જઘન્ય ચૈત્યવંદનાએ યથાસંપત્તિએ વિધિએ કરી દેવ વાંદે યથા અવસર જાણી, તે વંદનાનો વિભાગ એમ છે.

તેમાં નમસ્કાર તે મસ્તક નમાવવામાત્ર અથવા પંચાંગ પ્રણિપાત અથવા અધિકૃત જિનના ગુણસ્તુતિરૂપ શ્લોકાદિરૂપ નમસ્કાર, તેણે કરી જઘન્ય ચૈત્યવંદના હોય. અથવા દંડક અરિહંતચેઈયાણં ઈત્યાદિ કહી પછી આઠ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે તે પારીને એક થોય કહે અને પ્રણિધાન ગાથાઓ મુક્તાશુક્તિમુદ્રાએ કહે એમ પણ મધ્યમ ચૈત્યવંદના હોય અથવા ઈરિયાવહી પડિક્કમીને વસ્ત્રના છેડાથી ભૂમિ પ્રમાર્જીને ત્યાં ડાબો ઢીંચણ ઈષત્ (સ્હેજ) ઊંચો કરીને જમણો ઢીંચણ ભૂમિએ સ્થાપીને યોગમુદ્રાએ શ્લોકાદિરૂપ નમસ્કાર પઢીને નમુત્થુણં પ્રણિપાતદંડક પઢીને પછી પ્રમાર્જી ઊઠીને જિનમુદ્રાએ અરિહંત ચેઈયાણં એ સ્થાપનાઅરિહંતનો સ્તવદંડક પઢીને આઠ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરીને નમસ્કારે પારીને અધિકૃત જિનસ્તુતિ પઢીને લોગસ્સ ઈત્યાદિ નામઅરિહંતનો દંડક પઢીને સવ્વલોએ અરિહંત ચેઈયાણં એ દંડક ભણીને તેમજ કાઉસ્સગ્ગ કરી પારીને સર્વ જિનની થોય કહે. ત્યારપછી પુક્ખરવરદી ઈત્યાદિ શ્રુતસ્તવ કહીને સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ ઈત્યાદિ કહીને તેમજ કાઉસ્સગ્ગ પારીને સિદ્ધાંતની થોય કહે. ત્યારપછી સિદ્ધાણં બુદ્ધાણં ઈત્યાદિ સિદ્ધસ્તવ કહીને વેયાવચ્ચગરાણં એ કહીને તેમજ કાઉસ્સગ્ગ કરી પારીને સરસ્વતી-કોહંડિ પ્રમુખ વેયાવચ્ચગરાણંની થોય કહે. અહીં પહેલી અને ચોથી થોય

નમોડર્હત્સિદ્ધા કહીને કહે. સ્ત્રીઓ વળી એ ન કહે. ત્યારપછી બે હાથ જોડી ઢીંચણ સ્થાપી શક્રસ્તવ દંડક કહીને પંચાંગપ્રણિપાત કરીને જાવંતિ ચેઈયાઇં ઇત્યાદિ ગાથા ભણીને ખમાસમણ દેઈ જાવંત કેવિ સાહૂ એ ગાથા કહીને નમોડર્હત્સિદ્ધા ઇત્યાદિ કહીને જોગમુદ્રાએ મહાકવિરચિત, ગંભીરાર્થ, એક હજાર આઠ લક્ષણોપેત શરીર સહિત, પરીષહ-ઉપસર્ગસહનાદિક ક્રિયા-જ્ઞાનાદિક ગુણવર્ણન સહિત, પોતાના પાપનિવેદનગર્ભિત, પ્રણિધાનસાર વિવિધ શબ્દાર્થ છે જેમાં એવો ભલો સ્તોત્ર કહીને મુક્તાશુક્તિમુદ્રાએ જયવીયરાય ઇત્યાદિ પ્રણિધાનની બે ગાથા ભણે. **"तओ आयरियाई वंदिज्जति"** એટલે પછી આચાર્યાદિકને વાંદે. અહીં પક્ષમાં દંડક પાંચ, થોય ચાર એ જુગલે કરી મધ્યમ વંદના જાણવી. ગાથાર્થ પૂર્વવત્. એ પણ મધ્યમ ચૈત્યવંદના ઉત્કૃષ્ટવાળે શક્રસ્તવ પાંચે કરી હોય, તે વળી એમ પહેલા શ્લોકાદિરૂપ નમસ્કાર શક્રસ્તવ કહીને ઊભો થઈ અરિહંત ચેઈયાણં ઇત્યાદિ દંડકો કરી ચાર થોય કહી વળી શક્રસ્તવ કહી ઊઠીને અરિહંત ચેઇયાણં ઇત્યાદિ દંડકો કરી વળી ચાર થોય કરીને વળી શક્રસ્તવ કહીને જાવંતિ ચેઈયાઇં ઇત્યાદિ બે ગાથા કહીને નમોડર્હત્સિદ્ધા ઇત્યાદિ કહેવાપૂર્વક સ્તોત્ર ભણીને વળી **पुणो सक्कत्थयं** એટલે શક્રસ્તવ કહીને પ્રણિધાનની ગાથા બે તેમ જ કહે એ ચૈત્યવંદ વિધિ. તે માંહેલી હરેક વંદણાએ દેવ વાંદીને પછી આચાર્યાદિકને ખમાસમણ દેઈને દેવાધિદેવની આગળ નૃત્યાદિક ભાવપૂજા કરીને ચૈત્યવંદનાર્થે આવેલા સુવિહિત મુનિને દેખીને તેમને વંદન કરી પ્રસ્તાવ છતા તેમની સમીપે ધર્મોપદેશ સાંભળી જિનભુવન કાજે દેવદ્રવ્યની તૃપ્તિ કરીને ધોતી પ્રમુખ પૂજાનાં વસ્ત્ર મૂકીને આત્માને સુકૃત માનતો પૂજા સુકૃત્ય અનુમોદના કરી યથોચિત દીન-અનાથાદિકને દાન આપીને પોતાને ઘેર આવે.

તથા વિક્રમ સંવત ૧૭૩૮માં વર્તમાન શ્રી આનંદસૂરિગચ્છમાં શ્રી વિજયાનન્દસૂરિજીના શિષ્ય મહોપાધ્યાય શ્રી માનવિજયજી કૃત સ્વોપજ્ઞ ધર્મસંગ્રહવૃત્તિમાં પણ પૂજાદિ વિશિષ્ટ કારણે ચોથી થોય સહિત ત્રણ થોયના દેવવંદન કહ્યાં છે. તે પાઠ :

ततो गौशीर्षचंदनरसेन पंचांगुलितलैर्मंडलालेखनादि पुष्पप्रकरारात्रिकादि गीतनृत्यादि च कुर्यात् सर्वमप्येतदग्रपूजैव । यद्भाष्यं -

गंधव्वनट्टवाइअ लवणजलारत्तिआइ दीवाई ।
जं किच्चंतं सव्वंपि ओअरइ अग्गपूआए ॥१॥

इत्यग्रपूजा । भावपूजा तु जिनपूजाव्यापारनिषेधरूपतृतीयनैषेधिकीकरणपूर्वं जिनाद्दक्षिणदिशि पुमान् स्त्री तु वामदिशि आशातनापरिहारार्थं जघन्यतोऽपि संभवे नवहस्तमानादसंभवे तु हस्तहस्तार्द्धमानादुत्कृष्टतस्तु षष्ठिहस्तमानादवग्रहाद्बहिः स्थित्वा चैत्यवन्दनां विशिष्टस्तुत्यादिभिः कुर्यात् । आह च -

तइआ उ भावपूआ, ठाउं चिइवंदणोचिए देसे ।
जहसंत्तिचित्तथुई, थुत्तमाइणा देववंदणयं ॥१॥

निशीथेऽपि "सो उ गंधारसावओ थयथुईहिं थुणं तो तत्थ गिरिगुहाए अहोरत्तनिवसिओं ॥१॥" तथा वसुदेवहिंडौ - "वसुदेवो पच्चुसे कयसमत्तसावयसामाइयाई नियमो गहीय पच्चक्खाणो कयकाउसग्गथुईवंदणो"त्ति । एवमनेकात्र श्रावकादिभिरपि कायोत्सर्गस्तुत्यादिभिश्चैत्यवन्दना कृतेत्युक्तं सा च जघन्यादिभेदात् त्रिधा । यद्भाष्यं -

नमुक्कारेण जहन्ना चिइवंदणमज्झदंडथुई जुअला ।
पणदंड थुईचउक्कग थयपणिहाणेहिं उक्कोसा ॥१॥

व्याख्या - नमस्कारेणांजलिबंधशिरोनमनादिलक्षणप्रणाममात्रेण यद्वा नमो अरिहंताणमित्यादिना अथवैकश्लोकादिरूपनमस्कारपाठपूर्वकनमस्क्रियालक्षणेन करणभूतेन जातिनिर्देशाद्बहुभिरपि नमस्कारैः क्रियमाणा जघन्या स्वल्पा पाठक्रिययोरल्पत्वाद्वंदना भवतीति गम्यं । प्रणामः पंचधा -

एकांगः शिरसो नामे, स्याद्द्व्यंगः करयोर्द्वयोः ।
त्रयाणां नामने त्र्यंगः, करयोः शिरस्तथा ॥१॥
चतुर्णां करयोर्जान्वोर्नमनं चतुरंगकः ।

शिरसः करयोर्जान्वोः, पंचांगः पंचनामने ॥२॥ इति ।

तथा दंडकश्चारिहंतचेइआणमित्यादि चैत्यस्तवरूपस्तुतिः प्रतीता या तदंते दीयते तयोर्युगलं युग्ममेते एव वा युगलं मध्यमा एतच्च व्याख्यानमिमां कल्पगाथामुपजीव्य कुर्वन्ति । तद्यथा -

निस्सकडमनिस्सकडे वि चेइए सव्वहिं थुइ तिण्णि ।

वेलंबचेइआण वि नाउं एक्किक्कि या वावि ॥१॥

यतो दंडकावसाने एकास्तुतिर्दीयते इति दंडकस्तुतियुगलं भवति २ तथा पंचदंडकैः शक्रस्तवः[१] चैत्यस्तव[२]नामस्तव[३]श्रुतस्तव[४]सिद्धस्तवाख्यैः[५] स्तुतिचतुष्टयेन स्तवनेन जयवीयरायेत्यादिप्रणिधानेन च उत्कृष्टा इदं च व्याख्यानमेके -

तिन्नि वा कड्ढई जाव, थुईओं तिसिलोइआ ।

ताव तत्थ अणुण्णायं, कारणेण परेण वा ॥१॥

इत्येतां कल्पगाथां परिणाहं मुत्तसुत्तीए इति वचनमाश्रित्य कुर्वन्ति ३ वंदनकचूर्णावप्युक्तं च चेइअवंदणं जहन्नमज्झिमुक्कोसभेदतो तिविहं जतो भणिअं ।

नवकारेण जहन्ना, दंडगथुईजुगल मज्झिमा नेया ।

सम्पुन्ना उक्कोसा, विहिणा खलु वंदणा तिविहा ॥१॥

तत्थ नवकारेण एगसिलोगोच्चारणतो पणामकरणेण जहण्णा तहा अरिहंत चेईयाणमिच्चाइदंडगं भणित्ता काउस्सग्गं पारित्ता थुई दिज्जइ त्ति दंडगस्स थुईए अ जुअलेणं दुगेणं मज्झिमा भणियं च कप्पे -

निस्सकडमनिस्सकडे वि, चेइए सव्वहिं थुइ तिण्णि ।

वेलंबचेइआणि य, नाउं एक्किक्कि या वावि ॥१॥

तहा सक्कत्थयाइदंडगपंचग थुईचउक्क पणिहाणकरणतो संपुण्णा एसा उक्कोसत्ति ।

अन्ने बिंति इगेणं सक्कत्थएणं जहन्नवंदणया ।

तदुगतिगेण मज्झा, उक्कोसा चउहिं पंचहिं वा ॥१॥

ત્યારપછી ગૌશીર્ષચંદને કરીને પાંચ આંગળીઓના ટેરવાથી મંડલ આલેખનાદિ કરી, પુષ્પના સમૂહથી પુષ્પપૂજા કરી, આરતી, ગીત-નૃત્ય વગેરે કરવાં એ પણ સર્વે અગ્રપૂજા જાણવી. તેમજ ભાષ્યમાં કહ્યું છે - ગીત-નાટક-વાજિંત્ર-મીઠું-જળ-આરતી-મંગળદીવો વગેરે જે કૃત્ય તે સર્વે પણ અગ્રપૂજા અંતર્ગત જાણવાં. ઈતિ અગ્રપૂજા એટલે અંગપૂજા કહીને એ બીજી અગ્રપૂજા કહી. પછી જિનપૂજાવ્યાપારનિષેધરૂપ તૃતીય નિસિહી કરવાપૂર્વક ભાવપૂજા કરવી. તેમાં જિનથી જમણી બાજુએ પુરુષ અને ડાબી બાજુએ સ્ત્રી રહે, આશાતના વર્જવાને અર્થે, અવગ્રહ સંભવ છતે જઘન્યથી પણ નવ હાથ અને અવગ્રહ અસંભવ છતે હાથ અર્ધ હાથ માનથી, ઉત્કૃષ્ટ વળી સાઠ હાથ માન અવગ્રહ બહાર રહીને સ્તુત્યાદિકે કરીને વિશેષ ચૈત્યવંદના કરવી. કહ્યું છે કે - ત્રીજી વળી ભાવપૂજા તે ચૈત્યવંદના, તે ઊંચા દેશે રહી યથાશક્તિએ વિચિત્ર સ્તુતિ-સ્તવાદિકે કરીને દેવ વાંદવા ॥૧॥ નિશીથચૂર્ણિમાં પણ કહ્યું છે - તે ગંધારશ્રાવક સ્તવ-સ્તુતિઓએ સ્તવન કરતાં ત્યાં ગિરિગુફામાં અહોરાત્ર રહ્યો. તથા વસુદેવહિંડિમાં પણ કહ્યું છે - વસુદેવે સવારના સમયમાં સામાયિક વગેરે નિયમ કરી સમ્યક્ત્વ, શ્રાવકની કરણી કરીને પચ્ચક્ખાણ લઈ સ્તુતિ-વંદન-કાયોત્સર્ગ કર્યો. એમ અનેક અહીં પૂજામાં શ્રાવકાદિકોએ પણ કાયોત્સર્ગ-સ્તુત્યાદિકોએ કરીને ચૈત્યવંદના કરી. એ કહ્યું તે ચૈત્યવંદના જઘન્યાદિ ભેદથી ત્રણ પ્રકારની લઘુભાષ્યમાં કહી છે. "**नमुक्कारेण**" ઈત્યાદિ ગાથા.

તેની વ્યાખ્યા : નમસ્કારે તે અંજલિ બાંધી શિર નમાવવારૂપ લક્ષણ પ્રણામમાત્ર કરીને અથવા નમો અરિહંતાણં ઈત્યાદિ પાઠથી અથવા એક-બે શ્લોકાદિરૂપ નમસ્કારપાઠપૂર્વક નમસ્ક્રિયાલક્ષણરૂપ કરણભૂત કરીને જાતિના નિર્દેશથી બહુ નમસ્કારે કરીને કરાતી જઘન્ય ચૈત્યવંદના પાઠક્રિયાના અલ્પ હોવાથી હોય છે એમ જાણવું. પ્રણામ છે તે પાંચ પ્રકારના છે. માથું નમાવે તો એકાંગ પ્રણામ. બે હાથ નમાવે બેઅંગ પ્રણામ. મસ્તક અને બે હાથ નમાવવાથી ત્રણઅંગ પ્રણામ, બે હાથ અને બે જાનુ કહેતાં સાથળ, તે ચાર અંગ તેને નમાવવાથી ચારઅંગ પ્રણામ. માથું, બે હાથ અને બે

જાનુ કહેતાં સાથળ એ પાંચ અંગ નમાવવાથી પંચાંગ પ્રણામ હોય. ॥૧॥

તથા દંડક અરિહંતચેઈયાણં ઈત્યાદિ ચૈત્યસ્તવરૂપ સ્તુતિ પ્રસિદ્ધ છે તે તેમને અંત કહેવાય છે તે બેઉ યુગલ અથવા એ બેઉનું યુગલ એ મધ્યમ ચૈત્યવંદન છે એ વ્યાખ્યાન આ કલ્પભાષ્યગાથા આશ્રિત થઈને કરે છે. તે જ કહે છે. નિસ્સકડ ઈત્યાદિ ગાથાનો અર્થ પૂર્વ પેઠે જાણવો. તે માટે દંડકના અવસાનમાં (અંતમાં) એક થોય જે કરાય છે એ દંડકસ્તુતિયુગલ થાય છે. ॥૨॥

તથા પાંચ દંડક શક્રસ્તવ ૧ ચૈત્યસ્તવ ૨ નામસ્તવ ૩ શ્રુતસ્તવ ૪ અને સિદ્ધસ્તવ ૫ એ પાંચ દંડકોએ કરીને અને થોય ચાર કરીને સ્તવન કહેવું, જયવીયરાય ઈત્યાદિ પ્રણિધાને કરીને, એ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના છે. એવું વ્યાખ્યાન કોઈ કરે છે. તિન્નિ વા ઈત્યાદિ ગાથાર્થ પૂર્વવત્. **पणिहाणं मुत्तसुत्तीए** એ કલ્પગાથા વચનઆશ્રિત થઈને કરે છે. ॥૩॥

વંદનકચૂર્ણિમાં પણ કહ્યું છે તે ચૈત્યવંદના જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ભેદથી ત્રણ પ્રકારે છે. તે વાસ્તે કહ્યું છે **नवकारेण जहन्ना** ઈત્યાદિ ગાથા. ત્યાં નવકાર એક શ્લોક ઉચ્ચારણથી પ્રણામ કરવે કરીને જઘન્ય ચૈત્યવંદના હોય. તથા અરિહંત ચેઈયાણં ઈત્યાદિ દંડક પઢીને કાયોત્સર્ગ પારીને થોય કહે છે તે દંડક અને થોય યુગલ બેએ કરીને મધ્યમચૈત્યવંદના હોય. કહ્યું છે કલ્પમાં નિસ્સકડ ગાથાથી તથા શક્રસ્તવાદિ દંડક પાંચ અને થોય ચાર પ્રણિધાન કરવાથી એ સંપૂર્ણ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના હોય. અન્ય આચાર્ય કહે છે કે એક શક્રસ્તવે કરીને જઘન્ય ચૈત્યવંદના, બે-ત્રણ શક્રસ્તવે કરીને મધ્યમ ચૈત્યવંદના અને ચાર-પાંચ શક્રસ્તવે કરીને ઉત્કૃષ્ટ ચૈત્યવંદના છે. ॥૧॥

એ પાઠમાં કલ્પભાષ્યોક્ત ત્રણ થોયથી મધ્યમ ચૈત્યવંદના કહી અને પૂજા અધિકારમાં વંદનાના પ્રકાર બતાવવાથી ચોથી થોય સહિત ત્રણ થોયની ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. એ ધર્મસંગ્રહપ્રકરણ સ્વોપજ્ઞવૃત્તિ શ્રી હીરસૂરીશ્વરજી પટ્ટે શ્રી સેનસૂરીશ્વરજી તત્પટ્ટે શ્રી વિજયતિલકસૂરિજી તત્પટ્ટે વિજયાનંદસૂરિજીના તત્પટ્ટે વર્તમાન શ્રી વિજયરાજસૂરિજીને વારે શ્રી

વિજયાનંદસૂરિજીના શિષ્ય પંડિત શ્રી શાંતિવિજયગણિ તચ્છિષ્ય મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિકૃત છે. પણ આત્મારામજી આનંદવિજયજી ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ-૯૮માં આ ધર્મસંગ્રહ પ્રકરણ શ્રી હીરવિજયસૂરિજીના શિષ્યના શિષ્ય શ્રીમાનવિજય ઉપાધ્યાયજી વડે રચાયેલું છે એવું લખે છે તે મિથ્યા છે. કેમ કે શ્રી હીરસૂરિજીના શિષ્યના શિષ્ય તો શ્રી વિજય તિલકસૂરિજી થયા અને માનવિજયજી ઉપાધ્યાયજી તો શ્રી શાંતવિજય ગણિના શિષ્ય છે તેથી શ્રી હીરસૂરિજીસંતાનીય લખવા જોઈએ. તથા ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ-૮૮માં ધર્મસંગ્રહનો પાઠ લખ્યો છે તેમાં પૂજાના પાઠમાં સંલગ્ન ત્રણ ભેદનો પાઠ છે તે છોડીને નિઃકેવળ ચૈત્યવંદનાના ભેદનો પાઠ લખ્યો તે તો ભોળા જીવોને ભરમાવવાને છલ કરી પ્રતિક્રમણમાં ચોથી થોય સ્થાપવાને આત્મારામજીએ લખ્યો હોય એમ સંભવે છે, પણ એવા જૂઠા છલ સંયમી સત્યવાદી તો કદી ન કરે. તોપણ પોતાની મતિકલ્પનાએ શ્રી સંઘાચારવૃત્તિમાંથી અન્ય અન્ય સ્થળના પાઠના ખંડ કરી-કરીને કલ્પિત નવો પાઠ બનાવીને તથા નવ ભેદની ચૈત્યવંદનાનો કલ્પિત યંત્ર બનાવીને શ્રી ધર્મસંગ્રહના પાઠ સાથે પ્રક્ષેપ કરી મહામોટો અન્યાય ઉપાર્જન કરવા ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ-૧૦માં આત્મારામજી આનંદવિજયજી લખે છે તેવી રીતનો પાઠ તથા યંત્ર ધર્મસંગ્રહ તથા સંઘાચારવૃત્તિમાં નથી. તોપણ તે કલ્પિત પાઠ ભવ્યજીવોને જાણ કરવાને માટે લખીએ છીએ. તેથી બુદ્ધિવંતોને માલુમ પડશે કે એવા મોટા અન્યાય પૂર્વે કોઈએ કર્યા નથી, કરે નહીં અને કરશે પણ નહીં. તેવા મોટા અન્યાય આત્મારામજી કરે છે.

तथा च तत् कल्पितपाठः -

संघाचारवृत्तौ चैतद्गाथा व्याख्याने बृहद्भाष्यसंमत्या नवधा चैत्यवन्दना व्याख्याता तथा च तत्पाठलेशः एतावता तिहाओ वंदणयेत्याद्यद्वारगाथागतनुशब्दसूचितं नवविधत्वमप्युक्तं द्रष्टव्यं । उक्तं च बृहद्भाष्ये -

चेइवंदणा तिभेआ जहन्नेआ मज्झिमा य उक्कोसा ।

इक्किक्का वि तिभेया, जहण्णमज्झिमि अ उक्कोसा ॥१॥
नवकारेण जहन्ना इच्चाई जं च वण्णिआ तिविहा ।
नवभेआणा इमेसिं नेअं उवलक्खणं तं तु ॥२॥
एसा नवप्पयारा आइणा वंदणा जिणमयंमि ।
कालोचिअकारीणं अणुग्गहत्थं सुहंसव्वा ॥३॥ इतिगाथा बृहद्भाष्ये ।
एगनमुक्कारेणं चिइवंदणया जहन्न य जहन्ना ।
बहुहिं नमुक्कारेहिं अन्नेआ उ जहन्नमज्झिमिया ॥१॥
सच्चियसक्कत्थयं ता जहन्नउक्कोसिआ मुणेअव्वा ३।
नमुक्काराइचिईदंडगथुइ मज्झिमजहन्ना ४ ॥२॥
मंगलसक्कत्थयचिइदंडगथुईहिं मज्झममज्झिमिया ५ ।
दंडगपंचगथुईजुगलपाटओ मज्झिमुक्कोसा ६ ॥३॥
उक्कोसजहन्ना पुण सच्चिअसक्कत्थयाइ पज्जंता ७ ।
जा थुईजुअलदुगेणं दुगुणिअ चिइवंदणाइ पुणो ॥४॥
उक्कोसमज्झिमा सा ८, उक्कोसुक्कोसिआ य पुणमेआ ।
पणिवायपणगपणिहाण तिअगथुत्ताइसंपुण्णा ९ ॥५॥
सक्कत्थओ अ इरिआ, दुगुणिय चिइवंदणाइं तह तिन्नि ।
थुत्तपणिहाणसक्कत्थओ अ इअ पंच सक्कत्थया ॥६॥
उक्कोसा तिविहाविहु, कायव्वा सत्तिओं उभयकालं ।
सेसा पुण छब्भेया, चेअइपरिवाडिमाईसु ॥७॥ इति ।

આ કલ્પિત પાઠની ભાષા ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ-૯૪માં લખી છે તેમાં **"तहा सक्कत्थयाइ दंडग"** ઇત્યાદિ વંદનચૂર્ણિનો પાઠ શ્રી ધર્મસંગ્રહમાં લખ્યો છે તે પાઠ પાઠદંડકરૂપે છે, પણ કાવ્યબંધ ગાથારૂપે નથી, કેમ કે જયાં કાવ્યબંધ ગાથા સ્વરૂપે પાઠ છે ત્યાં ગ્રંથકાર એક-બે ઇત્યાદિ સંખ્યા મૂકે છે. તેમ એ પાઠમાં સંખ્યાંક મૂક્યો નથી. વળી ગાથાની માત્રા પણ મળતી નથી. તેથી **"तहा सक्कत्थयाइ"** એ ગાથા નથી, તોપણ આત્મારામજીએ પોતાનો કલ્પિત પાઠ શ્રી ધર્મસંગ્રહમાં પ્રક્ષેપ કર્યો. તેને

એ પાઠની સાથે સરખાવી કરવાને લખે છે કે "तथा संघाचारवृत्ति में इस गाथा के व्याख्यान में बृहद्भाष्य की सम्मति से नव प्रकार की चैत्यवन्दना कही है, तथा च तत्पाठो लेशः" આ લેખ દેખી અમે ધર્મસંગ્રહની પ્રત આદ્યોપાંત દેખી, તેમાં "**तहा सक्कत्थयाइ**" એ પાઠ દંડકરૂપે દીઠો, પણ ગાથારૂપે દીઠો નહીં. તથા "**तं च चेइयवंदणं**" ઇત્યાદિથી "**अन्ने बिंति**" એ ગાથા પર્યંત વંદનકચૂર્ણિનો પાઠ દેખવામાં આવ્યો, પણ "**तहा सक्कत्थयाइ**" ઇત્યાદિ પર્યંત પાઠ દેખવામાં આવ્યો નહીં. અને "**संघाचार-वृत्तौ चैतद्गाथाव्याख्याने**" ઇત્યાદિથી યાવત્ "**उक्कोसा**" ઇત્યાદિ ગાથા તથા યંત્ર પર્યંત આત્મારામજીના લખેલા પાઠનો લેશ પણ દેખવામાં ન આવ્યો. ત્યારે વિચાર કર્યો જે શ્રી સરસ્વતીજીએ જેમને પ્રત્યક્ષ થઈને ન્યાયશાસ્ત્ર, વિદ્યા અને કાવ્ય રચવાનું વરદાન દીધું અને જેમને કાશીમાં સર્વ પંડિતોએ મળીને ન્યાયવિશારદ, ન્યાયાચાર્યની પદવી દીધી અને જેમણે અતિ અદ્‌ભૂત જ્ઞાનગર્ભિત એવા નવીન સો ગ્રંથો રચ્યાં, વળી જેમણે અનેક કુમતિઓના પરાજય કીધા અને વળી દુષ્કાર ક્રિયા કરી ષટ્‌શાસ્ત્ર-તર્કાલંકારના વેત્તા એવા શ્રીમદ્ ઉપાધ્યાય શ્રી યશોવિજય ગણિજી પાસે એ ધર્મસંગ્રહ ગ્રંથ વૃત્તિ સહિત શોધાવીને ગ્રંથકર્તાએ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. તેથી એ ગ્રંથની પ્રતોમાં અધિકા-ઓછા પાઠ હોવા ન જોઈએ, તોપણ બીજી પ્રત સાથે મેળવી લેવું જોઈએ. ત્યારે શ્રી અમદાવાદમાં પગથિયાના ઉપાશ્રયમાં શ્રી અમૃતવિમલજી પાસેથી શ્રી ધર્મસંગ્રહની જૂની પ્રત સ્વોપજ્ઞવૃત્તિ સહિત મંગાવીને જોઈ તો તેમાં પણ ઉપર લખેલા પાઠનો તથા યંત્રનો લેશ ન દેખ્યો. ત્યારે વિચાર્યું જે આત્મારામજીને ઠેક-ઠેકાણે છલ કરવાની આદત ઘણી છે. તેથી અહીં પણ છલ કરીને ધર્મસંગ્રહના પાઠમાં લાગતો શ્રી સંઘાચારવૃત્તિનો પાઠ લખ્યો હશે, ત્યારે શેઠ ઉમાભાઈ હઠીસિંહનજીના જ્ઞાનભંડારથી તથા વિદ્યાશાળાથી શ્રી સંઘાચારવૃત્તિની પ્રત મંગાવી તે પણ આદ્યોપાંત જોઈ. તેમાં "**सक्कत्थयाइ-दंडगपंचग-थुईचउक्कग-पणिहाणकरणाउ उक्कोसत्ति**" એવો ચૈત્યવંદનમાં ચૂર્ણિનો

પાઠ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાની સાક્ષીને અર્થે ટીકાકારે લખ્યો છે, પણ વ્યાખ્યાન કર્યું નથી અને "**तहा सक्कत्थयाइदंडगपंचग-थुईचउक्क-पणिहाणकरणतो संपुण्णा एसा उक्कोसत्ति**" એવો વંદનકચૂર્ણિનો ટીકાકારે પાઠ જ લખ્યો નથી, તો વ્યાખ્યાન તો ક્યાંથી હોય જ ! એટલી તપાસ કરતાં નિશ્ચય થયું કે આત્મારામજીએ પાઠ લખ્યો નથી પણ ટીકાકારે ત્રણ પ્રકારની ચૈત્યવંદનામાં નવ પ્રકારની ચૈત્યવંદનાની સૂચના કરવા અન્ય અન્ય ગ્રંથના પાઠ લખ્યાં છે તે પાઠોને ચકલીની પાછળ કરીને આત્મારામજીએ કલ્પિત પાઠ બનાવી પોતાનો મનકલ્પિત એકાંતે ચોથી થોયથી નવધા ચૈત્યવંદનાનો યંત્ર બનાવ્યો તેને સ્થાપન કરવાને ધર્મસંગ્રહના પાઠને સંલગ્ન છલ-કપટ કરીને છપાવ્યો હશે. એમ અમે વિચાર કરી રહ્યા હતાં એવામાં તો ચોરને આગમ ચાંદરણું દેખી શંકા ઉપજે તેમ આત્મારામજીને કોઈ પ્રકારની શંકા ઉપજી તેથી ધર્મસંગ્રહગ્રંથમાં પોતાનો પ્રક્ષેપ કરેલો પાઠ તથા યંત્ર તેની પ્રતનો લહીયા પાસે બીજો ઉતારો કરાવવા મહેસાણાથી પોતાના શિષ્ય શાંતિવિજય પાસે શ્રી અમદાવાદ મોકલી ત્યારે શાંતિવિજયજીએ તે પ્રત લહીયાને લખવાને સોંપ્યા પછી તે લહીયો કેટલે'ક દિવસે કોઈ તેના કામને પ્રયોજને અમારી પાસે આવ્યો, ત્યારે અમે તેને પૂછ્યું કે હમણાં તમે શું લખો છો ? ત્યારે તેણે કહ્યું કે આત્મારામજીનો ધર્મસંગ્રહ લખું છું. ત્યારે અમે તેને કહ્યું કે તે પ્રત અમારે દેખવી છે. ત્યારે તેણે કહ્યું કે શાંતિવિજયજીએ કહ્યું છે કે કોઈને પ્રત દેખાડવી નહીં, એવો તેમનો વિચાર છે. પણ લાવીશ, એવું કહીને ગયો પણ પાછો આવ્યો નહીં. પણ અતિ ઉગ્ર પાપનો ઘડો ફૂટ્યા વિના રહે નહીં, તેથી તે લહીયાની પાસે બીજો લહીયો શ્રી ફુગસીના ભંડારની પ્રત લખતો હતો તે પ્રતની ખબર પૂછવા અમારા સાધુ ગયા હતાં. ત્યારે તે લહીયાને ધર્મસંગ્રહની પ્રત લખતો દેખી કહ્યું કે તમે પ્રત લાવ્યા નહીં ? ત્યારે તેણે કહ્યું કે હું કોઈ કામ સહજથી આવી શક્યો નહીં, પણ તમારે જોવી હોય તો હમણાં દેખી લો. ત્યારે તે ઉતારાની પ્રત અને ઉપરની, બેઉ પ્રત દેખી તો તે બેઉ પ્રતોમાં પાઠ પ્રક્ષેપ કરેલો દીઠો,

પણ જે મહેસાણાથી પ્રત આવેલ હતી તે પ્રતમાં પ્રક્ષેપ કરેલા પાઠનાં પાનાં ટાંકી લીધાં. તે આ પ્રમાણે - પત્ર ૯૯ પૃષ્ઠ બીજાની ઓલી આઠમીથી પત્ર ૧૦૦ પૃષ્ઠ ૧લામાં ઓલી ત્રીજી સુધી. ઉપર લખ્યા પ્રમાણે પ્રક્ષેપ પાઠ દેખી બીજા સાધુ તથા શ્રાવકોને વાત કરી કે આત્મારામજી આવાં આવાં મોટા અકાર્યો કરે છે. ત્યારે તે અવસરમાં સાંભળવાવાળા પુરુષોએ આત્મારામજીને ધિક્કાર શબ્દનો શિરપાવ દીધો. તેમ હવે પણ આ ચતુર્થસ્તુતિકુયુક્તિનિર્ણયછેદનકુઠાર ગ્રંથ વાંચીને અપક્ષપાતી જૈનધર્મરસિક શ્રી તીર્થંકર આજ્ઞા પ્રતિપાલક બુદ્ધિમાનપુરુષ તો ધિક્કાર શબ્દનો શિરપાવ દીધા વિના રહેશે નહીં. અને જે દૃષ્ટિરાગી થઈ પક્ષપાતથી એવાં અયોગ્ય કાર્યની અનુમોદના-પ્રશંસા કરશે તે નિશ્ચેથી શ્રી તીર્થંકરની આજ્ઞાનો ઉત્થાપક થઈને દીર્ઘસંસારી અને અશુભગતિગામી થશે એમાં સંદેહ નથી. તથા આત્મારામજી આનંદવિજયજીને સંઘાચાર્યવૃત્તિનો તાત્પર્યાર્થ પણ માલૂમ થયો હશે નહીં, નહીંતર પોતાના મતનો હાનિકારક સંઘાચારવૃત્તિમાંથી અન્ય અન્ય ગ્રંથના પાઠ કરી-કરીને નવો કલ્પિત પાઠ બનાવી, ધર્મસંગ્રહવૃત્તિમાં શાને ક્ષેપન કર્યો ? કેમ કે **"अन्नोनाभिमुहं किर वसहजुगलं"** ઇત્યાદિ જૈનશાસ્ત્રોના વચનથી યુગલ શબ્દનો અર્થ ચાર થતો નથી અને એ પ્રક્ષેપ પાઠમાં તો બધાં જ યુગલ શબ્દ છે. તેથી સિદ્ધાંતભાષાએ ત્રણ થોયથી જ નવભેદની ચૈત્યવંદના સિદ્ધ થાય છે, પણ ચોથી થોયથી સિદ્ધ થતી નથી. અને સંઘાચારવૃત્તિમાં તો સિદ્ધાંતભાષા ત્રણથોયથી તથા સંકેતભાષાએ ચોથી થોય સહિત ત્રણ થોયથી ભેદની ચૈત્યવંદના વિવરણ કરી છે. તે પ્રસંગે મહાભાષ્યાદિકની સાક્ષીએ કરી નવ ભેદની ચૈત્યવંદના સૂચવી છે. તેમાં સિદ્ધાંતભાષાએ ત્રણ થોયથી નવ ચૈત્યવંદનાનો પાઠ તો પ્રક્ષેપ પાઠ ઉપર લખ્યો તે પ્રમાણે જાણવો અને સંકેતભાપાએ ચોથી થોય સહિત ત્રણ થોય ભેદની તથા સંખ્યાંક સૂચનાએ નવધા ચૈત્યવંદનાનો પાઠ સંઘાચારવૃત્તિમાં આ પ્રમાણે છે :

तत्थ एगनमुक्कारेण वा १ बहुविह २ सक्कत्थएण वा जहन्ना ।
इरियानमुक्काराईपणिहाणं तेण वि इगेणं ॥६॥

सच्चियइगं चूलथुई उज्जोयगरं ति याव २ मज्झिमिया ।
पणदंडथुईचऊ वा, पणिहाणविणत्ति जं भणियं ॥७॥
"निस्सकडमनिस्सकडेत्यादि" ॥८॥
सक्कत्थयचिइवंदण-थय-नामथयाइ तिन्निथुईदंडा ।
एवं पणदंडा चउ-चूलथुईजुयाअंत सक्कत्थयं ॥९॥
सा थयपणिहाणंता उक्कोसा दुगुणपंचदंडं वा ।
पणसक्कत्थया वा थयपणिहाणत्तिय थुई तिगंता ॥१०॥
भणितं च -
दुब्भिगंधमलस्सवावि, तणुरप्पेसण्हणिया ।
उभओ वाउवहो चेव, तण ठंति न चेइए ॥११॥
तिन्नि वा कड्ढई जाव, थुईओ तिसिलोइया ।
"चैत्यवन्दनांतेप्रणिधानरूपा"
ताव तत्थ अणुन्नायं कारणेण परेण वा ॥१२॥

અહીં પહેલા પાઠનો ભાવાર્થ તો આગળના મોટા ભાષ્યની ગાથાઓનો અર્થ કર્યો છે ત્યાંથી જાણવો, પણ એટલું વિશેષ છે કે છઠ્ઠી વંદનામાં દંડક પાંચ, થોય જુયલ એટલે અધિકૃત જિન અન્ય અન્ય જિન વિષયક અધ્રુવ ચૂલિકાસ્તુતિ ૧ અને સાધારણ જિનસ્તુતિ તથા જ્ઞાનસ્તુતિ ધ્રુવ ચૂલિકારૂપ ૧ અથવા ૩ વંદનાત્મકસ્તુતિરૂપ ૧ અને ત્રણ શ્લોકની પ્રણિધાનરૂપ સ્તુતિ ૧ એ બે ચૂલિકા સ્તુતિએ મધ્યમઉત્કૃષ્ટા ચૈત્યવંદના હોય. ॥૬॥ તથા નવમી ચૈત્યવંદના શક્રસ્તવ પાંચ અને સ્તવન ૧ પ્રણિધાન ત્રણ સહિત ઉત્કૃષ્ટઉત્કૃષ્ટા ચૈત્યવંદના જાણવી તથા બીજા પાઠનો ભાવાર્થ આ પ્રમાણે - ત્યાં એક નમસ્કાર કરીને ॥૧॥, બહુ નમસ્કારે કરીને ॥૨॥ વા અથવા શક્રસ્તવે કરીને પ્રથમ જઘન્ય ચૈત્યવંદના હોય અથવા ઈરિયાવહી ૧ નમસ્કાર ૨ શક્રસ્તવ ૩ એક પ્રણિધાને કરીને પણ જઘન્ય ચૈત્યવંદના થાય. ॥૧॥ ૬॥ તે જ એક ચૂલિકા થોય કરીને લોગસ્સ ઉજ્જોઅગરે ઇતિ યાવત્ ॥૨॥

મધ્યમ ચૈત્યવંદના અથવા દંડક પાંચ થોય ચાર પ્રણિધાન રહિત મધ્યમ ચૈત્યવંદના ૩ કલ્પભાષ્યમાં કહ્યું કે નિશ્રાકૃત અનિશ્રાકૃત ઇત્યાદિ ॥૭-૮॥ શકસ્તવ ૧ ચૈત્યવંદનાસ્તવ એટલે અરિહંત ચેઇયાણં ૨ નામસ્તવાદિક ત્રણ થોય દંડક એટલે નામસ્તવ ૩ શ્રુતસ્તવ ૪ સિદ્ધસ્તવ ૫ એમ પાંચ દંડક અને ચાર ચૂલિકા સ્તુતિ શકસ્તવાંત ॥૯॥ સ્તોત્ર પ્રણિધાનાંત ઉત્કૃષ્ટ ચૈત્યવંદના અથવા બમણા પાંચ દંડક વા અથવા થોય ત્રિકાંત સ્તવ અને પ્રણિધાન સાથે પાંચ શકસ્તવે કરીને પણ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના હોય છે. ॥૧૦॥ શ્રી વ્યવહારભાષ્યમાં કહ્યું છે એ શરીરને ચાહે તેટલું સ્નાન કરાવે તોપણ હેઠળ-ઉપરથી એમાંથી દુર્ગંધી મળ તો ફર્યા જ કરે તે માટે સાધુ ચૈત્યમાં ન રહે. ॥૧૧॥ અને રહે તો શ્રુતસ્તવને અનંતર ત્રણ થોય ત્રણ શ્લોકની યાવત્ કહે અથવા ચૈત્યવંદનાને અંતે ત્રણ થોય ત્રણ શ્લોકની પ્રણિધાનરૂપ યાવત્ ભણે ત્યાં સુધી સાધુને ચૈત્યમાં રહેવાની આજ્ઞા છે. અને સ્નાત્રમહોત્સવાદિ કારણ હોય તો અધિક પણ રહે. ॥૧૨॥ એ પાઠમાં જઘન્ય ૧ મધ્યમ ૨ ઉત્કૃષ્ટ ૩ એમ ત્રણ ભેદની ચૈત્યવંદનાને પ્રસંગે સંખ્યાંક એક બે તથા **"एग१ बहु २ सक्कत्थय ३ इगचूलथुई ४ याव २मज्झिमिया ५ पणिहाणविणत्ति ॥६॥ अंतसक्कत्थय ॥७॥ उक्कोसा दुगुण ॥८॥ थयपणिहाणथुई तिगंता ॥९॥"** ઇત્યાદિ વાક્યોએ કરી સંકેતભાષાએ ચોથી થોયથી નવધા ચૈત્યવંદના પણ સૂચવી છે. તે નવધા ચૈત્યવંદના સિદ્ધાંતભાષાએ ત્રણ થોયથી તથા સંકેત ભાષાએ ચોથી થોય સાથે ત્રણ થોયથી સંઘાચારવૃત્તિકારે સૂચવી છે તે નવધા ચૈત્યવંદના યંત્રથી જાણવી.

सिद्धांत वा संकेतभाषया नवधा चैत्यवन्दना यंत्रकमिदम् ।

जघन्यजघन्या १

सा च नमस्कारमात्रेण । यथा नमो अरिहंताणं इति पाठेन यद्वा एकेन श्लोकेन प्रणाममात्रेण ॥१॥

जघन्यमध्यमा २

सा च यथाशक्तिनमस्कारेण यद्वा बहुभिर्नमस्कारैर्मंगलवृत्ता-पराभिधानैः ॥२॥

जघन्योत्कृष्टा ३

सा च नमस्काराः १ शक्रस्तवः २ यद्वा ईर्यानमस्काराः १ शक्रस्तव २ प्रणिधानैः ॥३॥

मध्यमजघन्या ४

सा च ईर्यानमस्काराः शक्रस्तवः अरिहंतस्तवदंडक ॥ एका स्तुतिरेकश्लोकादिरूपा इति ॥४॥

मध्यममध्यमा ५

सा च ईर्यानमस्काराः शक्रस्तवः अरिहंतस्तवस्तुतिद्वयं एकाधि-कृतजिनविषया एकश्लोकरूपा द्वितीया नामस्तवरूपा यद्वा नमस्काराः शक्रस्तवः अरिहंतस्तवः स्तुतिद्वयं तदेव ॥५॥

मध्यमोत्कृष्टा ६

सा च ईर्यानमस्काराः शक्रस्तवः अरिहंतचैत्यादिदंडक ४ स्तुति ३ ॥ तथा स्तुति ४ ॥ स्तव प्रार्थनाप्रणिधानादि रहिता एकवार-वंदनोच्यते ॥६॥

उत्कृष्टजघन्या ७ सा च ईर्या नमस्काराः दंडक ५ स्तुतिः ३ अथवा ४ ॥ द्वितीय शक्रस्तवांता ॥७॥
उत्कृष्टमध्यमा ८ सा च ईर्यानमस्काराः शक्रस्तवादि द्विगुणा दंडकाः एवं स्तुति ६ अथवा ८ शक्रस्तवः ॥८॥
उत्कृष्टजघन्या ९ सा च स एव ईर्यादि द्विगुणा दंडकाः स्तुति ६ अथवा ८ ॥ शक्रस्तवस्तोत्रप्रणिधानत्रिकसंयुक्ता अर्थात् शक्रस्तव१ जावंति २ जावंत ३ स्तव ४ जयवीयराय ५ इत्यादि संयुक्त वंदना भवति ॥९॥ यद्वा वाचनांतरेण नमस्काराः शक्रस्तवः ॥१॥ ईर्यानमस्काराः शक्रस्तव ॥२॥ अरिहंतचेइयाणं इत्यादि दंडकैः स्तुति ३ अथवा ४ ॥ दत्त्वा पुनः शक्रस्तव ॥३॥ अरिहंत चेइयाणं इत्यादि दंडकैः पुनरपि स्तुति ३ अथवा ४ शक्रस्तव ॥४॥ जावंति १ जावंत २ स्तोत्र ३ पुनरपि शक्रस्तव ॥५॥ प्रार्थनाप्रणिधान जयवीयराय वा अथवा स्तोत्रप्रणिधानांते पुनः नमस्कारा शक्रस्तवः ॥५॥९॥

એ નવ ચૈત્યવંદનાનું યંત્ર સંઘાચારમહાભાષ્ય તથા ચૈત્યવંદનલઘુ-ભાષ્યવૃત્તિ અથવા પ્રવચનસારોદ્ધાર બૃહદ્વૃત્તિ પ્રમુખ પાઠને અનુસારે લખ્યું છે તે પ્રમાણે નવ પ્રકારની ચૈત્યવંદના જૈનશાસ્ત્રોમાં કહી છે, પણ ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ-૯૧માં આત્મારામજીએ નવ ચૈત્યવંદનાનું યંત્ર લખ્યું છે તે પોતાની મનકલ્પનાએ જૈનશાસ્ત્રોથી વિરુદ્ધ લખ્યું છે. તે માટે ધર્માભિરુચિ જીવોએ કોઈ અજ્ઞજનના જૂઠા લેખ દેખી હઠાગ્રહી ન થવું જોઈએ. કેમ કે આ હૂંડા અવસર્પિણી કાળમાં પૂર્વધર તથા પૂર્વાચાર્યોથી વિરુદ્ધ જૈનમતમાં બહુમત દેખવામાં આવે છે તે બધા એવા કદાગ્રહી પુરુષોથી નીકળેલા ચાલ્યા આવે છે. કેમ કે કોઈ વિકારી પુરુષે સો-પચાસ

પુરુષોની સભામાં પોતાનું ડહાપણ-ચતુરાઈ બતાવવાને વાત કહી કે આ વાત એવી રીતે જોઈએ એવું શાસ્ત્ર દેખવાથી જાણ થાય છે એવી જુદી કોઈ વાત તેના મોઢાથી નીકળી ગઈ તે ઉક્ત પુરુષ પોતાના હૃદયમાં અનેક કુયુક્તિઓ ઉત્પન્ન કરી પૂર્વધર પૂર્વાચાર્યોથી વિરુદ્ધ પોતાના મોઢાથી નીકળેલી વાર્તાને સિદ્ધ કરવાને સત્યાસત્ય લખવાનું ભાન રહે નહીં તો ભાષણ કરવાનું ભાન તો ક્યાંથી રહે ? કેમ કે તેના મનમાં રાત-દિવસ એ જ વિકાર ભરપૂર રહે કે કોઈ પણ રીતે મુખથી નીકળેલું વચન સિદ્ધ કરવું જોઈએ, પરંતુ કુયુક્તિ કરવાથી મારો જન્મ બગડી જશે એવો વિચાર તેને સહેજ પણ આવે નહીં. તેથી નિઃકેવલ પોતાનું કથન સાચું કરવાને હઠ કદી છોડે નહીં એવી જ તેની પ્રકૃતિ થઈ જાય છે. એવા હોવાથી જ પૂર્વધર-પૂર્વાચાર્યોથી વિરુદ્ધ બહુ મનકલ્પિત મત પ્રચલિત થઈ ગયાં છે. તેથી કેટલાંક લોક તો એવા હોય છે કે જેના વચન ઉપર તેમને વિશ્વાસ બેસી ગયો તો પછી તે માને તો જૂઠો હોય, તથા સાચો હોય તથા ગ્રંથોમાં નવા પાઠમાં પ્રક્ષેપ કરે તોપણ તે લોક તો તેના વચન ઉપર પ્રતીતિ રાખીને ચાલે. તેથી તે હઠગ્રાહી પુરુષોને પણ મજબૂત મૂર્ખે લોકોની સાહાય્ય મળવાથી દૃઢતા થઈ જાય કે હવે મારી લખેલી તથા બોલેલી વાત જ સિદ્ધ કરીને લોકોમાં બતાવવી જોઈએ કે લોકો પણ મને ખરો તત્ત્વવેત્તા અને શાસ્ત્રવેત્તા કહે કે દેખો કેવી યુક્તિ લગાવીને પૂર્વધર-પૂર્વાચાર્યના મત માનવાવાળાને પણ કેવા જવાબ કર્યા છે ? તથા શત્રુંજય પ્રમુખ તીર્થો પર કોડીપ્રમુખ (કરોડો) મુનિ મહારાજ મોક્ષ ગયા ત્યાં પૂર્વાચાર્ય સો લાખની કોડી કહેતા તે વાત આપણા હૃદયમાં બેસતી ન હતી તે સંજતર બતાવીને આપણા હૃદયમાં ઊતારીને મોટા મોટા આચાર્યોની ભૂલ પણ એ પુરુષે દેખાડી દીધી એ કેવો વિદ્વાન શાસ્ત્રજ્ઞ છે ? એવા એવા વિકલ્પ તેના હૃદયમાં નિરંતર રહે છે તેથી જિનવચન ઉત્થાપવાનો ભય તો તેને રહે જ નહીં. તે વાસ્તે સર્વ જૈન બંધુઓને અમે યથાર્થ કહીએ છીએ કે હમણાં જૈનમતમાં પૂર્વધર-પૂર્વાચાર્યોથી વિરુદ્ધ બહુ પંથ પ્રચલિત થઈ ગયા છે, તો હવે કોઈ પોતાની પંડિતાઈ જણાવવાને તથા પૂજા-માનતા પ્રવર્તાવી નામ રાખવાને પૂર્વધર-પૂર્વાચાર્યોથી વિરુદ્ધ ઉપદેશ કરે તો તેના કથન તથા

લખવા ઉપર કર્ણ-દૃષ્ટિ દેશો નહીં, ને કોઈ વિકારી જનોના કથનથી પૂર્વધર-પૂર્વાચાર્યોના કથનને તોડફોડ કરવાની કુયુક્તિઓ કરીને જૂઠ હઠ કરશો નહીં તો આપણા જૈનમતમાં કોઈપણ પૂર્વધર પૂર્વાચાર્યોથી વિરુદ્ધ નવીન સુદૃઢ પરંપરા ચલાવી કુપંથુઓની જેમ બહુ લોક દુર્ગતિના અધિકારી થઈ જાય એવા દુરાગ્રહી ટિંખળ હોવાનો ભય મટી જશે અને જૂઠ કથન ઉપદેશ વિકારી લોકોને પણ અમારું એ કહેવું છે કે કોઈ દુષ્કર્મના ઉદયથી જૂઠા કદાગ્રહમાં પડીને પૂર્વધર-પૂર્વાચાર્યોના વચનથી વિરુદ્ધ પ્રરૂપણા કરી જૂઠા લેખ લખવાથી તમે પણ આવતા ભવમાં એવાં ખોટાં કર્મોથી દુઃખ પ્રાપ્ત કરશો. તેથી આવતા ભવનો ડર રાખીને શ્રી જિનવચનો પર શ્રદ્ધા લાવી ખરા સમજવાન હો તો પૂર્વાચાર્યોના ગ્રંથોમાં જો પોતાની મનકલ્પનાથી જૂઠો પાછો પ્રક્ષેપ કરી જૂઠો લેખ લખ્યાનો સર્વ જન સમક્ષ મિચ્છા મિ દુક્કડં દેઈ તે લેખને જલશરણ કરાવવાથી જો માનભંગ થવાનું દુઃખ તમને લાગતું હોય તો તે ન લગાડી તેને બદલે તેને સુખરૂપ સમજી લ્યો તો એક ભવ માનભંગ હોવાથી ભવોભવ તમારો માનભંગ થશે નહીં ને આગળ સંસાર તરવો સુલભ થશે, એ મોટો ફાયદો થશે. એ જ વાત પોતાના હૃદયમાં દૃઢ કરો કે આ ભવમાં મિચ્છામિ દુક્કડં દેવાથી વિદ્વજ્જનોના હૃદયમાં તો તમે વિવેકવંત મોટા પુરુષોની પંક્તિમાં ગણાશો. કેમ કે જે પ્રાયશ્ચિત્ત લઈને પોતાના પાપની શુદ્ધિ કરે છે તેને વિવેકવંત પુરુષ તો મોટા પંડિતોથી પણ અધિક માને છે, તો તમે ખરો વિચાર કરો તો આ ભવમાં પણ કંઈ માનભંગ પ્રાપ્ત થતો નથી. પણ અધિક મહત્ત્વપણાની પ્રાપ્તિ થાય છે. એવી રીતે સાચા વિચાર કરવાવાળા પુરુષોને તો સર્વ વાત સુલભ જ થાય છે. તો વિચારવંતોએ વિચાર કરવો જોઈએ, અધિક શું કહેવું ? પછી તો જહાસુક્ખં.

पूर्वपक्ष :- हमने सुना है कि "सम्मद्दिट्ठी देवा" इस पद की जगह तुमने कोई अन्य पद का प्रक्षेप करा है, जे कर यह कहने वाले का कथन सत्य होवे तब तो तुमको भी उत्सूत्र प्ररूपण करणे का और संसार की वृद्धि होने का भय नहीं रहा है, यह बात सिद्ध होती है॥

ઉત્તરપક્ષ :- આ વાત કહેવાવાળા અને સાંભળવાવાળા બંનેને ઉત્સૂત્ર પ્રરૂપવાનો તથા સંસારવૃદ્ધિ થવાનો ભય ન રહ્યો એ વાત સિદ્ધ થાય છે. કેમ કે અમે તો "**सम्मद्दिट्ठी देवा**" એ પદની જગ્યાએ અન્ય પદનો પ્રક્ષેપ કર્યો નથી, પણ કોઈ ગચ્છવાસી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર એટલે વંદિત્તાસૂત્રની ૪૩ ગાથા કહે છે અને કોઈ ગચ્છવાસી ૫૦ ગાથા કહે છે. ત્યાં ૪૩ ગાથાના કહેવાવાળા પોતપોતાની છ આવશ્યક સામાચારી ગ્રંથોમાં એમ લખે છે કે "**तस्स धम्मस्स**" એ ગાથામાં મંગલ થઈ ચૂક્યું. તેથી વંદિત્તાસૂત્ર મૂળ એટલું જ છે અને એ આગળ જે ગાથા કેટલીક છે તે પાછળથી કરેલી છે, મૂળ સૂત્ર ગણધરનું કરેલું એટલું જ છે. વળી જે સૂત્ર મળે તે પ્રમાણ. પરં "**सम्मदिट्ठीदेवा दिंतु समाहिं च बोहिं च**" એટલા સૂત્રથી નથી મળતું. તેથી એ ભાષા સાધુની ન હોય. વ્યવહારભાષા અને નિરવદ્ય તે સાધુની ભાષા, પણ એ સાવદ્ય જાણીએ છીએ. જેથી દેવતા બોધિ દેવાનો ઉપક્રમ કરે ત્યાં સાવદ્ય છે. જેમ તેતલીપુત્ર પોટ્ટિલદેવતાએ પ્રતિબોધ્યો પરંતુ તેને માનસિક પીડા ગાઢી ઉપજાવી તો પ્રતિબોધ્યો. એમ ઘણે ઠામે છે. શ્રી વીતરાગ બોધિ દે તે ઉપક્રમ નિરવદ્ય ઉપદેશરૂપ છે. તે કારણ માટે શ્રી વીતરાગને "**आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु**" એવું કહેવું એ વ્યવહારભાષા નિરવદ્ય જાણવી. તે ભણી એટલું પદ છાંડી બીજું પદ ભણીએ તો એમ કહેશે એટલું મૂકીએ તે કેવું જ્ઞાન ? એમ કરતાં વિવાદ થાય. તેથી મૂળ ગણધરનું કીધેલું કહેતાં કોઈ કાંઈ ન કહે. વળી એ ગાથાને કરનારે चत्तारिमंगलं ઇરિયાવહિ એ બે પાઠ ટાળ્યાં જાણીએ છીએ અને અવિરતિ દેવ-દેવીની સ્તુતિ સ્થાપી છે, એમ પૂર્વપરંપરા પ્રસિદ્ધ છે. એમ યુક્તિ કરીને આગળની ૭ ગાથા કહેતાં નથી.

પરંતુ સંવત્ ૧૧૮૩ વર્ષે શ્રાદ્ધપ્રતિક્રમણચૂર્ણિકર્તા વિજયસિંહાચાર્યે "**तस्स धम्मस्स० ॥४३॥**" એ ગાથાના પર્યવસાન પદે કરી પ્રતિક્રમણ નિર્ગમન તેનું જ ઉત્તરોત્તર વૃદ્ધિનિમિત્ત ઇષ્ટદેવતાના નમસ્કારરૂપે અવસાનમંગલ વખાણ્યું - "**एवमहं आलोइय निंदिय० ॥५०॥**" ગાથાના પર્યવસાન પદે કરીને ઉત્તરોત્તર ધર્મવૃદ્ધિ અર્થે અવસાનમંગલ વખાણ્યું. તેથી જેમ

આવશ્યકસૂત્ર શ્રુતસ્થવિરકૃત છે એમ પંચાશકાદિક ટીકાકારોના અભિપ્રાયથી સંભવે છે, પણ ૪૩ ગાથા તો ગણધરાદિકૃત છે અને આગળની સાત ગાથા અન્યકર્તૃક છે એવો લેખ કોઈ સુવિહિત ગ્રંથોમાં દીઠામાં (જોવામાં) આવતો નથી, વળી ૪૩ ગાથા પર્યવસાન ટીકા પણ એની જોવામાં આવતી નથી. માટે એ વંદિત્તાસૂત્રની ૫૦ ગાથા શ્રુતસ્થવિરકૃત સંભવે છે અને કદાચિત્ ૪૩ ગાથા પર્યવસાન સુવિહિત ગ્રંથોમાં લેખ હોય તથા ૪૩ ગાથાની ટીકા હોય તોપણ આગળની ૭ ગાથા શ્રુતસ્થવિરકૃત જ છે. કેમ કે **जावंति चेइयाइं १ जावंत केवि साहू २** એ બે ગાથા ચૈત્યવંદન તથા પયન્નાસૂત્રની છે અને **चिरसंचिय पावप्पणासणी ३** એ ગાથા પણ પયન્નાની છે તથા

मम मंगलमरिहंता सिद्धा साहु सुअं च धम्मो अ ।
सम्मत्तस्सयसुद्धिं दिंतु समाहिं च बोहिं च ॥७६॥

એ ગાથા આરાધનાવિહિમગ્ગપયન્નાની છે અથવા

मम मंगलमरिहंता सिद्धा साहु सुअं च धम्मो अ ।
खंति गुत्ति मुत्ति अद्दवयामद्दवं चेव ॥१॥

એ ગાથા પાક્ષિકસૂત્રની છે. વળી **पडिसिद्धाणं करणे ५** એ ગાથા આવશ્યકનિર્યુક્તિની છે અથવા **खामेमि सव्व जीवे ६ एवमहं आलोइय ७** એ બે ગાથા સાધુપ્રતિક્રમણસૂત્રની છે. માટે એ સાતે ગાથા શ્રુતસ્થવિરકૃત છે પણ **सम्मद्दिट्ठी देवा** તથા **सम्मत्तस्सयसुद्धिं** એ બે પદમાં ફેરફાર છે તે પાઠાંતર સંભવે છે. તથા જેમ પાક્ષિકસૂત્રની ગાથામાં બે પદોનાં પાઠાંતર છે તેમ અહીં એક પદનો પાઠ છે. કેટલાક એમ પણ કહે છે કે દેવતા બોધિ દેવાનો ઉપક્રમ કરે તે સાવદ્ય છે તથા દેવાદિકોને વિષે પ્રાર્થના-બહુમાન કરવાથી સમકિત મલિન થાય તે માટે "**सम्मद्दिट्ठी देवा**" એ પદ ન કહેવું અને કેટલાક કહે છે કે તે દેવાદિક મોક્ષ આપે એવી પ્રાર્થના કરી બહુમાન કરીએ દોષ લાગે, પણ ધર્મધ્યાન કરતાં અંતરાય નિરાકરણ કરીને પરલોકમાં બોધિ-જિનધર્મ પ્રાપ્તિ આપો એ પ્રાર્થનામાં દોષ નથી. માટે **सम्मद्दिट्ठी देवा** એ પદ કહેવું. એ પૂર્વોક્ત બે પક્ષના અભિપ્રાયમાં પહેલા પક્ષનો અભિપ્રાય

શ્રેષ્ઠ જણાય છે. કારણ કે બીજે ઠેકાણે કોઈ સૂત્રપંચાંગીમાં વીતરાગ વિના બીજા દેવની પાસે સમાધિ-બોધિની યાચનાનો પાઠ જોવામાં આવતો નથી. માટે **सम्मत्तस्सयसुद्धिं** એ પદ કહેવું યુક્ત છે. પણ શ્રાદ્ધપ્રતિક્રમણચૂર્ણિ તથા વૃત્તિમાં **सम्मद्दिट्ठी देवा** એ પદનું જ વ્યાખ્યાન જોવામાં આવે છે. તેથી

सावयघरंमि वर हुज्ज चेडओ नाणदंसणसमेउ ।
मिच्छत्तमोहिअमई मारायाचक्कवट्टीवि ॥१॥

એ ભાવનાએ નય અપેક્ષાએ સહકારીકારણ દેવાદિકનું બતાવ્યું એ અભિપ્રાયે **सम्मद्दिट्ठी देवा** એ પદ કહેવું પણ યુક્ત છે. પણ આગળની સાત ગાથા ન કહેવી તે કથન સંભવતું નથી. તત્ત્વ સર્વજ્ઞ બહુશ્રુત જાણે. પણ જેવી રીતે જૈન સિદ્ધાંતોમાં પાઠ તથા પાઠાંતર પૂર્વાચાર્ય કહેતાં આવ્યાં તેવી રીતે અમે પણ કહીએ છીએ. અહીં કોઈ આત્મારામજી સરખા પ્રશ્ન કરશે જે એની ટીકામાં પાઠાંતર કહ્યો નથી તો તમે કેમ કહો છો ? તેનો જવાબ એ છે કે શ્રી પાક્ષિકસૂત્રમાં **अणुगामिए सव्वेसिं पाणाणं** એવો પાઠ છે તેનું વ્યાખ્યાન ટીકાકારે કર્યું, પણ **पारगामीए** એ પાઠનું વ્યાખ્યાન કર્યું નહીં, તે પાઠાંતર પણ લખ્યો નહીં. તોપણ શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ ટીકાને અનુસારે શ્રી પાક્ષિકસૂત્રનો બાલાવબોધ કર્યો તેમાં **पारगामीए** એ પાઠનો પાઠાંતર લખ્યો તથા શ્રી અજિતશાંતિસ્તવ અવચૂરિમાં **पक्खिय चाउम्मासिय संवच्छरराइएअ दिअहे य** એ પાઠને પાઠાંતર કહી વ્યાખ્યાન કર્યું, તોપણ મૂળ પાઠની બહુ પ્રતોમાં દેખાતો નથી. પણ વિક્રમ સંવત ૧૯૩૬ની સાલમાં શ્રી બૃહત્ ખરતરગચ્છીય શ્રી લક્ષ્મીપ્રધાનગણિના શિષ્ય પંડિત શ્રી મુક્તિકમલમુનિએ મોહનગુણમાળા નામનું પુસ્તક છપાવ્યું તેમાં **पक्खिय चाउमासिय संवच्छराइएय दिअहे अ** એવી રીતે પાઠાંતર લખ્યો છે. તથા અવચૂરિકારે **अजितशांतिस्तवं सप्तत्रिंशत्पद्यात्मकं त्रयोविंशत्यधिकचतुर्विंशतिशताक्षरनिबद्धं अन्यकर्तृतगाथाद्वयंसंयुक्तं तु सप्तनवत्यधिकचतुर्विंशतिशताक्षरात्मकं ॥** એમ ગાથા તથા અક્ષરની સંખ્યા લખી. પણ વિક્રમ સંવત ૧૯૩૦, સન્ ૧૮૭૪માં અજિતશાંતિસ્તવન

વગેરે ચાર સ્મરણના બાલાવબોધની ચોપડી મુંબઈમાં ગ્રંથસાગરપ્રેસમાં છપાઈ, તેમાં છ ગાથાઓ અવચૂરિકારની સંખ્યાથી અધિક કોઈ મૂળ પ્રતની પ્રતોમાં પ્રાયે જોવામાં આવતી નથી તોપણ છપાવનારે છપાવી. તે ગાથાઓ જેમ છપાઈ છે તેમ જ લખીએ છીએ :

ववगयकलिकलुसाणं, ववगयनिद्धंरागदोसाणं ।
ववगयपुणभवाणं नमोत्थुदेहाहिदेवाणं ॥४०॥
सव्वं पसमइ पावं पुण्णं वड्ढइ नमंसमाणस्स ।
संपुण्णचंदवयणस्स, कित्तणे अजियसंतिणाहस्स ॥४१॥
जइ इच्छह परमपयं, अहवा कित्तिं सुवित्थडं भुवणे ।
ता तिअलुगुद्धरणे, जिणवयणे आयरं कुणह ॥४२॥
सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारणं ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥४३॥
उपसर्गाः क्षयं यांति, छिद्यंते विघ्नवल्लयः ।
मनःप्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे, ध्यायमाने जिनेश्वरे ॥४४॥
शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवंतु भूतगणाः ।
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखी भवंतु लोकाः ॥४५॥
स्मरणं दस्य सत्त्वानां, तीव्रतापोपशांतये ।
उत्कृष्टगुणरूपाय तस्मै श्री शांतये नमः ॥४६॥
इति श्री नंदिषेणसूरिविरचितायां श्री अजितशांतिस्तवनं सम्पूर्णं ॥

એ ચોપડી શેઠ જયસિંહભાઈ હઠીસિંહજીના માતા શ્રી ધર્મજ્ઞબાઈ મોતીકુંવર પાસે હતી તે પોતાના સ્મરણમાં યાદ કરતાં વિક્રમ સંવત ૧૯૩૯ સન્ ૧૮૮૨માં શ્રી મુંબાપુરી મધ્યે શ્રાવક ભીમસિંહ માણેકની છાપેલી ચોપડી દેખીને પોતાના પુત્ર શેઠ મૂળચંદભાઈ હઠીસિંહજી તેના પુત્ર મોહનલાલભાઈ પાસે અમને પૂછાવ્યું કે, આ ચોપડીમાં ગાથાઓ વધારે કેમ નાંખેલી છે ? ત્યારે અમે શ્રી અજિતશાંતિસ્તવનની અવચૂરિ નામની ટીકા જોઈને કહ્યું કે એ ગાથાઓ કોઈકે અધિકે પ્રક્ષેપ કરીને છપાવી છે,

પણ મૂળની ગાથાઓ નથી, તથા શ્રી તપાગચ્છમાં તો બૃહચ્છાંતિની ટીકાને અનુસારે વર્તમાન ચોવીશીનાં જ નામ બૃહચ્છાંતિના મૂળમાં છે અને શ્રી ખરતરગચ્છમાં તો બૃહચ્છાંતિના મૂળમાં અતીત-અનાગત-વર્તમાન ત્રણે ચોવીશીનાં નામ તથા વર્તમાન જિનનાં માતા-પિતાનાં નામ વળી વર્તમાન જિન યક્ષ-યક્ષિણીનાં નામ અધિક લખે છે. તો હવે વિચાર કરવો જોઈએ કે શ્રી પાક્ષિકસૂત્રાદિકની ટીકામાં પાઠાંતર કર્યા વિના પણ જેમ શ્રી જ્ઞાનવિમલસૂરિજી પ્રમુખે બીજે સ્થાનકે પાઠ દેખીને પાઠાંતર લખ્યો, તેમ અમે પણ "**सम्मद्दिट्ठी देवा**" એ પદને ઉત્થાપતાં નથી તથાપિ આત્મારામજી આનંદવિજયજી સરખા પૂર્વપક્ષીઓને પૂછીએ છીએ કે અજિતશાંતિસ્તવ ટીકાકારે પાઠાંતર પદ લખ્યું તેથી કંઈક ભિન્ન વળી મોહનગુણમાલાવાળા પાઠમાં લખ્યો એ બે પુસ્તક તમને દેખાડીને કોઈ પૂછશે કે બે પાઠમાં ફરક કેમ છે, તેને તમે શો જવાબ દેશો ? તથા નિર્ણયસાગરપ્રેસની ચોપડી તથા ગ્રંથસાગરપ્રેસની એ બે ચોપડીમાં ન્યૂનાધિક ગાથાઓ દેખીને શું કહેશો ? તથા વળી શ્રી તપાગચ્છ તથા ખરતરગચ્છવાળાની લખેલી બૃહચ્છાંતિના મૂળની પ્રતોના ભિન્ન પાઠનું કારણ કોઈએ પૂછશે તો કયો સવાલ જવાબ કરશો ?

જો કહેશો કે પાઠાંતર તથા પ્રક્ષેપ છે તો તમારી કરેલી પ્રતિજ્ઞા નિરર્થક થશે; કેમ કે ટીકામાં તો એ પૂર્વોક્ત પાઠોને પ્રક્ષેપ તથા પાઠાંતર કહ્યાં નથી ને જો કહેશો કે ભિન્ન પાઠ દેખીને પાઠાંતર તથા પ્રક્ષેપ કહીએ છીએ, તો તેમણે પણ અમારા કથનનું જ શરણ લીધું. કેમ કે અમે પણ ભિન્ન પાઠ દેખીને પાઠાંતર તથા પ્રક્ષેપ કહીએ છીએ. અને જો કહેશો કે ભિન્ન પાઠ દેખીને પાઠાંતર તથા પ્રક્ષેપ પાઠ કહેતાં આવ્યા તે ઉત્સૂત્રભાષણ કરી તમારા કહેવા પ્રમાણે તેમણે સંસાર વધાર્યો, તો તમારા સરખા જૈનશાસ્ત્રવિરુદ્ધ મનકલ્પિત નવા પાઠ બનાવીને પૂર્વાચાર્યોના ગ્રંથમાં પ્રક્ષેપ કરવાવાળા ઉત્સૂત્રભાષી દીર્ઘસંસારીનો સંસાર ક્યાંથી ઘટશે ? તે વિચાર કરવો એ અમારી પરમ મિત્રતાથી હિતશિક્ષા છે. પછી તો તમારી મરજી. **इति अलं प्रसंगेन । प्रस्तुतं वक्ष्यामः ।**

તથા ધર્મરત્નપ્રકરણવૃત્તિ, શ્રી તિલકાચાર્યકૃત લઘુપ્રતિક્રમણવૃત્તિ, શ્રી જિનવલ્લભસૂરિકૃત સામાચારી તથા બૃહત્ખરતરસામાચારી, શ્રી નરેશ્વરસૂરિકૃત સામાચારી ઇત્યાદિ પ્રતિક્રમણગર્ભહેતુ પ્રમુખ સ્વ-સ્વ ગચ્છ દિનચર્યા તથા સામાચારીઓમાં ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે તે સર્વ પૂર્વોક્ત ગ્રંથોના ન્યાયથી પૂજા વગેરે વિશિષ્ટ કારણે પૂર્વધર પશ્ચાત્કાલવર્તી આચાર્યોએ કહી છે. તથા વળી કોઈ-કોઈ ઠેકાણે સાધુ આશ્રયી તથા પૌષધમાં શ્રાવક આશ્રયી કથન છે, તે પણ પૂજા પ્રતિષ્ઠા વગેરે કારણે સંભવિત છે.

यतः उक्तं श्रीआवश्यकनिर्युक्तौ -

विग्घोवसामिमेगा अब्भुदयसाहणी भवे बीआ ।

निव्वुइकरणी तइया, फलयाओं जहत्थनामेहिं ॥१॥

ભાવાર્થ :- ૧ વિઘ્નોપશામિની, ૨ અભ્યુદયસાધની, ૩ નિવૃત્તિદાયિની એ ત્રિવિધ પૂજાનું યથાર્થ નામે કરીને ફળ થાય. વિઘ્નોપશામિની એટલે વિઘ્નો શાંત થાય, અભ્યુદયસાધની એટલે પૂજાથી ભાગ્યોદય પ્રમુખ ફળ થાય અને નિવૃત્તિદાયિનીપૂજાથી મોક્ષનું ફળ થાય. એ ત્રણ પ્રકારની પૂજામાં સાધુ-સાધ્વી તો પ્રતિષ્ઠાદિ કારણે વિઘ્નોપશામિની તથા અભ્યુદયસાધનીપૂજા અવસરે ચોથી થોય સાથે ત્રણ થોયની દેવવંદના કરે. તેમજ શ્રાવક-શ્રાવિકા પણ પૂજા-પ્રતિષ્ઠા વગેરે કારણે બેઉ પૂજા અવસરે ચોથી થોય સાથે ત્રણ થોયની દેવવંદના કરે અને નિવૃત્તિદાયિનીપૂજા અવસરે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સ્વરૂપ ચતુર્વિધસંઘ પૂર્વધરપૂર્વાચાર્યોના કથન પ્રમાણે ત્રણ થોયથી ચૈત્યવંદના અર્થાત્ દેવવંદના કરે. તે માટે અહો ભવ્ય જીવો અમે તમને સાચું કહીએ છીએ કે **જો તમે ભાષ્યકાર-ચૂર્ણિકારાદિ હજારો પૂર્વાચાર્યોનો માન્ય કરેલો નિવૃત્તિદાયિનીપૂજામાં ત્રણ થોયનો અભિપ્રાય અને વિઘ્નોપશામિની તથા અભ્યુદયસાધની પૂજામાં ચોથી થોય સાથે ત્રણ થોયનો મત ઉત્થાપશો તો નિશ્ચયથી દીર્ઘસંસારી અને અશુભગતિગામી થશો**, અને જો પ્રતિક્રમણના આદિ-અંતમાં સ્તોત્ર પ્રણિધાન સાથે આત્મારામજી આનંદવિજયજીનો કથન કરેલો ચોથી થોયનો મત તથા પૂજા-પ્રતિષ્ઠાદિ

કારણ વિના પ્રતિક્રમણમાં ચોથી થોય કહેવાનો રૂઢિપરંપરાએ ચાલેલો મત ન માનશો અને પૂર્વધર પૂર્વાચાર્યોના મતની શ્રદ્ધા તરીકે તેમના કહ્યા મુજબ ચાલશો તો નિશ્ચેથી તમારું કલ્યાણ થશે એમાં કોઈપણ સંશય નથી. **किं बहुधा कथनेन ?** (ઘણા પ્રકારે કહેવાની શું જરૂર છે ?)

॥ इति चतुर्थस्तुतिनिर्णयशंकोद्धारे अपरनाम्नि चतुर्थस्तुतिकुयुक्ति-निर्णयच्छेदनकुठारे निवृत्तिपूजावसरे सिद्धान्तभाषया स्तुतित्रयेण चैत्य-वन्दनानिदर्शनः तथा विघ्नोपशमाभ्युदयसाधनीपूजा तथा प्रतिष्ठा-द्यवसरे संकेतभाषया चतुर्थस्तुतिसहितास्तुतित्रयेण देववन्दनानिदर्शनो नाम द्वादशः परिच्छेदः ॥१॥

પ્રશ્ન :- ચોથી સ્તુતિ ગીતાર્થ આચરણાએ ક્યાં ક્યાં કહી છે અને શેના શેના કારણે કહેવી તે ગ્રંથોમાં કહી છે ?

જવાબ :- શ્રી પ્રવચનસારોદ્ધાર પ્રમુખ અનેક સ્થળે ચોથી સ્તુતિ ગીતાર્થ આચરણાએ કહી છે અને વિઘ્નોપશાંતિને અર્થે પૂજા ૧ પ્રતિષ્ઠા ૨ અંજનશલાકા ૩, લઘુશાંતિસ્નાત્રમહોત્સવ ૪ બૃહત્શાંતિસ્નાત્રમહોત્સવ ૫, વળી સમ્યક્ત્વ ૧, દેશવિરતિ ૨ તથા સર્વવિરતિ ૩ અંગીકાર કરવા અવસરે દેવસાક્ષી અર્થે ૬ તથા જિનભવનમાં પ્રત્યનીકે કરેલા ઉપસર્ગ નિવારણને અર્થે ૭ તથા સંઘાદિકના ક્ષુદ્રોપદ્રવના નિવર્તન કરવાને ૮ તથા વળી સંઘાદિકના વિવાદ દૂર કરવાને ૯ ઈત્યાદિ કારણે ચોથી થોય કહેવી પૂર્વાચાર્યોએ જૈન ગ્રંથોમાં કહી છે તે યથોદ્દેશ તથા નિર્દેશ કરી ભવ્ય જીવોને જ્ઞાપન કરવાને કેટલાક જૈન ગ્રંથોના પાઠ લખીએ છીએ. ત્યાં પહેલાં શ્રી તિલકાચાર્યકૃત ષડાવશ્યકલઘુવૃત્તિમાં ચોથી થોય આચરણાએ કહી છે. તે પાઠ :

तारेइ नरं व नारिं वा ॥ एतास्तिस्त्रः स्तुतयो गणधरकृतत्वा-न्नियमेनोच्यंते आचरणाच्चान्येऽपि । तद्यथा - उर्ज्जितेत्यादि पाठ-सिद्धाः । नवरं निसीहियेति संसारकारणनिषेधान्नैषेधिकी मोक्षः दशमोधिकारः ॥छ॥ तथा चत्तारीत्यादि । एषा सुगमा नवरं

परमट्ठनिट्ठियट्ठा परमार्थेन न कल्पनामात्रेण निष्ठिता अर्थाः येषां ते तथा एकादशोऽधिकारः ॥छा॥ अथैवमादितः प्रारभ्य वंदितभावादिजिनः सुधीरुचितमिति वैयावृत्त्यकराणामपि कायोत्सर्गार्थमिदं पठति वेयावच्चगराणमित्यादि वैयावृत्त्यकराणां गोमुखचक्रेश्वर्यादीनां शांतिकराणां सम्यग्दृष्टिसमाधि-कराणां निमित्तं कायोत्सर्गं करोमि । अत्र च वंदणवत्तियाए इत्यादि न पठ्यते । अपि तु अन्नत्थ उससिएणमित्यादि तेषामविरतत्वेन देशविरतेभ्योऽप्यधस्तनगुणस्थान-वर्तित्वात् स्तुतिश्च वैयावृत्यकराणामेव । एषः द्वादशोऽधिकारः ॥

અર્થ :- **तारेइ नरं व नारिं वा ॥** એ પૂર્વોક્ત **सिद्धाणं० ॥१॥ जो देवाण० ॥२॥ इक्कोवि० ॥३॥** એ ત્રણ થોય શ્રી ગણધર મહારાજની કરેલી તેથી કહેવી જોઈએ અને આચરણાથી અન્ય પણ કહે છે તે એ છે **उज्जिंजत इत्यादि** પાઠસિદ્ધ છે એટલું વિશેષ સંસારકારણ નિષેધવાથી નૈષેધિકી એટલે મોક્ષ : એ દશમો અધિકાર ॥ તથા **चत्तारि इत्यादि** એ પણ સુગમ છે, પણ એટલું વિશેષ કે કલ્પનામાત્રથી નહીં, પણ પરમાર્થે કરીને નિષ્ઠિતાર્થ થયા છે જેમના તે. એ અગિયારમો અધિકાર. અથ અનંતર આદિથી આરંભીને વાંદ્યા છે ભાવજિનાદિક તે સુંદર બુદ્ધિવંત વૈયાવૃત્યકારકોને પણ ભાવજિનાદિક વાંદાવા ઉચિત છે એવી ઉચિતપ્રવૃત્તિ જ્ઞાપક કાયોત્સર્ગને અર્થે આ પાઠ ભણવો "વેયાવચ્ચગરાણં ઇત્યાદિ". વૈયાવૃત્ત્યનાં કરવાવાળા જે ગોમુખયક્ષ-ચક્રેશ્વર્યાદિક શાંતિના કરવાવાળા, સમ્યગ્દૃષ્ટિઓને સમાધિના કરવાવાળા એમને નિમિત્તે કાયોત્સર્ગ કરું છું. અહીં વંદણવત્તિયાએ ઇત્યાદિ પાઠ ન કહેવો, પરંતુ અન્નત્થ ઉસસિએણં ઇત્યાદિ પાઠ કહેવો. કારણ કે તેમના અવિરતિપણે કરીને દેશવિરતિથી પણ નીચલા ગુણસ્થાનમાં વર્તે છે અને થોય પણ વૈયાવૃત્યકારકોની જ કહેવી એ બારમો અધિકાર. એ પાઠમાં ચોથી થોય આચરણાએ કહી, પણ કોઈ ઉર્જિંજતાદિક થોયને જ આચરિત સમજે પણ ચોથી થોય આચરણાએ ન સમજે તેનો સંદેહ દૂર કરવાને કહે છે કે ઉર્જિંજતાદિક થોય તો "**जहिच्छाए**" ઇત્યાદિ આવશ્યકચૂર્ણિના વચનથી શ્રુતપરંપરાએ આચરિત છે. તેમનો શંકા-

સમાધાનપૂર્વક વિચાર અસ્મત્કૃત સ્તુતિનિર્ણયવિભાકરથી જાણવો, ગ્રંથગૌરવના ભયથી લખ્યો નથી, પરંતુ ચોથી થોય તો ગીતાર્થ આચરિત આચરણાએ શ્રી પ્રવચનસારોદ્ધાર બૃહદ્વૃત્તિમાં શ્રી સિદ્ધસેનસૂરિજીએ કહી છે. તે પાઠ :

नन्वेता आशातना जिनालये क्रियमाणा गृहिणां कंचन दोषमावहंति उतैवमेव न करणीयास्तत्र ब्रूमो, न केवलं गृहिणां सर्वसावद्य-करणोद्यतानां भवभ्रमणादिकं दोषमावहंति किं तु निरनद्याचाररतानां मुनीनामपि दोषमावहंतीत्याह ॥ आसायणाउ इत्यादि । एता आशातनाः परिस्फुरद्विविधदुःखपरंपराप्रभवभवभ्रमणकारणमिति विभाव्य यतयोऽस्नानकारित्वेन मलमलिनदेहत्वात् न जिनमन्दिरे निवसंति इति समयः सिद्धांतस्तमेव समयं व्यवहारभाष्योक्तं दर्शयति दुब्भिगंधेत्यादि ॥ एषा तनुः स्नापितापि दुरभिगंधमलप्रस्वेदश्राविणी तथा द्विधावायुपथोऽधोवायुनिर्गम उच्छ्वासनिःश्वासनिर्गमश्च यद्वा द्विधा मुखेन अपानेन च वायुवहोवापि वातवहनं च तेन कारणेन न तिष्ठंति यतयश्चैत्ये जिन-मन्दिरे । यद्येवं व्रतिभिश्चैत्येष्वाशातनाभीरुभिः कदाचिदपि न गंतव्यं ? तत्राह "तिन्नि वा कड्ढईत्यादि" तिस्रः स्तुतयः कायोत्सर्गादनंतरं वा दीयंते ता यावत्कर्षति भणतीत्यर्थः किं विशिष्टास्तत्राह त्रिश्लोकिकाः त्रयः श्लोकाः छंदोविशेषरूपा आधिक्येन या सुतास्तथा सिद्धाणं बुद्धाणमित्येकः श्लोको जो देवाणवि इति द्वितीय इक्कोवि नमुक्कारो इति तृतीय इति अग्रेतनगाथाद्वयं स्तुतिश्चतुर्थी गीतार्थाचरणेनैव क्रियते गीतार्थाचरणं तु मूलगणधरभणितमिव सर्वं विधेयमेव सर्व्वैरपि मुमुक्षुभिरिति तावत्कालमेव तत्र जिनमंदिरेऽनुज्ञातमवस्थानं यतीनां कारणेन पुनर्धर्म्मश्रवणाद्यर्थमुपस्थितभविकजनोपकारादिना परतोऽपि चैत्यवन्दनाया अग्रतोऽपि यतीनामवस्थानमनुज्ञातं शेषकाले तु साधूनां जिनाशातनादिभयान्नानुज्ञातमवस्थानं तीर्थंकरगणधरादिभिस्ततो व्रतिभिरप्येवमाशातनाः परिहृियंते गृहस्थैस्तु सुतरां परिहरणिया इति

इयं तीर्थकृतामाज्ञा । आज्ञाभंगश्च महतेऽनर्थाय संपद्यते यदाहुः आणाइ च्चिय चरणमित्यादि ॥३८॥

ભાવાર્થ :- પર આશંકા કરે છે કે જિનાલયમાં આશાતનાઓ કહી તે ગૃહસ્થોને કાંઈ દોષ કરી શકે છે અથવા એમ જ ન કરવી કહી છે ? ત્યાં કહીએ છીએ કે, સર્વ સાવદ્ય કરવામાં ઉદ્યમે યુક્ત એવા ગૃહસ્થોને ભવભ્રમણાદિક દોષ કરે તેમાં તો શું કહેવું ? પરંતુ નિવરદ્ય આચારમાં આસક્ત એવા મુનિઓને પણ દોષ ઉત્પન્ન કરે છે, તે કહે છે. આ આશાતનાઓ જેમાં વિવિધ પ્રકારના દુઃખની પરંપરા થાય છે એવા સંસારભ્રમણનું કારણ છે એમ વિચારીને યતિ જે તે સ્નાન નથી કરતાં, માટે મલ વડે મલિન છે દેહ જેમના એવા છે માટે તેઓ જિનમંદિરમાં નિવાસ કરતાં નથી એવો સિદ્ધાંત છે. તે જ સિદ્ધાંત વ્યવહારભાષ્યમાં કહ્યો છે તે દેખાડે છે. **दुब्भिगंध**. આ શરીરને સ્નાન કરાવેલું હોય તોપણ દુર્ગંધી મળ, પરસેવો એમાંથી નીકળે છે તથા બે પ્રકારનો વાયુ જે અધોવાયુ ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાયુ એ બે નીકળે છે અથવા મોઢાનો વાયુ ને અધોવાયુ એ બે વહન થયા કરે છે માટે ચૈત્યમાં સાધુ રહેતાં નથી તે ઉપર આશંકા કરે છે કે આશાતનાથી ભય પામતાં વ્રતી પુરુષોએ ત્યાં ક્યારે પણ ન જવું એમ સિદ્ધ થયું. તે જગાએ ઉત્તર કહે છે કે કાઉસ્સગ્ગ કર્યા પછી ત્રણ સ્તુતિઓ કહીએ ત્યાં સુધી રહેવું તે સ્તુતિઓ કેવી છે તો કે ત્રણ છે શ્લોક છંદોવિશેષરૂપ અધિક તે જેને એટલે એક શ્લોકની બે શ્લોકની ત્રણ શ્લોકની વર્દ્ધમાન થોય અથવા સિદ્ધાણં બુદ્ધાણં એ એક શ્લોક, જો દેવાણ એ બીજો શ્લોક, ઇક્કોવિ નમુક્કારો એ ત્રીજો શ્લોક, તથા આગળની ગાથાઓ બે છે તે તથા ચોથી સ્તુતિ ગીતાર્થની આચરણાએ જ કહીએ છીએ. ગીતાર્થનું આચરણ તો મૂળ ગણધરનું કહેલું હોય તેની પેઠે જાણવું, તેમ જ સર્વ મોક્ષાર્થીઓને કરવા યોગ્ય જ છે. માટે તેટલો જ કાળ યતિઓને જિનમંદિરમાં રહેવાનો કહ્યો છે અને કોઈ કારણ હોય ત્યારે તો તેથી અધિક રહે, પણ તે વિના શેષકાળમાં જિનની આશાતનાના ભયથી સાધુએ ચૈત્યમાં ન રહેવું એમ તીર્થકર-ગણધરાદિકે કહ્યું છે, એમ આશાતનાનો પરિહાર વ્રતીવંત

પણ કરે છે તો ગૃહસ્થોએ તો વિશેષે કરીને આશાતના વર્જવી એ જ તીર્થંકરની આજ્ઞા છે. કેમ જે તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય તો તેમાંથી મોટો અનર્થ ઉપજે. એ વાત શાસ્ત્રમાં કહી છે કે **"आणाइ च्चिय चरणं"** તીર્થંકરની આજ્ઞા એ જ ચારિત્ર છે ઇત્યાદિ પાઠમાં ચોથી થોય ગીતાર્થ આચરણાએ કહી.

તેમજ શ્રી જિનવલ્લભસૂરિસંતાનીય શ્રી બૃહત્ ખરતરગચ્છીય શ્રી જિનપ્રભસૂરિજીએ પણ વિધિપ્રપામાં ચોથી થોય આચરણાએ કહી છે. તે પાઠ :

चत्तारि थुइउत्ति - पढमा अहियगया चइयजिणस्स बीया सव्वजिणाणं तइया सुयस्स चउत्थी आयरणाए वेयावच्चगराणं ॥"

ભાવાર્થ :- ચાર થોયો તે પ્રથમ અધિકૃત જિનચૈત્યની ॥૧॥ બીજી સાધારણ સર્વ જિનની ॥૨॥ ત્રીજી શ્રુતજ્ઞાનની ॥૩॥ ચોથી આચરણાએ વૈયાવૃત્ત્યકરણ દેવતાઓની. ॥૪॥

હવે પૂર્વોક્ત વિઘ્નોપશમાદિ જે જે કારણે ગીતાર્થોએ ચોથી થોય કહેવી કહી છે તે તે ગ્રંથોના કેટલાએક પાઠ લખીએ છીએ. ત્યાં પ્રથમ સંઘાચાર ચૈત્યવંદનમહાભાષ્યમાં શ્રી શાંતિસૂરિજીએ ચોથી થોય પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ કરીને જિનવંદન એટલે જિનચૈત્યવંદનને અંતે જિનભવનરક્ષાદિકારણે સ્થાપન કરી છે. તે પાઠ :

जिणवंदणावसाणे जिणगिहवासीण देवदेवीणं ।
संबोहणत्थमहुणा काउस्सग्गं कुणइ एवं ॥७५॥
वेयावच्चगराणं संतिगराणं सम्मद्दिट्ठिसमाहिगराणं करेमि काउस्सग्गं, अन्नत्थ उससिएणमित्यादि सूत्रं ॥
वेयावच्चं जिणगिहरक्खणपरिट्ठवणाइजिणकिच्चं ।
संती पडणीयकउउवसग्गविनिवारणं भवणे ॥७६॥
सम्मद्दिट्ठीसंघो तस्स समाही मणोदुहाभावो ।
एएसिं करणसीला सुरवरसाहम्मिया जेउ ॥७७॥

तेसिं समाणणत्थ काउस्सग्गं करेमि एताहे ।
अन्नत्थ उससियाई पुव्वुत्तागारकरणेणं ॥७८॥
एत्थ उ भणेज्ज कोई अविरइं गंधाण ताणमुस्सग्गो ।
न हु संगच्छइ अम्हं सावयसमणेहिं कीरत्तो ॥७९॥
गुणहीणवंदणं खलु न हु जुत्तं सव्वदेसविरयाणं ।
भणइ गुरु सच्चमिणं एत्तोच्चिय एत्थ न हि भणियं ॥८०॥
वंदणपूयणसक्कारणाइ हेउं करेमि उस्सग्गं ।
वच्छल्लंपणुजुत्तं जिणमयजुत्ते तणुगुणेवि ॥८१॥
ते हु पमत्तापायं काउस्सग्गेण बोहिया धणियं ।
पडिउज्जमंति फुडपाडिहेरकरणे दट्ठुच्छाह ॥८२॥
सुच्चइ सिरिकंताए मणोरमाए तहा सुभद्दाए !
अभयाईणं पि कयं सन्नेज्झ सासणसुरेहिं ॥८३॥
संघुस्सग्गापायं वट्ठइ सामत्थमिहसुराणं पि ।
जह सीमंधरमूले गमणे माहिलविवायंमि ॥८४॥
जक्खाए वा सुच्चइ सीमंधरसामिपायमूलंमि ।
नयणं देवीए कयं काउस्सग्गेण सेसाणं ॥८५॥
एमाइ कारणेहिं साहम्मिय सुरवराणवच्छल्लं ।
पुव्वपुरिसेहिं कीरइ न वंदणा हेउमुस्सग्गो ॥८६॥
पुव्वपुरिसाण मग्गे वच्चंतो नेय चुक्कं इसु मग्गा ।
पाउणइ भावसुद्धिं सुच्चइमिच्छाविगप्पेहिं ॥८७॥
पारिय काउस्सग्गो परमेट्ठीणं च कयनमोक्कारो ।
वेयावच्चगराणं देज्ज थुइं जक्खपमुहाणं ॥८८॥

ભાવાર્થ :- જિનવંદન કહેતાં ચૈત્યવંદન તેના અવસાન કહેતાં છેડે અધુના અસ્મિન કાલે એટલે જિનપૂજાકાળમાં જિનગૃહવાસી દેવ-દેવીને સંબોધવાને એટલે ઉપયોગ દેવાને અર્થે એમ કાયોત્સર્ગ કરે ॥૭૫॥ વેયાવચ્ચગરાણં

ઇત્યાદિ સૂત્ર. વૈયાવૃત્ય કહેતાં જિનગૃહની રક્ષા કરવી, પરિસ્થાપનાદિક પ્રતિષ્ઠા પ્રમુખ જિનમતનાં કાર્ય કરવાં, શાંતિ જે જિનભવનમાં પ્રત્યનીકના કરેલા ઉપસર્ગોને નિવારણ કરવા ॥૭૬॥ તે સાધર્મિક દેવતાઓને સમ્યગ્દૃષ્ટિ શ્રી સંઘની બે પ્રકારની સમાધિ કરવાનું શીલ કહેતાં આચાર, ॥૭૭॥ તેમને સન્માન દેવાને માટે અન્નત્થ ઉસસિએણં વગેરે પૂર્વોક્ત આગાર કરવે કરીને કાયોત્સર્ગ કરું છું. ॥૭૮॥ અહીં કોઈ કહે કે અવિરતિ દેવતાઓનો કાયોત્સર્ગ કરવો અમને શ્રાવક-સાધુઓને ઠીક સંગત નથી. ॥૭૯॥ કેમ કે દેશવિરતિ-સર્વવિરતિ ગુણહીનને વંદના કરવી નિશ્ચે યુક્ત નથી. હવે એનો ઉત્તર ગુરુ કહે છે - હે ભવ્ય ! એ તારું કહેવું સાચું છે તે માટે જ અહીં કહ્યું નથી ॥૮૦॥ કે વંદન-પૂજન-સત્કાર હેતુ કાયોત્સર્ગ હું કરું છું એવું નથી કહ્યું. પરંતુ સાધર્મિકવત્સલ તો જૈનમતમાં અલ્પ ગુણવાળાની સાથે પણ કરવો, એટલે જેમ સાધર્મિક શ્રાવક પ્રમુખને પૂજા-પ્રતિષ્ઠાદિકમાં પ્રવર્તવાને વાસ્તે બહુમાનપૂર્વક પ્રેરણા કરીએ છીએ, તેમ શાસનદેવતાઓને પણ પૂજા-પ્રતિષ્ઠાદિ ઉચિતપ્રવૃત્તિમાં પ્રવર્તવાને બહુમાનપૂર્વક કાયોત્સર્ગ કરવો, તે ઉપયોગદાનરૂપ સાધર્મિકવત્સલ છે. ॥૮૧॥ કેમ કે તે શાસનદેવતા પ્રાયે પ્રમાદી છે, તે વાસ્તે કાયોત્સર્ગ દ્વારાએ જાગ્રત કર્યા થકા શાસનની ઉન્નતિ કરવામાં ઉત્સાહ ધારણ કરે છે. ॥૮૨॥ શાસ્ત્રમાં સાંભળીને કહીએ છીએ કે શ્રીકાંતા, મનોરમા તેમજ સુભદ્રા અને અભયકુમારાદિકોને શાસનદેવતાઓએ સહાય કરી. ॥૮૩॥ શ્રી સંઘના કાયોત્સર્ગ કરવાથી પ્રાયે દેવતાઓનું પણ સામર્થ્ય વધે છે, જેમ ગોષ્ઠામાહિલના વિવાદમાં શાસનદેવતાએ શ્રી સીમંધરસ્વામીની પાસે જઈ સાચા-ખોટાનો નિર્ણય કર્યો. ॥૮૪॥ શેષ સંઘના કાયોત્સર્ગ કરવાથી યક્ષાસાધ્વીને શાસનદેવી શ્રી સીમંધરસ્વામીની પાસે લઈ ગઈ. ॥૮૫॥ ઇત્યાદિ કારણોએ કરીને શાસનદેવતાઓનો ઉપયોગ દેવા સાધર્મિકવાત્સલ્યરૂપ કાયોત્સર્ગ પૂર્વાચાર્યોએ કહ્યો છે, પરંતુ દેવતાઓને વાંદવાને વાસ્તે કહ્યો નથી. ॥૮૬॥ તે માટે પૂર્વાચાર્યોના માર્ગમાં ચાલવાથી કદી પુરુષ સાચા માર્ગથી ભ્રષ્ટ થતાં નથી, પરંતુ પૂર્વાચાર્યોના ચાલેલા માર્ગમાં ચાલવાથી અનેક મિથ્યા વિકલ્પોથી છૂટીને પુરુષ ભાવવૃદ્ધિને પ્રાપ્ત

થાય છે. ॥૮૭॥ તે વાસ્તે પૂર્વોક્ત કારણે શાસનદેવતાનો કાયોત્સર્ગ કરી, પછી તે કાયોત્સર્ગ પારી પરમેષ્ઠિને નમસ્કાર કરીને વૈયાવૃત્યના કરવાવાળા યક્ષ પ્રમુખ શાસનદેવતાઓને થોય કહે. ॥૮૮॥

એ પાઠમાં પૂજા-પ્રતિષ્ઠાદિ સંઘાદિ કાર્યે વિઘ્નોપશાંતિને અર્થે દેવતાનો કાયોત્સર્ગ ચોથી થોય સાથે કરવો કહ્યો, પણ પ્રતિક્રમણમાં કરવો કહ્યો નથી, તથા વળી એ પાઠમાં "**जिणवंदणावसाणे**" એ પાઠના અભિપ્રાયથી જ પૂર્વધર પશ્ચાત્કાલવર્તી ગીતાર્થોએ સમ્યક્ત્વ ૧ દેશવિરતિ પ્રમુખ આરોપવા અવસરે વર્ધમાન ત્રણ થોયથી દેવવંદન કરીને પછી દેવસાક્ષીને કારણે શાંતિદેવતા પ્રમુખ દેવતાઓના કાયોત્સર્ગ તથા થોય કહેવી કહી છે. ત્યાં પ્રથમ શ્રી રુદ્રપલ્લીગચ્છીય શ્રી અભયદેવસૂરિજીકૃત સામાચારીનો પાઠ :

पुणरवि खमासमणं पुव्वं इच्छकारि तुम्हेम्हं संमत्तसामाइय-सुयसामाइयस्सरोवणत्थ नंदिकरावणियं देवे वंदावेह ॥ गुरु वंदेहत्ति भणित्ता तं वामपासे ठवित्ता तेण समं वड्ढंतिआहिं ॥

थुईहिं देवे वंदावेइ सिद्धत्थयपज्जंते य सिरिसंति १ संति २ पवयण ३ भवण ४ खित्ताय देवयाण ५ तहा वेयावच्चगराण ६ उस्सग्गा हुंति कायव्वा केवलं ॥

शांतिनाथाराधनार्थं कायोत्सर्गः सागरवरगंभीरेत्यंतं लोगस्सु-ज्जोयगरार्चितनतः सप्तविंशत्युच्छ्वासमानः कार्यः शेषेषु तु नमस्कारचिंतनं क्रमेण स्तुतयः श्रीमते शांतिनाथायेत्यादि ॥१॥ उन्मृष्टरिष्टेत्यादि ॥२॥ यस्याः प्रसादेत्यादि ॥३॥ ज्ञानादिगुणेत्यादि ॥४॥ यस्याः क्षेत्रं समाश्रित्येत्यादि ॥५॥ सर्वे यक्षांबिकेत्यादि ॥६॥ तओ णमोक्कारं कड्ढिय जाणुसुभविय सक्कत्थओ अरिहाणाइत्थोत्तं च भणिज्जइ जयवीयरायेत्यादि गाथे च इतीयं प्रक्रिया सर्वनंदीषु तुल्येत्येतत्समोच्चारणत्वं चेइवंदणाणंतरं खमासमणपुव्वं भणेइ ॥

એ પાઠમાં સમ્યક્ત્વ-દેશવિરતિ આદિ આરોપવાની ચૈત્યવંદનામાં પહેલી થોયની ચૈત્યવંદના કરીને, પછી પ્રવચનદેવી, ભુવનદેવતા, ક્ષેત્રદેવતા,

વેયાવચ્ચગરાણંના કાયોત્સર્ગ તથા તેમની જુદી જુદી થોયો કહેવી કહી છે, તેમજ શ્રી તિલકાચાર્ય કૃત વિધિપ્રપા સામાચારીમાં પણ ત્રણ થોયના દેવવંદન કર્યા પછી વૈયાવૃત્ય પ્રમુખના કાયોત્સર્ગાદિ કહ્યાં છે. તેવી જ રીતે સ્વ-સ્વ ગચ્છ સામાચારીઓમાં તથા પ્રતિષ્ઠાકલ્પાદિકમાં ચોથી થોય સાથે ત્રણ થોયની દેવવંદના કરવી કહી છે, તે વિરતિ પ્રતિપન્નકાળે ચૈત્યવંદના વગેરે ઉપચારે કરીને અવશ્ય નજીકના દેવતા સંનિધાન હોય એટલે નિકટ આવેલા દેવતા સાક્ષી હોય. તેમજ શ્રી પાક્ષિકસૂત્રવૃત્તિમાં કહ્યું છે. તે પાઠ :

कतिसाक्षिकं पुनरिदं प्रत्याख्यानमिति चेत् ? उच्यते अर्हदादिपंचक-साक्षिकं । एतदेव दर्शयति - तंजहेत्यादि । तद्यथेत्युपदर्शनार्थः । अर्हन्तस्तीर्थकरास्ते साक्षिणः समक्षभाववर्त्तिनो यत्र तच्छेषाद्वेति कप्रत्ययविधानादर्हत्साक्षिकं प्रत्याख्यानं क्रियाविशेषणं चैतदेवमन्यत्रापि द्रष्टव्यमिति तथा हीह क्षेत्रवर्त्तिनोऽन्यक्षेत्रवर्तिनस्तीर्थकराः केवल-वरज्ञानप्रधानचक्षुषामिदं प्रत्याख्यानकर्त्तुः पश्यंतीत्यतस्तत्साक्षिक-मुच्यते । एवं सिद्धाः प्रत्यक्षा अतीन्द्रियज्ञानगोचरत्वात्तेषां तत्कथ्यंते तस्य साक्षिणो दिव्यज्ञानभावेन समक्षभाववर्त्तिनो यत्र तत्सिद्धसाक्षिकं । आहोभयप्रत्यक्षभावे लोके साक्षि व्यवहारो रूढो न चात्र प्रत्याख्यान-कर्तुः सिद्धाः प्रत्यक्षा अतीन्द्रियज्ञानगोचरत्वात्तेषां तत्कथं ते तस्य साक्षिणः ? उच्यते । श्रुतवासितमतेस्तत्स्वरूपज्ञस्य तस्य ते भावकल्पनया प्रत्यक्षा इवेति कथं न साक्षिण इति ॥ तथा साधवो मुनयस्ते सातिशयज्ञानवंत इतरे वा विरतिप्रतिपत्तिसमयसमीपवर्त्तिनः साक्षिणो यत्र तत्साधुसाक्षिकं । तथा देवता भवनपत्यादयस्ते जिनभवनाद्यधिष्ठायिनस्तिर्यग्लोकसंचरित्भवो वा विरतिप्रतिक्रम-भाविनश्चैत्यवंदनाद्युपचारात्समीपमुपगताः स्वस्थानस्थायी कथंचिद्-द्वीपसमुद्रान् प्रति प्रयुक्तावधयः साक्षिणो यत्र तद्देवसाक्षिकं ॥ यदाह चूर्णिकारः -

विरइपडिवत्तिकाले चिइवंदणाइणोवयारेण ।
अवस्समहासंनिहीया देवयासन्निहाणं भवइ ॥

अतो देवसक्खियं भणियं अहवा भवणवणजोइवेमाणिया देवा सट्ठाणत्था चेव अहापवन्नोवहिणा दीवं दीवपज्जवेहिं समुद्दं समुद्दपज्जवेहिं बहवे नारयतिरियमणुदेवेय विविहभावसंपउत्ते पेच्छमाणा साहुंपि पाणाइवायविरइं पडिवज्जमाणं पेच्छंति विसेसउ तिरियजंगादिया राउ दिसि विदिसि विदिसासु संचरंतत्ति ॥ तथात्मा स्वजीवः स स्वसंविदितप्रत्यक्षविरतिपरिणामपरिणतः साक्षी यत्र तदात्मसाक्षिकं । इह च ससाक्ष्यं कृतमनुष्ठानमत्यंतदृढं जायत इति साक्षिणः प्रतिपादिताः पृथक्त्वेऽपि प्रतीतमेवैतद्यदुत साक्षिको व्यवहारो निश्चलो भवतीति ॥

ભાવાર્થ :- એ પચ્ચક્ખાણ અરિહંતો વગેરે પાંચની સાક્ષીએ થાય તે પાંચ કયાં કયાં એ કહે છે -

(૧) અરિહંત એટલે જેમણે બધા ભાવ પ્રત્યક્ષ દીઠા છે તેવા તીર્થંકર ભગવાન સાક્ષીએ છે. તેમાં ક પ્રત્યય વિધાન અર્થવાચી છે. તેથી "અર્હન્તસાક્ષિક" થયું. હવે "**अर्हन्तसाक्षिकं (प्रत्याख्यानं)**" એ ક્રિયાવિશેષણ છે. એવું બીજે ઠેકાણે પણ જાણવું. હવે ક્ષેત્રના તથા બીજા ક્ષેત્રના તીર્થંકરો ઊંચા કેવળજ્ઞાનરૂપી પ્રધાન આંખ વડે તે પચ્ચક્ખાણ કરતાં મને જુએ છે તેથી એ સાક્ષી છે, એમ કહીએ છીએ.

(૨) એ જ રીતે બીજા સિદ્ધ ભગવાન સાક્ષી છે. તે પ્રત્યક્ષ, અતીન્દ્રિયજ્ઞાન ગોચર છે. તેથી તેમનું સાક્ષીપણું કહીએ છીએ. તેમના દિવ્ય જ્ઞાનવડે તેમણે પણ બધા ભાવ પ્રત્યક્ષ દીઠા છે. તેથી સિદ્ધ ભગવાન પણ સાક્ષીરૂપ છે. અહીં કોઈ આશંકા કરે છે કે બે જણાઓને પ્રત્યક્ષભાવે લોકમાં સાક્ષીવ્યવહારની રૂઢિ છે ને અહીં પચ્ચક્ખાણ કરનારને તો સિદ્ધ પ્રત્યક્ષ નથી. કારણ કે તેઓ અતીન્દ્રિયજ્ઞાન ગોચર છે. તો તેઓ તે પચ્ચક્ખાણ કરનારના સાક્ષી શી રીતે કહેવાય ? તે આશંકા દૂર કરવાને કહે છે કે શ્રુતથી વાસિત થયેલી બુદ્ધિવાળા અને સિદ્ધનું સ્વરૂપ જાણનાર એવા પચ્ચક્ખાણ કરનારને ભાવની કલ્પના વડે સિદ્ધ ભગવાન પ્રત્યક્ષ જોવા જ છે તેથી તેઓ સાક્ષી કેમ ન થઈ શકે ? અર્થાત્ સાક્ષી થાય જ.

(૩) વળી ત્રીજા સાક્ષી સાધુ છે. તે અતિશય જ્ઞાનવંત સાધુ મુનિરાજો તથા બીજા મુનિરાજો જે દીક્ષાપ્રતિપત્તિની વખતે નજીક હોય તેઓ સાક્ષી છે.

(૪) ચોથા દેવતા સાક્ષી, તે ભવનપતિ વગેરે. તેઓ જિનમંદિરના અધિષ્ઠાયક દેવો અથવા લોકમાં સંચરવાવાળા દેવો છે તે, તથા દીક્ષાપ્રાપ્તિની વખતે અનુક્રમે કરાતાં ચૈત્યવંદન વગેરે ઉપચારથી નજીક આવેલા દેવો, એટલે દીક્ષા લેવાને અવસરે સમવસરણવિધિ અનુસારે શ્રી પંચાશકાદિ સમવસરણ આહ્વાન મંત્રોપચારથી તથા તે અવસરે જિનપૂજા કરીને ચૈત્યવંદના અવસરે સમ્યગ્દૃષ્ટિ દેવોની ગુણવર્ણનાત્મક સ્તુતિ કહે છે તે વગેરે ઉપચારથી આવેલા દેવો, અથવા પોતાને સ્થાને રહ્યાં છતાં પણ કોઈપણ રીતે દ્વીપ-સમુદ્રોને અવધિજ્ઞાનથી જોતાં દેવો, તે દેવસાક્ષી કહીએ. વળી, ચૂર્ણિકાર પણ એમ જ કહે છે - વિરતિ પ્રતિપત્તિ કાળે ચૈત્યવંદન વગેરે ઉપચારે કરીને અવશ્ય નજીક રહેલા દેવતા સંનિધાન હોય તેથી દેવસક્ખિયં કહ્યું. અથવા ભવનપતિ-વાણવ્યંતર-જ્યોતિષી અને વૈમાનિકદેવતા, પોતાને સ્થાને રહ્યાં જ થયાં પ્રયુંજિત અવધિજ્ઞાને કરીને દ્વીપ, દ્વીપપર્યવપ્રતિ, સમુદ્ર, સમુદ્ર પર્યવપ્રતિ ઘણા નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવાદિકોના વિવિધ ભાવસંપ્રયુક્ત દેખતાં થકાં સાધુને પણ પ્રાણાતિપાત વિરતિ પ્રતિપદ્યમાનને દેખે, વિશેષે તિર્યગ્જૃંભકદેવ દિવસે તથા રાત્રે દિશિ-વિદિશિને વિશે સંચરે, તેમની સાક્ષી તે દેવસાક્ષી.

(૫) પાંચમી આત્મસાક્ષી તે એ કે, આત્મા એટલે પોતાનો જીવ, જે પોતાના ખરા સ્વરૂપને ઓળખીને વિરતિ પરિણામે પરિણમ્યો છે તે આત્મા જેમાં સાક્ષી છે તે આત્મસાક્ષી કહીએ.

ઉપર લખ્યા પ્રમાણે પાંચ સાક્ષી થયા અને આ લોકને વિશે આટલી સાક્ષી સમક્ષ કરેલું અનુષ્ઠાન અત્યંત દૃઢ થાય છે. તેથી સાક્ષી પ્રતિપાદન કર્યા. તે પણ જુદા જુદા પ્રતિપાદન કર્યા એ ઉપરથી એમ થયું કે સસાક્ષિક જ વ્યવહાર નિશ્ચલ થાય છે.

એ પાઠમાં દેવસાક્ષી કારણે ચોથી થોય સહિત ત્રણ થોયની ચૈત્યવંદના

કહી. તેમજ વિક્રમ સંવત ૧૧૬૨માં જયસિંહદેવનૃપ રાજ્યે શ્રીમદ્ દેવસૂરિજીકૃત જીવાનુશાસનવૃત્તિમાં વિનાશન અર્થે સાધુને ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ અને શ્રાવકને વિઘ્નવિઘાતન કારણે સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીની પૂજા દૃઢ કરી છે. તે પાઠ :

तह बंभसंतिमाइण केइ वारिंति पूयणाईयं ।
तन्ने जओ सिरिहरिभद्दसूरिणेणुमयमुत्तं च ॥८०१॥

व्याख्या - तथेपि वादांतरभणनार्था ब्रह्मशांत्यादिनामंबिकादिपूर्ववत् आदिशब्दादंबिकादिग्रहः केऽप्येके वारयंति पूजनादिकमादिग्रहणाच्छेष एतदौचित्यादृि यद्युत तत्पूजादिनिषेधकरणं नेति निषेधे यतो यस्मात् श्रीहरिभद्रसूरैः सिद्धांतादिवृत्तिकर्तुरनुमतमभीष्टं तत्पूजादिविधानं उक्तं च भणितं च पंचाशके इति गाथार्थः ॥८०१॥

तदेवाह -

साहम्मियाय एए महड्ढिया सम्मदिट्ठिणो जेण ।
एत्तोच्चिय उचियं खलु एएसिं इत्थ पूयाई ॥
प्रतीतार्थाः छ ॥२०॥

न केवलं श्रावका एतेषामित्थं कुर्वन्ति यतयोऽपि कायोत्सर्गादिकमेतेषां कुर्वन्तीत्याह -

निग्घविघायणहेउं जइणो वि कुणंति हंदि उस्सग्गं ।
खित्ताईदेवयाए सुयकेवलिणा जओ भणियं ॥१००१॥

व्याख्या - विघ्नविघातनहेतोरुपद्रवविनाशार्थं यतयोऽपि साधवोऽपि न केवलं श्रावकादय इत्यपि शब्दार्थः कुर्व्वन्ति विदधति हंदीति कोमलामंत्रणे उत्सर्गं कायोत्सर्गं क्षेत्रादिदेवताया आदिशब्दाद्भवनदेवतादिपरिग्रहः श्रुतकेवलिना चतुर्दशपूर्वधारिणा यतो यस्माद् भणितं गदितमिति गाथार्थः ॥१००१॥

तदेवाह -

चाउम्मासियवरिसे उस्सग्गो खित्तदेवताए य ।

पक्खियसेज्जसुराए करिंति चउमासिएवेगे ॥१००२॥

गतार्था ॥१००२॥

ननु यदि चतुर्म्मासिकादिषु भणितमिदं किमिति सांप्रतं नित्यं क्रियत इत्याह -

संपइ निच्चं कीरइ, संनिज्झाभवओ वि सिद्धाओ ।

वेयावच्चगराणं इच्चाइ वि बहुयालाओ ॥१००३॥

व्याख्या - सांप्रतमधुना नित्यं प्रतिदिवसं क्रियते विधीयते कस्मात्सान्निध्याभातस्तस्य करणाद्विशिष्टादतिशायिनो वैयावृत्यकराणां प्रतीतानामित्याद्यपि न केवलं कायोत्सर्गादीप्यऽपीत्यर्थः आदिग्रहणात्-संतिकराणामित्यादि दृश्यं प्रभूतकालात् बहोरनेहस इति गाथार्थः ॥१००३॥

इत्थं स्थिते किं कर्त्तव्यमित्याह -

विग्घविघायणहेउं चेईहररक्खणाय निच्चंपि ।

कुज्जा पूयाईयं एयाणं धम्मवं किंच ॥१००४॥

व्याख्या - विघ्नविघातनहेतोरुपसर्गनिवारकत्वेन आत्मन इति शेषः चैत्यगृहरक्षणाच्च देवभवनपालनात् नित्यमपि सर्वदा न केवलमेकदे-त्यपि शब्दार्थः कुर्याद्विदध्यात् पूजादिकमादिशब्दात्कायोत्सर्गादिप्रकारः एतेषां ब्रह्मशांत्यादीनां धर्म्मवान् धार्म्मिकः अयमभिप्रायो यदि मोक्षार्थमेतेषां पूजादि क्रियते ततो दुष्टं, विघ्नादिवारणार्थं त्वदुष्टं, तदिति किंचेत्यभ्युच्चय इति गाथार्थः ॥१००४॥

अभ्युच्चयमेवाह -

मिच्छत्तगुणजुयाणं निवाइयाणं करिंति पूयाई ।

इहलोयकए सम्मत्तगुणजुयाणं न उण मूढा ॥१००५॥

વ્યાખ્યા - મિથ્યાત્વગુણયુતાનાં પ્રથમગુણસ્થાનવર્ત્તિનાં નૃપાદીનાં નરેશ્વરાદીનાં કુર્વ્વન્તિ પૂજાદિ-અભ્યર્ચનં નમસ્કારાદિ ઇહલોકકૃતે મનુષ્યજન્મોપકારાર્થં, સમ્યક્ત્વસંયુતાનાં દર્શનસહિતાનાં બ્રહ્મશાંત્યા-દીનામિતિશેષઃ ન પુનર્નૈવ મૂઢા અજ્ઞાનિનઃ ઇતિ ગાથાર્થઃ ॥૧૦૦૫॥

ભાષા :- તથા શબ્દ વાદાંતર કહેવાને અર્થે છે. બ્રહ્મશાંત્યાદિ નામંકાર પૂર્વની પેઠે. આદિ શબ્દથી અંબિકાદિ ગ્રહણ કરવાં. કેટલાક એમની પૂજા વગેરેનો નિષેધ કરે છે. વગેરે શબ્દ ગ્રહણ કરવાથી શેષ તેમને ઊંચાં ગ્રહણ કરવાં. તેમની પૂજા નિષેધ કરવી યોગ્ય નથી. કેમ કે સિદ્ધાંતાદિક વૃત્તિના કર્તા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાને બ્રહ્મશાંત્યાદિકની પૂજા ઊંચા કૃત સમ્મત છે. તેથી શ્રી પંચાશકજીમાં તેમના પૂજા વગેરે વિધાન કહ્યા છે. એ પ્રમાણે ગાથાર્થ પૂર્ણ થયો ॥૯૦૧॥ તે જ કહે છે - એ બ્રહ્મશાંત્યાદિક દેવ છે તે સમ્યગ્દૃષ્ટિ છે, મહાઋદ્ધિવંત છે, સાધર્મિક છે, તે વાસ્તે તેમની પૂજા વગેરે ઊંચાં કૃત્ય શ્રાવકોને કરવા એ ગાથા પ્રસિદ્ધાર્થ છે. કેવળ શ્રાવક એમની પૂજા વગેરે કરે એમ ન સમજવું. કેમ કે યતિ એવા સાધુ પણ એમના કાયોત્સર્ગ કરે છે. ॥૨૦॥ તે જ કહે છે - વિઘ્નવિઘાતન તે ઉપદ્રવવિનાશ, તે કરવાને અર્થે યતિ સાધુ પણ ક્ષેત્રદેવતાદિકના કાયોત્સર્ગ કરે છે. આદિ શબ્દથી ભવનદેવતાદિકનું ગ્રહણ કરવું. તે માટે કેવળ શ્રાવકાદિક જ એમનાં ઊંચાં કૃત્ય કરે છે એમ ન સમજવું, પરંતુ સાધુ પણ કાયોત્સર્ગ કરે છે, એ વા શબ્દનો અર્થ છે. કેમ કે પૂર્વોક્ત કાયોત્સર્ગ કરવા એ કથન શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે, એ પ્રકારે ગાથાર્થ છે. ॥૧૦૦૧॥ તે જ કહે છે, ચોમાસીમાં અને સંવત્સરીમાં ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ કરવો, કોઈક આચાર્ય ચોમાસીમાં પણ ભવનદેવતાનો કાયોત્સર્ગ કરે છે, એ ગાથાર્થ છે. ॥૧૦૦૨॥ અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો ચોમાસી આદિમાં ક્ષેત્રદેવતા વગેરેના કાયોત્સર્ગ શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યાં છે તો વળી વર્તમાનકાળમાં દરરોજ કાયોત્સર્ગ કેમ કરો છો ? એ પ્રશ્નોના જવાબ કહે છે - આધુનિકકાળમાં દરરોજ પ્રતિદિવસ જે ક્ષેત્રદેવતા વગેરેનો કાયોત્સર્ગ કરે છે તેનું કારણ એ છે કે વર્તમાનકાળમાં તે દેવતાઓના સાંનિધ્યના અભાવથી

અર્થાત્ પૂર્વકાળમાં વિઘ્ન આવ્યા થકાં યદાકદા એકવાર કાયોત્સર્ગ કરવાથી તે દેવતા ઉપદ્રવનાશનાદિ કાર્ય કરતાં હતાં અને આગળના કાળમાં કાળદોષથી વિઘ્ન આવ્યા ત્યારે યદાકદા કાયોત્સર્ગ કરવાથી તે દેવો સાંનિધ્ય કરતાં નથી, તે માટે ઉપદ્રવ આવ્યો જાણી તે દિવસથી માંડીને ઉપદ્રવ વિનાશ થાય ત્યાં સુધી દરરોજ પ્રતિદિન કાયોત્સર્ગ દ્વારા જાગ્રત કર્યા થકાં તે દેવ સાંનિધ્ય કરે છે. તે વાસ્તે દરરોજ કાયોત્સર્ગ કરે છે. તે દરરોજ કાયોત્સર્ગના કરવાથી વિશિષ્ટ અતિશયવંત વૈયાવૃત્યકરાદિ દેવ જે છે તે જાગ્રત થાય છે, ઉપદ્રવ આવ્યા ત્યારે નિઃકેવળ વૈયાવૃત્ય કરવાવાળા દેવતાઓના જ કાયોત્સર્ગ નથી કરતાં, કેમ કે આદિ શબ્દના ગ્રહણથી શાંતિકરાણં આદિ પણ ગ્રહણ કરવા. તથા પ્રભૂતકાલાત્ અર્થાત્ દિવસકાર્તોથી સાંપ્રત કાળમાં ઉપદ્રવનો નાશ થાય તે વાસ્તે વિઘ્નસંભવ થયાં પૂર્વોક્ત દેવતાઓ દરરોજ કાયોત્સર્ગ કરે છે. એ ગાથાર્થ છે. ॥૧૦૦૩॥ એવી રીતે સ્થિત સિદ્ધ થયાં શું કરવું ? તે કહે છે - વિઘ્નવિઘાતનને વાસ્તે, આત્માને ઉપસર્ગનિવારણ હોવાથી અને જિનગૃહની રક્ષા કરવાથી, વળી દેવભવનની પાલના કરવાથી દરરોજ એ દેવતાઓની પૂજા કરવી જોઈએ. આદિ શબ્દથી તેમના કાયોત્સર્ગ પૂજા અવસરે કરવા જોઈએ. કોણે કરવા જોઈએ ? ધાર્મિક જનોને. અહીં એ અભિપ્રાય છે કે મોક્ષને અર્થે એ પૂર્વોક્ત દેવતાઓની પૂજા તથા કાયોત્સર્ગ વગેરે કરે તો અયુક્ત છે, પરંતુ વિઘ્નનિવારણાદિકને નિમિત્તે કરે તો કંઈ અયુક્ત નથી. ઉપદ્રવપ્રવૃત્તિ નિવારણ હોવાથી તથા ઉચિતપ્રવૃત્તિને અર્થે પૂજા તથા પૂજાના અવસરે કાયોત્સર્ગ કરવા યુક્ત જ છે. કિંચ શબ્દ અભ્યુચ્ચયાર્થમાં છે, એ ગાથાર્થ ॥૧૦૦૪॥ અભ્યુચ્ચય શેષ કહેવા યોગ્ય જે કહ્યું છે તે કહે છે : મિથ્યાત્વગુણસહિત પહેલા ગુણસ્થાનકમાં વર્તવાવાળા નરેશ્વર જે રાજાદિક તેમને પૂજા-પ્રણામરૂપ નમસ્કારાદિ કરે છે તે આ લોકના પ્રયોજનને અર્થે કરે છે, પરંતુ સમ્યક્ત્વસહિત સમ્યગ્દૃષ્ટિ બ્રહ્મશાંત્યાદિક દેવતાઓની પૂજા-પ્રણામ કાયોત્સર્ગ વગેરે જે કરે છે તે કાંઈ મૂઢ અજ્ઞાની કરતાં નથી. એ પ્રકારે ગાથાર્થ છે. ॥૧૦૦૫॥

એ પાઠમાં આશય એવો સંભવે છે કે પૂર્વકાળે પાક્ષિક, ચોમાસી અને સંવત્સરીના દેવસિ પ્રતિક્રમણના અંત ભાગમાં આજ્ઞાનિમિત્તે તથા કોઈ વિઘ્નાદિક કારણ સંભવ થયે સાધુ ક્ષેત્રદેવી પ્રમુખનો કાયોત્સર્ગ કરતાં. અને સાંપ્રતકાળમાં આજ્ઞાનિમિત્તે તો તે જ પાક્ષિક પ્રમુખ દિવસમાં ક્ષેત્રદેવતા-ભવનદેવતાના કાયોત્સર્ગ કરવા, પણ વિઘ્નોપશામિનીપૂજા-પ્રતિષ્ઠા વગેરે કારણે તથા વિઘ્નવિનાશ કારણે તો જે દિવસથી પૂજા-પ્રતિષ્ઠા વગેરેનો આરંભ થાય તથા ઉપદ્રવાદિકનો સંભવ થાય તે દિવસથી નિરંતર ક્ષેત્રદેવી પ્રમુખના પણ કાયોત્સર્ગ સાધુઓએ કરવા અને શ્રાવકજન જે તો પૂર્વકાળમાં તથા સાંપ્રતકાળમાં પૂજા વગેરે વિશિષ્ટ કારણે તથા વિઘ્નવિનાશ કારણે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓની પૂજા પૂર્વકાળમાં કરતાં તેમજ સાંપ્રતકાળમાં પણ કરવી.

यदुक्तं चतुर्दशपूर्वधरश्रीभद्रबाहुस्वामिजीकृतपूजाप्रकीर्णे -
गाथा - सम्मदिट्ठिदेवपूजा सड्ढो कीरइ संघहेउणा ।
उवदव्ववाणकज्जं पुणो जिणबिंबपइट्ठाय ॥५०॥

ભાવાર્થ :- સંઘને કારણે ઉપદ્રવ વારવાને અર્થે તથા વળી જિનબિંબ પ્રતિષ્ઠામાં ઉપદ્રવો વગેરે વારવાને અર્થે સમ્યગ્દૃષ્ટિ દેવની પૂજા શ્રાવક કરે. તથા વળી જીવાનુશાસનના પૂર્વોક્ત પાઠમાં શ્રી દેવસૂરિજીએ કહ્યું છે કે પંચાશકજીમાં બ્રહ્મશાંત્યાદિકની પૂજાના વિધાન કહ્યા છે, તે પણ પ્રતિષ્ઠા-પંચાશકમાં શ્રી હરિભદ્રસૂરિજીએ પ્રતિષ્ઠા અવસરે કહ્યા છે, પણ પ્રતિક્રમણમાં કાયોત્સર્ગ વગેરે કરવા કહ્યાં નથી. અને શ્રી પંચાશકજીના ઓગણીસમા પંચાશકના પાઠનાં રોહિણી-અંબિકા પ્રમુખ દેવીઓના આરાધન અર્થે તપ પ્રમુખ કહ્યા છે તે ભોળા લોકોને અસત્ અભ્યાસ છોડાવી સતત અભ્યાસમાં પ્રવર્તાવવાને કારણે એટલે લૌકિકમિથ્યાત્વપ્રવૃત્તિ છોડાવી લોકોત્તર પ્રવૃત્તિનો અભ્યાસ કરાવવા કહ્યા છે, પણ મોક્ષાર્થે કહ્યા નથી.

तथा च तत्पाठः -

किंच -

अण्णोवि अत्थि चित्तो, तहा तहा देवयाणिओएण ।
मुद्धजणाणहिओ खलु, रोहिणीमाई मुणेयव्वो ॥२३॥

व्याख्या - अन्यदपि अस्ति विद्यते चित्रं विचित्रं तप इति गम्यते तथा तथा तेन तेन प्रकारेण लोकरूढेन देवतानियोगेन देवतोद्देशेन मुग्धजनानामव्युत्पन्नबुद्धिलोकानां हितं खलु पथ्यमेव विषयाभ्यास-रूपत्वात् रोहिण्यादिदेवतोद्देशेन यत्तद्रोहिण्यादि मुणेयव्वोत्ति ज्ञातव्यं पुल्लिंगता च सर्व्वत्र प्राकृतत्वादिति गाथार्थः ॥२३॥

देवता एव दर्शयन्नाह -

रोहिणिअंबा तह मदपुणिया सव्वसंपया-सोक्खा ।
सुयसंतिसुराकाली सिद्धाइया तहा चेव ॥२४॥

व्याख्या - रोहिणी १ अंबा २ तथा मदपुण्यिका ३ सव्वसंपया-सोक्खत्ति सर्वसंपत् ४ सर्वसौख्याचेत्यर्थः ५ । सुयसंतिसुरित्ति श्रुतदेवता ६ शांतिदेवताचेत्यर्थः ७ । सुयसंतिसुरित्ति इति वा पाठान्तरं व्यक्तं च काली ८ सिद्धायिका ९ इत्येता नवदेवतास्तथा चैवेति समुच्चयार्थे संवाइया चेवत्ति पाठान्तरमिति गाथार्थः ॥२४॥

ततः किमित्याह -

एमाइ देवयाओ, पडुच्च अवउस्सग्गाओ जे चित्ता ।
णाणादेसपसिद्धा ते सव्वे चेव होइ तवो ॥२५॥

व्याख्या - एवमादिदेवताः प्रतीत्यैतदाराधनायेत्यर्थः अवउस्सग्गत्ति अपवसनानि अवजोषणानि वा तुः पूरणे ये चित्रा नानादेशप्रसिद्धास्ते सर्व चैव भवंति तपइति स्फुटितमिति तत्र रोहिणीतपो रोहिणी-नक्षत्रदिनोपवासः सप्तमासाधिकसप्तवर्षाणि यावत्तत्र च वासुपूज्य-जिनप्रतिमाप्रतिष्ठापूजा च विधेयेति । तथांबातपः पंचसु पंचमीष्वे-काशनादि विधेयं नेमिनाथांबिकापूजा चेति । तथा श्रुतदेवता तप एकादशष्वेकादशीषूपवासो मौनव्रतं श्रुतदेवतापूजा चेति शेषाणि तु रूढितोऽवसेयानीति गाथार्थः ॥२५॥

अथ कथं देवतोद्देशेन विधीयमानं यथोक्तं तपः स्यादित्याशंक्याह -

जत्थ कसायणिरोहो बंभ जिणपूयणं अणसणं च ।
सो सव्वो चेव तवो, विसेसओ मुद्धलोयंमि ॥२६॥

व्याख्या - यत्र तपसि कषायनिरोधो ब्रह्म जिनपूजनमिति व्यक्तं अनशनं च भोजनत्यागः सोत्ति तत्सर्वं भवति तपो विशेषतो मुग्धलोको हि तथा प्रथमतया प्रवृत्तः सन्नभ्यासात्कर्म्मक्षयोद्देशेनापि प्रवर्त्तते न पुनरादित एव तदर्थं प्रवर्त्तितुं वा तपस्यंति । यदाह - "मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमः पुरुषः" इति मोक्षार्थघटना चागमविधिनैवालंबनांतरस्नायाभोगहेतुत्वादि गाथार्थः ॥२६॥

न चेदं देवतोद्देशेन तपः सर्वथा निष्फलमैहिकफलमेव वा चरणहेतुत्वादपीति चरणहेतुत्वमस्य दर्शयन्नाह -

एवं पडिवत्तिए एत्तो मग्गाणुसारिभावाओ ।
चरणं विहयं बहवे, पत्ता जीवा महाभागा ॥२७॥

व्याख्या - एवमित्युक्तानां साधर्मिकदेवतानां कुशलानुष्ठानेषु निरुपसर्गत्वादिहेतुना प्रतिपत्त्या तपोरूपोपचारेण तथा इति उक्तरूपात्कषायादिनिरोधप्रधानात्तपसः पाठांतरेण एवमुक्तकरणेन विहितमाप्तोपदिष्टं बहवः प्रभूताः प्राप्ता अधिगता जीवाः सत्त्वा महाभागा महानुभावा इति गाथार्थः ॥२७॥

तथा -

सव्वंगसुंदरं तह णिरुज्जसिहो परम भूसणो चेव ।
आयइजणणसोहग्गकप्परुक्खो तहण्णो वि ॥२८॥
पढिओ तवोविसेसो अण्णेहिं वि तेहिं तेहिं सत्थेहिं ।
मग्गपडिवत्तिहेऊ हंदि विणेयाणुगणेणं ॥२९॥

व्याख्या - सर्वांगानि सुंदराणि यतस्तपोविशेषात्स सर्वांगसुंदरस्तथेति समुच्चये । रुजानां रोगाणां अभावो नीरुजं तदेव शिखेवशिखा

प्रधानं फलं तया यत्रासौ नीरुजशिखा तथा परमाण्युत्तमानि भूषणान्याभरणानि यतोऽसौ परमभूषणं चैवेति समुच्चये तथा आयतिमागामिकालेऽभीष्टफलं जनयति करोति योऽसावायतिजनकस्तथा सौभाग्यस्य सुभगतायाः संपादने कल्पवृक्ष इव यः स सौभाग्यकल्पवृक्षस्तथेति समुच्चये अन्योऽप्यपरोऽपि उक्ततपोविशेषात्-किमित्याह - पठितोऽधीतस्तपोविशेषस्तपोभेदोऽन्यैरपि ग्रंथकारैस्तेषु तेषु शास्त्रेषु नानाग्रन्थेष्वित्यर्थः । नन्वयं पठितोऽपि साभिष्वंगत्वान्न मुक्तिमार्ग इत्याशंक्याह - मार्गप्रतिपत्तिहेतुः शिवपथाश्रयणकारणं यश्च तत्त्वप्रतिपत्तिहेतुः स मार्ग एवोपचारात्कथमिदमिति चेदुच्यते - हंदीत्युपदर्शने विनेयानुगुण्येन शिक्षणीयसत्त्वानुरूपेण भवंति हि केचित्ते विनेया ये साभिष्वंगानुष्ठानप्रवृत्ताः संतो निरभिष्वंगमनुष्ठानं लभंत इति गाथाद्वयार्थः ॥२८-२९॥

ભાષાર્થ :- અન્ય પ્રકારના એટલે કે પૂર્વોક્ત તપના સ્વરૂપથી અન્ય પ્રકારના પણ વિચિત્ર પ્રકારના તપ છે તે તે પ્રકારે લોકરૂઢીએ કરીને દેવતાને ઉદ્દેશીને ભોળા અવ્યુત્પન્નબુદ્ધિવાળા લોકોને તપ વિષયાભ્યાસરૂપ પ્રકૃતિ હોવાથી તે હિતકારક પથ્ય અથવા સુખદાયી છે. રોહિણી વગેરે દેવીઓને ઉદ્દેશીને જે તપ કરે છે તે રોહિણી વગેરે તપ જાણવા. એ ગાથાનો અર્થ. ॥૨૩॥ હવે તે દેવતા જ દેખાડતા થકા ગ્રંથકાર કહે છે - ૧ રોહિણી ૨ અંબા ૩ તથા મદપુણ્યિકા ૪ સર્વસંપત્ ૫ સર્વસૌખ્યા વગેરે ૬ શ્રુતદેવતા ૭ શાંતિદેવતા ૮ કાલી ૯ સિદ્ધાયિકા એ નવ દેવીઓ છે. ॥૨૪॥ ઇત્યાદિ દેવતા આશ્રિત તેમની આરાધનાને માટે ઉપવસન એટલે ઉપવાસા વગેરે વિચિત્ર નાના દેશ પ્રસિદ્ધ તે સર્વ તપ હોય છે. તેમાં તે રોહિણીતપ રોહિણીનક્ષત્રના દિનમાં ઉપવાસ કરે એવી રીતે સાત વર્ષ સાત માસાધિક તપ કરે અને શ્રી વાસુપૂજ્ય તીર્થંકર ભગવંતની પ્રતિમાની પ્રતિષ્ઠા અને પૂજા કરે. ઇત્યાદિ રોહિણીતપ ॥૧॥ તથા અંબાતપ - પાંચ પંચમીમાં એકાશણાદિક કરવા અને શ્રી નેમિનાથજીની તથા અંબિકા જિનયક્ષિણીની પૂજા કરે ॥૨॥ તથા શ્રુતદેવતાનો તપ - અગિયાર

એકાદશીઓમાં ઉપવાસ મૌનવ્રત કરે અને શ્રુતદેવતાની પૂજા કરે. શેષ તપવિધિ રૂઢિથી જાણવી. ॥ હવે દેવતાને ઉદ્દેશીને યથોક્ત વિધીયમાન તપ કેમ થાય ? એવી આશંકા કરીને કહે છે કે જે તપમાં કષાયનો નિરોધ છે, બ્રહ્મચર્યનું પાલન છે, જિનપૂજન હોય છે અને અનશન કહેતાં ભોજનનો ત્યાગ હોય તે સર્વ તપવિશેષ એટલે એ સર્વ તપ ભોળા લોકોમાં હોય છે. કેમ કે ભોળા લોક પ્રથમ એવા તપમાં પ્રવૃત્ત થયા વડે અભ્યાસના બળથી પછી કર્મક્ષય કરવા માટે પણ તપ કરવામાં પ્રવૃત્ત થાય છે, પરંતુ પ્રથમથી જ કર્મક્ષય કરવા માટે ભોળા હોવાથી પ્રવૃત્ત થતા નથી. અને જે સદ્‌બુદ્ધિવાળા છે તે તો મોક્ષને અર્થે જ સર્વ અનુષ્ઠાન કરવા એવી બુદ્ધિએ કરીને તપ કરે. અર્થાત્ કર્મક્ષય કરવાને જ તપ કરે, પણ સંસાર આશંસાએ દેવતાને ઉદ્દેશીને તપ ન કરે. કહ્યું છે કે - ઉત્તમ પુરુષોની જે મતિ છે તે મોક્ષાર્થમાં જ ઘટે છે અને મોક્ષાર્થની જે ઘટના છે તે આગમવિધિએ કરીને જ છે. કેમ કે આગમવિધિ વિના જે આલંબન છે તે સર્વ અનાભોગહેતુ એટલે અજાણહેતુ છે. એ ગાથાર્થ છે. ॥ એ પૂર્વોક્ત કથનથી એમ ન જાણવું કે દેવતાઓને ઉદ્દેશીને જે તપ કરવા તે ભોળા લોકોને સર્વથા નિષ્ફળ છે, અથવા આ લોકનું જ ફળ છે, પરંતુ ચારિત્રનો પણ હેતુ છે. હવે એ તપ ચારિત્રનો હેતુ કેવી રીતે છે ? તે દેખાડે છે એમ ઉક્ત સાધર્મિક દેવતાઓના કુશળ અનુષ્ઠાનમાં નિરુપસર્ગાદિ હેતુએ કરીને પ્રતિપત્તિ એટલે તપરૂપ ઉપચારે કરીને તથા એ ઉક્તરૂપ કષાયાદિનિરોધરૂપી ઉપચારે કરીને તથા એ ઉક્તરૂપ કષાયાદિનિરોધરૂપી પ્રધાન તપથી પાઠાંતરે કરીને એમ ઉક્ત કહેવા પ્રમાણે કરવાથી માર્ગાનુસારી એટલે સિદ્ધિ પંથના અનુકૂળ અધ્યવસાયથી "**चरणं चारित्रं**" આપ્તનું કથન કરેલું ચારિત્ર બહુ મહાનુભાવ જીવોને પૂર્વકાળમાં પ્રાપ્ત થયું છે. એ ગાથાર્થ જાણવો ॥ તથા સર્વાંગસુંદર થાય છે જે તપવિશેષથી, તે સર્વાંગસુંદર તપ કહેવાય. તથા શબ્દ છે તે સમુચ્ચયાર્થમાં છે. તથા જે "**रुजाणां**" કહેતાં રોગનો અભાવ થવો તે નીરુજ કહેવાય. તે જ શિખાની પેઠે શિખાપ્રધાન ફળે કરીને જ્યાં છે તે નીરુજશિખાતપ કહેવાય. તથા પરમોત્તમ ભૂષણ આભરણ હોય જેથી તે પરમભૂષણતપ જાણવો. ચૈવ શબ્દ સમુચ્ચયાર્થમાં છે. તથા જે

આગામીકાળમાં મનવાંછિત ફળની સિદ્ધિ કરે તથા સુભગપણે કરીને કલ્પવૃક્ષની પેઠે સંપાદન કરે તે સૌભાગ્યકલ્પવૃક્ષતપ કહેવાય. તથા શબ્દ સમુચ્ચય અર્થમાં છે. ઉક્ત તપથી તથા અન્ય પ્રકારના તપવિશેષથી શું ફળ થાય ? તે કહે છે - અન્ય ગ્રંથકારે પણ નાના પ્રકારના ગ્રંથોમાં કહ્યા જે તપના વિશેષ ભેદ, તેનાં ફળ તે તે શાસ્ત્રોમાં કહ્યાં છે. અહીં પ્રશ્ન કરે છે કે એ જે તપ કહ્યાં તે પણ વાંછા સહિત હોવાથી મુક્તિમાર્ગમાં નથી, એવી પણ આશંકાનો જવાબ કહે છે -

એ પૂર્વોક્ત તપ જે છે તે માર્ગાનુસારીપણું પ્રાપ્ત થવાનું કારણ છે. એટલે વાંછા સહિત તપ કરવાથી ભદ્રજીવને માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાય છે અને માર્ગાનુસારીપણું છે તે મોક્ષમાર્ગની પ્રાપ્તિનું કારણ છે અને જે મોક્ષમાર્ગની પ્રાપ્તિનું કારણ છે તે ઉપચારથી મોક્ષમાર્ગ જ કહેવાય છે. તે વાંછા સહિત તપ માર્ગાનુસારીપણાનું કારણ શાથી કહેવાય છે ? 'હંદિ' શબ્દ છે તે ઉપદર્શન અર્થે છે એટલે પૂર્વોક્ત વાર્તા ઓળખાવવાને અર્થે કે કોઈક શિષ્ય ઇચ્છા સહિત અનુષ્ઠાનકાળમાં પ્રવૃત્ત થયા થકા વિનયાદિ ગુણ શીખવાથી જીવને થવાથી "નિરભિષ્વંગ" અર્થાત્ ઇચ્છા રહિત અનુષ્ઠાનને પ્રાપ્ત થાય છે એ બે ગાથાનો અર્થ ॥ એ પાઠમાં ભોળા જીવોને પૂર્વોક્ત દેવતાઓના તપ પ્રમુખ કરવા કહ્યા તે માર્ગાનુસારીપ્રવૃત્તિમાં પ્રવર્તાવી લૌકિક મિથ્યાત્વ છોડાવવાને કહ્યા છે, પણ સદ્‌બુદ્ધિવાળા પ્રાણીઓને અર્થે કરવા કહ્યા નથી. તોપણ ચતુર્થસ્તુતિનિર્ણય પૃ. ૧૩૮માં "तत्त्ववेत्तायो को भी पूर्वोक्त देवतायों का तपादि करना निषेध नहीं करा है, किन्तु इस लोक के अर्थ न करना, परंतु मोक्ष के लिए करे तो निषेध नहीं ॥" ઇત્યાદિ પૂર્વાપરવિરુદ્ધ આત્મારામજી આનંદવિજયજીનું લખવું તદ્દન અસત્ય છે. કેમ કે ચતુર્થસ્તુતિનિર્ણય પૃ. ૧૪૮માં પોતે જ લખે છે કે "જે કર મોક્ષને અર્થે ઇન પૂર્વોક્ત દેવતાયોં કી પૂજાદિ કરે જબ તો અયુક્ત હૈ, પરન્તુ વિઘ્નનિવારણાદિક કે નિમિત્ત કરે તો કુછ ભી અયુક્ત નહીં હૈ ।" એમ લખીને વળી ચતુર્થસ્તુતિનિર્ણય પૃ. ૧૩૮માં લખે છે "તથા ભોલે શ્રાવકોં કો ભી પૂર્વોક્ત દેવતાયોં કા તપ કરના યહ ભી મોક્ષમાર્ગહર કહા હૈ ।" એ

રીતે ઠેકાણે ઠેકાણે અસંબદ્ધ લખાણ કરે છે. પણ ભવ્યજીવોએ વિચાર કરવો જોઈએ કે જૈનમતમાં સૂર્ય સમાન શ્રી હરિભદ્રસૂરિકૃત પંચાશકમૂળમાં તથા નવાંગીટીકાકાર શ્રી અભયદેવસૂરિજીકૃત પંચાશકટીકામાં ભોળા લોકોને માર્ગની રુચિ કરાવવાને રોહિણી-અંબિકા પ્રમુખ દેવીઓને ઉદ્દેશીને તપ કરવા તથા તેમની પૂજા કરવી કહી છે. ને તે તપ પ્રમુખ ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો તે, ઈચ્છા રહિત અનુષ્ઠાન થવાનું કારણ, તેથી કહ્યો છે પણ વાંછા સહિત અનુષ્ઠાન કરવું તે મોક્ષમાર્ગ કહ્યો નથી. તથા તત્ત્વવેત્તાઓએ તો પહેલાં જ આગમવિધિ આલંબન કરીને વાંછા રહિત જ તપ પ્રમુખ અનુષ્ઠાન કરવાં કહ્યાં, પણ ઈચ્છા સહિત કરવા કહ્યાં નથી. અને પૂર્વોક્ત દેવતાઓના તપ પ્રમુખ તે ઈચ્છા સહિત જ હોય, પણ વાંછા વિના હોય નહીં, તે માટે જ પૂર્વોક્ત જીવાનુશાસનમાં શ્રી દેવસૂરિજીએ તત્ત્વવેત્તા પુરુષોને પૂર્વોક્ત દેવતાઓને ઉદ્દેશીને પૂજા વગેરે અનુષ્ઠાન મોક્ષાર્થે કરવા તે દુષ્ટ કહ્યા ને વિઘ્નનિવારણા વગેરે કરવા તે ઠીક કહ્યાં, તથા તેમજ શ્રી રત્નશેખરસૂરિજીએ પણ શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણદીપિકામાં વિઘ્નનિરાકરણ અર્થે પૂર્વોક્ત દેવતાઓની પ્રાર્થના-બહુમાન વગેરે કરવા કહ્યાં છે, પણ મોક્ષાર્થે કહ્યાં નથી. તે પાઠ :

ननु देवादिषु प्रार्थनाबहुमानादिकरणे कथं न सम्यक्त्वमालिन्यं उच्यते ? न हि ते मोक्षं दास्यंतीति प्रार्थ्यंते बहुमन्यंते वा किन्तु धर्मध्यानकरणे अन्तरायं निराकुर्वन्तीति नैवं कश्चिद्दोषः । पूर्वश्रुतधरैरप्याचीर्णत्वादागमोक्तत्वाच्च । उक्तं चावश्यकचूर्णौ श्रीवज्रस्वामिचरित्रे-"तत्थ य अब्भासे अन्नो गिरी, तं गया, तत्थ देवयाए काउस्सग्गो कओ, साऽवि अभुट्ठिआ अणुग्गहत्ति अणुन्नायमिति ॥"

ભાવાર્થ :- અહીં કોઈ વાદી તર્ક કરે છે કે દેવાદિકોને વિષે પ્રાર્થના-બહુમાન વગેરે કરવાથી સમ્યક્ત્વ મલિન કેમ ન થાય ? પરંતુ થાય જ. તેનો જવાબ અર્થદીપિકાકાર કહે છે કે તે દેવતા અમને મોક્ષ દેશે તે માટે તે દેવતાઓની પ્રાર્થના-બહુમાન અમે કરતાં નથી, પરંતુ ધર્મધ્યાન કરવામાં વિઘ્નો વેગળાં કરે છે તે માટે પ્રાર્થના કરીએ છીએ. તે માટે વિઘ્ન નિવર્તન

કરવાને દેવતાઓને બહુમાન વગેરે કરવામાં દોષ નથી. કેમ કે પૂર્વ શ્રુતધારીઓએ પણ વિઘ્ન નિવર્તના વગેરે કારણે એવું આચરણ કર્યું છે, અને આગમમાં એમ કહેલું છે. તેમજ શ્રી આવશ્યકચૂર્ણિમાં શ્રી વજસ્વામીના ચરિત્રમાં કહ્યું છે કે શ્રી વજસ્વામી સાથે અણસણ ગ્રાહક સાધુઓને દેવતાનો ઉપસર્ગ થયો. તેથી શ્રી વજસ્વામી અન્ય પર્વત ઉપર ગયા. ત્યાં દેવતાનો કાયોત્સર્ગ કર્યો. તે દેવી જાગ્રત થઈ અને કહેવા લાગી કે તમે મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો. એમ કહીને આજ્ઞા દીધી. એ અર્થદીપિકાનો પાઠ અહીં લખ્યો છે તે પાઠથી પૂર્વ પાઠ તથા જવાબ પાઠનો પરમાર્થ પૂર્વે શંકા સમાધાન સહિત લખ્યો છે તે ગ્રંથગૌરવના ભયથી લખ્યો નથી, પણ ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ ૧૩૮માં વંદિત્તાસૂત્રમાં "**सम्मद्दिट्ठि देवा दिंतु समाहिं च बोहिं च ।**" "यह पाठ तो तत्त्ववेत्ता श्रावक को भी प्रायें नित्य पढने में आता है । इस वास्ते पूर्वोक्त देवतायों का तप-पूजन-कायोत्सर्ग अरु थुई कहनी, जानकार श्रावकों को करनी चाहिये, यह सिद्ध हुआ ।" એમ આત્મારામજી આનંદવિજયજી છલ કરીને લખે છે. પણ "**सम्मद्दिट्ठी देवा**" વગેરે પાઠથી વિઘ્ननिराकरणा વગેરે કારણ વિના તત્ત્વવેત્તા જાણકાર શ્રાવકોને દેવાદિકને ઉદ્દેશીને તપ વગેરે યાવત્ થુઈ કરવી સિદ્ધ થતી નથી. કેમ કે "**सम्मद्दिट्ठि देवा दिंतु समाहिं च बोहिं च ।**" એ પાઠમાં જે સમાધિ કહી એ ચિત્તનું સ્વસ્થપણું અને બોધિ તે પરલોકમાં જૈનધર્મની પ્રાપ્તિ એટલે હું પરભવમાં શ્રાવકના ઘરમાં જ્ઞાન-દર્શન સંયુક્ત જો દાસ પણ થાઉં તો સારું પણ મિથ્યા-મોહમતિવાળો રાજા, ચક્રવર્તી પણ નથી થવું, ઇત્યાદિ પરલોક ભાવનાએ સમ્યગ્દૃષ્ટિ દેવોની પાસે શ્રાવકજન સમાધિ-બોધિ માંગે છે, પણ ચતુર્થસ્તુતિમાં પ્રાયે ઠામ ઠામ ઇહલોકાર્થે પૌદ્ગલિક આશાએ દેવાદિકની પાસે જાચના કરે છે, તેમ કરતાં નથી. તેથી તત્ત્વવેત્તાઓને અર્થાત્ જાણ શ્રાવકોને પૂજા-પ્રતિષ્ઠા વગેરે તથા વિઘ્ન નિરાકરણા વગેરે વિના પૂર્વોક્ત દેવતાઓના તપ, પૂજન, કાયોત્સર્ગ અને થોય કરવાં, જૈન સિદ્ધાંતન્યાયે સિદ્ધ થતાં નથી. કેમ કે શ્રી ભગવતીજી સૂત્ર પ્રમુખ શ્રી ગણધરકૃત સૂત્રોમાં તથા શ્રી આવશ્યકનિર્યુક્તિ પ્રમુખ પૂર્વધરાચાર્યોના કરેલા આગમમાં "**असहिज्ज देवा**" ઇત્યાદિ વચનથી ચાર નિકાયના

દેવતાની સહાય લેવી તથા વાંદવા-પૂજવા નિષેધ્યા છે. તદનુયાયી પૂર્વધર પશ્ચાત્કાળવર્તી બહુશ્રુત આચાર્યોના ગ્રંથોમાં પણ **"वंदणवत्तियाए इत्यादि न पठ्यते तेषामविरतत्वात् ।"** ઇત્યાદિ વચનથી પૂર્વોક્ત સમ્યગ્દૃષ્ટિ દેવતાને પણ વાંદવા-પૂજવા નિષેધ્યા છે ને ચોથી થોયમાં તો તે પૂર્વોક્ત દેવતાઓને વાંદવા-પૂજવા તથા તેઓની સહાય યાચના પ્રમુખ કહ્યા છે.

પ્રશ્ન :- એ પૂર્વોક્ત દેવતાની સહાય લેવી તથા તેમને નમસ્કાર કરવો ચોથી થુઈમાં ક્યાં ક્યાં કહ્યો છે ?

જવાબ :- બીજ પ્રમુખ તિથિઓની ચોથી થોયમાં તથા અન્ય થોયો બહુ ઠેકાણે કહ્યો છે. તે પાઠ :

ગજગામિની કામિની કમલ સુકોમલ ચીર,
ચક્કેસરી કેસરી સરસ સુગંધ સરીર,
કર જોડી બીજે હું પ્રણમું તસ પાય,
એમ લબ્ધિવિજય કહે પૂરો મનોરથ માય ॥૪॥

તથા -

રૂમઝૂમ કરતી ચરણે નેઉર દેવી દિસે રૂપાલીજી,
નામ ચક્કેસરી સાન્નિધ્યકારી સહુ સંઘની રખવાલીજી,
વિઘ્ન કોડ હરે એક પલમાં જે સેવે એના પાયજી,
નયવિજય ને ભાણવિજયની સાંનિધ્ય કરજ્યો માયજી ॥૪॥

ઇત્યાદિક અનેક થોયોમાં દેવીઓને દરરોજ વંદન-પૂજન પ્રમુખ કહ્યાં છે તે કેટલાંક લખીએ ?

પૂર્વપક્ષ :- લબ્ધિવિજય તથા ભાણવિજય પ્રમુખ કોઈ અણઉપયોગી પુરુષોએ એવી થોયો કરી તેથી શું પૂર્વોક્ત દેવતાઓના વંદન-પૂજન વગેરે સિદ્ધ થાય ? પરંતુ ન થાય, પણ પૂર્વાચાર્યોની કરેલી ચોથી થોયમાં તો વંદન-પૂજન-સહાય લેવી કહી નથી, તે તમો કેમ માનતાં નથી ?

ઉત્તરપક્ષ :- ગ્વાલિયરના આમરાજા, તેના પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટિસૂરિ મહાપ્રભાવક થયા. તેમનો જન્મ વિક્રમ સંવત ૮૦૨માં થયો છે. તેમણે એક તીર્થંકરના નામથી તથા સંબંધથી પહેલી થોય, બીજી બધા તીર્થંકરોની,

ત્રીજી શ્રુતજ્ઞાનની, એવી રીતે ચોવીસ તરી બોંતેર થોય રચી છે અને ચોથી થોય શ્રુતદેવી-વિદ્યાદેવી પ્રમુખની ૨૪ થોય રચી છે. તેમાં બધા વંદન-પૂજન-સહાય પ્રમુખ ગ્રહણ કર્યા છે. તથા સંસારઅવસ્થામાં શ્રી ધનપાલપંડિતના સગાભાઈ સંવત ૧૦૨૯માં થયેલા શ્રી શોભનાચાર્ય મહામુનિ થયા. તેમણે શ્રી બપ્પભટ્ટિસૂરિજીની પેઠે ચોવીસ તરી બોંતેર થોય રચી છે અને ચોથી શ્રુતદેવી, માનસી પ્રમુખની ચોવીસ થોયો રચી છે તે ચોવીશે થોય અનુક્રમથી શ્રુતદેવતા, માનસિ, વજ્રશૃંખલા, રોહિણી, કાલી, ગંધારી, મહામાનસી, વજ્રાંકુશી, જ્વલનાયુદ્ધા, માનવી, મહાકાલી, શ્રી શાંતિદેવી, રોહિણી, અચ્યુતા, પ્રજ્ઞપ્તિ, બ્રહ્મશાંતિયક્ષ, પુરુષદત્તા, ચક્રધરા, કપર્દિયક્ષ, ગૌરી, કાલિ, અંબા, વૈરોટ્યા, અંબિકા, એમની થોયોમાં વંદના પ્રમુખ કરી શત્રુનાશ પ્રમુખ સહાય વાંછી તે પૂર્વોક્ત દેવતાઓની સ્તવના કરી છે. તેમના પાઠ ગ્રંથગૌરવના ભયથી લખ્યા નથી, તથા તેમાં ચોવીસ થોયનો ભાવ રક્ષણ સહાય્યાદિકોનો જેમ છે તેમ અનુક્રમે જણાવીએ છીએ :

ત્યાં પ્રથમ થોયમાં - જે કમલને વિશે ભ્રમરાઓની પંક્તિ સુગંધવાળી પરાગનું સેવન કરતી હતી, તે કમળને વિશે સ્વકીય ચરણ સ્થાપન કરનારી શ્રુતદેવતા તમારું રક્ષણ કરો. ॥૧॥

થોય બીજીમાં - માનસી નામે દેવી સુખને આપો. ॥૨॥

થોય ત્રીજીમાં - વજ્રશૃંખલા દેવીને (આનમઃ) કહેતાં નિરહંકારપણે વંદન થાઓ. ॥૩॥

થોય ચોથીમાં - રોહિણી નામે અધિષ્ઠાયક દેવીને (નમઃ) કહેતાં વંદન કર. ॥૪॥

થોય પાંચમીમાં - કાલી નામની દેવી (માં) કહેતાં મને (અવતાત્) કહેતાં રક્ષણ કરો. ॥૫॥

થોય છઠ્ઠીમાં - ગંધારી નામે દેવીના વજ્ર ૧ મુસલ આયુધો અત્યંત જયશીલ છે. ॥૬॥

થોય સાતમીમાં - માનસીદેવી તું ભક્તોનું રક્ષણ કર. ॥૭॥

થોય આઠમીમાં - વજ્રાંકુશી નામે દેવી પ્રાણીઓના તનુરક્ષણ માટે "પ્રયત્ન" કહેતાં ઉદ્યોગ કરે. ॥૮॥

થોય નવમીમાં - જ્વલનાયુદ્ધા નામે દેવી ભવ્યને 'કં' કહેતાં સુખને આપો. ॥૯॥

થોય દશમીમાં - માનવી નામે દેવી તે જય પામો. ॥૧૦॥

થોય અગિયારમીમાં મહાકાલીદેવી ઉત્કૃષ્ટપણે જયવંત રહે છે. ॥૧૧॥

થોય બારમીમાં - શાંતિદેવી નામે દેવી જગતને વિષે તું જે 'ક્ષમા' કહેતાં ઉપશમ તેનો લાભ, અથવા 'ક્ષમા' કહેતાં પૃથ્વી તેનો લાભ ઉત્પન્ન કરો. ॥૧૨॥

થોય તેરમીમાં - રોહિણી નામે દેવી તે અત્યંત ઉત્કૃષ્ટપણે ભજનશીલ એવી એટલે ભજન કરવા યોગ્ય છે. ॥૧૩॥

થોય ચૌદમીમાં - અચ્યુતા નામે દેવી 'કં' કહેતાં સુખને 'દિશતુ' કહેતાં સમર્પણ કરો. ॥૧૪॥

થોય પન્નરમીમાં - પ્રજ્ઞપ્તિ નામે દેવી તે 'વઃ' કહેતાં તમારા લાભને કરો. ॥૧૫॥

થોય સોળમીમાં - બ્રહ્મશાંતિ નામના યક્ષ 'ક્ષણેન' કહેતાં વેગે કરને 'શં' કહેતાં સુખને કરો. ॥૧૬॥

થોય સત્તરમીમાં - પુરુષદત્તા નામે દેવી તારો પ્રસાદ મને સભાને વિશે મનવાંછિત ફળને ઉત્પન્ન કરનારો થાઓ. ॥૧૭॥

થોય અઢારમીમાં - ચક્રધરાદેવી 'મુદે' કહેતાં હર્ષને માટે થાઓ. ॥૧૮॥

થોય ઓગણીસમીમાં - કપર્દા નામે યક્ષ મારા હૃદયને વિશે શુભ કરો. ॥૧૯॥

થોય વીસમીમાં - ગૌરી નામે દેવી 'તવ' કહેતાં તારા નાશ કરનારા જે શત્રુ તેને તે 'નશ્યતુ' કહેતાં નાશ કરો. ॥૨૦॥

થોય એકવીસમીમાં - કાલી નામની દેવી તે 'વઃ' કહેતાં તમારા 'વિપક્ષ કહેતાં શત્રુના સમુદાયને 'દલયંતુ' કહેતાં નાશ કરો. ॥૨૧॥

થોય બાવીસમીમાં - અંબા નામની દેવી 'નઃ' કહેતાં અમારે માટે વારંવાર ઐશ્વર્યનો વિસ્તાર કરો. ॥૨૨॥

થોય ત્રેવીસમીમાં - વૈરુટ્યા નામની દેવી 'ત્વાં' કહેતાં તને 'ત્રાસાન્' કહેતાં સંસારરૂપ ભયથી 'ત્રાયતા' કહેતાં રક્ષણ કરો. ॥૨૩॥

થોય ચોવીસમીમાં - હે અંબા નામની દેવી તું અત્યંત પ્રધાન ભવ્ય પ્રાણીઓને 'અવ' કહેતાં રક્ષણ કર. ॥૨૪॥

એવી રીતે પૂર્વાચાર્યોએ એમ ચોથી થોયમાં નમસ્કાર વગેરે કહ્યાં છે તો લબ્ધિવિજયજી, ભાણવિજયજી અણઉપયોગી થયા તેમ તમારા કહેવા પ્રમાણે પૂર્વાચાર્ય પણ અણઉપયોગી થયા. કેમ કે તે પુરુષ પણ પૂર્વાચાર્યોની પરંપરા પ્રમાણે વર્તતા હતા. પણ સ્વકપોલકલ્પિત મનોમતિ આત્મારામજી આનંદવિજયજી જેવા તથા તમારા જેવા જેવા તેવા બોલવાવાળા તે પૂર્વાચાર્ય તથા પૂર્વપુરુષ નહોતા. કેમ કે તે પૂર્વાચાર્ય તથા પૂર્વપુરુષો તો મહાઉત્તમ ઉપયોગી વિચક્ષણ હતા. પણ તમારા જેવા મંદમતિ નહોતા. તેથી કોઈ બુદ્ધિવાન પુરુષ તમારા સરખાને અણઉપયોગી કહે તો ચાલે, પણ તે મહાપુરુષોને અણઉપયોગી કહેવાને તો તમારા સરખા દીર્ઘસંસાર, અધમાધમ ગતિવાળાઓની જ જીભ ચાલે. કેમ કે પૂર્વાચાર્ય તથા પૂર્વપુરુષ તો તમારા જેમ સામાયિક-પ્રતિક્રમણમાં ચોથી થોય કહેતાં ન હતાં તેમ સામાયિક-પ્રતિક્રમણમાં તમારા સરખાને કહેવાને અર્થે પણ તે મહાપુરુષોએ થોયો બનાવી નથી. તે મહાપુરુષોએ તો "**एगबीतिसिलोगाई थोयओ परं थयं**" ઇત્યાદિ પૂર્વધર પુરુષોને વચનને અનુસારે પૂર્વોક્ત શોભનસ્તુતિ પ્રમુખ સ્તુતિઓ સ્તોત્રરૂપે બનાવી છે તે ત્રણને ઠેકાણે ત્રણ થોય અને પૂજા-પ્રતિષ્ઠા વગેરે કારણે તથા વિઘ્નોપશમના વગેરે કારણે ચોથી થોય કહેવાને બનાવી છે. પણ પૂર્વોક્ત કારણ વિના પૂર્વાચાર્યોએ ચોથી થોય કહેવાને બનાવી નથી. તે માટે પૂર્વોક્ત કારણે ચોથી થોય અમો માનીએ છીએ. પણ આત્મારામજી આનંદવિજયજી પૂર્વધર તથા પૂર્વાચાર્યોની

પરંપરાએ ચાલતી આવતી ત્રણ થોયની ચૈત્યવંદનાને ઉત્થાપીને પ્રતિક્રમણ-સામાયિકમાં કારણ વિના ચોથી થોય સ્થાપન કરે છે, તેમ અમો સ્થાપન કરતાં નથી.

પ્રશ્ન :- કારણ વિના પૂર્વોક્ત દેવતાઓને નમસ્કાર વગેરે કરતાં મિથ્યાત્વ લાગે, કેમ કે પૂર્વોક્ત દેવતાઓને જૈન સિદ્ધાંતોમાં અવ્રતી, અપચ્ચક્ખાણી કહ્યાં છે અને અવ્રતી અપચ્ચક્ખાણીને શ્રી જ્ઞાતાજી પ્રમુખ સિદ્ધાંતોમાં વાંદવા-પૂજવા નિષેધ કર્યા છે, તો આગમનિષેધ પૂર્વોક્ત દેવતાઓને કારણે પણ નમસ્કાર વગેરે કરતાં મિથ્યાત્વ કેમ ન લાગે ?

જવાબ :- હે ભવ્ય ! **"गुणाऽहियं वंदे"** એવા જૈનસિદ્ધાંતોના વચનથી અવ્રતી અપચ્ચક્ખાણીને વાંદવા-પૂજવાથી મિથ્યાત્વ લાગે, પણ અવ્રતી અપચ્ચક્ખાણી દેવ બે પ્રકારના જૈન સિદ્ધાંતોમાં કહ્યા છે. (૧) સમ્યગ્દૃષ્ટિ અને (૨) મિથ્યાદૃષ્ટિ. ત્યાં જિનયક્ષ-યક્ષિણી પ્રમુખ તથા પૂર્વોક્ત બ્રહ્મશાંતિ આદિ પ્રવચનભક્ત દેવતા તે સર્વે સમ્યગ્દૃષ્ટિ છે અને ગોગા, આસપાલ, પાદરદેવતા, ક્ષેત્રદેવતા પ્રમુખ સર્વે પ્રાયે મિથ્યાદૃષ્ટિ દેવ છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ દેવતાઓને તો ઇહલોકાર્થે તથા પરલોકાર્થે કારણે-અકારણે વાંદવા-પૂજવા-માનવાથી મિથ્યાત્વ લાગે જ અને સમ્યગ્દૃષ્ટિ દેવતાઓને સંઘાદિ કાર્ય સ્વરૂપ કારણ વિના ઇહલોકાર્થે વાંદવા-પૂજવા-માનવાથી મિથ્યાત્વ પ્રસંગ દોષ લાગે.

तथा चोक्तं श्रीतपागच्छनायकश्रीहीरविजयसूरीश्वरजीशिष्य-महोपाध्यायश्रीकीर्तिविजयजीकृततच्छिष्यमहोपाध्यायश्रीविनय-विजयजीसंशोधितश्रीविचाररत्नाकरे तत्पाठः -

अथ लोकोत्तरमिथ्यात्वस्वरूपं लिख्यते -

लोकोत्तरदेवगतं परतीर्थिकसंगृहीतजिनबिंबार्चनादि सप्रत्ययश्री-शांतिनाथपार्श्वनाथादिप्रतिमानामिहलोकार्थं यात्रोपयाचितादिमाननादि च । लोकोत्तरगुरुगतं च लोकोत्तरलिंगेषु पार्श्वस्थादिषु गुरुत्वबुद्ध्या वंदनादिगुरुस्तूपादावैहिकफलार्थं यात्रोपयाचितादि च ननु यथा

वैद्यादयो व्याधिप्रतीकाराद्यर्थं धनभोजनवसनादिना बहुमन्यंते तथा सप्रभावयक्षयक्षिण्यादीनामप्यैहिकलौकिकफलार्थं पूजोपयाचितादौ को दोषः मिथ्यात्वं हि तदास्याद्यदि मोक्षप्रदोऽयमिति बुद्ध्याराध्येत । यदाहुः -

अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौ च या ।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद्विपर्ययात् ॥१॥

श्रूयते च - विशुद्धदृढसम्यक्त्वा रावणकृष्णश्रेणिकाभयकुमारादयोऽपि शत्रुजयपुत्रप्राप्त्याद्यैहिककार्यार्थं विद्यादेवताद्याराधनं कृतवंत इति ततश्चेहलोकार्थं यक्षाद्याराधनेऽपि किं नाम मिथ्यात्वं ? सत्यं तत्त्ववृत्या अदेवस्य देवत्वबुद्ध्याराधनमेव मिथ्यात्वं, तथापि यक्षाद्याराधनमिहलोकार्थमपि श्रावकेण वर्जनीयमेव प्रसंगाद्यनेकदोषसंभवात् । प्रायो हि जीवा मंदमुग्धवक्रबुद्धयः संप्रति च विशिष्यते ह्येवं विमृशंति यद्यनेन विशुद्धसम्यक्त्वेन महात्मना यक्षाद्याराधनं विधीयते । तदा नूनमयमपि देवो मोक्षप्रदतया सम्यगाराध्य इत्यादि परम्परया मिथ्यात्ववृद्धिस्थिरीकरणादिप्रसंगस्तथा चैहिकफलार्थमपि यक्षाद्याराधकस्यापि प्रेत्य बोधिदुःप्राप्यं स्यात् । उक्तं च -

अन्नेसिं सत्ताणं मिच्छंतं जो जणेइ मूढप्पा ।
सो तेण निमित्तेणं न लहइ बोहिं जिणाभिहियं ॥१॥

रावणकृष्णादिभिश्च तत्समयेऽर्हद्धर्मस्येतरधर्मेभ्योऽतिशायितया सर्वप्रतीतत्वेनापवादपदे यदि विद्याराधनादिकृतं तदापि तदालंबनग्रहणं नोचितं । यतः -

जाणिज्ज मिच्छदिट्ठी जे परालंबणाइं घिप्पंति ।
जे पुण सम्मद्दिट्ठी, तेसिं पुणो चढइ पयडीए ॥१॥

इति श्री श्राद्धप्रतिक्रमणसूत्रवृत्तौ संकाकंखविगिच्छेतिगाथायां ॥

ભાવાર્થ :- હવે લોકોત્તરમિથ્યાત્વનું સ્વરૂપ લખીએ છીએ. લોકોત્તર દેવગત મિથ્યાત્વ તે અન્યતીર્થિએ ગ્રહણ કર્યા જિનબિંબ પૂજવા. તથા

સપ્રત્યય શ્રી શાંતિનાથ, પાર્શ્વનાથ વગેરે પ્રતિમાઓની ઈહલોકને અર્થે આશાએ યાત્રા, માનતા વગેરે કરવી તે લોકોત્તરદેવગતમિથ્યાત્વ કહીએ. ॥૧॥ અને પાર્શ્વસ્થાદિક લોકોત્તરલિંગને વિશે ગુરુત્વબુદ્ધિએ કરીને વંદન-નમસ્કાર કરવાં તથા આ લોકના ફલને અર્થે ગુરુથૂભ પ્રમુખની યાત્રાદિ માનતા કરવી તે લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ કહીએ. ॥૨॥ અહીં વાદી પ્રશ્ન કરે છે કે જેમ વૈદ્યાદિકને વ્યાધિપ્રતિકારાદિક અર્થે એટલે ઔષધો વગેરે કારણ માટે ધન-ભોજન-વસ્ત્રાદિકે કરીને બહુમાન કરે તેમ સમકિતધારી પ્રભાવવંત યક્ષ-યક્ષિણ્યાદિકને પણ ઈહલોકફળને અર્થે પૂજે તેમાં શો દોષ ? મિથ્યાત્વ તો મોક્ષના દેનારા એ છે એ બુદ્ધિએ આરાધે તો થાય. કહ્યું છે કે, અદેવમાં દેવબુદ્ધિ એટલે જે દેવ નથી તેને દેવ માને, કુગુરુને ગુરુ માને, અધર્મને વળી ધર્મબુદ્ધિએ માને ત્યારે મિથ્યાત્વ છે. વળી સાંભળીએ છીએ કે, નિર્મલ તે દૃઢ સમકિતવંત રાવણ, કૃષ્ણ, શ્રેણિક, અભયકુમારાદિક, તે પણ શત્રુને જીતવા, પુત્રાદિક પ્રાપ્તિ વગેરે ઈહલોકના કાર્યને અર્થે વિદ્યાદેવતાદિકોનું આરાધન કર્યું, તો ઈહલોકના કાર્યને અર્થે યક્ષાદિક આરાધન કરવામાં શું મિથ્યાત્વ છે ? એવું કહે તેને આચાર્ય કહે છે - તું કહે છે તે સત્ય છે. તત્ત્વબુદ્ધિએ વિચાર કરીએ ત્યારે તો અદેવને દેવબુદ્ધિએ માનીએ તે જ મિથ્યાત્વ, તોપણ શ્રાવકોને ઈહલોકને અર્થે યક્ષાદિકનું આરાધન કરવું વર્જવું જ, કારણ કે તેથી પ્રસંગાદિક અનેક દોષનો સંભવ છે. કેમ કે હમણાંના કાળમાં પ્રાયે ઘણા જીવ ભોળા, વક્ર બુદ્ધિવાળા છે. તે એમ વિચારે જે, આ નિર્મળ દૃઢ સમકિવંત મહાત્મા પણ યક્ષાદિક અન્ય દેવને આરાધે છે તો નિશ્ચે એ દેવ પણ મોક્ષ આપતાં હશે, તે માટે આપણે ભલી રીતે આરાધવા. એમ પરંપરાએ મિથ્યાત્વની વૃદ્ધિ તથા મિથ્યાત્વ સ્થિરીકરણાદિક પ્રસંગ થાય. એ પ્રત્યક્ષ દેખીએ છીએ. ઈહલોકના ફળને અર્થે આરાધે તેનું ફળ કહે છે. તથા ઈહલોકના ફળને અર્થે પણ યક્ષાદિક આરાધનારાને પણ પરલોકમાં સમકિત પામવું દુષ્કર થાય. જે માટે કહ્યું છે કે - બીજા જીવોને જે મૂર્ખ મિથ્યાત્વ ઉપજાવે તે પ્રાણી મૂર્ખ આત્મા તે નિમિત્ત વડે કરીને સમકિત નહીં પામે, એવું કેવલી ભગવંતે કહ્યું છે. વળી, દૃઢ સમકિતવંત રાવણ, કૃષ્ણાદિકે વિદ્યાદિક આરાધન કર્યા તે સમયે

બીજા ધર્મ થકી અરિહંતના ધર્મનું અતિશયપણું સર્વ પ્રસિદ્ધપણે કરીને હતું, તેમણે જો કોઈ અપવાદપદે એટલે કારણે વિદ્યા આરાધન કરી તેવા તેમનું પણ આલંબન કરવું તે યોગ્ય નથી. જે માટે કહ્યું છે કે, જે પડતાં આલંબન કરે છે તે મિથ્યાદૃષ્ટિ જાણવાં અને તે સમકિતદૃષ્ટિ છે તેમને વળી ચઢતી પ્રકૃતિ જાણવી. એ પાઠ શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રવૃત્તિમાં शंकाकंखविगिच्छा એ ગાથા-ની વ્યાખ્યામાં છે. એ પાઠમાં યક્ષ-યક્ષિણીના સાધારણ આરાધનથી મિથ્યાત્વપ્રસંગદોષ કહ્યો, પણ તે સમ્યગ્દૃષ્ટિ યક્ષ-યક્ષિણી જાણવાં. કેમ કે ગ્રંથકારે લોકોત્તરમિથ્યાત્વને અધિકારે પૂર્વોક્ત પાઠ લખ્યો છે. તેથી લૌકિક યક્ષ-યક્ષિણી સંભવ ન થાય, ને પૂજા-પ્રતિષ્ઠા વગેરે સંઘાદિ કાર્ય વિના આરાધન પ્રમુખ કરવાથી મિથ્યાત્વપ્રસંગ દોષ સંભવ થાય, અન્યથા ન થાય. કેમ કે પૂજા-પ્રતિષ્ઠા વગેરે સંઘના કાર્ય કારણમાં તો મિથ્યાદૃષ્ટિ દેવતાઓનાં પણ પૂજા પ્રમુખ બહુમાન કરવામાં મિથ્યાત્વપ્રસંગદોષ પૂર્વાચાર્યોએ કહ્યો નથી, તો સમ્યગ્દૃષ્ટિ દેવતાઓનાં પૂજા પ્રમુખ કૃત્ય કરવામાં મિથ્યાત્વપ્રસંગદોષનો અવકાશ હોય જ ક્યાંથી ? કેમ કે જૈનશાસનનભોમણિ શ્વેતપટ્ટાચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ તથા જૈનસૂત્રાર્થ કુમુદવિકાસચંદ્રિકાચંદ્ર નવાંગવૃત્તિકારક શ્રીમદ્ અભયદેવસૂરિજીએ અનુક્રમથી શ્રી પંચાશકસૂત્રવૃત્તિમાં પૂજા-પ્રતિષ્ઠા વગેરે અવસરે પૂર્વોક્ત દેવતાઓના પૂજાના બહુમાન કરવા, એમ પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ કરીને પ્રતિષ્ઠાના અવસરે સમ્યક્ પ્રકારે સ્થાપન કર્યું છે. તે પાઠ :

तथा -

दिसिदेवयाणपूया सव्वेसिं तह य लोकपालाणं ।
ओसरणकमेण सव्वेसिं चेव देवाणं ॥१८॥

व्याख्या - दिग्देवतादीनामिंद्रादीनां पूजार्चनं सर्वेषां समस्तानां तथा चेति समुच्चये लोकपालानां सोमयमवरुणकुबेराणां शक्रसंबंधिनां पूर्वादिदिक्षु क्रमेण व्यवस्थितानां क्रमेणैव तु खड्ग१दंड२पाश३-गदा४हस्तानामिति अवसरणक्रमेण समवसरणन्यायेन द्वितीयप्रकरण-

वर्णितेनान्ये परे सूरयः सर्वेषां चैव समस्तानामेव देवानां सुराणां पूजा कार्येत्याहुरिति शेषः इति गाथार्थः ॥१८॥

अथ किमेषामसंयतानां पूजादि क्रियत इत्याह -

जमहिंगयबिंबसामी सव्वेसिं चेव अब्भुदयहेऊ ।
तातस्स पइट्ठस्स एतेसिं पूयाइ अविरूद्धं ॥१९॥

व्याख्या - यद्यस्मादधिकृतबिंबस्वामी जिनपतिरित्यर्थः सर्वेषामेव समस्तानामपींद्रादिदेवानामभ्युदयहेतुः कल्याणनिमित्तं तत्तस्मात् तस्याधिकृतबिंबस्वामिनः प्रतिष्ठायां तेषां दिग्देवतादीनां पूजादि पूजासत्कारप्रभृति क्रियमाणमविरुद्धं संगतमेवेति गाथार्थः ॥१९॥

तथा -

साहम्मियाय एए महड्ढिया सम्मदिट्ठिणे जेण ।
एत्तोच्चिय उचियं खलु एतेसिं एत्थ पूयाई ॥२०॥

व्याख्या - साधर्म्मिकाः समानधार्मिका आर्हतत्वात्तेषामेते दिग्देवतादयस्तथा महर्द्धिका महेश्वरास्तथा मिथ्यादृशोऽपि साधर्मिक द्रव्यतो भवंतीत्याह सम्यग्दृष्टयः सम्यग्दर्शनधरा येन कारणेन एत्तोच्चियत्ति अत एव कारणत्रयादेवोचितं खलु संगतमेवेति एतेषां दिग्देवतादीनामत्र प्रतिष्ठावसरे पूजादि पूजासत्कारप्रभृतीति गाथार्थः ॥२०॥

ભાવાર્થ ભાષા :- ઈન્દ્રાદિક દશ દિગ્પાલ તથા ચ શબ્દ સમુચ્ચય અર્થે છે એ અનુક્રમે પૂર્વાદિ દિશાઓમાં રહેલા ૧ ખડ્ગ, ૨ દંડ, ૩ પાશ, ૪ ગદા અનુક્રમે જેમના હસ્તમાં છે એવા શક્રેન્દ્ર સંબંધી ૧ સોમ, ૨ યમ, ૩ વરુણ, ૪ કુબેર લોકપાલની અનુક્રમે દ્વિતીય પ્રકરણ વર્ણિતે સમવસરણન્યાયે કરીને સમસ્તની પૂજા કરવી, એટલે સમવસરણના ન્યાય પ્રમાણે સમ્યગ્ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓની પૂજા કરવી, અને બીજા આચાર્ય શેષ સમસ્ત દેવતાઓની પૂજા કરવી કહે છે, એટલે સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ સર્વેની પૂજા કરવી, એ ગાથાર્થ છે ॥૧૮॥

अथ पूर्वपक्ष : પૂર્વોક્ત અસંયતી દેવતાઓની પૂજા શા માટે કરવી ? એવી આશંકા વેગળી કરવાને આચાર્ય કહે છે કે, જે કારણથી અધિકૃત બિંબના સ્વામી શ્રી તીર્થંકર, તે ઇન્દ્રાદિક દેવ સર્વેને પણ કલ્યાણના કરનાર છે, તે વાસ્તે અધિકૃત સ્વામીના બિંબ તેની પ્રતિષ્ઠાનાં તે દિગ્દેવતાદિકોનાં પૂજા સત્કાર પ્રમુખ કરવાં સંગત યોગ્ય છે એ ગાથાનો અર્થ. તથા વળી પૂર્વોક્ત દેવતાઓની પૂજા શા માટે કરવી ? તે કહે છે - એ દિગ્દેવતાદિ છે તે આર્હત્પણાના સમાન ધર્મથી સાધર્મિક છે તથા મહર્દ્ધિક એટલે મહા ઋદ્ધિમાન છે. અને વળી મિથ્યાદૃષ્ટિ પણ દ્રવ્યથી સાધર્મી એક જ કામ કરનારા હોય છે. તે દ્રવ્ય સાધર્મી કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિ દેવો જે કારણે કરીને સમ્યગ્દર્શન ધારણ કરે તે વાસ્તે તેમ કહેવાય છે. એ પૂર્વોક્ત ત્રણ કારણથી જ પ્રતિષ્ઠા અવસરે એ દિગ્દેવતાદિકનાં પૂજા-સત્કાર પ્રમુખ ઉચિત કૃત્ય કરવાં નિશ્ચે સંગત એટલે યોગ્ય જ છે. એ પાઠમાં સમ્યગ્દૃષ્ટિ દેવતાઓનાં પૂજા-સત્કારાદિ કરવા કહ્યાં તે તો સાધર્મિકપણાના કારણથી કહ્યાં, અને મિથ્યાદૃષ્ટિ દેવતાઓનાં પૂજા-સત્કારાદિ કહ્યાં તે દ્રવ્યસાધર્મિક કારણથી કહ્યા, પણ મિથ્યા પ્રસંગ દોષ ન કહેવો, માટે પૂજા-પ્રતિષ્ઠા તથા વિઘ્નોપશમના વગેરે કાર્ય-કારણમાં સમ્યગ્દૃષ્ટિ દેવતાઓનું વંદન-પૂજન-સત્કાર-સન્માનાદિ કરવામાં મિથ્યાત્વ ન લાગે. તેમ જ અમદાવાદમાં પાંજરાપોળના ધર્મઉપાશ્રયમાં શેઠ જયસિંહભાઈ હઠીસિંહજીના જ્ઞાનભંડારમાં પૂર્વાચાર્ય કૃત પ્રવચનસારોદ્ધારબાલાવબોધ છે તેમાં પણ પૂર્વોક્ત કારણે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓને આરાધવા કહ્યા છે. પણ વિના કારણે કહ્યા નથી. તે બાલાવબોધની ભાષા જેમ છે તેમ જ અહીં લખીએ છીએ. તે પાઠ :

वेयावच्चगराणं संतिगराणं सम्मद्दिट्ठीसमाहिगराणं करेमि काउस्सग्गं ॥१॥

અર્થ :- શ્રી વીતરાગના શાસનની ભક્તિના કરનાર ગૌમુખયક્ષાદિ ચોવીસ તથા ચક્રેશ્વરીદેવી પ્રમુખ ચોવીસ તે શાસનના દેવતા છે, તે સાનિધ્ય કરો, સર્વ સંઘને શાંતિના કરણહાર તેઓને અર્થે કાઉસ્સગ્ગ કરું છું. એ

સમ્યગ્દૃષ્ટિ સુર સ્મરણાધિકાર બારમો. અહીં વંદણવત્તિયાએ ન કહીએ જે માટે દેવતા અવિરતિપણા થકી વાંદવા-પૂજવા યોગ્ય નથી. તે માટે અન્નત્થ ઉસસિએણં કહીએ. અહીં કેટલાક એમ કહે છે કે દેવતાનો કાઉસ્સગ્ગ કરે તો મિથ્યાત્વ લાગે, તે જૂઠું, જેહ માટે શ્રી હરિભદ્રસૂરિકૃત લલિતવિસ્તરાવૃત્તિ મધ્યે તથા શ્રી હેમચન્દ્રાચાર્યકૃત યોગશાસ્ત્રની વૃત્તિ તથા આવશ્યકચૂર્ણિમાં દેવતાનો કાઉસ્સગ્ગ કરવો પ્રગટ કહ્યો છે. મનોરમા શ્રાવિકા સુદર્શન શેઠને શૂલીનો સંકટ પડે તથા સુભદ્રાએ ચંપાનગરીની પોળ ઉઘાડવાને અવસરે દેવતાનો કાઉસ્સગ્ગ કીધો સાંભળીને કરીએ છીએ. તે સાંભળીને સમ્યગ્દૃષ્ટિને દેવતાઓનો કાઉસ્સગ્ગ કરતાં દોષ નહીં, સમકિતધારીએ કારણે દેવતા આરાધવા, એ ભાવાર્થ જાણવો.

અહીં સમ્યગ્દૃષ્ટિ દેવતાઓને વાંદવા-પૂજવા નિષેધ્યા ને પૂર્વોક્ત સ્તુતિસ્તોત્રરૂપ સ્તુતિપ્રમુખમાં વાંદવા-પૂજવા કહ્યા તેનો એ પરમાર્થ છે કે સ્તુતિઓ બે પ્રકારની શ્રી સિદ્ધસેનદ્વાત્રિંશિકામાં કહી છે. તે પાઠ :

स्तुति द्विधा - प्रणामरूपा असाधारणगुणरूपाच्च । तत्र प्रणामरूपा सामर्थ्यगम्या असाधारणगुणोत्कीर्त्तनरूपा च द्विधा स्वार्थसंपदा-भिधायिनी परार्थसंपदभिधायिनी च ॥

એ પાઠમાં પ્રણામરૂપ સ્તુતિ કહી ત્યાં પ્રણામ, નમસ્કાર એકાર્થ છે, તે જૈન ગ્રંથોમાં પાંચ પ્રકારના કહ્યા છે : (૧) મત્સર, (૨) ભય, (૩) સ્નેહ, (૪) પ્રભુતા, (૫) ભક્તિ. એ પાંચ પ્રણામમાંથી પહેલાંના ચાર નમસ્કાર તો સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ બંનેને પ્રાયે સંસારહેતુએ કરવાં સંભવે. અને સ્નેહ, પ્રભુતા તથા ભક્તિ એ ત્રણ નમસ્કાર પ્રાયે સમ્યગ્દૃષ્ટિને ધર્મહેતુએ જ કરવા સંભવે. તેમાં પાંચમો વંદનપ્રત્યયરૂપ ભક્તિનમસ્કાર તો બધા વિરતિપ્રમુખને જ સંભવે. ને પ્રણામપ્રત્યયી ભક્તિનમસ્કાર દેશવિરતિ અવિરતિ સમ્યગ્દૃષ્ટિને પરસ્પર કરવો સંભવે. તેથી પૂર્વોક્ત સ્તુતિસ્તોત્રરૂપ ચોથી થોયમાં સમ્યગ્દૃષ્ટિ દેવતાઓને અનુસરીને નમસ્કાર શબ્દ પહેલાંના આચાર્યોએ વાપર્યો છે તે બધા પ્રણામરૂપે જાણવા. તથા ભદ્રબાહુસ્વામીજી ચૌદપૂર્વધરકૃત પ્રતિષ્ઠાકલ્પ તથા શ્રી હરિભદ્રસૂરિજીકૃત પ્રતિષ્ઠાકલ્પ તથા

શ્રી શ્યામાચાર્યજી પ્રમુખ કૃત પ્રતિષ્ઠાકલ્પોમાં નમઃ શબ્દ તથા સ્વાહા શબ્દ પૂજાવાચી કહ્યા છે. તેથી પહેલાં ચોથી થોય પૂજા-પ્રતિષ્ઠાના કારણે જ કહેવી સંભવ થાય છે. અહીં કોઈ આત્મારામજી આનંદવિજયજી સરખા કહેશે કે ચોથી સ્તુતિ પહેલાં તો કારણે કરતાં, પણ સંપ્રતિ કેટલાક કાળ પરંપરાએ વિના કારણે કરતાં આવ્યાં તેમ કરવી જોઈએ. તેને કહીએ કે હે ભદ્ર ! પહેલાં જેમ કારણે કરતાં તેમ સંપ્રતિ પણ કેટલાક કાળથી પરંપરાને કારણે જ કરતાં આવે છે. **यदुक्तं श्रीतपागच्छाधिराजश्रीहीर-विजयसूरिशिष्यकृतगुरुतत्त्वप्रदीपे । तथा च तत्पाठः** -

ચોથી થોય પહેલાં પણ કારણે કરી અને વર્તમાનમાં પણ કારણે કરતાં થકાં આચાર્યપરંપરાએ આવી છે. ॥ એ પાઠમાં પરંપરાએ પણ ચોથી થોય કારણે કહેવી કહી તો અમારું કહેવું એ છે કે મોટી ગંભીર આશયવાળા અને સમુદ્ર જેવી બુદ્ધિવાળા પહેલાંના આચાર્યોએ જે શાસ્ત્રોની રચના કરી છે તે શાસ્ત્રકારોના લેખને ખોટા રાખવાને બદલે કુતર્ક કરવાવાળા કુતર્કી કોટ્યાવધિ કુતર્ક કરે, તોપણ તે મહાપુરુષોના અસ્ખલિત વચનને કોઈપણ કુતર્કી તુચ્છમતિવાળા લોકોથી પરાભવ થઈ શકે નહીં. કેમ કે પરાભવ કરવાવાળો પોતે જ પોતાની મેળે સ્ખલનપણું પામે છે. કેમ કે પહેલાંના આચાર્યોના શાસ્ત્રની અપેક્ષા છોડીને પોતાની કુયુક્તિઓથી રૂઢિપરંપરા ચલાવવાને ઉદ્યમ કરવાની વાંછા રાખે છે. તેનો બોલ અણસમજ મૂર્ખાના ટોળામાં તો ઈચ્છા માફક કદાચ પ્રમાણ થઈ જાય. પણ વિવેકી જનોની આગળ તો અત્યંત નિસ્તેજ થઈ જાય પણ જૂઠો કોઈ કાળે સાચો થાય નહીં. તથા સમકિતસારનું ખંડન સમ્યક્ત્વશલ્યોદ્ધારમાં આત્મારામજી આનંદવિજયજીએ બતાવ્યું. તેમાં પોતે પોતાના હાથથી સમ્યગ્દૃષ્ટિ દેવતાઓની પૂજા પ્રમુખમાં ભક્તિ આગારી સમ્યગ્દૃષ્ટિ શ્રાવકોને કરવી લખી, તો અણગારી સમ્યગ્દૃષ્ટિ શ્રાવકોને તો અર્થાત્ (અર્થાપત્તિથી) નિષેધ થઈ. અને આગારી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક પણ સમકિત ઉચ્ચરતાં જે જે કારણના આગાર રાખે છે તે તે કારણ અપવાદકારણે સેવે છે, પણ ઉત્સર્ગે સેવતાં નથી. તો આગારી શ્રાવકને પણ કારણે શાસનદેવતા પ્રમુખની ભક્તિ કરવી અર્થાત્ સિદ્ધ થઈ, અને કારણે શાસનદેવતા પ્રમુખની ભક્તિ કરવી

સિદ્ધ થઈ તો ચોથી થોય પણ અપવાદને કારણે કરવી અર્થાત્ સિદ્ધ થઈ. કેમ કે ઢુંઢકમતિ જેઠમલજી વિરચિત સમકિતસાર ભાગ-૧ પૃષ્ઠ ૩૨માં લખે છે કે, "વલી એ 'સાષ' તો સૂત્ર મધ્યે છે, જે કાર્યવિશેષે લૌકિકપક્ષે સમદૃષ્ટિ ને શ્રાવકને અન્ય દેવ માનવા પડે છે ૮ અને તે કહેશે જે "અસઇજ" શ્રાવક દેવતાની સાદ્ય (સહાય) ન વાંછે, તો તમે કહો છો જે ચોવીસ તીર્થંકરના ચોવીસ જક્ષ ચોવીસ જક્ષિણી રક્ષા કરે છે. વળી શાસનદેવતા સહાય કરે છે, તેમની થુઈઓ પડિક્કમણામાં તમે કહો છો, ચાર તીર્થ સહાય ન વાંછે, તો એ જક્ષ-જક્ષિણી કોની રક્ષા કરતાં હશે ? વલી શત્રુંજય ઉપર ચક્કેસરી માતાને કેમ પૂજો છો ?"

એ જેઠમલજી ઢુંઢિયાના લેખનું ખંડન કરતાં સમ્યક્ત્વશલ્યોદ્ધાર પૃષ્ઠ-૫૪માં આત્મારામજીએ એવી રીતે પ્રત્યુત્તર લખ્યો છે કે "જેઠા ઢુંઢકે લખ્યું છે કે સમ્યક્ત્વદૃષ્ટિ અન્ય દેવને પૂજે છે" તે મિથ્યા છે, કારણ કે અન્ય દેવને શ્રાવક પૂજે નહીં, મિથ્યાદૃષ્ટિ હોય તે પૂજે અને શ્રાવકે ગુરુ મહારાજના મુખે છ આગાર સહિત સમ્યક્ત્વ ઉચ્ચર્યું હોય તે શાસનદેવતા પ્રમુખ સમકિતદૃષ્ટિની ભક્તિ કરે છે, તે સાધર્મીનાં સંબંધને કરીને કરે છે, તેને અન્યદેવ કહેવાતાં નથી, વલી જે કોઈ સમ્યગ્દૃષ્ટિ કોઈપણ અન્ય દેવને માનશે તે દેવતા કાં તો સમ્યગ્દૃષ્ટિ હશે અથવા તો કોઈ ઉપદ્રવ કરવાવાળા હશે. તેને માટે શ્રાવકને "**देवाभिओगेणं**" આગાર છે. પરંતુ તુંગિયા-નગરીના શ્રાવકોને શું કષ્ટ આવી પડ્યું હતું જે અન્ય દેવને પૂજ્યા ? જેઠો મૂઢમતિ કહે છે કે "ગોત્રદેવ પૂજ્યા" તે કયા પાઠનો અર્થ છે ? ગોત્રદેવતા કોઈપણ શ્રાવકે પૂજ્યા હોય તો સૂત્રપાઠ દેખાડો, કારણ કે અન્ય દેવને શ્રાવક પૂજે નહીં."

એ બેઉ લેખ સમકિતસાર તથા સમ્યક્ત્વશલ્યોદ્ધારમાં જેમ છે તેમ લખ્યા છે. હવે બુદ્ધિવાળાઓએ વિચારવું જોઈએ કે આત્મારામજી આનંદવિજયજી ચોથી થોય કરવાનું અપવાદકારણ પોતાને હાથે જણાવીને હવે વિના કારણે સ્થાપના કરે છે, તે જેમ કોઈ મનુષ્ય એક વખત જૂઠું બોલે અને તે છુપાવવા માટે તેને વારંવાર જૂઠું બોલવું પડે છે તેમ ફક્ત પ્રતિક્રમણમાં

ચોથી થોય સ્થાપવા માટે જેવી તેવી રીતે મનમાં આવે તેમ વારંવાર લખતાં જેમ જેઠમલજી ઢુંઢકે "**कयबलिकम्मा**"નો અર્થ ફેરવતાં સંસાર વધી જવાનો કંઈપણ ડર ખાધો નથી. તેમ આત્મારામજી આનંદવિજયજીએ પણ પૂર્વધર તથા પૂર્વાચાર્યોનું વચન ઉલ્લંખન કરતાં સંસારવૃદ્ધિ થવાનો કિંચિન્માત્ર પણ ડર રાખ્યો નથી. પણ સદ્‌બુદ્ધિવાન પુરુષોએ યથાર્થ જાણવું જોઈએ કે પૂર્વોક્ત અનેક જૈનશાસ્ત્રના લેખથી પૂજા-પ્રતિષ્ઠા વગેરે કારણે સમ્યગ્‌દૃષ્ટિ કારણે સમ્યગ્‌દૃષ્ટિ દેવતાઓના કાયોત્સર્ગ કરવા અને તેમની થોય કહેવી હોય કે પૂજા-પ્રતિષ્ઠા વગેરે કારણે સમ્યગ્‌દૃષ્ટિ દેવતાના કાયોત્સર્ગ જૈનમતના શાસ્ત્રોમાં કરવા કહ્યાં છે કે નથી કહ્યાં તો એ પૂર્વોક્ત શાસ્ત્રોના પાઠથી નિશ્ચે સિદ્ધ થાય છે કે પ્રતિક્રમણના આદિ-અંતમાં ઉભયકાળ જિનગૃહમાં ત્રણ થોય દેવવંદન અને પૂજા-પ્રતિષ્ઠા કારણે ગીતાર્થ આચરણાએ ચોથી થોય સાથે ત્રણ થોયએ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાએ અવશ્ય દેવવંદન કરવું.

इति चतुर्थस्तुतिनिर्णयशंकोद्धारे अपरनाम्नि चतुर्थस्तुतिकुयुक्ति-निर्णयच्छेदनकुठारे गीतार्थाचरणया पूजाप्रतिष्ठादिविघ्नोपशमादि-कारणे चतुर्थस्तुतिकथननिदर्शनो नाम त्रयोदशः परिच्छेदः ॥१३॥

॥ अथ चतुर्दशः परिच्छेदः ॥

पूर्वपक्ष :- प्रव्रज्याविधि में और प्रतिष्ठाविधि में तो तुम पूर्वोक्त देवतायों का कायोत्सर्ग अरु थुई कहनी मानते हो परंतु प्रतिक्रमण में क्यों नहीं मानते हो ? तथा श्रुतदेवता, क्षेत्रदेवता का कायोत्सर्ग अरु तिनकी थुईयों कहनी क्यों नहीं मानते हो ?

જવાબ :- હે પૂર્વપક્ષી ! તમારા બે પ્રશ્નોના જવાબ એકસાથે જ આપીએ છીએ કે પ્રતિક્રમણના આદિ-અંતે પૂજા-પ્રતિષ્ઠાના કારણ વિના જિનગૃહમાં પહેલાના કાળમાં ત્રણ થોયે ચૈત્યવંદન અર્થાત્ દેવવંદન કરી સાધુ-શ્રાવક પ્રતિક્રમણ કરે ઇત્યાદિ સર્વ વાત શંકા-સમાધાનપૂર્વક અનેક શાસ્ત્રોની સાક્ષીથી ઉપર લખી આવ્યા છીએ. તોપણ શ્રી ગણધર મહારાજ કૃત સૂત્રોમાં તથા પૂર્વધર આચાર્ય કૃત ગ્રંથોમાં અથવા પૂર્વધર વર્તમાનકાળવર્તી તથા

પૂર્વધર નિકટકાળવર્તી અને પૂર્વધર પશ્ચાત્કાલવર્તી આચાર્યોના ગ્રંથોમાં પ્રતિક્રમણ આદિ-અંત વિધિમાં પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક સંબંધી દેવસી પ્રતિક્રમણના અવસાનમાં ક્ષેત્ર-ભુવનદેવીના આજ્ઞા નિમિત્તે કાયોત્સર્ગ વગર કોઈ ઠેકાણે પૂર્વોક્ત દેવતાઓના કાયોત્સર્ગ પ્રમુખ કરવા કહ્યા નથી. તે કેટલાક ગ્રંથોમાં પાઠ પંચાંગીપૂર્વક ભવ્ય જીવોને જ્ઞાપન કરવા માટે અનુક્રમે લખીએ છીએ. ત્યાં પ્રથમ શ્રી ઉત્તરાધ્યયન મૂળ સૂત્રમાં સામાન્ય પ્રકારે દેવસી-રાઈની વિધિ કહી છે. તે પાઠ :

पासवणुच्चारभूमिं च पडिलेहिज्ज जयं जई ।
काउस्सग्गं तओ कुज्जा सव्वदुक्खविमोक्खणं ॥३८॥
देसिअं च अइयारं चिंतिज्ज अणुपुव्वसो ।
नाणे दंसणे चेव चरित्तंमि तहेव य ॥३९॥
पारिअ काउस्सग्गो वंदित्ताणं तओ गुरुं ।
देसिअं तु अइआरं आलोइज्ज जहक्कमं ॥४०॥
पडिक्कमित्तु निस्सल्लो वंदित्ताणं तओ गुरुं ।
काउस्सग्गं तओ कुज्जा सव्वदुक्खविमोक्खणं ॥४१॥
पारिअ काउस्सग्गो वंदित्ताणं तओ गुरुं ।
थुई मंगलं काउं कालं संपडिलेहए ॥४२॥

संक्षिप्त भावार्थ :- સ્થંડિલ માત્રાની ભૂમિ પડિલેહીને એટલે ૨૪ માંડલા કરીને ગુરુ આજ્ઞાએ દેવસીના અતિચાર આલોવવાનો બધા દુઃખ મટાડનારો કાઉસ્સગ્ગ કરે. તેમાં દેવસીના અતિચાર અનુક્રમે વિચારે, તે અતિચાર શેના ? માટે કહે છે, જ્ઞાન-દર્શન-ચારિત્રમાં લાગ્યા તે. તેમજ પછી કાઉસગ્ગ પારીને વાંદીને દિવસના અતિચાર અનુક્રમે આલોવે, પછી નિઃશલ્ય થયો પડિક્કમીને ગુરુને વાંદીને બધા દુઃખ દૂર કરે એવો કાઉસ્સગ્ગ કરે, પછી કાઉસ્સગ્ગ પારીને ગુરુને વાંદીને સ્તુતિમંગલ કરીને કાળ પ્રતિલેખણા કરે, એટલે સજ્ઝાય કરવાનો અવસર દેખે.

એ પાઠમાં પ્રતિક્રમણની આદિમાં ચોથી થુઈ સહિત ત્રણ થુઈની ચૈત્યવંદના અને અંતમાં ક્ષેત્રદેવી પ્રમુખનો કાયોત્સર્ગ કહ્યો નથી. તથા થિરાપદ્રગચ્છૈકમંડન વાદીવેતાલ શ્રી શાંત્યાચાર્યકૃત શ્રી ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિમાં પણ દેવસી પ્રતિક્રમણની વિશેષ વિધિ કહી છે. તે પાઠ :

कायोत्सर्गः ततः प्रश्रवणादिभूमिप्रतिलेखनादनंतरं कुर्यात् सर्वदुःखविमोक्षणं तथा चास्यकर्मापचयहेतुत्वात् । उक्तं हि -

"काउस्सग्गो जहमुट्ठि यस्स भज्जंति अंगमंगाइ ।
तह भिदंति सुविहिया अट्ठविहं कम्मसंघायं ॥१॥"

तत्र च स्थितो यत् कुर्यात्तदाह - देसियंति प्राकृतत्वाद्वकारलोपे दैवसिकं चः पूरणे अतिचारमतिक्रमं चिंतयेद्ध्यायेदणुपुव्वसो इति आनुपूर्व्याक्रमेण प्रभातमुखवस्त्रिकाप्रत्युपेक्षणातो यावदयमेव कायोत्सर्गः । उक्तं हि -

"गोसेमुहणंतगाई आलोइ देसिए य अइयारे ।
सव्वे समाणयित्ता हियए दोसेठविज्जाह ॥"

किं विषयमतिचारे चिंतयेदित्याह - ज्ञाने ज्ञानविषयमेवं दर्शने चैव चारित्रे तथैव च पारितः समापितकायोत्सग्गों येन स तथा वंदित्वा प्रस्तावाद्द्वादशावर्तवंदनेन तत इत्यतिचारचिंतनादनंतरं गुरुमाचार्यादि देसियत्ति प्राग्वद्दैवसिकः । तुः पूरणे अतिचारमालोचयेत् प्रकाशयेत् गुरुणामेव यथाक्रममालोचनासेवन्यान्यतरानुलोम्य क्रमानतिक्रमेण ।छ। प्रतिक्रम्य प्रतीपपराधस्थानेभ्यो निवृत्या प्रतिक्रमणं च मनसा भावविशुद्धितो वाचा तत्सूत्रपाठतः कायेनोत्तमांगेन मनादितो निसल्लो मायादिशल्यरहितः सूचकत्वात् सूत्रस्य वंदनकपूर्वकं क्षमयित्वा च वंदित्वा द्वादशावर्त्तवंदनेन तत इत्युक्तविधेरनंतरं गुरुमाचार्यादिकं कायोत्सर्गं दर्शनचारित्रश्रुतज्ञानशुद्धिनिमित्तं व्युत्सर्गत्रयलक्षणं जातौ चैकवचनं ततो गुरुवंदनानंतरं कुर्यात्सर्वदुःखविमोक्षणं पारियेत्यादि पूर्वार्द्धं स्तुतिमंगलं च सिद्धस्तवरूपं कृत्वा पाठांतरं वा सिद्धाणं

संथवकिच्चति सुगमं कालमागमप्रतीतं संपडिलेइएत्ति संप्रत्युपेक्षते कोऽर्थः प्रतिजागर्त्ति उपलक्षणत्वाद्गृह्णाति च एतद्गतश्च विधिरागमादवसेयः ।

संक्षेप भावार्थ :- थंडिल मात्रानी भूमि देखीने २४ मांडला करीने बधा दुःखना नाशने करनारो एवो काउस्सग्ग करे. ते काउस्सग्गमां ज्ञान-दर्शन-चारित्रना अतिचार चिंतवे. ए प्रथम काउस्सग्ग प्रतिक्रमण ठाव्या पछीनो छे. पछी चोवीसत्थो, वांदणा दई पडिक्कमणसूत्र कही गुरुने वांदीने अनुक्रमे त्रण काउस्सग्ग करी सिद्धाणं बुद्धाणं कहे पछी काळ ग्रहण करे ते विधि आगमथी जाणवी ए पाठमां पण देवसी प्रतिक्रमणना आदिमां चोथी थुई सहित त्रण थुईनी चैत्यवंदना तथा अंतमां श्रुतदेवी-क्षेत्रदेवतादिकनो कायोत्सर्ग कह्यो नथी. तथा उत्तराध्ययनलघुवृत्ति. तेनो पाठ :

तओति ततः प्रश्रवणादिभूमिप्रतिलेखनानंतरं प्रतिक्रम्य निःशल्यो मायादिशल्यरहितः सूचकत्वात् सूत्रस्य वंदनकपूर्वकं क्षमयित्वा वंदित्वा ततो गुरुं कायोत्सर्गं चारित्रदर्शनज्ञानशुद्धिनिमित्तं व्युत्सर्गत्रयलक्षणं जातौ चैकवचनं थुईमंगलं च काऊणमिति स्तुतिमंगलं स्तुतित्रयरूपं कृत्वा कालं संप्रत्युपेक्षते । कोऽर्थः ? प्रतिजागर्ति उपलक्षणत्वाद् गृह्णाति च ।छ।।

अर्थ :- मांडला २४ करी शल्यरहित काउस्सग्ग पारी गुरुने वांदी प्रतिक्रमण करी अनुक्रमे चारित्र-दर्शन-श्रुतना त्रण काउस्सग्ग करी त्रण थुईरूप मंगल करीने एटले सिद्धोनी त्रण थुई कहीने काल ग्रहण करे. ए सामान्य विधिना पाठमां पण देवसी प्रतिक्रमणना आदिमां चोथी थुई सहित चैत्यवंदना कही नथी, ने अंतमां श्रुतदेवी प्रमुखना कायोत्सर्ग करवा कह्या नथी. तथा उत्तराध्ययन अन्यवृत्ति. ते पाठ :

ततः प्रश्रवणभूमिं प्रतिलेखनानंतरं कायोत्सर्गं सर्व्वदुःखविमोक्षणं कुर्यात् देसियं ति तुत्ति प्राकृतत्वाद्वकारलोपः दैवसिकमतिचार-

मालोचयेत् अणुपुव्वसोत्ति आनुपूर्व्याक्रमेण प्रभातमुखवस्त्रिका-प्रत्युपेक्षणातो यावदयमेवोत्सर्गः । ततः प्रतिक्रम्य निःशल्यो मायादिशल्यरहितः सूचकत्वात् सूत्रस्य वंदनकपूर्वकं क्षामयित्वा द्वादशावर्तेन वंदित्वा च ततो गुरुं कायोत्सर्गं चारित्रदर्शनज्ञान-शुद्धिनिमित्तं व्युत्सर्गत्रयलक्षणं जातौ चैकवचनं ततः कायोत्सर्गं पारयित्वा वंदित्वा च ततो गुरुं थुतिमंगलं च काऊणं स्तुतिसिद्धस्तव-रूपमिति बृहद्वृत्तौ स्तुतिमंगलं स्तुतित्रयरूपं कृत्वा कालं संप्रत्युपेक्षते कोऽर्थः प्रतिजागर्ति उपलक्षणत्वात् गृह्णाति च ॥४२॥

અર્થ :- માંડલા ૨૪ કરી દિવસ સંબંધી અતિચારનો કાઉસ્સગ્ગ કરી જાવત્ (યાવત્) અતિચાર આલોવે એટલે પ્રભાતે પડિલેહણની મુહપત્તિ પડિલેહી ત્યારપછી કાઉસ્સગ્ગમાં જે અતિચાર લાગ્યા હોય તે આલોવે. પછી પ્રતિક્રમણ કરી શલ્ય રહિત વાંદણા દેઈ ખામીને દ્વાદશાવર્તવંદના દેઈ પછી જ્ઞાન-દર્શન-ચારિત્રની શુદ્ધિને અર્થે કાઉસ્સગ્ગ ત્રણ કરી પારી ગુરુને વાંદે, પછી સ્તુતિમંગલ સ્તુતિ ત્રણ સિદ્ધોની કહીને કાલ ગ્રહણ કરે. એમાં પણ દેવસી પ્રતિક્રમણના આદિમાં ચોથી થુઈ સહિત ત્રણ થુઈની ચૈત્યવંદના કરવી કહી નથી ને અંતમાં શ્રુત-ક્ષેત્રદેવતાદિકની થુઈ કહેવી કહી નથી. તથા ઉત્તરાધ્યયનાવચૂરિકા. તે પાઠ :

एवं सप्तविंशतिस्थंडिले प्रत्युपेक्षणानंतरं आदित्योऽस्तमेति । इत्थं विशेषतो दिनकृत्यमुक्त्वा संप्रति तत्रैव रात्रिकृत्यमाह - कायोत्सर्गः ततः प्रश्रवणादिभूमिप्रतिलेखनानंतरं सर्वदुःखविमोक्षणं इत्यादि यावत् वंदनकपूर्वकं क्षमयित्वा वंदित्वा तत उक्तविधेरनुगु कायोत्सर्गं चारित्र-दर्शनश्रुतज्ञानशुद्ध्यर्थं व्युत्सर्गत्रयरूपं जातावैकवचनं ततो गुरुवंदना-नुकुर्यात् ॥४१॥ पूर्वार्द्धव्याख्यातमेवस्तुतिमंगलं च सिद्धस्तवरूपं स्तुतित्रयेण कृत्वा कालं प्रत्युपेक्षते ॥

संक्षिप्त भावार्थ :- સત્તાવીસ સ્થંડિલ પડિલેહી કાઉસ્સગ્ગ કરે, દેવસી અતિચાર ચિંતવે, યાવત્ ગુરુને વંદન કરીને ખમાવીને, વળી વંદન કરીને

ચારિત્ર-દર્શન-જ્ઞાનના ત્રણ કાઉસ્સગ્ગ કરી ગુરુને વંદન કરીને સ્તુતિત્રણ સ્વરૂપે મંગલ કરે. પછી કાળ ગ્રહણ કરે. ઈતિ સંક્ષિપ્ત પાઠાર્થ॥

અહીં પણ દેવસી પ્રતિક્રમણના આદિમાં ચોથી થોય સાથે ત્રણ થોયની ચૈત્યવંદના નથી ને છેલ્લે શ્રુત-ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ કહ્યો નથી. એમ જ શ્રી તપાગચ્છીય મહોપાધ્યાય શ્રી ભાવવિજયજીકૃત ઉત્તરાધ્યયનટીકામાં પણ દેવસિ પ્રતિક્રમણના આદિ-અંતમાં ચોથી થોય સાથે ત્રણ થોયની ચૈત્યવંદના તથા શ્રુત-ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ તથા થોય કહેવી કહી નથી. તથા વળી તેમજ શ્રી ખરતરગચ્છીય ઉપાધ્યાય શ્રી લક્ષ્મીવલ્લભજી કૃત શ્રી ઉત્તરાધ્યયનવૃત્તિમાં પણ પૂર્વોક્ત પ્રમાણે દેવસિ પ્રતિક્રમણની આદિમાં ચોથી થોય સાથે ત્રણ થોયની ચૈત્યવંદના કહી નથી ને છેલ્લે શ્રુત-ક્ષેત્ર દેવીના કાયોત્સર્ગની થોય કહી નથી. તથા ચૌદપૂર્વધર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીજી કૃત આવશ્યકનિર્યુક્તિ. તે પાઠ :

ते पुण ससूरिएच्चिय पासवणुच्चारकालभूमीउ ।
पेहित्ता अत्थमए ठंतुस्सग्गं सउठाणे ॥१॥
जा देवसीयं दुगुणं चिंतेइ गुरु अहिंडउचिट्ठं ।
बहुवावाराईयरे एगगुणंता विचिंतंति ॥२॥
पव्वइयाणं च चिट्ठं नाऊण गुरुं बहुं बहुविहीयं ।
कालेण तदुचिएणं पारेइ यथोवचिट्ठो वि ॥३॥
नमुक्कारचउवीसगकिइकम्मालोयणं पडिक्कमणं ।
किइकम्मं दुरालोइए दुप्पडिकंतेय उस्सग्गो ॥४॥
एस चरित्तुस्सग्गो दंसणसुद्धीयत इयओ होई ।
सुयनाणस्स चउत्थो सिद्धाणं थुईय किइकम्मं ॥५॥
सुकयं आणत्ति वा लोए काऊण सुकय किइकम्मा ।
वड्ढंति तियाथुईओ गुरुथुईगहणे कए तिन्नि ॥६॥

અર્થ :- વળી, તે સાધુ સૂર્ય છતાં ઠલ્લા-માત્રાના માંડલા કરીને એટલે ભૂમિ શોધીને રહે એવામાં સૂર્યાસ્ત થયે આવી પ્રતિક્રમણ ઠાવી સામાયિક

કરી કાઉસ્સગ્ગમાં રહે. અહીં વ્યાઘાતાદિકની ગાથાઓ છોડીને પાઠ લખ્યો છે. જ્યાં સુધી દેવસી અતિચાર ગુરુ અહિંડક તે વ્યાપાર નહીં કરતાં થકાં બમણીવાર ચિંતવે એટલી વખતમાં બહુ વ્યાપાર જેમને એવા સાધુ અતિચાર એકવાર ચિંતવે અથવા સાધુઓની ચેષ્ટા કે વ્યાપાર પ્રતે ગુરુ બહુ પ્રકારે જાણીને એટલે તેમને ગૌચર્યાદિ બહુ પ્રકારના વ્યાપાર કે ભ્રમણાદિક કાર્ય જાણીને ગુરુને ચેષ્ટા અલ્પ છે તોપણ તેમને ઉચિત કાળે કરી કાઉસ્સગ્ગ પારે, નમો અરિહંતાણં કરીને લોગ્ગસ્સ કહે. વાંદણા દઈ પછી પ્રતિક્રમણના સૂત્ર કહી વાંદણા દેઈને જે કોઈ ભૂલમાં અતિચાર રહ્યા હોય તેનો કાઉસ્સગ્ગ કરે, એ ચારિત્રનો કાઉસ્સગ્ગ બીજો, દર્શનશુદ્ધિનો ત્રીજો, શ્રુતજ્ઞાનનો ચોથો કરીને સિદ્ધોની સ્તુતિ કરી વાંદણા દે. શા માટે કે જેમ પ્રધાનાદિકને રાજાએ કાર્ય ભળાવ્યા થકાં તે પ્રધાનાદિક રાજાને પ્રણામ કરીને તે કાર્ય કરીને પાછા આવીને પ્રણામ કરીને કહે તેમ અહીં પણ જાણવું. પછી વર્ધમાન ત્રણ થુઈ કહે. એ પાઠમાં પણ ચોથી થોય સાથે ચૈત્યવંદના તથા શ્રુત-ક્ષેત્રદેવતાના કાયોત્સર્ગ પ્રમુખ કહ્યા નથી. તથા શ્રી હરિભદ્રસૂરિજી કૃત આવશ્યક બૃહદ્વૃત્તિ. તે પાઠ :

તે પુણ સસૂરિયાએ ગાહા૦ ॥૯॥

વ્યાખ્યા - તે પુનઃ કાયોત્સર્ગકર્તારઃ સાધવઃ સસૂર્ય એવ દિવસે પ્રશ્રવણોચ્ચારણકાલભૂમિં પ્રત્યુપ્રેક્ષ્ય દ્વાદશપ્રશ્રવણભૂમયઃ આલય-પરિભોગાંતષડ્ષડ્બહિરેવમુચ્ચારભૂમયોઽપિ દ્વાદશપ્રમાણં ચાસાં તિર્યગ્ જઘન્યેન હસ્તમાત્રમધશ્ચત્વાર્યંગુલ્યાન્યચ્ચેનમુત્કૃષ્ટતસ્તુ સ્થંડિલ-દ્વાદશયોજનમાનં ન ચ તેનાધિકારઃ । તિસ્રસ્તુ કાલભૂમયઃ કાલ-મંડલાખ્યા યાવચ્ચૈનમન્યં ચ શ્રમણયોગં કુર્વન્તિ કાલવેલાયાં તાવત્પ્રાયશોસ્તમુપયાત્યેવસવિતા તતશ્ચ અથંમિ એઠંત્યુસ્સગ્ગં સદ્ગાણેતિ ઉક્તમન્યથા યસ્ય યદેવ વ્યાપારપરિસમાપ્તિર્ભવતિ સ તદેવ સામાયિકં કૃત્વા તિષ્ઠતીતિ ગાથાર્થઃ ॥૯॥

અયં ચ વિધિઃ કેનચિત્કારણાંતરે ગુરોર્વ્યાઘાતે સતિ - યદિ પુણ ગાહા૦ ॥૧૦॥

व्या. - यदि पुनर्निर्व्याघात एव सर्वेषामावश्यकं प्रतिक्रमणं ततः कुर्वन्ति सर्वेऽपि सहैव गुरुणा सङ्घाइकहण वाघायत्ताए पच्छा गुरु ठंतित्ति निगदसिद्धमिति गाथार्थः ॥१०॥

यदा च पश्चाद्गुरवस्तिष्ठंति तदा - सेसाउ गाहा० ॥११॥

व्या. - शेषाः साधवः यथाशक्ति शक्त्यनुरूपं यो हि यावंतं कालं स्थातुं समर्थः आपुच्छित्ता तु गुरु ठंति सद्वाणे सामायिकं काऊण किं निमित्तं ? सुत्तत्थसरणहेउ सूत्रार्थस्मरणहेतुः । आयरिए ठियंमि देवसियंमि आयरिए पुरओ ठिए तस्स । सामाइयावसाणे देवसियं अइआरं चिंतंति अन्ने भणति जाहे आयरिओ सामाइयं कड्ढइ ताहे तेवि तह ठिया चेव सामाइयसुत्तमणुपेहंति गुरुणासपच्छा देवसियं ति गाथार्थः ॥११॥

शेषास्तु यथाशक्तिरित्युक्तं यस्य कायोत्सर्गेण स्थातुं शक्तिरेव नास्ति स किंकुर्यादिति तद्गतं विधिमभिधित्सुराह - जो हुज्जओ गाहा० ॥१२॥

व्या. - यः कश्चित्साधुर्भवेदसमर्थः कायोत्सर्गेण स्थातुं स किंभूत इत्याह बालो वृद्धः ग्लानः परितोत्ति परिश्रांतो गुरुवैयावृत्त्यकरणादिना असावपि कथादिभीरहितः सन् ध्यायेत्सूत्रार्थं जा गुरु ठंति यावत् गुरवस्तिष्ठंति कायोत्सर्गमिति गाथार्थः ॥१२॥

आचार्ये स्थिते देवसिकमित्युक्तं तद्गतं विधिमभिधित्सुराह - छ जादेव सियं गाहा० ॥१३॥

व्या. - निगदसिद्धा नवरं चेष्टा व्यापाररूपावगंतव्या ॥१३॥

पवइयाणं च चेट्ठगाहा० ॥१४॥

नमोक्कारचउविसगाहा० ॥१५॥

व्या. - नमोक्कारेत्ति काउस्सग्गसमत्तीए नमोक्कारेण पारेत्ति नमो अरिहंताणंति चउवीसगत्ति पुणो जेहि इमं तित्थं देसियं तेसिं तित्थकराणं उसभाईणं चउवीसत्थएण उकित्तणं करेति लोगस्स

उज्जोयगरेति भणियं होइ कित्तीकम्मं तु ततो वंदिउकामा गुरुं संडासयं पडिलेहित्ता उवविसंति ततो मुहणंतगं पडिलेहिय स सीसोवरीयं कायं पमज्जंति पमज्जित्ता परेणं तिकरणपरिसुद्धं कियकम्मं करेती वंदणगमित्यर्थः । उक्तं च -

आलोयणवागरणस्स पूछणे पूयणाए सज्झाए ।
अवराहे अ गुरुणं विणओ मूलं च वंदणगं ॥१॥

इत्यादि आलोयणंति एवं च वंदित्ता उत्थायोभयकरगहियरओहरण अद्धावणयकाया पुव्वंपरार्चिंतिए दोसे जहाराइणियाए संजयभासाए जहागुरुसुणेइ तहा पवद्धमाणसंवेगा मायमयविप्पमुक्का अप्पणो विसुद्धिनिमित्तमालोएति । उक्तं च

विण एएविण विय मूलं गंतूणायरियपायमूलंमि ।
जाणाविज्जसु विहिओ जह अप्पाणं तह परं च ॥१॥
कयपावोवि मणुसो आलोइय निंदओ गुरुसगासे ।
होइ अइरेगलहुओ ओहरिअ भरुव्व भरवहो ॥२॥
तथा - उप्पन्नाणुप्पना माया अणुमग्गओ निहंतव्वा ।
आलोयणनिंदणगरहाणनपुणोत्तिया वितियं ॥३॥
तस्स य पायच्छित्तं जमग्गविउ गुरु उ गुरुवइसंति ।
तं तह अणुचरियव्वं अणवत्थपसंगभीएण ॥४॥
पडिक्कमणंति आलोइऊण देसे गरुणा पडिदिन्नपायछित्ता ।
तो सामाइयपुव्वगं समभावे ठाइऊण य पडिक्कमंति ॥५॥

सममुवओत्तापदं पदेण पडिक्कमणं कड्ढंति अणवत्थपसंगभीया अणवत्थाएण पुण उदाहणं तिलहारगकप्पडगोत्ति कित्तिक्कमंति तओ पडिक्कमित्ता खामणानिमित्तं पडिक्कमणनिवेयत्थं वंदंति तओ आयरियमादि पडिक्कमणत्थमेवदंसेमाणाखामेत्ति । उक्तं च -

आयरिय उवज्झाए, सीसे साहम्मिए कुलगणे अ ।
जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ॥२२॥

सव्वस्स समणसंघस्स, भगवओ अंजलि करीय सीसे ।
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयंपि ॥२३॥
सव्वस्स जीवरासिस्स, भावओ धम्मनिहियनियचित्तो ।
सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयंपि ॥२४॥

इत्यादि दुरालोयदुप्पडिकंतेय काउस्सग्गोत्ति एवं खामेत्ता आयरिय-माइ तओ दुरालोइयं वा होज्जा दुप्पडिक्कंतं वा होज्जा अणाभोगादिणा कारणेणं ततो पुणोवि कयसामाइया चरित्तविसोहणत्थमेव काउस्सग्गं करेति इति गाथार्थः ॥१४-१५॥

एसगाहा ॥

व्याख्या - चरित्तुस्सग्गोति चरित्तायरविसुद्धिनिमित्तो भणियं होंति, अयं च पंचासुस्सासपरिमाणो, ततो णमोक्कारेण पारेत्ता विसुद्ध-चरित्तदेसियाणं दंसणविसुद्धिनिमित्तं एसनामुकित्तणं करेंति, चारित्त-विसोहियमियाणीं दंसणं विसोहिज्जइ त्तिकट्ठ तं पुण नामकित्तण-मेवंकरोति लोगस्सुज्जोगरेत्यादि अयं चतुर्विंशतिस्तवश्चतुर्विंशतिस्तवे पक्षेण व्याख्यात इति नेह पुनर्व्याख्यायते ।छ। चतुर्विंशतिस्तवं चाभिधाय दर्शनविशुद्धिनिमित्तमेव कायोत्सर्गं चिकीर्षवः पुनरिदं सूत्रं पठंति सव्वलोए अरिहंत चेइआणं करेमि काउस्सग्गमित्यादि अन्नत्थ-उससिएणमित्यादिपूर्ववत् यावद्वोसिरामीति एयं च सुत्तं पढित्ता पणविसुस्सासपरिमाणं काउस्सग्गं करेति दंसणसुद्धीए तइओइत्ति तृतीयं त्वस्यातिचारालोचनविषयप्रथमकायोत्सर्गापेक्षयेति । ततो नमोक्कारेण पारित्ता सुयनाणपरिवुड्ढिनिमित्तं अइयारविसोहणत्थं च सुयधम्मस्सभगवतो पराए भत्तीए तप्परूवगनमोक्कारपुव्वगं थुइ पढति तं जहा -

पुक्खरवरदीवड्ढे धायइसंडेयजंबुद्दीवे य ।
भरहेरवयविदेहे धम्माइगरे नमंसामि ॥१॥

इत्यादि सुयस्स भगवओ करेमि काउस्सग्गं वंदणवत्तियाए इत्यादि प्राग्वत् यावद्वोसिरामि एयं सुत्तं पढित्ता पणविसुस्सासमेव काउस्सग्गं करेति । आह च सुयनाणस्स चउत्थोति ततो नमोक्कारेण पारित्ता विसुद्धचरणदंसणसुयातियारामंगलनिमित्तं चरणदंसणसुयदेसगाणं सिद्धाणं थुतिं कड्ढंति । भणियं च सिद्धाणथुईए ति सा चेयं स्तुतिः सिद्धाणं बुद्धाणमित्यादि एतास्तिस्त्रस्तुतयो नियमेनोच्यंते केचिदन्या अपि पठंति न च तत्र नियमः कितिक्कमंति पुणो संडासयं पडिलेहिय उवविसंति मुहपोत्तिया पडिलेहियंति ससीसोवरियकायं पमज्जित्ता आयरियस्स वंदणं करेति इति गाथार्थः ॥

आह - किंनिमित्तमिदं वंदनमित्युच्यते - सुकयं गाहा० ॥२८॥

व्या. - सुकयआणत्ति पिचलोए काऊणं ति जहा रन्ना मणुसा आणनिगाए पेसियापणामं काऊण गच्छंति तं च सुकयं काऊण पुणो पणामपुव्वगं णिवेइंति एवं साहुणोवि गुरुसमाहिठाणं वंदणपुव्वगं चरित्तादिविसोहिकाऊण पुणो सुकयकितिकम्मासंतो गुरुणो निवेदेति भगवं कयंतं पेसणं आयविसोहिकारंत्ति वंदणं काऊण पुणो उक्कडया आयरियाभिमुहाविणयरइयंजलिउडा चिट्ठंति जाव गुरुथुईगहणं करेती ततो पच्छा समताए पढमथुइए थुतिं कड्ढेति विणउत्ति ताओ थुत्तीओ पढंति उ तिन्नि कड्ढंति । आह च - वड्ढंति या थुतीओ गुरुथुईगहणक एतित्ति गाथार्थः ॥२८॥ ततो पाउसियं कत्तव्वं करेति एवं ताव देवसियं गयं ॥छ॥

संक्षेप भावार्थ :- માંડલા કરીને સૂર્યાસ્ત થાય જે જે સાધુ પોત-પોતાના કાર્યથી નિવર્ત્યા તે તે ઠાવીને સામાયિક કરે, જો ગુરુ કોઈ કામમાં હોય તો કાઉસ્સગ્ગ કરી અર્થ વિચારે, ગુરુ સાથે પછી કાઉસ્સગ્ગ પારી લોગસ્સ કહી મુહપત્તિ પડિલેહી વાંદણા દઈ, આલોઇ પડિક્કમણસૂત્ર કહે, પછી આચાર્યને વંદન કરી ખામી પછી કરેમિ ભંતે ચારિત્રશુદ્ધિ કાયોત્સર્ગ પચાસ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ પારી પછી લોગસ્સ કહી દર્શનશુદ્ધિ નિમિત્તે

પચ્ચીસ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરી પુક્ખરવરદી કહી શ્રુતશુદ્ધિ નિમિત્તે પચ્ચીશ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરી સિદ્ધાણં બુદ્ધાણં કહી મુહપત્તિ પડિલેહી ગુરુવંદન એટલે વાંદણા દઈ અંતે વર્ધમાન થોય કહે.

અહીં સર્વ વિધિ સૂત્ર અર્થ સહિત લખી છે તે બહુ છે તે આદિ અંત સંક્ષેપાર્થથી ચોથી થુઈ સહિત ચૈત્યવંદના તથા શ્રુત-ક્ષેત્રદેવતાદિ કાયોત્સર્ગ કહ્યા નથી. તથા તેમજ પૂર્વધરાચાર્યકૃત શ્રી આવશ્યકચૂર્ણિનો પાઠ છે તેમાં પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં ચોથી થોય સાથે ચૈત્યવંદના તથા શ્રુત-ક્ષેત્રદેવતાના કાયોત્સર્ગ-થોય કરવા કહ્યાં નથી. પણ ગ્રંથગૌરવના ભયથી તે પાઠ લખ્યો નથી. તથા આવશ્યકનિર્યુક્તિ મૂળ તથા બૃહદ્વૃત્તિમાં કાળગ્રહણાધિકારે પણ પ્રતિક્રમણની વિધિ કહી છે. તે પાઠ :

अह पुण गाहा० ॥५३॥

व्या. - अथेत्यनंतरे सूरअत्थमाणंतरमेव आवस्सयं करेति पुनर्विशेषेण दुविहमावस्सगकरणं विसेसेइ निव्वाघाइमं वाघाइमं च दिनिव्वाघायं ततो सव्वे गुरुसहियं आवस्सयं करेति अह गुरु सड्ढे सुधम्मं कहेइ तो आवस्सगस्स साहूहिं सहकरणिजस्स वाघाओं भवति जंमि वा काले तं करणिज्जं तं सं तस्स वाघाओ भणइ ततो गुरु निसेज्जधरो य वच्छाचरित्ताइयारजाणएट्ठा उस्सग्गं करिहिंति ॥५३॥

सेसाओ जासत्तिं गाहा ॥५४॥

व्या. - सेसा साहु गुरुं आपुच्छित्ता गुरुठाणस्स मग्गओ आसन्नदूरे अहारायणियाए जस्स ठाणं तं तस्स ठाणं तत्थ पडिक्कमंताणं इमं ठवणा गुरु पच्छाट्ठायंतो मज्झेण गंतुं स ठाणे ठायति जे वामतो ते अणंतर सव्वेणं गंतुं स गयंति जे दाहिणो अणंतरं अवसतेणंगं तु ठायंति तं च अणागयं ठायंति सुत्तत्थधरणहेउं तत्थ पुव्वामेव ठायंता करेमि भंते सामाइयमित्ति सुत्तं कड्ढेत्ति पच्छा जाहे गुरु सामाइयं करेत्ता वोसिरामिति भणित्ता ठिया उस्सगं ताहे पुव्वट्ठिया देवसिया अतियारं चिंतेति अन्ने भणंति जाहे गुरु सामाइयं करेति सेसं कंठं ॥५४॥

જો હોજ્જઓ ગાહા૦ ॥૫૫॥

વ્યા. - પરિસ્સંતો પાહુણગાદિ સોવિ સજ્ઝાયજ્ઝાણપરો અચ્છઇ જાહે ગુરુ ઠંતિ તાહે તેવિ બાલાદિયા ઠાયંતિ ॥૫૫॥

એએણં વિહિણા આવસ્સયં તુ ગાહા૦ ॥૫૬॥

વ્યા. - જિણેહિં ગણહરાણં ઉવઇટ્ઠું તતો પરમ્પરાએ ણં જાવ અમ્હં ગુરૂવએસેણં આગયં તં કાઉં અન્ના તિન્નિ થુઈઓ કરેતિ અહવા એગા એગસિલોગિય બિતિયા દુસિલોગિયા તતિતાય તિસિલોગિયા તેસિં સમત્તીએ કાલપડિલેહણવિહી ઇમા કાયવ્વા ॥૧૨॥

ભાવાર્થ :- સૂર્યાસ્ત થયા પછી આવશ્યક કરે તે બે પ્રકારે એક તો વ્યાઘાત એટલે ગુરુ કોઈને ઉપદેશ કરતાં હોય ત્યારે ગુરુની સાથે પ્રતિક્રમણ કરવાનો વ્યાઘાત છે. કેમ કે જે કાળે જે કરવું ઘટે તે તે કાળે ન થાય તે વ્યાઘાત કહીએ. બીજો નિર્વ્યાઘાત તે ગુરુની સાથે પ્રતિક્રમણ કરવું તેમાં જે નિર્વ્યાઘાત હોય ત્યારે તો બધા સાધુએ ગુરુની સાથે પ્રતિક્રમણ કરવું, વ્યાઘાત હોય તો ગુરુ અને ગુરુનો વૈયાવચ્ચી એ બે પછી કરે, બીજા બધા ગુરુ પહેલાં થાપના માંડીને કરે તે એવા બેસે કે કોઈને આડ ન પડે, તેવી રીતે બેસી ગુરુને પૂછીને ગુરુના નજીકના તથા દૂર બેસીને પ્રતિક્રમણ કરવું. કરેમિભંતે સામાઇયં ઇત્યાદિ કહી કાઉસ્સગ્ગ કરવો તેમાં દેવસીના અતિચાર ચિંતવે તથા સૂત્રના અર્થ વિચારે. જ્યાં સુધી ગુરુ સામાયિકમાં કાઉસ્સગ્ગ ન પારે ત્યાં સુધી કાઉસ્સગ્ગમાં રહે ને અતિચાર ચિંતવે.

બીજા આચાર્ય એમ કહે છે કે તો વ્યાઘાત હોય ત્યારે બધા કાઉસ્સગ્ગ કરી સૂત્રો ચિંતવે જ્યારે ગુરુ સામાયિકના ઉચ્ચારે ત્યારે તે પણ સામાયિક કરીને કાઉસ્સગ્ગ કરે બીજા પ્રાહુણા તથા બાળક પણ ગુરુની સાથે કરે એમ એ વિધિએ આવશ્યક કરીને તીર્થંકરે ગણધરોને કહ્યું, પછી પરંપરાથી યાવત્ અમારા ગુરુને ઉપદેશ કરી આવ્યો તે કરીને બીજી ત્રણ થોય કરીએ છીએ, અથવા એક શ્લોકની પહેલી, બે શ્લોકની બીજી, ત્રણ શ્લોકની ત્રીજી તે પતી ગયા પછી કાલપ્રતિલેખના તે વિધિ એમ છે એ પાઠમાં દેવસી પ્રતિક્રમણની વિધિ સામાયિકથી તે વર્દ્ધમાન ત્રણ સ્તુતિપર્યંત છે પણ

આદિમાં ચોથી થોય સાથે ત્રણ થોયના દેવવંદન તથા શ્રુત-ક્ષેત્રદેવતાના કાયોત્સર્ગ-સ્તુતિ કહ્યાં નથી. તેમજ પૂર્વધર આચાર્ય કૃત આવશ્યકચૂર્ણિ, નિશીથચૂર્ણિ, વ્યવહારસૂત્રવૃત્તિ, આવશ્યકાવચૂરિ, આવશ્યકદીપિકાદિકમાં "**अह पुण० गाहा, जइ पुण निव्वाघाओ** ઇત્યાદિ ગાથાઓ કરી પહેલા સાદશ્ય પાઠ કરી દેવસી પ્રતિક્રમણની વિધિમાં આદિ-અંતમાં ચોથી થોય સાથે ચૈત્યવંદન તથા શ્રુત-ક્ષેત્રદેવતાના કાયોત્સર્ગ કથન કર્યા નથી. ઇત્યાદિ પૂર્વોક્ત અનેક પંચાંગીના ગ્રંથોમાં સામાન્યવિશેષે દેવસિપ્રતિક્રમણ વિધિનું વર્ણન કર્યું છે, પણ આદિમાં સામાન્યવિશેષ ચૈત્યવંદન કહ્યાં નથી. પૂર્વધર તથા પૂર્વધર નિકટકાલવર્તી આચાર્યોના સમયમાં જિનગૃહમાં ચૈત્યવંદના કરી પ્રતિક્રમણ કરતાં, તેથી દેવસિપ્રતિક્રમણના આદિ-અંતમાં ચૈત્યવંદનનો તથા પાક્ષિક-ચાતુર્માસિક-સાંવત્સરિક પ્રતિક્રમણ વગર ક્ષેત્રદેવી-ભુવનદેવીનો કાયોત્સર્ગ તથા થોયનું કથન નથી, તેમજ પૂર્વધર તથા પૂર્વધર નિકટકાલવર્તી આચાર્યોના સમયમાં રાઇપ્રતિક્રમણ કરીને જિનચૈત્યમાં ચૈત્યવંદન કરતાં નથી. તે પાઠ અનુક્રમે લખીએ છીએ. ત્યાં પહેલાં શ્રી ઉત્તરાધ્યયન મૂળસૂત્રમાં રાઇપ્રતિક્રમણની વિધિ આ મુજબ છે. તે પાઠ :

गाथा - पोरिसीए चउब्भाए वंदिऊण तओ गुरुं ।
पडिक्कमित्ता कालस्स कालं तु पडिलेहए ॥४४॥
आगए कायवुस्सग्गे सव्वदुक्खविमुक्खणे ।
काउस्सग्गं तओ कुज्जा सव्वदुक्खविमुक्खणं ॥४५॥
राइअं च अइआरं चिंतिज्ज अणुपुव्वसो ।
नाणंमि दंसणंमि अ चरित्तंमि तवंमि अ ॥४६॥
पारिअ काउस्सग्गो वंदित्ताणं तओ गुरुं ।
राइअं तु अइआरं आलोइज्ज जहक्कमं ॥४७॥
पडिक्कमित्तु निसल्लो वंदित्ताणं तओ गुरुं ।
काउस्सग्गं तओ कुज्जा सव्वदुक्खविमुक्खणं ॥४८॥
किं तवं पडिवज्जामि एवं तत्थविचिंतए ।
काउस्सग्गं तु पारित्ता वंदइओ तओ गुरुं ॥४९॥

पारिअ काउस्सग्गो वंदित्ताणं तओ गुरुं ।
तवं संपडिवज्जित्ता करिज्ज सिद्धाणसंथवं ॥५०॥

અર્થ :- પાછલી બે ઘડી રાત્રિ રહે ત્યારે ગુરુને વંદન કરી વૈરાત્રિકે કાળ ગ્રહણ કરે પછી પ્રતિક્રમણ કરીને કાઉસ્સગ્ગ કરે, બધા દુઃખ દૂર કરે એવા તે કાઉસ્સગ્ગમાં રાતના અતિચાર જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપમાં લાગ્યાં તે અનુક્રમે આલોવા પછી કાઉસ્સગ્ગ પારીને ગુરુને વાંદણાં દઈને રાઈના અતિચાર અનુક્રમે આલોવ્યા પછી નિઃશલ્ય થયો થકો પ્રતિક્રમણ પછી ગુરુને વંદન કરી કાઉસ્સગ્ગ કરે તે કાઉસ્સગ્ગમાં શું તપ એવું ચિંતવે. પછી કાઉસ્સગ્ગ પારી ગુરુને વંદન કરી જે તપ ચિંતવ્યું હોય તે અંગીકાર કરે. પછી સિદ્ધોની સ્તવના કરે.

એ પાઠમાં રાતના પ્રતિક્રમણમાં છેલ્લે ચોથી થોય સાથે ચૈત્યવંદન કહ્યું નથી. તથા થિરાપદ્રગચ્છેકમંડન વાદિવેતાલ શ્રી શાંત્યાચાર્યજીકૃત ઉત્તરાધ્યયનવૃત્તિમાં રાત્રિપ્રતિક્રમણવિધિ. તે પાઠ :

पोरिसीए चउब्भाएसेस वंदित्तु तो गुरुं ।
पडिक्कमित्तु कालस्स कालं तु पडिलेहए ॥

अत्रापि व्याख्या तथैव पाठद्वयेऽपि च चतुर्थप्रहरविशेषकृत्याभिधानप्रसंगेन पुनः प्रहरत्रयकृत्याभिधानमिति मंतव्यं । आगते प्राप्ते कायव्युत्सर्गे इत्युपचारात्कायव्युत्सर्गसमये सर्व्वदुःखानां विमोक्षणमर्थात् कायोत्सर्गद्वारेण यस्मिन् स तथा तस्मिन् शेषं प्राग्वद्यच्चेह सर्वदुःखविमोक्षणविशेषणं पुनः पुनरुच्यते तदस्यात्यंतनिर्ज्जराहेतुत्वख्यापनार्थं तथेह कायोत्सर्गग्रहणेन चारित्रदर्शने श्रुतज्ञानविशुद्ध्यर्थं कायोत्सर्गत्रयं गृह्यते तत्र च तृतीये रात्रिको अतिचारश्चिंत्यते । यत उक्तं -

एत्थ पढमो चारित्ते दंसणसुद्धी य बीयओ होई ।
सुयणाणस्स य तइओ णवरं चिंतेइ तत्थ इमं ॥
तइए निसाइयारं ति । रात्रिकोऽतिचारश्च यथा यद्विषयश्च चिंतनीय-

स्तथाह - रात्रौ भवं रात्रिकं, चः पूरणे अतिचारं चिन्त्येत् अणुपुव्वसुत्ति आनुपूर्व्याक्रमेण ज्ञाने दर्शने चारित्रे तपसि च शब्दाद्वीर्ये च शेष-कायोत्सर्गेषु चतुर्थविंशतिस्तवः प्रतीतश्चितयता साधारणश्चेतिनोक्तः ।।छ।।९।। ततश्च पारितेत्यादिसूत्रद्वयव्याख्यातमेव कायोत्सर्गस्थितश्च किं कुर्यादित्याह किमिति किंरूपं तपोनमस्कारसहितादि प्रतिपद्येहमेवं तत्र विचिंतयेत् वर्द्धमानो हि भगवन् षण्मासं यावन्निरशनो विहृतवान् तत्किमहमपि निरशनः शक्नोम्येतावत्प्रकालं स्थातुमुमनेति एवं पंच मासाद्य पियावन्नमस्कारसहितं यावत्परिभावयेदुक्तं हि - चिंते चरिमे उ किं तवं छम्मासादेकदिणादी हाणि जा पोरिसो नामा वा उत्तरार्द्धं स्पष्टं एतदुक्तार्थानुवादतः सामाचारीशेषमाह पारिए इत्यादि प्राग्वत्, नवरं तपो यथाशक्ति चिंतितमुपवासादि स प्रतिपद्यांगीकृत्य कुर्यात् सिद्धानां संस्तवं स्तुतित्रयरूपं तदनु यत्र चैत्यानि संति तत्र तद्वंदनं विधेयं तथा चाह भाष्यकारः -

वंदित्तु निवेयंती कालंतो चेइयाइ जइ अत्थि ।
तो वंदंती कालं जहा य तुलेउं पडिक्कमणं ॥
इति सार्द्धत्रयोदशसूत्रार्थः ।।छ ॥

રાતના ચોથા પ્રહરના અવસરે એટલે આવશ્યકનો અવસર આવે ત્યારે આવશ્યકમાં ચારિત્ર, દર્શન, જ્ઞાનની શુદ્ધિના અર્થે કાઉસ્સગ્ગ કરે ત્યાં ત્રીજા કાઉસ્સગ્ગમાં રાતના અતિચાર ચિંતવીને કાઉસ્સગ્ગ પારીએ, પહેલાના બે કાઉસ્સગ્ગમાં એક-એક લોગસ્સ કહ્યાં પછી ગુરુને વંદન કરી પ્રતિક્રમણ કરીને જેમ પહેલાં કહ્યું તેમ જાણવું, પણ એટલું વિશેષ કે તપ જેવી શક્તિ હોય તેવું વિચારી ઉપવાસાદિક અંગીકાર કરીને ત્રણ થોયરૂપ સિદ્ધોની સ્તવના કરે પછી જ્યાં ચૈત્ય છે ત્યાં તેમને વંદન કરે તેમજ ભાષ્યકાર કહે છે કે વંદનને કાળ નિવેદન કરે જો ચૈત્ય હોય તો વંદન કરે. એ પાઠમાં પ્રતિક્રમણ કરી જો ચૈત્ય હોય તો વંદન કરવા એટલે જિનચૈત્યમાં ચૈત્યવંદના કહી પણ રાઈ પ્રતિક્રમણમાં છેલ્લે ચોથી થોય સાથે ચૈત્યવંદના કહી નથી.

તથા ઉત્તરાધ્યયનસૂત્રના ઓગણત્રીસમા અધ્યયનની વૃત્તિમાં નજીક ચૈત્ય હોય ત્યાં ચૈત્યવંદના કરવી કહી છે. તે પાઠ :

अत्र चोत्तरगुणप्रत्याख्यानांतर्भूतं नमस्कारसहितादि तद्ग्रहणानंतरं च यत्र सन्निहितानि चैत्यानि तत्र तद्वंदनं विधेयमित्युक्तं प्राक्तनस्तुति-स्तवमंगलं विनेति तदाह ॥

અર્થ :- અહીં ઉત્તરગુણપચ્ચક્ખાણ અંતર્ગત નવકારશી પ્રમુખ અંગીકાર કરીને પછી જ્યાં નજીક ચૈત્ય છે ત્યાં તેમનું વંદન કરવું એવું પૂર્વે કહ્યું છે તે ચૈત્યવંદન સ્તુતિ-સ્તવ-મંગલ વિના ન હોય, માટે તે કહે છે.

એ પાઠમાં પણ પ્રતિક્રમણ કરીને નિકટ ચૈત્ય હોય ત્યાં ચૈત્યવંદના કરવી કહી, પણ પ્રતિક્રમણમાં ચોથી થોય સાથે ચૈત્યવંદન કરવું કહ્યું નથી. તથા ઉત્તરાધ્યયન લઘુવૃત્તિનો પાઠ :

तओ आवस्सयं कुणंति मध्यमप्रक्रमापेक्षं च कालत्रयग्रहण-मुक्तमन्यथा ह्युन्मार्गतयोत्कर्षेण चत्वारो जघन्येन त्रयकालाः अपवादत-श्चोत्कर्षेण द्वौ जघन्येनैकोऽप्यनुज्ञात एव ॥ यतः उक्तं -

कालचउक्कोसएण जहन्नओत्तिहोंति बोधव्वा ।

बीयपयं तु दुगं तू मायामयविप्पमुक्काणं ॥

अत्र च तु शब्दादेकस्यानुज्ञान तथा चूर्णिकारः एवं अमायाविणो तिन्नि दोवा अ गेण्हंतस्स एक्को भवति ।

आगए कायवोसग्गो सव्वदोक्खविमोक्खणं ।

काउस्सग्गं तओ कुज्जा सव्वदुक्खविमोक्खणं ॥४७॥

आगते प्राप्ते कायोत्सर्गे समयशेषं प्राग्वत् यच्चेह कायोत्सर्गस्य सर्व्वदुःखविक्खविमोक्खणं पुरुच्यते तदस्यात्यंतनिर्जराहेतुत्व-ख्यापनार्थं ॥ यदुक्तं -

काउस्सग्गे जह मुट्ठियस्स भज्जंति अंगमंगाइं ।

इयभिंदति मुणिवरा अट्ठविहं कम्मसंघायं ॥

तथेह कायोत्सर्गस्य सर्वदुःखग्रहणेन चारित्रदर्शनज्ञानशुद्ध्यर्थं कायोत्सर्गत्रयं गृह्यते ॥ तत्रैव तृतीये रात्रिकोऽतिचारश्चिन्त्यते । तथा चाह -

राइयं तु अइयारं, चिंतिज्ज अणुपुव्वसो ।
नाणंमि दंसणंमि अ, चरित्तंमि तहेव य ॥४६॥
पारिअ काउस्सग्गो वंदित्ताणं तओ गुरुं ।
राइअं तु अइआरं आलोइज्ज जहक्कमं ॥४७॥
पडिक्कमित्तु निसल्लो वंदित्ताणं तओ गुरुं ।
काउस्सग्गं तओ कुज्जा सव्वदुक्खविमुक्खणं ॥४८॥
किं तवं पडिवज्जामि एवं तत्थविचिंतए ।
काउस्सग्गं तु पारित्ता वंदइ य तओ गुरुं ॥४९॥
पारिय काउस्सग्गो वंदित्ताणं तओ गुरुं ।
तवं संपडिवज्जित्ता करेज्ज सिद्धाणसंथवं ॥५०॥

रात्रौ भवं रात्रिकं चः पूरणे अतिचारं चिंतयेत् आणुपुव्वसो त्ति आनुपूर्व्याक्रमेण ज्ञाने दर्शने चारित्रे तपसि चशब्दाद्वीर्ये च शेष-कायोत्सर्गेषु स्तवचिंतवनं प्रतीतमिति नोक्तं, ततश्च पारियसूत्रत्रयं प्रतीतमेव, तृतीयसूत्रोक्तरात्र्द्धोक्तार्थानुवादसामाचारीशेषमाह -

पारिए इत्यादि प्राग्वन्नवरं तपो यथाशक्ति चिंतितं प्रतिपद्य कुर्यात् सिद्धानां संस्तवं स्तुतित्रयरूपं तदनु च यत्र चैत्यानि तत्र तद्वंदनं विधेयं ॥

संक्षिप्तार्थ :- સિદ્ધોનું સ્તવ ત્રણ થોયના રૂપ કરીને જ્યાં ચૈત્ય હોય ત્યાં તેમને વંદન કરવા. અહીં પણ ચૈત્યમાં જ ચૈત્યવંદન કરવું કહ્યું. તથા ઉત્તરાધ્યયનલઘુવૃત્તિ અધ્યયન ૨૯માની, તેમાં પણ પાઠ ઉપર લખ્યા પ્રમાણે જાણવો. તથા ઉત્તરાધ્યયનઅવચૂરિમાં પણ ચૈત્યમાં જ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

सिद्धानां संस्तवं स्तुतित्रयरूपं तदनु यत्र चैत्यानि संति तं च तद्वंदनं विधेयं ॥

અર્થ :- સિદ્ધોની સ્તવનારૂપ ત્રણ થોય કહીને પછી જ્યાં ચૈત્ય હોય ત્યાં તેમનું વંદન કરવું. એમાં પણ પ્રતિક્રમણમાં ચૈત્યવંદન નથી.

તથા ૨૯મા અધ્યયનની અવચૂરિનો પાઠ :

नमस्कारसहितादि तद्ग्रहणानंतरं च यत्र संनिहितानि चैत्यानि तत्र तद्वंदनं विधेयमित्युक्तं प्राक् ॥

અર્થ :- નવકારશી પ્રમુખ તપ ગ્રહણ કરીને અનંતર જ્યાં ચૈત્ય હોય ત્યાં તેમને વંદન કરવું એવું પહેલાં કહ્યું છે. એમાં પણ ચૈત્યમાં જ ચૈત્યવંદન કરવું કહ્યું છે.

तथा भावविजयोपाध्यायजीकृतउत्तराध्ययनटीका पाठः -

यत्र चैत्यानि संति तत्र वंदनं विधेयं ।

એમાં પણ જ્યાં ચૈત્ય હોય ત્યાં તેમને વાંદવા એમ કહ્યું છે. તથા તે જ ૨૯મા અધ્યયનવૃત્તિનો પાઠ :

प्रत्याख्यानं च कृत्वा चैत्यसद्भावे तद्वंदनं कार्यं ॥

અર્થ :- પચ્ચક્ખાણ કરીને ચૈત્ય હોય તો તેને વંદન કરવું. એ પૂર્વોક્ત પાઠમાં પ્રતિક્રમણના અંતમાં જિનગૃહમાં ચૈત્યવંદના કહી, પણ ચોથી થુઈ સહિત ચૈત્યવંદના પ્રતિક્રમણમાં કહી નથી.

તથા શ્રી આવશ્યક ચૂર્ણિમાં રાઇ પડિક્કમણાને અંતે ચૈત્યમાં જ ચૈત્યવંદન કહ્યું છે. તે પાઠ :

इदाणिं पभाते का विधी ? पढमं सामाइयं कातूणं चरित्तविसोधि-निमित्तं काउस्सग्गो बितिचउवीसत्थयं कड्ढितूण दंसणविसोहिकारको ततिउसुतणाणविसोहिनिमित्तं तत्थ राइयातियारो चिंते तथा थुतीणं अवसाण यो आरद्धजाव इमो तत्ति काउस्सग्गो त्ति पमाणं किं एत्थमुत्तंगो सद्धंस तस्स पढमे पणुवीसा बित्तीए वि पणुवीसा तत्तिए णत्थि पमाणं तत्थ आयरिउ अप्पणो अतियारं चिंतेतूणं उस्सारेति जेणट्ठाणट्ठिता सव्वेवि ततो वंदणं ततो आभोयणा ततो पडिक्कमणं

ततो पुणरवि वंदणगं खामणं ततो सामाइयाणंतरं काउस्सग्गो ततो पच्चक्खाणं गुणधारणाणिमित्तं तत्थ चिंतेति कम्हि नियोगे णिउत्तो गुरुहितो तारिसं तव संपडिवज्जिस्सामि साहुणा य किर चिंतेतव्वं छम्मासखमणं जाव करेमि ण करेज्जा एगदिवसेण ऊगणगं करेतु जाव पंचमासं पंच ।।हव्।।३।।२।।१।। अद्धमासो चउत्तं आयंबिलं । एवं एगट्ठाणं एगासणं पुरिमड्ढं णिव्वीय पोरूसी णमोकारोत्ति अज्जत्तण गाउय किरकल्लं जोगवड्ढी कातव्वा एवं वीरियायारो ण विराधितो भवति अप्पाय णिग्घाडितो भवति जं समत्थो कातुं तं हिंदए करेति अणे भणंति एवं चिंतेतव्वं किमए पच्चक्खातव्वं जदि आवस्सयमादियाणं जोगाणं सक्केति संधरणं कातुंतो अभत्तट्ठं च वसति असक्केतो पुरिमड्ढायंबिलेगट्ठाणं असक्केतो निव्वीयं असक्केतो पोरूसीमादिविभासा अह चउत्थभतिउछट्ठं च वसइ दट्ठभत्तिउ अमिच्चादिविभासा उस्सारिता संथवं कातुं पच्छा वंदित्ता पडिवज्जत्ति सव्वेहिं वि णमोक्कारइत्तेहिं समगं उट्ठे तव्वं एवं सेसेसु विपच्चक्खाणेसु पच्छा तिणि थुतीओ अप्पसद्देहिं तहेव भणंति जधा घरकोइलियादी संताण उट्ठिंति कालं वंदित्ता निवेदंति जदि चेइयाणि अत्थि तो वंदत्ति थुतिअवसाणे चेव पडिलेहणा मुहणंतगादि संदिसहपडिलेहेमि । बहुवेलाय इत्यादि ।।

संक्षिप्तार्थ :- હમણાં પ્રભાતે પ્રતિક્રમણની કઈ વિધિ ? તે કહે છે - પ્રથમ સામાયિક કરીને ચારિત્રવિશુદ્ધિ માટે કાઉસ્સગ્ગ, બીજો લોગસ્સ કહીને દર્શનવિશુદ્ધિના અર્થે કાઉસ્સગ્ગ, ત્રીજો શ્રુતજ્ઞાનશુદ્ધિનો કાઉસ્સગ્ગ તેમાં રાતના અતિચાર ચિંતવે. એ કાઉસ્સગ્ગોનું પ્રમાણ કયું છે ? તે કહે છે - પહેલા કાઉસ્સગ્ગના પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ, બીજાના પણ પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ અને ત્રીજાનું પ્રમાણ નથી એમાં અતિચાર ચિંતવી સિદ્ધાણં થોય કહ્યા પછી વંદન, પછી આલોયણ કરે, પછી પ્રતિક્રમણ, પછી ખામણાં, પછી સામાયિક કહી કાઉસ્સગ્ગ, પછી તે કાઉસ્સગ્ગમાં તપ ચિંતવે -

यावत् छ मासना तपथी मांडी सामर्थ्य होय ते धारे. काउस्सग्ग पारीने लोगस्स कहीने गुरुने वांदीने बधा साधु नवकारपूर्वक बधा साथे ऊभा थईने पच्चक्खाण करी पछी त्रण थोय ओछा शब्दथी (धीमा अवाजे) भणे जेम घरकोलियादि (जेथी गरोळी आदि) जीव न ऊठे. काल वांदी निवेदन करे. जो चैत्य होय तो प्रथम वंदन करे, नहींतर तो थोयनी छेल्ले मुहपत्ति प्रमुख पडिलेहण करी बहुवेल करे.

એ પાઠમાં પણ ચૈત્ય હોય તો વંદન કરે નહીંતર મુહપત્તિ પડિલેહણ કરે તે માટે ચૈત્યમાં જ ચૈત્યવંદન છે, પ્રતિક્રમણમાં નથી. તથા આવશ્યક બૃહદ્વૃત્તિમાં રાત્રિપ્રતિક્રમણની વિધિ આ મુજબ છે. તે પાઠ :

इयाणि राइयं तत्थिमा विही - पढमं सामाइयं कड्ढिऊण चरित्त-विसुद्धिनिमित्तं पणुवीसुस्सासमित्तं काउस्सग्गं करेति, ततो नमोक्कारेण पारित्ता दंसणविसुद्धिनिमित्तं चउवीसत्थयं पढंति पणुवीसुस्सास-परिमाणमेव काउस्सग्गं करेति एत्थ वि नमोक्कारेण पारित्ता सुयनाण-विसुद्धिनिमित्तं सुयनाणत्थयं कड्ढंति काउस्सग्गं च तत्सुद्धिनिमित्तं करेति । तत्थ य पादोसियथुइमाइयं अधिकय काउस्सग्गपज्जत्तमइयारं चिंतेति । आह किंनिमित्तं पढमकाउस्सग्गे एव न चिंतेति ? उच्यते -

निद्दामत्तो न सरइ गाहा०

व्याख्या - निद्दामत्तो निद्दाभिभूओ न सरइ न संभरति सुट्ठु अइयारं मायघट्टणं नोन्ने अंधयारे वंदंतयाणं किं तिअकरणदोसावा अन्धयारे अदंसणओ मंदसद्धावा न वंदंति एएण कारणेण गोसेपच्चूसे आदीए तिणिकाउस्सग्गा भवंति न पुण पाउसिए जहा एक्कोत्ति तत्थ

पढमो चरित्तदंसणसुद्धि य बीयए होइ सुयनाणस्स ।

तत्तिउ नवरं चिंतेइ तत्थमं तइए निसाइयारं चिंतइत्ति॥

व्याख्या - तएवायमवयव ततो चिंतेऊण अइयारं नमोक्कारेण पारित्ता सिद्धाणंथुई काऊण पुव्वभणिएण विहिणा वंदित्ता आलोएति ततो सामाइयपुव्वयं पडिक्कमंति ततो वंदणपुव्वयं खामेति ततो

सामाइयपुव्वयं काउस्सग्गं करेति तत्थ चिंतयंति किमियनिओगेनिउत्ता वयं गुरुहिं तो तारिसं तवं पवज्जामो जारिसेण तस्स हाणी न भवइ ततो चिंतेइ छम्मासखमणं करेमो न सक्कामो एगदिवसेणउणयं तहावि न सक्कामो एवं जाव पंचमासा ५ ततो चत्तारि ४ ततो तिन्नि ४ तओ दोन्नि २ ततो एगत्तिय ततो अद्धमासं जाव चउत्थं आयंबिलं एगट्ठाणयं पुरिमड्ढं निव्विगत्तिय नमुक्कारसहियं चेति । उक्तं च - चरिमे किं तवं काहित्ति ? चरिमे काउस्सग्गे छम्मासादेगूहाणीजाव पोरिसीनमोयारे एवं जं समत्थो काउं तमसढभावीहियए करेंति पच्छा वंदित्ता गुरुसक्खियं पवज्जंति सक्के य नमोक्कारइत्ता समगं उट्ठेंति वोसिरावेंति निसीयंतिय एवं पोरिसमादीसु विभासा ततो तिन्निथुईओ जहापुव्वं नवरमप्पसद्दगं देंति जहा घरकोईलादिसत्ता न उट्ठेंति ततो देवे वंदति ततो बहुवेलं संदिसावेंति ततो रयहरणं पडिलेहति पुणो ओहियं संदिसावेंति पडिलेहंति अतओ वसहि पडिलेहिय कालं निवेदंति अन्ने भणंति थुई समणंतरं कालं णिवेदंति इत्यादि ॥

ભાવાર્થ :- જેમ ચૂર્ણિના પાઠનો અર્થ કહ્યો તેમ જ છે, પણ ત્રણ થોય પહેલાં કહી તેમજ રાઇ પ્રતિક્રમણમાં સમજવી. પણ એટલું વિશેષ છે કે ઊંચે અવાજે કરીને ન બોલવું કે જેથી ગરોળી પ્રમુખ જીવ ઊઠી જાય. પછી દેવવંદન પછી બહુવેલ સંદિસાહું કહી ઓઘો પડિલેહણ કરવો. પછી ઉપધિ સંદિસાહું કહી પડિલેહણ કરવું. પડિલેહણ વખતે કાળ નિવેદન કરે. બીજા આચાર્ય કહે છે કે ત્રણ થોયના અંતરે કાળ નિવેદન કરે. પછી દેવવંદન કરે એ પાઠમાં સામાન્ય દેવવંદન કહ્યાં, પણ ચોથી થોય સાથે દેવવંદન કહ્યું નથી.

તથા ઓઘનિર્યુક્તિ મૂળ તથા વૃત્તિનો પાઠ :

एते उयणाएसा अंधारे उग्गए वियणादीसे ।
मुहरयणिसेज्जचोले कप्पतिगदुगपट्टथुई सूरो ॥३६॥

व्याख्या - एते सर्वे एवं अनादेशाः असत्यपक्षस्थापकतः अंधारे

उद्गते विहीणदीसे अंधकारे उद्गतेऽपि सूर्ये रेखा न दृश्यते तस्माद-सत्यकोऽयं, शेषं पक्षत्रयं सांधकारत्वाद्दूषितमेव द्रष्टव्यं । तत्कस्यां पुनर्वेलायां प्रत्युपेक्षणा कर्त्तव्या इति आह - मुहरयणिसेज्जचोले कप्पतिगदुगपट्टथुईसूरो । मुख इति मुखवस्त्रिका, रया इति रजोहरणं, णिसेज्जा रओहरणस्स उपरितनपट्टो, चोलेत्ति चोलपट्टकः, कप्पतिगत्ति एकओर्णिकः द्वौसूत्रिकौ दुपट्टत्ति संस्कारकोपट्टः उत्तरपट्टकश्च थुतित्ति प्रतिक्रमणसमाप्तौ ज्ञानदर्शनचारित्रार्थं स्तुतित्रये दत्ते सति एतेषां मुखवस्त्रिकादीनां प्रत्युपेक्षणासमाप्त्यनंतरं यथा सूर्य उद्गच्छत्येव प्रत्युपेक्षणाकाल इति छ ॥

અંધારામાં સૂર્ય ઉગે પણ રેખા ન દેખાય, માટે રેખા દેખાવાનો પણ તે પણ અસત્ય અને ત્રણ પક્ષ તો અંધારા માટે દૂષિત જ છે. તો હવે કયા સમયે પડિલેહણ કરવું ? તે કહે છે - મુહપત્તિ ૧, ઓઘો ૨, ઓઘાના ઉપરનો પટ્ટ ૩, ચોલપટ્ટો ૪, ત્રણ કલ્પ ૫-૬-૭, સૂત્રનું (સૂતરનું) વસ્ત્ર ૮, ઊનનું વસ્ત્ર ૯ એટલાં નવ વાનાં પ્રતિક્રમણ થઈ જાય એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રને અર્થે થોય ત્રણ કહીને પછી પડિલેહણ કરવાં. તે પડિલેહણ કરતાં કાળ જાય અને નવ વાનાં પડિલેહણ પછી સૂર્ય ઉગે એ સમય પડિલેહણનો છે.

એમાં વર્દ્ધમાનસ્તુતિ અનંતર પડિલેહણ, મુહપત્તિ પડિલેહણ કરવી, પણ ચોથી થોય સાથે ચૈત્યવંદન કહ્યું નથી.

તથા ચૌદપૂર્વધર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી કૃત પયન્નામાં આવશ્યક એટલે પ્રતિક્રમણ કરીને જિનગૃહમાં (દેરાસરમાં) ચૈત્યવંદન કરવું કહ્યું છે. તે પાઠ :

आवस्सयं काऊणं गोसे सुहजोगज्झाणसंजुत्तो ।
पेहंतो भूभागं गच्छिज्जा जिणहरे गेहे ॥५॥
कयावस्सयं साहू जइचिइयाणि अत्थि ता गोसे ।
णियमा वंदिअव्वाणि पच्छित्तं होइ अ वंदिए ॥६॥

ભાષા :- પ્રભાતે આવશ્ય કરીને શુભ યોગ ધ્યાન સંયુક્ત ભૂમિભાગને દેખતો થકો શ્રાવક જિનગૃહમાં જાય. ॥૫॥ સાધુ પણ સવારનું આવશ્યક કરીને જો ચૈત્ય હોય તો નિશ્ચેથી વંદન કરે ને ન વાંદે તો પ્રાયશ્ચિત્ત પામે ॥૬॥

એ પાઠમાં આવશ્ય કરીને જિનચૈત્યમાં ત્રણ થોયની ચૈત્યવંદના કહી છે, પણ પ્રતિક્રમણમાં ચોથી થોય સાથે ચૈત્યવંદના કહી નથી.

તથા પૂર્વધર વર્તમાન કાલવર્તી જિનશાસન પ્રભાવક શિરોમણિ શ્રીહરિભદ્રસૂરિજી કૃત શ્રી પંચવસ્તુક ગ્રંથમાં દેવસિપ્રતિક્રમણના આદિ-અંતમાં ચોથી થોય સાથે ચૈત્યવંદન કહ્યું નથી. તથા શ્રુતદેવી-ક્ષેત્રદેવીના કાયોત્સર્ગ પ્રમુખ પ્રતિક્રમણમાં કહ્યું નથી. તે પાઠ :

गाथा -

एमेव य पासवणे बारस चउवीसइं तु पेहित्ता ।
कालस्स य तिन्नि भवे अहसूरो अत्थमुवयाइ ॥१॥
इच्छेवपत्थवंमी गीओ गच्छंति घोसणं कुणई ।
सज्झायाइवउत्ताण जाणणट्ठा सुसाहूणं ॥२॥
कालो गोयरचरिया-थंडिल्ला-वत्थ-पत्त-पडिलेहा ।
संभरह सो य साहू जस्स व जंकिंचिणुवउत्तं ॥३॥
जइ पुण निव्वाघाओ आवासं तो करंति सव्वेवि ।
सट्ठाइकहणवाघाययाइ पच्छा गुरु ठंति ॥४॥
सेसाउ जहासंत्ति आपुच्छित्ताण ठंति सट्ठाणे ।
सुत्तत्थसरणहेउं आयरिए ठियंमि देवसियं ॥५॥
जो हुज्जा असमत्थो बालो वुड्ढो व वाहिउ वावि ।
सो आवस्सयजुत्तो अच्छिज्जा निज्जरापेहिं ॥६॥
एत्थ उ कयसामइया पुव्विगुरुणो य तय वसाणंमि ।
अइयारं चिंतंति तेणे वसमं भणंतित्ति ॥७॥
आयरिउसामाइयं कड्ढइ ताहे तहट्ठिया तेवि ।

ताहे अणुपेहंती गुरुणा सह पच्छा देवसियं ॥८॥
जा देवसियं दुगुणं चिंतेइ गुरु अहिंडओ चिट्ठं ।
बहुवावारा इयरे एगगुणंता विचिंतिति ॥९॥
मुहणंतयपडिलेहणमाईज्जं तत्थ जे अइयारा ।
कंटकमग्गुवमाए धरंति तेणेव चरित्तंमि ॥१०॥
संवेगसमावन्ना विसुद्धचित्ता चरित्तपरिणामा ।
चारित्तसोहणट्ठा पच्छाऊ कुणंति ते एयं ॥११॥
नमुक्कार चउव्वीसग किइकम्मालोयणं पडिक्कमणं ।
किइकम्मदुरालोइय दुप्पडिक्कंते य उस्सग्गो ॥१२॥ सूयागाहा ॥
उस्सग्गसमत्तीए नवकारेण महत्तेउ पारंति ।
चउवीसग त्तिदंडं पच्छा कड्ढंति उवउत्ता ॥१३॥
संडासं पडिलेहिय उवविसिय तओ उणवरि मुहपत्तिं ।
पडिलेइओ पमज्जिय कायं सव्वेवि उवउत्ता ॥१४॥
किइकम्मं वंदणयं परेण विणयेण तो पउंजंति ।
सव्वप्पगारसुद्धं जहभणियं वीयरागेहिं ॥१५॥
आलोयणवागरणस्स पुच्छणे पूयणंमि सज्झाय ।
अवराहे य गुरुओ विणयमूलं च वंदणयं ॥१६॥
वंदितु तओ पच्छा अद्धावणया जहक्कमेणं तु ।
उभयकरधरियलिंगा ते आलोयंति उवउत्ता ॥१७॥
परिचिंतिएइयारे सुहुमेवि य भावओ वि ओव्विग्गा ।
अह अप्पसुद्धिहेऊं विसुद्धभावा जओ भणियं ॥१८॥
विणयेण विणयमूले गंतूणायरियपायमूलंमि ।
जाणविज्जा सुविहिओ जह अप्पाणं तह परंपि ॥१९॥
कयपावो वि मणूसो, आलोइय निंदिओ गुरुसगासे ।
होइ अइरेगलहुओ ओहरियभरुव्वभारवहो ॥२०॥

दुप्पणिहियजोगेहिं बज्झइ पावं तु जो उ तिजोगो ।
सुप्पणिहिउ करेइ खिज्जइ तं तस्स सेसं पि ॥२१॥
जो जत्तो उप्पज्जइ वाही सो वज्जिएण तेणेव ।
खयमेइकम्मवाहीविणवरमेव मुणेयव्वं ॥२२॥
उप्पण्णानुप्पन्ना मायाअणुमग्गओ निहंतव्वा ।
आलोयणनिंदणगरहणाइं ण पुणो य बितियं च ॥२३॥
तस्स य पायच्छित्तं जं मग्गाविऊ गुरु उवइसंति ।
तं तह अणुचरियव्वं अणवत्थपसंगभीएणं ॥२४॥
आलोइउण दोसे गुरुओ पडिवन्नपायच्छित्ताओ ।
सामाइयपुव्वं तियं कड्ढंति तओ पडिक्कमणं ॥२५॥
तं पुण पयंपएणं सुत्तत्थेहिं वधणियमुवउत्ता ।
दंसमसगाइकाए अगणंता धितिबलसमेया ॥२६॥
परिकड्ढिऊण पच्छा किइकम्मं काऊए णवरि खामंति ।
आयरियाई सव्वे भावेण सुए जहा भणिये ॥२७॥
आयरियउवज्झाए सीसे साहम्मिए कुलगणे य ।
जे मे कया कसाया सव्वे तिविहेण खामेमी ॥२८॥
सव्वस्स समणसंघस्स भगवओ अंजलिकरीयसीसे ।
सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहियंपि ॥२९॥
सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहियनियचित्तो ।
सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहियंपि ॥२९॥
एवंविह परिणामा भावेणं नवरि तत्थ आयरियं ।
खामंति सव्वसाहू वयजेट्ठो अन्नहाजेट्ठ ॥३०॥
आयरियउवज्झाय काऊणं सेसगाण कायव्वं ।
उप्परिवाडिकरणे दोसा सम्मं तहा करणे ॥३१॥
जादुचरिमोत्ति ता होई खामणं तीरिए पडिक्कमणे ।

आइणं पुण तिन्हं गुरुस्स दुणं च देवसियं ॥३३॥
धिईसंघयणाईणं मेराहाणियं च जाणिउं थेरा ।
सेह अ अगीअत्थाणं ठवणाआइणकप्पस्स ॥३४॥
असढेण समाइन्नं जं कत्थइ केणइ असावज्जं ।
न निवारियमन्नेहिं बहुअणुमयमेयमायरियं ॥३५-१॥
वियडूणपच्चक्खाण सुए अ रयणाहिया विउकरेति ।
मज्झिल्लेण करेति सो चेव य तेसिए करेइ ॥३५-२॥
खामेंतु तओ एवं करंति सव्वेवि नवरमणवज्जं ।
तेसिंमि दुरालोइय दुप्पडिक्कंते य उस्सग्गो ॥३६॥
जीवो पमायबहुलो तब्भावणभाविउ य संसारे ।
तत्थवि संभारिवेज्जइ सुहुमो सो तेण उस्सग्गो ॥३७॥
चोएइ हंदि एवं उस्सग्गंमि विस होइ अणवत्थो ।
भन्नइ तज्जयकरणे का अणवत्था जिए तम्मि ॥३८॥
तत्थवि य जो तओवि हु जिप्पइ इयरेण ण य सदाकारणं ।
सव्वोवि साहुजोगो जं खलु तप्पच्चणीउत्ति ॥३९॥
एसचरित्तुस्सग्गो दंसणसुद्धीए तइयओ होई ।
सुयनाणस्स चउत्थो सिद्धाणंथुई किइकम्मं ॥४०॥ सूयागाहा ॥
सामाइयपुव्वगं तं करिंति चारित्तसोहाणनिमित्तं ।
पणासुस्सासग्गपमाणं ॥४१॥
उस्सासारिउणविहिणा सुद्धचरित्ता थयं पकड्ढेत्ता ।
कड्ढंति तओ चेइयवंदणदंडं तउस्सग्गं ॥४२॥
दंसणसुद्धिनिमित्तं करंति पणवीसगं पमाणेणं ।
उस्सारिऊणविहिणा कड्ढंति सुयत्थयं ताहे ॥४३॥
सुयनाणुस्सुस्सग्गं करंति पणवीसगं पमाणेणं ।
सुत्तइयारविसोहणणिमित्त इह पारिओ विहिणा ॥४४॥

चरणं सारो दंसणनाणाआगंतु तस्स णित्थयओ ।
सारंमि य जइयव्वं सुद्धीपच्छाणुपुव्वीए ॥४५॥
सुद्धसयलाइयारा सिद्धाणथयं पढंति तो पच्छा ।
पुव्वभणिएणविहिणा किइकम्मं दिंति गुरुणो उ ॥४६॥
सुकयं आणत्तिपिव लोए काऊण सुकयकिइकम्मा ।
वड्ढंतिया थुईउ गुरुथुईगहणे कए तिन्नि ॥४७॥
थुईमंगलंमिगुणा उच्चरिए सेसगा थुइबिंति ।
चिट्ठंति तओ थोवं कालं गुरुपायमूलंमि ॥४८॥ इतिवचनात् ।

અર્થ :- સંક્ષેપે નીચે પ્રમાણે છે. માંડલા કરીને વ્યાઘાત ન હોય તો ગુરુ સાથે અને વ્યાઘાત હોય તો ગુરુની આજ્ઞા લઈને કરેમિભંતે યાવત્ કાઉસ્સગ્ગ કરે તેમાં અર્થ ચિંતવે. ગુરુ ઠાવે ત્યારે જ્ઞાન-દર્શન-ચારિત્રમાં જે અતિચાર લાગ્યા તે ચિંતવે. પછી લોગસ્સ કહે. મુહપત્તિ પડિલેહણ, વંદન કરી દિવસના અતિચાર આલોઈને ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત પડિવજ્જીને મંગલપૂર્વક પ્રતિક્રમણસૂત્ર ભણે. પછી વંદન કરી અબ્ભુટ્ઠિઓહં ઇત્યાદિક કહીને આચાર્યાદિક બધાને ખમાવે. પછી ચારિત્રાચાર શુદ્ધિને અર્થે પચાસ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે, તે કાઉસ્સગ્ગ પારી લોગસ્સ કહી દર્શન અતિચાર શુદ્ધિને અર્થે પચ્ચીસ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ પારીને શ્રુતસ્તવ કહે, પછી જ્ઞાનાચારશુદ્ધિને અર્થે પચીસ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે પછી સિદ્ધાણં કહે પછી મુહપત્તિ પડિલેહીને વાંદણાં આપી પહેલી ગુરુ કહે પછી બધા સાધુ કહે. પછી થોડો કાળ ગુરુચરણે બેસે.

એમાં પણ આદિમાં ચોથી થુઈ સહિત ચૈત્યવંદના નથી ને અંતમાં શ્રુત-ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ તથા થુઈ કહી નથી. ॥૨૦॥

પ્રશ્ન :- એ પૂર્વોક્ત પંચાંગીના ગ્રંથોમાં તથા પંચાંગીકર્તાના ગ્રંથોમાં રાત્રિ પ્રતિક્રમણના અંતમાં તથા પંચાંગી ચૈત્યમાં ચૈત્યવંદના કહી પણ દેવસીપ્રતિક્રમણના આદિ-અંતમાં તો ચૈત્યવંદના કહી જ નથી. તેથી સંધ્યાના જિન ચૈત્યવંદના સિદ્ધ થાય નહીં.

જવાબ :- હે મહાભાગ્ય ! પ્રભાતના જિનચૈત્યમાં ચૈત્યવંદના સિદ્ધ થઈ

તો સંધ્યાની તો અર્થાત્ સિદ્ધ થઈ જ, કેમ કે શ્રી મહાનિશીથસૂત્રમાં ત્રિકાલ જિનચૈત્ય વાંદવા કહ્યાં છે. તે પાઠ :

भो भो देवाणुप्पिया तए अज्जप्पभइए जावज्जीवं तिकालियं अणुदिणं अणुत्तावमेगग्गस्स चित्तेणं चेइए वंदेयव्वे इणमेवेसो मणुयत्ताओ असुइय सासय खणभंगुरा उ सारं ति तत्थ पुव्वण्हे ताव उदगपाणं न कायव्वं जाव चेइए साहूणवंदिए तहा मज्झण्हे तहा अवरण्हे चेव तहा न कायव्वं जहा अवंदिएहिं चेवंदिएहिं णो सज्जायालमइक्कमेज्जा ।

ભાવાર્થ :- હે દેવાનુપ્રિય ! આ શરીર અશાશ્વતું છે. એમાં સાર એટલો જે ત્રણ કાળ ચૈત્યવંદન કરવાનો નિયમ કરવો. સવારે ચૈત્ય વાંદ્યા તેના વગર પાણી પણ ન પીવું, મધ્યાહ્ને ચૈત્ય વાંદ્યા વિના ભોજન ન કરવું, સાંજે ચૈત્ય વાંદ્યા વિના શય્યામાં ન બેસવું.

તથા શ્રી મહાનિશીથસૂત્રમાં ત્રણકાળ ચૈત્ય ન વાંદે તો પ્રાયશ્ચિત્ત કહ્યું છે. તે પાઠ :

सुहज्जवसाए थयथुईहिं ण तिकालियं चेइए वंदेज्जा तस्सणं एगाए वाराए खवणं पायच्छित्तं उवइसेज्जा ।

અર્થ :- શુભ અધ્યવસાયે થય-થુઈ વડે કરી ત્રણ કાળ ચૈત્ય ન વાંદે તેને એકવાર ન વાંદવાનો ઉપવાસ દેવો.

તથા વ્યવહારભાષ્યવૃત્તિમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં ચૈત્ય વાંદવા સ્પષ્ટ કહ્યું છે. તે પાઠ :

तथा ये चैत्यभुवनस्थिता वैकालिकं प्रतिक्रम्य अकृते आवश्यके प्रभाते च कृते आवश्यके चैत्यानि न वंदंते तेषामपि मासलघु ।

અર્થ :- જે ચૈત્યમાં રહ્યા સાધુ એટલે ચૈત્ય નજીક રહેલા સાધુ ત્રિકાલિક પડિક્કમીને એટલે માંડલા પ્રમુખ કરીને આવશ્યક કર્યા પહેલાં ચૈત્ય ન વાંદે તથા પ્રભાતે આવશ્યક કર્યા પછી ચૈત્ય ન વાંદે તો લઘુમાસી પ્રાયશ્ચિત્ત આવે.

પ્રશ્ન :- નવ પ્રકારની ચૈત્યવંદનામાંથી પ્રતિક્રમણના આદિ-અંતમાં કેટલા પ્રકારની ચૈત્યવંદના જૈનસિદ્ધાંતોમાં કહી છે ?

જવાબ :- નવ પ્રકારની ચૈત્યવંદનામાંથી ઉત્કૃષ્ટાના ત્રણ ભેદમાંથી ઉભયકાલ યથાશક્તિ જિનગૃહમાં કોઈપણ પ્રકારની ચૈત્યવંદના કરી પ્રતિક્રમણ આદિ-અંતમાં સામાન્ય પ્રકારે એટલે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કરવી જૈનશાસ્ત્રોમાં કહી છે તે કેટલાએક જૈન શાસ્ત્રોના પાઠ લખીએ છીએ. ત્યાં પ્રથમ શ્રી મહાનિશીથસૂત્રના અનુસારે શ્રી શ્રાદ્ધવિધિ પ્રમુખ ગ્રંથોમાં સાત વખત ચૈત્યવંદના કરવી કહી છે. તે પાઠ :

प्रातः प्रतिक्रमणावसाने प्रथमा चैत्यवन्दना, गोचरीसमये चैत्योपयोगार्थं द्वितीया चैत्यवन्दना, भोजनसमये तृतीया, चरिमप्रत्याख्यानानंतरं चतुर्थी, संध्याप्रतिक्रमणादौ पंचमी, स्वापवेलायां षष्ठी, प्रतिबोधे सप्तमी, सामान्यतो यतेरहोरात्रमध्ये सप्तवेला जघन्यतोऽपि चैत्यवन्दना कार्येवान्यथातिचारसंभवात् महानिशीथे प्रायश्चित्तभणनात् ।

તથા શ્રી પ્રવચનસારોદ્ધારમાં પણ સાત પ્રકારની ચૈત્યવન્દના કહી છે. તે પાઠ :

पडिक्कमणे चेइहरे, भोयणसमयंमि तह य संवरणे ।
पडिक्कमण सुयण पडिबोह, कालिय सत्तहा जइणो ॥९२॥
पडिक्कमओ गिहिणोवि हु, सत्तविह पंचहा उ इयरस्स ।
होइ जहन्नेण पुणो तीसु वि संझासु इय तिविहं ॥९३॥

अत्र वृत्तिः - साधूनां सप्तवारान् अहोरात्रमध्ये भवति चैत्यवन्दनं । गृहिणः श्रावकस्य पुनश्चैत्यवन्दनं प्राकृतत्वाल्लुप्तप्रथमैकवचनान्तमेतत् । तिस्त्रः पंचसप्तवारा इति । तत्र साधूनामहोरात्रमध्ये कथं तत्सप्तवारा भवंतीत्याह - पडिक्कमणेत्यादि । प्राभातिकप्रतिक्रमणपर्यन्त ततश्चैत्यगृहे तदनु भोजनसमये तथा चेति समुच्चये भोजनानंतरं च संवरणे संवरणनिमित्तं प्रत्याख्यानं हि पूर्वमेव चैत्यवंदने कृते विधीयते तथा संध्यायां प्रतिक्रमणप्रारम्भे तथा स्वापसमये तथा निद्रामोचनरूप

प्रतिबोधकालिकं च सप्तधा चैत्यवन्दनं भवति यतेर्जातिनिर्देशादेक-वचनं यतीनामित्यर्थः । गृहिणः कथं सप्तपंचतिस्रो वारांश्चैत्यवन्दन-मित्याह पडिक्कमओ इत्यादि । द्विसंध्यं प्रतिक्रामतो गृहस्थस्यापि यतेरिव सप्तवेलं चैत्यवन्दनं भवति यः पुनः प्रतिक्रमणं न विधत्ते तस्य पंचवेलं जघन्येन तिसृष्वपि संध्यासु ॥

ગાથાઓનો ભાવાર્થ :- સાધુઓને એક અહોરાત્રમાં સાત વાર ચૈત્યવંદના કરવી અને શ્રાવકોને ત્રણ વાર, પાંચ વાર અને સાત વાર કરવી. તેમાં પહેલા સાધુઓને એક અહોરાત્રમાં સાત વાર ચૈત્યવંદના કરવી તે કહે છે : એક પ્રભાતના પ્રતિક્રમણના અંતમાં ॥૧॥ બીજી ગોચરી સમયે ચૈત્ય ઉપયોગને અર્થે ॥૨॥ ત્રીજી ભોજન સમયે ॥૩॥ ચોથી ભોજન કર્યા પછી ॥૪॥ પાંચમી સંધ્યાપ્રતિક્રમણના પ્રારંભમાં ॥૫॥ છઠ્ઠી રાત્રે સૂવાના સમયે ॥૬॥ સાતમી રાતે સૂઈને ઊઠ્યા પછી. ॥૭॥ એ સાધુઓને જઘન્યથી સાત વેળા ચૈત્યવંદના કરવી અન્યથા અતિચાર સંભવથી શ્રી મહાનિશીથસૂત્રમાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે અને શ્રાવક તો જે ઉભયકાળ પ્રતિક્રમણ કરે તેને તો સાધુની જેમ સાત વાર ચૈત્યવંદના કરી અને જે પડિક્કમણું ન કરે તે પાંચવાર ચૈત્યવંદના કરે અને જઘન્યથી જઘન્ય ત્રણ વાર તો કરે.

એ બંને પાઠમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં સામાન્ય પ્રકારે એટલે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તેમજ શ્રી ધર્મરત્નપ્રકરણવૃત્તિ ૧, શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિ ૨, વૃંદારવૃત્તિ ૩, ધર્મસંગ્રહ ૪, પૂર્વાચાર્યકૃત સામાચારી ૫, શ્રી પ્રદ્યુમ્નસૂરિજીકૃત સામાચારી ૬, શ્રી દેવસૂરિજીકૃત દિનચર્યા ૭, ખરતરબૃહત્સામાચારી ૮, શ્રી સોમસુંદરસૂરિકૃત સામાચારી ૯, તથા શ્રી ભાવદેવસૂરિકૃત યતિદિનચર્યા ૧૦, લઘુચૈત્યવન્દનભાષ્યવૃત્તિ ૧૧ ઇત્યાદિ તથા શ્રી દેવભદ્રાચાર્યકૃત દર્શનશુદ્ધિવૃત્તિ પ્રમુખ અનેક જૈનશાસ્ત્રોમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં સામાન્ય પ્રકારે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે, પણ ચોથી થુઈ સહિત ત્રણ થોયની ચૈત્યવંદના સ્તોત્ર-પ્રણિધાન સાથે કહી નથી. પણ આત્મારામજી આનંદવિજયજી ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ-૩૩માથી ૩૪ સુધી સાત ચૈત્યવંદના આશ્રયી શ્રી પ્રવચનસારોદ્ધારવૃત્તિનો

પાઠ લખી પૃષ્ઠ ૩૫માં ભાષાને અંતે લખે છે કે "इस पाठ में पडिक्कमणे की आदि-अंत में चार थुई की चैत्यवन्दना करनी कही है ।" એ લેખ પૂર્વાચાર્યોના વચનથી વિરુદ્ધ છે. કેમ કે શ્રી પ્રવચનસારોદ્ધારવૃત્તિ પ્રમુખ જૈનશાસ્ત્રોમાં તો સાત વાર ચૈત્યવંદના કહી, તેમાં પ્રતિક્રમણના આદિ-અંતની ચૈત્યવંદના ત્રણ તથા ચાર થોયની કરવી કહી નથી. નિષ્કેવળ ચૈત્યવંદના કહી છે, તે જઘન્ય તથા જઘન્યોત્કૃષ્ટ જ સંભવે છે. કેમ કે જૈનશાસ્ત્રોમાં સાત વાર તથા નવ વાર ચૈત્યવંદના અહોરાત્રિમાં કરવી, તેમાં સાત વારની ચૈત્યવંદનામાંથી પાંચ વારની તથા છ વારની ચૈત્યવંદનામાંથી ત્રણકાળ જિનચૈત્યની વંદના યથાશક્તિ નવ ભેદની કરવી કહી છે ને શેષ ચાર વારની જઘન્યોત્કૃષ્ટ ભેદે કરવી કહી છે.

ત્યાં પહેલાં શ્રી ભદ્રબાહુસ્વામીકૃત પચ્ચક્ખાની ગાથા પહેલાં લખી આવ્યાં છીએ તેમાં જિનદેરાસરમાં ઉભય કાળ ઉત્કૃષ્ટ વંદના કરીને દિવસમાં પાંચવાર તથા કારણસર જઘન્યા ચૈત્યવંદના કહી તે જિનગૃહમાં સવારે-સાંજે ચૈત્યવંદના બે અને શેષ પાંચ ચૈત્યવંદનામાં તે ગોચરી વેળાએ જિનચૈત્યના ૧ ભોજન સમયની ૨ ભોજન કર્યા પછી ૩ રાત્રે સૂવાના સમયે ૪ સૂઈને ઊઠ્યા પછી ૫ એમ સાતવાર ચૈત્યવંદનામાંથી પહેલા બે પ્રકારની યથાશક્તિએ નવ પ્રકારની હોય ને શેષ પાંચ તથા જઘન્યોત્કૃષ્ટ હોય. તથા પ્રકારાંતરે શ્રી પ્રવચનસારોદ્ધારાદિકમાં સાત વારની ચૈત્યવંદના કહી. તેમાં એક વાર જિનગૃહમાં ચૈત્યવંદના તો યથાશક્તિએ મહાભાષ્ય આદિમાં નવ પ્રકારની કરવી કહી છે અને શેષ ૬ વારની ચૈત્યવંદના *સુવિહિત શ્રી દેવસૂરિજીકૃત દિનચર્યામાં તથા શ્રી કાલિકાચાર્યસંતાનીય શ્રી* ભાવદેવસૂરિજીકૃત દિનચર્યા પ્રમુખ ગ્રંથોમાં જઘન્યોત્કૃષ્ટ કરવી કહી છે. તે પાઠ અનુક્રમે લખીએ છીએ. ત્યાં પ્રભાતના પ્રતિક્રમણના અંતમાં પહેલા ચૈત્યવંદના જઘન્યોત્કૃષ્ટ કહી છે. તે પાઠ :

अणुसिठित्ति - इच्छामो अणुसिट्ठिं इत्युक्त्वा उपविष्टः सन् तिस्त्रः स्तुतिः पठति विशाललोचनदलमित्यादि कथंभूता स्तुतिः ? वर्द्धमानाः, जिनेश्वरवंदनं देववंदनं कार्यं ॥१॥

તથા ત્રીજી ભોજન સમયની જઘન્યોત્કૃષ્ટ કહી છે. તે પાઠ :

तत्र पात्रकानि मुक्त्वा भक्ताद्यर्थं जिनान् नमति शक्रस्तवं पठतीत्यर्थः ॥३॥

તથા ભોજનને અંતે પણ જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

तथा कृतभोजनो यतिरीर्यां प्रतिक्रमति, तदनु शक्रस्तवं पठति, चैत्यवन्दनां करोतीत्यर्थः ॥४॥

તથા સંધ્યાના પ્રતિક્રમણના આદિમાં પણ જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

जिनवंदनं करोति चैत्यवन्दनं कृत्वा देववन्दनं करोति देववन्दनं कृत्वा गुरुवन्दनं करोति यथा भगवन्नहमित्यादि चतुः क्षमाश्रमणानि दत्वा गुरुनमनं करोति इच्छामि खमासमणो इत्याद्युक्त्वा देवसिअ पडिक्कमणे ठाउं इत्यादि ॥५॥

તથા રાત્રે સૂવાના અવસરે પણ જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

चउक्कसायनमस्कारं कथयित्वा शक्रस्तवं पठंति एवं परिपूर्णां चैत्यवन्दनां कृत्वा इत्यादि ॥६॥

તથા સૂતાં ઊઠ્યા પછીની ચૈત્યવન્દના પણ જઘન્યોત્કૃષ્ટ કહી છે. તે પાઠ :

कुसुमिण उस्सग्गोत्ति कुत्सितस्वप्नदुष्टस्वप्ननिवारणार्थं कायोत्सर्गं करोति लोगस्सचत्वारि कायोत्सर्गे चिंत्य प्रकटलोगस्स ततः क्षमाश्रमणं दत्वा सक्कत्थयत्ति नवस्कारकथनानंतरं शक्रस्तवपठनं करोति ॥

એ પૂર્વોક્ત છ ચૈત્યવન્દના જઘન્યોત્કૃષ્ટ અને બીજી નવ ભેદમાંથી યથાશક્તિ જિનચૈત્યમાં જઈને કરવાની એવી સાત ચૈત્યવંદના કહી.

તેમજ શ્રી જિનવલ્લભસૂરિજીસંતાનીય ફિરોજશા બાદશાહના પ્રતિબોધક શ્રી જિનપ્રભસૂરિજીકૃત વિધિપ્રપામાં સાધુ-શ્રાવકને અહોરાત્ર મધ્યે નવ વેળાએ ચૈત્યવંદના કરવી કહી છે. તે પાઠ :

नववेला उत्ति पडिबोहिं पडिक्कमणे रविउदए देवपूजाए चेइयहरे भोयणकाले पच्चक्खाणे संज्झादेवपूयाए पडिक्कमणे सुवणेत्ति नव-वाराउ चीवंदणा गिहीणं रविउदयअंत्थमणपूयाकाले मुत्तुं साहूणं सत्त-वारा गिहीणं अप्पडिक्कमंताणं सत्त पंचवा वारा तिसु वा संज्झासु तिणि वारत्ति ।

ભાવાર્થ :- નવ વેળા ચૈત્યવંદના કરવી તે કહે છે - સૂઈ ઊઠી જાગે તે પડિબોહ કહીએ તે સમયે ચૈત્યવંદના કરવી, એથી એનું નામ ઉપચારે પડિબોહ કહીએ એમ સર્વત્ર જાણવું ૧. બીજી પડિક્કમણામાં ૨ ત્રીજી સૂર્યઉદયે ૩ ચોથી દેવપૂજામાં ૪ પાંચમી ચૈત્યમાં ૫ છઠ્ઠી ભોજનકાલના પચ્ચક્ખાણમાં ૬ સાતમી સંધ્યા વખતે દેવપૂજામાં ૭ આઠમી પડિક્કમણામાં ૮ નવમી સૂવાની વખતે ૯ એ નવ વાર ચૈત્યવંદના ગૃહસ્થને અને રવિ ઉદય અને અસ્તંગત પૂજાકાળ બે મૂકી સાધુઓને સાતે વેળા, ગૃહસ્થ પડિક્કમણું ન કરે તો સાત અને ઉભય સંધ્યા પૂજા વિના પાંચ વેળા, ત્રણ સંધ્યાએ કરે તો ત્રણ વાર પણ હોય. તથા "પ્રતિક્રમણમાં સામાન્ય વિધિએ ચૈત્યવંદના સંભવે, પણ વિશેષ વિધિએ ન સંભવે". એ પાઠમાં રવિ ઉદયવેળા તથા અસ્તંગતવેળા સાધુને ચૈત્યમાં કારણ વિના જવાય નહીં તે માટે ચૈત્યવંદના વર્જી તે વિસ્તારે ચૈત્યવંદનાના કારણથી અર્થાત્ રવિ ઉદય અને અસ્તંગત વેળાએ જૈનસિદ્ધાંતોમાં પ્રતિક્રમણનો આદિ-અંત કહ્યો છે ને પ્રતિક્રમણના આદિ-અંતમાં પૂર્વોક્ત ગ્રંથોના ન્યાયથી જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના સિદ્ધ થાય છે. તેથી સાધુને સાત વાર ચૈત્યવંદના કહી ને શ્રાવકને મહાભાષ્યાદિકમાં પૂજા અવસરે વિસ્તારે ચૈત્યવંદન કરવી કહી છે. તેથી વિધિપ્રપાકારે સવાર-સાંજ ચૈત્યવંદનામાં પૂજા શબ્દ ગ્રહણ કર્યો છે.

તથા શ્રી દેવસૂરિજીકૃત દિનચર્યામાં અહોરાત્ર સાત વારની ચૈત્ય-વંદનામાંથી ત્રિકાલ જિનચૈત્યની વંદના બીજી ચૈત્યવંદના મધ્યે ગણી છે. તે પાઠ :

पडिक्कमणे १ चेइहरे २ भोयणसमयंमि ३ तह य संवरणे ।
पडिक्कमण ५ सुअण ६ पडिबोहकालिअं ७ सत्तहा जइणो ॥६४॥

व्याख्या - यतेः जघन्यतोऽपि सप्तवेला चैत्यवन्दना कार्यैव । तत्र प्रातः प्रतिक्रमणे १ द्वितीया चैत्यगृहे २ एषा च त्रिकालचैत्यवन्दना प्रातःमध्ये संध्याकाले च वंदनेनोच्यते यतीनामपि दिवसमध्ये त्रिसंध्यं चैत्यवन्दनाया उक्तत्वात् चैत्यवन्दनां कृत्वा भोक्तव्यं ३ एषा मध्याह्ने चैत्यवंदना गण्यते । संवरणप्रत्याख्यानानंतरं देवान् वंदेत ४ संध्याप्रतिक्रमणे ५ सुअणत्ति संस्तारकवेलायां पौरुषीपाठनाऽवसरे ६ पडिबोहेत्ति प्रतिबोधो प्रातःसमये जागरिताऽनंतरं क्रियाकरणसमये ७ एषा प्रतिबोधकालिकी चैत्यवन्दना एषा सप्तधा चैत्यवन्दना साधोरिति गाथार्थः ॥६४॥

આ પાઠમાં શ્રી મહાનિશીથસૂત્રોક્ત ત્રણ કાલની ચૈત્યવંદના બીજી ચૈત્યવંદના સમયે ગણી છે. તેથી જિનચૈત્યની ચૈત્યવંદના યથાશક્તિ બધા ઠેકાણે નવ પ્રકારની જાણવીને શેષ પ્રતિક્રમણની આદિ-અંત પ્રમુખ ચૈત્યવંદના જઘન્ય અને જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના જાણવી.

પ્રશ્ન :- સાત વેળાની ચૈત્યવંદનામાં પ્રતિક્રમણના આદિ-અંતની ચૈત્યવંદના સામાન્ય પ્રકારે ક્યાં કહી છે ?

જવાબ :- પૂર્વાચાર્યકૃત અનેક ગ્રંથોમાં કહી છે તે ગ્રંથોના કેટલાક દાખલા લખીએ છીએ. ત્યાં પ્રથમ શ્રી અમદાવાદમાં પાંજરાપોળની વચ્ચે શેઠ હઠીસિંહ કેશરીસિંહજીના ધર્મઉપાશ્રયમાં શેઠ જયસિંહભાઈ હઠીસિંહજીના જ્ઞાનભંડારમાં પૂર્વાચાર્યકૃત ષડાવશ્યકબાલાવબોધની જૂની પ્રતમાં સાત વેળાની ચૈત્યવંદના મધ્યે પ્રતિક્રમણની આદિ-અંત ચૈત્યવંદના સાત પ્રકારે એટલે જઘન્ય પ્રકારે કહી છે. તે બાલાવબોધની ભાષા જેમ છે તેમ લખીએ છીએ.

"अथ चैत्यवन्दनाधिकारः प्रारभ्यते । સાધુ મહાત્માને સાત વાર ચૈત્યવન્દના કરવી દિન પ્રતિ કરવી તે કિમ ? કુસુમિણદુસુમિણ કાઉસ્સગ્ગ

કરી ચૈત્યવન્દન કરવું ૧, રાઇપડિક્કમણાને છેહડે પુરુષને વિશાલલોચન, સ્ત્રીને સંસારદાવાની ત્રણ થોઈ ૨, દેહરાસરે ૩, પચ્ચક્ખાણ પારતાં ૪, આહાર કીધા પૂંઠિ ૫, દેવસિ પડિક્કમણાને ધુરિ ૬, સંથારા પોરિસિ ભણતાં ૭ ઈમ સાધુને સદૈવ સાત વાર ચૈત્યવન્દના હુઈ અને શ્રાવકને સાત તથા પાંચ હુઈ જઘન્યતો ત્રિણિ હુઈ તે કિમ ? ઉદય અસ્ત પડિક્કમણાં બે ૨ સૂતા ઊઠ્યાં પછી છેહલી અને સૂયવાની ધૂરલી પછી ૩ સંથારાપોરિસી ભણતાં ૪ ત્રિકાલ દેવપૂજાઇ કરવી તેહની ત્રિણ ૩ એવં સાર ૭ એક વાર પડિક્કમણું કરે પાંચ ૫ બે વાર પડિક્કમણું કરે ૬ ત્રિકાલ દેવપૂજાયેં જ કરે કરે તેહનિ હુઇ જો ત્રિકાલ દેવપૂજા ન થાઇ તો ત્રિકાલ ચૈત્યવન્દન કરે એવં ત્રિણિ ॥

તથા શ્રી જ્ઞાનવિમલસૂરિજીકૃત લઘુભાષ્યત્રય બાલાવબોધમાં પણ સાત વેળાની ચૈત્યવંદના પ્રતિક્રમણના આદિ-અંતમાં સામાન્ય પ્રકારે ચૈત્યવંદના કહી છે તે બાલાવબોધની ભાષા જેમ છે તેમ લખીએ છીએ :

पडिक्कमणे१चेइय२जिमण३चरिम४पडिक्कमण५सुयण६पडिबोहे७।
चिइवंदण इअ जइणो सत्त उ वेला अहोरत्ते ॥५९॥

હવે ચૈત્યવન્દનનું દ્વાર કહે છે - પ્રભાતિક પ્રતિક્રમણે વિશાલલોચનરૂપ ૧ ચૈત્યગૃહે ભગવંત આગલિં ૨ જિમણ પચ્ચક્ખાણ પારતાં ૩ ચરિમ આહાર કર્યા પછી ૪ સંધ્યાપ્રતિક્રમણ નમોઽસ્તુ વર્ધમાનાદિ ૫ શયન સંથારાપોરિસી ભણાવતાં ૬ પડિબોહેકે સૂતાં ઊઠી કુસુમિણાદિ કાઉસ્સગ્ગ નંતર ક્રિયાવેલાઇં ૭ એવં સાત ચૈત્યવન્દના યતિને અહોરાત્રિ મધ્યે હુઇં બેહું કાલિં પડિક્કમતાં ગૃહસ્થને ૭ વાર હુઈ અને એક પડિક્કમણ કરતાં ગૃહસ્થને ૫ વાર હુઈ અને પડિક્કમણ નથી કરતા એહવા ગૃહસ્થને ત્રિકાલ દેવપૂજાવસરે ત્રિણવાર ચૈત્યવન્દના જઘન્યથી હુઇ એટલે ચૈત્યવન્દનાદ્વાર ૨૩મું થયું.

તથા શ્રી વિબુધવિમલસૂરિજીકૃત બાહ હજારી શ્રી સમ્યક્ત્વપરીક્ષા નામના ગ્રંથમાં પણ સાત વારની ચૈત્યવંદના પ્રતિક્રમણની આદિ-અંતની ચૈત્યવંદના સામાન્ય પ્રકારે એટલે જઘન્ય પ્રકારે કહી છે. તે પાઠ સહિત બાલાવબોધ લખીએ છીએ :

સાધુ તથા શ્રાવકને દિન પ્રતે ઉત્કૃષ્ટું ૭ વાર ચૈત્યવંદન કરવું સમ્યક્ત્વ નિર્મલ કાજે. તથાહિ -

પડિક્કમણે૧ચેઇય૨જિમણ૩ચરિમ૪પડિક્કમણ૫સુયણ૬પડિબોહે૭।
ચિયવંદણ હિ જયણો સત્ત ઉ વેલા અહોરત્તે ॥૫૯॥

પ્રભાતકાલે વિશાલલોચનરૂપ ચૈત્યવન્દન કરવું એહ પ્રથમ ૧. ચેઈય કે : શ્રી તીર્થંકર ભગવંતને દેહરે જઈને નિત્ય ચૈત્યવન્દન કરવું તે જોગવાઈ ન હોય તો ઈશાન ખૂણે શ્રી સીમંધરસ્વામી સન્મુખે ચૈત્યવન્દન કરવું ૨. જિમણ કે : પચ્ચક્ખાણ પારતી વેળાએ ચૈત્યવન્દન કરીને સજઝાય કરીને પચ્ચક્ખાણ પારવું પછી આહાર લેવો ૩. ચરિમ કે : આહાર લેઈને પછી ચૈત્યવન્દના કરીને પાણી પીવું ૪ પડિક્કમણ કે : સંધ્યાએ પડિક્કમણું કરતાં થતાં નમોઽસ્તુ વર્દ્ધમાનાય એહ બિહું એક પડિક્કમણાનું ચૈત્યવન્દન ગણવું ૫. સૂયણ કે : પોરિસી રાત્રિની વેલાએ ચઉક્કસાય જે કહેવું તે છટ્ઠું ચૈત્યવન્દન ૬. પડિબોહિ કે : પાછલી રાત્રે જાગી કુસુમિણ દુસુમિણ કાઉસ્સગ્ગ કરીને ચૈત્યવન્દન જગચિંતામણિ આદિનું કહેવું એ સાતમું ૭. એ ચૈત્યવન્દન જઈણો કે : યતિને સાધુને અહોરાત્રમાં કરવું જે સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રાવક જઘન્ય ત્રણ કાલે પૂજા કરે ત્રણ કાલ ચૈત્યવન્દન કરે, એક વાર પડિક્કમણું કરે તે ૫ વાર ચૈત્યવંદન કરે, જે બે ટંક પડિક્કમણું કરે તેને ૭ વાર ચૈત્યવંદન થાય.

તથા પૂર્વાચાર્યોના ગ્રંથોમાં પ્રતિક્રમણના વિધિમાં પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં સામાન્ય પ્રકારે એટલે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદન કહી છે. તે કેટલાક પાઠ ભવ્ય જીવોને જ્ઞાપન કરવાને લખીએ છીએ. પહેલાં સુવિહિત શ્રી દેવસૂરિજીકૃત યતિદિનચર્યાનો પાઠ :

ગાથા - જિણવંદણમુણિનમણં સામાઇઅપુવ્વ કાઉસ્સગ્ગો અ ।
દેવસિઅં અઇઆરં અણુકમ્મસો ઇત્થ ચિંતેજ્જા ॥૨૯॥

જિનવંદનં કરોતિ ચૈત્યવન્દનં કૃત્વા દેવવન્દનં કરોતિ દેવવન્દનં કૃત્વા ગુરુવન્દનં કરોતિ યથા ભગવન્નહમિત્યાદિ ॥

એ પાઠમાં પ્રતિક્રમણના પ્રારંભમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે, પણ ચાર થોય કહી નથી.

जिणमुणिवंदणअइयारुस्सग्गो पुत्तिवंदणालोए ।
सुत्ते वंदणखामण वंदणचरणाइ उस्सग्गो ॥४॥
उज्जोअ दु इक्किक्का सुअखिउस्सग्ग पुत्ति वंदणए ।
थुईतिअनमुत्थतं पच्छित्तुस्सग्गुसज्झाओ ॥५॥

ભાવાર્થ :- જિનવંદન એટલે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના મુનિવંદન એટલે ભગવાન પાસે ચાર ખમાસમણા અને પ્રતિક્રમણ ઠાયા પછી અતિચાર ચિંતન કાયોત્સર્ગ કરી લોગસ્સ કહી મુહપત્તિ પડિલેહી વાંદણા દઈ પછી દેવસિઅ આલોયણ પ્રમુખ આલોયણા કરી પ્રતિક્રમણસૂત્ર કહે, પછી વાંદણા દઈ ખમાવી વળી વાંદણા ખામણ કરી ચારિત્રાદિ કાયોત્સર્ગ કરે પ્રથમ ૨ ને પછી એક-એક લોગસ્સના પછી શ્રુત-ક્ષેત્ર દેવીના કાયોત્સર્ગ કરી મુહપત્તિ પડિલેહી ત્રણ થુઈ કહી નમુત્થુણં આદિ દેવસિ પ્રાયશ્ચિત્તનો કાયોત્સર્ગ કરી સજ્ઝાય કરે.

એ પાઠમાં આદિમાં જઘન્ય ચૈત્યવંદના કહી ને અંતમાં શ્રુત-ક્ષેત્ર દેવતાની થોય કહી નથી અને કાયોત્સર્ગ કહ્યાં તેના પરમાર્થ ૧૫મા પરિચ્છેદથી જાણવો.

पुनरपि अणहिलपुरपट्टननगरे फोफलवाडाभांडागारे कालिकाचार्य-संतानीयभावदेवसूरिविरचितयतिदिनचर्यायां -

अथ दैवसिकप्रतिक्रमणस्य स्वरूपं निरूपयति -

चेइयवंदणभयवं सूरिउवज्झायमुणिखमणा ।
सव्वस्सवि सामाइय देवसियअईयारउस्सग्गो ॥३४॥

તથા શ્રી અણહિલપુરપાટણનગરે ફોફલવાડે ભંડાગારે વર્તમાનકાલ પૂર્વવર્તી પ્રાચીનાચાર્યકૃત સામાચારીઓનાં પુસ્તક છે, તેમાં પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં સામાન્ય પ્રકારે ચૈત્યવન્દના કહી છે. તે પાઠ :

व्याख्या - तत्रादौ चैत्यवन्दन-अरिहंत चेइयाणमित्यादि पश्चाच्चत्वारि क्षमाश्रमणानि भगवान्-सूरि-उपाध्याय-मुनि-इत्यादिरूपाणि ।

એવી રીતે પાટણનગરના ફોફલિયાવાડાના ભંડારમાં વર્તમાનથી પૂર્વકાળવર્તી પૂર્વાચાર્યકૃત સામાચારી અને યતિદિનચર્યામાં પ્રતિક્રમણના આદિમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે, પણ ચાર થોયથી ચૈત્યવંદના કહી નથી. તથા વૃંદારુવૃત્તિ પાઠ :

प्रतिक्रमणविधिश्च योगशास्त्रवृत्तिगर्ताभ्यः चिरंतनाचार्यप्रणीताभ्यो गाथाभ्योऽवसेयः ।

पंचविहायारविसुद्धिहेउमिह साहु सावगो वावि ।
पडिक्कमणं सह गुरुणा गुरुविरहे कुणइ इक्कोवि ॥१॥
वंदित्तु चेइयाइं दाउं चउराइए खमासमणे ।
भूमिनिहिअसिरो सयलाइआरमिच्छामिच्छोक्कडं देइ ॥२॥

એ વૃંદારુવૃત્તિ શ્રાવકના ષડાવશ્યકની ટીકામાં પણ પ્રતિક્રમણના આદિમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે પણ ચાર થુઈની ચૈત્યવંદના કહી નથી. તથા શ્રી હેમચન્દ્રસૂરિજીકૃત શ્રી યોગશાસ્ત્રમાં ચિરંતન પૂર્વાચાર્યોની રચી ગાથાએ કરીને પ્રતિક્રમણની વિધિ લખેલી છે તેમાં દેવસિ પ્રતિક્રમણની આદિમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવન્દના કહી છે, પણ ચાર થુઈ કરવી કહી નથી. એવી રીતે શ્રાદ્ધવિધિમાં પણ પાઠ લખ્યો છે.

તથા વિક્રમ સંવત ૧૩૬૩ની સાલમાં થયેલા શ્રી જિનદત્તસૂરિ-સંતાનીયતિલક શ્રી જિનસિંહસૂરિશિષ્ય શ્રી જિનપ્રભસૂરિજી કૃત વિધિપ્રપામાં પ્રતિક્રમણના આદિમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

पुव्वोलिंगिया पडिक्कमणसामायारी पुण एसा - सावओ गुरुहि समं इक्कोव्वा जावंति चेइआइंति गाहादुगथोत्तपणिहाणवज्जं चेइयाइं वंदित्तु चउराईखमासमणेहिं आयरियाइं वंदिय भूनिहियसिरो सव्वस्सवि देवसियइच्चाइदंडगेण सयलाइयारमिच्छुक्कडं दाओ ॥

ભાવાર્થ :- પહેલાં જે સામાન્ય પ્રકારે પ્રતિક્રમણની સામાચારી કહી હતી તે એ છે કે શ્રાવક પોતાના ગુરુની સાથે તથા એકલો જાવંતિ ચેઈયાઇં ૧ જાવંત કેવિ સાહૂ ૨ એ બે ગાથા અને સ્તોત્રપ્રણિધાન વર્જીને શક્રસ્તવ પર્યન્ત ચૈત્યવંદના કરીને ચાર ક્ષમાશ્રમણ કરીને આચાર્યાદિકોને વંદન કરીને ઉપર માથું લગાડીને "સવ્વસ્સવિ દેવસિય" ઇત્યાદિ દંડકથી સમસ્ત અતિચારોના મિથ્યાદુષ્કૃત દે.

એ પાઠમાં જાવંતિ પ્રમુખ સ્તોત્ર-પ્રણિધાન વર્જીને ચૈત્યવંદના કહી તે શક્રસ્તવ પર્યંત જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના જાણવી. કેમ કે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના બે પ્રકારની જૈન ગ્રંથોમાં કહી છે. એક તો નમસ્કાર-શક્રસ્તવ જાવંતિ પ્રમુખ સ્તોત્રપ્રણિધાન સહિત અને બીજી જાવંતિ પ્રમુખ સ્તોત્ર-પ્રણિધાન રહિત નમસ્કાર શક્રસ્તવ પર્યંત ૨ એ બે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદનામાં ભોજન સમયની ૧, ભોજન પછીની ૨, સૂવાના સમયની ૩, સૂતાં ઊઠ્યા પછીની ૪ એ ચાર ચૈત્યવંદના તો જાવંતિ પ્રમુખ સ્તોત્રપ્રણિધાન સહિત જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના હોય.

यदुक्तं श्रीप्रद्युम्नसूरिकृतसामाचार्याम् ।

गाथा - तओ अ इरियाचेइअवंदिअसक्कत्थयजावंतिपयं ।

पणिहाणं जाव एवं भोयण संवरसयणपडिबोहणत्ति ॥४६॥

ભાવાર્થ :- ત્યારપછી ઇરિયાવહી કરી ચૈત્યવંદન એટલે નમસ્કાર કહી શક્રસ્તવ જાવંતિ પ્રમુખ યાવત્ પ્રણિધાન કહે એમ ભોજનસંવરસયનપડિબોહ એટલે સૂતાં ઊઠ્યાં પછી પૂર્વોક્ત વિધિ પ્રમાણે ચૈત્યવંદના કરવી. એટલે સ્તોત્રપ્રણિધાન સહિત પૂર્વે પ્રથમ કહેલી જઘન્યોત્કૃષ્ટ નામની ચૈત્યવંદના કરવી અને પ્રતિક્રમણના આદિ-અંતમાં જાવંતિ પ્રમુખ સ્તોત્ર પ્રણિધાન રહિત શક્રસ્તવ પર્યંત ચૈત્યવંદના કરવી અને પૂર્વે કહેલી બીજી જાવંતિ પ્રમુખ સ્તોત્ર પ્રણિધાન રહિત શક્રસ્તવ પર્યંત ચૈત્યવંદના પ્રતિક્રમણના આદિ-અંતમાં કરવી, એ વિધિપ્રપાના પાઠનો અભિપ્રાય છે. પણ આત્મારામજી આનંદવિજયજી ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ ૮૮માં વિધિપ્રપાના પાઠની ભાષાને અંતે લખે છે કે "**इस विधि में पडिक्कमणे की आदि में**

ચાર થુઈ સે ચૈત્યવન્દના કરની કહી હૈ ।" આ લખવું નિષ્કેવલ ઉત્સૂત્ર છે કેમ કે વિધિપ્રપાના પાઠમાં તો ચાર થોઈના અક્ષર જ નથી, તો પ્રતિક્રમણની આદિમાં ચાર થોય કરવાનું લખવું આત્મારામજીનું આકાશફૂલ જેવું અસિદ્ધ થયું.

તથા શ્રી માનવિજયજી ઉપાધ્યાયજી કૃત ધર્મસંગ્રહ ગ્રંથમાં પણ પ્રતિક્રમણવિધિના પાઠમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

पूर्वाचार्यप्रणीताः गाथाः -

पंचविहायारविसुद्धिहेउमिह साहु सावगो वावि ।
पडिक्कमणं सह गुरुणा गुरुविरहं कुणइ इक्कोवि ॥१॥
वंदित्तु चेइयाई दाउं चउराइ खमासमणे भूनिहिअं ।
सिरो सयलाइआरे मिच्छदुक्कडं देइ ॥२॥

એ પાઠમાં દેવસિ પ્રતિક્રમણની આદિમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે, પણ ચાર થોયની કહી નથી.

તથા બૃહત્ખરતરગચ્છની સામાચારીમાં પણ જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

पुव्वोलिंगिया पडिक्कमणसमायारीपुण एसा सावओ गुरुहि समं इक्को वा जावंति चेइयाइं ति गाहा । दुगथुत्ति पणिहाणवज्जं चेइयाइं वंदित्तु चउराइ खमासमणेहिं आयरियाई वंदिय भूनिहिय सिरो सव्वस्स देवसिय इच्चाइ दंडगेण सयलाइयारमिच्छोक्कडं ॥

એ પાઠની ભાષા જેમ વિધિપ્રપાના પાઠની અમે એ જ પરિચ્છેદમાં ન્યાયપૂર્વક ઉપર કરી આવ્યા છીએ તેમ જાણવી. એ પાઠમાં પણ પ્રતિક્રમણની આદિમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. પણ ચાર થોયની ચૈત્યવંદના કરવી કહી નથી.

તથા અણહિલપુરપાટણના ફોફલિયાવાડાના ભંડારમાં રુદ્રપલ્લિયગચ્છી શ્રી અભયદેવસૂરિજીકૃત સામાચારીમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના લખી છે. તે પાઠ :

प्रव्रजितेन चोभयकालं प्रतिक्रमणं विधेयमतस्तद्विधिः । स च साधु-श्रावकयोरेक एवेति श्रावकसामाचार्यां पृथक् नोक्तः । तत्र रात्रिकस्य यथा -

इरियाकुसुमिणुसग्गो जिणमुणिवंदण तहेव सज्जाओ ।
सव्वस्सवि सक्कत्थउ तिन्नि य उस्सग्ग कायव्वा ॥१॥
चरणे दंसणनाणे दुसुलोगुज्जोतयतई अईयारा ।
पोतीवंदण आलोय सुत्तं वंदण य खामणयं ॥२॥
वंदणमुसग्गो इत्थ चिंतए किं अहं तवं काहं ।
छम्मासादेगदिणा इहा णिजा पोरीसीनमो वा ॥३॥
मुहपोत्तीवंदणपच्चक्खाण अणुसट्ठि तह थुइ तिन्नि ।
जिणवंदण बहुवेला पडिलेहण राइपडिक्कमणं ॥४॥

अथ दैवसिकस्य

जिणमुणिवंदणअइयारूस्सग्गो पोत्ति वंदणालोए ।
सुत्तं वंदण खामण वंदण तिन्ने व उस्सग्गा ॥१॥
चरणे दंसणनाणे उज्जोया दोण्णि एक्क एक्का य ।
सुयखेत्तदेवउस्सग्गो पोत्तिय वंदण थुई थुत्तं ॥२॥

तथा श्री तिलकाचार्य कृत विधिप्रपामां पण प्रतिक्रमणना आदि-अंतमां जघन्योत्कृष्ट चैत्यवंदना कही छे. ते पाठ :

अथ साधुदिनचर्याविधिः - इह साधवः पाश्चात्यरात्रिघटिकाचतुष्टय-समये पंचपरमेष्ठिनमस्कारं पठंतः समुत्थाय "किं मे कडं किं च मे"

किच्चमे संकं सक्कणिज्जं समायसमि किं मे परोपासई ।
किं च अथवा किं चाहं खलियं न विवज्जयामि ॥१॥

इत्यादि विचिंत्य ईर्यापथिकीं प्रतिक्रम्य चैत्यवन्दनां कृत्वा समुदायेन कुस्वप्नदुःस्वप्नकायोत्सर्गं गुरून् वंदित्वा यथाज्येष्ठं साधु वंदनं श्रावकाणां तु मिथो वांदउ भणनं ततः क्षणं आदेशादानेन स्वाध्यायं विधाय ततः क्षमा. इच्छ. पडिक्कमणइ ठाउं इच्छं क्षमा. सव्वस्सवि

राइय दुचिंतियं दुब्भासियं दुच्चिट्ठियं मणि वचणि काइं मिच्छामि दुक्कडं शक्रस्तवभणनं ततश्चारित्रशुद्ध्यर्थं करेमिभंते काउस्सग्गं उज्जोयचिंतणं न पुरनादावेव अतिचारचिंतनं निद्राप्रमादेन *स्मृतिवैकल्यसंभवात्* **ततो दर्शनशुद्ध्यर्थं** *लोगस्स* **उज्जोयगरे उज्जोयचिंतणं ज्ञानशुद्ध्यर्थं पुक्खरवर. उस्सग्गो अचक्खुविसइ जोगुवो सिरियउ इत्याद्यतिचारचिंतनं श्रावकाणां तु नाणंमि दंसणंमीति गाथाष्टकचिंतनं ततो मंगलार्थं सिद्धाणं बुद्धाणमिति स्तुतीनां भणनं मुहपत्तीपेहणं वंदणयं उपविश्य प्रतिक्रमणसूत्रभणनं अब्भुट्ठिओमि आराहणाए पभणित्ता वंदणयं खामणयं यदि पंचाद्याः साधवो भवंति तदा त्रयाणां तत्क्रियतां तत्र रात्रिके दैवसिके पाक्षिकादि सत्कसंबुद्धसमाप्तिक्षामणेषु क्षमयितारः सकलं क्षामणकसूत्रं भणंति क्षमणीयास्तु परपत्तियं पदात् अविहिणा सारिया वारिया चोइया पडिचोया पडिचोइया मणेण वायाए काएण वा मिच्छामि दुक्कडं इति भणंति । अथ वंदणपुव्वं छमासिया । चिंतणत्थं आयरियउवज्झाए उस्सग्गा छम्मासिय चिंतणं करिज्ज पच्चक्खाणं जाव उज्जोयं भणित्ता मुहपत्तिपडिलेहणं वंदणयं पच्चक्खाण इच्छामो अणुसट्ठिं विशाललोचनदल इति स्तुतित्रयभणनं शक्रस्तवः । पूर्णा चैत्यवन्दना ।**

તિલકાચાર્યકૃત વિધિપ્રપામાં **सम्पूर्णचैत्यवन्दना अस्तोत्रा ततो गुरून् वंदित्वा यथाज्येष्ठं साधुवंदनं क्षमा. इच्छा. पडिक्कमणइ ठायहं इच्छं क्षमा. सव्वस्सवि देवसियं इत्यादि** એ પાઠમાં રાઇપ્રતિક્રમણના અંતમાં શક્રસ્તવ કહ્યાં પૂર્ણ ચૈત્યવંદના કહીને દેવસિ પ્રતિક્રમણની આદિમાં સ્તોત્ર પ્રણિધાન રહિત સંપૂર્ણ ચૈત્યવંદના કહી તે પૂર્વોક્ત ન્યાયથી જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના જાણવી. પણ ચાર થોયની ન જાણવી.

તથા શ્રી રાજધનપુર અર્થાત્ રાધનપુરના ભંડારમાં વર્તમાનકાલ પૂર્વવર્તી પૂર્વાચાર્યકૃત ષડાવશ્યકવિધિ નામના ગ્રંથમાં પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે. તે પાઠ :

पंचविहायारविसुद्धिहेउमिह साहु सावगो वावि ।
पडिक्कमणं सह गुरुणा गुरुविरहे कुणइ इक्कोवि ॥१॥
वंदित्तु चेइयाइं दाउं चउराइए खमासमणे ।
भूनिहियसिरो सयलाइयारमिच्छोकडं देइ ॥२॥

એ ષડાવશ્યક ગ્રંથના પાઠમાં દેવસિક પ્રતિક્રમણના આદિમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી તેમજ રાઇ પ્રતિક્રમણના અંતમાં પણ જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદા કહી છે. તે પાઠ :

इच्छामो अणुसट्ठिंति भणीअ उवविसीअ पढइ तिन्नि थुई ॥ मीउसद्देणं सक्कत्थयाइ तो चेइए वंदे ॥९॥ इति रात्रिप्रतिक्रमणे षडावश्यकानि ॥

એ પાઠમાં મૃદુ શબ્દે ત્રણ વર્દ્ધમાનપ થોય કહી અને પછી શક્રસ્તવ જ છે આદિમાં જેને એવી ચૈત્યવંદના કરવી એટલે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કરવી કહી. યદ્યપિ ઉપર લખેલાં બધાં શાસ્ત્રોમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે તોપણ ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ ૧૦૭માં આત્મારામજી આનંદવિજયજી લખે છે કે "हम उपर जितने शास्त्रों की साक्षी से देवसी पडिक्कमणे का विधि लिख आए हैं तीन ग्रन्थों में राइ पडिक्कमणे के अन्त में चार थुई से चैत्यवन्दना करनी कही है।" એ સર્વ લખવું મિથ્યા છે કેમ કે જેટલા ગ્રંથોની સાક્ષી આત્મારામજીએ દીધી છે તે ગ્રંથો સાથે બમણા ગ્રંથોની સાક્ષી અમે લખી આવ્યા છીએ તેમાં કોઈ શાસ્ત્રોક્ત વિધિમાં "**देवे वंदइ**" કોઈમાં "**अरिहंत चेइयाणं**" **इत्यादि** અને કોઈકમાં "**सक्कत्थयाइं**" વલી કોઈ ઠેકાણે "**शक्रस्तवः पूर्णा चैत्यवन्दना**" અને બહુ શાસ્ત્રોમાં "**जिणमुणिवंदइ**" **इत्यादि** સામાન્ય નામથી ચૈત્યવંદના કરવી કહી છે. તે પ્રતિક્રમણના આદિ-અંતની જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના સામાન્યથી કરવી કહી છે તેમાં બધા આચાર્યોનો એક મત છે, પણ કોઈ કહેશે કે આવશ્યક બૃહદ્વૃત્તિમાં રાઇ પ્રતિક્રમણના અંતમાં વર્દ્ધમાન ત્રણ થોય કહ્યા પછી "**देवे वंदइ**" એવો પાઠ છે તેથી વિસ્તારે વંદન કરવું સૂચન થાય છે એમ કહે તેની ન્યૂનતા બુદ્ધિ ટાળવાને

એ જવાબ છે કે "**देवे वंदइ**" એ સાધારણ વચનથી વિસ્તારે દેવવંદન કહ્યું ગ્રહણ ન થાય. કેમ કે સુવિહિત શ્રી દેવસૂરિજીકૃત યતિદિનચર્યામાં જઘન્યઉત્કૃષ્ટ ચૈત્યવંદનાને દેવવંદના કહી છે. તે પાઠ :

मुच्चइ भत्तं पाणं सम्मं जिणनाहवंदणं कुणइ ।

सोलससिलोगमाणं जगन्नओ कुणइ सज्झायं ॥३४॥

व्याख्या - शिरो ललाटं भूमिं प्रमार्ज्य ततो भक्तसंभृतजलभृत-पात्रकाणि च तस्यां भूमौ मुक्त्वा स्वस्थचित्तः सन् सम्यक् प्रकारेण जिननाथवंदनं करोति देववंदनं करोति ततः जघन्यतः षोडशश्लोकमानं जघन्यतोऽपि स्वाध्यायं करोतीति गाथार्थः । षोडशश्लोकानाह - धम्मो मंगलमुक्किट्ठं इत्यादि पंचगाथामयं प्रथममध्ययनं तथैकादशगाथामयं कहन्नकुज्जा सामन्नमित्यादि द्वितीयमध्ययनं एवं षोडशश्लोकमानं जघन्यतः स्वाध्यायं करोतीत्यर्थः ॥३४॥

એ પાઠમાં ભોજન કરવાના સમયમાં દેવવંદના કરીને સજ્ઝાય કરવી કહી તે દેવવંદન પૂર્વાચાર્યોના ગ્રંથોમાં જઘન્યોત્કૃષ્ટ કહી, તેમ સ્વગચ્છીય પરગચ્છીય બધા સાધુસમુદાયમાં વર્તમાનકાળમાં પણ કરે છે, પણ વિસ્તાર વંદન કરતાં નથી. તેથી "**तिन्नि थुईओ**" તથા "**चउराथुइओ**" ઇત્યાદિ વાક્ય ગ્રંથોમાં હોય તો વિસ્તારે દેવવંદન ગ્રહણ થાય, પણ "**देवे वंदइ**" ઇત્યાદિ સામાન્ય વચનથી એકાંતે વિસ્તારે ગ્રહણ ન થાય.

પૂર્વપક્ષ :- શ્રીમદ્ ઉપાધ્યાય શ્રી યશોવિજય ગણિજીયે પ્રતિક્રમણહેતુગર્ભિત વિધિ લખી હૈ इसका पाठ लिखते हैं ।

પઢમ અહિગારે વંદું ભાવ જિણોસરુ રે,

બીજે દવ્વજિણંદ ત્રીજે રે, ત્રીજે રે ઇગચેઇયઠવણા જિણો રે ॥૧॥

ચોથે નામ જિન તિહુયણ ઠવણા જિના નમું રે,

પંચમે છટ્ઠે તિમ વંદું રે વંદું રે વિહરમાન જિન કેવલી રે ॥૨॥

સત્તમ અધિકારે સુયનાણં વંદિયે રે,

અટ્ઠમી થુય સિદ્ધાણં નવમે રે નવમે રે થુઈ તિત્થાહિવ વીરની રે ॥૩॥

દસમે ઉજ્જયંત થુઈ વલિય ઈગ્યારમે રે,

ચાર આઠ દશ દોય વંદો રે વંદો રે શ્રી અષ્ટાપદજિન કહ્યા રે ॥૪॥

બારમે સમ્યગ્દૃષ્ટિ સુરની સમરણા રે,

એ બાર અધિકાર ભાવો રે દેવ વાંદતાં ભવિજના રે. ॥૫॥

"इस उपर के पाठ में देवसि पडिक्कमणा करतां प्रथम बारा अधिकार सहित चैत्यवन्दना करनी कही है, तिसमें चोथा कायोत्सर्ग वेयावच्चगराणं का करणा तिसकी थुई करनी कही है ।"

ઉત્તરપક્ષ :- હે સૌમ્ય ! એ પાઠનો તમને યથાર્થ તાત્પર્યાર્થ માલૂમ નથી તેથી તમે પ્રતિક્રમણની આદિમાં ચાર થોય ઉન્મત્ત બોલે તેમ બોલો છો, પણ ઉપરના પાઠનો તાત્પર્યાર્થ એ છે કે વિક્રમ સંવત ૧૫૦૫ની સાલમાં થયેલ શ્રી જયચન્દ્રસૂરિજીએ પ્રતિક્રમણગર્ભહેતુ બનાવ્યો તે ઉપરથી પ્રાયે શ્રીમદુપાધ્યાય શ્રી યશોવિજયજીએ પ્રતિક્રમણહેતુ ગર્ભહેતુ સ્વાધ્યાય પ્રાયે શ્રાવકને ઉદ્દેશીને બનાવી છે. એ સ્વાધ્યાયમાં જેવી રીતે શ્રી જયચંદ્રસૂરિજીએ પ્રતિક્રમણગર્ભહેતુમાં દેવવંદન કરવા કહ્યા છે તેવી રીતે ઉપાધ્યાયજીએ પણ દેવવંદન કરી પ્રતિક્રમણ કરવું એ અભિપ્રાયથી પ્રતિક્રમણહેતુના પ્રસંગપ્રાપ્તિથી વિસ્તારે દેવવંદન કહ્યા છે, પણ જે ગ્રંથ ઉપરથી ઉપાધ્યાયજીએ પ્રતિક્રમણગર્ભહેતુ સ્વાધ્યાય બનાવી છે તે જ ગ્રંથમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં વિસ્તારે દેવવંદન નિષેધ્યા છે. તે પાઠ :

तदनु च "इच्छामो अणुसट्ठिंति" भणित्वोपविश्य स्तुतित्रयादि-पाठपूर्वं चैत्यानि वंदते यत उक्तं -

इच्छामो अणुसट्ठित्ति भणिअ उवविसि अ पढइ ।

तिन्नि थुई मिउसद्देणं सक्कत्थयं इओ चेईए वंदे ॥१॥

उभयोरप्यावश्यकयोराद्यंतेषु मांगल्यार्थं चैत्यवन्दनेष्वधिकृतेष्वपि यदर्हमुखे प्रदोषो च विस्तरतो देववन्दन तद्विशेषमांगल्यार्थं कालवेला-प्रतिबद्धत्वेन न संभाव्यते अन्यथा च यथागमं कारणमभ्यूह्यम् इदं च प्रतिक्रमणं मंदशब्देनैव कुर्यात् रात्रावुच्चैः स्वरेण शब्दकाशित हुंकार-

खुंकारादेरपि निषेधात् अन्यथा तत्करणेन जागरितैर्गृहगोधादिजीवै-र्मक्षिकोपद्रवाद्यारंभः प्रातिवेश्मिकैर्वा स्वआरम्भः प्रवर्त्येत तथा च परम्परया निरर्थक अनेकदोषाः प्रवर्त्तिता भवेयुः ॥

ભાવાર્થ :- સવારે પચ્ચક્ખાણ કરીને પછી ઇચ્છામો અણુસટ્ઠિં કહી બેસી ત્રણ થોય પછી પાઠપૂર્વક ચૈત્યોને વંદે તો કેવી રીતે કહે છે - ઇચ્છામો અણુસટ્ઠિં ભણી બેસીને મૃદુ શબ્દે કરીને ત્રણ થોય કહ્યાં પછી શક્રસ્તવે ચૈત્ય વંદે. ॥૧॥ બંને પણ આવશ્યકના એટલે રાઇ-દેવસિ પ્રતિક્રમણના આદિ-અંતને વિશે મંગલ અર્થે ચૈત્યવંદન અંગીકાર કર્યા છે તોપણ જો દિવસ-રાત્રિના મુખ તે વિશે વિશેષ મંગલને અર્થે કાળવેળા પ્રતિબદ્ધપણે કરીને વિસ્તારથી દેવવંદન કરવા તે સંભવતા નથી. અન્યથા વળી જે પ્રકારે આગમમાં કારણ કહ્યા છે તે કારણ અંગીકાર કરીને એટલે રાતના વિશે ઊંચે સ્વરે કરીને શબ્દ, ખાંસી, હુંકાર, ખુંકારાદિક પણ આગમમાં નિષેધવાથી એ પ્રતિક્રમણ મંદ શબ્દે જ કરવું, નહીંતર વળી તે તે પૂર્વોક્ત કાર્ય બધા કરીને ગરોળી પ્રમુખ જીવ જાગ્રત થયા થકાં માખીઓના ઉપદ્રવ, આરંભમાં પ્રવર્તે, અથવા પ્રભાતના કૃત્ય કરવાવાળા લોક નિજનિજ આરંભના કાર્યમાં પ્રવર્તે. તથા વળી એકથી બીજો બીજાથી ત્રીજો એવી રીતે પરંપરાએ કરીને નિરર્થક અનેક દોષ પ્રવર્તિપણું થાય.

એ પાઠમાં પ્રતિક્રમણના આદિ-અંતમાં વિસ્તારે દેવવંદન નિષેધ્યા. તેથી શ્રીમદુપાધ્યાય શ્રી યશોવિજયજીએ પણ ગર્ભહેતુસ્વાધ્યાયમાં રાત્રિ પ્રતિક્રમણને અંતે "ઇચ્છામો અણુસટ્ઠિં" કહી "તિગથુઈ થવ ચિઈવંદણ સુહ ઝાણ રે ॥ચ.॥ " એ વચનથી સામાન્ય પ્રકારે દેવવંદના કહી, પણ વિસ્તારે દેવવંદના કહી નથી. અને સંધ્યાના પ્રતિક્રમણની આદિમાં બારે અધિકાર સાથે વિસ્તારે દેવવંદના કહી છે તે પહેલાં મહાભાષ્યાદિક અનેક શાસ્ત્રોમાં શ્રાવકને ત્રણ કાળ પૂજા અવસરે વિસ્તારે દેવવંદના કહી છે. તેથી સંધ્યાની પૂજા અવસરે શ્રાવકને ત્રણ કાળ પૂજા અવસરે વિસ્તારે દેવવંદના કહી છે. તેથી સાંજની પૂજા અવસરે શ્રાવકને દેવ વાંદતાં બાર અધિકાર ભાવવા પ્રતિપાદન કર્યા સંભવે છે. પણ પ્રતિક્રમણમાં બાર અધિકાર સાથે

દેવવંદના કરવી એવું ઉપાધ્યાયજીનું કથન નથી. કેમ કે ઉપાધ્યાયજીનો શોધેલો શ્રી ધર્મસંગ્રહ તેનો પાઠ પહેલાં લખી આવ્યાં છીએ. તેમાં સાંજના સૂર્યમંડળનો અડધો ભાગ દીઠાં પહેલાં શ્રાવક જિનપૂજાને અંતરે પ્રતિક્રમણ કરે એમ કહ્યું છે. તેમજ ઉપાધ્યાયજી પોતે પણ ગર્ભહેતુસ્વાધ્યાયમાં

"અરધનિબુડ્ડ રવિ ગુરુ સૂત્ર કહે કાલ પૂરો રે,

દિવસનો રાતિનો જાણીએ દસ પડિલેહણથી સૂરો રે ॥૬॥ શ્રુ. ॥" એ ગાથામાં સૂર્યમંડળનો અડધો ભાગ દેખાતાં પ્રતિક્રમણસૂત્ર કહે તે દેવસિ પ્રતિક્રમણનો કાળ બતાવ્યો. ને દશ પડિલેહણ કરતાં સૂર્ય ઊગે તે રાત્રિ પ્રતિક્રમણનો કાળ કહ્યો. તેથી પ્રતિક્રમણના આદિ-અંતમાં સામાન્ય વિધિએ જ દેવવંદન કરવા સંભવે, પણ વિશેષ વિધિએ દેવવંદન કરવા ન સંભવે. વળી શ્રી બૃહત્ખરતરગચ્છસામાચારીમાં તેમજ કહ્યું છે. તે પાઠ :

उभयोरप्यावश्यकयोराद्यंतेषु मंगलार्थं यदाहर्मुखे प्रदोषे च विस्तरतो देववन्दनं तद्विशेषमंगलार्थं कालवेलाप्रतिबद्धत्वेन न संभाव्यते अन्यथा वा कारणं यथागमं ज्ञेयं ॥

એ પાઠનો ભાવાર્થ પહેલાંની પેઠે જાણવો. એમાં પણ વિસ્તારે દેવવંદન નિષેધ્યા. તથા સુવિહિત શિરોમણી શ્રી પ્રદ્યુમ્નસૂરિજીકૃત સામાચારીમાં પણ પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કહી છે, પણ વિસ્તારેથી કહી નથી. તે પાઠ :

निव्वाघाए सव्वे गुरुणा सहव्व ठंति कहमवि ।
वाघाए पुच्छित्ता आवस्सं तेवि ठावंति ॥६७॥

वाघाओ गुरुणं वा सड्ढाइयाणमुवएसा इह ।
ताव अणेसुत्तत्थं काउस्सग्गठिया चिंतेइ ॥६८॥

जो हुज्जा असमत्थो बालोवुड्ढो व वाहिसंजुत्तो ।
सो आवस्सयसमए अच्छिज्जा णिज्जरापेहि ॥६९॥

अह गुरु ठायइ एवं तया इमा विहि साहु सहे ।

इरिया इच्छा चेइयवंदण सक्कत्थयं च उ वंदणयं ॥७०॥
इच्छामि इच्छकारं देवसियं ठाउं इत्थ य करण ।
सामाइय इच्छामि ठामि तस्सुत्तरिजा अन्नत्थं ॥७१॥
ठायइ काउस्सग्गं चिंतइ अइयार जाव गोसाओ ।
जातीते विहु सव्वे जहक्कमेणं जओ वुत्तं ॥७२॥
जा देवसिअं दुगुणं चिंतेइ गुरु अहिंडओ चिट्ठं ।
बहुवावारा इयरे एगगुणं ताव चिंतंति ॥७३॥
मुहणंतय पडिलेहणमाइयं तत्थ जे अ अइयारा ।
कंटकवग्गुवमाए धरंति दिवसे चरित्तंमि ॥७४॥
संवेगमावन्ना विसुद्धचित्ता चरित्तपरिणामा ।
चारित्तविसोहणत्थं पच्छा चउकुणंति ते इयं ॥७५॥
नमुक्कारेण पारित्ता चउविसत्थयं तओ मुहपोत्ति ।
पडिलेहा जायाइ पणवीसमवि ॥७६॥
किच्चा उवओगसंजुत्तं चिच्चा दोसं च किज्जइ ।
किइकम्म य इच्छाकारिण जओ वंदिज्जा ॥७७॥
आलोयण अवसाह वागरणस्स पुत्थणा पूयणंमि ।
सज्झाए अवराहे च गुरुओ विणयमूलं च वंदणयं ॥७८॥
वंदणअंतरवयणं तत्थे व विणयवयण इच्छामि ।
इच्छाकारिण अणहा जओ अ वंदण जिणं पुच्छा ॥७९॥
वंदुत्तु तओ पुच्छा अद्धाअवणया जहक्कमेणं तु ।
उभयकरधरियलिंग ते आलोयंति उवउत्ता ॥८०॥
इच्छामि पडिक्कमिउं ठाणेक्कमणे पमुह अइयारा ।
णिसल्लमणेण सव्वे चिंतइ अ तस्स कल्लाणं ॥८१॥
अवराहाणं कहणं गुरुदत्त तवं तहकार इह हवइ ।

इत्थं सव्व भणिज्जा णवकार करेमि चत्तारि ॥८२॥
आलोयणदंडइरियपगामसज्झाय जाव किइकम्मा ।
इच्छामि-इच्छकारमब्भुट्ठिओमिअब्भंतरवंदणयं ॥८३॥
मिच्छाकारो गुरुणं संतोसो वा अन्ने पंचतिसत्ता ।
खामिज्जा सव्वेवि गाहाणुसार तओ णेज्जा ॥८४॥
आयरियउवज्झाए सीसे साहम्मिए कुल गणे य ।
जे मे कया कसाया सव्वे तिविहेण क्खामेमि ॥८५॥
सव्वस्स समणसंघस्स, भगवओ अंजलिकरीय सीसे ।
सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयंपि ॥८६॥
सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहियनियचित्तो ।
सव्वं खमावइत्ता खमामि सव्वस्स अहयंपि ॥८७॥
क्खामित्तु तओ एवं करंति सव्वेवि नवरमणवज्जं ।
तेसिं किंवि अणालोइयं तयट्ठेण उस्सग्गो ॥८८॥
सामाइयपुव्वंवा ठामिय तस्सुत्तरिजावअन्नत्थं ।
चरित्तसोहणहेउ उस्सग्गो पण्णासउस्सासं ॥८९॥
दंसणसुद्धिनिमित्तं लोगस्स सव्वलोए अरिहंत ।
वंदण अन्नत्थं वा पुणवीसुस्सास उस्सग्गं ॥९०॥
पारित्ता सुअइयारसोहणत्थ सुयवयं कड्ढ ।
वंदणवत्तिअ अन्नत्थ जाव उस्सग्गं ॥९१॥
पणवीसगं पमाणं उस्सारित्ता सुद्धअइयारा ।
सिद्धाणत्थयं पढंति पुत्तिपडिलेह किइकम्मं ॥९२॥
जओ एस चरित्तुस्सग्गो दंसणसुद्धिए तइय ओहोइ ।
सुयनाणस्स चउत्थो सिद्धाणथुई किइकम्मं ॥९३॥

कज्जं किच्चारणो कहंति पणाम काऊण किं इयरा ।
तह विणिवेयणत्थं किइकम्मा मुणेयव्वा ॥९४॥

वड्ढंतिया थुईओ थुईमंगलंमि गुरुणा उच्चरिए ।
सेसा तिथुइबिंति सक्कत्थयं च उ वंदणयं ॥९५॥

इति देवसिप्रतिक्रमणविधिः ।

એ પાઠમાં આદિમાં ચોથી થોય સહિત ચૈત્યવંદના કહી નથી અને અંતમાં શ્રુતદેવી-ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ તથા થોય કરવી કહી નથી.

अथ रात्रिप्रतिक्रमणविधिः ।

इरियाचेइयवंदणपत्तिपडिलेहसंथारविहिं च ।
भणिऊण धम्मज्झाणं मंतं सरइ महासुद्धं ॥९६॥

तइए जामे निद्दामुक्खो भणिओ जिणंदवीरेण ।
तओ इरियं कुसुमिणं काउस्सग्गं च उज्जोअं ॥९७॥

चेइयवंदण चउरो खमासमणं तहेव सज्झाओ ।
सव्वसवि सक्कत्थओ सामाइयं च उस्सग्गं ॥९८॥

पणवीसुस्सासं चिअ पारित्ता उज्जोअगरं तो पढइ ।
अरिहंतवंदणवत्ति अन्नत्थुस्सग्गचंदेसु ॥९९॥

पारित्ता सुत्तथयं वंदणअन्नत्थ जाव अइयारा ।
चिंतइ उस्सग्गे विवरिसपमायपसंगेणं ॥१००॥

सिद्धथयं मुहपोतिं किइकम्मं आलोयणदंडं वा ।
संथारालोयणयं पुव्वुत्तविहिं पडिक्कमणं ॥१०१॥

वंदणखामणवंदण आयरियाइं गाहा तिण्णि भणणं ।
इच्छामि ठामि तस्सुत्त अन्नत्थुस्सग्गमज्झंमि ॥१०२॥

किं तवं पडिवज्जामि छम्मासिजहसत्तिए पारित्ता ।
चउवीसत्थयमुहणंतयकिइकम्मा ॥१०३॥

वद्धमाणथुइकिच्चा सक्कत्थयं च चउरो वा ।
वंदण जइयं चेइयं अणहा पडिलेहणा ॥१०४॥

मुहपत्तिरयहरणं चोलपट्टं च तिण्णि य ।
वत्थाईणं च दंडं वा जाव सूरोवि उग्गई ॥१०५॥

એ પાઠમાં રાઈ પડિક્કમણાના અંતમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કરી, સૂર્ય ઉગે ત્યાં સુધી દશ પડિલેહણ કરવી કહી, પણ ચોથી થોય સહિત વિસ્તારે ચૈત્યવંદના ન કહી.

તથા શ્રી ચતુર્વિંશતિદંડકસ્તવના (દંડકપ્રકરણના) કર્તા શ્રી ગજસાગરજી ઉપાધ્યાયજીના ગુરુ મહોપાધ્યાય શ્રી ધવલચન્દ્રજી ગણિકૃત પ્રતિક્રમણગર્ભહેતુમાં તો ચૈત્યમાં જ વિસ્તારે ચૈત્યવંદન કરી પ્રતિક્રમણ કરવું કહ્યું છે. તે પાઠ :

तत्र देववन्दन चैत्ये कृत्वावश्यकं करोति देववन्दनस्याप्यावश्यक-त्वात्तस्यायं विधिः योगमुद्रया शक्रस्तवं पठित्वा अरिहंत चेइयाणं ततो जिनमुद्रया कायोत्सर्गं मूलनायकस्य वर्धमानस्तुतिं नमस्कारेण पारयित्वा पठति जिनमुद्रया इत्यनेन स्थापनार्हद्वंदनं विधाय पश्चान्नामस्तवं पठित्वा सव्वलोए यावदप्पाणं वोसिरामि स्तुति सर्वचैत्यानां इत्यनेन नामनिक्षेपो वंदितः । ततो ज्ञानस्तवं तस्यापि कायोत्सर्गस्तुतिरपि तस्य ततः शक्र-स्तवादि केचिदनंतरं सिद्धस्तवं पठंति तत्र सिद्धांते ततः प्रणिधान-मित्यादि ।

ત્યાં દેવવંદન જિનાલયે કરીને આવશ્યકર કરે. દેવવંદનનું પણ અવશ્યપણું છે માટે તેની એ વિધિ - જોગમુદ્રાએ શક્રસ્તવ ભણીને અરિહંત ચેઈયાણં પછી જિનમુદ્રાએ કાઉસ્સગ્ગ કરી મૂળનાયકની વદ્ધમાન થોય કહે એટલે જિનમુદ્રાએ સ્થાપના અરિહંત વાંદીને લોગસ્સ કહી સવ્વલોએ કહી યાવત્ અપ્પાણં વોસિરામિ. અહીં બધા ચૈત્યોની સ્તુતિ કહે એટલે નામનિક્ષેપો વાંદ્યો. પછી જ્ઞાનસ્તવ કાઉસ્સગ્ગ જ્ઞાનની થોય કહેવી પછી શક્રસ્તવાદિ કહીએ. કોઈ લોકો તો સિદ્ધસ્તવ કહે છે તે મહાનિશીથાદિક

સૂત્રોમાં નથી. પછી પ્રણિધાન એટલે પ્રતિક્રમણ મંગલપાઠની પેઠે ત્રણ શ્લોકરૂપ પ્રણિધાન કહે એટલે ચૈત્યવંદનવિધિ ચૈત્યમાં કરી પડિક્કમણ કરે એમાં પણ ત્રણ થોય કહી છે. ॥૩૫॥

એ પાઠમાં જિનગૃહમાં દેવવંદન કરી આવશ્યક કરવું કહ્યું. માટે એ હેતુરૂપ કાલકરાલભાસ્કરે તો પ્રતિક્રમણના આદિની ચોથી થોય સાથે તમારી વિસ્તારે ચૈત્યવંદનારૂપ અંભોનિધિના કાદવનું શોષણ કરી નાંખ્યું તો પ્રતિક્રણગર્ભહેત્વાદિક સ્વાધ્યાયાદિકમાં દેવ-ગુરુ નમન કરી બધી ક્રિયા કરવી તે સફળ થાય. માટે બાર અધિકારે દેવવંદન કરી ચાર ખમાસમણ ગુરુ વાંદી પ્રતિક્રમણ ઠાવે અને સામાન્ય વચનનો અપષ્ટંભ લેઈ પ્રતિક્રમણના આદિ-અંતમાં વિસ્તારે દેવવંદન સ્થાપન કરવું યુક્ત નથી. કેમ કે પૂર્વોક્ત અનેક જૈન ગ્રંથોમાં જિન ચૈત્યમાં જ વિસ્તારે ચૈત્યવંદના કહી છે. અને વિસ્તારે ચૈત્યવંદનાને અંતે યથોચિત ક્રિયા કરતાં તો લલિતવિસ્તરાવૃત્તિ પ્રમુખ ગ્રંથોમાં સામાન્યે જ ચૈત્યવંદના કરી આચાર્ય-દેવ-ગુરુ વાંદવા કહ્યા છે. તે પાઠ :

एवंविधिशुभफलप्रणिधानपर्यन्ते चैत्यवंदनं तदन्वाचार्यादीनभिवंद्य यथोचितं करोति कुर्वन्ति वा ।

ભાવાર્થ :- એમ પૂર્વોક્ત વિધિ શુભફળ પ્રણિધાનના અંતમાં ચૈત્યવંદના કરી પછી આચાર્યાદિકને સમસ્ત પ્રકારે વાંદી યથોચિત ક્રિયા એક કરે અથવા ઘણા કરે. એટલે દેવગૃહમાં પ્રણિધાન પર્યંત વિસ્તારે ચૈત્યવંદન કરી યથોચિત ક્રિયા કરવાને અવસરે સામાન્ય પ્રકારે ચૈત્યવંદન કરી ગુર્વાદિકને વાંદી યથોચિત ક્રિયા કરે. અને જૈન ગ્રંથોના અભિપ્રાયથી શ્રીમદુપાધ્યાય યશોવિજયજી પ્રમુખ પૂર્વપુરુષોએ પ્રતિક્રમણહેતુગર્ભાદિકમાં વિસ્તારે દેવવંદન કહ્યા છે તે જિનગૃહમાં વિસ્તારે દેવવંદન કરી પ્રતિક્રમણાદિ ક્રિયા કરવાના અવસરે જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદન કરી પ્રતિક્રમણ કરવું તે આશ્રયી કથન સંભવે છે અન્યથા જો પ્રતિક્રમણમાં વિસ્તારે દેવવંદનનું કથન માનીએ તોપ્રતિક્રમણમાં નિયત કાયોત્સર્ગ કહ્યાં તે પ્રમાણથી અધિક થાય.

यदुक्तं संघाचारवृत्तौ -

उस्सग्गमाणत्ति एकविंशद्वारं व्याचिख्यासुर्गाथापूर्वार्द्धमाह -

इरिउस्सग्गप्पमाणं पणवीसुस्सास अट्ठसेसेसु ।

ईर्यापथिक्याः कायोत्सर्गस्य प्रमाणं करणकालावधिः पंचविंशति-रुच्छ्वासाः चैत्यादिविषयगमनागमनाद्यतिचारविशोधकत्वात्तथा चागमः

भत्ते पाणे सयणासणे य अरिहंत समणसिज्जासु ।

उच्चारपासवणे पणुवीसं हुंति उसासा ॥१॥

तथा भाष्ये -

पणवीसं उसासा इरियावहिया उस्सग्गेत्ति ॥

ते चतुर्विंशतिस्तवग चंदेसुनिम्मलयरा इत्यंतेन पंचविंशतिपदैः पूर्यन्ते पायसमाउसासा इति वचनात् । ततश्च नमस्कारेण पारयित्वा सम्पूर्ण-श्चतुर्विंशतिस्तवं पठत्यत इति वृद्धा एवं चास्य दैवसिकप्रतिक्रणत्वाद्य भावस्तेषां दिवसाद्यतिचारविशोधकत्वादितश्चतुर्गुणाद्युच्छ्वासादिमान-त्वान्नियतकायोत्सर्गत्वादस्य त्वनियतत्वात्तथा चार्षं -

सायं सयं गोसद्धं तिन्ने वसया हवंति पक्खंमि ।

पंचसय चाउम्मासे अट्ठसहस्सं च वारिसिए ॥१॥

चत्तारि दो दुवासल वीसं चत्ता य होंति उज्जोया ।

देसिय राइय पक्खिय चाउमासे य वरिसेय ॥२॥

देसिय राइय चाउम्मासे तहेव वरिसे य ।

एएसु हवंति नियया उस्सग्गा अनियया सेसा ॥३॥

शेषागमनादिविषया विचारणीयं बह्वत्र सूक्ष्मधियेति तथाष्टौ उच्छ्वासा अशेषेषु चैत्यवन्दना कायोत्सर्गेषु कालमानमिति । यदागमः - अट्ठेव य उसासा पठवण पडिक्कमणमाई । न चात्राभिनगृहीता इति वाच्यं । आदिशब्दात् क्षिप्तत्वात् न चात्रभिनगृहीता सूत्रोपलक्षणत्वात् अन्यत्रापि

चागमे एवंविधसूत्रादनुक्तार्थसिद्धेः । उक्तं च - गोसेमुहणंतगाईत्यादि ॥ अत्र मुखवस्त्रिका मात्रोक्तेः। आदिशब्दाच्छेषोपकरणादिपरिग्रहो-ऽवसीयते सुप्रसिद्धत्वात् प्रतिदिवसोपयोगाच्च न भेदेनोक्त इति इहोच्छ्वासमानमित्थं न पुनर्ध्येयनियमः यथापरिणामेन हि तत्स्थापनेश-गुणततत्वानि वा स्थानवर्णार्थालंबनानि वा आत्मीयदोषप्रतिपक्षो वा प्रतिविशिष्टमध्येय-द्ध्यानं हि विवेकोत्पत्तिकारणमित्यलं प्रसंगेन ।

અર્થ :- કાઉસ્સગ્ગના પ્રમાણનો એકવીસમો દ્વાર કહેવાની ઇચ્છા કરતાં ગાથાપૂર્વાર્ધ કહે છે - **"इरिउं"** એટલે ઇરિયાવહીના કાઉસ્સગ્ગનું પ્રમાણ એટલે કાળમર્યાદા, તે ૨૫ પચ્ચીશ શ્વાસોચ્છ્વાસની છે, કેમ કે ચૈત્યાદિ વિષયી જવા-આવવાના અતિચારનું વિશોધકપણું છે. તેથી તેમજ આગમમાં કહ્યું છે કે ભાત, પાણી, શયન, આસન અને અરિહંત, શ્રમણ, સિજ્જાને (શય્યાને) વિશે, ઠલ્લે-માત્રુ પરિઠવવું એટલામાં ૨૫ ઉચ્છ્વાસનો કાયોત્સર્ગ હોય. તેમ ભાષ્યમાં પણ કહે છે કે પચ્ચીસ ઉચ્છ્વાસનો ઇરિયાવહી કાઉસ્સગ્ગ તે લોગસ્સના ચંદેસુ નિમ્મલયરા સુધી પચ્ચીસ પદે કરી પદ જેટલા ઉસાસ એ વચનથી પૂરો થાય ત્યારે પછી નમસ્કાર કરી પારીને સંપૂર્ણ લોગસ્સ કહે એમ વૃદ્ધો કહે છે. એમ કહેવાથી કોઈ પ્રતિક્રમણ કાઉસ્સગ્ગ માની લે તે માટે કહે છે, એ વ્યાખ્યાન કરવાથી એ કાયોત્સર્ગનો દેવસિક પ્રતિક્રમણમાં અભાવ છે. કેમ કે તે દેવસી પ્રમુખમાં તો દિવસના અતિચાર લાગ્યા તેમનું વિશોધકપણું છે. તેથી તેમનું માન ચોગણા ઉચ્છ્વાસાદિકનું છે. તેથી, તથા વળી પડિક્કમણાના કાઉસ્સગ્ગ નિયત છે તેથી અને ઇરિયાવહી પ્રમુખનો કાઉસ્સગ્ગ તે વળી અનિયત છે તેથી હવે નિયત-અનિયતનો તેમજ વળી આર્ષ એટલે આગમ દેખાડે છે કે દેવસીના કાઉસ્સગ્ગનું પ્રમાણ ૧૦૦ શ્વાસોચ્છ્વાસનું, રાત્રિનું પ્રમાણ ૫૦ શ્વાસોચ્છ્વાસનું, પક્ખીમાં ૩૦૦ શ્વાસોચ્છ્વાસ, ચોમાસીમાં પાંચસો ૫૦૦ ઉચ્છ્વાસ અને સંવત્સરી પ્રતિક્રમણમાં ૧૦૦૮ ઉચ્છ્વાસ. હવે લોગસ્સનું પ્રમાણ કહે છે, રાત્રિ-દેવસિ પ્રતિક્રમણમાં બે અને ચાર લોગસ્સ, પક્ખીમાં ૧૨ લોગસ્સ, ચોમાસીમાં ૨૦ લોગસ્સ અને સંવત્સરી પ્રતિક્રમણમાં ચાલીસ

લોગસ્સ વળી એક નવકાર હોય. હવે નિશ્ચે નિરંતર જે કાઉસ્સગ્ગનું પ્રમાણ તે કહે છે - દેવસી ૧ રાઇ ૨ પક્ખી ૩ ચોમાસી ૪ અને સંવત્સરી ૫ એટલામાં તો જેટલા કહ્યા તેટલા જ શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગ્ગ હોય, ઓછાં-અધિકાં હોય હોય નહીં. માટે એ નિયત કાઉસ્સગ્ગ જાણવા. શેષ બધા અનિયત જાણવા - તેઓ હોય અથવા ન હોય અને ઓછાં-અધિકાં પણ હોય. માટે ગમનાદિ વિષય અનિયત જાણવા. એ બહુ સૂક્ષ્મબુદ્ધિએ વિચારવું તથા આઠ શ્વાસોચ્છ્વાસનું ચૈત્યવંદનના કાયોત્સર્ગનું કાલમાન કહ્યું. કારણ કે આગમમાં આઠ જ ઉચ્છ્વાસ પઠવણ પ્રતિક્રમણમાં કહ્યું છે.

હવે કોઈ કહે કે એ આગમમાં તો ચૈત્યનો નથી કહ્યો તેને કહેવું કે તું કહે છે કે એ ચૈત્યના ઉચ્છ્વાસ પણ આક્ષિપ્ત છે, તેથી સ્થાપિત ગાથા સૂત્રના ઉપલક્ષણથી જાણવું. માટે બીજી જગ્યાએ પણ આગમમાં એવા પ્રકારના શબ્દથી નહીં કહેલા અર્થની સિદ્ધિ થાય છે. તે બીજા રહેલા ઉપગરણ પ્રમુખ પરિગ્રહ જાણીએ છીએ. કેમ કે પ્રસિદ્ધપણાથી અને દરરોજ ઉપયોગી છે તેથી ભેદ કરી કહ્યાં નહીં વગેરે શબ્દ એમ જ વળી કહે છે. જેમ કે "**गोसेमुहुणंतगाई**" ઇત્યાદિ. આ ઠેકાણે માત્ર મુહપત્તિ જ કહી તેમાં આદિ શબ્દથી બીજા ઉપકરણનો પરિગ્રહ પણ જાણવો. એ ઉપકરણ અતિપ્રસિદ્ધ છે. અને પ્રતિદિવસ ઉપયોગમાં આવે છે માટે તેમને જુદાં-જુદાં કહી બતાવ્યાં નથી. એ જ પ્રમાણે અહીંયાં ઉચ્છ્વાસમાન પણ જાણવું. પણ ધ્યેયનો નિયમ નથી. કારણ કે તે યથાપરિણામે સ્થાપનાઈશના ગુણતત્વનું ચિંતવન કરે અથવા સ્થાન-વર્ણ-અર્થનું અવલંબન કરે તથા પોતાના દોષના પ્રતિપક્ષનું ચિંતન કરે. ઇત્યાદિ પ્રતિવિશિષ્ટમાં જેને વિવેકોત્પત્તિ નિશ્ચે કારણ હોય તે ધ્યાન કરે. પ્રસંગ વધારવે કરીને સર્યું.

આ પાઠમાં દેવસિકાદિક પ્રતિક્રમણમાં નિયત કાયોત્સર્ગ દ્વાર કહ્યું પણ ચૈત્યવંદના કાયોત્સર્ગદ્વાર પ્રતિક્રમણમાં કહ્યું નથી. તેથી વિસ્તાર ચૈત્યવંદના જિનગૃહમાં જ કરવી સિદ્ધ થાય છે. પણ પ્રતિક્રમણમાં કરવી સિદ્ધ થતી નથી. તથા વળી અહીં કોઈ કહેશે જો પ્રતિક્રમણગર્ભહેતુમાં તો વિસ્તારથી દેવવંદના લખીને પ્રતિક્રમણવિધિ લખે છે તો પ્રતિક્રમણમાં પણ વિસ્તારે

દેવવંદના કરવી સિદ્ધ થઈ. એનો જવાબ એ છે કે પૂર્વાચાર્યોના કરેલા ગર્ભહેતુઓમાં તો વિસ્તારથી દેવવંદના લખી નથી અને આધુનિક ગર્ભહેતુ ગચ્છ-ગચ્છના જુદાં-જુદાં છે, તેમાં કેટલાકમાં તો સામાન્ય પ્રકારે ચૈત્યવંદના લખી છે ને કેટલાકમાં જિનગૃહમાં વિસ્તારેથી દેવવંદના કરી પ્રતિક્રમણ કરવું. તે માટે પ્રસંગપ્રાપ્ત વિસ્તારે ચૈત્યવંદનાવિધિ એ લખી સંભવે છે. જેમ **"जलं वस्त्रगालितमेव पेयं नागालितमपि"** એટલે પાણી ગળીને પીવા યોગ્ય છે, પણ અણગળેલું ન પીવું એ વાક્યમાં વિશેષણ વિધિ નિષેધ્યો. વિશેષણમુસંક્રામ એ ન્યાયના બળે કરીને જલ ગળવાનો જ ઉપદેશ ત્રસજીવ રક્ષાર્થે કર્યો. પણ જળપાન તથા જળના જીવોની વિરાધનાનો ઉપદેશ નથી, તેમ જિનગૃહમાં વિસ્તારે વિધિ કરીને તથા પ્રતિક્રમણ અવસરે સામાન્ય વિધિએ ચૈત્યવંદના વિના પ્રતિક્રમણ નહીં પણ પ્રતિક્રમણમાં ચૈત્યવંદના ન જાણવી, તથા જ્યાં સામાન્ય તથા વિશેષ વિધિ હોય ત્યાં સામાન્ય શાસ્ત્રથી વિશેષ શાસ્ત્ર બળવાન હોય એ ન્યાયથી વિશેષ વિધિમાં જેનું વિશેષપણું કહ્યું હોય તે ગ્રહણ કરવું. તેમ જ આગમમાં કહ્યું છે. તે પાઠ :

कामीसघरंगणउ थुलपइणासि होइ दट्ठव्वा ।

छेयणभेयणकरणउदिट्ठकडं पि से भुंजेति ॥१॥ (निशीथभाष्ये उ. १५)

एतच्चूर्ण्येकदेशो यथा जं चउद्दिट्ठकडं तं कडसामाइओवि भुंजइ एवं सो सव्वविरइओ ण हवइ एतेन कारणेन तस्स ण कप्पइ दाउत्ति ॥ अस्य भावार्थोऽन्यत्रैवमुक्तं सामायिकं चेह भोजनभणनेन पौषधिक-स्यैवावसातव्यं यत्तु तथाभूतस्यापि सामायिकस्य भावस्तवत्वेन व्यपदेशः तत् व्यवहारतः संयतानुक्तातिमात्रेणावसातव्यः निरवद्यत्वात् तदपि श्रमणकल्पस्यैव श्रमणोपासकस्य सत्त्वात् यदागमः सामाइयंमि उ कए समणो इव सावओ हवइ जम्हत्ति ॥ श्री आव. नि. ॥ अत एव कृतसामायिकः श्रमणोपासकोऽपि श्रमणवत् कुसुमादिभिर्जिनेन्द्रपूजां

न करोति प्रत्याख्यानकरणकारापणांरभस्य सचित्तस्पर्शस्याप्य-कल्पत्वात् श्रमणकल्पभंगापत्तेश्च तथात्वे च जिनाज्ञोल्लंघनेन पूजाया अप्यनर्थहेतुत्वं स्यात् ज्ञानादिनां त्रयाणामपि विराधकत्वात् यदागमः -

आणाइच्चिय चरणं तब्भंगे जेणं किं न भग्गंति ।
आणं च अइक्कमंतो कस्साएसा कुणइ सेसं ॥१॥ उपदेशपदे ॥

ભાવાર્થ :- અહીં ચૂર્ણિના પાઠમાં સામાન્ય વિધિએ સામાયિકમાં ભોજન કરવું શ્રાવકને કહ્યું પણ પૌષધનું નામ કહ્યું તોપણ ગ્રંથકારોએ પૌષધના સામાયિકમાં શ્રાવકને ભોજન કરવું સ્વીકાર કર્યું અને "**समणो इव सावओ हवइ जम्हा**" આ પાઠમાં શ્રાવકને જિનેન્દ્રપૂજાનો નિષેધ નથી કર્યો, પણ સાધુવત્ કલ્પ-આચારે નિષેધ કર્યો. તેમ અહીં પણ ગ્રંથકારોએ ચૈત્યવંદનામાં તથા ચૈત્યવંદનાવિધિમાં અથવા ગર્ભહેત્વાદિક પ્રતિક્રમણવિધિમાં દેવવંદન તથા ચતુર્થપ્રવચનભક્ત દેવતા સ્તુતિ લખે છે તે પ્રસંગપ્રાપ્ત વિધિએ લખે છે, પણ પૂર્વોક્ત ન્યાયે સ્વ-સ્વ પ્રસંગે જાણવી. તેમજ વિધિપ્રપાદિ ગ્રંથોમાં લખે છે તે પાઠ :

तओ अहारायणियाए साहू वंदित्ता तहा देवसिय पडिक्कमणमारंभंति जहा चेइयवंदणाणंतरं अद्धनिबुडिएसूरिए सामाइयसुत्तं कहंति सावयाण पुण वावारबाहुल्लेण अत्थमिएवि पडिक्कमंति तहा साहुणो रयणीचरमजामे जागरियसत्तट्ठ नवकारेण भणिय इरियं पडिक्कमिय कुसुमिणदुस्समिणुस्सग्गे उज्जोयचउक्कं ठिंतिय सक्कत्थएण चेइए वंदिय मुहपोत्तिं पडिलेहिय खमासमणदुगेण सज्जायंसंदिसाविय नवकारसामाइयं च तिक्खुत्तो कड्ढिय अहारायणियाए साहू वंदिय सज्झाय काउं काले पडिक्कमणाणंतरं मुहपोत्ती रयहरणनिसिज्जादुग-चोलपट्टक-कप्पतिग-संथारुत्तरपट्टेसु पडिलेहिएसु जहा सूरो उट्ठेइ तहा विलंतुलित्ता राइयं पडिक्कमंति तहा चेइयवंदणाणंतरं साहुणो खमासमणदुगेण बहुवेलं संदिसावेमि बहुवेलं करेमित्ति भणित्ता आयरियाई वंदंति सावया पुण बहुवेलं न संदिसाविमि बहुवेलं करेमित्ति भणित्ता आयरियाई वंदंति साविया पुण बहुवेलं न संदिसाविमि ॥

ભાવાર્થ :- એમાં પણ ચૈત્યવંદનાનંતર અર્ધનિબુડિત સૂર્યે પ્રતિક્રમણ ઠાઈ સામાયિકસૂત્ર કહે એ દેવસિપ્રતિક્રમણ કાલ કહ્યો. અને રાત્રિ પ્રતિક્રમણાનંતર ૧૦ પડિલેહણા કરે સૂર્ય ઉદય થાય એ પ્રાભાતિક પ્રતિક્રમણ કાલ કહ્યા પછી ચૈત્યવંદના કરી બહુવેલ સંદિસાવે કહ્યું પણ પ્રતિક્રમણકાલમાં ચૈત્યવંદના ન કહી. તેથી આ ગ્રંથનો અભિપ્રાય કેટલોક આવશ્યક-ચૂર્ણિકારાદિથી મળતો જણાય છે. કેમ કે આવશ્યકચૂર્ણિકારાદિક કહે છે કે જો નિકટ ચૈત્ય હોય તો ચૈત્ય વાંદે, નહીંતર પડિલેહણા કરે. તથા વાચનાંતરે એક શક્રસ્તવે કરીને પણ જઘન્ય ચૈત્યવંદના કહી. તેથી પ્રતિક્રમણમાં આદિ-અંત નમસ્કાર શક્રસ્તવ કરી સામાન્ય ચૈત્યવંદના સંભવે પણ વિશેષ ચૈત્યવંદના તો ચૈત્યમાં જ સંભવે. કારણ કે **जइ चेइयाणि अत्थि तओ वंदिज्ज** આ વચનથી સર્વ ગ્રંથોમાં પ્રાય ચૈત્યોમાં જ ચૈત્યવંદના લખી છે. માટે શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીએ પણ ગર્ભહેતુસ્વાધ્યાયમાં બાર અધિકાર સહિત વિસ્તારે દેવવંદના કહી છે તે પણ જિનગૃહસંબંધી જાણવી, પણ પ્રતિક્રમણ સંબંધી ન જાણવી. કેમ કે ઉપર લખેલા બહુ શાસ્ત્રોમાં વિસ્તારથી નિરંતર જિનગૃહમાં ત્રણ થોય પૂર્વક તથા પૂજા-પ્રતિષ્ઠાદિ કારણે ચતુર્થ સ્તુતિ સહિત ત્રણ થોય પૂર્વક ચૈત્યવંદના કરવાની કહી છે. અને પ્રતિક્રમણના આદિ-અંતમાં જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદના કરવાની કહી છે. સર્વ આચાર્યોનો એક જ મત છે, તેથી સુજ્ઞ જન ભવભીરુ પુરુષોને તો શાસ્ત્રની સૂચનામાત્રથી બોધ થઈ જાય છે, જ્યારે બહુ ગ્રંથોના લેખ દેખે ત્યારે તો તેઓને કિંચિત્માત્ર પણ કદાગ્રહ રહેતો નથી. તે માટે અહીં બહુ નમ્રપણે આત્મારામજી આનંદવિજયજીને કહીએ છીએ કે શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી મ. સા.ના કથન પ્રમાણે વર્તવાની ઇચ્છા હોય તો પ્રથમ તો તમે :

સૂત્ર વિરુદ્ધ આચરે થાપે અવિધિના ચાલા રે,
તે અતિ નિબિડ મિથ્યામતિ, બોલે ઉપદેશમાલા રે ॥૧॥

એ વચનને પ્રમાણ કરો પછી શ્રી પ્રતિમાશતકમાં ઉપાધ્યાયજીએ શ્રી કલ્પભાષ્ય સિદ્ધાંતની સાક્ષીએ ત્રણ થોયની ચૈત્યવંદના કહી તેને અંગીકાર

કરો અને ત્યારપછી ઉપાધ્યાયજીનો શોધેલો ધર્મસંગ્રહ, તેમાં શ્રાવકને સામાયિક લેતાં પ્રથમ કરેમિ ભંતે એટલે પ્રથમ સામાયિક ઉચ્ચરી પછી ઇરિયાવહી કહેવાની કહી છે તેની યથાર્થ પ્રરૂપણા કરો. **तथा चोक्तं श्रीधर्मसंग्रहे** -

आवश्यकसूत्रमपि सामायिअं नाम सावज्जजोगपरिवज्जणं णिरवज्जजोगपडिसेवणं चेति तत्रायमावश्यचूर्णियोगशास्त्रवृत्त्याद्युक्तो विधिर्यथा श्रावकः सामायिककर्ता द्विधा भवति ऋद्धिमाननृद्धिकश्च । योऽसावनृद्धिकः स चतुर्षु स्थानेषु सामायिकं करोति जिनगृहे साध्वंतिके पौषधशालायां स्वगृहे वा यत्र वा विश्राम्यति निर्व्यापारो वा आस्ते तत्र च यदा साधुसमीपे करोति तदायं विधिः यदि कस्माच्चिदपि भयं नास्ति केनचिद्विवादो नास्ति क्षणं वा न धारयति मा भूत्तत् कृताकर्षणापकर्षणनिमित्तसंक्लेशः तदा स्वगृहेऽपि सामायिकं कृत्वा ईर्यां शोधयन् सावद्यां भाषां परिहरन् काष्ठलोष्ट्वदिना यदि कार्यं तदा तत्स्वामिनमनुज्ञाप्य प्रतिलिख्य प्रमार्ज्य च गृह्णन् खेलसिंघाणकादींश्चाविवेचयन् विवेचयंश्च स्थंडिलं प्रत्यवेक्ष्य प्रमृज्य पंचसमितिसमितस्त्रिगुप्तिगुप्तः साध्वाश्रयं गत्वा साधून्नमस्कृत्य सामायिकं करोति तत्सूत्रं यथा करेमि भंते सामाइअं सावज्जं जोगं पच्चक्खामि जाव साहू पज्जुवासामि दुविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामित्ति ॥ एवं कृतसामायिक ईर्य्यापथिक्याः प्रतिक्रामति पश्चादागमनमालोच्य यथाज्येष्ठमाचार्यादीन्वंदते पुनरपि गुरुं वंदित्वा प्रत्युपेक्षितासने निविष्टः शृणोति पठति पृच्छति वा एवं चैत्यभवनेऽपि द्रष्टव्यं । यदा तु पौषधशालायां स्वगृहे वा सामायिकं गृहीत्वा तत्रैवास्ते तदागमनं नास्ति । यस्तु राजादिमहर्द्धिकः स गंधसिंधुरस्कंधाधिरूढश्छत्रचामरादिराज्यालंकृतो हास्तिकाश्वीयपादातिकरथकाद्यापरिकरितो भेरीभांकारभरितांबरतलो बंदिवृंदकोलाहलाकुलीकृत-

नभस्तलोऽनेकसामंतमंडलेश्वराहमहमिकासंप्रक्ष्येयमाणपादकमलः पौरजनैः सश्रद्धमंगुल्योपदर्श्यमानो मनोरथैरुपस्पृश्यमानस्तेषामेवांजलिबंधान् लाजाजलिपातान् शिरः प्रणामाननुमोदमानः अहो धन्यो धर्मो य एवंविधैरुपसेव्यते इति प्राकृतनरैर्विश्लाघ्यमानोऽकृतसामायिक एव जिनालयं साधुवसतिं वा गच्छति तत्र गतो राजककुमदानि छत्रचामरोपानन्मुकुटखंडरूपाणि परिहरति आवश्यचूर्णौ तु मउडं न अवणेइ कुंडलाणि णाममुद्दं च पुप्फंतं बोलापावारगमादि वोसिरइ त्ति भणितं जिनार्चनं साधुवंदनं वा करोति यदित्वसौ कृतसामायिक एव गच्छेत्तदा गजाश्वादिभिरधिकरणं स्यात्तच्च न युज्यते कर्त्तुं तथा सामायिकेन पादाभ्यामेव गंतव्यं तच्चानुचितं भूपतीनां आगतस्य च यद्यसौ श्रावकस्तदा न कोऽप्यभ्युत्थानादि करोति अथ यथाभद्रकस्तदा पूजा कृत्वा स्तु इतिपूर्वमेवासनं मुंचति आचार्यश्च पूर्वमेवात्थिता आसते मा उत्थानानुत्थानकृता दोषा भूवन्निति आगतश्चासौ सामायिकं करोतीति पूर्ववत् ॥

એ પાઠમાં કથન કરેલી સામાચારી તથા જૈનમતથી વિરુદ્ધ જે એકાંતે ચોથી સ્તુતિ સ્થાપન કરી ત્રણ થોયની નિષેધરૂપ પ્રરૂપણાથી કેટલાક ભોળા જીવોને વ્યુદ્ગ્રાહિત કર્યા છે તેમને પાછા સામાયિક કહેવી તથા પૂર્વધર પૂર્વાચાર્યોનો ત્રણ થોયનો મત છે તેને યથાર્થ કહીને સત્યાસત્ય સમજાવો અને ઉત્સૂત્રપ્રરૂપણાનો મિથ્યાદુષ્કૃત આપો. તો અવશ્ય તમારો મનુષ્યજન્મ સફળ થશે, નહીંતર જિનવચનથી વિરુદ્ધ ચાલવાથી કોણ જાણે કેવી કેવી અવસ્થા આ સંસારમાં ભોગવવી પડશે ? તે જ્ઞાની મહારાજ જાણે, અને પોતાના ક્ષયોપશમ પ્રમાણે આપણે પણ જાણીએ છીએ તો બુદ્ધિમાનોને ઘણું શું કહેવાનું ?

इति चतुर्थस्तुतिनिर्णयशंकोद्धारे अपरनाम्नि चतुर्थस्तुतिकुयुक्तिनिर्णयच्छेदनकुठारे पूर्वधरपूर्वाचार्यसम्मतेः प्रतिक्रमणाद्यंतगोचरे विस्तारे चैत्यवन्दनानिषेधपूर्वकजघन्योत्कृष्टचैत्यवन्दनानिदर्शनो नाम चतुर्दशः परिच्छेदः ॥१४॥

अथ पंचदशः परिच्छेद :

પ્રશ્ન :- શ્રુતદેવતા, ક્ષેત્રદેવતા તથા ભુવનદેવતાના કાયોત્સર્ગ પૂર્વાચાર્યો પ્રતિક્રમણમાં કરતાં આવ્યાં તે તમે કેમ કરતાં નથી ?

જવાબ :- પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક સંબંધી દેવસી પ્રતિક્રમણના અંતમાં શ્રુતદેવતા, ક્ષેત્રદેવતા, ભુવનદેવતાના કાયોત્સર્ગ જેમ પૂર્વાચાર્યો કરતાં આવ્યાં તેમ જ અમે પણ કરીએ છીએ, પણ કારણ વિના નિરંતર કરતાં નથી.

પ્રશ્ન :- શ્રુતદેવતાને નમસ્કાર તથા તેનો કાયોત્સર્ગ શા માટે કરો છો ?

જવાબ :- શ્રુતદેવતાનો નમસ્કાર તથા તેનો કાયોત્સર્ગ વાણીને આરાધવાને અર્થે કરીએ છીએ.

પ્રશ્ન :- શ્રુતદેવતાને વાણીરૂપે આરાધન કરો છો કે દેવતારૂપે આરાધન કરો છો ?

જવાબ :- શ્રુતદેવતાને કારણ વિના વાણીરૂપે આરાધન કરીએ છીએ અને કારણે દેવતારૂપે પણ આરાધન કરીએ છીએ.

પ્રશ્ન :- શ્રુતદેવતાને વાણીરૂપે નમસ્કાર તથા તેનું આરાધન કરવું ક્યાં કહ્યું છે ?

જવાબ :- શ્રી ભગવતીસૂત્ર શતક-૧૫માની આદિમાં **"नमो सुयदेवयाए भगवईए"** એવો પાઠ છે, તેનો અર્થ એમ છે કે નમસ્કાર થાઓ શ્રુતદેવતા ભગવતીને, એ પાઠમાં શ્રી ગણધરદેવે શ્રુતદેવતાને નમસ્કાર કર્યો તે શ્રી જિનવાણીને કર્યો સંભવે છે, પણ દેવતાને કર્યો સંભવતો નથી. કારણ કે શ્રી ગણધર દેવને ચારે નિકાયના દેવતા નમસ્કાર કરે એવું જૈનસિદ્ધાંતોમાં કહ્યું છે, પણ શ્રી ગણધરદેવ ચારે નિકાયના દેવતાને નમે એવું કોઈ પણ જૈનસિદ્ધાંતમાં કહ્યું નથી. તથા શ્રી નિશીથસૂત્રની આદિમાં **"नमो सुयदेवयाए"** એવો પાઠ છે તેનો અર્થ શ્રી અમદાવાદ પાંજરાપોળના ભંડારમાં જીર્ણ બહુ વર્ષોનું પુસ્તક છે તેમાં જેવી રીતે લખ્યો છે તેવી રીતે લખીએ છીએ :

"नमो सुयदेवयाए"

અર્થ : નમસ્કાર હો સૂ. શ્રુત જે દ્વાદશાંગીરૂપ અરિહંતના પ્રવચન તેને તે શ્રુતના ઈષ્ટ દેવતાને નમસ્કાર કીધાં મંગલિકનો અર્થ હોય, તે ઈહાં શ્રુતનો ઈષ્ટ દેવતા અરિહંતને નમસ્કાર હોવો અને અરિહંત સિદ્ધને નમસ્કાર કરે છે તે ભણી તે શ્રુત અરિહંત તીર્થંકરોને નમસ્કાર હો, અથવા ગણધરદેવ સૂત્રના ગુંથણહાર તેહને નમસ્કાર હો.

ઈત્યાદિ બીજા પણ સૂત્રોમાં જિનવાણીરૂપ શ્રુતદેવતાને શ્રી ગણધરાદિકે નમસ્કાર કર્યા છે, પણ દેવતારૂપે નમસ્કાર કર્યો નથી. તથા શ્રી આવશ્યક-ચૂર્ણિમાં શ્રુતદેવતા એટલે જિનવાણીની આશાતના વર્જી છે. તે પાઠ :

सुयदेवयाए आसायणाएत्ति ॥ सुयदेवया जीए सुयमहिट्ठियं तीए आसायण नत्थि सा अकिंचित्करी वा एवमादि ॥

અર્થ :- શ્રુતદેવી જેનાથી શ્રુત અધિષ્ઠિત છે તેની આશાતના એમ જે - શ્રુતદેવી નથી, છે તો શું કરનારી ? એમ કહે તો આશાતના.

तथा च श्रीआवश्यकबृहद्वृत्तौ - तत्पाठः -

श्रुतदेवताया आशातनाक्रिया प्राग्वत् । आशातना तु श्रुतदेवता सा न विद्यते, अकिंचित्करी वा न ह्यनधिष्ठितो मौनीन्द्रः खल्वागमः अतोऽसावस्ति न चाकिंचित्करी तामालंब्य प्रशस्तमनसः कर्मक्षय-दर्शनात् ॥

અર્થ :- શ્રુતદેવીની આશાતના કરવાથી અતિચારક્રિયા પૂર્વની જેમ જાણવી. શ્રુતદેવીની આશાતના કેમ લાગે છે તે કહે છે - શ્રુતદેવતા ભગવંતની જે વાણી તે નથી, છે તો શું કરે છે ? તેણી શી સમર્થ છે ? એમ કહે તેને એમ કહીએ કે તીર્થંકરનાં આગમ છે તે નિશ્ચે અધિષ્ઠાયક વિના નથી. એટલે એ શ્રુતદેવી જિનેન્દ્રની વાણી મહાસમર્થ છે. એ કાંઈ નથી કરતી એમ પણ ન જાણવું. કેમ કે જે ભવ્ય પ્રાણી એને શુભમનથી આલંબન કરીને ધારે છે તેના કર્મક્ષય થાય.

એ પાઠમાં શ્રુતદેવીના આલંબનથી કર્મનો ક્ષય દર્શાવ્યો. તેથી ઉત્સર્ગે

જિનવાણીનો જ સંભવ થાય. તેમ જ શ્રી આરાધનાપતાકામાં કહ્યું છે. તે પાઠ -

जा दिट्ठिदाणमित्तेण देई पणईणनरसुरसमिद्धिं सिवपुररज्जं आणारयाणे वी ताइ नमो ।

અર્થ :- જે દૃષ્ટિ દેવામાત્રે કરીને આજ્ઞામાં રક્ત એવા પ્રાણી-પુરુષોને નર-સુરની ઋદ્ધિ આપે અને મોક્ષનું રાજ્ય આપે તે શ્રુતદેવીને નમસ્કાર થાઓ. ॥૧॥

આ પાઠમાં નર-સુર સમૃદ્ધિ અને મોક્ષની આપનારી શ્રુતદેવી કહી, તે જિનવાણીરૂપ શ્રુતદેવી જાણવી. અન્યથા અન્ય દેવ-દેવી પ્રાણીઓના ભાગ્યોદય વિના કશું આપવાને સમર્થ નથી, તો નર-સુર સમૃદ્ધિ તથા મોક્ષનું રાજ્ય દેવાને સમર્થ ક્યાંથી હોય ? એટલે કે ન જ હોય. પણ અહીં કોઈ કહે છે કે શ્રુતદેવી વ્યંતરાદિ પ્રકાર સરસ્વતી નામની દેવી તેના કાયોત્સર્ગ પ્રમુખ ધ્યાન-સ્મરણ કરવાથી જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ થવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય, તે જ્ઞાનથી કોઈક પ્રાણિઓનો મોક્ષ થાય. માટે વ્યંતરાદિ પ્રકાર શ્રુતદેવીના કાયોત્સર્ગ પ્રમુખ પણ પ્રતિક્રમણાદિમાં કરવા યુક્ત છે, તેને કહીએ કે હે મહાનુભાવ ! કથંચિત્ પ્રકારે એમ હોય તોપણ પ્રતિક્રમણાદિ વ્યવહારક્રિયામાં કારણ વિના ગ્રહણ ન થાય. કેમ કે મલયગિરિજી આચાર્યાદિ કૃત આવશ્યકબૃહદ્વૃત્ત્યાદિકમાં બ્રાહ્મી પ્રમુખ વનસ્પતિના સેવનથી પણ જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ કહ્યો છે, તેથી પણ જ્ઞાનપ્રાપ્તિ થાય છે અને તે જ્ઞાનથી પણ કોઈક પ્રાણીને મોક્ષ થાય છે, તો તમારા કથનથી તો બ્રાહ્મી પ્રમુખ વનસ્પતિના પણ કાયોત્સર્ગ પ્રમુખ પ્રતિક્રમણાદિ ક્રિયામાં કરવા સિદ્ધ થયા. તે પ્રમાણે સ્વગચ્છ અને પરગચ્છમાં કોઈ પણ કરતાં નથી. તેથી વ્યંતરાદિ પ્રકાર શ્રુતદેવીના આરાધનથી મોક્ષ થાય એવો જિનશાસનનો વ્યવહાર નથી, પણ જિનવાણીરૂપ શ્રુતદેવીના આરાધનથી મોક્ષ થાય એ જ જિનમતનો વ્યવહાર છે. તે માટે જે કોઈ જિનવાણીરૂપ શ્રુતદેવીનો કાયોત્સર્ગ તથા સ્તુતિનિષેધ કરીને વ્યંતરાદિ પ્રકાર શ્રુતદેવીના કાયોત્સર્ગ પ્રતિક્રમણ પ્રમુખમાં સ્થાપન કરે છે તે

જિનમતના જ્ઞાનરૂપ નેત્રોથી રહિત છે એમ જાણવું, તથા જિનવાણીરૂપ શ્રુતદેવીની જૈન ગ્રંથોમાં ઘણી પ્રતિપત્તિ દેખાય છે. **तथाहि उत्तराध्ययन-बृहद्वृत्तौ - तत्पाठः -**

यत्प्रभावादवाप्यंते पदार्थाः कल्पना विना सा देवी संचिदेनः स्तादस्तु कल्पलतोपमां ॥१॥

અર્થ :- જેના પ્રભાવથી પદાર્થો કલ્પના રહિત પામીએ એટલે બહુ વિચાર વિના જ રુડા અર્થ પામીએ તે દેવી અમોને સંચિત ભણીએ એટલે જ્ઞાનની દેનારી થાઓ, તે કેવી છે કે કલ્પલતાની ઉપમાને અસ્ત કરી છે જેણે એટલે કલ્પલતાનો તેની આગળ શું માલ છે ? એવી એ પાઠમાં પણ દેવી શબ્દે જિનવાણી જ સંભવે. તથા આવશ્યકબૃહદ્વૃત્તિનો પાઠ :

प्रणिपत्य जिनवरेन्द्रवीरं श्रुतदेवतां गुरून् साधून् इत्यादि ।

અર્થ :- તથા જિનવરેન્દ્ર શ્રી મહાવીરને તથા શ્રુતદેવતાને તથા સાધુ એવા ગુરુઓને નમસ્કાર કરીને આવશ્યકસૂત્રની વૃત્તિ રચું છું.

તેમજ શ્રી અનુયોગદ્વારવૃત્તિમાં પણ શ્રુતદેવીને નમસ્કાર કર્યો છે. તે પાઠ :

यस्याः प्रसादमतुलं संप्राप्य भवंति भव्यजननिवहाः अनुयोग-वेदिनस्तां प्रयतः श्रुतदेवतां वंदे ॥१॥

અર્થ :- જેનો અતુલ પ્રસાદ પામીને ભવ્યજનના સમૂહ તે અનુયોગ એટલે સૂત્રાર્થના જાણનાર હોય તે શ્રુતદેવતાને યત્નથી વાંદું છું.

तथा श्री विशेषावश्यकवृत्तौ - तत्पाठः

यस्याः प्रसादपरिवर्द्धितशुद्धबोधाः
पारं व्रजंति सुधियः श्रुततोयराशेः ।
सानुग्रहा मयि समीहितसिद्धयेऽस्तु
सर्वज्ञशासनरता श्रुतदेवताऽसौ ॥१॥

અર્થ :- જેના પ્રસાદથી વધ્યો છે શુદ્ધબોધ જેમને એવા સુબુદ્ધિજન

શ્રુતજલનિધિથી પાર પામે તે માહરી સમીહિત એટલે વાંછિત સિદ્ધિને અર્થે અનુગ્રહ સહિત થાઓ. આ શ્રુતદેવતા કેવા છે કે સર્વજ્ઞના શાસનમાં રક્ત એટલે કેવલીના માર્ગનાં પ્રવર્તવામાં રક્ત એવી છે.

તથા પંચસંગ્રહટીકામાં મલયગિરિ આચાર્ય શ્રુતદેવીનો અર્થ એમ કરે છે. તે પાઠ :

श्रुतद्वादशांगं तद्रूपा देवी श्रुतदेवी तस्याः प्रसादतः ॥

અર્થ :- શ્રુત તે બાર અંગ, તે રૂપ જે દેવી તે શ્રુતદેવી. તેના પ્રસાદથી એ પ્રકરણ રચ્યું.

એમાં શ્રુતરૂપ દેવી તેને શ્રુતદેવી કહી તે દ્વાદશાંગરૂપ દેવી. તથા ઉપચારે વાણીનો પણ અર્થ સંભવે. તેથી જાણીએ છીએ કે શ્રુતદેવી ભગવંતની વાણી છે, પણ એકાંતે શ્રુતને જ શ્રુતદેવી માને, વાણીને શ્રુતદેવી ન માને, તેને પાક્ષિકસૂત્રવૃત્તિકાર પ્રશ્નપૂર્વક જિનેન્દ્રવાણીરૂપ શ્રુતાધિષ્ઠાતૃ દેવતાને દૃઢ કરે છે. તે પાઠ :

सूयगाहा - श्रुतमर्हत्प्रवचनं श्रुताधिष्ठातृ देवता श्रुतदेवता संभवति च श्रुताधिष्ठातृदेवता यदुक्तं कल्पभाष्ये -

सव्वं च लक्खणोवेयं समहट्ठंति देवता ।

सुत्तं च लक्खणोवेयं जे ण सव्वण्णु भासियंति ॥

भगवती पूज्यतमा ज्ञानावरणीयकर्म्मसंघातं ज्ञानघ्नकर्म्मनिर्वहं तेषां प्राणिनां क्षपतु क्षयं नयतु सततमनवरतं येषां किमित्याह श्रुतमेवाति-गंभीरतया अतिशयरत्नप्रचुरतया सागरः समुद्रः श्रुतसागरः तस्मिन् भक्तिर्बहुमानो विनयश्च समस्तीति गम्यते । ननु श्रुतरूपदेवताया उक्तरूपविज्ञापना युक्ता श्रुतभक्तेः कर्म्मक्षयकारणत्वेन सुप्रतीतत्वात् श्रुताधिष्ठातृदेवतायास्तु व्यंतरादिप्रकाराया न युक्ता तस्याः परकर्म्म-क्षपणेऽसमर्थत्वादिति तत्र श्रुताधिष्ठात्रिदेवता गोचरशुभप्रणिधानस्यापि स्मर्तुः कर्म्मक्षयहेतुत्वेनाभिहितत्वात् । तदुक्तं - सुयदेवयाए जीए संभरणं कम्मक्खयकरं भणियं नत्थित्ति अकज्जकरीव एवमासायणा तीए ।

किं चेहेदमेव व्याख्यानं कर्तुमुचितं येषां सततं श्रुतसागरे भक्तिस्तेषां श्रुताधिभक्तिस्तेषां श्रुताधिष्ठातृदेवता ज्ञानावरणीयकर्म्मसंघातं क्षपयत्विति वाक्यार्थोपपत्तेः व्याख्यानांतरे तु श्रुतरूपदेवता श्रुते भक्तिमतां कर्म्म क्षपयत्विति सम्यग्नोपपद्यते श्रुतस्तुतेः प्राग् बहुशोऽभिहितत्वाच्चेति । तस्मात्प्रस्थितमिदमर्हत्पाक्षिकी श्रुतदेवतेह गृह्यत इति ॥

ભાવાર્થ :- શ્રુત જે અરિહંત ભગવંતનું પ્રવચન તે શ્રુતની અધિષ્ઠાતા દેવતા તે શ્રુતદેવતા સંભવે છે. કલ્પભાષ્યમાં પણ તેમજ કહ્યું છે - સર્વ શુભલક્ષણ સહિત પદાર્થને દેવતા સમધિષ્ઠિત છે. જે માટે સર્વજ્ઞ ભાષિત સૂત્ર પણ સર્વ શુભલક્ષણ સહિત છે તેથી દેવાધિષ્ઠિત છે. તથા કેવી છે શ્રુતદેવતા ભગવતી ? એટલે અધિક પૂજ્ય છે તે શ્રુતદેવી, જેમાં જ્ઞાનાદિક બહુ રત્ન ભરેલા મહાગંભીર એવો શ્રુત સમુદ્ર તેની જે ભક્તિ-બહુમાન-વિનય તેને વિશે જે પ્રાણીઓના અંતઃકરણ છે તેના કર્મસમૂહનો નાશ કરો, એ તાત્પર્ય.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શ્રુતરૂપદેવતાને જે વિનંતી કરવાની કહી છે તે યુક્ત છે. કેમ કે શ્રુતની ભક્તિ તે કર્મક્ષય કારણપણે કરી પ્રસિદ્ધ છે તેથી અને શ્રુતાધિષ્ઠાતા દેવતા તો વ્યંતરાદિ પ્રકારના છે. તે વડે કરી એ પૂર્વોક્ત વિજ્ઞપ્તિ કરવી યુક્ત નથી. કેમ કે તેનું તો બીજાના કર્મક્ષય કરવામાં અસમર્થપણું હોય. તેથી ત્યાં કહે છે કે સ્મરણ કર્તાને શ્રુતાધિષ્ઠાતા દેવતા વિશે શુભ પ્રણિધાન છે તે પણ કર્મક્ષય કારણપણે કરીને કહ્યા છે. તે જ કહે છે - શ્રુતદેવતા જે તેનું સંભારવું એટલે યાદ કરવું તે કર્મક્ષયકારણ કહ્યું. પણ એ કાંઈ કરતાં નથી એમ કહે તો તેની આશાતના કહી. તથા અહીં એ જ વ્યાખ્યાન કરવું ઉચિત છે જે નિરંતર શ્રુતસમુદ્રને વિશે ભક્તિવંત તેમનાં શ્રુતઅધિષ્ઠાયિક દેવતા જ્ઞાનાવરણીયકર્મસમૂહને ક્ષય કરો. એ વાક્યાર્થ થાય છે. વ્યાખ્યાનાંતરમાં શ્રુતરૂપદેવતા તે શ્રુતને વિશે ભક્તિવંતોના કર્મનો નાશ કરો, એ અર્થ બરાબર પ્રતિપાદન થતો નથી. કેમ કે શ્રુતની સ્તુતિ વિષે તો પૂર્વે બહુ પ્રકારે કહ્યો તે કારણ માટે એમ સિદ્ધ થયું કે અરિહંતપાક્ષિક શ્રુતદેવતા તે ઈહાં ગ્રહણ કરવા.

અહીં ટીકાકારે પ્રશ્નકારકને કહ્યું કે તમે શ્રુતભક્તિ કર્મક્ષયકારણપણે શ્રુતરૂપ દેવતા એવો વ્યાખ્યાનાંતર માનશો તો શ્રુતને વિશે ભક્તિવંતોના કર્મ ખપાવો. આવા અર્થની સમ્યક્ ઉત્પત્તિ ન થાય. કેમ કે શ્રુતસ્તુતિ પૂર્વે બહુ કરી છે. માટે અર્હત્પાક્ષિકી શ્રુતદેવતા ગ્રહણ કરવી એટલે અર્હત્પક્ષથી પ્રાપ્ત એવી જિનવાણીરૂપ શ્રુતાધિષ્ઠાતા એટલે શ્રુતવ્યાપક દેવતા અહીં ગ્રહણ કરવી પણ શ્રુતરૂપ દેવતા તથા વ્યંતરાદિ પ્રકારની ગ્રહણ ન કરવી. કેમ કે શ્રુત તે અર્હત્ પ્રવચન તેને વિશે અધિષ્ઠાતૃ એટલે વ્યાપક તેને શ્રુતાધિષ્ઠાત્રી દેવતા કહીએ. તે જિનવાણી તે વિષયી શુભ પ્રણિધાનનો પણ સ્મરણ કરનાર તે કર્મક્ષયહેતુપણે કરીને ઇષ્ટસિદ્ધિ થાય છે. મહાનિશીથસૂત્રમાં તેમજ કહ્યું છે. ઉપરાંત સર્વભાવે કરીને રાગ રતિ-અરતિ વર્જિત એકચિત્તે આ શ્રુતદેવી વિદ્યા ચૈત્યાલયમાં જપે તો સર્વ દુઃખ હણી પરમ નિર્વૃત્તિ એટલે મોક્ષકારી હોય. તે શ્રુતદેવી તે જિનેન્દ્રવાણી જ જાણવી. કેમ કે જિનવાણીને શ્રુતદેવી આગમમાં કહી છે. તે પાઠ :

अक्खरमत्ताहिणं जं च घढिऊणं आयाणमाणोवि ।

ते खमउ मज्झ सव्वं जिणवयणं विणिग्गयावाणि ॥

એ ગાથાની ટીકામાં વાણીને જ શ્રુતદેવી કહી છે. અહીં કોઈ કહેશે કે ટીકાકારનો તો વ્યંતરાદિ પ્રકારની શ્રુતદેવી થાપવાનો અભિપ્રાય સંભવે છે, પણ વાણીનો સંભવતો નથી. તેને કહીએ કે - તત્ત્વદૃષ્ટિએ વિચારવું કે પ્રશ્નકારનું શ્રુતરૂપ દેવતાનું સ્થાપન અને વ્યંતરાદિ પ્રકારના શ્રુતદેવતાનો ઉત્થાપન એ અભિપ્રાય જાળવીને વાક્યાર્થઉપપત્તિએ કરી શ્રુતરૂપ દેવતાનું ખંડન અને વ્યાખ્યાનાંતરે કરીને અર્હત્પાક્ષિકી શ્રુતાધિષ્ઠાતૃ દેવતા જિનેન્દ્રવાણીરૂપ શ્રુતદેવીનું ટીકાકારે સ્થાપન કર્યું. પણ વ્યંતરાદિ પ્રકારનું સ્થાપન એકાંતે ન કર્યું. કેમ કે વ્યંતરાદિ પ્રકારના શ્રુતદેવતા બીજાઓના કર્મ ખપાવવામાં સમર્થ ન હોય. પણ શ્રુતરૂપ દેવતા કર્મ ખપાવવામાં સમર્થ હોય. એ પ્રશ્નકારકનો અભિપ્રાય જાણીને ટીકાકારે જિનેન્દ્રવાણીરૂપ શ્રુતદેવીનું સ્થાપન કરી પ્રશ્નકારકના બંને અભિપ્રાય ખંડન કર્યા સંભવે છે. પણ વ્યંતરાદિ પ્રકારનું સ્થાપન નથી સંભવતું. કેમ કે આવશ્યકમાં

"देवाणं आसायणाए देवीणं आसायणाए" એ પાઠમાં દેવ-દેવી સંબંધી આશાતનાના અતિચાર કહી ચૂક્યા અને વલી **"सुयदेवी आसायणाए"** એ કહેવાનું શું કારણ છે ? કોઈ કહેશે કે એ વાણીની અધિષ્ઠાતા છે. તે કહીએ કે બીજા પણ શાસનના અધિષ્ઠાતા છે. આશાતના તો બધાયની ન કરવી, એક અધિષ્ઠાતાને જુદો પાડીએ તો બીજાને પણ જુદા પાડવા પડે. માટે વાણીને જ શ્રુતાધિષ્ઠાત્રી કહેવાશે. તેની આશાતનાને માટે જુદો અતિચાર છે. અને જે વ્યંતરદેવી છે તેનો તો અતિચાર **"देवाणं आसायणाए देवीणं आसायणाए"** આ પાઠમાં અતિચાર જાણવો. અન્યથા ભિન્ન પાડવાથી તો વેયાવચ્ચગરાણં આસાયણાએ એમ પણ જોઈએ. તથા ઉપચારે વ્યંતરાદિ પ્રકારની શ્રુતદેવી ગ્રહણ કરીએ તોપણ સ્તુતિ-નમસ્કાર તો જિનવાણીના જ સિદ્ધ થાય. જેમ તીર્થ શબ્દે શ્રી ભગવતીજીમાં ચતુર્વિધસંઘ કહ્યો, પણ આધારઆધેયભાવસંબંધે કરી કથંચિત્ અભેદે ચતુર્વિધસંઘને નમસ્કાર તે શ્રુતને નમસ્કાર જાણવો. શ્રુતે કરીને જ તે સંઘને નમસ્કરણીયપણાથી, એમ અહીં પણ શ્રુતાધિષ્ઠાતૃ વ્યંતરાદિક પ્રકારની વિજ્ઞપ્તિ પણ જિનેન્દ્રવાણીને જ જાણવી. પછી બહુશ્રુત નિરીહપણે કરી કહે તે પ્રમાણ.

પૂર્વપક્ષ :- આવશ્યકબૃહદ્વૃત્તિમાં તો શ્રુતદેવીની આશાતના વર્જવી એવો સાધારણ અર્થ છે, પણ શ્રુતદેવી તે જિનવાણી છે કે વ્યંતરાદિ પ્રકારની બીજી કોઈ દેવી છે એમ સ્પષ્ટ નિર્ધાર વિના શ્રુતદેવી તે જિનવાણી છે એમ કહો છો તે તમારી મનકલ્પનાએ કહો છો કે પૂર્વપુરુષોના લેખના આધારથી કહો છો ?

જવાબ :- પૂર્વપુરુષોના લેખના આધારથી શ્રુતદેવીને જિનવાણી કહીએ છીએ. **तथाहि श्रीसेनप्रश्ने- तत्पाठः -**

तथा श्रीह्रीप्रभृतिदेव्यश्चतुर्विंशतिजिनयक्षिण्यः षट्पंचाशद्-दिक्कुमार्यः सरस्वती श्रुतदेवी शासनदेवीत्येतासां मध्ये का भवनपति-निकायवासिन्यः काश्च व्यंतरनिकायवासिन्य इति साक्षरं व्यक्त्या प्रसाद्यमिति प्रश्न । श्रीह्रीप्रभृतिषट्देव्यो भवनपतिनिकायांतर्गता इति

मलयगिरिकृतबृहत्क्षेत्रविचारटीकायामिति । तथा चतुर्विंशतिजिन-यक्षिण्यस्तु व्यंतरविकायांतर्गताः एव संभाव्यंते यत उक्तं संग्रहणीसूत्रे वंतरपुण अट्ठविहा पिसायभूआ तहा जक्खेत्यादि तथा षट्पंचाशद्-दिक्कुमार्यस्तु श्रीआवश्यकचूर्णौ षट्पंचाशद्दिक्कुमारीणां ऋद्धिवर्णने वाणमंतरेहिं देवेहिं देवीहिं सद्धिं संपरिवुडा इत्याद्युक्तानुसारेण व्यंतरनिकायांतर्गता ज्ञायंत इति तथा शासनदेवी तु जिनयक्षिण्येव नापरेति तथा सरस्वती श्रुतदेवी तु पर्य्यायांतरमिति ज्ञायते परं कुत्रापि तथायुर्माननिकायादि न दृश्यत इति ॥

એ પાઠમાં તપાગચ્છના નાયક શ્રી સેનસૂરિજીએ પ્રશ્નોત્તર કર્યો કે સરસ્વતી અને શ્રુતદેવી એ બે પર્યાયાંતર નામ જણાય છે, પરંતુ તેના આયુના પ્રમાણ તથા નિકાયાદિ જૈનશાસ્ત્રોમાં કોઈ ઠેકાણે દેખાતા નથી. એ અભિપ્રાયથી ૧ શ્રુતદેવી કહો તથા સરસ્વતી કહો ઇત્યાદિ અનેક પર્યાયનામ જિનવાણીનાં જ સંભવે છે. અન્યથા જો વ્યંતરાદિ નિકાયમાં શ્રુતદેવી હોય તો તેના આયુર્માન તથા નિકાયાદિક પણ શાસ્ત્રોમાં દર્શાવ્યા જોઈએ.

તથા શ્રી અમદાવાદમાં પાંજરાપોળના જ્ઞાનભંડારમાં પ્રાચીનાચાર્યકૃત સાધુપ્રતિક્રમણસૂત્રસ્તબક નામના જીર્ણ પુસ્તકમાં શ્રુતદેવ તીર્થંકર-ગણધરાદિકને કહ્યાં છે. તે જેમ છે તેમ અક્ષર લખીએ છીએ.

सुयदेवयाणं आसायणाए ।

અર્થ :- સુય. શ્રુતદેવ તીર્થંકર તથા ગણધરાદિક. તેહની આશાતના કરી હુએ તે.

તથા ધીરવિમલજીશિષ્ય નયવિમલજી અર્થાત્ જ્ઞાનવિમલસૂરિજીકૃત પ્રતિક્રમણસૂત્રસ્તબકમાં શ્રુતદેવીને જિનવાણી કહી છે.

तत् भाषा पाठ : सुयदेवयाए आसायणाए

અર્થ :- શ્રુતદેવતા વીતરાગની વાણી પાંત્રીસ વાણીગુણયુક્ત હતી તો કેમ પાખંડી પ્રતિબોધાતા નથી ? ઇત્યાદિ રૂપ તથા શ્રુતદેવી શાસના-ધિષ્ઠાયિકાની.

તથા શ્રી જ્ઞાનવિમલસૂરિજીકૃત પાક્ષિકસૂત્ર બૃહદ્વૃત્તિ બાલાવબોધમાં પણ શ્રુતદેવ તે જિનવાણી લખી છે. પણ ગ્રંથગૌરવના ભયથી તે બાલાવબોધની ભાષા લખી નથી.

પ્રશ્ન :- જિનવાણીને શ્રુતદેવી કોઈ ગ્રંથમાં કહી હોય તો શ્રુતદેવીને જિનવાણી કહેવાય અન્યથા ન કહેવાય.

ઉત્તરપક્ષ :- ઉપદેશમાલાસૂત્રવૃત્તિ તથા સ્તબક બાલાવબોધમાં જિનવાણીને શ્રુતદેવી સ્પષ્ટપણે કહી છે. તે પાઠ અનુક્રમે લખીએ છીએ. ત્યાં પ્રથમ ઉપદેશમાલાવૃત્તિનો પાઠ :

अक्खरमत्ताहीणं जं चिय पढियं अयाणमाणेणं ।
तं खमओ मज्झसव्वं जिणवयणविणिग्गया वाणी ॥५४५॥

व्याख्या - अक्खरेत्ति । अक्षरेणमात्रयाऽथवाहीनं नूनं उपलक्षणा-दधिकं वा अत्र ग्रन्थे यत्किंचिन्मया पठितं भणितं कीदृशेन मया ? अजानतं तं शब्देन तत् हीनाधिकाक्षरत्वादिदूषणम् मम संबंधिसर्वं समग्रं क्षमतां जिनवयणेत्ति जिनवदनात् जिनमुखात् विनिर्गता निसृता एतादृशी वाणी श्रुतदेवी एकाग्रचित्तेन भव्यैः श्रोतव्या ॥५४५॥

અર્થ :- અક્ષરે કરીને અથવા માત્રાએ કરીને ઓછું અથવા ઉપલક્ષણથી વધારે આ ગ્રંથમાં જો કિંચિત્માત્ર મેં ભણ્યો, કેવોક છું ? અજાણપણાથી તં શબ્દ કરીને તે હીનાધિક અક્ષરાદિક દૂષણ મારા સંબંધી ખમો, જિનમુખથી નીકળેલી એવી વાણી તે શ્રુતદેવી એકાગ્રચિત્તે કરી ભવ્ય જીવોએ શ્રવણ કરવી. ॥૫૪૫॥

એ પાઠમાં જિનવાણીને શ્રુતદેવી કહી તેમજ પ્રાચીનાચાર્યકૃત તત્સ્તબક ભાષા :

अक्खरमत्ताहीणं जं चिअ पढिअं अयाणमाणेणं ।
तं खमओ मज्झसव्वं जिणवयणविणिग्गया वाणी ॥५४४॥

अक्खरे - અક્ષરે અથવા મત્તાકે માત્રાએ કરીને હીણંકે હીન-અધિકું -નથવા ઓછું જંચિયકે જે કાંઈ વલી પઢીઅંકે કહ્યું હોય અયાણમાણેણંકે

અજાણપણે શ્રી ઉપદેશમાલામાં તંકે તે ખમઓકે ખમો સાંસહો મજ્ઝકે માહરું સવ્વંકે સઘલું એ કુણ જિણવયણકે જિન-વીતરાગના મુખ થકી વિણિગ્ગયાકે નીકલી એવી જે વાણીકે વાંણી શ્રુતદેવતા તે. ॥૫૪૪॥

તથા આત્મારામજી આનંદવિજયજીએ શ્રી સત્યવિજયજી પંન્યાસને પોતાની પટ્ટપરંપરામાં માન્યા છે. તેમના શિષ્ય શ્રી વૃદ્ધિવિજયજીએ શ્રી ઉપદેશમાલા પદાર્થમાં પ્રગટ જિનવાણીને શ્રુતદેવી કથન કરી છે. તે પાઠ જેમ લખ્યો છે તેમ લખીએ છીએ.

अक्खरमत्ताहीणं जं चिअ पढिअं अयाणमाणेणं ।
तं खमओ मज्झसव्वं जिणवयणविणिग्गया वाणी ॥५४४॥

અક્ખરકે અક્ષરે કરીને અથવા મત્તાકે માત્રે કરીને હીણંકે હીન અધિકું અથવા ઓછું જંચિયકે જે કાંઈ વલી પઢિઅં કે કહિઓ હોએ અયાણમાણેણંકે અજાણપણે એ શ્રી ઉપદેશમાલામાંહે તંકે તે ખમઓકે ખમો સાંસહો મજ્ઝે કે માહરું સવ્વંકે સઘલું એ કુંણ જિણવયણકે જિન-વીતરાગના મુખ થકી વિણિગ્ગયાકે નીકલી એહવી જે વાણીકે વાણી શ્રુતદેવતા તે. ॥**श्रीमद्यशो-विजयवाचकसत्प्रसादान्निष्पायादितोऽयमतिमंदजनस्य हेतोः स श्रीक-सत्यविजयाह्वगणींद्रमुख्यशिष्येण वृद्धिविजयेन पदार्थगुंफः ॥१॥**

હવે જાણવું જોઈએ કે આત્મારામજી આનંદવિજયજીની ગુરુપરંપરાવાળા જો જિનવાણીને શ્રુતદેવી માનતા આવ્યા તે વચન ફેરવી શ્રુતદેવીને વ્યંતરરૂપે માની તેમના વચન જૂઠા માનવાં ત્યારે તો ગુરુ પણ જુઠા સિદ્ધ થાય. અને જો આત્મારામજી આનંદવિજયજીના ગુર્વાદિક જૂઠા હતા તો એમની તો શી ગતિ થશે ? તથા ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ-૧૫૩-૧૫૪ તથા પૃષ્ઠ-૧૭૧-૧૭૨માં શ્રુતદેવીનો અર્થ જિનવાણી તજીને આવશ્યકસૂત્ર પ્રમુખના પાઠ લખ્યા તે અને વ્યંતરાદિ પ્રકાર શ્રુતદેવીના કાયોત્સર્ગ તથા તેની થોય પ્રમુખ પ્રતિક્રમણમાં કરવાનો અભિપ્રાય જણાવ્યો છે. તે એકાંતે પોતાના પૂર્વાપરવિરુદ્ધ વચનની નિશાની જાણવી સંભવે છે. કેમ કે "**नमो सुअदेवयाए**" એ પાઠનો અર્થ આત્મારામજી આનંદવિજયજીએ

સમકિતશલ્યોદ્ધાર પૃષ્ઠ-૭૮માં એવી રીતે લખ્યો છે તે પાઠપૂર્વક અર્થ જેમ છે તેમ લખીએ છીએ. ॥ **"नमो सुअदेवयाए"** ॥ એ સૂત્રે કરીને ગણધરદેવે જિનવાણીને નમસ્કાર કર્યો છે. ॥ એ રીતે પોતાને હાથે શ્રુતદેવીનો અર્થ જિનવાણી લખીને હવે ભોળા લોકોને ભ્રમજાળમાં ફસાવવા પૂર્વોક્ત કૂડા લેખ લખ્યા છે. તે પોતાની મૂર્ખતારૂપ વિદ્વત્તાને પ્રગટ કરી છે. તે ભવ્યજીવ અપક્ષપાતી જનોને ચિંતનકરવા યોગ્ય છે. તથા શ્રી હરિભદ્રસૂરિજીએ સ્તુતિસ્તોત્રરૂપે સંસારદાવાની સ્તુતિસ્તવના કરી છે તેમાં આમૂલાલોલધૂલી ઇત્યાદિ ચોથી થોય રચી છે તે પણ જિનવાણીરૂપ શ્રુતદેવતાની છે. કેમ કે તેમાં ॥ભવવિરહવરં દેહિ મે દેવી સારં ॥ એ વાક્યે કરી દેવીની પાસે સંસારનો વિરહ એટલે વિજોગ અર્થાત્ મોક્ષની યાચના કરી છે. તે જિનવાણીરૂપ શ્રુતાધિષ્ઠાતૃ શ્રુતદેવતા વિના બીજી વ્યંતરાદિ પ્રકાર શ્રુતદેવી મોક્ષદાતા જૈનસિદ્ધાંતોમાં કહી નથી તેથી. શ્રી હરિભદ્રસૂરિજીએ જિનવાણીરૂપ શ્રુતદેવતા પાસે મોક્ષ માંગ્યો છે, પણ વ્યંતરાદિ પ્રકાર શ્રુતદેવતા પાસે મોક્ષ માંગ્યો સંભવતો નથી. અને અમલદલકમલાગાર-ભૂમિનિવાસે તથા વરકમલકરે ઇત્યાદિ વિશેષણો છે તે ઉપમારૂપે છે એટલે તીર્થંકરના મુખરૂપ કમલના ઘરમાં વાસ છે જે વાણીરૂપ શ્રુતદેવીનો ઇત્યાદિ વૃત્તિપરંપરાનુભવે તે સર્વ ઉપમારૂપ વિશેષણોના અર્થ સંભવે છે. તથા શ્રી ભગવતીસૂત્રમાં જેમ જિનવાણીનું નામ શ્રુતદેવી પ્રતિપાદન કર્યું છે તેમ પ્રાચીનાચાર્યકૃત વાંગ્યાષ્ટકમાં જિનવાણીનું વાગેશ્વરી નામ પ્રતિપાદન કર્યું છે.

तथा च तत्पाठः ॥

जिनावदेशजाता जिनेन्द्रा विख्याता, विशुद्धा प्रबुद्धाननालोकमाता ।
दुराचारदुरनैहराशंकराणी नमो देविवागेश्वरी जैनवाणी ॥१॥
सुधा धर्मसंसाधनी धर्म्मशाला, मुधा तापनिर्नाशनी मेघवाला ।
महामोहविध्वंसनी मोक्षदानी, नमो देविवागेश्वरी जैनवाणी ॥२॥
अंखेवृक्षशाखावितीताभिलाषा, चिदानंदभूपालकीराजधानी ।
नमो देविवागेश्वरी जैनवाणी ॥३॥

समाधानरूपा अनूपा अछुद्रान्मनेकांतधास्याद्वादांकमुद्रा ।
त्रिधा सप्तधा द्वादशांगीवक्खानी, नमो देविवागेश्वरी जैनवाणी ॥४॥
अकोपा अमाना अदंभा अलोभा, श्रुतज्ञानरूपीमतिज्ञानशोभा ।
महापावनाभावनाभव्यमानी, नमो देविवागेश्वरी जैनवाणी ॥५॥
अतीता अजीता सदानिर्विकारा, विषवाटिकाखंडनीखड्गधारा ।
पुरा पापविच्छेदकर्त्री कृपानी, नमो देविवागेश्वरी जैनवाणी ॥६॥
अगाधा अबाधा निरंधा निरासा, अनंता अनादिश्वरीकर्मनाशा ।
निःशंका निरंका चिदंका भवानी, नमो देविवागेश्वरी जैनवाणी ॥७॥
अशोका मुदोका विवेकी विधानी, जगज्जंतुमित्रा विचित्रावसानी ।
समस्तावलोका निरस्ता निदानी, नमो देविवागेश्वरी जैनवाणी ॥८॥

એ અષ્ટકમાં જેમ જિનવાણીનું પર્યાયાંતર નામ વાગેશ્વરી પ્રતિપાદન કર્યું તેમ સંસારદાવા પ્રમુખ સ્તુતિ-સ્તોત્રાદિકમાં દેવી ભગવતી, સરસ્વતી, શારદા, બ્રહ્માણી, બ્રહ્મસુતા પ્રમુખ જે-જે પર્યાયાંતર નામે કરી જૈનશાસ્ત્રોમાં નમસ્કારાદિ કર્યા છે તે સર્વે જિનવાણીને જ સંભવે છે, પણ વ્યંતરાદિ પ્રકાર દેવી-દેવતાને સંભવતા નથી. કેમ કે આવશ્યકવૃત્ત્યાદિકમાં **गुणाहियं वंदे ॥** એટલે ગુણાધિકને વંદન કરવું કહ્યું છે, પણ ન્યૂન ગુણવાળાને કહ્યું નથી. તો સુવિહિત ગચ્છક્રિયાના ધોરી શ્રી હરિભદ્રસૂરિજી તે છઠ્ઠા ગુણઠાણાના ધણી તે પાંચમા ગુણઠાણાવાળાને નમસ્કાર ન કરે તો ચોથા ગુણઠાણે રહ્યા દેવી-દેવતાને નમસ્કારાદિક કેમ કરે ? તે બુદ્ધિવંતોએ વિચારવું થાય છે. વધારે લખવાની શું જરૂર છે ?

પ્રશ્ન :- શ્રી તીર્થંકરદેવ પણ સમવસરણમાં બેસતાં નમો તિત્થસ્સ એ વચને કરી ચતુર્વિધસંઘને નમસ્કાર કરે છે તો સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવી પણ ચતુર્વિધસંઘને અંતર્ભૂત છે. એ અપેક્ષાએ તીર્થંકરદેવ પણ સમ્યગ્દૃષ્ટિ દેવતાઓને નમસ્કાર કરે છે, તો બીજા સાધ્વાદિક કરે તેમાં તો શો દોષ ?

જવાબ :- શ્રી તીર્થંકરદેવ નમો તિત્થસ્સ એ શબ્દવડે શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે. શા માટે ? કે નમસ્કાર છે તે ઇષ્ટદેવને થાય અને તીર્થંકરોને શ્રુત

છે તે સિદ્ધોની પેઠે ઇષ્ટદેવ છે. **तथा चोक्तं श्री भगवतीसूत्रवृत्तौ । तत्पाठः -**

नमो सुयस्सत्ति । नमस्कारोऽस्तु श्रुताय द्वादशांगीरूपायार्हत्प्रवचनाय नन्विष्टदेवतानमस्कारो मंगलार्थो भवति न च श्रुतमिष्टदेवतेति कथमयं मंगलार्थ इति ? अत्रोच्यते, श्रुतमिष्टदेवतैवार्हतां नमस्करणीयत्वात् सिद्धवन्नमस्कुर्वति च श्रुतमर्हतो नमस्तीर्थायेति भणनात् तीर्थं च श्रुतं संसारसागरोत्तारणासाधारणत्वात् तदाधारत्वेनैव च संघस्य तीर्थ-शब्दाभिधेयत्वात् तथा सिद्धानपि मंगलार्थमर्हतो नमस्कुर्वंत्येव काऊण नमोक्कारं सिद्धाणयमभिग्गहंतु सो गिण्हे इति वचनादिति ॥

અર્થ :- નમસ્કાર થાઓ શ્રુત તે દ્વાદશાંગીરૂપ અર્હત્ પ્રવચનને. અહીં કોઈ કહે કે ઇષ્ટદેવતાનો નમસ્કાર મંગલ અર્થે અને શ્રુત તો ઇષ્ટદેવ નથી. તે માટે કેમ એ શ્રુતદેવ મંગલાર્થ થાય ? એનો જવાબ શ્રુત છે તે જ ઇષ્ટદેવ છે. શા માટે કે અરિહંતોને પણ એ નમસ્કાર યોગ્યપણા માટે સિદ્ધના નમસ્કારની પેઠે શ્રુતને તીર્થંકર નમે છે. નમસ્તીર્થાય એ કહેવાથી તીર્થ શબ્દે અહીં શ્રુત ગ્રહણ કરવું. કેમ કે સંસારસમુદ્ર તારવા અસાધારણપણા માટે વળી જો શ્રુતના આધારપણે કરીને જ સંઘનું તીર્થ એવું નામ છે તે કારણ માટે એટલે ચતુર્વિધ સંઘમાં શ્રુત રહ્યું છે તેથી સંઘને તીર્થ કહી બોલાવ્યું. તથા સિદ્ધો પ્રતે પણ મંગલને અર્થે અરિહંત છે. તે નમસ્કાર કરે જ છે કાઊણ નમોક્કારં ઇત્યાદિ નિર્યુક્તિકારનું વચન છે જે નમસ્કાર સિદ્ધોને કરીને અભિગ્રહ ભગવાન ગ્રહણ કરે માટે સિદ્ધ ઇષ્ટ છે તેમ શ્રુત પણ ઇષ્ટ છે. તેથી મંગલાર્થક જાણવો.

એ અર્થમાં શ્રુતને જ નમસ્કાર છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને તો કહ્યો નથી. જો આધારના ઉપચારે નમસ્કાર સિદ્ધ કરીએ તો પૂર્વોક્ત સર્વ આચાર્યોના વચન વિરોધી થાય. નિર્યુક્તિકાર જે **असंजती न वंदियव्वा** કહે છે તે પણ વિરોધ પામે. માટે સંઘ શબ્દમાં પણ ગુણાધિક થાપીને નમીએ, પણ ન્યૂનગુણીને નમવાથી તો સર્વ વ્યવહાર અસમંજસ થાય છે. ગુરુ શિષ્યને વાંદે, સાધુ-સાધ્વી તે શ્રાવક-શ્રાવિકાને વાંદે એમ થાય તો

સર્વ સૂત્રથી વિપરીતતા થઈ જાય. માટે વિચારવું જોઈએ કે શ્રુતને જ તીર્થ કહી વાંદે એ જ વાત નિર્યુક્તિકાર આવશ્યકમાં લખે છે.

गाथा ॥ तित्थपणामं काउं कहेइ साहारणेण सद्देणं ।
सव्वेसिं सन्नीणं जोयणनीहारिणा भयवं ॥४५॥
तपुव्विया अरहया पूइयपूया य विणयकंमं च ।
कयकिच्चो वि जयकहं कहेइ नमए तहा तित्थं ॥४६॥

એ બે ગાથાઓમાં સૂત્રને જ તીર્થ કહ્યું છે. એની વૃત્તિ શ્રી હરિભદ્રસૂરિજીની કરેલી તેમાં પાઠ એમ છે :

तित्थपणामं गाहा० ।

व्या. - नमस्तीर्थायेत्यभिधाय प्रणामं च कृत्वा कथयति साधारणेन प्रतिपत्तिमंगीकृत्य शब्देन केषां साधारणेनेत्याह सर्वेषाममरनरतिरश्चां संज्ञिनां किंविशिष्टेन योजननिर्हारिणायोजनव्यापिना भगवानित्येतदुक्तं भवति भगवतो ध्वनिरशेषसमवसरणस्थसंज्ञिभिर्जिज्ञासितार्थ-प्रतिपत्तिनिबंधनं भवति भगवतः सातिशयत्वादिति गाथार्थः ॥४५॥

आह कृतकृत्यो भगवान् किमिति तीर्थप्रणामं करोतीत्युच्यते तप्पुव्वियागाहा० ।

व्या. तीर्थं श्रुतज्ञानं तत्पूर्विका अर्हता तीर्थकत्रा तदभ्यासप्राप्ता पूजितेन पूजा पूजितपूजा सा च कृताऽस्य भवति । लोकश्च पूजित-पूजकत्वाद् भगवताप्येतत्पूजितमिति प्रवृत्ते तथा विनयं कर्म च वक्ष्यमाण वैनयिकधर्ममूलं कृतं भवति अथवा कृतकृत्योऽपि यथा कथां कथयति नमति तथा तीर्थमिति आहैवमपि धर्मकथनं कृतकृतस्यायुक्तमेव न तीर्थंकरनामगोत्रकर्मविपाकत्वादुक्तं तं च कह वेदिज्जतीत्यादि गाथार्थः ॥४६॥

ભાવાર્થ :- નમસ્કાર થાઓ તીર્થ ભણી એમ કહી પ્રણામ કરીને દેવ-મનુષ્ય-સંજ્ઞિતિર્યંચ પ્રમુખ સર્વને સાધારણ એટલે સમજવામાં આવે એવી

એક યોજનમાં વ્યાપ્તમાન ભગવંત વાણી કહે. અહીં એમ કહ્યું જે ભગવાનની ધ્વનિ સર્વ સમવસરણમાં રહ્યા એવા સંજ્ઞી જીવોએ વાંછ્યા જે અર્થ તેને પ્રાપ્તિની કારણભૂત થાય. કારણ કે ભગવાનના એવા અતિશય છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે સર્વ કાર્ય કરી રહ્યા એવા ભગવાન શા માટે તીર્થને નમે છે ? તેને ઉત્તર - તીર્થ નામ શ્રુતજ્ઞાનનું છે તે શ્રુતજ્ઞાનપૂર્વક અરિહંત તીર્થકર્તા તેના (શ્રુતજ્ઞાનના) અભ્યાસથી તીર્થંકર થયા એટલે પૂર્વે શ્રુતજ્ઞાન પામ્યા પછી તે શ્રુતજ્ઞાને કરી ક્રિયાકલાપ કરવાથી તીર્થંકર થયા. એ શ્રુતનો ઉપચાર જાણી શ્રુતજ્ઞાનને નમે છે. વળી, તીર્થંકર જેની પૂજા કરે તે લોકમાં પૂજિત છે એવું જણાવવાને પણ નમસ્કારપ્રવૃત્તિ છે. તથા વિનયમૂલ ધર્મ કર્યો થાય એટલે વિનય જાણવો. અથવા જે કૃતકૃત્ય થયા તે પણ કથા કહે, શ્રુતને નમે, તો બીજાઓને તો અવશ્ય એમ કહ્યું. અહીં કોઈ વલી પ્રશ્ન કરે કે એમ ધર્મ કહેવો તે પણ કૃતકૃત્યને ન જોઈએ ? તેનો ઉત્તર એ છે જે એમ ન બોલવું. કેમ કે એ ભગવાનને હાલમાં તીર્થંકરનામગોત્રકર્મનો વિપાક માટે ધર્મકથા છે. ને એમ ન માનશો તો તે તીર્થંકરનામકર્મનો વિપાક કેમ છૂટશે ? એ નિર્યુક્તિનું વચન છે. એ પાઠમાં તો તીર્થ શબ્દે શ્રુતને નમસ્કાર છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનું કથન નથી ૨ તથા દીપિકામાં પણ એમ જ છે. તે પાઠ :

तित्थ नमो तित्थस्सेत्युक्त्वा प्रणामं कृत्वाऽर्द्धमागधगिरा सर्वसंज्ञिनां योजननिर्हारिणा योजनव्यापिना कथयति ।।छ।।४६।। किं तीर्थं नमतीत्याह - तप्पुव्विए० तीर्थं प्रवचनं तत्पूर्विका अर्हता पूजितेन पूजाऽस्य कृता स्यात् लोकस्य पूजितपूजकत्वात् लोके विनयमूलधर्म्म-स्थापनाय विनयकर्म च कृतं स्यात् यद्वा कृतकृत्योऽपि प्रभुर्यथा धर्मकथां तथा तीर्थमपि नमति ।।४७।।

આ કથનમાં પણ પૂર્વ જેવું જ કથન છે, પણ સંક્ષેપાર્થ કહે છે. નમો તિત્થસ્સ એમ પ્રણામ કરી અર્ધમાગધી ભાષામાં સર્વ સંજ્ઞી જીવોને સાધારણ શબ્દે કરી યોજનવ્યાપક વાણી કહે પણ તીર્થને શા માટે નમે ? તે કહે છે - પ્રવચન જાણવાથી અર્હત્ થયા તેની પૂજા કરી થયા લોક પૂજિતને પૂજે છે

માટે વિનયમૂલ ધર્મ સ્થાપન કર્યો એટલે વિનય બતાવ્યો. ઈત્યાદિ એમાં પણ તીર્થ નામ શ્રુતનું છે. ॥૩॥

તથા ગુણાધિક વિના વાંદવાની પ્રવૃત્તિ પણ જણાતી નથી. કેમ કે એ જ આવશ્યકમાં કેવલી પ્રમુખને પણ સમવસરણમાં ગુણાધિક વાંદવાની પ્રતિપત્તિ જણાવી છે. એટલે જે પર્ષદામાં બેસે તે કેવલી ત્રણ પ્રદક્ષિણા કરી તીર્થંકરને વાંદે, પછી તીર્થ શબ્દે ગણધરપદ ગુણાધિક તેને વાંદે, પછી ગણધર પાછળ બેસે. પણ બીજા સાધુ-સાધ્વી તીર્થ શબ્દથી ચતુર્વિધ સંઘમાં છે તોપણ ગુણાધિક વિના તેમને વાંદે નહીં, તો અવિરતિ દેવ-દેવ્યાદિકને વાંદવાનો વ્યવહાર ધર્મ સંબંધમાં ક્યાંથી સંભવે ? **तथा च तत्पाठः** -

केवलिणो तिऊण जिणं तित्थपणामं च मग्गओ ।

तस्समणमाईवि नमं तावयं तिसट्ठाणसट्ठाणं ॥३४॥

એની ટીકાનો પાઠ :

केवलि गाहा० व्या. केवलिनस्त्रिगुणं त्रिः प्रदक्षिणीकृत्य जिनं तीर्थकरं तीर्थं प्रणामं च कृत्वा मार्गतस्तस्य तीर्थस्य गणधरस्य निषीदंतीति क्रियाध्याहारः मणमाईत्ति मनःपर्यवज्ञानिनोऽपि भगवंत-मभिवंद्य तीर्थं केवलिनश्च पुनः केवलिपृष्ठतो निषीदंतीति आदिशब्दात् निरतिशयसंयता अपि तीर्थंकरादिनभिवंद्य मनःपर्य्यायज्ञानिनां पृष्ठतो निषीदंती तथा वैमानिकदेव्योऽपि तीर्थंकरादीनभिवंद्य साधुपृष्ठतः तिष्ठंति न निषीदंति इत्यादि ॥

એનો ભાવાર્થ એ છે કે જે સમવસરણમાં ૧૨ પર્ષદા બેસે ત્યારે કેવલી ત્રણ પ્રદક્ષિણા કરીને તીર્થંકરને નમે, બીજા મનઃપર્યવજ્ઞાનના ધરનાર તે ભગવંતને વાંદી તીર્થ અને કેવલીઓને નમીને કેવલી પાછળ બેસે. આદિ શબ્દથી અતિશયવંત સાધુ પણ તીર્થંકરાદિકને વાંદી મનઃપર્યવજ્ઞાનીઓની પાછળ બેસે, એ રીતીથી જાણીએ છીએ કે ગુણાધિકોને વાંદવાનો વ્યવહાર છે. અહીં તીર્થ શબ્દ ગણધરવાચી પણ છે. ત્યાં કોઈ કહેશે કે કેવલીથી અધિક ગણધર કેમ ? તેને કહીએ કે ગણધરપદવી માટે અધિક છે પણ

તીર્થકરે નમસ્કાર જે તીર્થને કર્યો તે તો ટીકાકારે ખુલાસાથી શ્રુતનો લખ્યો છે અને ભગવતીમાં સંઘને તીર્થ કહ્યો છે પણ ત્યાં તીર્થકર નમે એવું કહ્યું નથી. તે પાઠ :

तित्थं भंते तित्थे तित्थंकरे तित्थे ॥१॥ गोयमा अरहा ताव णियमं तित्थंगरेति तित्थे पुण चाउवण्णाइण्णे समणसंघे तंजहा समणा-समणीओ सावगा-साविआओ पवयणं भंते पवयणं पावयणीपवयणं गोयमा अरहा ताव णियमं पावयणी पवयणं पुण दुवालसंगे गणिपीडगे तंजहा आयारो जाव दिट्ठिवाओ ।

वृत्तिः - तित्थं भंते इत्यादि । तीर्थं संघरूपं भदंत तित्थंति तीर्थशब्दवाच्य उत तीर्थकरस्तीर्थं तीर्थशब्दवाच्यं इति प्रश्नः । अत्रोत्तरं अर्हन् तीर्थकरस्तावत्तीर्थप्रवर्त्तयिता न तु तीर्थं । तीर्थं पुनः चाउवणाइण्णे समणसंघेति चत्वारो वर्णा यत्र स चतुर्वर्णः स चासावाकीर्णश्च क्षमादिगुणैर्व्याप्तश्चतुर्वर्णाकीर्णः क्वचित् चउवणेसमणसंघेति पठ्यते तच्च व्यक्तमेवेति उक्तानुसार्य्येव । आह पवयणं भंते इत्यादि । प्रकर्षेणोच्यतेऽभिधेयमनेनेति प्रवचनमागमस्तत भदंत प्रवचनं प्रवचनशब्दवाच्यं काक्षाध्येतव्यं उत प्रवचनी प्रवचन प्रणता जिनः प्रवचनं दीर्घता च प्राकृतत्वात् ॥

એ પાઠનો પરમાર્થ એ છે કે ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે ભગવાન્ ! તીર્થ સંઘરૂપ તે તીર્થ શબ્દનો વાચક છે કે તીર્થકર તીર્થ શબ્દ વાચક છે ? એમ પૂછે ઉત્તર આપ્યો જે અરિહંત છે તે તો તીર્થકર, તીર્થ પ્રવર્તાવનારા છે અને તીર્થ તો ક્ષમાદિ ગુણે વ્યાપ્ત એવો ચતુર્વર્ણ સંઘરૂપ છે. તેને ચતુર્વર્ણાકીર્ણ કહીએ. કોઈ ઠેકાણે "**चउवणे समणसंघे**" એવો પાઠ છે, તેનો પણ અર્થ સુગમ એટલે ચાર વર્ણ સાધુ ॥૧॥ સાધ્વી ॥૨॥ શ્રાવક ॥૩॥ શ્રાવિકા ॥૪॥ એ તીર્થ છે. તીર્થકર કર્તા છે તે તીર્થ નથી. એ પ્રશ્નોત્તરમાં તીર્થ શબ્દે ચતુર્વિધસંઘ કહ્યો તેમાં પ્રવચન રહ્યું છે માટે. પ્રવચનનો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્ પ્રવચન તે પ્રવચન છે કે પ્રવચની તે પ્રવચન પ્રરૂપનારો

પ્રવચન છે ? એ પ્રશ્ન. તેનો ઉત્તર - હે ગૌતમ ! અરિહંત તો નિશ્ચે પ્રવચનના પ્રરૂપક છે તે પ્રવચન નથી. પ્રવચન તો વળી બાર અંગ ગણી કરંડિયો (દ્વાદશાંગ ગણિપીટક) આચારાંગાદિક તે પ્રવચન છે.

એ પાઠમાં પ્રથમ પ્રશ્નોત્તરમાં તીર્થ શબ્દે ચતુર્વિધસંઘ કહ્યો. એને લગતો જ પ્રવચનનો પ્રશ્નોતત્ર કહ્યો છે. તે આધારઆધેયભાવસંબંધે કરી ચતુર્વિધસંઘને તીર્થ કહ્યો સંભવે છે. તેથી જ આવશ્યકવૃત્ત્યાદિકમાં પ્રવચન તે શ્રુતજ્ઞાન અને પ્રવચનના કર્તા પ્રથમ ગણધરને તીર્થ શબ્દે કરી ગ્રહણ કર્યા છે. માટે તીર્થ શબ્દે ॥૧॥ શ્રુતજ્ઞાન ॥૨॥ પ્રથમ ગણધર અને ॥૩॥ ચતુર્વિધસંઘ આ ત્રણે અર્થ જાણવા, પણ શ્રી તીર્થંકરદેવ તો તીર્થ શબ્દે શ્રુતજ્ઞાનને પરમ ઉપકારી ગુણાધિક જાણીને નમસ્કાર કરે અને સામાન્ય કેવલી તે તીર્થંકરને તથા તીર્થ શબ્દે કરી પ્રથમ ગણધરને પ્રવચનના પ્રરૂપક તથા પ્રવચનના કર્તા એ અપેક્ષાએ ગુણાધિક જાણી નમસ્કાર કરે અને યાવત્ નિરતિશયવંત સાધુ તે અતિશયવંત સાધુને ગુણાધિક જાણી તીર્થ શબ્દે નમસ્કાર કરે, પણ ગુણહીનને નમસ્કાર કરે નહીં. અને ચતુર્વિધસંઘને નમસ્કાર છે તે પણ શ્રુતને જ છે. કેમ કે શ્રુતના આધેયથી જ ચતુર્વિધસંઘને તીર્થ કહ્યો છે. તેથી નમો લોએ સવ્વસાહૂણં એ પાઠમાં શિષ્ય ગુરુ નમસ્કારવત્ તીર્થ શબ્દે કરી ચતુર્વિધસંઘને સમુદાયવાચી નમસ્કાર સંભવે છે. પણ જુદા જુદા નામ પાડી નમસ્કાર સંભવતો નથી. અને જો જુદા જુદા નામ પાડી નમસ્કારનો સંભવ કરીએ તો સાધુ શ્રાવકને નમે અને શ્રાવક સાધુને નમે એ વ્યવહાર જિનશાસનમાં દેખાતો નથી. તેનો લોપ થાય. કેમ કે મહાવ્રતની ધારણ કરનારી સદશ ગુણઠાણે રહી સાધ્વીજીને પણ સાધુ નમતાં નથી, તો હીન ગુણસ્થાનકે રહ્યા શ્રાવકાદિકને કેમ નમે ? અને હીન ગુણસ્થાનકે રહ્યા શ્રાવકાદિકને ન નમે તો અવિરતિ ગુણસ્થાનકે રહ્યા દેવ-દેવીને તો નમે જ કેમ ? અર્થાત્ ન જ નમે. તથા કોઈ તીર્થ શબ્દથી સમકિતીને નમસ્કાર તીર્થંકર કરે એમ કહે છે. તે તો નિષ્કેવલ ઉત્સૂત્રપ્રરૂપક છે. કેમ કે સિદ્ધ તથા શ્રુતજ્ઞાન એ બેને તીર્થંકર નમસ્કાર કરે એમ તો જૈન સિદ્ધાંતોમાં લેખ છે, પણ એ બે સિવાય બીજા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા-દેવ-દેવી પ્રમુખને તીર્થંકર નમસ્કાર કરે એવો તો કોઈ જૈનસિદ્ધાંતમાં લેખ નથી. માટે તીર્થ શબ્દે કરી ચતુર્વિધસંઘને

તીર્થંકર નમતાં નથી. તેમ અવિરતિ ગુણસ્થાનકે રહ્યા દેવ-દેવીઓને સાધુ-સાધ્વી પણ નમતાં નથી અને વાંદે તો શ્રી નિશીથ પ્રમુખ જૈન સિદ્ધાંતોમાં અસંયતિને વાંદવાનો મહાદોષ પ્રાયશ્ચિત્ત લખ્યો છે. ઇતિ અલં વિસ્તરેણ ॥

પ્રશ્ન :- પૂર્વોક્ત દેવતાઓને કારણ વિના વંદન પ્રમુખનો મહાદોષ લખો છો તો તમે ક્ષેત્રદેવતાદિકનો કાયોત્સર્ગ શા માટે કરો છો ?

જવાબ :- કારણ વિના આજ્ઞાનિમિત્તે કરીએ છીએ, પણ સહાય નિમિત્તે કરતાં નથી. તથા શ્રી હરિભદ્રસૂરિજીએ પંચવસ્તુક ગ્રંથમાં આચરણાથી શ્રુતદેવતા-ક્ષેત્રદેવતાદિકનો કાયોત્સર્ગ કરવો કહ્યો છે. તે પ્રમાણે અમે પણ કરીએ છીએ. **तथा च तत्पाठः**

थुईमंगलंमि गुरुणा उच्चरिए सेसेसगा थुई बिंति ।

चिट्ठंति तओ थोवं कालं गुरुपायमूलम्मि ॥९०॥

व्याख्या - स्तुतिमंगले गुरुणा आचार्येण उच्चारिते सति ततः शेषाः साधवः स्तुतिं ब्रुवते वदतीत्यवर्थः । तिष्ठन्ति ततः प्रतिक्रांतानंतरं स्तोकं कालं क्वेत्याह गुरुपादमूले आचार्यान्तिके इति गाथार्थः ॥

प्रयोजनमाह -

पम्हेट्ठमेरसायणओ उप्फेडिओ हवइ एवं ।

आयरण सुअदेवयमाइणं होइ उस्सग्गो ॥९१॥

व्याख्या - तत्र विस्मृतं स्मरणं भवति विनयश्च फेटितो नामतीतो भवत्येव उपकार्यासेवनेन एतावत्प्रतिक्रमणं आचरणात् श्रुतदेवतादीनां भवति कायोत्सर्गः अत्र आदिशब्दात् क्षेत्रभवनदेवता परिग्रहः इति गाथार्थः ॥

આ પાઠમાં પ્રતિક્રમણ કર્યા પછી આચરણાથી શ્રુતદેવતાદિકનો કાયોત્સર્ગ કરવો કહ્યો તે શ્રુત સમૃદ્ધિ તથા અવગ્રહયાચનરૂપ આજ્ઞાનો છે, પણ સહાયનો નથી. તે કાયોત્સર્ગકરણરૂપ આચરણા પૂર્વધારીઓના સમયમાં પણ પાક્ષિક-ચાતુર્માસિક-સંવત્સરિક સંબંધી દેવસિક પ્રતિક્રમણમાં પ્રવર્તતી

હતી. તે પાઠ પ્રયોજનપૂર્વક અનુક્રમે લખીએ છીએ. તેમાં પ્રથમ તો શ્રી આવશ્યકસૂત્રની ટીકા અને ચૂર્ણિ-દીપિકા પ્રમુખના પ્રમાણ લખીએ છીએ :

तत्र आवश्यकनिर्युक्ति गाथा -

चाउमासिअ वरिसे उस्सग्गो खित्तदेवयाए उ ।

पक्खिअसिज्जसुराए करिंति चाउमासिएवेगो ॥३३॥

એ ગાથા ભાષ્યકારની છે. ટીકા ૨૨ હજારીમાં -

सर्वमूलगुणुत्तरगुणाणं आलोयण दाऊणं पडिक्कमंति खेत्तदेवयाए उस्सग्गं करेंति केई पुण चाउमासिए सिज्जादेवयाएवि काउस्सग्गं करेति ॥

તથા આવશ્યકચૂર્ણિમાં પાઠ છે, તે એમ છે :

मूलउत्तरगुणाण आलोएतव्वं ताहे पडिक्कमिज्जति चाउमासिए एगो उवसग्गदेताए काउस्सग्गे कीरति संवच्छरिए खेत्तदेवयाए वि कीरति ॥

તથા આવશ્યકદીપિકામાં પાઠ :

अथ भाष्यं - चाउ० चातुर्मासिके वार्षिके क्षेत्रदेवतायाः कायोत्सर्गः कार्योऽवग्रहानुमतियाचनरूपः सप्तविंशत्युच्छ्वास पाक्षिके शय्यासूर्याः कायोत्सर्गः कार्यः एके आचार्यश्चातुर्मासिकेऽपि शय्यां सूर्युत्सर्गं कुर्वन्ति ॥२४॥

અર્થ :- મૂલગુણ-ઉત્તરગુણ આલોયણ કરી પડિક્કમે પછી ચોમાસીમાં અને સંવચ્છરીમાં ક્ષેત્રદેવીનો કાઉસ્સગ્ગ કરે. કોઈ આચાર્ય ચઉમાસીમાં પણ સિય્યાસુરીનો કાઉસ્સગ્ગ કરે છે. એ પૂર્વોક્ત પાઠમાં પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણના અંતભાગમાં ક્ષેત્રદેવતા-ભુવનદેવતાના કાયોત્સર્ગ અવગ્રહઅનુમતિયાચન નિમિત્તે પ્રગટપણે કરવા કહ્યા છે. તોપણ આત્મારામજી આનંદવિજયજી ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ ૧૫૨માં નિત્ય પ્રતિદિન સહાય નિમિત્તે ક્ષેત્ર-ભુવનદેવતાના કાયોત્સર્ગ પ્રમુખ સ્થાપન કરે છે. એ પણ એમની અસત્યકલ્પના છે, પણ સાપેક્ષ કલ્પના નથી. કેમ કે નિત્ય પ્રતિદિનની આજ્ઞા કોઈ પૂર્વધરોના ગ્રંથમાં

દેખાતી નથી. અને પંચવસ્તુ આદિ ગ્રંથોમાં દેવસિક પ્રતિક્રમણવિધિના અંતમાં લખે છે તે પક્ખી-ચોમાસી-સંવચ્છરી પ્રતિક્રમણ પણ દેવસિક પ્રતિક્રમણ વિના ન હોય તે માટે પક્ખી વગેરે સંપૂર્ણ કરવાના દેવસિ પ્રતિક્રમણમાં લખે છે. પણ નિત્ય દેવસિપ્રતિક્રમણમાં નહીં. જો નિત્ય પ્રતિદિન કરવા અર્થે પંચવસ્તુનો લેખ હોત તો દેવસિ પ્રતિક્રમણની વિધિ સંપૂર્ણ થયા પછી "**आयरणाए सुयदेवयाइणं उस्सग्गो**" ઇત્યાદિ પાઠને લગતી પાક્ષિક પ્રમુખ ક્ષેત્રદેવતાદિ કાયોત્સર્ગ પ્રતિપાદક "**चउमासिए वसिरे होई खित्तदेवया उस्सग्गो**" ઇત્યાદિ પૂર્વધરકૃત ગાથાનો પ્રમાણ ન લખત. અને જો પૂર્વધરકૃત ગાથાનો પ્રમાણ લખ્યો તેથી એમ જ સિદ્ધ થાય છે કે પંચવસ્તુકારે પણ પાક્ષિક પ્રમુખમાં જ ક્ષેત્રદેવતાદિકના કાયોત્સર્ગ પ્રતિપાદન કર્યા છે. અન્યથા નિત્ય પ્રતિદિન પ્રતિપાદન કર્યા પૂર્વધરોના વચન વિઘટમાન થાય અને આજ્ઞાભંગદોષ પ્રાપ્ત થાય. તથા નિર્યુક્તિમાં "**दुनिय हुंति चरित्ते दंसणनाणे अ होइ इक्किक्को सुअखेत्तदेवयाए थुइअंते पंचमंगलयं**" એ ગાથા કોઈ ટીકા-ચૂર્ણિમાં છે જ નહીં. તેથી કોઈએ પ્રક્ષેપ કરી છે, પણ નિર્યુક્તિકાર કૃત નથી, એવું આવશ્યકદીપિકામાં લખે છે. તે પાઠ :

तथा वृत्तिचूर्ण्यादिषडुक्काथादर्शे गाथा दृश्यते - दुन्निय हुंति चरित्ते इत्यादि चारित्राशोधये द्वौ उद्योततकरोस्तः दर्शनज्ञानयोरेकैक उद्योतकरः स्यात् श्रुतक्षेत्रदेवतयोः स्तुतेरंते पंचमंगलनमस्कारो भण्यः परं उत्तरार्द्धार्थः सिद्धांते मया न ज्ञातोऽस्ति स्तुतिशब्दो देव्या दुर्घट इव ॥

અર્થ :- વૃત્તિ-ચૂર્ણ્યાદિકોમાં તો મેં આ ગાથા દીઠી નથી. પણ કોઈક પુસ્તકમાં લખે છે કે ચારિત્ર શોધવા અર્થે છે. લોગસ્સનો કાઉસ્સગ્ગ, દર્શન-જ્ઞાનને અર્થે એકેક લોગસ્સનો કાઉસ્સગ્ગ થાય, શ્રુત-ક્ષેત્રદેવીની થોયના અંતમાં નવકાર કહેવો. પણ આ ગાથાના અંતના બે પદ છે તેનો અર્થ સિદ્ધાંતમાં ભણ્યો નથી. કેમ કે દેવીની થોય કહેવી દુર્ઘટ છે.

એટલે સિદ્ધાંતયુક્તિએ સંભવિત નથી. અહીં દેવ્યાદિકોની સ્તુતિ દુર્ઘટ કહી તે માટે ચોથી થોય પણ પૂજા-ઉપચારાદિ કારણ વિના કેમ સંભવે

? તે બુદ્ધિવંતોએ વિચારવું. તથા ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ-૧૬૦માં આત્મારામજી આનંદવિજયજીએ આવશ્યકસૂત્રનું નામ લખી પાઠ લખ્યો છે તે પાઠ આવશ્યકસૂત્રનો નથી. પણ સંવત્ ૧૧૮૩ની સાલમાં થયેલા શ્રી ચંદ્રગચ્છીય શ્રી વિજય સિંહાચાર્યના શ્રાદ્ધપ્રતિક્રમણચૂર્ણિનો પાઠ છે. તે શ્રાદ્ધપ્રતિક્રમણ-ચૂર્ણિમાં દેવસિ પ્રતિક્રમણની વિધિ શ્રાવકને અધિકાર કરી સર્વ લખી છે. પણ તે વિધિમાં શ્રુત-ક્ષેત્રદેવતાના કાયોત્સર્ગ કરવા સંભવતા જ નથી. જો સંભવતા હોત તો ચૂર્ણિકારે લખ્યા હોત. પણ તે લખ્યા નથી. **तथा च तत्पाठः**

इह पुण सावगपडिक्कमणेण अहिगारो । तत्थ सावगो चईउण घरवासवासगं काऊण धम्मज्झाणसुट्ठियं खमणोगं मणं चईहरेवा पोसहसालाएवा साहुमूलेवा गिहेगदेसेवा सामाईयं विहिणा काऊणं पडिक्कमणं ठाई तत्थ पढमं चेइए साहूय वंदिय पुणो सामाइयदंडगं कड्ढिऊण आलोयएण दंडगावसाणे दिवसाइयारचिंतणट्ठा काउस्सग्गं ठाइ पारित्ता चउवीसत्थयं कड्ढई मुहणंतयं पडिलेहियं वंदणयं देई तओ आलोयणादंडगं पढइ तयं ते गुरुणादिण्णाइयारे निवेइत्ता अमुगं पच्छित्तं आलोयणाए आलोएज्ज सुत्तिमिच्छादुक्कडं भणइ संडासगं मज्जित्ता उवविट्ठो पंचमंगलं उच्चरेइ सामाइदंडगं आलोयणदंडगं च पढिऊण तओ पडिक्कमणसुत्तं अक्खलियाईगुणसंयुत्तं उच्चारेई तयणंतरं दुलावसावत्तवंदणए खामणं करेई पुणो वंदणयं दाऊं सामाइयसुत्तपुव्वमालोयणादंडगं अणुकड्ढई चारित्ताइयारविसोहीनिमित्तं पंचासऊसासपमाणं काउस्सग्गं ठाई चउवीसत्थयं सुयत्थयं च पढइ दंसणसुयनाणाइयारविसोहिनिमित्तं पणवीसासुस्साग्गं ठाऊण सिद्धत्थयं पढई मुहणंतयं पडिलेहई समत्तिवंदणं काऊं इच्छामो अणुसट्ठिं भणित्ता निविट्ठो भूमीकयजाणु वापवट्टणाओ तित्थाहिव थुईओ तिन्निमंगलत्त कड्ढई तओ समत्त पडिक्कमणो भवई ॥

અર્થ :- અહીં વળી શ્રાવક પડિક્કમણે કરે તે અધિકાર છે. ત્યાં શ્રાવક ઘરવાસ કામ છોડી કરીને ધર્મધ્યાનમાં રહેલો ક્ષણ એક અને ચૈત્યમાં તથા

પોસહશાલામાં તથા સાધુ કને અથવા ઘરના એક ભાગમાં સામાયિક વિધિ કરીને પડિક્કમણ ઠાવે. ત્યાં ચાર ખમાસમણ દેઈએ એટલે ચૈત્ય સાધુને વાંદીને પછી પડિક્કમણ ઠાઈને કરેમિ ભંતે કહે. ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં કહી તસ્સુત્તરી અન્નત્થ અતિચાર ચિંતવવા કાઉસ્સગ્ગ ઠાવે, કાઉસ્સગ્ પારીને લોગ્ગસ્સ કહે, મુહપત્તિ પડિલેહી વાંદણા આપી પછી ઈચ્છામિ દેવસિયં આલોએ કરી ગુરુને અતિચાર કહી અમુક પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે. દિવસના અઢાર પાપસ્થાનક આલોઈ મિચ્છામિ દુક્કડં સંડાસા પડિલેહી પૂંજી બેસી પંચમંગલનવકાર કહે. સામાયિક કહે ઈચ્છામિ પડિ. પછી પડિક્કમણસૂત્ર અસ્ખલિત કહે. પછી દ્વાદશાવર્ત વાંદણા આપી અબ્ભુટ્ઠિઓ ખમાવીને વલી વાંદણા દેઈ પછી સામાયિક ઈચ્છામિ ઠામિ અન્નત્થ, ચારિત્રાતિચાર શોધવા પચ્ચાસ શ્વાસોચ્છ્વાસ કાઉસ્સગ્ગ પારી લોગસ્સ સવ્વલોએ પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ કાઉસ્સગ્ગ પારી પુક્ખરવરદી, વંદણ, અન્નત્થ, પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ કાઉસ્સગ્ગ પારી સિદ્ધાણં બુદ્ધાણં કહી મુહપત્તિ પડિલેહી વાંદણા દેઈ ઈચ્છામિ અણુસટ્ઠિં કહી ભૂમિ ઉપર ઘૂંટણ સ્થાપી નમોડસ્તુ વર્ધમાનાય એ વર્ધમાન ત્રણ થુઈ કહે ત્યારે પડિક્કમણું સમાપ્ત થાય છે. એ પડિક્કમણાની વિધિમાં શ્રુત-ક્ષેત્રદેવીની સ્તુતિ-કાઉસ્સગ્ગ નથી. તેથી એમ જાણીએ છીએ **एस चरित्त** એ ગાથા નિર્યુક્તિમાં સંવત્ ૧૨ પહેલી તથા પછી સંપ્રદાયભેદથી મમતભાવે કોઈએ પ્રક્ષેપ કરી હશે. તેથી પૂર્વાચાર્યોના ગ્રંથોમાં દેવસીની વિધિમાં શ્રુત-ક્ષેત્રદેવીનો કાઉસ્સગ્ગ પ્રતિપાદન કર્યો નથી. એ અભિપ્રાય જણાવવા દીપિકાકારે પણ દુર્વટ કહી પણ પક્ખી, ચોમાસી, સંવચ્છરીએ આચરણાએ સાધુને ક્ષેત્રદેવીનો કાઉસ્સગ્ગ આજ્ઞાને અર્થે કરવો સંભવે છે પણ સ્તુતિ કહેવી ન સંભવે. કેમ કે પૂર્વાચાર્યોના ગ્રંથોમાં આચરણાએ ક્ષેત્રદેવી પ્રમુખનો કાયોત્સર્ગ પ્રતિપાદન છે પણ સ્તુતિનું પ્રતિપાદન નથી. કારણ કે શ્રુતદેવીનો કાયોત્સર્ગ શ્રુતસમૃદ્ધિનિમિત્તે જિનવાણી આરાધક પુરુષ આચરણાએ નિરંતર કાયોત્સર્ગ કરે તો આરાધક પુરુષ આચરણાએ નિરંતર કાયોત્સર્ગ કરે તો અટકે નહિ. પરંતુ ક્ષેત્રદેવતાદિકનો કાયોત્સર્ગ આચરણાએ છે. તે પૂર્વાચાર્યોના ગ્રંથોના અભિપ્રાયથી સાધુને અવગ્રહયાચનનિમિત્તે છે અને અવગ્રહયાચન કરી પછી અવગ્રહદાતાની સ્તુતિ કરવી તેથી

અગિયારમો ઉત્પાદનાદોષ સંભવ થાય છે. તેમજ ગ્રંથાંતરમાં કહ્યું છે. તે પાઠ :

खित्तावगाहकज्जे खित्तासूरीसंथवकरंताणं ।

साहूण वसहिदोसो उय्यपायणइगारसमो ॥१६५॥

તથા અર્વાચીનકાલવર્તી ન્યાયસરસ્વતીબિરુદધારક મહોપાધ્યાય શ્રી યશોવિજયજી પણ પ્રતિક્રમણગર્ભહેતુસ્વાધ્યાયમાં પૂર્વોક્ત ન્યાયને અભિપ્રાય અવગ્રહયાચનનિમિત્તે ક્ષેત્રદેવતાદિકનો કાયોત્સર્ગ લખે છે, પણ સ્તુતિ લખતાં નથી. તે પાઠ :

तीर्थाधिपवीरवंदनरैवतमंडन श्रीनेमितित्थ सार च.,
अष्टापद नति करीय सुयदेवया काउस्सग्ग नवकार च.;
क्षेत्रदेवता काउस्सग्ग ईम करो अवग्रहयाचनहेत च.,
पंचमंगल कही पूंजी संडासग मुहपत्ति वंदन हेत च. ॥८॥

અહીં કોઈ કહેશે જે કાઉસ્સગ્ગ કહ્યો ત્યાં સ્તુતિ તો આવી જ. જેમ પ્રાહુણાને રોટલાનું કહેવું તે શાક તો આવ્યું જ. તેને કહીએ કે હે દેવાનુપ્રિય ! ઢુંઢિયા પણ કહે છે કે મુહપત્તિ બાંધવી કહી તો દોરો પણ ભેગો આવ્યો. એવી ઢુંઢિયાઓની પેઠે કુયુક્તિ કરવી યુક્ત નથી. કેમ કે પ્રવચનસારોદ્ધાર આદિ વૃત્તિમાં પ્રગટ ક્ષેત્રદેવતાદિકની સ્તુતિ કહી છે અને ઉપાધ્યાયજી પ્રમુખે અવગ્રહયાચનનિમિત્તે ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ જ પ્રતિપાદન કર્યો, પણ સ્તુતિ પ્રતિપાદન ન કરી. તો શું તે મહાપુરુષોને પ્રવચનસારાદિ ગ્રંથ જોવામાં આવ્યા નહિ હોય, તેથી એમ લખ્યું ? પણ એમ ન સમજવું. કેમ કે જે ઉપયોગી ગીતાર્થ ગ્રંથોના પૂર્વાપરવિરોધ ટાલીને જ ગ્રંથમાં લખે છે. કેમ કે પ્રવચનસારાદિગ્રંથ વૃત્ત્યાદિકમાં જ લખે છે કે **सर्वविघ्ननिर्दलन-निमित्तं क्षेत्रदेवतायाः कायोत्सर्गः कार्य । एकनमस्कारचिंतनं कृत्वा तदीयस्तुति परेण वा दीयमानां शृणोति ॥**

ભાવાર્થ :- સર્વવિઘ્નવિનાશ કરવાને ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ કરવો. એક નવકાર ચિંતન કરીને તેની સ્તુતિ કહેવી તથા સાંભળવી તેમજ જીવાનુશાસનવૃત્તિમાં પણ ઉપદ્રવ વિનાશન અર્થે સાધુને ક્ષેત્રદેવીનો

કાયોત્સર્ગ તથા શ્રાવકને વિઘ્નવિઘાતન કારણે સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીની પૂજા દૃઢ કરે છે. તે પાઠ ઉપર લખી આવ્યા છીએ. માટે પ્રવચનસારાદિ વૃત્તિકારે પણ સર્વ વિઘ્ન વિનાશ કરવાને ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ સ્તુતિ પ્રતિપાદન કરી તે નિરંધર ધર્માદિકાર્યમાં વિઘ્ન સંભવે નહિ, પણ શાંતિ-પૂજા-પ્રતિષ્ઠાદિ વિશિષ્ટ કારણે સ્નાત્રકારકોને પ્રતિક્રમણના અંત વિભાગમાં ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ સ્તુતિ કહેવી, તે અભિપ્રાયથી ટીકાકારે સ્તુતિ પ્રતિપાદન કરી સંભવે છે અને જો એમ સંભવમાન ન કરીએ તો પૂર્વાચાર્ય તથા ઉપાધ્યાયજી પ્રમુખના વચન વિરોધ પામે. કારણ કે પૂર્વાચાર્ય તથા ઉપાધ્યાયજી પ્રમુખે તો અવગ્રહયાચન નિમિત્તે જ ક્ષેત્રદેવી પ્રમુખનો કાયોત્સર્ગ કહ્યો, પણ સ્તુતિ ન કહી અને પ્રવચનસારોદ્ધારાદિ વૃત્તિકારે વિઘ્નવિનાશ નિમિત્તે ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ અને સ્તુતિ કહી એમ પરસ્પર ગીતાર્થોના વચન વિરોધ પામે, પણ ગીતાર્થોના વચન પ્રાયે પરસ્પર વિરોધ હોય નહિ. માટેને તો વિહારાદિ કારણે તથા પક્ખી, ચોમાસી, સંવચ્છરીના અંતભાગમાં ક્ષેત્રદેવી પ્રમુખનો કાયોત્સર્ગ અવગ્રહયાચન નિમિત્તે સંભવે અને શ્રાવકને પ્રતિષ્ઠાદિ વિશિષ્ટ કારણે વિઘ્નવિનાશને અર્થે ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ સ્તુતિ સહિત કરવો સંભવે. કેમ કે કારણે ચતુર્વિધસંઘને પણ દેવાદિકને પ્રશસ્ત બલિ દેવો આવશ્યકચૂર્ણિ અધ્યયન-૨માં કહ્યું છે. તે પાઠ :

पसत्थदेवबले य अप्पसत्थदेवबले य पसत्थदेवबले दुब्बलिय-पूसमित्तपमुहेण संघेण देवयाए बलिनिमित्तं काउस्सग्गो कतो अप्पसत्थदेवबले बगलमहिसपुरिसमादिहिं चंडियातीणं रुद्ददेवयाणं जागा कीरंति ॥

આ પાઠનો ભાવાર્થ સુગમ છે. પણ તાત્પર્યાર્થ એ છે કે કારણે પણ સમ્યગ્દૃષ્ટિ પ્રશસ્તબલિ દેવ પણ મિથ્યાદૃષ્ટિઓની પેઠે અપ્રશસ્તબલિ ન દે. માટે કારણે ક્ષેત્રદેવ પ્રમુખને પ્રશસ્ત બલિ દેવો સંભવે. પણ કારણ વિના ન સંભવે. પછી તો નિરપેક્ષપણે સિદ્ધાંતવેત્તા કહે તે સત્ય.

પૂર્વપક્ષ :- जो करने से प्रतिदिन क्षेत्रदेवता और श्रुतदेवता का कायोत्सर्ग करने से मिथ्यात्व किंवा पाप लगता है, तो फिर पाक्षिक-चातुर्मासी अरु

संवत्सरी रूप महापर्वों के दिनों में तथा प्रव्रज्याविधि अरु प्रतिष्ठाविधि में पूर्वोक्त देवतायों का कायोत्सर्ग करने से भी महामिथ्यात्व और महापाप तुमको लगना चाहिये ?

ઉત્તરપક્ષ :- પૂર્વધર તથા પૂર્વાચાર્યોના ગ્રંથોના પાક્ષિક, ચાતુર્માસી, સાંવત્સરી રૂપ મહાપર્વોના દિવસોમાં તથા પ્રવ્રજ્યા, પ્રતિષ્ઠાદિ વિધિમાં પૂર્વોક્ત દેવતાઓના કાયોત્સર્ગ કરવા કહ્યા છે. પણ પ્રતિદિન કરવાના કહ્યા નથી. તે સર્વ વાર્તા શંકા-સમાધાનપૂર્વક અને શાસ્ત્રોની સાક્ષીથી અમે ઉપર લખી આવ્યા છીએ. તેમ જ તે પૂર્વધરાદિકની આજ્ઞા પ્રમાણે કરીએ છીએ. તેથી મહામિથ્યાત્વ તથા મહાપાપ અમને તો લાગતું નથી, પણ તમને જ લાગે છે. કેમ કે પૂર્વધર પૂર્વાચાર્યોની આજ્ઞા તો પૂર્વોક્ત કારણ વિના પ્રતિદિનની નથી. ને તમે તો આજ્ઞાભંગ કરીને પ્રતિદિન પૂર્વોક્ત દેવતાઓના કાયોત્સર્ગ કરો છો તો તમે વિચારો કે અન્ય કોઈક દિન એકવાર પણ પૂર્વધરાદિકની આજ્ઞાભંગનો દોષ અનંતસંસારવૃદ્ધિનો જૈનશાસ્ત્રોમાં કહ્યો છે, તો નિત્ય પ્રતિદિન અવશ્યમેવ અરિહંતાદિકની આજ્ઞા ખંડન કરે તો તે મિથ્યાદૃષ્ટિ મહાઅધમ અજ્ઞાની કહેવો જોઈએ. એટલું તો તમે જાણતાં હશો. એ વાર્તાનો જો તમે તાદૃશ વિચારપૂર્વક ખ્યાલ રાખશો તો પાક્ષિક પ્રમુખ મહાપર્વ તથા પૂર્વોક્ત કારણ વિના નિત્ય પ્રતિદિન પૂર્વોક્ત દેવતાઓના કાયોત્સર્ગ કરવા તે બહુ અયોગ્ય છે. એમ આપ આપના આત્માથી સમજી જશો. અમારે પણ સમજાવવાની જરૂર પડશે નહિ. તથા દશપૂર્વધર શ્રી વજ્રસ્વામીજીએ ક્ષેત્રદેવીનો કાયોત્સર્ગ કર્યો એવો લેખ આવશ્યકચૂર્ણિમાં છે. તે પાઠ ઉપર લખી આવ્યા છીએ. તેમાં કોઈ મુગ્ધજીવ એમ કહે છે કે શ્રી વજ્રસ્વામીજી તો અતિશય યુક્ત હતાં તે માટે તેઓને તો એક જ વાર કાયોત્સર્ગ કરવાથી ક્ષેત્રદેવી પ્રત્યક્ષ થઈને આજ્ઞા દેઈ ગઈ હતી. અને હમણાં તો પાક્ષિક પ્રમુખ મહાપર્વાદિકમાં નિત્ય કરે છે તોપણ ક્ષેત્રદેવી પ્રત્યક્ષ થતી નથી. તે માટે નિત્ય પ્રતિદિન કાયોત્સર્ગ કરવો યુક્ત છે. તેનો ઉત્તર લખીએ છીએ. શ્રી વજ્રસ્વામીજી તો અતિશયયુક્ત હતા તેથી ક્ષેત્રદેવી પ્રગટ થઈ આજ્ઞા દઈ ગઈ ને હમણાં તેવો અતિશય નથી. તેથી ક્ષેત્રદેવી પ્રગટ થતી નથી. તે કારણથી જ પાક્ષિક પ્રમુખ મહાપર્વોમાં નિત્ય આજ્ઞા નિમિત્તે ક્ષેત્રદેવતા પ્રમુખનો

કાયોત્સર્ગ પૂર્વાચાર્યો પ્રતિપાદન કરે છે. પણ પ્રતિદિન પ્રતિપાદન કરતાં નથી. વળી શ્રી વજ્રસ્વામીજીએ પણ એક જ વાર કાયોત્સર્ગ કર્યો હતો, પરંતુ પ્રતિદિન કાયોત્સર્ગ ન કર્યો. તે માટે શ્રી વજ્રસ્વામીજીએ અધિકાઈ કરી પાક્ષિક પ્રમુખ મહાપર્વાદિકના નિત્ય કાયોત્સર્ગ નિષેધ કરી નિત્ય પ્રતિદિન સ્થાપન કરે તેને મહામૂર્ખોમાં શિરોમણી જાણવો. અને પાક્ષિક પ્રમુખમાં પૂર્વોક્ત કારણે ક્ષતેર્દેવતાદિકના કાયોત્સર્ગો કરીએ છીએ તે વાર્તા આવશ્યકનિર્યુક્તિ પ્રમુખ અનેક જૈન ગ્રંથોની સાક્ષીથી કરીએ છીએ. તેમના પાઠ અમો ઉપર લખી આવ્યા છીએ તે શ્રુતજ્ઞાની મહાપુરુષોના વચન જો તો તે અજ્ઞજીવને સમજાવવાને અર્થે શું શ્રી મહાવિદેહક્ષેત્રથી કેવલજ્ઞાની આવશે ? માટે અમો બહુ દીલગીરીથી લખીએ છીએ કે તમે પૂર્વધર પૂર્વાચાર્યોના વચન ઉત્થાપીને નવી નવી મનમાની આચરણા કરવાની ચાહના રાખો છો કે નિત્ય પ્રતિદિન પ્રતિક્રમણમાં કારણ વિના દેવતાઓની સહાય લેવાને અર્થે કાયોત્સર્ગ અને તેમની સ્તુતિઓ કરવી તે ક્રિયા પૂર્વધરાદિક શાસ્ત્રમાં લેખ દેખીને કરો છો ? વલી કયા શાસ્ત્રમાં એવો પાઠ લખ્યો છે કે સામાયિક પ્રતિક્રમણમાં પુત્ર-કલત્રાદિકની યાચના તથા વૈરીદલન નિમિત્તે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓના તથા ક્ષેત્રદેવતા પ્રમુખ કાયોત્સર્ગ કરવા અને તેઓની સ્તુતિ કરતાં પાપ નથી લાગતું ? તે અમને બતાવી ઘો.

इति श्रीचतुर्थस्तुतिनिर्णयशंकोद्धारे अपरनाम्नि चतुर्थस्तुतिकुयुक्ति-निर्णयच्छेदनकुठारे श्रुतसमृद्धि वा क्षेत्रावग्रहाज्ञानिमित्त पाक्षिकप्रमुख-दिवसे श्रुतक्षेत्रदेवतादिकायोत्सर्गनिदर्शनो नाम पंचदशः परिच्छेदः ॥

अथ श्री षोडशः परिच्छेदः

पूर्वपक्ष :- **सम्यग्दृष्टि वैयावृत्त्यादि करनेवाले देवतायोंका कायोत्सर्ग करना और चोथी थुई में तिनकी स्तुति करणी तिससे जीव सुलभबोधि होने के योग्य महा शुभकर्म उपार्जन करता है, और तिनकी निंदा करने से जीव दुर्लभबोधि होने योग्य महापापकर्म उपार्जन करता है। ऐसा पाठ श्री ठाणांगजी सूत्र में है ।**

ઉત્તરપક્ષ :- એ પૂર્વોક્ત પૂર્વપક્ષીનું લખવું સર્વ મિથ્યા છે. કેમ કે શ્રી સ્થાનાંગજીસૂત્રમાં તો દેવોના અવર્ણવાદ બોલવાથી દુર્લભબોધિ કર્મ ઉપાર્જન કરે અને વર્ણવાદ બોલવાથી સુલભબોધિ કર્મ ઉપાર્જન કરે એમ કહ્યું છે, પણ સમ્યગ્દૃષ્ટિ વૈયાવૃત્ત્યાદિ કરવાવાળા દેવતાઓના કાયોત્સર્ગ કરવાથી અને ચોથી સ્તુતિમાં તેમની સ્તુતિ કરવાથી સુલભબોધિકર્મ ઉપાર્જન કરે તથા પૂર્વોક્ત કૃત્ય ન કરવાથી દુર્લભબોધિ મહાકર્મ ઉપાર્જન કરે એમ કહ્યું નથી. તે પાઠ ભવ્યજીવોને જાણ કરવાને લખીએ છીએ :

पंचहिं ठाणेहिं जीवा दुल्लभबोधि हियत्ताए कम्मं पगरेंति तंजहा - अरहंताणमवन्नं वदमाणे अरहंतपन्नत्तस्स धम्मस्स अवन्नं वदमाणे आयरियउवज्झायाणमवन्नं वदमाणे चाउवण्णसंघस्स अवन्नं वदमाणे विवक्कतवबंभचेराणं देवाणं अवन्न वदमाणे पंचहिं ठाणेहिं जीवा सुलभबोधि हियत्ताए कम्मं पगरेंति तंजहा - अरहंताणं वन्नं वदमाणे जाव विवक्कतवबंभचेराणं देवाणं वण्णं वयमाणे ॥

व्याख्या - पंचहीत्यादि सुगमं नवरं दुर्लभा बोधिर्जिनधर्मो यस्य स तथा तद्भावस्तत्ता तया दुर्लभबोधिकतया तस्यैव वा कर्म मोहनीयादि प्रकुर्व्वति बध्नंति अर्हतामवर्णमश्लाघां वदन् यथा

नत्थी अरहंत त्तीजाणंतो कीस भुजए भोए ।

पाउडियं उवजीवइ समवसरणादिरूपाए ॥१॥

एमाइ जिणाणओ अवण्णो न च तेनाभूवंस्तत्प्रणीतप्रवचनोपलब्धेर्नापि भोगानुभवनादिर्दोषोऽवश्यवेद्य सा तस्य तीर्थंकरनामादिकर्म्मणश्च निर्जरणोपायत्वात्तस्य धर्मस्य श्रुतचारित्ररूपस्य प्राकृतभाषानिबद्धमेतत् तथा किं चारित्रेण दानमेव श्रेय इत्यादिकमवर्णं वदन् ? उत्तरं चात्र प्राकृतभाषात्वं श्रुतस्य न दुष्टं बालादीनां सुखाध्येयत्वेनोपकारित्वात्तथा चारित्रमेवश्रेयो निर्वाणस्यानंतरहेतुत्वादिति आचार्योपाध्यायानामवर्णं वदन् यथा बालोसमित्यादि न च बालत्वादि दोषो बुद्ध्यादिभिर्वृद्धत्वादिति तथा चत्वारो वर्णाः प्रकाराः श्रमणादयो यस्मिन् स तथा स एव स्वार्थिकण्विधानाच्चातुर्वर्ण्यंस्तस्य संघस्यावर्णं

वदन् यथा कोऽयं संघो यः समवायबलेन पशुसंघ इवामार्गमपि मार्गीकरोतीति न चैत्यसाधुज्ञानादिगुणसमुदायात्मकत्वात् तेन च मार्गस्यैव मार्गीकरणादिति तथा विपक्कं सपरिनिष्ठितिं पकर्षपर्यन्तमुपगतमित्यर्थः तपश्च ब्रह्मचर्य च भवान्तरे येषां ते तथा अवर्णवदन्न संत्येव देवाः कदाचनाप्यनुपलभ्यमानत्वात् किंवा तैः विटैरिव कामासक्तमनोभिरवितैस्तथानिर्निर्मेषरैचैष्टैश्च म्रियमाणैरिव प्रवचनकार्यानुपयोगिभिश्चैत्यादिकं इहोत्तरं संति देवास्तत्कृतानुग्रहोपघातादिदर्शनात्कामासक्तता च मोहसातकर्मोदयादित्यादि अभिहितं च -

एत्थपसिद्धीमोहणियसायवेयणियकम्मओदयाओ ।
कामपवित्तीविरईकम्मोदयओविय न तेसिं ॥१॥

तथा अर्हन्ता यथा -

जियरागदोसमोहा सव्वण्णूतियसनसहकयपूया ।
अच्चंतसच्चवयणा सवगइगमाणा जयंति जिणा ॥१॥

अर्हत्प्रणीतधर्म्मवर्णो यथा -

वत्थुपयासणसूरो अइसयरयणाणसायरो जयइ ।
सव्वजयजीवबंधूरे बंधुदुविहोवि जिणधम्मो ॥२॥

आचार्यवर्णवादो यथा -

तेसिं नमो मे सिं नमो भावेण पुणो वि तेसिं चेव नमो ।
अणूवकयपरहियरया जे नाणं देंति भव्वाणं ॥३॥

चतुर्वर्णश्रमणसंघवर्णो यथा -

एयंमि पूइंमी नत्थि तयं जण पूइयं होइ भुवणे ।
विपूयणिज्जो न गुणी संघाओ जं अन्नो ॥१॥

देववर्णवादो यथा -

देवाण अहो सीलं विसयविसमोहियावि जिणभवणे ।
अत्थरसाहिंपि समं हासाई जेण न करेंतित्ति ॥

અર્થ :- પાંચ સ્થાનકે એટલે પાંચ પ્રકારે કરી જીવ દુર્લભબોધિપણું એટલે મહાકષ્ટે કરીને જે જૈનધર્મનું પામવું તે રૂપ મોહનીયાદિક કર્મ બાંધે. તાત્પર્ય એ છે કે જૈનધર્મ જીવને મળવો કઠણ તદ્રૂપ એટલે અકીર્તિ બોલતો થકો જીવ દુર્લભબોધિકર્મ બાંધે. કેમ કે જિનભગવંતની અપ્રશંસા કરવાથી તેને જિનરાજપ્રરૂપિત ધર્મ ન મળે એવું કર્મ બાંધે. તે અપ્રશંસાનું બોલવું તે એમ છે તે કહે છે કે જે પ્રાણી એમ કહે કે અરિહંત છે જ નહિ, ને છે તો કેમ જાણીને ભોગ ભોગવે છે ? પ્રાભૃત એટલે દેવાદિકે લાવેલો સમવસરણાદિક રૂપ ભોગવે છે. ઇત્યાદિ જિનનો અવર્ણવાદ છે તે બોલતો થકો દુર્લભબોધિ કર્મ બાંધે. પણ તે એમ નથી જાણતો કે તેમના પ્રરૂપેલા પ્રવચન દીઠામાં આવે છે તે વક્તા વિના વચન ન હોય. માટે જો એ પ્રવચન છે તો એના વક્તા અરિહંત પણ છે. અને જો ભોગ ભોગવવાને તું દોષ કહે છે તે પણ નથી. કેમ કે અવશ્ય વેદ્ય એટલે વેદવા યોગ્ય તીર્થંકરનામાદિકર્મ તેનું ભોગવવું તે તેમનું નિર્જરાનું કારણ છે. તથા વીતરાગપણે કરીને સમવસરણાદિકમાં બેસવાનો તેમને પ્રતિબંધ નથી. એટલે રાગાદિ રહિત માટે પ્રતિબંધ હોય નહીં. તેથી એ દોષ પણ નથી. માટે અવર્ણવાદ બોલનાર દુર્લભબોધિ કર્મ બાંધે એ પ્રથમ ॥૧॥ તથા અરિહંત પ્રરૂપ્યો શ્રુત-ચારિત્રરૂપ ધર્મ તેનો અવર્ણવાદ બોલે છે ત્યારે દુર્લભબોધિપણાનું કર્મ બાંધે. તે અવર્ણવાદ એમ કે એ સૂત્ર પ્રાકૃતભાષામાં કેમ કર્યા ? સંસ્કૃતભાષામાં કરવા જોઈએ. એમ બોલે તથા ચારિત્ર પાળવા કરતાં દાન દેવું તે જ ભલું છે. ઇત્યાદિક અવર્ણવાદ બોલતો હોય ત્યારે તે મૂર્ખ એમ નથી જાણતો જે એનો ઉત્તર અહીં એમ છે કે બાલકાદિકોને સુખે ભણવે કરીને ઉપગારીપણું તેથી પ્રાકૃતભાષાપણે સૂત્ર બાંધવાનો દોષ નથી. તથા મોક્ષનું અનુત્તર કારણ એટલે તે જ ભવે તથા થોડા કાલમાં જ મોક્ષ આપે, તે હેતુપણાથી ચારિત્ર જ શ્રેય-કલ્યાણકારી છે, એમ જાણે નહિ અને અવર્ણવાદ બોલતો હોય ત્યારે કર્મ બાંધે એ બીજું ॥૨॥ તથા આચાર્ય-ઉપાધ્યાયોના અવર્ણવાદ બોલતો થકો

દુર્લભબોધિપણાનું કર્મ બાંધે તે અવર્ણવાદ એમ, દ્વેષથી કહે કે શેનો આચાર્ય ? છોકરો છે, કાંઈ જાણતો નથી, ઇત્યાદિ. પણ એનો ઉત્તર જાણતો નથી જે બુદ્ધિ આદિથી વૃદ્ધિપણું છે તેથી બાલપણાદિકનો દોષ નથી માટે અવર્ણવાદ ન બોલવો એ ત્રીજું. ॥૩॥ તથા ચાર છે વર્ણ એટલે પ્રકાર તે જેને વિશે તે ચાતુર્વર્ણ્ય કહીએ એટલે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ચાર વર્ણરૂપ સંઘ તેમનો અવર્ણવાદ બોલતો થકો દુર્લભબોધિપણાનું કર્મ બાંધે. તે અવર્ણવાદ એમ છે કે કોઈ મૂરખ એમ બોલે જે બહુ જણાનો સમુદાય બળે કરીને પશુસંઘની પેઠે માર્ગ નથી તેને માર્ગ જેવો કરે એ શાનો સંઘ ? એમ બોલે તે સારો નહિ કેમ કે તે સંઘ જ્ઞાનાદિક ગુણનો સમુદાયરૂપ છે. તેથી તેને સંઘ કહ્યો છે ? તેને તો માર્ગની પેઠે જ માર્ગ કર્યો છે. તેથી તેનો અવર્ણવાદ ન બોલવો. બોલે તો દુર્લભબોધિપણાનું કર્મ કરે એ ચોથો. ॥૪॥ તથા વિપક્કં કે સંપૂર્ણ ભલી રીતે અતિશયે કરીને પર્યન્તને પ્રાપ્ત થયો છે તપ અને બ્રહ્મચર્ય, પ્રાપ્ત થયો છે તપ અને બ્રહ્મચર્ય ભવાંતરમાં જેમના અથવા વિપક્ક એટલે ઉદય આવ્યા છે તપ અને બ્રહ્મચર્ય તેના કારણથી દેવતાના આયુષ્યાદિ કર્મ જેમને એવા દેવ તેમનો અવર્ણવાદ બોલતો દુર્લભબોધિપણાનું કર્મ કરે. દેવોને અવર્ણવાદ તે એમ છે કે સમયે (જરૂર પડે ત્યારે) પણ જોવામાં આવતાં નથી. તેથી દેવતા છે જ નહિ. અથવા છે તો તે પણ વિટ પુરુષની પેઠે અર્થાત્ અત્યંત કામી પુરુષની પેરે કામ સેવવામાં જેમનું મન આસક્ત રહે છે, એટલે જેમ નીચ માણસ કામમાં રક્ત રહે તેમ તે રહે છે. તો તે શા કામના છે ? તથા તે દેવ અવિરતિ છે,કાંઈપણ ત્યાગ કરતાં નથી. તેમની આંખો મીચતી નથી. તે માટે કંઈપણ ચેષ્ટાઓ કરીને રહિત હોવાથી મરણ થયેલ પુરુષ સરખા છે. વલી પ્રવચનના કાર્યમાં પણ ઉપયોગ નથી કરતા. એટલે જૈનશાસનના કોઈ કામમાં પણ આવતાં નથી. એવા દેવતાઓએ કરીને શું ? ઇત્યાદિક દેવોના અવર્ણવાદ દ્વેષથી બોલે તે દુર્લભબોધિકર્મ ઉપાર્જન કરે. તે મૂરખ અહીં ઉત્તર જાણતો નથી જે દેવ છે તેમનો કરેલો અનુગ્રહ અને ઉપઘાત ઇત્યાદિ દેખવાથી એટલે ભક્તિથી લોકોનું કરે છે અને ઘણું હાનિ કરે છે. એ દેખવાથી દેવ છે અને કામ-ભોગમાં આસક્ત છે તે તો મોહનીયકર્મ અને શાતાવેદનીયનો ઉદય છે તે કર્મના ઉદયથી મૈથુનમાં

આસક્ત છે અને અવિરતિકર્મના ઉદયથી વિરતિ પણ તેમને નથી. અને દેવભવનો સ્વભાવ એ છે તેથી તે આંખો ટમટમાવતા નથી. અને અનુત્તરાદિક દેવ છે કૃતકૃત્ય થયા તેથી તેમને ચેષ્ટા નથી, એટલે કાંઈ પણ કામ તેમને કરવું રહ્યું નથી. માટે ચેષ્ટા શું કરે ? અને તીર્થની પ્રભાવના નથી કરતાં તે કાલદોષ છે, પણ અન્યત્ર જગ્યાએ કરે પણ છે એમ જાણવું. પણ અવર્ણવાદ ન બોલવો. એ પાંચમું દુર્લભબોધિપણું ॥૫॥ આ પાંચ કારણે જીવ દુર્લભબોધિપણાનું કર્મ ઉત્પન્ન કરે અને એ જ પાંચ કારણ વિપરીત હોય તો સુલભબોધિપણું હોય તે કહે છે - પાંચ ઠેકાણે પાંચ પ્રકારે જીવ સુલભબોધિપણાનું કર્મ ઉત્પન્ન કરે તે કહે છે - અરિહંતનો વર્ણવાદ બોલતો હોય ત્યારે સુલભબોધિપણાનું કર્મ ઉપાર્જન કરે તે અરિહંતનો વર્ણવાદ તે એમ રાગ-દ્વેષ-મોહ જેઓએ જીત્યા એવા, કેવલી, સર્વજ્ઞ, ઇન્દ્રે કરી છે પૂજા તે જેમની એટલે દેવેન્દ્રપૂજિત એવા અને વલી કેવા કે અત્યંત સત્યવચન બોલનારા જેમનું કે વારે પણ જૂઠું વચન હોય નહિ એવા, વલી મોક્ષગતિ જનારા એવા જિન જે અરિહંત પ્રવર્તો એમ કહે તે અરિહંતનો વર્ણવાદ ॥૧॥ તથા અરિહંતે પ્રરૂપ્યા ધર્મનો વર્ણવાદ બોલનારો સુલભબોધિપણાનું કર્મ ઉત્પન્ન કરે તે વર્ણવાદ એમ જે અરિહંતે પ્રરૂપ્યો તે ધર્મ કેવો છે કે વસ્તુ એટલે પદાર્થ પ્રકાશવા સૂર્ય છે, અને અતિશય રત્નનો સાગર છે, સર્વ જગજીવનો બંધુ, બે પ્રકારનો પણ જિનધર્મ તે જયવંતો વર્તો. ॥૨॥ આચાર્યનો વર્ણવાદ બોલનારો સુલભબોધિપણાનું કર્મ કરે તે વર્ણવાદ એમ છે જે તે આચાર્યને નમો, ભાવે કરીને વલી તેમને જ નમો, તે આચાર્ય કેવા છે કે બીજાના કોઈ ઉપકારની ચાહના વિના પણ પરના હિત કરવામાં રક્ત છે, ભવ્યોને જે જ્ઞાન આપે છે એમ કહે તે વર્ણવાદ. ॥૩॥ તથા સંઘનો વર્ણવાદ બોલનારો જીવ સુલભબોધિ કર્મ ઉપાર્જન કરે તે વર્ણવાદ એમ - એ સંઘને પૂજ્યા થકાં એવો કોઈ રહ્યો નથી જે પૂજ્યા વિના રહ્યો હોય. એ સંઘ કેવો છે ત્રણ ભવનમાં પૂજવા યોગ્ય છે. અને એ સંઘથી બીજો એવો ગુણી કોઈ નથી જેમાં તે સંઘથી અધિક ગુણ હોય એમ બોલવું તે સંઘનો વર્ણવાદ છે. ॥૪॥ તથા દેવનો વર્ણવાદ બોલનારો સુલભબોધિપણાનું કર્મ કરે છે તે વર્ણવાદ એમ છે કે દેવોને અહો આચાર તથા સ્વભાવ કેવો

છે કે વિષયોના વિષયમાં મુંઝ્યા છે તોપણ જિનરાજના ચૈત્યને વિષે અપ્સરા-દેવાંગનાઓની સાથે પણ હાસ્યાદિક નથી કરતાં. એમ દેવનો વર્ણવાદ બોલે. ॥૫॥ આ પાંચ પ્રકારે સુલભબોધિપણાનું કર્મ કરે. ॥

આ પાઠમાં **विवक्त बंभचेरदेवाणं** એ વિશેષણ જુદું પાડવાથી તથા અરિહંતાદિક વર્ણવાદ તુલ્યપણાથી સમ્યગ્દૃષ્ટિ દેવોનો જ વર્ણવાદ સંભવે છે. કેમ કે જીવિતપર્યંત તપ-બ્રહ્મચર્ય ભવાંતરે સ્વીકૃત પણ વિરાધ્યા નહિ તેમજ પૂર્વોક્ત વિશેષણના અભિપ્રાયથી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત હુંડીના સ્તવનમાં તથા અર્થકર્તા પણ સમ્યગ્દૃષ્ટિ દેવતાનો જ વર્ણવાદ લખે છે. તથા વિપક્ક કહીએ ઉદયમાં આવ્યા તપ-બ્રહ્મચર્ય તેના હેતુ દેવાયુષ્કાદિ કર્મ જેમને, એ ટીકાકારના પર્યાયાર્થથી સાધારણ દેવોનો વર્ણવાદ પણ સંભવે. કેમ કે સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ બંને દેવોને પૂર્વકૃત તપ-બ્રહ્મચર્યાદિ દેવઆયુષ્કાદિ કર્મ ઉદયે આવ્યા છે તે ભોગવે છે. એ અભિપ્રાયથી પ્રાયે મિથ્યાદૃષ્ટિ દેવોને પણ વર્ણવાદ કરવો સંભવે. કેમ કે શ્રી જીવાભિગમાદિ સૂત્રવૃત્ત્યાદિકમાં સમ્યગ્દૃષ્ટિ વ્યતિરિક્ત દેવોના પૂર્વસુકૃત વર્ણવાદ પણ બોલ્યા છે. તે પાઠ :

तत्थ बहवे वरसयणासणविसिट्ठसंठाणसंठिया पं. समणाउसो- आइणगरुयबूरणवणीततूलफासा मउयासव्वरयणामया अच्छा जाव पडिरूवा तत्थणं बहवे वाणमंतरा देवा देवीओ य आसयंति सयंति चिट्ठंति णिसीयंति तुयट्टंति रमंति ललंति कीलंति मोहंति पुरापोराणाणं सुचिणाणं सुपरिक्कंताणं सुभाणं कल्लणं कडाणं कम्माणं कल्लाणं फलावित्ति विसेसपंच्चणुब्भवमाणा विहरंति ।

व्याख्या - तत्र एतेषु उत्पातपर्वतादिगतहंसासनादिषु यावन्नानारूप- संस्थानसंस्थितपृथ्वीशिलापट्टकेषु णमिति यावन्नानारूपसंस्थान- संस्थितपृथ्वीशिलापट्टकेणु णमिति पूर्ववत् बहवो वाणमंतरादेवा देव्यश्च यथासुखमासते शेरते दीर्घकायप्रसारणेन वर्त्तते न तु निद्रं कुर्वन्ति तेषु देवयोनिकतया निद्राया अभावात् तिष्ठंति ऊर्ध्वस्थानेन वर्त्तते निषीदंति उपविशंति तुयट्टंति इति त्वग्वर्तवं कुर्वन्ति वामपार्श्वतः परावृत्य

दक्षिणपाश्वेंनावतिष्ठंति दक्षिणपार्श्वतो वा परावृत्य वामपाश्वेंनावतिष्ठंति रमंते रतिमाबध्नंति ललंति मन ईप्सितं यथा भवति तथा वर्त्तंते इति भावः क्रीडंति यथासुखमितस्ततो गमनविनोदेन गीतनृत्यादिविनोदेन वा तिष्ठंति मोहंति मैथुनसेवां कुर्वन्ति इत्येवं पुरापोराणाणमित्यादि पुरा पूर्वं प्राग्भवे इति भावः कृतानां कर्मणामितियोगः अत एव पौराणानां सुचीर्णानां सुचरितानां इह सुचरितजनितं कर्मापि कार्ये कारणोपचारात् सुचरितमिति विवक्षितं ततोऽयं भावार्थः विशिष्ट-तथाविधधर्मानुष्ठानविषयाप्रमादकरणक्षांत्यादिसुचरितानामिति तथा सुपराक्रान्तानां अत्रापि कारणे कार्योपचारात् सुपराक्रांतजनितानि सुपराक्रांतानि इत्युक्तं भवति सकलसत्त्वमैत्रीसत्यभाषणपरद्रव्या-नपहारसुशीलादिरूपसुपराक्रमजीनतानामिति अत एव शुभाशुभ-फलानां इह किंचिदशुभफलमपि इन्द्रियमतिविपर्यासात् शुभफल-माभाति ततस्तात्त्विकशुभत्वप्रतित्यर्थमस्यैवपर्यायशब्दमाह कल्याणानां तत्त्ववृत्त्या तथाविधविशिष्टफलदायिनां अथवा कल्याण नाम अनर्थोपशमकारिणां कल्याणं कल्याणरूपं फलविपाकं पच्चण-द्भवमाणा प्रत्येकमनुभवंतो विहरंति आसते ॥

ભાવાર્થ :- તથા એ ઉત્પાતપર્વતાદિકમાં રહેલા હંસાસનાદિક યાવત્ નાના પ્રકારના રૂપને આકારે રહ્યા પૃથ્વીશિલાપટ્ટક તેને વિશે એટલે હંસાસનાદિક પૃથ્વીશિલાપટ્ટક તેને વિશે એટલે હંસાસનાદિક પૃથ્વીશિલાપટ્ટકોની ઉપર ઘણા વાણવ્યંતરદેવ-દેવી છે તે યથાસુખે બેસે છે. કાયાને લાંબી કરીને પણ નિદ્રા કરતા નથી. કેમ કે દેવયોનિના સ્વભાવથી તેમને નિદ્રાનો અભાવ હોય તેથી તથા ઊભા રહી તેમના ઉપર બેસે. ક્રીડા કરતાં યથાસુખે જ્યાં ત્યાં (અરદાપરદા) ફરે. ગીતાદિ વિનોદે કરી રહે. મૈથુનસેવના કરે. એવા પ્રકારના પૂર્વના ભવમાં કર્યા કર્મ તેમના ફળ, એ માટે જ પૂર્વે ભલી આચરણ કરી એના કર્મ એટલે ભલા તેવા પ્રકારના ધર્મના અનુષ્ઠાન તેમાં અપ્રમાદ કરી ક્ષમાદિ રાખી કરીને ધર્મઅનુષ્ઠાન કર્યા તેનો તથા ભલે પ્રકારે પરાક્રમ કર્યા એટલે સર્વ જીવો ઉપર મિત્રાઈ, સત્ય બોલવું, પરાયું ધન ન લેવું, શીલ સારી રીતે

પાળવું ઇત્યાદિક પરાક્રમ કર્યા તેનું ફળ ભોગવે છે. એ માટે જ ભલા ફળોનો એટલે અહીં કિંચિત્માત્ર અશુભ ફળ પણ ઇન્દ્રિયમતિના વિપરીતપણાથી શુભ ફળ જેવું જાણવામાં આવે, પણ તે અશુભ છે. તે માટે પારમાર્થિક એટલે અનર્થના ઉપશમ કરનારા તે કર્મોનું કલ્યાણરૂપ ફળ એટલે વિપાક તે પ્રત્યેકે ભોગવતા વિચરે છે તે દેવ અહીં કોઈક હશે સૂત્રવૃત્ત્યાદિકમાં તો સમ્યગ્દૃષ્ટિના જ વર્ણવાદ કેમ સંભવે ? તેને કહીએ કે વિરાધક સમ્યગ્દૃષ્ટિ આદિ વાણવ્યંતરાદિકમાં ઉપજે પણ આરાધક સમ્યગ્દૃષ્ટિ ન ઉપજે. તેથી અહીં મિથ્યાદૃષ્ટિ વાણવ્યંતરદેવોની પૂર્વસુકૃતની શ્લાઘા સંભવે છે. તેમજ હીરપ્રશ્નમાં મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજયજીગણિ કૃત છઠ્ઠા પ્રશ્નોત્તરમાં કહ્યું છે તે પાઠ :

अपरं च जंबूद्वीपप्रज्ञप्तौ - जीवाभिगमे च जगतीवर्णनाधिकारे पुरापुणाणं सुचिण्णाणं सुपरिक्कंताणं सुभाणं कल्लाणाणं कडाणं कम्माणं फलविसेसं पच्चणुब्भवमाणा विहरंति अत्र वाणमंतरा देवा य देवीओ ति विशेष्यं संबध्यते तथा चात्र यत्पुरातनं कृत्यंश्लाघितं वर्त्तते । तत्किमाराधकसम्यग्दृष्ट्यादिसत्कमुतान्यसत्कमिति ॥६॥ एतत् प्रश्नप्रतिवचः पाठः तथा जंबूद्वीपप्रज्ञप्तौ जीवाभिगमे च जगती-वर्णनाधिकारे व्यंतरदेवदेवीनां यत्पुरापुणाणं सुचिण्णाणमित्यादिना प्राक्तनसुकृतप्रशंसनं तदाराधकसम्यग्दृष्ट्यादिव्यतिरिक्तानामेवाव-सीयते ॥६॥

એ પૂર્વોક્ત પ્રકારે મિથ્યાદૃષ્ટિ દેવોને વર્ણવાદ બોલવો પણ અવર્ણવાદ વર્જવો. તે માર્ગાનુસારી ધર્મકાર્ય આશ્રયીને વર્ણવાદ જાણવો. પણ મિથ્યાદૃષ્ટિ તથા તેઓના ધર્મકૃત્ય આશ્રયી ન જાણવો. કેમ કે વર્ણવાદ, શ્લાઘા, પ્રશંસા એ એકાર્થ છે. તેથી મિથ્યાદૃષ્ટિની પ્રશંસામાં તો આગમમાં અતિચાર પ્રતિપાદન કર્યો છે. તો મિથ્યાદૃષ્ટિના વર્ણવાદમાં સુલભબોધિપણું ક્યાંથી થાય ? માટે તે પૂર્વોક્ત પાઠના અભિપ્રાયથી મુખ્યપણે સમ્યગ્દૃષ્ટિ તથા માર્ગાનુસારી દેવોનો વર્ણવાદ સંભવે, પણ બીજાના ન સંભવે. અહીં કોઈ કહેશે કે એ પાઠથી ચતુર્થ સ્તુતિ કારણ વિના કહેવી સિદ્ધ થાય છે. કેમ કે સમ્યગ્દૃષ્ટિ દેવોના વર્ણવાદ કરે તો સુલભબોધિ કર્મ ઉપાર્જન કરે એવું

કહ્યું. તેથી ચતુર્થસ્તુતિ પણ સમ્યગ્દૃષ્ટિ દેવોના વર્ણવાદની જ છે. તેને કહીએ એ પાઠથી ચતુર્થસ્તુતિ કારણ વિના સિદ્ધ થતી નથી. કારણ કે ચતુર્થસ્તુતિ એકાંતે ગુણવર્ણનાની જ નથી, પૂર્વોક્ત ગ્રંથોમાં સ્વકૃત્યોમાં ઉપયોગદાનાર્થ તથા વિઘ્નવિનાશનાર્થ તથા તદ્વિષયક ગુણવર્ણનાત્મક વૈયાવૃત્ત્યકર દેવોની સ્તુતિ કહી છે તેથી સ્વીકૃત પૂજાદિ ઉપચાર તથા ક્ષુદ્રોપદ્રવાદિ નિવારણ કારણે ચતુર્થસ્તુતિ કહેવી સિદ્ધ થાય છે. પણ પૂજાદિ કારણ વિના કહેવી સિદ્ધ થતી નથી. અને ગુણવર્ણન છે તે એકાંતે શ્લોકાદિ સ્તુતિરૂપે જ નથી, ભાષણરૂપે પણ છે, જેમ કોઈ અરિહંતાદિકના અવર્ણવાદ બોલતો હોય તેને અરિહંતાદિકના ગુણ વર્ણન બોલી સમજાવે, તથા વ્યાખ્યાનાદિ અવસરે જેનો વર્ણવાદ આવે તો તેનો અવર્ણવાદ ટાળી વર્ણવાદ કરે, જેમ દેવોનો આશ્ચર્યકારી કેવો આચાર છે જે વિષયમાં આસક્ત છે તોપણ જિનભુવનમાં હાસ્યાદિક સંસારી ક્રિયા કરતાં નથી. એમ સમ્યગ્દૃષ્ટિ દેવોની પ્રશંસા કરવી તેમજ મિથ્યાદૃષ્ટિ દેવોના માર્ગાનુસારી ધર્મકૃત્યની પ્રશંસા કરવી તે દેવવર્ણવાદ કહીએ તથા ગ્રંથાંતરમાં જે અનુમોદનીય, જેમ તીર્થંકરાદિ પ્રશંસા પ્રશસ્તપણાથી પ્રશંસનીય અનુમોદનીય, ઉભય પણ હોય અને મિથ્યાદૃષ્ટિની પ્રશંસા તે પ્રશંસનીય પરં ન અનુમોદનીય - જિનાજ્ઞા બાહ્યધર્મપણાથી તેની પ્રશંસા અતિચારરૂપ, પણ પ્રયોજનવિશેષે કદાચિત્ કોઈની પ્રશંસા સમ્યગ્દૃષ્ટિને કરવી પડે પણ અપ્રશસ્તપણાથી અનુમોદનીય ન હોય અથવા પ્રશસ્તપણાથી સમ્યક્ત્વાભિમુખ તથા માર્ગાનુયાયીકૃત્ય મિથ્યાદૃષ્ટિના પણ પ્રશંસનીય અનુમોદનીય કહ્યા છે. તે પાઠ :

जिणजम्माइऊसवकरणं तरिसीण पारणए ।
जिणसासणंमि भल्लीए पमुहं देवाणअणुमए ॥३०८॥
तिरिआण देसविरइं पज्जंताराहणं च अणुमोए ।
सम्मद्दंसणलब्भं अणुमन्ने नारयाणंपि ॥३०९॥
सेसाणं जीवाणं दाणरुइत्तं सहाव विणिअत्तं ।
तह पयणुकसायत्तं परोवगारित्त भव्वत्तं ॥३१०॥
दक्खिन्नदयालुत्तं पियभासित्ताइ विविहगुणनिवहं ।
सिवमग्गकारणं जं तं सव्वं अणुमयं मज्झ ॥३११॥

इय पक्खय सुकयाणं बहूणमणुमोअणा कया एवं ।
अह नियसुचरियनियंसेमि संवेगरंगेणं ॥३१२॥
एमाइ अण्णंपिअ जिणवरवयणाणुसारि जं सुकडं ।
कय कारिय अणुमोइअ महयं तं सव्वमणुमोए ॥३१३॥
इत्याराधनापताकायां ॥

એનો અર્થ જિનશાસનને વિશે ભક્તિ કરીને તીર્થંકરના જન્મ મહોત્સવ, મહાક્ષધીશ્વરના પારણાના મહોત્સવ પ્રમુખ દેવતા કરે છે તે અનુમોદું છું. તિર્યંચની દેશવિરતિ પર્યંતારાધના તથા નારકીને સમ્યક્ત્વનો લાભ અનુમોદું છું. બીજા જીવનું દાનરુચિપણું, સ્વભાવે વિનીતપણું, અલ્પકષાયીપણું, પરોપકારીપણું, ભવ્યપણું, દાક્ષિણતા, દયાલુપણું, પ્રિયભાષીપણું ઇત્યાદિ વિવિધ ગુણના સમૂહ મોક્ષમાર્ગનું કારણ તે સઘલું મુજને અનુમોદન હો. એવી રીતે પરનાં કીધાં ઘણાં તે સુકૃત તેનું અનુમોદવું હો, એવી રીતે પરનાં કીધાં ઘણાં જે સુકૃત તેની અનુમોદના કીધી અથવા પોતાના કીધા સુકૃતના સમૂહ તે સંવેગરંગે કરીને સંભારું છું. ઇત્યાદિ અન્ય પણ જિનવચન તે અનુસારે જે પુણ્યકરણી કરી કરાવી અને અનુમોદી હોય તે સઘલી અનુમોદું છું. ॥૧॥ તથા

अविसव्वं चिय वीयरायवयणाणुसारि जं सुक्कडं ।
कालत्तयेवि तिविहं अणुणोएमो तयं सव्वं ॥५७॥
इति चतुःशरणप्रकीर्णके ॥

એનો અર્થ સંપૂર્ણ વીતરાગ વચનને અનુસારે જે સૂક્ત જિનભવન, જિનબિંબ કરાવવા, તેની પ્રતિષ્ઠા, પુસ્તક લખાવવા, તીર્થયાત્રા, સંઘવાત્સલ્ય, જિનશાસનપ્રભાવના, જ્ઞાનાદિકનું ઉપષ્ટંભ, ધર્મસાંનિધ્ય, ક્ષમા-માર્દવ-સંવેગાદિરૂપ મિથ્યાદૃષ્ટિ સંબંધી પણ માર્ગાનુસારી ધર્મકાર્ય ત્રણ કાળને વિશે મન-વચન-કાયાએ કરીને કર્યું, કરાવ્યું, અનુમોદ્યું હોય તે સઘલું અનુમોદું છું. ॥૨॥ તથા

अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं सव्वेसिं सिद्धाणं सिद्धभावं एवं सव्वेसिं इंदाणं सव्वेसिं जीवाणं मग्गसाहणजोगे होउ मे एसा अणुमोअणा सम्मं विहिपुव्विआ ॥

આનો અર્થ બધા અરિહંતનું અનુષ્ઠાન ધર્મકથાદિ સઘળાએ સિદ્ધનું સિદ્ધપણું અવ્યાબાધાદિરૂપ ઇત્યાદિ તથા સઘલાએ જીવના માર્ગસાધનયોગ સામાન્યે કુશલ વ્યાપાર તે પ્રતે અનુમોદું. મિથ્યાદૃષ્ટિના પણ ગુણસ્થાનકની અનુમોદના સમ્યગ્ વિધિપૂર્વક શાસ્ત્રને અનુસારે હો. ॥૩॥ તથા

पंचमनिशावदधिकतरो भौतकश्चरकपरिव्राजकादिधर्मस्तस्य मिथ्यात्वतमोभृत्वोपितादृक्क्षमाशमेंद्रियदमनसर्वजीवानुकंपापरिणाम-भवनिर्वेदादिरूपाधिक्योद्योतकत्वात् एतद्धर्माराधकास्तामलिक्षष्यादयो बहुशुद्धपरिणामाः प्रतिपादिताश्चागमेऽपि इति उपदेशरत्नाकरे ॥

આનો અર્થ શ્વેત (શુક્લ) પંચમીની રાત્રિની જેમ અધિકતર ઉદ્યોતક ચરક-પરિવ્રાજકાદિકનો ધર્મ છે, જે માટે તે ધર્મને મિથ્યાત્વરૂપ અંધકારે વ્યાપવાપણું થયે થકે પણ તથાવિધ ક્ષમા, ઉપશમ, ઇન્દ્રિયદમન, સર્વ જીવદયા પરિણામ, ભવનિર્વેદાદિરૂપ અધિક ઉદ્યોતકપણા થકી એ ધર્મના આરાધક તામલિકાધીશ્વર પ્રમુખ ઘણા શુદ્ધ પરિણામવંત સિદ્ધાંતને વિશે કહ્યા છે. ॥૪॥ તથા

पावंति जसं असमं जसावि वयणेहिं जेहिं परसमया ।
तुह समयमहोअहिणो ते मंदाब्बिन्दु निस्संदा ॥४१॥
इति धनपालपंचाशिकायां ॥

એનો અર્થ વિસંસ્થૂલપણે કરના સિદ્ધાંત ચન્દ્ર-સૂર્ય ગ્રહણાદિક રૂપ જેણે વચને કરીને યશ પામે છે તે વચનમંદ સ્તોક પ્રકાશક તારા સિદ્ધાંતરૂપ મહાસમુદ્રના બિંદુઓનો રસ. ॥૫॥ તથા

सव्वप्पवायमूलं दुवालसंगं जओ समक्खायं ।
रयणायरतुल्लं खलु तं सव्वुं सुंदरं तम्मि ॥१॥
इति श्री हरिभद्रसूरिकृतोपदेशपदप्रकरणे ॥

એનો અર્થ બધાય પ્રવાદનું મૂલ બૌદ્ધ-નૈયાયિક-સાંખ્યાદિ દર્શનનું આદિ કારણ તે કોણ ? દ્વાદશાંગ કહ્યું. સિદ્ધસેનદિવાકરાદિકે એટલા માટે રત્નાકરને તુલ્ય ક્ષીરોદધિ પ્રમુખ સમુદ્રના સરખું નિશ્ચે છે. માટે સઘલું જે કાંઈ પ્રવાદાંતરને વિશે સુંદર દેખાય તે દ્વાદશાંગી માંહેલું જાણવું. તેની અવજ્ઞા કરે તો તીર્થંકરની અવજ્ઞા થાય. ॥૬॥ તથા

मिथ्यादृशोऽपि हि वरं कृतमार्द्दवा ये,
सम्यग्दृशोऽवि नवरं कृतमत्सरा ये ते ।
मेचका अपि शुकाः फलशालिभोज्या,
भव्याः सिता अति बका न हि मीनभक्ष्याः ॥१॥
इति सूक्तावलीग्रन्थे ॥

આનો અર્થ સરળ સ્વભાવી મિથ્યાદૃષ્ટિએ ભલા, પણ મત્સરવંત સમ્યગ્દૃષ્ટિ એ ભલા નહિ, જેમ કાળા એ સૂડલા ભલા જે માટે ફલરાશિ ખાય, પણ ઉજળા એ બગલા ભલા નહિ, જે માટે માછલા ખાય ॥૭॥ તથા નયસાર, ધનશ્રેષ્ઠી, સંગમાદિક મિથ્યાત્વીનું પણ દાન ઘણા ગ્રંથને વિશે અનુમોદનીય દેખાય છે. ॥૮॥ અહીં પૂર્વે કહેલા ગ્રંથોમાં માર્ગાનુસારી કૃત્ય અનુમોદ્યા તે મન-વચન-કાયાએ કૃત-કારિત-અનુમોદન વિષયક આત્મોત્સાહરૂપ અનુમોદના તે પ્રશંસનીય પણ જાણવી. કેમ કે જે આત્મસાક્ષિકી તે અનુમોદના અને પરસાક્ષિકી તે પ્રશંસા ગ્રંથાંતરોમાં કહી છે. તેથી જે અનુમોદનીયકૃત્ય તે પ્રશંસનીયપણે હોય. માટે વર્ણવાદ સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિનો અધિકાર પ્રાપ્ત ભાષણરૂપે અનેક પ્રકારે છે. તે કારણથી ચતુર્થ સ્તુતિ એ જ દેવાદિકનો વર્ણવાદ સિદ્ધ થતો નથી. કારણ કે ચતુર્થ સ્તુતિ આચરણા પૂર્વે પણ વર્ણવાદનો પાઠ તો આગમપ્રસિદ્ધ છે અને પૂર્વાચાર્ય વારે આગમગ્રંથોના અભિપ્રાયથી ત્રણ સ્તુતિએ દેવવંદન કરતાં એવું સિદ્ધ થાય છે, તો શું પૂર્વાચાર્યાદિકના સમયે દેવોના વર્ણવાદ નો'તા કરતા ? તથા ચતુર્થસ્તુતિ ન કરતાં તેથી શું સર્વ દુર્લભબોધિ થયા ? એ યુક્તિ કોઈ ભાસન થતી નથી. કેમ કે પૂર્વાચાર્યવારે અધિકારપ્રાપ્ત તથા ભાષણરૂપે દેવાદિકને વર્ણવાદ કરતાં, પણ ચતુર્થસ્તુતિરૂપે નહોતા કરતાં. તેથી એકાંતે ચતુર્થસ્તુતિ એ જ દેવાદિકનો વર્ણવાદ સંભવતો નથી તથા અરિહંતાદિકનો વર્ણવાદ છે તે સ્વઆશ્રયી છે અને દેવાદિકનો વર્ણવાદ છે તે તેમના કૃત્ય આશ્રયી છે. તેથી જ્યારથી ચતુર્થસ્તુતિની આચરણા આચાર્યોએ કરી ત્યારથી પૂજોપચારાદિકમાં સ્વકૃત ઉપયોગદાનાર્થ ગુણવર્ણનાત્મક સ્તુતિ અને શાંતિ-પૂજા-પ્રતિષ્ઠાદિ કાર્યમાં વિઘ્નવિનાશ ઉપયોગદાન ગુણવર્ણનસ્તુતિએ કરી દેવાદિકના વર્ણવાદ પૂર્વોક્ત ગ્રંથોના

અભિપ્રાયથી સંભવ થાય છે. પણ પૂર્વોક્ત કારણ વિના સંભવ થતા નથી. અહીં વળી કોઈ કહેશે જે સમ્યગ્દૃષ્ટિ દેવોના વર્ણવાદમાં સુલભબોધિપણું થાય તો પૂજાદિ કાલ સમય વર્જીને દેવોને વર્ણવાદ કરવામાં કાંઈ દોષ પ્રાપ્ત થાય નહિ. તે માટે અકારણે પણ કરવામાં દોષ નથી. તેને કહીએ કે હે દેવાનુપ્રિય ! ચૈત્યવંદનાદિ આવશ્યકકૃત્યમાં અરિહંતાદિકના જ ગુણવર્ણન છે તોપણ મહાનિશીથસૂત્રના અધ્યયમાં કાલવેલા સમય ઉલ્લંઘીને અવિધિએ ચૈત્યવંદનાદિ કરવામાં દોષ પ્રતિપાદન કર્યો છે. તે પાઠ :

से भयवं कयरे ते आवस्सगे गोयमाणं चिइवंदणादओ से भयवं कम्हा आवस्सगे असइपमायदोसेणं कालाइक्कमिएइवा वेलाइक्क-मिएइवा समयाइक्कमिएइवा अणोवउत्तपमत्तेहिंवा अविहीए समणु-ट्ठिवाणोणं जहुतयालंविहीए सम्मं अणुट्ठिएइवा असंपट्ठिएइवा वित्थं-पट्ठिएइवा अकएइवा पमाएइवा केवइयं पायच्छित्तमतुवइ सेज्जा गोयमा जे केई भिक्खुवा भिक्खुणीवा संजयविरयपडिहयपच्चक्खाय पावकम्मे दिक्खादिया दियाप्पभिईउ अणुदियहं जावज्जीवाभिग्गहेणं सुवस्थे भत्तिनिब्भरे जहुतविहीए सुत्तत्थमणुसरमाणे अन्नमाण से मेगाग्गचिते तगायमणुससुहज्जवसाए थयथुईहिं णतिकालियं चेइए वंदेज्जा तस्सणं एगागवाराए खवणं पायच्छित्तं उवइसेज्जा बीयाए छेवंतइयाए उवट्ठाणं अविहए चेइयाइं वंदेताउ पारं चियं जओ य विहीए चेइयाए वंदेमाणो अन्नेसिं असद्धं जणेई ॥

અર્થ :- અથ પ્રશ્નારંભ - હે ભગવંત ! કયા તે આવશ્યક ? એમ ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછતાં ભગવંત કહે હે ગૌતમ ! ચૈત્યવંદનાદિક. ત્યારે ગૌતમ કહે કે હે ભગવંત ! કયા આવશ્યકમાં બહુ પ્રમાદ દોષે કરી અથવા આવશ્યકકાલ ઉલ્લંઘે કરી, વળી વેલા તથા સમય ઉલ્લંઘે કરી અને અનુપયોગ પ્રમાદે કરી, અવિધિ કરવે કરી નથી. યથોક્ત કાલવિધિ કરી ભલે પ્રકારે અનુમતિ અથવા અસંપ્રષ્ઠિત આજ્ઞા રહિત તથા ન કરવે, પ્રમાદ થયે એટલે પ્રમાદ કરે, અવિધિ કરે, અવસર વિના કરે, ન કરે તો તેને કેટલું પ્રાયશ્ચિત્ત કહેવું ? ભગવંત કહે કે હે ગૌતમ ! જે કોઈ સાધુ

તથા સાધ્વી સંયત એટલે યતનાવંત તથા વિરતિવંત એટલે ત્યાગી એવા પ્રતિહત પ્રત્યાખ્યાન પાપકર્મ જે હોય એટલે પાપનું પચ્ચક્ખાણ કરી ત્યાગ કર્યો એવા દીક્ષાદિવસથી લેઈ નિરંતર જાવજ્જીવ અભિગ્રહ કરી ભલી ભક્તિના સમૂહે કરી જેવી વિધિ કહી તેવી વિધિએ કરીને સૂત્રાર્થ સ્મરણ કરે ત્યારે બીજે કાંઈ પણ મન નહિ કરતો થકો એકાગ્રચિત્તે તેને વિશે શુદ્ધ અધ્યવસાય એટલે શુભચિત્તે સ્તવન-સ્તુતિ વડે કરી એટલે શક્રસ્તવ અને સ્તુતિ લોગ્ગસ્સ પ્રમુખે કરી ત્રણ કાલ ચૈત્ય ન વાંદે તો તેને એક વાર ચૈત્ય ન વાંદવે ઉપવાસનું પ્રાયશ્ચિત્ત કહેવું ॥૧॥ બીજી વાર ન વાંદવે છેદ ॥૨॥ ત્રીજી વાર ચૈત્ય અણવાંદવે નવી દીક્ષા ॥૩॥ અને અવિધિએ ચૈત્ય વાંદવે તો પારંચિત દંડ. ॥૪॥ કારણ કે અવિધિએ ચૈત્ય વાંદતો થકો બીજાને અશ્રદ્ધા અપ્રતીત કરે. કેમ કે કોઈ ભદ્ર એમ જાણે કે જેમ તેમ ચૈત્ય વાંદવા. વિધિએ અવિધિએ શું ? એવો તેનો ભાવ થઈ જાય. તે તેને આણાભંગની શ્રદ્ધા થાય તો મિથ્યાત્વમાં પડે માટે એ પ્રાયશ્ચિત્ત છે. અહીં કાલાતિક્રાન્ત એટલે પ્રાતાદિકાલ ઉલ્લંઘીને તથા વેલાતિક્રાંત એટલે મર્યાદા એટલે ચૈત્યવંદનાદિ ક્રિયાની મર્યાદા જે ઠેકાણે કહી તે ઠેકાણે ન કરે, અન્યત્ર ઠેકાણે કરે અથવા સમય એટલે સિદ્ધાંત અથવા આચાર અથવા અંગીકાર એટલે સિદ્ધાંતમાં જે ચૈત્યવંદનાદિ ક્રિયા કારણ વિના ચૈત્યમાં કરવાની કહી છે તે બીજે ઠેકાણે કરે વા અંગીકૃત આચાર ઉલ્લંઘે એટલે સિદ્ધાંતમાં જે ચૈત્યવંદનાદિ ક્રિયાનો આચાર અંગીકાર કર્યો છે તે ઉલ્લંઘે, તથા પ્રમાદના દોષથી અવિધિ એટલે વિધિ વિપરીત કરે, તો પ્રાયશ્ચિત્ત પામે. અહીં અરિહંતાદિકના ગુણવર્ણનમાં પણ કાલવેલા સમય ઉલ્લંઘીને દોષ પ્રતિપાદન કર્યો તો દેવાદિકના વર્ણવાદ વિના અવસરે કરવામાં દોષ કેમ ન હોય ? અર્થાત્ હોય જ. જેમ મંત્રાદિ વિધાનમાં દેવોના વર્ણવાદ હોય છે, પણ કાલવેલા સમયોક્ત કરે તો ફલદાયી થાય અને વિપરીત કરે તો મહાદોષકારક થાય છે. તે માટે દેવાદિકનો વર્ણવાદ પણ જે અવસરે કરવાનો હોય તે જ અવસરે કરવો શ્રેય છે. અલં અતિપ્રસંગેન ॥

॥ વર્ણવાદરૂપ અંત્યમંગલ પ્રશ્નોત્તર સમાપ્ત ॥

તથા શ્લોકાદિ સ્તુતિરૂપ ગુણવર્ણન કરવે કરીને જ સુલભબોધિકર્મ ઉપાર્જન કરે તો શ્રી ઠાણાંગસૂત્રના પાઠમાં આચાર્ય તથા ચતુર્વિધ શ્રમણસંઘના પણ વર્ણવાદ બોલવા કહ્યા છે. તેથી આચાર્ય તથા ચતુર્વિધસંઘની પણ શ્લોકનિબંધરૂપે દેવવંદનામાં સ્તુતિ કરવી જોઈએ. તે પ્રમાણે સ્વગચ્છ તથા પરગચ્છમાં કોઈપણ કરતો નથી તો તે શું આચાર્ય તથા ચતુર્વિધસંઘના ગુણવર્ણના ઘાતક તથા દુર્લભબોધિ કહેવાય ? અપિ તુ ન જ કહેવાય. કેમ કે ગુણવર્ણન તે એકાંતે શ્લોકાદિ સ્તુતિનિબંધરૂપે નથી, ભાષણરૂપે પણ છે. કારણ કે પૂર્વાચાર્યોને વારે પૂજા-પ્રતિષ્ઠાદિ કારણ વિના અરિહંત ચૈત્ય એટલે મૂલનાયકનિશ્રિત તથા સર્વલોક ચૈત્યનિશ્રિત અને શ્રુતજ્ઞાન નિશ્રિત અનુક્રમે ત્રણ-ત્રણ સ્તુતિના જોડા પણ પાટણ પ્રમુખના ભંડારોમાં પૂર્વાચાર્યોના કરેલા ઘણા દેખવામાં આવે છે. તે સર્વ સ્તુતિઓના જોડા તો ગ્રંથગૌરવના ભયથી અહીં લખતાં નથી, તોપણ કેટલાએક ત્રણ સ્તુતિઓના જોડા શ્રી હરિભદ્રસૂરિજી તથા સુધર્મતપાગચ્છાધિરાજ શ્રી પ્રદ્યુમ્નસૂરિજી પ્રમુખ સ્વગચ્છીય પરગચ્છીય આચાર્યોના કરેલા ભવ્યજીવ નિરપેક્ષી જીવોને જ્ઞાપન કરવાને લખીએ છીએ. ત્યાં પ્રથમ શ્રી અણહિલપુરપાટણ નગરે ફોફલવાડા પ્રમુખ ભાંડાગારે પ્રાચીનાચાર્યકૃત ષડાવશ્યકવિધિના જીર્ણ પુસ્તકમાં જિનચૈત્યવંદનવિધિમાં શ્રીહરિભદ્રસૂરિજીકૃત સંસારદાવાની ત્રણ સ્તુતિએ કરીને જ ચૈત્યવંદના લખી છે તે જો કોઈને જોવી હોય તો તે પ્રત પણ અમારી પાસે છે તે જોઈને શંકાનિવર્તન કરવી તથા વિરહ શબ્દ અંકિત શ્રી મહાવીરસ્વામી સંબંધની શ્રી હરિભદ્રસૂરિજીકૃત ત્રણ સ્તુતિઓ લખીએ છીએ. તે પાઠ :

॥ महावीरजिनस्तुतिः ॥

वीरं दमिंदं जगजीवणाहं, दित्तं सुणिच्चं सुहसंपवाहं ।
इतिग्गिजालावलिवारीणाहं, णमामि वज्जि च्चिअ तित्थणाहं ॥१।
संसारसायरणेवरजाणतुल्ला,
दुट्ठट्ठकम्ममहणे किर संतिमल्ला ।
देविंदपुज्जपवरा सयला जिणंदा,
मिच्छत्तधंतहरणे जगति दिणंदा ॥२॥

निग्गंथाणं चरणचरणं जीवहिंसाविणासं,
चित्ताणंदे जिणवरवयं तत्तबुद्धिपयासं ।
चित्तत्थं वा कुमयदलणं सत्तभंगीगभीरं,
सुत्तं वंदे मयणविरहंतस्सणाहं वि वीरं ॥३॥

॥ श्रीप्रद्युम्नसूरिजीकृत श्रीवीरस्तुतिप्रारम्भः ॥

श्रेयं ये नारनाथैः कलिमलकदनोमूर्त्तिहामावपुष्कः,
कंधावंतर्गतान्वैविकलसरजनान् धारितो विष्टपेऽस्मिन् ।
पूज्यो धर्तुं भवेवोतिबलघनरसेमेयशक्तिर्विभर्त्ता,
सोवरिस्त्रैशलेयो दिशतु जिनवरोघौवहा सुविशालं ॥१॥
क्षोण्यां क्षांत्याभपीनां क्षपितकषमलाक्षय्यपक्षं शरण्याः,
स्वांततारण्ये सरन्ता जिनपतिनिवहाः च्छेदयंतु प्रशांताः ।
स्तुर्ज्जद्ज्ञानं सुरेन्द्रैः कुमतमतिहरं तेऽर्चितानो विधेयुः ।
तेषां कीर्त्योंकमध्ये मुनिजनवृषभाध्यानलालां रटंति ॥२॥
संसारोदन्वदंभस्यतिदममतयो ब्रूडतां यानपात्रं,
पाठं दौषैर्विहरनं बहुगमगहनं सार्थशब्दौघदेहं ।
ये भक्त्या साधुलोका जिनमतमनसंप्रदायात्पठंति ।
यांति प्रद्युम्नसूरित्वमलतनुभृतांतेस्प सम्यक्च्छ्रुत्तस्य ॥३॥
इति वीरस्तुतिः ॥

તથા શ્રીમાન્ દંડાચાર્ય પ્રમુખ પ્રાચીનાચાર્યકૃત શ્રી સિદ્ધચક્ર તથા શ્રી નેમિનાથ સંબંધી ત્રણ ત્રણ થુઈનો પાઠ :

॥ श्रीसिद्धचक्रस्तुतिः ॥

पीठेर्हन्नद्भुतश्रीरतिशयसदनं दिक्षु सिद्धादयस्ते,
सम्यक्विद्याविदिक्षु त्रिभुवनगुरवो यत्र लब्धप्रतिष्ठाः ।

तत्त्रैलोक्यैकवंद्यं विमलसुरसुरीसेवितं स्वप्रभाव-
प्राग्भारैः पूरिताशं प्रतिदिवसमहं सिद्धचक्रं नमामि ॥१॥
भाग्यावाप्तेनकामं सुमहिमगुरुणा सिद्धचक्रेण जित्वा,
सत्त्वाधिक्येन सर्वानशुभपरिणतिन्मोहमुख्यानरातीन् ।
ये जाता विश्ववर्ण्यापरमपदपुरीप्राज्यसाम्राज्यभाजो,
देसायुः केवलश्रीपरिचितवपुष्यः सौख्यपोषं जिनास्ते ॥२॥
विश्वानंदप्रदानप्रगुणशुचिकलाबिभ्रतः सिद्धचक्रः,
ध्यानात्शीतांशुबिंबोदयतइवपरायाप्रवृद्धिं प्रयाति ।
स श्रीसिद्धांतवार्द्धिर्धर्नयनिचयमणिर्भंगभंगोऽर्थपाथः,
पूरोदूरस्त्वपारः प्रदिशतु भविनां निर्मलां सौख्यलक्ष्मीम् ॥३॥

॥ श्रीनेमिनाथस्तुतिः ॥

अस्त्युत्तास्यांदिशी देवतात्मा, यो मेरुरेतत्सदृशे महिम्ना ।
श्रीरैवते संस्थितमस्तदोषं प्रणौमि नेमिं कृतधर्मपोषं ॥१॥
येषां गुणौघैः सितरश्मिगौरैर्हिमालयो नाम नगाधिराजः ।
लघुकृतस्तसेततां जिनेन्द्राः, श्रेयः प्रयच्छंतु नतामरेन्द्राः ॥२॥
जिनागमः सोऽस्तु शिवायसूत्र, दीर्घस्तुयातो पदांकितश्च ।
पूर्वापरौ तोयनिधी अवगाह्य, स्थितः पृथिव्या इव मानदंडः ॥३॥

હવે ભવ્ય જીવોએ વિચાર કરવો જોઈએ કે પૂર્વધર તથા પૂર્વાચાર્યોની પરંપરાથી પૂર્વાચાર્ય સંમત ત્રણ સ્તુતિનો નિષેધ કરી એકાંતે સામાયિક પ્રતિક્રમણમાં ચોથી સ્તુતિ સ્થાપન કરવી એ જિનાજ્ઞાધારક પ્રામાણિક પુરુષોના લક્ષણ નથી. કેમ કે શ્રી સુધર્મસ્વામી, જંબૂ પ્રમુખ પૂર્વધર પૂર્વાચાર્યોની આચરણા છેદીને પોતાની મનમાની આચરણા સ્થાપન કરે તે જમાલીની જેમ નાશને પ્રાપ્તમાન થાય. એવું કથન શ્રી સૂયગડાંસૂત્રની નિર્યુક્તિમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ કર્યું છે. તે પાઠ :

आयरियपरंपराएण आगयं जो य छेहबुद्धिए ।
कोवेइ छेयवाई जमालिनासंसनासेही ॥१॥

वृत्तिः - आचार्याः श्रीसुधर्मस्वामिजंबूनामप्रभवार्यरक्षिताद्याः तेषां पारंपर्यन्तप्रणालिका तेन आगतं यो व्याख्यानं सूत्राभिप्रायः तद्यथा व्यवहारनयाभिप्रायेण क्रियमाणमपि कृतं भवति । यस्तु कुतर्काध्यातमानसो मिथ्यात्वोपहतदृष्टितया छेकबुद्ध्या निपुणबुद्ध्या कुशाग्रीयशेमुषिकोऽहमितिकृत्वा कोपयति दूषयति अन्यथा तमर्थं सर्वज्ञप्रणीतमपि व्याचष्टे कृतं कृतमित्येवं ब्रूयात् वक्ति च न हि मृत्पिंडक्रियाकाले एव घटो निष्पद्यते कर्मगुणव्यपदेशानामनुपलब्धेः सएपत्थेकवादीनिपुणोहमित्येवंवादी पंडिताभिमानी जमालिना वा जमालिनिह्नववत् सर्वज्ञामतविकोपको विनंक्ष्यति अरघट्टघटीन्यायेन संसारचक्रवाले बंभ्रमिष्यतीति नत्वसौ जानाति वराको यथाऽयं लोको घटार्थेः क्रिया मृत्खननाद्याघटमेवोपचरति तासां च क्रियाणां क्रियाकालनिष्ठाकालयोरेककालत्वात् क्रियमाणमेव कृतं भवति दृश्यते चायं व्यवहारो लोके तद्यथा - अर्थवदेवदत्ते निर्गते कान्यकुब्जं देवदत्तो गत इति व्यपदेशः तथा दारुणि च्छिद्यमाने प्रस्थकोऽयमिति व्यपदेशः इत्यादि ॥

આ પાઠમાં આચાર્ય શબ્દે શ્રી સુધર્માસ્વામી તથા જંબૂસ્વામી, પ્રભવસૂરિ પ્રમુખ કહ્યા. તેમની પ્રણાલિકા એટલે પરંપરાએ કરીને આવેલા સૂત્ર વ્યાખ્યાનોપલક્ષિત આચરણા તેને ઉચ્છેદન કરે તે જમાલીની પેઠે સમ્યક્ત્વનો વિનાશ પામે એમ કહ્યું છે. તથા આત્મારામજી આનંદવિજયજી ચતુર્થસ્તુતિ નિર્ણય પૃષ્ઠ ૧૭૪ તથા ૧૭૫માં શ્રી સૂયગડાંગસૂત્રનિર્યુક્તિની ગાથા લખીને જે અર્થ લખે છે તે વૃત્તિકારના અભિપ્રાય મુજબ અર્થ નથી. તેથી પોતાના કરેલા અર્થથી પોતે જ જમાલીની પેઠે નાશને પ્રામમાન થાય છે. કેમ કે વૃત્તિકારકૃત અર્થના અભિપ્રાયથી તો ગણધર-પૂર્વધરાદિક આચાર્યોની પરંપરાએ આવેલી આચરણા અર્થાત્ શ્રી ભદ્રબાહુસ્વામીજી પ્રમુખ પૂર્વધર

પૂર્વાચાર્યોની કરેલી ત્રણ સ્તુતિની આચરણા છેદીને એકાંતે ચોથી સ્તુતિ સ્થાપન કરે તે જમાલીની પેઠે સમ્યક્ત્વનો નાશ કરી અનંત સંસાર વધારે એ અભિપ્રાય સૂચન થાય છે. તથા વલી ચતુર્થસ્તુતિનિર્ણય પૃષ્ઠ ૧૪૯ તથા ૧૭૫માં આત્મારામજી આનંદવિજયજી લખે છે કે **श्री अभयदेवसूरिजी ने श्री श्री स्थानांगसूत्र की वृत्ति में श्रुतज्ञान की प्राप्ति के सात अंग कहे है ॥१॥ सूत्र ॥२॥ निर्युक्ति ॥४॥ चूर्णि ॥५॥ वृत्ति ॥६॥ परंपरा ॥७॥ अनुभव ॥** ઇત્યાદિ લેખ શ્રી સ્થાનાંગસૂત્રવૃત્તિમાં તો પ્રાયે જણાતો નથી, પણ શ્રી આનંદઘનજી ચોવીસીમાં શ્રી નમિનાથજીના સ્તવનમાં સમયપુરુષના અંગ કહ્યા તેમાં અર્થકારે સિદ્ધાંતપુરુષના છ અંગ ગ્રહણ કર્યા છે. તે પાઠ :

चूरणभाष्यसूत्रनिर्युक्तिवृत्तिपरंपर अनुभव रे,
समयपुरुषनां अंग कह्या ए जे छेदे ते दुरभव रे. षट् ॥८॥

અર્થ :- અહો મારી શુદ્ધ શ્રદ્ધા પરમેશ્વરનું ઉત્તમાંગરૂપ જૈનનું સંબંધિત સમયપુરુષ તેના છ અંગ છે. ॥૧॥ પૂર્વધરકૃત છુટકપદની વ્યાખ્યા તે ચૂર્ણિ. ॥૨॥ ભાષ્ય તે સૂત્રોક્તાર્થ. ॥૩॥ સૂત્ર તે ગણધરાદિકૃત વચનમાત્ર. ॥૪॥ પૂર્વધારીકૃત નિર્યુક્તિવચન. ॥૫॥ વૃત્તિ તે ટીકા, નિરંતર વ્યાખ્યા. ॥૬॥ પરંપરઅનુભવ તે ગુરુસંપ્રદાયથી અનુભવકે યથાર્થસ્મૃતિથી ભિન્ન તાત્કાલિક જ્ઞાને એ રીતે સમયકે સિદ્ધાંતરૂપ પુરુષત્વ ધર્મવંતના એ પૂર્વોક્ત ચૂર્ણિ-ભાષ્યાદિ અંગ છે તેને જે પ્રાણી પરભવની બીકને અવગણી નિર્ભય બની ઉચ્છેદીને મમત્વરૂપે હીનાધિક ભાષે તે પ્રાણી દુર્બુદ્ધિ અથવા દુરભવ કે દુષ્ટભવગામી જાણવો ॥૮॥

આ પાઠમાં પૂર્વધરાદિક ગુરુસંપ્રદાયથી આવેલી યથાર્થ સ્મૃતિને પરંપરાઅનુભવ પંચાંગીમાં કહ્યો. તે પરંપરાઅનુભવે આવેલી જે પરંપરા તે શ્રુતજ્ઞાન પ્રાપ્તિનું અંગ છે, પણ ગચ્છાંતર મતકલ્પિત પરંપરા તે શ્રુતજ્ઞાનનું અંગ નથી અને જો ગચ્છાંતર મતકલ્પિત પરંપરાને આત્મારામજી આનંદવિજયજી કદાપિ શ્રુતજ્ઞાનનું અંગ માનતાં હોય તો ઢુંઢકમતી પણ પોતાના પૂર્વજોની કલ્પેલી પરંપરાને પૂર્વાચાર્યોની પરંપરા માને છે. તેઓ એ ત્યાગ કરી પીતાંબર મત ધારણ કર્યો તે એમના લખવા પ્રમાણે તો

શ્રુતજ્ઞાનપ્રાપ્તિનું અંગ ત્યાગ ન કરી વિપરીતાંગ ધારણ કર્યું એમ સિદ્ધ થયું. તથા શ્રી તપાગચ્છ-ખરતરગચ્છાદિકના પૂર્વાચાર્યોની પરંપરામાં શ્રુતજ્ઞાનપ્રાપ્તિનું આચરણા મૂકીને પીતાંબર પ્રમુખ કુલિંગનું આચરણ કર્યું તે શું શ્રુતજ્ઞાનના અંગનું આરાધન કર્યું કહેવાય ? અપિતુ ન જ કહેવા. કેમ કે પૂર્વપુરુષોએ તો પૂર્વધરાદિકૃત પંચાંગીમાં કથન કરેલા પરંપરાનુભવ પ્રમુખ સિદ્ધાંતપુરુષના અંગને છેદે તેને દુરભવ્ય અર્થાત્ અનંતસંસારી કહ્યા છે. માટે આત્મારામજી આનંદવિજયજી પોતાનો આત્મોદ્ધાર કરવાની જિજ્ઞાસા કરવાવાળા હોય તો પૂર્વધર પૂર્વાચાર્યોની પરંપરાએ આવેલી ત્રણ સ્તુતિ ઉત્થાપનરૂપ કદાગ્રહ તથા પૂજા-પ્રતિષ્ઠાદિ કારણ વિના સામાયિક-પ્રતિક્રમણાદિમાં ચોથી સ્તુતિ સ્થાપનરૂપ આગ્રહ છોડીને શુદ્ધ સ્યાદ્વાદ જૈનશૈલી અંગીકાર કરી પોતાના અથવા પરાયા દોષને દોષ અને ગુણોને ગુણ જાણીને ગુણોનું ગ્રહણ અને દોષનું ત્યાગ ન કરી સજ્જનતા ભાવથી યથાર્થ પૂર્વધર પૂર્વાચાર્યોની પરંપરા અંગીકાર કરી પૂર્વોક્ત સર્વ લેખોને વાંચીને શુદ્ધપ્રરૂપક થઈ વિચરશે તો એમનું કલ્યાણ તુરત થઈ જશે. કિમધિકલેખેન બુદ્ધિમદ્વર્ય્યેષુ ॥

इति चतुर्थस्तुतिनिर्णयशंकोद्धारे अपरनाम्नि चतुर्थस्तुतिकुयुक्ति-निर्णयच्छेदनकुठारे अरिहंतादिगुणवर्णन तथा श्रुतांगनिदर्शनो नाम षोडशः परिच्छेदः ॥१६॥

॥ अथ ग्रन्थसमाप्तिविज्ञापना ॥

આ ગ્રંથની ભાવનારૂપ તત્ત્વવ્યાપારવેલી સમતારૂપ ફૂલડે જેના હૃદયમાં પ્રફુલ્લિત થઈ હશે તે પ્રાણી પૂર્વધરાદિકના ઉપદેશરૂપ અમૃતફલને આસ્વાદન કરી કુમતિકદાગ્રહરૂપ અંધપરંપર આચરણાનું નિરાકરણ કરશે અને જેને કદાગ્રહ થકી ઘણો ગર્વ વધ્યો છે ને સ્વકલ્પિત જ્ઞાનને અંશે કરી ભદ્રક જીવોને જેણે આંધળા કર્યા છે એવા જડપ્રાણી આ ગ્રંથને દેખી પંડિતાઈની ખરજે કરી વિટંબના પામશે. કેમ કે કદાગ્રહી માણસનું ચિત્ત પથ્થર જેવું છે. જેમ પથ્થરને પાણી ભેદે નહિ તેમ જિનવાણીરૂપ રસ તે કદાગ્રહી માણસમાં પ્રવેશ કરે નહિ. તેથી તેના ચિત્તરૂપ વૃક્ષમાં શુદ્ધબોધરૂપ પૂર્વધરાદિ

આચરણા ગ્રહણ કરવાનો અંકુર પ્રગટે નહિ. તો તેમાં સિદ્ધાંતબોધ ગ્રંથનો શો વાંક ? તથા જે પંચમહાવ્રત પાલ્યા, ઉગ્ર તપ કીધાં, ઉદ્યમે કરી બેંતાલીસ દોષ રહિત આધાર લીધો, તેમ છતાં પણ નિહ્નવાદિક મુક્તિરૂપ ફલને ન પામ્યા તે અપરાધ સર્વ કદાગ્રહનો જ છે. તેથી અસત્ રૂપ કદાગ્રહને વેગલો કરીને પૂર્વધર પૂર્વાચાર્યોના ઉક્ત ગ્રંથોના સારને સ્વહૃદયમાં અંકિત કરીને તેમજ આદ્યંત પર્યંત આ ગ્રંથને વાચન સાથે એકાગ્ર ચિત્તે લક્ષ્યમાં ધારણ કરીને જે કોઈ શુદ્ધમાર્ગગવેષક ભવ્યપ્રાણી નિષ્પક્ષપાતી સમ્યક્ દૃષ્ટિથી ભ્રાંતિ રહિતપણે વિચાર કરશે તે પૂજા-પ્રતિષ્ઠાદિ કારણે આચરણ કરેલો અર્વાચીન ચોથી સ્તુતિનો મત તથા પૂર્વધર-પૂર્વાચાર્યોનો આચરણ કરેલો ત્રણ સ્તુતિનો મત સત્ય છે અને ચતુર્થસ્તુતિનિર્ણયોક્ત જિન આજ્ઞાથી વિપરીત મત અસત્ય છે તેવો નિર્ણય થશે. માટે અહો ભવ્યજીવો ! સંસારના દુઃખના ક્ષયના ઉપાયરૂપ જે રૂડું તત્ત્વ, જેનો કોઈ વાર નાશ જ થવાનો નથી અને પરમાનંદનો જ્યાં ઐક્યભાવ છે એવા મોક્ષપદને સાધન કરવાની ઈચ્છા હોય તો અશુદ્ધ દેવ-ગુરુ-ધર્મનું સેવન ત્યાગ કરીને શુદ્ધ દેવ-ગુરુ-ધર્મને ઓળખીને અંગીકાર કરવાનો ઉદ્યમ કરવો એ જ શુદ્ધમાર્ગગવેષક પ્રાણીનું તેમજ સમ્યક્ત્વાભિલાષી પ્રાણીઓનું મુખ્ય લક્ષણ છે. પણ ચિત્તમાં દંભ રાખી, પોતાનો ખોટો પક્ષ તે ખરો જાણી, સત્યાસત્યનો વિચાર ન કરવો, અથવા તો વિચાર કરી સત્યની ઓળખાણ થવાથી પોતાનો ગ્રહણ કરેલો પક્ષ અસત્ય જાણ્યા છતાં તેને છોડવો નહિ, અને સત્યપક્ષને ગ્રહણ કરવો નહિ એ લક્ષણ સમકિત પ્રાપ્તિ કરવાની ઉત્કંઠાવાળા જીવોનું નથી. માટે તેવી રીતે ન કરતાં દરેક ભવ્યપ્રાણીઓએ સત્યમાર્ગ ધારણ કરવા અપેક્ષિત થવું. આ ગ્રંથ અમે ફક્ત વાદ-વિવાદ અને વિરોધ ઘટાડવાને અર્થે તથા શુદ્ધબુદ્ધિથી અપક્ષપાતી સમ્યગ્દૃષ્ટિ પંડિત પુરુષોને સત્યાસત્ય નિર્ણય માટે કર્યો છે. પણ હઠ, દુરાગ્રહ, ઈર્ષ્યા, દ્વેષબુદ્ધિ વધારવા કર્યો નથી. તેમજ અમારે કાંઈ પક્ષપાતથી કોઈ ઉપર દ્વેષબુદ્ધિ પણ નથી. માટે વાંચનાર દરેક ભવ્ય પ્રાણીએ આ ગ્રંથ નિરપેક્ષપણે લક્ષ્યમાં રાખી સદુપયોગ કરવો જ શ્રેય છે.

॥ अथ श्री गुरुप्रशस्तिः ॥

श्रेयःस्तोममहानिधनतसुराधीशाधिमौलिश्रित-
श्रेणीबद्धमयूखमालिमणिभिर्नीराजितं राजितम् ।
माद्यद्वादिकरींद्रकर्कशरवव्रातैघमानोद्यम-,
श्रीमत्पंचमुखीयवीर्यनिभं वः श्रीवर्द्धमानं नुमः ॥१॥
तस्य प्रौढपराक्रमस्य च विभोरेकादशैवाभवन्,
स्वं चादुःप्रसहं सुधर्मणि गणं दत्वैव मोक्षं गताः ।
सर्वे ते निरपत्यका भुवि यतस्तत्संततिः स्थास्यती-
त्येवं वीरवचःप्रतापतरणिस्तीर्थं प्रवर्तिष्यति ॥२॥
निःसंगनिःस्पृहपरप्रभुताविताने:, प्रोद्भूतमानमनिशं मुनितागुणौघैः ।
यावत्सुधर्मगणभृज्जनिताष्टपट्टं, निर्ग्रन्थबीरुदमुशंति गणस्य सुज्ञाः ॥३॥
सुस्थितेन सहितेन सुप्रतिबुद्धकेन विशदेन सूरिणा ।
कोटिमंत्रजपनादुपार्जितं, तस्य नाम तु सुधर्मकोटिकम् ॥४॥
पट्टकेऽत्र नवमे तथाविधेतच्चतुर्दशपरंपरावधि ।
सर्वतो वरसुधर्मकोटिकं, गच्छनामविदितं तदा बभौ ॥५॥
जातः पंचदशेतिथाविव ततः पट्टे प्रभाभासुर-
प्रालेयांशुनिभो वर्चोंशुनिकरैर्दिग्मंडलं द्योतयन् ।
नाम्ना चन्द्र इति प्रतापतपनः सूरिः सदाश्चर्यकृत्,
तन्नाम्नापि सुधर्मचन्द्र इति यत्सुज्ञाः समाचक्षते ॥६॥
चूडामणेर्जगति सर्वजितेन्द्रियेषु, पट्टे तु षोडश इहार्यसमंतभद्रात् ।
सूरेश्चतुर्थमिति नाम वने निवासात्, प्रज्ञाः सुधर्मवनवासि तदा नमंति ॥७॥
सर्वदेवनतपादपंकजः, सर्वदेवनरनाथनाथितः ।
सर्वदेववपुषि निःस्पृहस्ततः, सर्वदेव इति सूरिराडभूत् ॥८॥
पट्टकेऽर्कगुणितत्रिके ३६ ततोऽकारि सूरिपदवी महावटे ।
तेना गच्छगतपंचमाह्वयं, श्रीसुधर्मवटगच्छ इत्यभूत् ॥९॥

चतुश्चत्वारिंशे विजयिनि महापट्टनिवहे ,
जगच्चन्द्राख्योऽभूत्प्रबलवरविद्यो गणधरः ।
सदाचाम्लाऽम्लानोऽप्युदयपुरराजस्य सदसि,
विजिग्ये वादीन्द्राननुचतुरशीत्यूहकलया ॥१०॥
तपस्तेजोवह्नौ शलभसमभावं गतवता,
प्रतिस्पद्धार्वाद्धौ प्रमुदितहृदा तक्षितिभृताः ।
तनो गच्छोऽतुच्छो विदितमिति तन्नाम विदधे,
सुधर्मादीप्रोद्यादनुणमिह तु षष्ठं तदभवत् ॥११॥
विजयदेवमुनीशवचोऽमृतं, सदसि चारु निपीय जहांगिरः ।
नृपवरः प्रददौ किल मंडपाचलगतो मुदितोऽस्य महाभिधाम् ॥१२॥
इति षष्ठितमे तु पट्टके, स सुधर्मादिमहातपोभिधाम् ।
गण एष दधन्विपक्षिणो, विगणय्य प्रथितोऽथ मेदिनीम् ॥१३॥
पर्यायांतरभाग्गच्छो द्विषष्ठितमपट्टके ।
कलाभृद्रत्नमभवत्तस्मात्क्षीराब्धिसंनिभत् ॥१४॥
सकलशुभसमीक्षणैकदक्षः, स विजयरत्न इति प्रसिद्धसूरिः ।
निजपरनिगमागमझरत्नं, तदुदधिजं प्रवदंति यं महांतः ॥१५॥
क्षमाप्रकर्षात्प्रथिमं क्षमायां, क्षमाधरेषूक्षितदक्षशिक्षम् ।
क्षमानिधं रत्नभूततोऽक्षाऽक्षमादिदोषक्षयकारि साक्षात् ॥१६॥
स्वच्छे गच्छे ह्यतुच्छे भगवति विजयक्षेमसूरिः स साक्षा-
च्चित्रांवल्लीं च चिंतामणिममरगवीं स्पर्द्धयन्स्वैर्गुणौघैः ।
तत्पट्टेऽनल्पतेजाः भुवि दिवि विदितो देववंद्यो दयालु-
र्नाम्ना देवेन्द्रसूरिः शुचितरसतताहारशुद्धिप्रसिद्धिः ॥१७॥
कल्याणाभिध उदितस्तदीयपट्टे,
कल्याणाचल इव सत्सहस्त्ररश्मिः ।
कल्याणान्यखिलजगज्जने दधन्यो-
ऽकल्याणांधरमभिहरंस्तमः स सूरिः ॥१८॥

ततः प्रमोदो न हि कस्य चित्ते, प्रमोदसूरिप्रभूतोदयेऽस्मिन् ।
हृत्क्षिप्रमोदोदयकारिशीलोऽन्याप्रमोदार्थविचारसारः ॥१९॥
जातः क्रियाशुद्ध्युपकारकःश्रीराजेन्द्रसूरिर्द्धिधजराजराजः ।
तदीयपट्टेऽखिलशर्महट्टे, विराजते संप्रति तस्य राज्यम् ॥२०॥
अथ च तत्र सुधर्ममहातपाबिरुदि देवसमाहूयसूरिराङ् ।
विजयपूर्वकदर्शितविक्रमः, पर इवार्यमरोचिरभूत्भूवि ॥२१॥
तच्छिष्योऽभून्न्यायचक्रवर्तिबिरुदधारकः ।
श्रीमहोपाध्यायकृष्णविजयो गणनायकः ॥२२॥
धनविजयगणिः परंपरायां, समभवदस्यकुवादिकालरात्रिः ।
प्रथमकथितराजराजसूरेर्दुधदुपसंपदमेष आनतोऽस्मि ॥२३॥

गद्यम् ॥ श्रीमद्राजेन्द्रसूरेर्धवलितयशसोमहानुनिश्वरस्य राद्धान्त-निष्णातबुद्धिहताज्ञानसन्ततेरन्तेवासिना विनयादिशालिना गुरुमतान्तः-पातिना धनविजयेन नास्त्राग्रगणिना मया कुवादिवाक्स्तम्भनमन्त्रा-राधनेन श्रीसंघानुमोदनपुरस्सरं चतुर्थस्तुतिकुयुक्तिनिर्णयच्छेदनकुठार-नामकस्सन्दर्भो निर्मायि ॥

यथा दुर्भगनारीणामलंकारो न शोभते तथोन्मादप्रवृत्तानां स्याद्वादे-वांगशोभनेति सर्वथोन्मादस्त्याज्य एव भवतीति विमर्शनीयं सुधीभिः ॥

॥ इति श्रीन्यायचक्रवर्तिपरम्परानुगसंविज्ञपक्षीय पं. श्रीधनविजय-गणिविरचितः चतुर्थस्तुतिनिर्णयशंकोद्धार अपरनाम चतुर्थस्तुति-कुयुक्तिनिर्णयच्छेदनकुठारग्रन्थः समाप्तोऽयम् ॥

ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬.
મો : ૯૯૨૫૦૨૦૧૦૬